આસન્નોપકારી, અશરણશરણ, પતિતપાવન,
દેવેન્દ્રવંદિત, સર્વજ્ઞભગવંત, શાસનપતિ, ચરમતીર્થંકર
પરમકૃપાળુ પરમાત્મા
મહાવીરદેવના ચરણોમાં
અનંત અનંત અનંતશઃ વંદનાવલિ.

રઘુનાથ શિરોમણીકૃતદીધિતિ સમન્વિત,
જગદીશતર્કાલંકારકૃત જાગદીશીટીકાસમન્વિત

# સિદ્ધાન્તલક્ષણ

ચન્દ્રશેખરીયા નામની સંસ્કૃત ટીકા અને ગુજરાતી વિવેચન સહિત

ભાગ-૧

: પ્રેરક :

પં. ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**પ્રેરક-પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**આવૃત્તિ :**
પ્રથમ સંસ્કરણ નકલ : ૧૦૦૦
તા. ૬-૧૦-૨૦૦૪, વિ. સં. ૨૦૬૦

**મૂલ્ય : રૂા. ૭૫-૦૦**

**ટાઈપસેટિંગ :**
**અરિહંત ગ્રાફિક્સ**
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ.

***મુદ્રક :***
***નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ***
ઘીકાંટા, અમદાવાદ-૧.

સૌજન્ય

# શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

કાનજી વાડી,

નવસારી - ૩૯૬૪૪૫

# પ્રસ્તાવના

આકાશમાં ટમટમતા તારલાઓ, ચાંદ, ગ્રહો, નક્ષત્રો, સૂર્ય વિગેરેની અંદર નાની-મોટી અનેક બાબતો જાણવા જેવી પડેલી હોય છે. પણ દૂર બેઠેલા આપણને એ અતિ મહત્ત્વની બાબતોનો બોધ શી રીતે થાય ? અહીં તો માત્ર એટલી જ ખબર પડે કે આ સૂર્ય છે... આ ચંદ્ર છે... આ સ્થૂલબોધનો વિશેષ ઉપયોગ નથી એ આપણે સૌ કોઈ જાણીએ છીએ.

માટે જ વૈજ્ઞાનિકો ટેલિસ્કોપ નામના યંત્રનો ઉપયોગ કરે છે. એના દ્વારા તેઓ એ પ્રત્યેક આકાશીય વસ્તુઓમાં રહેલી ઝીણી ઝીણી બાબતોને જાણી અવનવી શોધો કરે છે. વિશ્વને આશ્ચર્ય થાય એવી વસ્તુઓની રચના કરે છે.

જિનાગમો, નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને ટીકાઓ એ જિનશાસન રૂપી આકાશમાં ચમકતા તારલાઓ... સૂર્ય જેવા છે. જેમાંથી નીકળતો જ્ઞાન રૂપી પ્રકાશ આ વિશ્વને પ્રકાશિત કરે છે. વિશ્વનો કોઈપણ પદાર્થ આ જિનાગમાદિ દ્વારા સામાન્યથી જાણી શકાય.

સંસ્કૃત-પ્રાકૃતાદિ ભણ્યા બાદ આ ગ્રન્થો વાંચી શકાય ખરા, પરંતુ એ તો આંખથી તારલાદિના દર્શન કરવા જેવું છે. એમાં સામાન્ય-સ્થૂલ બોધ થાય. એમાંય સૂરિપુરંદર હરિભદ્રસૂરીશ્વરજી અને મહામહોપાધ્યાય યશોવિજયજી મ.સાહેબના અતિગહન, અતિ અઘરા ગ્રન્થોના ઉંડા રહસ્યો તો મેળવી જ ન શકાય.

એ માટે જરૂર છે કોઈક ટેલીસ્કોપની !

એ ટેલીસ્કોપ એટલે ન્યાયગ્રન્થો ! મુક્તાવલિ, વ્યાપ્તિપંચક અને સિદ્ધાન્તલક્ષણ આ ત્રણ ન્યાયગ્રન્થોનો જો બરાબર અભ્યાસ કરવામાં આવે તો સંયમીની પ્રજ્ઞા અતિતીક્ષ્ણ બને. એક જ વાક્ય કે માત્ર એક જ શબ્દ ઉપર પણ ઉંડુ ચિંતન કરી અવનવા રહસ્યોને એ પામી શકે. ઉપરછલ્લી દૃષ્ટિએ વાક્યો કે શબ્દોમાં જે અતિમહત્ત્વના પદાર્થો પડેલા હોવા છતાં બિલકુલ ન દેખાય એ બધા જ પદાર્થો આ તીક્ષ્ણતમ પ્રજ્ઞા દ્વારા ખૂબ જ સહેલાઈથી દેખાઈ જાય.

આ ન્યાયગ્રન્થોમાં આપણા જૈનશાસ્ત્રો વાંચવા માટે ઉપયોગી એવા પાયાના પદાર્થો કે પારિભાષિક શબ્દોનું વર્ણન વિગેરે નથી. આમાં છે માત્ર બુદ્ધિનું ઘડતર ! ન્યાયગ્રન્થોમાં એક-એક શબ્દ ઉપર ખૂબ જ ઉંડાઈપૂર્વક ચર્ચાઓ હોય. પ્રશ્નો અને ઉત્તરોની વણઝાર ચાલતી હોય. આ બધુ પેલો સંયમી ભણે એટલે આપોઆપ એની પ્રજ્ઞા પણ દરેક શબ્દોમાં પ્રશ્નો ઉભા કરતી થઈ જાય. અને પોતાની મેળે દરેક પ્રશ્નોમાં યોગ્ય સમાધાન શોધતી પણ થઈ જાય.

આમ સંયમીઓ વિશિષ્ટ પ્રજ્ઞાના સ્વામી બની, સૂક્ષ્મતમ અભ્યાસ કરી, જૈનશાસ્ત્રોના માખણને બહાર કાઢી સ્વ-પર ઉભયને હિત કરનારા બને એ માટે જ આ ન્યાયગ્રન્થોનો અભ્યાસ કરવાનો છે. હા ! ન્યાયગ્રન્થોના અભ્યાસ વિના આ માખણ ન જ મળે એવો એકાંત તો નથી જ. પણ વર્તમાનકાળ જોતા એમ લાગે છે કે જે નૈયાયિકો બન્યા છે તેઓએ આ અઘરા ગ્રન્થોનું વાંચન, અધ્યાપન, પ્રકાશનાદિ કરવામાં સારી સફળતા મેળવી છે.

ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજીના સમુદાયમાં આચાર્ય શ્રી જયસુંદર વિજયજી,

આ. શ્રી અભયશેખર વિ., પંન્યાસ અજીતશેખર વિ., પંન્યાસ રશ્મિરત્ન વિ., ગણિ મેઘદર્શન વિ., મુનિરાજ ઉદયવલ્લભ વિ., મુનિરાજ યશોવિજય, મુનિ રત્નવલ્લભ વિ. વિગેરે અનેક વિદ્વાન્ સંયમીઓએ ન્યાયાદિનો અભ્યાસ કર્યો અને કરાવ્યો. ઘણા કપરા ગ્રન્થો વિવેચનાદિ સહિત પ્રકાશિત કરી શ્રમણસંઘ ઉપર પુષ્કળ ઉપકાર કર્યો. મારી જાણમાં ન હોય એવા બીજા પણ અનેક સંયમીઓએ આ ક્ષેત્રમાં સિંહફાળો નોંધાવ્યો જ હશે. એ સર્વેની ખૂબ ખૂબ અનુમોદના.

**કેટલીક સૂચનાઓ :**

(૧)સંયમીઓ ન્યાય ભણીને તીક્ષ્ણ બનેલી બુદ્ધિનો દુરુપયોગ ન કરે એ ખૂબ આવશ્યક છે. ગુરુજનો, વડીલો વિગેરે પ્રત્યેનો સમર્પણ ભાવ, વિદ્વાન્ બનનારા સંયમીઓમાં વધતો જ જવો જોઈએ. સહવર્તિઓ સાથેનું વાત્સલ્ય, ઉદારતા વધવી જ જોઈએ. પરદોષદર્શનને બદલે પરગુણ દર્શન વધવું જોઈએ. સહવર્તિઓના દોષો-ભુલોને માફી આપવાની, ભુલી જવાની વિશિષ્ટ શુદ્ધિ વધવી જોઈએ.

એટલે આ અજૈન ન્યાય ગ્રન્થો ભણનાર સંયમીઓ આ વિષયમાં અત્યંત સજાગ રહે એવું ખાસ સૂચન છે.

(૨) ન્યાયગ્રન્થો મુખ્ય નથી જ. મુખ્ય તો આપણા મહાપુરુષોએ રચેલા આત્મોત્થાન કરનારા શાસ્ત્રો છે. એનું પરિશીલન કરવા માટે જ આ ન્યાયગ્રન્થો છે. એટલે નજર સામે જૈન શાસ્ત્રાભ્યાસને રાખીને એના સાધન તરીકે જ આ ન્યાયગ્રન્થોનો અભ્યાસ કરવો.

ન્યાયગ્રન્થોનો ખૂબ જ ઉંડાણપૂર્વક અભ્યાસ થાય અને જૈનશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ ન થાય, તો એ ઉચિત લાગતું નથી. રસોઈ બનાવવાની છે ભોજન કરવા માટે. પરંતુ રસોઈ કરવાની સખત મહેનત કર્યા બાદ, રસોઈ બની ગયા બાદ ભોજન જ જો ન કરવામાં આવે તો એ રસોઈ કર્યાનો અર્થ શો ? એટલે જૈન શાસ્ત્રાભ્યાસનું લક્ષ્ય બરાબર બાંધીને જ આ ગ્રન્થોનો અભ્યાસ કરવો.

(૩) આ કાળમાં એવું જોવા મળે છે કે ૮-૧૦ વર્ષે તો લગભગ ઘણા સંયમીઓ વ્યાખ્યાન વિગેરે પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય છે. પછી શાસ્ત્રાભ્યાસ કરવો લગભગ દુષ્કર બની જાય છે. બાહ્યપ્રવૃત્તિઓ સાથે સખત શાસ્ત્રાભ્યાસ ચાલુ રાખનારા સંયમીઓ ઘણા ઓછા દેખાય છે. એટલે મધ્યમ ક્ષયોપશમવાળા સંયમીઓ મુક્તાવલિ, વ્યાપ્તિપંચક અને સિદ્ધાન્તલક્ષણ... આ ત્રણ ન્યાયગ્રન્થો ભણે તો ચાલે. તીવ્ર ક્ષયોપશમવાળાઓ વધારે ન્યાય પણ ભણે.

આ અંગે અનેક અભિપ્રાયો સંભવી શકે છે. દરેક સંયમીઓએ પોતાના ગુરુજનોની ઈચ્છાને અનુસરવું.

(૪) આ ગ્રન્થમાં ક્ષતિ ન રહે એની ઘણી મહેનત કરી છે. છતાં છદ્મસ્થતાને કારણે કોઈક ભુલો રહી ગઈ હોય તો અંતઃકરણથી ક્ષમાયાચના કરીએ છીએ.

**— પં. ચન્દ્રશેખરવિજય**

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં Speech આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

યોગી અને ભોગી સૌને ખૂબ ઉપયોગી

**પૂ. પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખર વિજયજી**

**મ. સાહેબ**ના પુસ્તકો

ઘરઘરમાં વસાવો શુભ પ્રસંગે ભેટ આપો

- આપશ્રી પ્રખર વક્તા બનવા માંગો છો ?
- આપશ્રી યશસ્વી વ્યાખ્યાનકાર બનવા માંગો છો ?
- આપશ્રી સફળ શિબિરકાર બનવા માગો છો ?
- આપના ઘરમાં સાસુ-વહુના ઝઘડા ચાલે છે ?
- આપના દીકરા આપનું કહ્યું માને છે ખરા ?
- આપનાં ઘરમાં સ્વર્ગ ઉતારવું છે ખરું ?
- આપ તત્ત્વજ્ઞાનનાં રસિક છો ખરા ?
- આપશ્રી રાજકારણની આંટીઘુંટી જાણવા માંગો છો ખરા ?
- ભારતનું ભાવિ આપ જાણવા માંગો છો ?
- સંસારની અસારતા આપે જાણવી છે ?
- સંસાર છોડવાની આપને ઈચ્છા છે ?
- આપને સાચા સાધુ બનવું છે ?

તો, જરૂરથી આજે જ પૂજ્યશ્રીના પુસ્તકો આપનાં ઘરમાં વસાવી લો.

**આજે જ જોડાઈ જાઓ... આજે જ બેકારીની ચિંતામાંથી મુક્ત થાઓ**

**લાખો ડિગ્રીધારી બેકારોની સામે જૈન યુવાનોને**

**૧૦૦% નોકરીની ગેરંટી આપતી**

# આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણાદાતા-પૂ.પાદ પં. પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા. તથા પૂ. મહાનંદાશ્રીજી મ.સા.

સૌજન્ય : સ્વ. સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપસી.

સંયોજક : મુનિશ્રી જિતરક્ષિતવિજયજી

## સંસ્કૃત પાઠશાળા(સાબરમતી પાસે)ની આ છે કેટલીક વિશેષતાઓ

- હંમેશ વિદ્વાન ગુરુભગવંતોનો સત્સંગ
- વિદ્વાન પંડિતો અને સાધુભગવંતો દ્વારા પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, સંસ્કૃત, પ્રાકૃતબુક, વ્યાકરણ, ન્યાયદર્શન વગેરેનો અભ્યાસ
- માસિક વિશિષ્ટ સ્પર્ધાઓ તથા અભ્યાસ ઉપર આકર્ષક પુરસ્કારો (સ્કોલરશીપ)
- કમ્પ્યૂટર ક્લાસીસ ● અંગ્રેજી, નામું, વિવિધ સ્પર્ધાઓ, પૂજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે શિખવાડાશે. ● ૭ ક્ષેત્રોની વ્યવસ્થા ● રહેવા-જમવાનું સંપૂર્ણ ફ્રી.
- પાઠશાળાનો શિક્ષક બધા ક્ષેત્રમાં હોશિયાર બનાવીને સંઘનો સારો કાર્યકર બનશે.

**ખૂબ જ મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો છે.**

**: ફોર્મ મેળવવાનું સ્થળ :**

**તપોવન સંસ્કારપીઠ**
મુ. અમિયાપુર, પો. : સુઘડ,
તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ**
૨૭૭૭, નિશા પોળ, રીલિફ રોડ, અમદાવાદ.
ફોન : ૫૩૫૬૦૩૩, ૫૩૫૫૮૨૩

**: પાઠશાળાનું સ્થળ :**

**તપોવન સંસ્કારપીઠ**
મુ. અમિયાપુર, પો. : સુઘડ, તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.
ફોન : (૦૭૯) ૩૨૭૬૨૭૩, ૩૨૭૬૩૪૧ મોબાઈલ : ૯૪૨૬૦૬૦૦૯૩

**चन्द्रशेखरीया:** नमो दुर्वार रागादिवैरिवारनिवारिणे। अर्हते योगिनाथाय महावीराय तायिने। नव्यन्यायप्रणेतारो गंगेशोपाध्यायाः तत्त्वचिंतामणीग्रन्थे प्रत्यक्षादीनि चत्वारि प्रमाणानि निरूपितवन्तः, तेषु यत् अनुमानप्रमाणखण्डं, तस्मिन् "व्याप्तिलक्षणं किं" इति जिज्ञासायां विभिन्नानि पञ्च लक्षणानि तैः निरूपितानि, पूर्वपक्षस्तु **प्रमेयं वाच्यत्वात्** इत्यादि केवलान्वयिसाध्यके हेतौ पञ्चानामपि लक्षणानां अव्याप्तिं सूचितवान्, तथा च तानि पञ्चापि लक्षणानि अयुक्तानि इति स्थितम्। एतत्सर्वं व्याप्तिपञ्चकाभिधेये ग्रन्थे विस्तरतो निरूपितम्, दृष्टं च अस्माभिः।

साम्प्रतं गङ्गेशोपाध्यायाः सिद्धान्तलक्षणात्मकं उत्तरीभूतं ग्रन्थं प्रारभते अनुमानखण्डे।

**चन्द्रशेखरीया:** ગંગેશોપાધ્યાયજીએ તત્વચિંતામણી ગ્રન્થમાં પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણોનું નિરૂપણ કરેલ છે. એમાં, અનુમાન પ્રમાણ ખંડમાં વ્યાપ્તિનું લક્ષણ શું? એ અંગે પાંચ જુદા-જુદા વ્યાપ્તિ લક્ષણો બતાવેલા. પૂર્વપક્ષે કેવલાન્વયિસાધ્યક સ્થલે એ પાંચેય લક્ષણોની અવ્યાપ્તિ બતાવી, એ લક્ષણોને ખોટા સાબિત કર્યા. એ બધું વિસ્તારથી વ્યાપ્તિપંચક નામના ગ્રન્થમાં જોઈ ગયા. હવે, ગંગેશોપાધ્યાયજી ઉત્તર આપે છે એ ઉત્તર એટલે જ સિદ્ધાન્ત લક્ષણ.

# चिन्तामणि

**अत्रोच्यते-प्रतियोग्यसमानाधिकरणयत्समानाधिकरणात्यन्ताभावप्रतियोगितावच्छेदकावच्छिन्नं यन्न भवति तेन समं तस्य सामानाधिकरण्यं व्याप्तिः।**

**चन्द्रशेखरीया:** अत्र प्रासङ्गिकमिदमवधेयम् यदुत अनुमानखण्डनिष्ठं गंगेशोपाध्यायनिरूपितं सिद्धान्तलक्षणं स्तोकपदनिरूपितम्, दीधित्यां तस्य विस्तरः कृतः, जागदीश्यां तु दीधित्युक्तपदार्थानां सविस्तरं प्ररूपणं कृतम्, तथा चात्र प्राधान्येन दीधितिजागदीश्योः पदार्थाः विस्तरतो निरूपणीयाः अस्माभिः इति।

प्रथमं तावत् अनुमानखंडनिष्ठं सिद्धान्तलक्षणं प्रदर्श्यते। प्रतियोगिव्यधिकरण - यदधिकरणवृत्ति-अभावप्रतियोगिता-वच्छेदका- वच्छिन्नं यत् न भवति, तेन समं तस्य सामानाधिकरण्यं व्याप्तिः।

अस्य अर्थः→प्रतियोगि-अधिकरणे अवृतिः यः हेत्वधिकरणे वृत्तिः अभावः, तत्प्रतियोगितावच्छेदकः यो धर्मः, तदवच्छिन्नं यत्, तस्मात् भिन्नं यत् साध्यम्, तेन साध्येन समं सामानाधिकरण्यं = साध्याधिकरणवृत्तित्वम् हेतुनिष्ठा व्याप्तिः←इति।

**वह्निमान धूमात्** इति अत्र वह्नि-अधिकरणे अवृतिः हेत्वधिकरणे महानसादौ वृत्तिः च वह्नि-अभावो न मीलति, महानसादौ वह्नेः वृत्तित्वात्, **किन्तु घटाभावादिः** एव गृह्यते, तदभावप्रतियोगितावच्छेदकं घटत्वं, तदवच्छिन्नः घटः, तस्मात् भिन्नः वह्निः, तेन वह्निना समं सामानाधिकरण्यं धूमे अस्ति, अतः धूमे व्याप्तिः समन्विता, तथा च

निर्दोषं एतत् लक्षणम् ।

**प्रमेयम् वाच्यत्वात्** इति केवलान्वयिसाध्यकानुमानेऽपि भवति लक्षणसमन्वयः, तथाहि - वाच्यत्वहेतोः अधिकरणं घटादिः, तस्मिन् पटाभावः अस्ति, प्रमेयत्वाभावो नास्ति, स पटाभावः प्रतियोगिव्यधिकरणोऽपि अस्ति, तत्पटाभावप्रतियोगितावच्छेदकं पटत्वं, तदवच्छिन्नः पटः, तस्मात् भिन्नं प्रमेयत्वं, तेन प्रमेयत्वेन सह सामानाधिकरण्यं वाच्यत्वे अस्ति एव । एवं यत्र पञ्चापि व्याप्तिलक्षणानि अव्याप्तानि, तत्र इदं सिद्धान्तलक्षणं सङ्गच्छते । अतः सर्वथा निष्कलंकमिदं लक्षणम् ।

अत्र इदमवधेयम् । "तादृशसाध्येन समं सामानाधिकरण्यम्" इति अस्य "तादृशसाध्याधिकरणे वृत्तित्वम्" इति अर्थः । अत्र च "**तादृशसाध्याधिकरणे वृत्तित्वं हेतुनिष्ठा व्याप्तिः**" इत्येव उच्यते, न तु "तादृशसाध्याधिकरणे हेतोः वृत्तित्वम् हेतुनिष्ठा व्याप्तिः" इति । **ननु कथमिदं उच्यते? इति चेत्** अग्रे एतत् निरूपयिष्यते, इदानीं केवलं हृदि अवधार्यम् । येन अग्रे एतस्य निरूपणे न साशंको भविष्यसि । तथा च '**हेतुनिष्ठा व्याप्तिः**' इति लक्ष्यम् । तादृशसाध्याधिकरणे वृत्तित्वम् च लक्षणम् । न तु "तादृशसाध्याधिकरणे हेतोः वृत्तित्वम्" इति लक्षणम् इदानीं अवधेयम् । एतत्सर्वं पश्चात् स्फुटीभविष्यति ।

**ચન્દ્રશેખરીયાઃ** અહીં, એટલો ખ્યાલ રાખવો કે, અનુમાનખંડની ગંગેશોપાધ્યાયની પંક્તિ તો ખુબ ઓછી છે. એના ઉપર દીધિતિએ વિસ્તાર કર્યો છે. અને એ દીધિતિ ઉપર જાગદીશીએ પ્રકાશ પાડ્યો છે. એટલે, મુખ્યત્વે દીધિતિ અને જાગદીશી ઉપર જ અહીં વિવરણ કરવાનું રહેશે.

અનુમાનખંડમાં બતાવેલ લક્ષણ - प्रतियोगि-असमानाधिकरण... व्याप्तिः । **पर्वतो वह्निमान् धूमात्** સ્થલે ઘટાવી જોઈએ. ધૂમ=હેતુનું અધિકરણ મહાનસાદિ છે. તેમાં વહ્નિનો અભાવ મળતો નથી. પણ ઘટાભાવાદિ મળે છે અને તે અભાવ પ્રતિયોગિવ્યધિકરણ પણ છે. આ અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વાદિ બને. પણ વહ્નિત્વ ન બને. અને તે ઘટત્વાદિથી અવચ્છિન્ન ઘટાદિ છે. પણ વહ્નિ નથી. અને તેથી તે વહ્નિની સાથે સામાનાધિકરણ્ય=એક અધિકરણમાં સાથે રહેવું એ ધૂમમાં રહેલી વ્યાપ્તિ છે.

લક્ષણનો સામાન્ય અર્થ આ પ્રમાણે છે. કે પ્રતિયોગિના અધિકરણમાં ન રહેલો એવો હેતુ-અધિકરણમાં રહેલો જે અભાવ હોય, તે અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક જે ધર્મ બને, તે ધર્મથી અવચ્છિન્ન જે બને, તેનાથી ભિન્ન જો સાધ્ય મળી જાય, તો એવા સાધ્યના અધિકરણમાં રહેવું એ જ હેતુમાં રહેલી વ્યાપ્તિ છે.

અહીં એ ખ્યાલ રાખવો કે, "તેવા સાધ્યના અધિકરણમાં હેતુનું રહેવું, એ હેતુમાં રહેલી વ્યાપ્તિ છે." એમ અત્યારે લખ્યું નથી. પણ "**તેવા સાધ્યના અધિકરણમાં રહેવું એ હેતુની વ્યાપ્તિ છે.**" એમ લખેલ છે. આવો ખુલાસો કરવાનું કારણ એ કે, આ અંગે આગળ ચર્ચા કરવાના છે. ટુંકમાં, હેતુનિષ્ઠા વ્યાપ્તિ એ લક્ષ્ય છે. અને તાદૃશસાધ્યાધિકરણમાં વૃત્તિત્વ=રહેવું એ લક્ષણ છે. "કોનું રહેવું" એ અત્યારે સ્પષ્ટ ખુલાસો કરેલ નથી. એટલે, હમણાં તો હેતુમાં તાદૃશસાધ્યાધિકરણમાં વૃત્તિત્વ મળી જાય છે. માટે લક્ષણ સમન્વય થઈ જાય છે.

**प्रमेयं वाच्यत्वात्** આ કેવલાન્વયિસાધ્યક સ્થલે પણ લક્ષણ સમન્વય થઈ જશે. તે આ પ્રમાણે - વાચ્યત્વ હેતુનું અધિકરણ ઘટ લઈએ, તેમાં પ્રમેયત્વાભાવ ભલે ન મળે. પટાભાવાદિ તો મળવાના જ છે. અને તે પ્રતિયોગિવ્યધિકરણ પણ છે. અને તે અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક પટત્વ છે. તેનાથી અવચ્છિન્ન પટ જ બને. અને તેનાથી ભિન્ન તરીકે પ્રમેયત્વ મળે. અને તે પ્રમેયત્વની સાથે સામાનાધિકરણ્ય વાચ્યત્વ હેતુમાં મળી જવાથી અવ્યાપ્તિ ન આવે.

**ચન્દ્રશેખરીયાઃ** હવે માત્ર દીધિતિ અને જાગદીશી એ બે ઉપર જ વિવરણ કરવાનું છે.

---

## दीधिति

**प्रतियोग्यसमानाधिकरणेति-**

**प्रतियोग्यसमानाधिकरणयद्रूपविशिष्टसमानाधिकरणात्यन्ताभावप्रतियोगितानवच्छेदको यो धर्म्मस्तद्धर्म्मावच्छिन्नेन येन केनापि समं सामानाधिकरण्यं, तद्रूपविशिष्टस्य तद्धर्म्मावच्छिन्नयावन्निरूपिता व्याप्तिरित्यर्थः ।।१।।**

---

**जागदीशी -- वह्नित्वावच्छिन्नस्य सर्वस्यैव धूमादिमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकीभूत-तत्तव्द्यक्तित्वावच्छिन्न त्वादव्याप्तिरित्यन्यथा व्याचष्टे, -*प्रतियोगितानवच्छेदको यो धर्म इति।।**

---

**चन्द्रशेखरीया:** अथ सिद्धान्तलक्षणं अनुमानखण्डनिष्ठं संपूर्णम्। तस्य विवरणं दीधित्यां जागदीश्यां च वर्तते। तथा च दीधिति-जागदीशीनिरूपितपदार्थानामेव निरूपणं ग्रन्थसमाप्तिं यावत् करिष्यतेऽस्माभिः इति ध्येयम्।

**ननु** यथाश्रुते सिद्धान्तलक्षणेऽङ्गीकृते सति अव्याप्तिः अप्रतिबद्ध-प्रसरा एव, तथा हि- **वह्निमान् धूमात्** इति अत्र धूमाधिकरणे पर्वते महानसीयवह्नि-अभावः, चत्वरीयवह्नि-अभावः, अयोगोलकीयवह्नि-अभावश्च वर्तते। एवं धूमाधिकरणे महानसे पर्वतीयवह्नि-अभावोऽपि वर्तते। तथा च चालनीन्यायेन सर्वेषां वह्निनां अभावाः स्वप्रतियोगिव्यधिकरणाः हेत्वधिकरणवृत्तिनश्च मीलिताः। तेषां अभावानां प्रतियोगिता तत्तद्वह्निनिष्ठा। तत्प्रतियोगितावच्छेदकं तत्तद्वह्नित्वम्, तेन अवच्छिन्नाः सर्वे वह्नयः भवन्ति। तथा च प्रतियोगितावच्छेदकावच्छिन्नात् भिन्नः न कोऽपि साध्यः मीलति। एवं च अव्याप्तिः स्फुटैव इति चेत्

**सत्यम्** तदर्थं एव दीधित्यां मूलोक्तलक्षणस्य परिष्कारः क्रियते। स च इत्थं - प्रतियोगिव्यधिकरण - यद्रूपविशिष्ट हेतु-समानाधिकरणाभाव प्रतियोगितावच्छेदक-भिन्नं यत् साध्यतावच्छेदकं, तदवच्छिन्नेन येन केनापि समं सामानाधिकरण्यम् तद्रूपविशिष्टस्य तद्धर्मावच्छिन्नैः यावद्भिः निरूपिता व्याप्तिः इति। **वह्निमान् धूमात्** इति अत्र महानसीयवह्न्यादिरूप-

स्वप्रतियोगिव्यधिकरणाः, धूमत्वविशिष्टधूमाधिकरणपर्वतादिवृत्तिनः महानसीयवह्न्यादि-अभावाः, तेषां अभावानां प्रतियोगिता तत्तद्वह्निनिष्ठा। तत्प्रतियोगितावच्छेदकानि तत्-तद्वह्नित्वादीनि, तद्भिन्नं शुद्धवह्नित्वं। तदेव च साध्यतावच्छेदकं। तेन शुद्धवह्नित्वेन अवच्छिन्नाः सर्वे वह्नयः, तेषां मध्ये येन केनापि समं धूमस्य सामानाधिकरण्यं अस्ति एव, तथा च धूमत्वविशिष्टेषु यावन्तेषु धूमेषु वह्नित्वावच्छिन्नैः यावद्वह्निभिः निरूपिता व्याप्तिः निष्प्रतिबन्धा। अतः न कोऽपि दोषः।

**चन्द्रशेखरीया: પ્રશ્ન:** ધૂમાધિકરણ મહાનસમાં અયોગોલકની વહ્નિ, પર્વતની વહ્નિ, ચત્વરની વહ્નિ એ બધા ય વહ્નિનો અભાવ મળી જાય છે. અને ધૂમાધિકરણ પર્વતમાં મહાનસીય વહ્નિનો અભાવ મળી જાય. આમ તમામે તમામ વહ્નિના અભાવો આ રીતે હેતુ અધિકરણમાં વૃત્તિ મળે છે. અને તેની પ્રતિયોગિતાના અવચ્છેદક મહાનસીયવહ્નિત્વ, પર્વતીય-વહ્નિત્વાદિ બધા બને. અને તેનાથી અવચ્છિન્ન તમામે તમામ વહ્નિ બની જાય. આમ એક પણ સાધ્ય તાદૃશધર્મથી અવચ્છિન્નથી ભિન્ન નથી મળતું. માટે અહીં અવ્યાપ્તિ આવે.

**ઉત્તર:** એટલે જ દીધિતિમાં આ લક્ષણનો પરિષ્કાર કરે છે કે

प्रतियोगि-असमानाधिकरण.... यः धर्मः, तद्धर्मावच्छिन्नेन... व्याप्तिः इत्यर्थः। એનો અર્થ આ પ્રમાણે છે કે પ્રતિયોગિ-અસમાનાધિકરણ એવા યદ્રૂપવિશિષ્ટ હેતુ-અધિકરણવૃત્તિ જે અભાવો હોય, તે અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક જે ધર્મો બને, તેનાથી ભિન્ન જે ધર્મ હોય. તે ધર્મથી અવચ્છિન્ન એવા કોઈપણ સાધ્યની સાથે સામાનાધિકરણ્ય એ તદ્રૂપવિશિષ્ટમાં રહેલી તદ્ધર્માવચ્છિન્ન એવા યાવત્ સાધ્યથી નિરૂપિત વ્યાપ્તિ સમજવી.

**વહ્નિમાન્ ધૂમાત્**માં ધૂમાધિકરણ એવા પર્વતાદિમાં તમે મહાનસીયવહ્નિ-વિગેરેના અભાવ લીધા, પણ કોઈપણ ધૂમાધિકરણમાં વહ્નિમાત્રનો અભાવ તો મળતો જ નથી. એટલે મહાનસીયવહ્નિ વિગેરેના

અભાવની પ્રતિયોગિતા મહાનસીયાદિવહ્નિમાં જ આવશે. અને તે પ્રતિયોગિતાનો અવચ્છેદક મહાનસીયવહ્નિત્વ, ચત્વરીયવહ્નિત્વાદિ બનશે. પણ શુદ્ધવહ્નિત્વ નહિ બને. આમ તે તમામ પ્રતિયોગિતાવચ્છેદકોથી ભિન્ન તરીકે વહ્નિત્વ ધર્મ મળી જાય છે. તેનાથી અવચ્છિન્ન વહ્નિની સાથે ધૂમનું સામાનાધિકરણ્ય પર્વતાદિમાં મળી જતાં અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- न च पर्वते महानसीयो वह्निर्नास्ति इत्यादिप्रतीतिसिद्धस्य हेतुमन्निष्ठाभावस्य प्रतियोगितावच्छेदकमेव वह्नित्वमित्यव्याप्तितादवस्थ्यम्। साध्यतावच्छेदक-तदितरोभयावच्छेद्य भिन्नायाः प्रतियोगिताया एवानवच्छेदकत्वस्य विवक्षितत्वात्।**

---

**चन्द्रशेखरीयाः ननु** धूमाधिकरणे पर्वते यो महानसीयवह्नि-अभावः, तत्प्रतियोगितावच्छेदकं महानसीयत्वं वह्नित्वं च इति उभयम्। तथा च साध्यतावच्छेदकं वह्नित्वं तादृशाभावप्रतियोगितावच्छेदकं एव भवति, न तु अनवच्छेदकं। एवं च तदवस्थैव अव्याप्तिः इति **चेत्** न, साध्यतावच्छेदकधर्म-साध्यतावच्छेदकभिन्नधर्मैतदुभयानवच्छिन्ना एव प्रतियोगिता

अत्र लक्षणे विवक्षिता। तादृशप्रतियोगितानवच्छेदकं एव साध्यतावच्छेदकं ग्राह्यम्। इत्थं च महानसीयवह्निनिष्ठा प्रतियोगिता साध्यतावच्छेदकवह्नित्व-साध्यतावच्छेदकभिन्नमहानसीयत्वैतदुभयावच्छिन्ना। न तु उभयानवच्छिन्ना। तेन न सा गृह्यते। किन्तु पर्वतवृत्तिघटाभावीया घटनिष्ठा प्रतियोगिता गृह्यते, यतः सा प्रतियोगिता घटत्वमात्रावच्छिन्ना। न तु तादृशोभयावच्छिन्ना। तत्प्रतियोगितानच्छेदकं वह्नित्वं एव साध्यतावच्छेदकं। तदवच्छिन्नवह्निना समं हेतोः सामानाधिकरण्यं अस्ति इति नाव्याप्तिः।

अत्रेदं तत्वं सम्यङ्मनसि स्थिरीकर्तव्यम् यदुत तत्तत्पदार्थे वर्तमान एव धर्मस्तत्तत्पदार्थे समागतस्य नूतनधर्मस्यावच्छेदको भवितुमर्हति। न तु तत्तत्पदार्थेऽवर्तमानो धर्मः। तथा हि - दंडे घटकारणताऽस्ति, ततश्च दंडनिष्ठ एव दंडत्वधर्मः तादृशकारणताया अवच्छेदको भवति। ये तु दंडेऽवर्तमानाः पटत्वादयो धर्माः। ते दंडनिष्ठाया घटकारणताया अवच्छेदका न भवितुमर्हन्ति।

इत्थञ्च कारणादिषु दंडादिषु वर्तमाना एव दंडत्वादयो धर्माः कारणतादीनां नूतनधर्माणामवच्छेदका भवन्तीति स्थितम्।

एवञ्च महानसीयवह्न्यभावस्य प्रतियोगी यो महानसीयवह्निस्तत्र या प्रतियोगिता, सा महानसीयवह्नित्वधर्मेणावच्छिन्ना भवति। महानसीयत्वं वह्नित्वञ्च महानसीयवह्नौ वर्तत इति कृत्वा तौ द्वावपि धर्मौ प्रतियोगिताया अवच्छेदकौ स्तः। "भूतले नीलदंडवान् नास्ति" इत्यत्र नीलदंडवत्पुरुषाभावस्य प्रतियोगिता नीलदंडवत्पुरुषे वर्तते। तस्मिन्पुरुषे नीलदंडोऽस्ति, दंडे च नीलरूपमस्ति। किन्तु नीलरूपं पुरुषे न वर्तते। ततश्च नीलदंडवत्पुरुषनिष्ठायाः प्रतियोगिताया अवच्छेदको धर्मः नीलरूपविशिष्टदंडात्मको नीलदंडो भवति। किन्तु तस्याः प्रतियोगिताया अवच्छेदकं नीलरूपं तु नैव कथ्यते। नीलरूपस्य पुरुषेऽवर्तमानत्वात्।

यदा तु "भूतले नीलदंडो नास्ति" इति चिन्त्यते। तदा तु नीलदंडे प्रतियोगिता विद्यते। तत्र च नीलरूपं दंडत्वञ्च वर्तते। ततश्च तौ द्वावपि धर्मौ तादृशप्रतियोगिताया अवच्छेदकौ भवतः। एवञ्च सा प्रतियोगिता नीलरूपदंडत्वात्मकोभयधर्मावच्छिन्ना भवति। तत्र च "नीलदंडत्वावच्छिन्ना प्रतियोगिता" इत्यपि वक्तुं शक्यते। एतत्तत्वं मनसि दृढं स्थिरीकर्तव्यम्। अग्रेऽनेकशोऽस्योपयोगो भविष्यति।

**चन्द्रशेखरीयाः प्रश्नः** પર્વતમાં જે મહાનસીયવહ્નિવિગેરેના અભાવ લીધા એ અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તો, મહાનસીયત્વ+વહ્નિત્વ એમ બે ય બને છે. એમાં શુદ્ધ વહ્નિત્વ પોતે ય પ્રતિયોગિતાનો અવચ્છેદક તો જણાય જ છે. તો પછી તે વહ્નિત્વ પ્રતિયોગિતાવચ્છેદકથી ભિન્ન તરીકે શી રીતે લેવાય? આમ અવ્યાપ્તિ આવે જ છે.

**ઉત્તર:** અહીં હેત્વધિકરણવૃત્તિ એવા અભાવની પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક ધર્મ અને તદ્ભિન્નધર્મ એ બેથી અનવચ્છિન્ન હોય તે જ લેવાની. અને એનો અવચ્છેદક સાધ્યતાવચ્છેદક ન હોવો જોઈએ. અર્થાત્ સાધ્યતાવચ્છેદક+સાધ્યતાવચ્છેદકભિન્નધર્મ આ બેથી અનવચ્છિન્ન એવી પ્રતિયોગિતાનો અનવચ્છેદક=અવચ્છેદકભિન્ન

એવો સાધ્યતાવચ્છેદક લેવાનો છે.

પ્રસ્તુતમાં ધૂમાધિકરણ એવા પર્વતાદિમાં મહાનસીયવહ્ન્યાદિનો અભાવ મળ્યો. એ અભાવની પ્રતિયોગિતા મહાનસીયત્વ અને વહ્નિત્વ એ બે ધર્મથી અવચ્છિન્ન છે. અર્થાત્ સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ+તદ્ભિન્ન એવા મહાનસીયત્વ એ બે ધર્મથી અવચ્છિન્ન આ પ્રતિયોગિતા છે. પણ અનવચ્છિન્ન નથી. એટલે આ પ્રતિયોગિતા ન લેવાય. પણ પર્વતમાં રહેલ ઘટાભાવની પ્રતિયોગિતા તો માત્ર ઘટત્વથી જ અવચ્છિન્ન હોવાથી તે ઉભયધર્મથી અનવચ્છિન્ન મળી જાય. અને તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક એ જ વહ્નિત્વ સાધ્યતાવચ્છેદક છે. આમ લક્ષણ મળી જતાં અવ્યાપ્તિ ન આવે.

અહીં આ પદાર્થ બરાબર ધ્યાનમાં રાખવો. આ પદાર્થ આગળ બધે જ અત્યંત ઉપયોગી બનશે.

તે પદાર્થ આ પ્રમાણે છે. - પદાર્થમાં રહેલો એવો જ ધર્મ, પદાર્થમાં આવેલા નવા ધર્મનો અવચ્છેદક બની શકે. દા.ત. દંડમાં ઘટની કારણતા આવી. તો દંડમાં રહેલો એવો દંડત્વ ધર્મ એ કારણતાનો અવચ્છેદક બની શકે. પણ જે પટત્વાદિ ધર્મો દંડમાં રહેતા નથી. તે ધર્મો એ કારણતાના અવચ્છેદક ન બને.

એટલે કારણતા વિગેરે ધર્મોનો અવચ્છેદક બનનારો ધર્મ એ દંડ વિગેરે કારણાદિમાં રહેલો હોવો જ જોઈએ. ન રહેલો હોય તો ન જ ચાલે.

મહાનસીયવહ્નિ-અભાવની પ્રતિયોગિતા મહાનસીયવહ્નિમાં આવી છે. હવે એ વહ્નિમાં મહાનસીયત્વ+વહ્નિત્વ એ બે ય ધર્મો રહે છે. માટે જ આ પ્રતિયોગિતાના અવચ્છેદક તરીકે આ બે ય ધર્મ બની શકે છે.

પણ ભૂતલ ઉપર નીલદંડવાન્‌નો અભાવ છે. ત્યાં એ અભાવની પ્રતિયોગિતા નીલદંડીમાં આવે. હવે નીલદંડ એ નીલદંડીમાં રહેલો છે. પણ જે નીલદંડમાં નીલરૂપ છે. એ તો નીલદંડમાં જ રહેલું છે. એટલે એ નીલરૂપ નીલદંડી પુરુષમાં નથી રહેલું. અને માટે નીલદંડીપુરુષમાં જે પ્રતિયોગિતા આવી. એ પ્રતિયોગિતાનો અવચ્છેદક નીલદંડ=નીલરૂપવિશિષ્ટદંડ બની શકે. પણ નીલરૂપ એ પ્રતિયોગિતાનો અવચ્છેદક ન બને.

ધ્યાન રાખવું કે (૧) પ્રતિયોગિતાનો અવચ્છેદક નીલરૂપવિશિષ્ટદંડ જ બોલાશે (૨) માત્ર દંડ=શુદ્ધદંડ નહિ. તથા (૩) "નીલરૂપ અને દંડ એ બે પ્રતિયોગિતાના અવચ્છેદક છે" એમ પણ નહિ જ બોલાય.

હવે જ્યારે "ભૂતલ ઉપર નીલદંડનો અભાવ છે" એમ વિચારીએ ત્યારે આ નીલદંડાભાવની પ્રતિયોગિતા નીલદંડમાં આવી = નીલરૂપવિશિષ્ટદંડમાં આવી. હવે અહીં એ દંડમાં નીલરૂપ પણ છે અને દંડત્વ પણ છે. આ બે ય ધર્મો દંડમાં રહેલા છે. એટલે દંડમાં આવેલી પ્રતિયોગિતાના અવચ્છેદક તરીકે નીલદંડત્વ=નીલરૂપવિશિષ્ટદંડત્વ=નીલરૂપ અને દંડત્વ એ બે ય બનશે.

આ પદાર્થ બરાબર ધ્યાનમાં રાખીને આગળ વધવું.

---

**जागदीशी -- न च प्रमेयवत्त्वान् धूमादित्यादावव्याप्तिः, साध्यतावच्छेदकेतरस्याप्रसिद्धेरिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया: ननु** तथापि **प्रमेयवद्वान् धूमात्** इति अत्र अव्याप्तिः। यत्र महानसादौ धूमः, तत्र सर्वत्र द्रव्यत्वादिरूप-प्रमेयवद् द्रव्यादि वर्तते एव। अतः अयं सद्धेतुः, किन्तु भवदुक्तरीत्या अव्याप्तिः। तथाहि। अत्र प्रमेयवत् साध्यम्। साध्यतावच्छेदकं प्रमेयवत्त्वम् प्रमेयात्मकम्। अत्र जगति सर्वे पदार्थाः प्रमेयात्मकाः एव, अतः कोऽपि पदार्थः प्रमेयभिन्नो नास्ति। तथा च अत्र साध्यतावच्छेदकभिन्नस्यैव अप्रसिद्ध्या, साध्यतावच्छेदकतद्भिन्न-एतदुभयावच्छिन्ना प्रतियोगिता अपि अप्रसिद्धा। तथा च तद्घटितं व्याप्ति-लक्षणं अव्याप्तिग्रस्तं भवति इति **चेत्।**

**चन्द्रशेखरीया: प्रश्न:** तो पण **प्रमेयवत्वान् धूमात्** आ स्थले अव्याप्ति आवशे. महानसादिमां धूम छे, अने त्यां सर्वत्र द्रव्यत्वात्मकप्रमेयवाळा वह्नि विगेरे द्रव्यो रहेला ज छे. एटले आ स्थान साचुं छे. पण अहीं हेत्वधिकरण महानसादिमां जे घटाभावादि छे, एनी प्रतियोगिता घटत्वथी अवच्छिन्न छे. हवे अहीं प्रमेयवान् ए साध्य छे. तेमां साध्यता आवी. तेनो अवच्छेदक प्रमेयवत्त्व=प्रमेय बनशे. एटले अहीं साध्यतावच्छेदक प्रमेय बनवाथी अने जगतनी तमाम वस्तुओ प्रमेय रूप ज होवाथी साध्यतावच्छेदकथी भिन्न कोई मळतुं ज नथी. अने तेथी साध्यतावच्छेदक+तद्भिन्न धर्मथी अवच्छिन्न प्रतियोगिता पण मळती नथी. हवे ज्यारे आ प्रतियोगिता ज न मळे तो आवी प्रतियोगिताथी भिन्न एवी प्रतियोगिता पण अप्रसिद्ध बनवाथी लक्षण न घटता अव्याप्ति आवे.

---

**जागदीशी -- तदितरपदेन तद्विषयित्वाव्यापकविषयिताकस्य विवक्षितत्वात्,**

---

**चन्द्रशेखरीया:** न, साध्यतावच्छेदक-भिन्नत्वम् नाम न साध्यतावच्छेदकभेदवत्त्वम् ग्राह्यम्, किन्तु साध्यतावच्छेदकविषयिताव्यापक-विषयिताकत्वरूपं पारिभाषिकं एव वाच्यम्। तेन नाव्याप्तिगंधलेशोऽपि। तथा हि। **प्रमेयवान्** इति ज्ञाने साध्यतावच्छेदक-विषयिता अस्ति, किन्तु घटत्वविषयिता नास्ति। **"घटत्ववान्"** इति ज्ञाने घटत्वविषयिता अस्ति, घटत्वं च प्रमेयमेव, अतः अस्मिन् ज्ञाने प्रमेयविषयिता अपि अस्ति। एवं यत्र घटत्वविषयिता तत्र अवश्यं प्रमेयविषयिता, किन्तु यत्र प्रमेयविषयिता तत्र घटत्वविषयितायाः व्यभिचारः। अतः घटत्वविषयिता प्रमेयविषयिताव्यापका। तथा च घटत्वं प्रमेयविषयिताव्यापकविषयताकं। अतः घटत्वं एव साध्यतावच्छेदकप्रमेयभिन्नत्वेन निरुपितपारिभाषिकव्याख्याबलात् लभ्यते।

तथा च "पटे प्रमेयवत् घटोभयं नास्ति" इति प्रतीतिबलात् पटे प्रमेयवद्घटोभयाभावः सिध्यति। तत्प्रतियोगिता तादृशोभयनिष्ठा प्रमेयवत्त्वघटत्वोभयावच्छिन्ना। अर्थात् प्रमेयात्मकसाध्यतावच्छेदकेन तद्भिन्नघटत्वेन च अवच्छिन्ना सा प्रतियोगिता प्रसिद्धा। अतः धूमवन्महानसादौ निष्ठस्य घटाभावस्य प्रतियोगिता तादृशोभयानवच्छिन्ना, तादृशोभयावच्छिन्नप्रतियोगिताभिन्ना प्रसिद्धैव। तत्प्रतियोगितानवच्छेदकं प्रमेयवत्त्वम् प्रमेयात्मकं एव साध्यतावच्छेदकम् इति लक्षणसमन्वयात् कुतोऽव्याप्त्यवकाशः स्वप्नेऽपि दृश्यते भवादृक्षैः।

**चन्द्रशेखरीया: उत्तर:** अहीं "साध्यतावच्छेदकभिन्न" तरीके कोई धर्म मळवो जोईए. पण मळतो नथी.

પરંતુ "સાધ્યતાવચ્છેદક ભિન્ન=સાધ્યતાવચ્છેદકભેદવાન્" એવો અર્થ ન કરતા એવો અર્થ કરવો કે "તદ્‌વિષયિતા-અવ્યાપકવિષયિતાક જે હોય, તે સાધ્યતાવચ્છેદકભિન્ન" તરીકે લઈ શકાય. આવો પારિભાષિક અર્થ કરવો. અહીં તદ્=સાધ્યતાવચ્છેદક=પ્રમેય લેવાનો. હવે "ઘટત્વવાન્" એવું એક જ્ઞાન અને "પ્રમેયવાન્" એવું એક જ્ઞાન લો. આમાં "પ્રમેયવત્" જ્ઞાનમાં પ્રમેયવિષયિતા છે. પણ ઘટત્વવિષયિતા નથી. જ્યારે ઘટત્વવત્જ્ઞાનમાં ઘટત્વવિષયિતા પણ છે, અને ઘટત્વ એ પ્રમેય હોવાથી પ્રમેયવિષયિતા પણ છે. એટલે જ્યાં જ્યાં ઘટત્વવિષયિતા છે. ત્યાં સર્વત્ર પ્રમેયવિષયિતા છે પણ જ્યાં પ્રમેયવિષયિતા છે ત્યાં બધે જ ઘટત્વવિષયિતા નથી. આમ પ્રમેયવિષયિતાને અવ્યાપક એવી ઘટત્વવિષયિતા બની. અને તેવી વિષયિતાનો નિરૂપક ઘટત્વ એ પ્રમેયવિષયિતા-અવ્યાપકવિષયિતાક કહેવાય. આમ ઘટત્વાદિ એ આ પારિભાષિક અર્થ પ્રમાણે સાધ્યતાવચ્છેદક-ભિન્ન તરીકે મળી જાય છે. એટલે અહીં ઘટનિષ્ઠ પ્રતિયોગિતા એ માત્ર ઘટત્વાવચ્છિન્ન જ છે. પણ સાધ્યતાવચ્છેદકપ્રમેય+તદ્‌ભિન્ન એવા ઘટત્વાદિથી અવચ્છિન્ન નથી. અર્થાત્ તેનાથી અનવચ્છિન્ન છે. આ પ્રતિયોગિતાનો અનવચ્છેદક પ્રમેય એ જ સાધ્યતાવચ્છેદક છે. માટે લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે. "પટે પ્રમેયવત્+ઘટોભયં નાસ્તિ" એ પ્રતીતિ અનુસારે પ્રમેયવત્-ઘટત્વ એ ઉભયથી અવચ્છિન્ન મળી જાય છે. અને ઘટનિષ્ઠ પ્રતિયોગિતા (ઘટાભાવની) આ પ્રતિયોગિતાથી ભિન્ન મળી રહે છે. માટે કોઈ દોષ ન રહે.

---

**जागदीशी -- येन रूपेण साध्यतावच्छेदकत्वं तेन रूपेण तदनवच्छिन्नप्रकारतावच्छेदकस्य वा तदितरपदेन विवक्षिततत्वात् ।**

---

**चन्द्रशेखरीयाः ननु** सुष्ठु परिभाषा आदृता भवद्भिः । किन्तु सा परिभाषा अव्यापकताघटिता । व्यापकत्वम् च गुरुभूतम् व्याप्तिनिरूपकत्वात्मकं च, तथा च इदं लक्षणम् व्याप्तिघटितम् । अतः व्याप्तिलक्षणे एव व्याप्ति-प्रवेशात् आत्माश्रयदोषोऽपि जाघटीति इति **चेत्** तर्हि येन रूपेण साध्यतावच्छेदकता, तेन रूपेण साध्यतावच्छेदकानवच्छिन्ना या प्रकारता । तदवच्छेदकं एव साध्यतावच्छेदकभिन्नत्वेन विवक्षितम् इति बोध्यम् ।

**प्रमेयवद्वान् धूमात्** "इति अत्र साध्ये प्रमेयवति निष्ठायाःसाध्यतायाः अवच्छेदकं प्रमेयम् । तस्मिन् प्रमेये या साध्यतावच्छेदकता । सा प्रमेयत्वेन रूपेण अस्ति । अर्थात् प्रमेयत्वावच्छिन्ना साध्यतावच्छेदकता प्रमेये वर्तते । अथ च 'घटवत् भूतलं' इति ज्ञाने विषयीभूते घटे या प्रकारता, सा घटत्वात्मकप्रमेयावच्छिन्ना । अतः घटत्वात्मके प्रमेये प्रकारतावच्छेदकता । किन्तु सा अवच्छेदकता घटत्वत्वेन रूपेण अस्ति, नतु प्रमेयत्वेन रूपेण । अर्थात् घटत्वत्वावच्छिन्ना तादृशप्रकारतावच्छेदकता वर्तते घटत्वे । किन्तु प्रमेयत्वावच्छिन्ना तादृशप्रकारतावच्छेदकता घटत्वे नास्ति । अतः प्रमेयत्वेन रूपेण प्रमेयात्मकघटत्वानवच्छिन्ना एव इयं प्रकारता, तत्प्रकारतावच्छेदकं घटत्वं । तथा च एतन्नूतनपरिभाषा-बलात् घटत्वं साध्यतावच्छेदकभिन्नत्वेन ग्रहीतुं शक्यते । तथा च साध्यतावच्छेदकभिन्नस्य प्रसिद्धत्वेन, पूर्वोक्तरीत्या अव्याप्ति-निरासः सुकरः । इयं च परिभाषा न व्यापकत्वघटिता अतः न गौरवं, न वा आत्माश्रयः इत्यपि चिन्त्यम् ।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** તમારી આ સાધ્યતાવચ્છેદકભિન્નત્વની પારિભાષિક વ્યાખ્યા એ અવ્યાપકત્વથી ઘટિત

છે. અને વ્યાપકતાનું લક્ષણ ઘણું મોટું હોવાથી આનાથી ઘટિત વ્યાપ્તિ-લક્ષણ પણ ગૌરવવાળું બને છે. વળી, વ્યાપકત્વં=વ્યાપ્તિનિરૂપકત્વં એવો અર્થ થાય. આમ આ વ્યાપ્તિના લક્ષણમાં જ ઘટક તરીકે વ્યાપ્તિનો નિવેશ થઈ જવાથી આત્માશ્રય દોષ પણ આવે.

**ઉત્તર:** તો પછી એવો અર્થ કરવો કે "સાધ્યતાવચ્છેદકતા જે ધર્મથી અવચ્છિન્ન હોય. તે ધર્મથી વિશિષ્ટ એવા સાધ્યતાવચ્છેદકથી અનવચ્છિન્ન એવી પ્રકારતાનો અવચ્છેદક જે બને, તે "સાધ્યતાવચ્છેદકભિન્ન" તરીકે લઈ શકાય."

અહીં, પ્રમેય એ સાધ્યતાવચ્છેદક છે. તેમાં જે સાધ્યતાવચ્છેદકતા છે. તે પ્રમેયત્વધર્માવચ્છિન્ન છે. હવે "ઘટવત્ ભૂતલં" એ જ્ઞાનમાં ઘટમાં જે પ્રકારતા છે. એ જોકે ઘટત્વરૂપ પ્રમેયથી અવચ્છિન્ન જ છે. પણ એ ઘટત્વમાં જે પ્રકારતાવચ્છેદકતા આવી. એ ઘટત્વત્વાવચ્છિન્ન છે. પ્રમેયત્વાવચ્છિન્ન નથી. આમ અહીં ઘટમાં રહેલી પ્રકારતા એ પ્રમેયત્વેન રૂપેણ ઘટત્વાવચ્છિન્ન નથી. પણ ઘટત્વત્વેન રૂપેણ ઘટત્વાવચ્છિન્ન છે. એટલે આ પ્રકારતા એ પ્રમેયત્વેન રૂપેણ પ્રમેયા (=ઘટત્વાદિ) નવચ્છિન્ન જ છે. અને આવી પ્રકારતાનો અવચ્છેદક ઘટત્વ છે. એટલે ઘટત્વ એ સાધ્યતાવચ્છેદકભિન્ન તરીકે લઈ શકાય છે. એટલે પછી ઉપર પ્રમાણે અવ્યાપ્તિનો નિરાસ પણ થશે. તે આ પ્રમાણે- **પ્રમેયવત્વાન્ ધૂમાત્** એમાં ધૂમના અધિકરણમાં રહેલા ઘટાભાવની પ્રતિયોગિતા માત્ર ઘટત્વાવચ્છિન્ન છે. પણ સાધ્યતાવચ્છેદક+તદ્ભિન્નાવચ્છિન્ન નથી. અને તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક પ્રમેય એ જ સાધ્યતાવચ્છેદક મળી જવાથી અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- साध्यतावच्छेदकभिन्नो यः साध्यनिष्ठो धर्मस्तदनवच्छेद्या तु प्रतियोगिता न निवेश्या,**

---

**चन्द्रशेखरीयाः ननु** पूर्वं "**वह्निमान् धूमात्**" स्थले अव्याप्तिवारणाय साध्यतावच्छेदकतद्भिन्नोभयधर्मानवच्छिन्ना एव हेत्वधिकरणवृत्ति-अभावप्रतियोगिता ग्राह्या इति विवक्षितम् । तादृशविवक्षायां कृतायां सत्यां **प्रमेयवद्वान्** इति अत्र साध्यतावच्छेदकभिन्नस्य अप्रसिद्ध्या अव्याप्तिः आगता । तन्निवारणाय साध्यतावच्छेदकभिन्नत्वं गुरुभूतं पारिभाषिकं आदृतम् । किं एवम् निरर्थकमेव क्लेशः क्रियते । एतत् सर्वं त्यक्त्वा **वह्निमान् धूमात्** इति अत्र अव्याप्तिवारणाय एतावदेव उच्यते यदुत साध्यतावच्छेदकभिन्नो यः धर्मः साध्यनिष्ठः, तदनवच्छेद्या या प्रतियोगिता तदनवच्छेदकं साध्यतावच्छेदकं ...इत्यादि । तावतैव अव्याप्तिवारणसम्भवात् । तथाहि-साध्यतावच्छेदकं वह्नित्वं, तद्भिन्नो वह्निस्वरूपसाध्यनिष्ठो महानसीयत्वधर्मः अस्ति । तथा च पर्वतवृत्ति-महानसीयवह्नि-अभावस्य प्रतियोगिता तादृशधर्मानवच्छेद्या न भवति । किन्तु साध्यतावच्छेदकभिन्न-साध्यनिष्ठ-महानसीयत्वात्मकधर्मावच्छेद्या भवति । तस्मात् सा न गृह्यते । किन्तु तादृशधर्मानवच्छेद्या घटाभावीयप्रतियोगिता एव ग्राह्या । तत्प्रतियोगितानवच्छेदकं वह्नित्वं साध्यतावच्छेदकं... इति न अव्याप्तिः । इति **चेत्**

[ननु भवन्निरूपिता उपर्युक्तप्रतियोगिता गृह्यते तदापि **प्रमेयवद्वान् धूमात्** इति अत्र अव्याप्तिः तदवस्थैव । तथाहि अत्र साध्यतावच्छेदकं प्रमेयम् । ततः सर्वेषा पदार्थानां प्रमेयात्मकत्वात् साध्यतावच्छेदकभिन्नस्यैव अप्रसिद्धत्वेन

तादृशधर्मघटिता प्रतियोगिता एव दुरुपपन्ना। तस्मात् व्याप्तिलक्षणं अत्र अव्याप्तम् एव भवति इति चेत्? न, यथा युष्मद्भिः पूर्वं पारिभाषिकं साध्यतावच्छेदकभिन्नत्वं निरूपितम्, तथैव अस्माभिरपि तद् अङ्गीक्रियते। तथा च घटत्वादिकं साध्यतावच्छेदकभिन्नमेव इति कथं साध्यतावच्छेदकभिन्नस्य अप्रसिद्धिप्रयुक्ता अव्याप्तिः प्रतिष्ठां याति? एवं च साध्यतावच्छेदकधर्म-तद्भिन्नधर्मानवच्छिन्ना प्रतियोगिता या युष्भाभिः लक्षणघटकीकृता। अस्माभिः तां परित्यज्य यदि साध्यतावच्छेदकभिन्न-साध्यनिष्ठ-धर्मावच्छिन्ना प्रतियोगिता लक्षणघटकीक्रियते, तदा को दोषोऽस्माकम् इति चेत् अत्रोच्यते। एवं पारिभाषिकव्याख्यां स्वीकृत्य साध्यतावच्छेदकभिन्नस्य प्रसिद्धिः यद्यपि क्रियते त्वया। तथापि नाव्याप्तिनिरासो भविष्यति। यतो घटत्व-पटत्व-पुस्तकत्वादयः सर्वे एव धर्माः निरुक्तरीत्या साध्यतावच्छेदकप्रमेयभिन्नाः साध्ये प्रमेयवति वर्तमानाः च। तथा च सर्वाः अपि प्रतियोगिताः तादृशधर्मावच्छिन्ना एव इति तादृशधर्मानवच्छिन्नायाः, प्रतियोगितायाः एव अप्रसिद्धिः भवति। यतः कोऽपि धर्मः साध्यतावच्छेदकभिन्नः साध्यनिष्ठश्चैव। एवं प्रतियोगितायाः एव अप्रसिद्धत्वात् तद्घटितं व्याप्तिलक्षणं अपि युष्मन्मते अव्याप्तिमत्। तथापि अत्र जागदीश्यां तस्य निरूपणं कृतं नास्ति, अतः अस्माभिः केवलं उल्लेखः क्रियते इति ध्येयम्]

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન: વહ્નિમાન્ ધૂમાત્** માં આવતી અવ્યાપ્તિ નિવારવા માટે તમે સાધ્યતાવચ્છેદક-તદ્ભિન્ન-ઉભયધર્મથી અનવચ્છિન્ન પ્રતિયોગિતા લેવાની વાત કરેલી. અને એમ કરવાથી પ્રમેયવત્વાન્માં પાછી અવ્યાપ્તિ આવી. તેને નિવારવા "તદ્ભિન્ન" પદની પારિભાષિક વ્યાખ્યા પણ કરવી પડી. પણ ખરી વાત તો એ છે કે **વહ્નિમાન્ ધૂમાત્** સ્થલે બીજી રીતે અવ્યાપ્તિ દૂર થઈ જ જાય છે. તે આ રીતે - "સાધ્યતાવચ્છેદકથી ભિન્ન એવો જે સાધ્યમાં રહેલો ધર્મ હોય તેનાથી અનવચ્છિન્ન=અનવચ્છેદ્ય એવી પ્રતિયોગિતા લેવાની." ધૂમાધિકરણ પર્વતાદિમાં મહાનસીયવહ્નિનો અભાવ લીધો. પણ એની પ્રતિયોગિતા તો મહાનસીયત્વ અને વહ્નિત્વ એ બે ધર્મથી અવચ્છિન્ન છે. એમાં મહાનસીયત્વધર્મ એ સાધ્યતાવચ્છેદકથી ભિન્ન પણ છે. અને પાછો સાધ્ય એવા વહ્નિમાં પણ તે મહાનસીયત્વધર્મ રહેલો છે. અને તેથી આ પ્રતિયોગિતા તો સાધ્યતાવચ્છેદકભિન્ન+સાધ્યનિષ્ઠ એવા મહાનસીયત્વધર્મથી પણ અવચ્છિન્ન હોવાથી આ પ્રતિયોગિતા ન લેવાય. પણ ઘટાભાવની ઘટમાં રહેલી પ્રતિયોગિતા લઈ શકાય. કેમકે એ ઘટત્વથી અવચ્છિન્ન છે. અને ઘટત્વ એ સાધ્યતાવચ્છેદક એવા વહ્નિત્વથી ભિન્ન હોવા છતાં પણ સાધ્યનિષ્ઠ ન હોવાથી આ પ્રતિયોગિતા તાદૃશધર્મથી અનવચ્છિન્ન જ ગણાય. અને આ પ્રતિયોગિતાનો અનવચ્છેદક વહ્નિત્વ એ જ સાધ્યતાવચ્છેદક મળી જવાથી કોઈ અવ્યાપ્તિ ન આવે.

[**ઉત્તર:** પહેલી વાત તો એ કે તમારા કહેવા પ્રમાણેની પ્રતિયોગિતા લઈએ તો ય પ્રમેયવત્વાન્ સ્થલે સાધ્યતાવચ્છેદક એવા પ્રમેયથી ભિન્નની પ્રસિદ્ધિ જ નથી. એટલે અવ્યાપ્તિ તો આવશે જ. ભલે એ વહ્નિમાન્ સ્થલે ન આવે પણ પ્રમેયવત્વાન્ સ્થલે તો આવવાની જ.]

[**પ્રશ્ન:** એ અવ્યાપ્તિ નિવારવા માટે તમે જે પારિભાષિક વ્યાખ્યા કરેલી. એ અમે પણ સ્વીકારી લેશું. આમ એ રીતે એ સ્થલે પણ અવ્યાપ્તિ ન આવે. એટલે " સાધ્યતાવચ્છેદક+તદ્ભિન્ન-ઉભયધર્માનવચ્છિન્ન એવી પ્રતિયોગિતાને લક્ષણમાં ઘટક બનાવવાને બદલે સાધ્યતાવચ્છેદકભિન્ન+સાધ્યનિષ્ઠ એવા ધર્મથી અનવચ્છિન્ન પ્રતિયોગિતાને લક્ષણ ઘટક બનાવીએ તો શું વાંધો? સાધ્યતાવચ્છેદક=સાધ્યતાવચ્છેદક પ્રમેયથી ભિન્ન અને

પ્રમેયવત્નિષ્ઠ એવો ઘટત્વાદિ, અને તેનાથી અનવચ્છિન્ન એવી પ્રતિયોગિતા પટાભાવના પ્રતિયોગી પટમાં મળે. તે પ્રતિયોગિતાનો અવચ્છેદક પટત્વ અને અનવચ્છેદક પ્રમેયવત્ત્વ છે. અને એ જ સાધ્યતાવચ્છેદક છે. આમ લક્ષણ ઘટી જાય છે]

---

**जागदीशी -- तथा सति तादृशप्रतियोगिताशून्यसाध्यसामानाधिकरण्यस्यैव व्याप्तित्वसम्भवे साध्यतावच्छेदकस्य तदनवच्छेदकत्वानुसरणवैयर्थ्यापत्तेः,**

---

**चन्द्रशेखरीया:** अत्रोच्यते। एवं सति "तादृशप्रतियोगिताशून्यं यत् साध्यं तत्सामानाधिकरण्यं हेतुनिष्ठा व्याप्तिः" इत्येव वक्तुं सम्यक्। तावतैव अव्याप्ति-निरासात्। यतः तादृशप्रतियोगिता वह्नौ नास्ति, किन्तु घटादौ। तथा च तादृशप्रतियोगिताशून्यः यः वह्निः, तेन समं सामानाधिकरण्यं धूमस्य अस्ति। अतः नाव्याप्तिः। एवं च सति दीधित्यां यत् "तादृशप्रतियोगितानवच्छेदकं यत् साध्यतावच्छेदकं तदवच्छिन्नं यत् साध्यम्" इत्यादि निरूपितम् तत् निरर्थकमेव। तद्विनापि निरुपितरीत्या लक्षणसमन्वयसंभवात्।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** જો એમ જ લેવાનું હોય તો પછી દીધિતિમાં જે તાદૃશપ્રતિયોગિતા-અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક... ઇત્યાદિ લંબાણ કરેલું છે. એ નિરર્થક બને. કેમકે હવે તો માત્ર તમારા કહેવા પ્રમાણેની પ્રતિયોગિતાથી શૂન્ય એવો જે સાધ્ય હોય તેને સામાનાધિકરણ્ય એ હેતુની વ્યાપ્તિ એમ કહેવાથી જ બધું કામ પતી જાય છે. વહ્નિમાન્ સ્થલે ઘટાભાવની ઘટમાં રહેલી પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકભિન્ન એવા સાધ્યનિષ્ઠ ધર્મથી અવચ્છિન્ન નથી. પણ સાધ્યમાં ન રહેલા ઘટત્વધર્મથી અવચ્છિન્ન છે. એ પ્રતિયોગિતા લેવાશે. અને તે પ્રતિયોગિતાથી શૂન્ય એવો વહ્નિ સાધ્ય છે જ. આમ લક્ષણ મળી જતા કોઈ અવ્યાપ્તિ જ ન આવે. તો પછી દીધિતિમાં જે પ્રતિયોગિતાનવચ્છેદક-સાધ્યતાવચ્છેદક... ઇત્યાદિ લખેલ છે. એ નકામું જ બની જાય છે. માટે તમારી આ વાત ઉચિત નથી. [પ્રમેયવત્વાન્ સ્થલે સાધ્યતાવચ્છેદકપ્રમેયથી ભિન્ન અને પ્રમેયનિષ્ઠ એવો ઘટત્વાદિ ધર્મ મળે. તેમ પટત્વાદિ પણ મળે જ. કેમકે જે સાધ્યતાવચ્છેદક ભિન્નત્વની પરિભાષા બાંધી છે. એ અનુસારે પ્રમેય વિનાના તમામ પદાર્થો સાધ્યતાવચ્છેદકપ્રમેયથી ભિન્ન અને પ્રમેયનિષ્ઠ બની જવાના. એટલે કોઈપણ પ્રતિયોગિતા તાદૃશધર્મથી અવચ્છિન્ન જ બનવાની. અનવચ્છિન્નપ્રતિયોગિતા મળવાની નથી. માટે આ સ્થલે તો તેઓને અવ્યાપ્તિ છે જ. છતાં આ દૃષ્ટાન્તની ચર્ચા અત્રે કરી ન હોવાથી અમે પણ કૌંસમાં જ આ ચર્ચા મુકી છે.]

---

**जागदीशी -- अपि च प्रमेयवान् वाच्यत्वादित्यादावव्याप्तिः, तथा हि साध्यतावच्छेदकातिरिक्तं यत् साध्यवृत्ति घटत्वादिकं तदनवच्छेद्यप्रतियोगिताकस्य हेतुसमानाधिकरणाभावस्याप्रसिद्धेरिति नव्याः।**

---

**चन्द्रशेखरीया: न च** न दीधितिकाराः सर्वज्ञाः तेषामपि छद्मस्थत्वात् क्षतिसंभवात्। एवं च यदि गुरुभूतं

तदुक्तलक्षणं परित्यज्य लघुभूतेन लक्षणेनैव सर्वं सुस्थं भवितुमर्हति, तर्हि मुधैव दीधितिलक्षणस्य कदाग्रहः कर्तुं नोचितः इति **वाच्यम्।** यदि भवदुक्तं लक्षणं सर्वथा निर्दोषमेव अभवत् तदा एतत् वक्तुं उचितं भवता। किन्तु **प्रमेयवान् वाच्यत्वात्** इति अत्र अव्याप्तिग्रस्तं भवद्भिरभिमतं लक्षणम्। तथाहि-अत्र साध्यतावच्छेदकं प्रमेयत्वम्, तद्भिन्ना घटत्वपटत्व-पुस्तकत्वादयः सर्वेऽपि धर्माः प्रमेयात्मकसाध्यनिष्ठाः एव। अतः सर्वाः अपि प्रतियोगिताः तादृशधर्मावच्छिन्नाः एव इति तादृशधर्मानवच्छिन्नायाः प्रतियोगितायाः एव अप्रसिद्धत्वात् तद्घटितव्याप्तिलक्षणम् अव्याप्तम्। अत्र हि प्रमेयत्वधर्मः एकः एव साध्यतावच्छेदकभिन्नो नास्ति। यदि प्रमेयत्वधर्मावच्छिन्नप्रतियोगिताकाभावः प्रसिद्धो भवेत् तर्हि तादृशप्रतियोगिता साध्यतावच्छेदकभिन्न-साध्यनिष्ठधर्मानवच्छिन्ना भवेत्। किन्तु कुत्रापि प्रमेयत्वावच्छिन्नप्रतियोगिताकाभावस्य अप्रसिद्धत्वात् न तादृशी प्रतियोगिता प्रसिद्धा। अतः अव्याप्तिरस्ति एव इति ध्येयम्। इत्थं तावत् नव्यैः उपर्युक्तो ग्रन्थो निरूपितः।

**चन्द्रशेखरीया: પ્રશ્ન:** દીધિતિકાર કંઈ ભગવાન્ નથી કે એ જે લખે એ બધું જ સાચું જ માનવું પડે. જો એના કહેલા લક્ષણમાં અમુકશબ્દો નકામા જ બની જતાં હોય અને નાનું લક્ષણ મળતું હોય તો પછી એ દીધિતિનું લક્ષણ છોડી દઈને નાનું લક્ષણ શા માટે ન મનાય?

**ઉત્તર:** તમારું કહેલું લક્ષણ માનીએ તો **પ્રમેયવાન્ વાચ્યત્વાત્** માં અવ્યાપ્તિ આવે જ છે. કેમકે સાધ્યતાવચ્છેદક પ્રમેયત્વ છે. ઘટત્વ-પટત્વાદિ ધર્મો તેનાથી ભિન્ન છે. અને ઘટાદિપ્રમેયાત્મક સાધ્યમાં રહેલા પણ છે. આમ પ્રમેયત્વ વિનાના તમામ ધર્મો આવા જ પ્રકારના મળવાના. એટલે ઘટાભાવ-પટાભાવ વિગેરે કોઈપણ અભાવની પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકભિન્ન+સાધ્યનિષ્ઠ એવા ઘટત્વાદિ ધર્મોથી અવચ્છિન્ન જ બનવાની. આમ તેનાથી અનવચ્છિન્ન પ્રતિયોગિતા જ અપ્રસિદ્ધ બનવાથી તેનાથી ઘટિત એવું લક્ષણ અહીં અવ્યાપ્ત બનવાનું. એટલે જ તમારી વાત ન સ્વીકારાય. જો સાધ્યતાવચ્છેદક-તદ્ભિન્ન-ઉભયાનવચ્છિન્ના એવી પ્રતિયોગિતા લઈએ તો વાંધો ન આવે. કેમકે સાધ્યતાવચ્છેદક પ્રમેયત્વ અને તદ્ભિન્ન ઘટત્વાદિ એ ઉભયથી અનવચ્છિન્ન એવી ઘટનિષ્ઠ પ્રતિયોગિતા છે. અને તેનો અનવચ્છેદક પ્રમેયત્વ એ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવતી નથી. આ પ્રમાણે નવ્યો કહે છે.

---

**जागदीशी -- हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकतायाः पर्य्याप्त्यधिकरणभिन्नत्वं साध्यतावच्छेदकस्य वाच्यमिति कश्चित्**

---

**चन्द्रशेखरीया: अत्राह** कश्चित् अविदितपरमार्थो मूढः **वह्निमान् धूमात्** इति अत्र अव्याप्तिवारणाय एवं वक्तव्यम् यदुत हेतुसमानाधिकरणो योऽभावः, तत्प्रतियोगितावच्छेदकतायाः पर्याप्तिसम्बन्धेन यत् अधिकरणं, तद्भिन्नं साध्यतावच्छेदकं ...इत्यादि। तथा च धूमाधिकरणे पर्वते वर्तमानस्य महानसीयवह्नि-अभावस्य प्रतियोगितायाः महानसीयवह्निनिष्ठायाः अवच्छेदकं महानसीयवह्नित्वम् महानसीयत्वं वह्नित्वं च इति उभयं। तयोः महानसीयत्व-वह्नित्वयोः प्रतियोगितावच्छेदकता वर्तते। इयं अवच्छेदकता पर्याप्तिसम्बन्धेन उभयस्मिन् एव वर्तते न तु प्रत्येकं

महानसीयत्वे वह्नित्वे च स्वतन्त्रा। तथा च तादृगवच्छेदकताया पर्याप्तिसम्बन्धेन अधिकरणं उभयं, न तु स्वतंत्रं वह्नित्वम्। तेन वह्नित्वं तादृशाधिकरणभिन्नं साध्यतावच्छेदकं मीलितं इति लक्षणसमन्वयात् नाव्याप्तिः। यथा घट-पट-पुस्तकेषु अपेक्षाबुद्धिजन्या त्रित्वसंख्या समवायेन प्रत्येकं वर्तमानाऽपि पर्याप्तिसम्बन्धेन न प्रत्येकं वर्तते किन्तु त्रिषु समुदायरूपेष्वेव। एवमत्रापि ज्ञेयम् इति।

**चन्द्रशेखरीया: પ્રશ્ન:** હેતુસમાનાધિકરણ-અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક જે બને. તેમાં રહેલી જે પ્રતિયોગિતાવચ્છેદકતા છે. તેનું પર્યાપ્તિસંબંધથી જે અધિકરણ બને. તેનાથી ભિન્ન એવો સાધ્યતાવચ્છેદક લેવો. આમ કરવાથી પણ અવ્યાપ્તિ નીકળી જશે. તે આ પ્રમાણે-**वह्निमान् धूमात्** સ્થલે ધૂમાધિકરણ એવા પર્વતમાં તમે મહાનસીય વહ્નિનો અભાવ લીધો. તે અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક મહાનસીયવહ્નિત્વ=મહાનસીયત્વ અને વહ્નિત્વ છે. બેયમાં પ્રતિયોગિતાવચ્છેદકતા આવી. હવે પર્યાપ્તિ સંબંધથી આ પ્રતિયોગિતાવચ્છેદકતા આ બેમાં સાથે જ રહે. સ્વતંત્ર કોઈપણ એકમાં રહી ન શકે. જેમ ત્રિત્વાદિ સંખ્યાઓ સમવાયસંબંધથી ભલે એકલા ઘટાદિમાં રહી શકે. પણ પર્યાપ્તિસંબંધથી તો એ ત્રિત્વસંખ્યાનું અધિકરણ ત્રણ જ બને. કોઈપણ એક ન બની શકે. તેમ આ અવચ્છેદકતાનું પર્યાપ્તિસંબંધથી અધિકરણ મહાનસીયત્વ+વહ્નિત્વ એ બે ભેગા જ બને. એકલું મહાનસીયત્વ કે એકલું વહ્નિત્વ એ પ્રતિ. અવચ્છેદકતાનું પર્યાપ્તિસંબંધથી અધિકરણ ન જ બને. એટલે વહ્નિત્વ એ પર્યાપ્તિ સંબંધથી તાદૃશ-અવચ્છેદકતાનું અધિકરણ નથી. પણ એવા અધિકરણથી ભિન્ન છે. અને એ જ સાધ્યતા-અવચ્છેદક છે આમ લક્ષણ સમન્વય થઈ જતાં અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- तन्न, प्रत्येकमुभयत्र पर्य्याप्तिसम्बन्धेनासतोऽवच्छेदकत्वस्योभयत्र पर्य्याप्तिसम्बन्धेन सत्त्वायोगात्।**

---

**चन्द्रशेखरीया: अत्र प्रतिविधीयते** यद् वस्तु येन सम्बन्धेन प्रत्येकाधिकरणेषु न वर्तते, तद् वस्तु तेन सम्बन्धेन अधिकरणसमुदायेऽपि न वर्तते इति नियमः। अर्थात् यद् वस्तु येन सम्बन्धेन प्रत्येकाधिकरणेषु वर्तते। तदेव वस्तु तेन सम्बन्धेन अधिकरणसमुदाये वर्तते। यथा घटत्वं समवायेन प्रत्येकघटादिषु वर्तते। एवं घटत्वं समवायेन घटसामान्येषु वर्तते। अत्र यदि प्रतियोगितावच्छेदकता प्रत्येकं वह्नित्वे महानसीयत्वे न वर्तते तर्हि उभयस्मिन् अपि न वर्तते एव। यदि च "प्रतियोगितावच्छेदकता उभयस्मिन् वर्तते" इति अभिमन्यते। तर्हि अनायत्या उक्तनियमानुसारेण प्रत्येकस्मिन्नपि वर्तते इति अनिच्छताऽपि अभ्युपगन्तव्यम्। तथा च वह्नित्वं पर्याप्तिसम्बन्धेन प्रतियोगिता-वच्छेदकताधिकरणमेव न तु तद्भिन्नं इति व्यर्थः प्रयासो भवद्भिरव्याप्तिनिराकरणाय कृतः।

[ननु नायं नियमः युक्तः। त्रित्वादिसंख्यानां पर्याप्तिसम्बन्धेन प्रत्येकं घटादौ अवृत्तित्वेऽपि घट-पट-पुस्तकेषु पर्याप्तिसम्बन्धेन वृतित्वम् अभिमतमेव। न च त्रित्वस्य समवायेन प्रत्येकं वृतित्वात् पर्याप्तिसम्बन्धेन त्रिषु वृत्तित्वेऽपि न नियमभङ्गः इति वाच्यम्। एवं यदि भिन्नसम्बन्धेन निर्वचनं क्रियते, तदा प्रतियोगितावच्छेदकताऽपि स्वरूपसम्बन्धेन

प्रत्येकं महानसीयत्वे वह्नित्वे च वर्तते। अतः पर्याप्तिसम्बन्धेन उभयवृत्तित्वेऽपि न क्षतिः। किञ्च जागदीश्यां "पर्याप्तिसम्बन्धेन अवच्छेदकतायाः प्रत्येकं अवृत्तित्वात् पर्याप्तिसम्बन्धेन उभयस्मिन् न वर्तते" इति उक्तम् अस्ति। अतः भिन्नसम्बन्धेन नियमनिर्वचनं न जागदीशिभिप्रायकं किन्तु स्वाच्छन्दिकं। अतः न तत् सम्यग्। एवं च तादृशावच्छेदकतायाः पर्याप्तिसम्बन्धेन अधिकरणं महानसीयत्व-वहिनत्वोभयमेव। तद्भिन्नं च वह्नित्वं साध्यतावच्छेदकं इति नाव्याप्तिः इति? चेत् सत्यम्, जगदीशेन प्रत्येकावृत्तेः समूहावृत्तित्वम् निरूपितम्। तेन एतद् ज्ञायते यदुत जगदीशस्य "त्रित्वादिसंख्या पर्याप्तिसम्बन्धेनाऽपि प्रत्येकं घटादिषु वर्तते" इति अभिमतम्। अतः तत्र त्रित्वादीनां प्रत्येकेषु वृत्तित्वात् त्र्यादिषु वृत्तित्वम् निराबाधम्। अत्र तु अवच्छेदकतायाः प्रत्येकं अवृत्तित्वात् उभयस्मिन् अवृत्तित्वमेव इति अव्याप्तिस्तदवस्थैव। यतः प्रतियोगितावच्छेदकतायाः पर्याप्तिसम्बन्धेन (भिन्न) अधिकरणतायाः एव अप्रसिद्धत्वात् यदि उभयस्मिन् तादृशाधिकरणता स्वीक्रियते। तर्हि प्रत्येकं तादृशाधिकरणता मन्तव्या। एवं च वह्नित्वेऽपि पर्याप्तिसम्बन्धेन प्रतियोगितावच्छेदकता अस्ति एव इति पूर्ववत् अव्याप्तिः।

अत्र अस्माकं तु इदं रुचितम्। अपेक्षाबुद्ध्या घट-पट-पुस्तकेषु त्रित्वसंख्या उत्पन्ना। सा च संख्या घटे भिन्ना पटे भिन्ना पुस्तके च भिन्ना। सा च संख्या समवायेनैव वर्तते। अत्र का संख्या पर्याप्तिसम्बन्धेन त्रिष्वपि वर्तते इति चिन्तनीयम्। 'यदि घटवृत्ति-त्रित्वसंख्या पर्याप्तिसम्बन्धेन त्रिष्वपि वर्तते' इति उच्यते, तर्हि पट-पुस्तकादिवृत्तित्रित्वसंख्याभ्यां सह विनिगमनाविरहः। अतः एताभिः तिसृभिः संख्याभिः भिन्ना चतुर्थी त्रित्वसंख्या पर्याप्तिसम्बन्धेन त्रिषु वर्तते इति मन्तव्यम्। तच्च अयुक्तम्। तादृशसंख्यायाः अप्रामाणिकत्वात् इति संख्यादृष्टान्त एव अयुक्तः इति मे प्रतिभाति। अत्र बहु चिन्त्यम् तत्तु विस्तरभयात् संक्षिप्यते]

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** જે પદાર્થ જે સંબંધથી પ્રત્યેક અધિકરણમાં ન રહે તે પદાર્થ તે સંબંધથી અધિકરણ સામાન્યમાં પણ રહી ન શકે. જે પદાર્થ જે સંબંધથી પ્રત્યેક અધિકરણમાં સ્વતંત્ર પણે રહી શકે તે પદાર્થ તે સંબંધથી બધા અધિકરણમાં એક સાથે રહી શકે. જેમ કે ઘટત્વ એ સમવાયથી દરેકે દરેક ઘટમાં સ્વતંત્રપણે રહે જ છે. તો એ ઘટત્વ એ સમવાયથી તમામ ઘટોમાં રહેલું પણ ગણી શકાય છે. હવે જો પ્રતિયોગિતા-અવચ્છેદકતા એ પર્યાપ્તિસંબંધથી માત્ર મહાનસીયત્વ કે વહ્નિત્વમાં ન રહી શકતી હોય તો પછી એ અવચ્છેદકતા પર્યા. સંબંધથી તે ઉભયમાં પણ રહી ન જ શકે. અને છતાં જો એ અવચ્છેદકતા પર્યા.સંબંધથી તે ઉભયમાં રાખતા જ હો તો એ અવચ્છેદકતાને સ્વતંત્રપણે વહ્નિત્વ+મહાનસીયત્વમાં રહેનારી માનવી જ જોઈએ. અને એમ માનીએ એટલે તાદૃશાવચ્છેદકતાનું પર્યાપ્તિ સંબંધથી અધિકરણ વહ્નિત્વ બની જ જાય છે. એટલે અવ્યાપ્તિ આવવાની જ છે. માટે તમારું આ નિર્વચન બરાબર નથી.

[**પ્રશ્ન:** આ તમારો નિયમ ખોટો છે. ત્રિત્વાદિસંખ્યાઓ પર્યાપ્તિ સંબંધથી પ્રત્યેકમાં નથી રહેતી અને છતાં ત્રિત્વાદિ સંખ્યાઓ પર્યાપ્તિસંબંધથી ત્રણસમુદાયમાં તો રહે જ છે. એટલે નિયમ જ ખોટો છે.

**ઉત્તર:** ત્રિત્વાદિ સંખ્યા સમવાયથી તો પ્રત્યેકની અંદર સ્વતંત્ર રહે જ છે ને? એટલે પછી તેને પર્યાપ્તિથી ત્રણ સમુદાયમાં રાખવામાં વાંધો નથી. અર્થાત્ ઉપરનો નિયમ જળવાઈ રહે છે.

**પ્રશ્ન:** ના. તમે નિયમમાં કહ્યું છે કે જે વસ્તુ જે સંબંધથી પ્રત્યેકમાં રહે તે જ સંબંધથી તે સમૂહમાં રહી શકે. જો એમ ન હોય અને ગમે તે સંબંધથી પ્રત્યેકમાં અને ગમે તે સંબંધથી સામાન્યમાં રાખવાની વિવક્ષા હોય તો તો પછી આ પ્રતિ. અવચ્છેદકતા પણ સ્વરૂપ સંબંધથી તો પ્રત્યેકમાં વહ્નિત્વ-મહાનસીયત્વમાં રહે જ છે. અને તેથી તેને પર્યાપ્તિસંબંધથી ઉભયમાં રાખવામાં કોઈ વાંધો ન આવે. એટલે ઉક્તનિયમ પ્રમાણે પણ અમને કોઈ વાંધો આવતો નથી.

**ઉત્તર:** જાગદીશી પંક્તિમાં તો સ્પષ્ટ લખ્યું જ છે કે "દરેકમાં પર્યાપ્તિસંબંધથી ન રહેનાર અવચ્છેદકતા એ ઉભયમાં પણ પર્યાપ્તિસંબંધથી રહી શકતી જ નથી" આમ એક વાત તો નક્કી કે સંબંધ તો બેય સ્થાને એક જ લેવાનો છે. અને એમ કરીએ તો પછી ત્રિત્વાદિ સંખ્યા પર્યાપ્તિસંબંધથી પ્રત્યેકમાં અવૃતિ હોવા છતાં સમુદાયમાં વૃત્તિ માનેલ હોવાથી આ નિયમનો ભંગ જ થાય છે.

આનો ઉત્તર આ પ્રમાણે હોઈ શકે.

જાગદીશીના મતે દ્વિત્વાદિ સંખ્યાઓ પણ પર્યાપ્તિ સંબંધથી પ્રત્યેકમાં રહેનારી માનેલી હોવી જોઈએ. તો જ તેઓ આ નિયમ બનાવી શકે.

ખરી વાત તો એ લાગે છે કે ઘટ-પટ-પુસ્તક એ ત્રણેયમાં ત્રિત્વસંખ્યા ઉત્પન્ન થઈ. હવે સમવાયથી તો ઘટમાં ત્રિત્વ પટમાં ત્રિત્વ અને પુસ્તકમાં ય ત્રિત્વ રહેલું માનેલું છે. અને એ બધા ત્રિત્વ જુદા જુદા જ છે. હવે આ ૩ ત્રિત્વમાંથી કયું ત્રિત્વ પર્યાપ્તિસંબંધથી ત્રણેયમાં રહે છે?" એમ માનવામાં વિનિગમનાવિરહ આવે. એટલે હવે કોઈ ચોથું ત્રિત્વ લાવવું પડશે. અને એને પર્યાપ્તિસંબંધથી ત્રણેયમાં રાખવું પડશે. પણ આવું ત્રિત્વ માનવામાં જ ખરેખર કોઈ પ્રમાણ નથી. એટલે ખરેખર તો દરેક ત્રિત્વાદિ સંખ્યાનું દૃષ્ટાન્ત જ અનુચિત છે.]

---

**जागदीशी -- (वह्निमान् धूमादित्यादौ धूमादिनिष्ठतत्तद्व्यक्तित्वावच्छिन्नसामानाधिकरण्यस्य वह्नित्वावच्छिन्ना-निरूपितत्वादाह-*तद्धर्मावच्छिन्नेनेति*)(द्रव्यत्वादिरूपेण धूमे येन केनापि वह्निव्याप्यत्वस्य) धूमसामान्ये वा तत्तद्वह्नि (त्वावच्छिन्ननिरूपित) व्याप्यत्वस्य च वारणार्थं विशिष्य लक्ष्यं निर्दिशति- *तद्रूपविशिष्टस्येत्यादिना* ।**

---

**चन्द्रशेखरीया:** लक्षणं नाम लक्ष्ये स्वेतरभेदानुमापको हेतुः । यथा सास्नावत्त्वम् लक्षणम् **"गौः स्वेतरभेदवती सास्नावत्त्वात्"** इति अनुमानद्वारा लक्ष्ये गवि स्वेतरभेदानुमापकं भवति । अत्रापि व्याप्ति-लक्षणं क्रियते । तच्च स्वेतरभेदानुमापकं भवति । लक्ष्यं च व्याप्तिः किमाकारा? इति प्रश्नः सहजः । तदुतरं तु दीधित्याम् "तद्रूपविशिष्टस्य तद्धर्मावच्छिन्नयावन्निरूपिता व्याप्तिः" इति ग्रन्थेन दत्तं । तथा हि

**धूमत्वावच्छिन्नधूमनिष्ठं धूमत्वावच्छिन्नधूमव्यापक वह्नित्वावच्छिन्नयावद्वह्निनिरूपितं सामानाधिकरण्यम् (पक्षः) स्वेतरभेदवत् (साध्यं) प्रतियोगिव्यधिकरण-धूमत्वविशिष्टधूमहेतु-समानाधिकरणाभावप्रतियोगितानवच्छेदक-**

**साध्यतावच्छेदक-वह्नित्वावच्छिन्न (यत् किंचित्) वह्निनिरूपितसामानाधिकरण्यत्वात्। (हेतुः)**

अनेन व्याप्तौ स्वेतरभेदानुमितिः क्रियते। अत्र पक्षः एव व्याप्तिरूपो लक्ष्यात्मको ज्ञेयः हेतुस्तु लक्षणम्।

**ननु** केवलं धूमत्वावच्छिन्नधूमव्यापक वह्नित्वावच्छिन्नयावद्वह्निनिरूपितं सामानाधिकरण्यम् इत्येव पक्षः कर्तव्यः। हेतौ "तादृशवह्निनिरूपित-धूमत्वावच्छिन्नधूमनिष्ठ-सामानाधिकरण्यत्वात्" इति परिष्कारं कृत्वा धूमत्वावच्छिन्न-धूमनिष्ठत्वविशेषणं दीयताम् इति **चेत्** तर्हि द्रव्यत्वावच्छिन्नधूमनिष्ठं तादृशसामानाधिकरण्यम् अपि पक्षान्तर्भूतम्। तत्र च धूमत्वावच्छिन्नधूमनिष्ठ-सामानाधिकरण्यत्वात्मकहेतोः असत्त्वात् भागासिद्धिः। अत्र धूमत्वावच्छिन्नधूमनिष्ठं सामानाधिकरण्यम् अपि पक्षान्तर्भूतम्। तत्र च हेतोः सत्त्वात् स्वरूपासिद्धिः न भवति। सर्वेषु पक्षेषु हेत्वभावः स्वरूपासिद्धिः, सर्वेषां पक्षानां मध्ये केषुचिदेव हेत्वभावस्तु भागासिद्धिः इति विवेकः। तथा च भवदुक्तानुमानस्वीकरणे भागासिद्धिदोषसंभवात् अनर्थकं तद् निरुपणम्।

**ननु** तर्हि धूमत्वावच्छिन्नधूमनिष्ठं वह्निनिरूपितसामानाधिकरण्यम् स्वेतरभेदवत्तादृशप्रतियोगितानवच्छेदक (वह्नित्व) साध्यतावच्छेदकवह्नित्वावच्छिन्नवह्निसामान्यनिरूपितसामानाधिकरण्यत्वात् इति वक्तव्यम्। अर्थात् पक्षात् "वह्नित्वावच्छिन्नयावद्वह्निनिरूपितत्वं" निष्काश्य हेतुमध्ये प्रवेश्यम्। एवं करणे को दोषः इति **चेत्** सा एव भागासिद्धिः निष्प्रतिबन्धा। तथा हि-एवं हि धूमत्वावच्छिन्नधूमनिष्ठं महानसीयवह्न्यादिनिरूपितसामानाधिकरण्यं अपि पक्षान्तर्गतम्। तत्र च वह्नित्वावच्छिन्नयावद्वह्निनिरूपित सामानाधिकरण्यत्वात्मकहेतोः असत्त्वात् भागासिद्धिः। अतः यथोक्तमेव अनुमानं प्रतिपत्तव्यम्।

**चन्द्रशेखरीयाः** કોઈપણ લક્ષણ એ લક્ષ્યને પક્ષ બનાવીને તેમાં સ્વેતરભેદની અનુમિતિ કરાવવામાં કામ આવે છે. જેમકે સાસ્નાવત્ત્વ એ ગાયનું લક્ષણ છે. તો **ગૌઃ સ્વેતરભેદવતી સાસ્નાવત્વાત્** એ અનુમાન દ્વારા ગાયમાં ગો-ઇતરભેદની સિદ્ધિ થાય. અહીં પણ વ્યાપ્તિનું લક્ષણ બનાવીએ છીએ એટલે એ લક્ષણ વ્યાપ્તિ=પક્ષમાં=લક્ષ્યમાં સ્વેતરભેદનું અનુમાન કરાવી આપે. પણ અહીં લક્ષ્યનો આકાર તો બતાવવો જ પડે ને? દીધિતિમાં "તદ્રૂપવિશિષ્ટસ્ય તદ્ધર્માવચ્છિન્નયાવત્નિરૂપિતં સામાનાધિકરણ્યં એ વ્યાપ્તિ" એ શબ્દો દ્વારા લક્ષ્યનો નિર્દેશ કરેલો છે. અને લક્ષણ તો આપણે જોઈ જ ગયા.

એટલે આ પ્રમાણે અનુમાન થાય કે

धूमत्वावच्छिन्नधूमनिष्ठं धूमव्यापकवह्नित्वावच्छिन्नवह्निनिरूपितं सामानाधिकरण्यं (पक्षः) स्वेतरभेदवत्

प्रतियोगि-असमानाधिकरण-धूमत्वविशिष्टधूमसमानाधिकरण-अभाव-प्रतियोगितानवच्छेदक-साध्यतावच्छेदक-वह्नित्वावच्छिन्न (यत्किंचित्) वह्निनिरूपितधूमत्वावच्छिन्नधूमनिष्ठसामानाधिकरण्यत्वात् "(हेतुः)

આમાં પક્ષમાં ધૂમત્વાવચ્છિન્ન મુકવાને બદલે માત્ર ધૂમનિષ્ઠ" મુકીએ અને હેતુમાં જ તાદૃશવહ્નિનિરૂપિત- એવું સામાનાધિકરણ્ય એ ધૂમત્વાવચ્છિન્નધૂમનિષ્ઠ તરીકે લઈ લઈએ તો અનુમાનનો આકાર - वह्नित्वावच्छिन्नवह्निनिरूपितं सामानाधिकरण्यम् स्वेतरभेदवत्.

प्रतियोगि... वह्नित्वावच्छिन्न (यत्किंचित् वह्नि) निरूपित-धूमत्वावच्छिन्नधूमनिष्ठसामानाधिकरण्यत्वात्"

હવે આમ અર્થ કરીએ તો જેમ ધૂમમાં રહેલું સામાનાધિકરણ્ય એ પક્ષ બને. તેમ દ્રવ્યત્વાવચ્છિન્નદ્રવ્યનિષ્ઠ એવું પણ તાદશ સામાનાધિકરણ્ય એ પક્ષ તરીકે બનશે. અને તેમાં તો ધૂમત્વાવચ્છિન્નધૂમનિષ્ઠ સામાનાધિકરણ્ય ત્વરૂપ હેતુ જ ન રહેતો હોવાથી ભાગાસિદ્ધિ દોષ આવે. [સંપૂર્ણ પક્ષમાં હેતુ ન રહે એ સ્વરૂપાસિદ્ધિ અને પક્ષના એકાદ ભાગમાં હેતુ ન રહે એ ભાગાસિદ્ધિ]

પણ અમે કહ્યા પ્રમાણેનો જ અર્થ લઈએ તો દ્રવ્યત્વાવચ્છિન્ન દ્રવ્યનિષ્ઠં સામાનાધિકરણ્યં એ પક્ષ તરીકે આવી જ ન શકે. કેમકે ધૂમત્વાવચ્છિન્નધૂમનિષ્ઠં એવું જ તાદશસામાનાધિકરણ્ય પક્ષ છે. અને એમાં તો અમારો હેતુ રહેતો હોવાથી ભાગાસિદ્ધિ વિગેરે કોઈ દોષ ન આવે.

હવે જો એમ અનુમાન કરીએ કે

धूमत्वावच्छिन्नधूमनिष्ठं (यत्किंचित्) वह्निनिरूपितं सामानाधिकरण्यम् स्वेतरभेदवत्

प्रतियोगि... साध्यतावच्छेदकवह्नित्वावच्छिन्नयावद्वह्निनिरूपितसामानाधिकरण्यत्वात्

તો હવે અહીં તો ધૂમત્વાવચ્છિન્નનિષ્ઠં તત્-તદ્વહ્નિનિરૂપિતં તાદશસામાનાધિકરણ્યં એ પણ પક્ષ તરીકે આવે. અને તેમાં વહ્નિત્વાવચ્છિન્નયાવત્વહ્નિનિરૂપિતસામાનાધિકરણ્યત્વ ન રહેતું હોવાથી પૂર્વવત્ ભાગાસિદ્ધિ દોષ આવે.

અમારા અનુમાનમાં તો ધૂમત્વાવચ્છિન્નધૂમનિષ્ઠં વહ્નિત્વાવચ્છિન્નવહ્નિનિરૂપિતસામાનાધિકરણ્ય જ પક્ષ બનવાનું છે. અને તેમાં અમે આપેલો હેતુ રહેતો હોવાથી કોઈ દોષ રહેતો નથી.

---

**जागदीशी -- व्याप्तिः तद्धर्मावच्छिन्नहेतुकतादृशधर्मावच्छिन्नविधेयकानुमितेर्जनकताया विषयविधयाऽवच्छेदिकेति तदर्थः तेन व्याप्तिपदेनापि तादृशसामानाधिकरण्योक्त्या न पौनरुक्तम्। (महानसीयवह्निसामानाधिकरण्यस्यैव निखिलवह्न्यादिव्याप्तित्वमिति व्याप्तेः सामान्यरूपतालाभाय *यावदिति* पूर्वत्र *येन केनापीति *च) ।।१।।**

---

**चन्द्रशेखरीयाः ननु** व्याप्तिः तावत् तादृशसामानाधिकरण्यरूपा। व्याप्तिलक्षणमपि तादृशसामानाधिकरण्यरूपम्। ततो यथा 'गौः सास्नावान्' इति उच्यते, एवं व्याप्तिः=सामानाधिकरण्यम् तादृशसामानाधिकरण्यम् इति वक्तव्यम्। अत्र च 'घटः घटः' इतिवत् पुनरुक्तिदोषः इति **चेत्** न व्याप्तिपदेन तादृशसामानाधिकरण्यं न अत्र वाच्यम्।

किन्तु धूमत्वावच्छिन्नधूमहेतुक वह्नित्वावच्छिन्नवह्निसाध्यकानुमितिनिरूपिता या व्याप्तिज्ञाननिष्ठा कारणता, तत्कारणतायाः विषयविधया अवच्छेदिका या, सा तादृशसामानाधिकरण्यम् इति वक्तव्यम्। एवं च न पुनरुक्तिदोषः। विशेषानुपयोगित्वात् नात्र विस्तरः क्रियते इति ध्येयम्।

अत्र लक्षणे येन केनापि महानसीयवह्न्यादिरूपसाध्येन समं सामानाधिकरण्यम् व्याप्तिः उक्ता। तच्च केवलं महानसीयधूमे वर्तते। अतः "इयं व्याप्तिः प्रतिधूमं भिन्ना मा भूत्" इत्याशयेन दीधित्यां उक्तम् यदुत लक्षणनिष्ठयद्धर्मपदेन यः हेतुतावच्छेदकः गृह्यते "यः धर्मः" पदेन च यः साध्यतावच्छेदकः गृह्यते हेतुतावच्छेदक-तद्धर्मावच्छिन्ने साध्यतावच्छेदकतद्धर्मावच्छिन्नयावद्निरूपिता व्याप्तिः अभ्युपगन्तव्या। इत्थं च महानसीयवह्नि-सामानाधिकरण्यमपि निखिलधूमेषु यावन्निरूपिता एकैव व्याप्तिः अभ्युपगन्तव्या न तु भिन्ना इत्याशयः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્નઃ** "વ્યાપ્તિ એ તાદૃશસામાનાધિકરણ્યરૂપ છે." એમ તમે કહેશો અને વ્યાપ્તિ=તાદૃશ સામાનાધિકરણ્ય જ છે. એટલે આ તો "તાદૃશસામાનાધિકરણ્ય એ તાદૃશસામાનાધિકરણ્યરૂપ છે." એ એમ કહેવા જેવું થયું. એટલે આ તો "ઘટ ઘટ છે" એમ પુનરુક્તિ દોષ આવે છે.

**ઉત્તરઃ** ધૂમત્વાવચ્છિન્નધૂમહેતુક તાદૃશવહ્નિત્વાવચ્છિન્નસાધ્યક-અનુમિતિની કારણતા વ્યાપ્તિજ્ઞાનમાં આવી છે. અને એ વ્યાપ્તિજ્ઞાનમાં આવેલી કારણતાની વિષયવિધયા અવચ્છેદિકા (વ્યાપ્તિઃ) એ તાદૃશસામાનાધિકરણ્ય રૂપ છે. એ પ્રમાણે અમે કહીશું. આમ કહેવાથી પુનરુક્તિ દોષ ન આવે.

[આ પદાર્થો વિશેષ ઉપયોગી ન હોવાથી વધુ સ્પષ્ટતા કરી નથી.]

અહીં કોઈપણ સાધ્યની સાથે સામાનાધિકરણ્યને વ્યાપ્તિ લક્ષણ બનાવેલ છે. હવે એ તો મહાનસીયવહ્નિમાત્રની સામાનાધિકરણ્યતા પણ વ્યાપ્તિલક્ષણ બને. આ જ લક્ષણ તમામે તમામ ધૂમમાં રાખવાનું છે. કેમકે નહીં તો પ્રત્યેક ધૂમ અને પ્રત્યેક વહ્નિની જુદી-જુદી વ્યાપ્તિ બની જાય. એટલે કહ્યું કે આવું સામાનાધિકરણ્ય જે બે ધર્મોને લઈને મળે છે. એ બે ધર્માવચ્છિન્ન પદાર્થોમાં પરસ્પર વ્યાપ્ય-વ્યાપક ભાવ છે. અર્થાત્ લક્ષણમાં પહેલા યદ્ધર્મ પદથી ધૂમત્વ લીધું છે. અને યઃ ધર્મઃ તરીકે વહ્નિત્વ લીધું છે. હવે સામાનાધિકરણ્ય ભલે માત્ર મહાનસીયવહ્નિને લઈને લીધું. તો પણ ધૂમત્વાવચ્છિન્નધૂમસામાન્યમાં વહ્નિત્વાવચ્છિન્નયાવત્વહ્નિની વ્યાપ્તિ ગણવી. આ માટે જ યાવદ્ વિગેરે શબ્દો મુક્યા છે.

---

**जागदीशी -- ननु दण्डिमान् दण्डिसंयोगादित्यत्राव्याप्तिः चालनीन्यायेन दण्डमात्रस्यैव हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वात्।**

---

**चन्द्रशेखरीयाः** अत्राह पूर्वपक्षः। दीधित्यामुक्तं लक्षणं **"दण्डिमान् दण्डिसंयोगात्"** इति अत्र अव्याप्तम्। यत्र दण्डिसंयोगः तत्र दण्डिमान् इति अयं सद्धेतुः। किन्तु लक्षणं न घटते। तथा हि अत्र साध्यं दण्डी। साध्यतावच्छेदकाः दंडाः। असत्कल्पनया जगति त्रयो दंडाः सन्ति इति कल्प्यते। प्रथमो द्वितीयः तृतीयश्च। तत्र भूतले प्रथमदंडी, पर्वते द्वितीयो दंडी, काष्ठे च तृतीयो दंडी वर्तते। भूतले द्वितीयदंड्यभावः, पर्वते तृतीयदंड्यभावः, काष्ठे प्रथमदंड्यभावः च वर्तते। एवं च दंडिसंयोगात्मकहेतोः अधिकरणीभूतेषु भूतल-पर्वत-काष्ठेषु चालनीन्यायेन त्रयोऽपि दंड्यभावाः मीलिताः। तेषां प्रतियोगिता प्रथमद्वितीयतृतीयदंडिषु निष्ठा। तदवच्छेदकः यथाक्रमं प्रथमदंडो द्वितीयदंडः तृतीयदंडश्च।

ते एव साध्यतावच्छेदकाः इति अव्याप्तिः। एवं तावद् दीधितिप्रतिपादितस्य लक्षणस्यानुसारेणात्राव्याप्तिः प्रदर्शिता।

अधुना पूर्वं जागदीश्यां यः "साध्यतावच्छेदकतदितरोभयानवच्छिन्ना या प्रतियोगिता, तदनवच्छेदको यः साध्यतावच्छेदको धर्मः, तदवच्छिन्नेन साध्येन समं सामानाधिकरण्यं व्याप्तिः" इति परिष्कारः कृत आसीत्। तदनुसारेणात्राव्याप्तिः संभवतीत्येतच्चिन्त्यते। दण्ड्यधिकरणे पर्वते, भूतले, काष्ठे च चालनीन्यायेन प्रथमदण्ड्यभावो द्वितीयदण्ड्यभावः तृतीयदण्ड्यभावश्च मीलितः। तेषां याः प्रतियोगिताः, ताः क्रमशः प्रथमदंडेन, द्वितीयदण्डेन, तृतीयदण्डेन चावच्छिन्नाः। अत्र प्रथमत्वं प्रथमदण्डे वर्तते, न तु प्रथमदंडवति पुरुषे। ततश्च भवतु नाम प्रथमदंडः प्रतियोगितावच्छेदकः, तथापि सा प्रतियोगिता प्रथमत्वेनानवच्छिन्नैवेति सा प्रतियोगिता साध्यतावच्छेदक-तदितरोभयानवच्छिन्नैवेति साध्याभावस्य लक्षणघटकत्वाद् भवत्यत्राव्याप्तिः। एवं द्वितीयदंडतृतीयदंडादीनादायापि वक्तव्यम्। अत्र प्रथमदण्डादिस्थाने नीलदण्डपीतदण्डरक्तदण्डानादायापि विचारणा संभवतीति बोध्यम्। तथाहि दण्डिसंयोगाधिकरणेषु भूतलपर्वतकाष्ठेपु चालनीन्यायेन नीलदण्डि-पीतदण्डि-रक्तदण्डिनामभावाः मीलन्ति। तत्प्रतियोगितास्तु नीलदण्डपीतदण्डरक्तदण्डावच्छिन्नाः। तथापि नीलरूपादीनि न नील-दण्ड्यादिषु वर्तन्तेऽपितु नीलदण्डादिषु इति नीलदण्ड्यादिनिष्ठास्ताः प्रतियोगिताः न नीलरूपाद्यवच्छिन्नाः इति ताः साध्यतावच्छेदकैः नीलदण्डादिभिरेवावच्छिन्नाः, न तु नीलरूपादिभिः इति ताः तदुभयानविच्छन्ना इति भवत्यत्राव्याप्तिः।

एवं जागदीशीनिष्ठपरिष्कारानुसारेणापि अव्याप्तिः संभवति। तथा हि महानसीयवह्निवृत्तित्वविशिष्टवह्नित्ववदभावस्य प्रतियोगी यस्तादृशविशिष्टवह्नित्ववान्, तस्मिन् तादृशवह्नित्वमस्ति। किन्तु महानसीयवह्निवृत्तित्वं नास्त्येव। महानसीयवह्निवृत्तित्वं तु वह्नित्व एव वर्तते। ततश्च तादृशविशिष्टवह्नित्ववन्निष्ठा प्रतियोगिता तादृशवह्नित्वेनावच्छिन्ना भवति। किन्तु महानसीयवृत्तित्वात्मकेन धर्मेणावच्छिन्ना नैव भवति।

**चन्द्रशेखरीया: પ્રશ્નઃ** દીધિતિમાં કહેલું લક્ષણ એ **દંડિમાન્ દંડિસંયોગાત્** અહીં અવ્યાપ્ત બને છે. અહીં જ્યાં ભૂતલાદિમાં દંડિસંયોગ હોય છે ત્યાં નિયમા દંડી હોય જ છે. એટલે સ્થાન સાચું છે. છતાં લક્ષણ ઘટતું નથી. તે આ પ્રમાણે-દંડિમત્ત્વ=દંડી એ સાધ્ય છે તેમાં સાધ્યતા આવી. તેનો અવચ્છેદક ધર્મ

દંડિત્વ=દંડમત્ત્વ=દંડ છે. હવે કલ્પના કરીએ કે આ જગત્માં કુલ ત્રણ દંડ છે. પ્રથમ દંડવાળો ભૂતલ ઉપર દ્વિતીય દંડવાળો પર્વત ઉપર, ત્રીજા દંડવાળો લાકડા ઉપર ઉભો છે. દંડિસંયોગ એ હેતુ છે. એ હેતુવાળા તરીકે ભૂતલ+પર્વત+કાષ્ઠ એ ત્રણેય લેવાશે. એમાં ભૂતલમાં દ્વિતીય દંડવાન્નો અભાવ છે. એ અભાવની પ્રતિયોગિતા દ્વિતીય દંડવાન્માં આવી. અને તેનો અવચ્છેદક ૨ દંડવત્વ=દ્વિતીય દંડ બને. એ રીતે પર્વતમાં તૃતીય દંડવાન્નો અભાવ છે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક તૃતીય દંડ બને. અને એ રીતે કાષ્ઠમાં રહેલ પ્રથમ દંડવાન-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક પ્રથમ દંડ બને. આમ અહીં ત્રણેય દંડો હેત્વધિકરણવૃત્તિ-અભાવ પ્રતિયોગિતાના અવચ્છેદક બની ગયા. અને એ જ દંડો સાધ્યતાવચ્છેદક છે. [અસત્ કલ્પનાથી માત્ર ત્રણ જ દંડ છે એમ કહેલ છે. દૃષ્ટાન્ત અનુસારે બધા દંડો અવચ્છેદક બને છે એ સમજી લેવું] આમ અહીં અવ્યાપ્તિ આવશે.

જાગદીશીએ જે જે પરિષ્કાર કર્યા છે. એ મુજબ પણ અવ્યાપ્તિ આવે જ છે. કેમકે પ્રથમ દંડી દ્વિતીય દંડી

અને તૃતીય દંડીના અભાવો ચાલની ન્યાયથી મળ્યા. એની પ્રતિયોગિતાના અવચ્છેદક પ્રથમ દંડ, દ્વિતીય દંડ, તૃતીય દંડ બન્યા. પરંતુ પ્રથમત્વ, દ્વિતીયત્વ અને તૃતીયત્વ એ ધર્મો દંડમાં જ રહે છે. દંડીમાં નહિ. વધુ સ્પષ્ટ કરીએ તો નીલદંડ, પીતદંડ અને રક્તદંડ એ ત્રણ દંડો તે તે પ્રતિયોગિતાના અવચ્છેદક બન્યા એટલે એ પ્રતિયોગિતા નીલદંડાદિથી અવચ્છિન્ન ભલે બની. પણ એ દંડોમાં રહેલા નીલરૂપાદિથી અવચ્છિન્ન નથી બની. કેમકે એ નીલરૂપાદિ દંડમાં નથી. જેમાં પ્રતિયોગિતા આવી છે એવા નીલદંડવાનૂ... વિગેરે પુરુષોમાં એ નીલરૂપ નથી. આમ એ પ્રતિયોગિતા સાધ્યતા-અવચ્છેદક એવા (નીલાદિ) દંડથી જ અવચ્છિન્ન છે. પણ નીલરૂપ અને દંડ એમ બેથી અવચ્છિન્ન નથી. એટલે કે સાધ્યતા-અવચ્છેદક+તદિતર એ ઉભયથી અનવચ્છિન્ન એવી જ આ પ્રતિયોગિતા છે. એટલે એ લઈ શકાશે. અને એના અવચ્છેદક તરીકે નીલદંડાદિ એ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવશે જ. આમ જાગદીશીએ જે પરિષ્કાર કર્યો છે. એને લઈને વિચારીએ તો પણ અવ્યાપ્તિ સ્પષ્ટ જ છે.

---

**जागदीशी -- न च प्रतियोगितानवच्छेदकमित्यत्रावच्छेदकत्वं शुद्धसाध्यतावच्छेदकस्थले निरवच्छिन्नमिव विशिष्टसाध्यतावच्छेदकस्थलेऽपि साध्यतावच्छेदकतावच्छेदक-तदितरोभयानवच्छिन्नं ग्राह्यम् अन्यथा 'पर्वते महानसीयवह्निवृत्तिविशिष्टजातिमान् नास्ति' इत्यादिप्रतीत्या विशिष्टवह्नित्वस्य तादृशाभावप्रतियोगिता-वच्छेदकतया वह्निमान् धूमादित्यादाविव–जातिमद्वान् घटत्वादित्यादावव्याप्तिप्रसङ्गात् 'घटे पटसमवेतत्वविशिष्टजातिमान्नास्ति' इति प्रतीत्या विशिष्टजातेस्तादृशाभावप्रतियोगितावच्छेदकत्वात्। तथा च तद्दण्डवान् नास्तीत्यादिप्रतीत्या तत्ताविशिष्टदण्डव्यक्तेरेवावच्छेदकत्वावगाहनात् शुद्धदण्डव्यक्तीनां-दण्डत्व-तदितरोभयानवच्छिन्नं यद्धेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वं–तदभावसत्त्वान्नाव्याप्तिरिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** अथ प्रकृतं। पूर्वपक्षंप्रति उत्तरदानकालः समुपस्थितः। किन्तु तत्पूर्वं इदं अपि निरूपयितव्यं निरूपयामि। यदि दीधितिकृतलक्षणं अनुस्रीयते, तदा **वह्निमान् धूमात्** इति स्थले अव्याप्तिः तदवस्थैव। तथा हि अत्र वह्नित्वं साध्यतावच्छेदकं। यत्र शुद्धा जातिः किञ्चिद्धर्मविशिष्टा साध्यतावच्छेदिका, यत्र वा अखंडोपाधिः साध्यतावच्छेदिका, तत्र एतादृक्स्थले व्याप्ति-लक्षणं न संजाघटीति। यतोऽत्र "महानसीयवह्निवृत्तित्वविशिष्टा या वह्नित्वजातिः। तद्वान् पर्वते नास्ति" इति सुप्रसिद्धम्। तथा च हेत्वधिकरणे पर्वते महानसीयवह्निवृत्तित्वविशिष्टजातिमदभावः मीलति। तत्प्रतियोगी तादृशजातिमान्, तत्प्रतियोगितावच्छेदिका तादृशी विशिष्टा जातिः वह्नित्वं। "विशिष्टं शुद्धात् नातिरिच्यते" इति न्यायात् तदेव शुद्धवह्नित्वं। तच्च साध्यतावच्छेदकं। एवं चात्र प्रतियोगितावच्छेदकं एव साध्यावच्छेदकमभूत् इति अव्याप्तिः सुसंगता। ततश्च सा प्रतियोगिता साध्यतावच्छेदकेन तादृशविशिष्टवह्नित्वेन शुद्धवह्नित्वरूपेणावच्छिन्ना, न तु तदितरेणाप्यवच्छिन्नेति सा प्रतियोगिता ग्रहीतुं शक्यते।

तदवच्छेदक एव साध्यतावच्छेदको वह्नित्वात्मको धर्म इति भवत्यत्राव्याप्तिः। इदन्तु सूक्ष्मबुद्ध्याऽवधारणीयम् यदुत महानसीयवह्निवृत्तित्वविशिष्ट-वह्नित्ववद्निष्ठा प्रतियोगिता महानसीयवह्निवृत्तित्वविशिष्ट वह्नित्वेनावच्छिन्ना भवति। किन्तु महानसीयवह्नि-वृत्तित्वेनावच्छिन्ना नैव भवति। महानसीयवह्निवृत्तित्वस्य महानसीयवह्निवृत्तित्वविशिष्टवह्नित्वमति अभावादिति।

इत्थञ्च तदव्याप्तिवारणाय दीधितिलक्षणस्य परिष्कारः कर्तव्यः। स च इत्थम्। यादृक्प्रतियोगितावच्छेदकता निरवच्छिन्ना, तादृशी प्रतियोगिता एव लक्षणघटकत्वेन विवक्षिता। अत्र महानसीयवह्निवृत्तित्वविशिष्ट-वह्नित्ववन्निष्ठप्रतियोगितायाः अवच्छेदकं तादृशवह्नित्वं। तस्मिन् प्रतियोगितावच्छेदकता। सा च महानसीयवह्निवृत्तित्व-वह्नित्वैतदुभयधर्मावच्छिन्ना। अर्थात् साध्यतावच्छेदकतावच्छेदकवह्नित्व-तदितरावच्छिन्ना, न तु निरवच्छिन्ना। अतः सा प्रतियोगिता न गृह्यते। किन्तु अन्यैव घटाभावीयप्रतियोगिता। तदनवच्छेदकं वह्नित्वं साध्यतावच्छेदकं इति नाव्याप्तिः। एतच्च 'यत्र साध्यतावच्छेदकं शुद्धजातिरूपं अखंडोपाधिरूपं वा' तत्र वोध्यम्।

यत्र तु **जातिमद्वान् घटत्वात्** इत्यादौ जातित्वविशिष्टजातयः एव विशिष्टात्मिकाः साध्यतावच्छेदकरूपाः। तत्र यदि दीधितिप्रोक्तं लक्षणं अनुस्रीयते, तदा पटसमवेतं नीलादिरूपम्, तस्मिन् पटसमवेतत्वम्। तस्मिन्नेव पटे नीलत्व-रूपत्वादिजातयः। एवं च नीलत्वादिजातयः पटसमवेतत्वसमानाधिकरणाः। तथा च सामानाधिकरण्यसम्बन्धेन पटसमवेतत्वं नीलत्वादिषु वर्तते। तादृशजातिमत् पटीयनीलादिरूपम्। तथा च पटसमवेतत्वविशिष्टजातिमत् नीलादिरूपं पटे एव वर्तते, न तु घटे। अर्थात् घटे पटसमवेतत्वविशिष्टजातिमदभावः वर्तते। तत्प्रतियोगी तादृशजातिमान्। प्रतियोगितावच्छेदिकाः तादृश्यः विशिष्टाः जातयः। ताः एव शुद्धजात्यनतिरिक्तत्वात् शुद्धजातयः। ताः एव साध्यतावच्छेदिकाः इति अत्र अव्याप्तिः। अत्रापि जागदीशीनिष्ठपरिष्कारानुसारेणापि अव्याप्तिः संभवत्येवेति सूक्ष्मबुद्ध्या ज्ञेयम्। यत्र घटत्वं वर्तते तत्र रूपत्वादिजातिमद्रुपादि वर्तते। अतःइदं सत्स्थानम्। किन्तु व्याप्तिलक्षणं न घटते।

तद्वारणाय दीधितिग्रन्थे अयं परिष्कारः करणीयः यदुत यादृक्प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदक-तदितरानवच्छिन्ना। तादृक्प्रतियोगिता एव लक्षणघटकत्वेन विवक्षिता। तथा च अत्र पटसमवेतत्वविशिष्टजातिनिष्ठा प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकजातित्व-तदितरपटसमवेतत्वोभयावच्छिन्ना, न तु अनवच्छिन्ना। अतः पटसमवेतत्वविशिष्टजातिमन्निष्ठा प्रतियोगिता न लक्षणघटकं भवितुमर्हति। किन्तु घटाभावीयप्रतियोगिता एव। यतः तत्प्रतियोगितावच्छेदकता घटत्वनिष्ठा केवलं निरवच्छिन्ना। न तु तदुभयावच्छिन्ना। अतः न सा गृह्यते। तत्प्रतियोगितानवच्छेदिकाः रूपत्वादिजातयः एव साध्यतावच्छेदिकाः इति लक्षणसमन्वयात् नाव्याप्तिः।

**न च** शुद्धसाध्यतावच्छेदकवह्नित्वादिस्थले इव विशिष्टसाध्यतावच्छेदकजातित्वविशिष्टजात्यादिस्थलेऽपि निरवच्छिन्ना प्रतियोगिता एव लक्षण-घटका वक्तव्या, किं 'साध्यतावच्छेदकतावच्छेदक-तदितरानवच्छिन्न' इत्यादि निरूपणेन? तावतैव अत्र अव्याप्तिवारणसंभवात्। यतः पटसमवेतत्वविशिष्टजातिमन्निष्ठप्रतियोगितावच्छेदकता तादृशजातिनिष्ठा साध्यतावच्छेदकतावच्छेदक-जातित्वाद्यवच्छिन्ना एव। नतु निरवच्छिन्ना। अतः सा प्रतियोगिता न गृह्यते। किन्तु

घटाभावीयप्रतियोगिता एव। तदनवच्छेदिकाः रूपत्वादिजातयः एव साध्यतावच्छेदिकाः इति नाव्याप्तिः इति **वाच्यम्।**

एतेन अव्याप्तिवारणं भवति इति सत्यं। किन्तु एवंकरणे "दंडिमान् द्रव्यत्वात्" इति अत्रातिव्याप्तिः भवति। यत्र द्रव्यत्वं तत्र दंडी इति तु न सम्यक्। तस्मात् इदं असत्स्थानं। तथापि अत्र द्रव्यत्ववद्घटादिषु दंड्यभावः, तत्प्रतियोगितावच्छेदकाः दंडाः। तस्मिन् तादृक्प्रतियोगितावच्छेदकता, सा च दंडत्वावच्छिन्ना न तु निरवच्छिन्ना। अतः सा न गृह्यते। किन्तु घटाभावीयप्रतियोगिता एव लक्षणघटका। तदनवच्छेदकाः दंडा एव साध्यतावच्छेदकाः इति लक्षणसमन्वयात् अतिव्याप्तिः। किन्तु यादृक्प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदक-तदितरानवच्छिन्ना तादृक्प्रतियोगिता एव लक्षणघटका क्रियते तर्हि न अतिव्याप्तिः। दंडनिष्ठा प्रतियोगितावच्छेदकता केवलं साध्यतावच्छेदकतावच्छेदकदंडत्वावच्छिन्नैव। न तु उभयावच्छिन्ना। अतः इयं प्रतियोगिता लक्षणघटका। तदवच्छेदकाः दंडा एव साध्यतावच्छेदकाः इति लक्षणस्य अघटनात् नातिव्याप्तिः। एवं च "शुद्धसाध्यतावच्छेदकस्थले निरवच्छिन्ना प्रतियोगिता, विशिष्टसाध्यतावच्छेदकस्थले च तादृक्प्रतियोगितावच्छेदकता साध्यावच्छेदकतावच्छेदक-तदितरानवच्छिन्ना लक्षणघटकत्वेन ग्राह्या" इति विवक्षणं सर्वथा गौरवादिदोषरहितम्।

अत्र आगच्छतु संग्रामभूमौ पूर्वपक्षः। न स समर्थः संप्रति अस्मान् पराजेतुम्। तथा हि **दंडिमान् दंडिसंयोगात्** इति अत्र चालनीन्यायेन सर्वे दण्ड्यभावाः मीलिताः। तत्प्रतियोगितावच्छेदकाः प्रथमदंडद्वितीयदंडतृतीयदंडाः, न तु दंडसामान्यम्। तथा या प्रतियोगितावच्छेदकता प्रथमदंडे अस्ति, सा तु प्रथमदंडत्वावच्छिन्ना। अर्थात् साध्यतावच्छेदकतावच्छेदकदंडत्व-तदितरप्रथमत्वावच्छिन्ना न तु तदुभयानवच्छिन्ना। अतः सा प्रतियोगिता न लक्षणघटका। किन्तु घटाभावीया प्रतियोगिता। तदनवच्छेदकाः एव दंडाः साध्यतावच्छेदकाः इति लक्षणघटनात् नाव्याप्तिः। अत्र दंडत्वविशिष्टदंडाः साध्यतावच्छेदकाः। अतः एव साध्यतावच्छेदकतावच्छेदक-तदितरानवच्छिन्नप्रतियोगितावच्छेदकता-घटितं लक्षणं गृहीतं इति ध्येयम्। इत्थं च सर्वं सूपपन्नम्।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** તમારી વાત અત્યારે બાજુ પર મૂકો.જો દીધિતિનું લક્ષણ માનીએ તો જ્યાં સાધ્યતાવચ્છેદક તરીકે શુદ્ધજાતિ=અવિશિષ્ટજાતિ કે અખંડધર્મ છે. ત્યાં આપત્તિ આવવાની જ છે. તે આ પ્રમાણે **પર્વતો વહ્નિમાન્ ધૂમાત્** અહીં સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ શુદ્ધજાતિ સ્વરૂપ છે. અહીં પર્વતમાં વહ્નિત્વવાન્ વહ્નિ તો છે. પણ મહાનસીયવહ્નિમાં વૃત્તિત્વથી વિશિષ્ટ એવું જે વહ્નિત્વ છે એ વહ્નિત્વવાળો વહ્નિ તો પર્વતમાં નથી જ. અર્થાત્ ધૂમાધિકરણપર્વતમાં મહાનસીયવહ્નિવૃત્તિત્વવિશિષ્ટવહ્નિત્વજાતિમાન્ તો નથી જ. આ અભાવનો પ્રતિયોગી વિશિષ્ટવહ્નિત્વજાતિમાન્ બન્યો. એની પ્રતિયોગિતાનો અવચ્છેદક વિશિષ્ટવહ્નિત્વ બને. અને વિશિષ્ટં શુદ્ધાત્ નાતિરિચ્યતે એ ન્યાયાનુસારે વહ્નિત્વ જ એ પ્રતિયોગિતાનો અવચ્છેદક બની જતાં અવ્યાપ્તિ આવવાની જ છે. મહાનસીયવહ્નિ-વૃત્તિત્વવિશિષ્ટવહ્નિત્વવાન્નો અભાવ લીધો છે. અહીં તાદૃશવહ્નિત્વવાન્માં તાદૃશવહ્નિત્વ ભલે હોય તો પણ મહાનસીયવહ્નિવૃત્તિત્વ નામનો ધર્મ તો વહ્નિત્વમાં જ છે. તાદૃશવહ્નિત્વવાળામાં નથી. એટલે તાદૃશવહ્નિત્વવદ્માં આવેલી પ્રતિયોગિતા એ તાદૃશવહ્નિત્વથી અવચ્છિન્ન ભલે બને. પણ એમાં એ પ્રતિયોગિતા મહાનસીયવહ્નિવૃત્તિત્વરૂપી ધર્મથી અવચ્છિન્ન ન જ બને. આમ એ પ્રતિયોગિતા

સા.અવચ્છેદક=તા.વહ્નિત્વથી અવચ્છિન્ન છે. પણ તદિતરથી અનવચ્છિન્ન જ છે. અને માટે એ પ્રતિયોગિતા એ ઉભયથી અનવચ્છિન્ન જ બની જતા લક્ષણઘટક બની જશે. અને એનો અવચ્છેદક તાદૃશવહ્નિત્વ=વહ્નિત્વ એ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવશે. ખ્યાલ રાખવો કે એ પ્રતિયોગિતા મહાનસીયવહ્નિવૃત્તિત્વવિશિષ્ટવહ્નિત્વથી અવચ્છિન્ન હોવા છતાં મહાનસીયવહ્નિવૃત્તિત્વધર્મથી અનવચ્છિન્ન જ બને. - કેમકે એ ધર્મ તાદૃશ પ્રતિયોગિતાવાન્ વ્યક્તિમાં રહેતો નથી. ખુબ ઉંડાણથી આ વાત વિચારવી.

આ આપત્તિ દૂર કરવા માટે આવા શુદ્ધ સાધ્યતાવચ્છેદક સ્થલે એવો નિવેશ કરવો પડે કે તાદૃશપ્રતિયોગિતાવચ્છેદકતા નિરવચ્છિન્ન જ લેવાની. હવે અહીં તો પ્રતિયોગિતાવચ્છેદક તરીકે મહાનસીયવહ્નિવૃત્તિત્વવિશિષ્ટવહ્નિત્વ લીધું છે. તેમાં અવચ્છેદકતા આવી. અને વિશિષ્ટમાં આવતી અવચ્છેદકતા એ વિશેષણથી અવચ્છિન્ન જ હોય છે. એટલે આ અવચ્છેદકતા નિરવચ્છિન્ન ન હોવાથી એ ન લેવાય.

આમ અહીં ઘટાભાવ જ લેવો પડે. કેમકે ઘટત્વમાં જ આ પ્રતિયોગિતાવચ્છેદકતા આવશે. અને ઘટત્વ તો શુદ્ધજાતિરૂપ હોવાથી આ પ્રતિયોગિતાવચ્છેદકતા એ નિરવચ્છિન્ન મળી જશે. અને આવી જે પ્રતિયોગિતા છે તેનો અનવચ્છેદક વહ્નિત્વ મળી જતા લક્ષણસમન્વય થઈ જશે.

એ રીતે **જાતિમદ્વાન્ ઘટત્વાત્** આ સ્થલ સાચું છે. કેમકે ઘટત્વ ઘટમાં જ રહે છે. અને ત્યાં રૂપત્વાદિજાતિવાળા રૂપાદિ તો રહે જ છે. પણ અહીં સાધ્ય તરીકે "જાતિમત્" છે. એટલે સાધ્યતાવચ્છેદક તરીકે જાતિમત્ત્વ=જાતિઓ બનશે. અહીં ઘટત્વાદિ એ "જાતિ" કહેવાય. પણ "જાતિ" શબ્દ તો જાતિ નથી જ. અર્થાત્ અહીં રૂપત્વ-સ્પર્શત્વાદિ ઘણી બધી જાતિઓ અવચ્છેદક છે. એટલે તેઓ શુદ્ધ એવા સાધ્યતાવચ્છેદક ન કહેવાય. અર્થાત્ અહીં જાતિત્વવિશિષ્ટ એવી જાતિઓ અવચ્છેદક બને છે. અહીં પણ જો દીધિતિનું લક્ષણ માનીએ તો અવ્યાપ્તિ આવે. પટસમવેત એવું નીલાદિરૂપ લો, તે રૂપમાં નીલત્વાદિ જાતિ છે. એટલે એ નીલત્વ-રૂપત્વાદિ જાતિઓ પટસમવેતત્વને સમાનાધિકરણ બની. પટસમવેતત્વ પણ રૂપમાં છે અને નીલત્વાદિ જાતિઓ પણ રૂપમાં છે. આમ આ જાતિઓ સામાનાધિકરણ્યસંબંધથી પટસમેવતત્વવિશિષ્ટ બની. આવી જાતિવાળું રૂપાદિ તો ઘટમાં રહેલ રૂપ ન જ બને. પણ પટમાં રહેલ રૂપ બને. ઘટમાં રહેલ રૂપાદિ તો સામાનાધિકરણ્યસંબંધથી ઘટસમવેતત્વવિશિષ્ટજાતિવાળા જ બને. આમ ઘટમાં પટસમવેતત્વવિશિષ્ટજાતિમાન્નો અભાવ જ મળે. અને એ અભાવની પ્રતિયોગિતાની અવચ્છેદક તાદૃશવિશિષ્ટજાતિઓ બને. અને એ જ વિશિષ્ટ=શુદ્ધજાતિઓ એ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવે. અહીં પણ પટસમવેતત્ત્વવિશિષ્ટજાતિમદ્ના અભાવની પ્રતિયોગિતા તાદૃશજાતિમાન્માં આવી. એનો અવચ્છેદક તાદૃશજાતિ (પટસમવેતત્વવિશિષ્ટ જાતિ) બને. પણ પટસમવેતત્વ એ તો તાદૃશજાતિમાં જ છે. તાદૃશજાતિમાન્માં તો નથી જ. એટલે આ પ્રતિયોગિતાનો અવચ્છેદક પટસમવેતત્વ તો ન જ બને. એટલે એ પ્રતિયોગિતા જાતિમાત્રથી જ અવચ્છિન્ન છે. તદિતરથી અવચ્છિન્ન નથી માટે એ લેવાય. એટલે અવ્યાપ્તિ ન આવે.

એટલે જ્યાં જાતિઓ વિગેરે વિશિષ્ટ સાધ્યતાવચ્છેદકો હોય ત્યાં અવ્યાપ્તિ નિવારવા એમ કહેવું પડશે કે અહીં લક્ષણઘટક પ્રતિયોગિતાની અવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક+તદિતરથી અનવચ્છિન્ન હોવી જોઈએ. એવી અવચ્છેદકતા જ્યાં હોય તે જ પ્રતિયોગિતા લેવાની. અને તેનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક

હોવો જોઈએ.

અહીં પટસમેવતત્વવિશિષ્ટ જાતિઓમાં પ્રતિયોગિતાવચ્છેદકતા આવી. એ તો સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક જાતિત્વ+પટસમેવતત્વ (તદિતર) થી અવચ્છિન્ન છે. માટે આ પ્રતિયોગિતા લઈ જ ન શકાય. પ્રતિયોગિતાની અવચ્છેદકતા તો પટસમવેતત્વવિ.જાતિમાં જ છે. હવે એ જાતિમાં જાતિત્વ+પટસમવેતત્વ એ બે ધર્મો રહેલા છે. એટલે એ બે ધર્મો પ્રતિ. અવચ્છેદકતાના અવચ્છેદક બને. અને એટલે એ પ્રતિ. અવચ્છેદકતા જાતિત્વ અને તદિતર એવા પટસમવેતત્વ એ ઉભયથી અવચ્છિન્ન બની. માટે એ લઈ ન શકાય. એટલે આ અભાવ ન લેવાય. માટે અવ્યાપ્તિ ન આવે. (જાતિઓ સા.અવચ્છેદક છે માટે સા.અવચ્છેદક એ જાતિત્વથી અવચ્છિન્ન છે. અર્થાત્ જાતિત્વ એ સાધ્યતાઅવચ્છેદકતાવચ્છેદક છે.) અહીં ઘટાભાવની પ્રતિયોગિતાની અવચ્છેદકતા ઘટત્વમાં છે અને તે તો નિરવચ્છિન્ન હોવાથી તાદૃશોભયાનવચ્છિન્ન મળી જાય છે. એટલે ઘટાભાવીયપ્રતિયોગિતા જ લક્ષણઘટક તરીકે લેવાય. તેના અનવચ્છેદક રૂપત્વાદિ જાતિઓ એ જ સાધ્યતાવચ્છેદક છે. એટલે કોઈ અવ્યાપ્તિ ન આવે.

આમ જ્યાં સાધ્યતાવચ્છેદક તરીકે શુધ્ધજાતિ કે અખંડોપાધિ છે ત્યાં જે પ્રતિયોગિતાની અવચ્છેદકતા નિરવચ્છિન્ન હોય તે જ પ્રતિયોગિતા લેવાય. અને જ્યાં સાધ્યતાવચ્છેદક તરીકે વિશિષ્ટધર્મો=જાતિત્વવિશિષ્ટજાતિઓ વિગેરે હોય ત્યાં જે પ્રતિયોગિતાની અવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક-તદિતરોભયાનવચ્છિન્ન હોય, તે જ પ્રતિયોગિતા લક્ષણઘટક બને. આ પ્રમાણે ખુલાસો કરવાથી કોઈ અવ્યાપ્તિ દોષ ન આવે.

**પ્રશ્ન:** આમ તો **જાતિમદ્વાન્ ઘટત્વાત્** એવા સ્થલે પણ "પ્રતિયોગિતાવચ્છેદકતા નિરવચ્છિન્ન જ લેવાની" એવો નિવેશ કરવાથી અવ્યાપ્તિ દૂર થઈ શકે છે. કેમકે અહીં પટસમવેતત્વવિશિષ્ટજાતિમાં જ પ્રતિયોગિતાવચ્છેદકતા આવી છે અને એ તો પટસમવેતત્વાદિથી અવચ્છિન્ન જ છે. એટલે એ નિરવચ્છિન્ન તરીકે લઈ જ ન શકાય. માટે ઘટાભાવીયપ્રતિયોગિતા લઈને લક્ષણ ઘટી જાય છે. તો પછી વિશિષ્ટ સાધ્યતાવચ્છેદક સ્થલે તાદૃશોભયાનવચ્છિન્ના એવી પ્રતિ. અવચ્છેદકતાનો નિવેશ કરવાનું કોઈ પ્રયોજન જ નથી. બે ય સ્થલે એક સરખું લાઘવવાળું વિધાન થઈ શકે છે.

**ઉત્તર:** તો પછી **દંડિમાન્ દ્રવ્યત્વાત્** માં અતિવ્યાપ્તિ આવે. "જ્યાં દ્રવ્યત્વ ત્યાં બધે જ દંડી" એ વાત તો ખોટી જ છે. પણ અહીં દ્રવ્યત્વાધિકરણમાં દંડી-અભાવ લઈએ અને એની પ્રતિયોગિતાની અવચ્છેદકતા દંડમાં આવે અને એ તો દંડત્વાવચ્છિન્ન જ છે. એટલે નિરવચ્છિન્ન ન હોવાથી એ ન જ લેવાય. એટલે દંડી-અભાવની પ્રતિયોગિતા એ લક્ષણઘટક ન બને. પણ પછી દ્રવ્યત્વાધિકરણ દ્રવ્યમાં ઘટાભાવાદિની તાદૃશપ્રતિયોગિતા લઈને લક્ષણ ઘટી જાય. એટલે અતિવ્યાપ્તિ આવે.

પણ જો ઉભયાનવચ્છિન્ન પ્ર.અવચ્છેદકતાની વિવક્ષા લઈએ તો દંડમાં આવતી પ્ર.અવચ્છેદકતા એ માત્ર સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકદંડત્વાવચ્છિન્ન જ છે. ઉભયાવચ્છિન્ન નથી. એટલે દંડી-અભાવની પ્રતિયોગિતા એ લક્ષણ ઘટક બને. તેના અવચ્છેદક દંડો એ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અતિવ્યાપ્તિ ન આવે. આમ સાધ્યતાવચ્છેદક શુદ્ધ હોય ત્યાં નિરવચ્છિન્ન પ્રતિ. અવચ્છેદકતા અને સાધ્યતાવચ્છેદ વિશિષ્ટ હોય ત્યાં તા.ઉભયાનવચ્છિન્ન પ્રતિ. અવચ્છેદકતા એવો નિવેશ કરવો યોગ્ય જ છે.

હવે પ્રસ્તુતમાં તમે **दंडिमान् दंडिसंयोगात्** માં આપેલી આપત્તિ વિચારીએ. અહીં સાધ્યતાવચ્છેદક તરીકે દંડત્વવિશિષ્ટદંડ છે માટે આ વિશિષ્ટ સાધ્યતાવચ્છેદકનું સ્થાન છે. એટલે અહીં સા.અવ.તાઅવચ્છેદક+તદિતરથી અનવચ્છિન્ન એવી જ પ્રતિ.અવચ્છેદકતા લેવાની રહેશે.

તમે દંડિસંયોગાધિકરણ ભૂતલ, પર્વત, કાષ્ઠ ઉપર ચાલનીન્યાયથી પ્રથમ દંડી-અભાવ વિગેરે લાવી આપ્યા. પણ કોઈપણ દંડિસંયોગાધિકરણમાં શુદ્ધદંડિ-અભાવ તો નથી જ મળતો. એટલે જે અભાવ તમે લીધા તેની પ્રતિ.અવચ્છેદકતા પ્રથમ દંડ, દ્વિતીય દંડ, તૃતીય દંડમાં જુદી જુદી આવશે. શુદ્ધદંડમાં આવવાની નથી હવે આ પ્રથમ દંડાદિમાં આવેલી પ્રતિ.અવ.તા એ તો પ્રથમત્વ=તત્તા+દંડત્વ એમ ઉભયથી અવચ્છિન્ન છે. અર્થાત્ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક=દંડત્વ+તદિતર=તત્તા એ ઉભયથી અવચ્છિન્ન છે. અનવચ્છિન્ન નથી. માટે આ પ્રતિયોગિતા લક્ષણઘટક ન બને. પણ ઘટાભાવીયપ્રતિયોગિતા જ લેવાશે. અને તેના અનવચ્છેદક દંડ એ જ સાધ્યતાવચ્છેદક મળી જતાં અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- प्रमेयदण्डवान् नास्तीत्यादौ प्रमेयत्वोपलक्षितस्येव तद्दण्डवान्नास्तीत्यादावपि तत्त्वोपलक्षितदण्ड-व्यक्तिमात्रस्यैवावच्छेदकत्वकल्पनात्। यत्र केवलस्यावच्छेदकत्वासम्भवस्तत्रैव विशिष्टस्य तथात्वस्वीकारात्, अन्यथा प्रमेयत्वविशिष्टदण्डादेरपि तथात्वापत्तेः।**

---

**चन्द्रशेखरीयाः ननु** यथा दंड्यभाववति भूतले "दंडी नास्ति" इति प्रतीतिर्भवति। तथैव तत्र "प्रमेयदंडी नास्ति" इत्यपि प्रतीतिर्भवति। अत्र दंडिनिष्ठप्रतियोगितावच्छेदकः दंडः एव, प्रमेयत्वं तु उपलक्षणमात्रं, न तु अवच्छेदकं। दंडस्य अवच्छेदकत्वमात्रेणैव निर्वाहात् इति सर्वेषां प्रसिद्धम्। अर्थात् यथा अत्र प्रमेयत्वोपलक्षितः एव दंडः प्रतियोगितावच्छेदकः। तद्वत् 'तत्दंडी नास्ति' इति प्रथमदंडिमति भूतले द्वितीयदंड्यभावप्रतीतिः भवति, तद्भावप्रतियोगिता द्वितीयदंडिनिष्ठा। तदवच्छेदकः द्वितीयत्वो(तत्तो)पलक्षितः शुद्धदंडः एव, न तु तत्ताविशिष्टदंडः, सर्वत्र न्यायस्य समानत्वात्। तथा च दंडे एव प्रतियोगितावच्छेदकता। सा च दंडत्वमात्रावच्छिन्ना, न तु उभयावच्छिन्ना। अतः उभयानवच्छिन्ना प्रतियोगिता-वच्छेदकता मीलिता। तस्मात् इमाः एव तत्तद्दंडाभावानां प्रतियोगिताः लक्षणघटकाः, तासां अवच्छेदकाः सर्वे दंडा मीलिता इति अव्याप्तिः अस्ति एव।

अत्र जागदीशीग्रन्थे यः परिष्कारः कृत आसीत् तदनुसारेणापि प्रकृतस्थलेऽव्याप्तिर्भवत्येव। तथाहि **दंडिमान् दंडिसंयोगात्** इति अत्र दंडिसंयोगाधिकरणे भूतलादौ द्वितीयदंड्याद्यभावो मीलति। अत्र

"द्वितीय" इति पदं दंडविशेषणं न तु दंडिविशेषणम्। अयं च नियमः प्रसिद्धः यदुत यस्मिन् वस्तुनि नूतनो धर्मः आगच्छति। तस्मिन् वस्तुनि प्राचीनः स्थितो धर्मो नूतनधर्मस्य अवच्छेदकः भवति। तस्मिन् वस्तुनि अवर्तमानः धर्मः नूतनधर्मस्य अवच्छेदको न भवति। यथा दंडे दंडत्वं प्राचीनो धर्मः। दंडे घटनिरूपिता कारणता नूतनो धर्मः आगतः। तर्हि तत्कारणतावच्छेदकं दंडत्वं भवति। किन्तु दंडे अवर्तमानः पटत्वादिधर्मः तादृशकारणतायाः अवच्छेदको न

भवति। एवमत्रापि द्वितीयदंड्यभाव इति अत्र द्वितीयत्वं तत्ता-ऽपरनामा दंडनिष्ठो धर्मः। न तु दंडिनिष्ठः। अतः अभावस्य या प्रतियोगिता दंडिनिष्ठा। तदवच्छेदकः दंडिनिष्ठः दंड एव। न तु दंडिनि अवर्तमानं दंडे वर्तमानं द्वितीयत्वादि। एवं च अत्र द्वितीयदंडाभावप्रतियोगितावच्छेदकः शुद्धदंडः तस्मिन् प्रतियोगितावच्छेदकता। अतः अत्र प्रतियोगिता साध्यतावच्छेदकदंडमात्रावच्छिन्ना। न तु साध्यतावच्छेदक-तदितरोभयावच्छिन्ना इति सा प्रतियोगिता लक्षणघटकीभूता जागदीशीपरिष्कृत लक्षणानुसारेणापि भवति। तत्प्रतियोगितावच्छेदकाः दंडाः एव साध्यतावच्छेदकाः इति अव्याप्तिः पूर्वपक्षेण जागदीशीपरिष्कृतलक्षणानुसारेण संभाविता।

उत्तरपक्षेणापि प्रथमं तावत् **वह्निमान् धूमात्** इति शुद्धसाध्यतावच्छेदकस्थले **जातिमद्वान्** इति विशिष्ट साध्यतावच्छेदकस्थले च अव्याप्तिः दर्शिता। साऽपि न केवलं दीधितिलक्षणानुसारेण। किन्तु जगदीशोक्तपरिष्कृत-लक्षणानुसारेणापि। तथा हि पर्वते महानसीयवह्निवृत्तित्वविशिष्टजातिमदभावः अस्ति, तत्प्रतियोगिता तादृशजातिमन्निष्ठा। अत्रापि महानसीयवह्निवृत्तित्वं जातेः एव विशेषणम् न तु जातिमतः। अतो जातिमन्निष्ठप्रतियोगितायाः अवच्छेदिका तादृशजातिमन्निष्ठा वह्नित्वजातिरेव, न तु तादृशजातिमति अवर्तमानं महानसीयवह्निवृत्तित्वं तदवच्छेदकं। एवं च अत्रापि प्रतियोगिता केवलं साध्यतावच्छेदकावच्छिन्नैव न तु साध्यतावच्छेदकतदितरभयावच्छिन्ना। अतः इयं प्रतियोगिता लक्षणघटका, तदवच्छेदकं वह्नित्वं एव साध्यतावच्छेदकं इति अव्याप्तिः।

अत्र निरवच्छिन्ना प्रतियोगिता ग्राह्या इति परिष्कारात् अव्याप्तिः निर्गच्छति। तथा हि अत्र वह्नित्वे प्रतियोगितावच्छेदकता आगता, किन्तु इदं वह्नित्वं अत्र महानसीयवह्निवृत्तित्वविशिष्टं एव गृहीतं। अतः यथा यत्र दंडी साध्यम् तत्र साध्यतावच्छेदकः दंडः एव, नतु दंडनिष्ठदंडत्वं। किन्तु साध्यतावच्छेदकतायाः दंडनिष्ठायाः अवच्छेदकं दंडत्वं भवति। एवं अत्रापि महानसीयवह्निवृत्तित्वविशिष्टवह्नित्ववन्निष्ठा प्रतियोगिता केवलं महानसीयवह्निवृत्तित्वोपलक्षितेन शुद्धवह्नित्वेनैव अवच्छिन्ना। एवं च वह्नित्वे प्रतियोगितावच्छेदकता आगता। सा च साध्यतावच्छेदकतावच्छेदकवह्नित्व-तदितरमहानसीयवह्निवृत्तित्वैतदुभयावच्छिन्नैव। न तु निरवच्छिन्ना। तथा च अत्र इयं प्रतियोगितावच्छेदकता निरवच्छिन्ना नास्ति, किन्तु घटत्वनिष्ठा घटाभावीयप्रतियोगितावच्छेदकता निरवच्छिन्ना। अतः सा प्रतियोगिता लक्षणे प्रविष्टा। तदनवच्छेदकं वह्नित्वं साध्यतावच्छेदकं इति लक्षणसमन्वयः।

**'जातिमद्वान् घटत्वात्'** स्थले पूर्वपरिष्कृत-लक्षणानुसारेण इत्थं अव्याप्तिः। घटे पटसमवेतत्वविशिष्ट-जातिमद्वदभावः। तत्प्रतियोगितावच्छेदकं पटसमवेतत्वोपलक्षिता जातिः एव। यतः पटसमवेतत्वं सामानाधिकरण्येन जातौ स्थितम्, न तु जातिमति। अतः जातिमन्निष्ठायाः प्रतियोगितायाः अवच्छेदकं जातिमति अवर्तमानं पटसमवेतत्वं न भवितुमर्हति। किन्तु पटसमवेतत्वोपलक्षिता जातिः एव। तथा च इयं प्रतियोगिता साध्यतावच्छेदकमात्रावच्छिन्ना। अतः सा गृह्यते। तदवच्छेदिकाः जातयः एव साध्यतावच्छेदिकाः इति अव्याप्तिः। जगदीशोक्त-समाधानानुसारेण तु तन्निरासोऽपि भवति। तथा हि जातौ प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकजातित्व-तदितरपटसमवेतत्वा-वच्छिन्ना न तु तदनवच्छिन्ना इति नेयं प्रतियोगिता गृह्यते। किन्तु घटाभावीया प्रतियोगिता गृह्यते। तदनवच्छेदिकाः

जातयः साध्यतावच्छेदिका इति न अव्याप्तिः इत्यादि भावितं प्राक्। एवं उत्तरपक्षेण परिष्कारः कृतः। तथा च **दंडिमान् दंडिसंयोगात्** इति अत्रापि प्रतियोगितावच्छेदकता तत्-तद्दंडादौ। सा अवच्छेदकता दंडत्वमात्रावच्छिन्ना न। किन्तु दंडत्व-तत्ताोभयावच्छिन्ना। अतः इयं प्रतियोगितावच्छेदकता दंडनिष्ठा साध्यतावच्छेदकदंडत्वतदितरतत्तावच्छिन्ना। तेन नेयं प्रतियोगिता लक्षणे ग्रहीतुं शक्या। तेन घटाभावीयप्रतियोगितानवच्छेदकाः दंडाः साध्यतावच्छेदकाः इत्येवंक्रमेण लक्षणसमन्वयः। एवं उत्तरपक्षेण प्रोक्ते सति पूर्वपक्षस्त्वाह-यथा "प्रमेयदंडी नास्ति" इति अत्र दंडनिष्ठा प्रतियोगितावच्छेदकता दंडत्वमात्रावच्छिन्ना सर्वेषां प्रसिद्धा। तद्वत् "तत्दंडी नास्ति" इति अत्रापि दंडनिष्ठा प्रतियोगितावच्छेदकता दंडत्वमात्रावच्छिन्नैव मन्तव्या, न तु तत्तावच्छिन्नाऽपि। तथा च इयं प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकदंडत्व-तदितर-तत्तानवच्छिन्नैव। अतः लक्षणघटकीभूता इयं प्रतियोगिता। तदवच्छेदकाः दंडा इत्यादिक्रमेण पूर्ववत् अव्याप्तिः इति सर्वं चतुरस्रं।

प्रशंसामो वयं प्रज्ञातिशयशालीनाम् नैयायिकधुरन्धराणाम् वामाचरणभट्टाचार्याणां निरूपणकौशलं यतः तैः कृतं निरूपणं सर्वथा निर्दुष्टम् युक्तियुक्तं च, पूर्वं "प्रतियोगिता साध्यतावच्छेदक-तदितरानवच्छिन्ना ग्राह्या "इति परिष्कारः कृतः। साम्प्रतं तु यादृक्प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकतदितरानवच्छिन्ना, तादृक्प्रतियोगिता ग्राह्या" इति परिष्कारः इति विवेकः।

अथ प्रकृतं प्रस्तुमः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** જેમ દંડી-અભાવવાળા ભૂતલ ઉપર "દંડી નાસ્તિ" અને "પ્રમેયદંડી નાસ્તિ" એ બે ય પ્રતીતિ થઈ શકે છે. અને એટલે જ આ પ્રમેયદંડી-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક માત્ર દંડ જ માનેલ છે. પ્રમેયદંડ નથી માનેલો. અર્થાત્ પ્રમેયત્વથી ઉપલક્ષિત એવો શુદ્ધદંડ જ પ્રતિ.અવચ્છેદક માનેલો છે. પ્રમેત્વવિશિષ્ટદંડને અવચ્છેદક માનેલ નથી.

એ જ રીતે જ્યાં "તત્દંડી નાસ્તિ" પ્રતીતિ થાય છે ત્યાં પણ પ્રતિ.અવચ્છેદક તો માત્ર દંડ જ બને છે.

તત્તાથી વિશિષ્ટ દંડ નથી બનતો. હા, તત્તાથી ઉપલક્ષિત એવો શુ.દંડ જ અવચ્છેદક બને છે. આમ અવચ્છેદકતા તો માત્ર શુદ્ધદંડમાં જ આવે છે. તત્તાવિશિષ્ટદંડમાં આવતી નથી. અને એટલે એ અવચ્છેદકતા માત્ર દંડત્વાવચ્છિન્ન જ છે. દંડત્વ+તત્તા એ ઉભયથી અવચ્છિન્ન નથી. આમ આ અવચ્છેદકતા પણ ઉભયાનવચ્છિન્ન મળી જવાથી આ પ્રથમ દંડી-અભાવની પ્રતિયોગિતા લક્ષણ ઘટક બની જાય છે. આવી રીતે ત્રણેય અભાવની પ્રતિયોગિતા લક્ષણ ઘટક બની જાય છે. અને તેની પ્રતિ.ના અવચ્છેદક તો બધા જ દંડો વારાફરતી બની જાય. એટલે અવ્યાપ્તિ તો આવવાની જ છે.

**ઉત્તર:** તત્-દંડી-અભાવમાં અમે તત્તાવિશિષ્ટદંડને જ પ્રતિ.અવચ્છેદક માનશું.

**પ્રશ્ન:** તો પછી તુલ્યન્યાયથી પ્રમેયદંડિ-અભાવમાં પણ પ્રમેયત્વવિશિષ્ટદંડને જ પ્રતિ.અવ.માનવો પડશે. એ તો કોઈને પણ માન્ય નથી જ. માટે આ આપત્તિ તો ઉભી જ રહે છે. અહીં પૂર્વપક્ષ પુરો થયો.

જાગદીશીના પરિષ્કારવાળા લક્ષણ પ્રમાણે હવે વિચારીએ તો "હેત્વધિકરણવૃત્તિ-અભાવની સાધ્યતાવચ્છેદક+તદિતર એ ઉભયથી અનવચ્છિન્ન પ્રતિયોગિતાને જ લક્ષણ ઘટક લેવાની" એવો જાગદીશીનો પરિષ્કાર છે. એની સામે પૂર્વપક્ષ "દંડિમાન્ દંડિસંયોગાત્" માં અવ્યાપ્તિ આપે છે. અહીં ચાલની ન્યાયથી પ્રથમ દંડી-અભાવાદિ મળે છે. પણ એની પ્રતિયોગિતા પ્રથમ દંડી=તત્દંડીમાં આવે. અને પ્રતિયોગિતા તો તત્દંડી=તત્તાવિશિષ્ટદંડથી અવચ્છિન્ન બને છે. અર્થાત્ સાધ્યતાવચ્છેદકદંડ+તદિતર એ ઉભયથી અવચ્છિન્ન એવી આ પ્રતિયોગિતા હોવાથી તે ન લઈ શકાય. પણ તો પછી ઘટાભાવાદિ લઈને લક્ષણ સમન્વય થઈ જતાં અવ્યાપ્તિ કથન જ અસંગત ઠરે.

એટલે અવ્યાપ્તિ લાવવા માટે આ પ્રમાણે સમજવું – વસ્તુમાં આવેલા નવા ધર્મનો અવચ્છેદક વસ્તુમાં રહેલો જુનો ધર્મ બને. વસ્તુમાં ન રહેલો ધર્મ એ વસ્તુમાં આવનારા ધર્મનો અવચ્છેદક ન બને. જેમ દંડમાં ઘટકારણતા નવી આવી. તો એનો અવચ્છેદક દંડમાં રહેલો જુનો દંડત્વધર્મ બને. પણ દંડમાં ન રહેલા પટત્વાદિ તો ન જ બને.

અહીં તત્દંડીમાં પ્રતિયોગિતા આવી. હવે તત્ એ દંડીનું વિશેષણ નથી પણ દંડનું વિશેષણ છે. એટલે તત્તાવિશિષ્ટ તો દંડ જ છે. દંડી નહિ. એટલે તત્તા એ દંડીમાં ન રહેલી હોવાથી દંડીમાં આવેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક દંડ જ બને. તત્તા બની ન શકે. દંડ દંડીમાં રહેલો હોવાથી તેને પ્રતિ.અવ. માની શકાય છે. આમ અહીં તત્તાથી ઉપલક્ષિત એવો દંડ જ પ્રતિ.અવ.બને છે. એટલે આ પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક+તદિતર-ઉભયાનવચ્છિન્ન જ છે. અને તે પ્રતિ.ના અવચ્છેદક બધા દંડો બની જવાથી અવ્યાપ્તિ આવે છે. આ પ્રમાણે અર્થ કરવો.

એજ રીતે જાગદીશીમાં જે **વહ્નિમાન્ ધૂમાત્** એવા શુદ્ધ સા.અવ.સ્થલે અવ્યાપ્તિ બતાવી તેમાં પણ આ જ વાત વિચારવી. ત્યાં પર્વતમાં મહાનસીયવહ્નિવૃત્તિત્વવિશિષ્ટ જાતિમાનનો અભાવ લીધો. એ અભાવની પ્રતિયોગિતા વિ.જાતિમાન્માં આવી. હવે આ જાતિ તો જાતિમાન્માં રહેલી હોવાથી તે જાતિ અવચ્છેદક બની શકે. પણ મહાનસીયવહ્નિવૃત્તિત્વ એ તો જાતિમાં જ રહેલું છે. એ જાતિમાન્માં નથી. એટલે જાતિમાન્માં આવેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક "મહાનસીયવહ્નિવૃત્તિત્વ" ન જ બને. આમ અહીં પણ પ્રતિયોગિતા એ મહાનસીયવહ્નિવૃત્તિત્વથી ઉપલક્ષિત એવી જાતિમાત્રથી જ અવચ્છિન્ન બનશે. અર્થાત્ સાધ્યતાવચ્છેદકમાત્રથી જ અવચ્છિન્ન ગણાશે. અર્થાત્ સા.અવ.+તદિતરથી અનવચ્છિન્ન ગણાશે. અને તેથી આ પ્રતિયોગિતા પણ લક્ષણ ઘટક બની જતાં તેનો અવચ્છેદક જાતિ એ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવશે.

**જાતિમત્વાન્ ઘટત્વાત્માં** પણ પટસમવેતત્વવિશિષ્ટ જાતિમાન્-અભાવ જ લીધો છે. તેની પ્રતિયોગિતા તાદૃશજાતિમાન્માં આવી. જાતિ એ જાતિમાન્માં રહેલો જુનો ધર્મ હોવાથી આ પ્રતિયોગિતાનો અવચ્છેદક એ જાતિ તો બનશે જ. પણ પટસમવેતત્વ એ સામાનાધિકરણ્યસંબંધથી જાતિમાં રાખેલું છે. જાતિમાન્માં તો એ સંબંધથી રહેતું નથી. એટલે પટસમવેતત્વ એ જાતિમાન્માં ન રહેલું હોવાથી તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ન જ બને. આમ અહીં પણ આ પ્રતિયોગિતા એ માત્ર સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન જ છે. સાધ્યતાવચ્છેદક-તદિતરાવચ્છિન્ન નથી એટલે એ લેવાશે. અને એ પ્રતિ.તાની અવચ્છેદક જાતિઓ એ જ સાધ્યતાવચ્છેદક બનવાથી અવ્યાપ્તિ આવશે.

એ આપત્તિ દૂર કરવા માટે તો જગદીશે શુદ્ધસ્થલે પ્રતિ.અવચ્છેદકતા નિરવચ્છિન્ન લેવાની વાત કરી જ છે. અને એ તો પૂર્વે જણાવી ગયા તેમ જ છે. તત્તાદિ એ તત્દંડીમાં આવેલી પ્રતિ.ના અવચ્છેદક ભલે ન બને. પણ તત્તા-ઉપલક્ષિતદંડમાં આવેલી પ્રતિ.અવચ્છેદકતાના અવચ્છેદક તો એ તત્તાદિ બની જ શકે છે. જેમ દંડી સાધ્ય છે તો સાધ્યતાવચ્છેદક દંડત્વ તો ન જ બને. દંડ બને. પણ એ દંડમાં આવેલી સાધ્યતાવચ્છેદકતાનો અવચ્છેદક દંડત્વ બની શકે જ છે. આમ અહીં દંડમાં આવેલી પ્રતિ.અવચ્છેદકતા એ તત્તા+દંડત્વ એ ઉભયથી અવચ્છિન્ન જ હોવાથી તે પ્રતિયોગિતા લક્ષણ ઘટક ન બને. માટે અવ્યાપ્તિ ન આવે.

એ જ રીતે મહાનસીયવહ્નિવૃત્તિત્વવિશિષ્ટજાતિમાં (વહ્નિત્વમાં) આવેલી પ્રતિયોગિતા-અવચ્છેદકતા પણ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકવહ્નિત્વ+તદિતર (મહાનસીયવહ્નિવૃત્તિત્વ) ઉભયથી અવચ્છિન્ન હોવાથી આ પ્રતિયોગિતા નહીં લેવાય.

એ જ રીતે પટસમવેતત્વવિશિષ્ટજાતિમાં આવેલી પ્રતિયોગિતા-અવચ્છેદકતા પણ સાધ્યતાવચ્છેદકજાતિત્વ+ તદિતર (પટસમવેતત્વ) એ ઉભયથી અવચ્છિન્ન હોવાથી આ પ્રતિયોગિતા પણ લક્ષણ ઘટક ન બને. આમ પૂર્વપક્ષે આપેલી દંડિમાન્ સ્થલે અવ્યાપ્તિ અને વહ્નિમાન્+જાતિમદ્વાન્ એ સ્થલે ઉત્તર પક્ષે જ બતાવેલી આપત્તિઓ એ બધું જ દીધિતિના મૂલ લક્ષણ પ્રમાણે તો ઘટે જ છે. એ ઉપરાંત જાગદીશીના "સાધ્યતાવચ્છેદક+તદિતરાનવચ્છિન્ન પ્રતિયોગિતા... ઇત્યાદિ પરિષ્કારવાળા લક્ષણ પ્રમાણે પણ ઘટે જ છે. અને ઉત્તરપક્ષે એ આપત્તિઓનું કરેલું નિવારણ પણ એકદમ સુસંગત થાય છે. [ખ્યાલ રાખવો "પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક+તદિતરાનવચ્છિન્ન" લેવાની વાત કર્યા પછી પણ આ ત્રણ સ્થલોમાં અવ્યાપ્તિ આવતી હતી. એ આપત્તિ હવે "પ્રતિયોગિતાવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકતદિતરાનવચ્છિન્ન લેવાની." એવા ખુલાસાથી દૂર થયેલી છે. એટલો ફર્ક છે.]

વિવૃત્તિકાર વામાચરણ ભટ્ટાચાર્યને ખરેખર ધન્યવાદ છે કે સૂક્ષ્મબુદ્ધિ પૂર્વક આવો સ્પષ્ટ ખુલાસો કરી બધી રીતે બધુ જ સુસંગત બનાવી આપ્યું.

**આટલું સ્પષ્ટ કરો:**

મહાનસીયવહ્નિ-અભાવ અને નીલદંડવત્નો અભાવ આ બેયના પ્રતિયોગી ક્રમશઃ મહાનસીયવહ્નિ અને નીલદંડવાન્ છે. અને પ્રતિયોગિતાના અવચ્છેદક તરીકે ક્રમશઃ મહાનસીયવહ્નિત્વ અને નીલદંડત્વ [નીલદંડ એટલે નીલરૂપવિશિષ્ટદંડ એ પ્રસિદ્ધ જ છે] છે. છતાં પહેલી મહાનસીયવહ્નિ અભાવની પ્રતિયોગિતા એ મહાનસીયત્વ અને વહ્નિત્વ એ ઉભય ધર્મથી અવચ્છિન્ન છે. કેમકે આ બે ય ધર્મો પ્રતિયોગિતાવાળામાં=મહાનસીયવહ્નિમાં રહેલા છે. એટલે અવચ્છેદક બની શકે છે.જ્યારે નીલરૂપવિશિષ્ટદંડવત્ [નીલદંડિ]ના અભાવની પ્રતિયોગિતા એ નીલરૂપવિશિષ્ટદંડ[નીલદંડ]થી અવચ્છિન્ન બનવા છતાં પણ એ પ્રતિયોગિતા નીલરૂપથી અવચ્છિન્ન તો નહિ જ બોલાય. કેમકે નીલરૂપ એ નીલદંડીમાં=પ્રતિયોગિતાવાળામાં રહેલું નથી.

આ ખુલાસો અમે આગળ સ્પષ્ટ કરી જ ગયા છીએ. છતાં વારંવાર ખુલાસો કરવાનું કારણ એ જ છે કે

જાગદીશીમાં કે વિવૃત્તિમાં આવો સ્પષ્ટભેદ બતાવેલો ન હોવાથી ઘણી જ ગુંચવણ થાય એવી પાકી શક્યતા છે.

## दीधिति

**दण्ड्यादौ साध्ये परम्परासम्बद्धं दण्डत्वादिकमेव साध्यतावच्छेदकमतो नाव्याप्तिः ।।२ ।।**

**जागदीशी** -- **अत आह - दण्ड्यादाविति। हेतुमति दण्डसामान्याभावसत्त्वात् दण्डत्वमपि तादृशावच्छेदकमेवेत्यत उक्तं-*परम्परासम्बद्धमिति*--तथा च स्वाश्रयाश्रयत्वलक्षणपरम्परासम्बन्धेन दण्डत्ववतो दण्डिनः साधनवत्यभावविरहान्नाऽव्याप्तिः**

**चन्द्रशेखरीया:** यदि पूर्वपक्षानुसारेण **दंडिमान् दंडिसंयोगात्** स्थले अव्याप्तिः भवति एव, तर्हि तद्वारणाय तत्स्थले दंडिनि वर्तमानः दंडो न साध्यतावच्छेदकः मन्तव्यः। किन्तु स्वाश्रयाश्रयत्वसम्बन्धेन दंडिनि वर्तमानं दंडत्वं एव साध्यतावच्छेदकं परिगणनीयम्। स्वं=दंडत्वं तदाश्रयः=दंडः तस्याश्रयः दंडी इति परंपरात्मकसम्बन्धेन दंडत्वं दंडिनि वर्तते। एवं च नाव्याप्तिः। प्रथम-द्वितीय-तृतीयदंड्यभावानां प्रतियोगितानां अवच्छेदकाः ते दंडाः एव, न तु दंडत्वं। अतः तत्प्रतियोगितानवच्छेदकं दंडत्वं एव साध्यतावच्छेदकं।

"भूतले प्रथमदंडी अस्ति द्वितीयदंडी नास्ति" इति वक्तुं शक्यते, किन्तु दंडत्वं स्वाश्रयाश्रयसम्बन्धेन सर्वेषु दंडिषु वर्तते। अतः भूतले स्वाश्रयाश्रयत्वसम्बन्धेन "दंडत्ववान् नास्ति" इति वक्तुं न शक्यते। तस्मात् स्वाश्रयाश्रयत्वसम्बन्धेन दंडत्ववदभावः न लक्षणघटकः, किन्तु तत्तद्दंड्यभावः एव। तदनवच्छेदकं दंडत्वं सुतरां मीलति।

ननु प्रथमदंडे प्रथमदंडत्वं वर्तते, तदेव प्रथमदंडत्वं परंपरासम्बन्धेन प्रथमदंडिनि एव वर्तते। न तु द्वितीयदंड्यादौ। एवं च भूतलेऽपि परंपरासम्बन्धेन द्वितीयदंडत्ववदभावः। पर्वते तृतीयदंडत्ववदभावः। काष्ठे प्रथमदंडत्ववदभावः मीलति। तत्-प्रतियोगितावच्छेदकं क्रमशो द्वितीयदंडत्वं तृतीयदंडत्वं प्रथमदंडत्वं च। तदेव साध्यतावच्छेदकं इति अव्याप्तिः इति चेत्

तर्हि मूढोऽसि, येन एतावदपि न जानासि यदुत दंडत्वं शुद्धा जातिः अस्ति। प्रथमदंडत्वादीनि तु तद्जातिभिन्नाः धर्माः। अतः तादृशप्रतियोगितावच्छेदकं प्रथमदंडत्त्वादि साध्यतावच्छेदकं, दंडत्वं तु न तादृशप्रतियोगितावच्छेदकं इति न अव्याप्तिः इति भावः।

ननु तथापि यथा "भूतले घटोऽस्ति, किन्तु भूतले घटनिष्ठं घटत्वं तु नास्ति" इति प्रतीतिः भवति। तथा भूतले दंडी अस्ति। किन्तु दंडिसंयोगाधिकरणे भूतले दंडो नास्ति। अर्थात् दंडसामान्याभावः मीलति। तत्प्रतियोगितावच्छेदकं दंडत्वं इति पुनरपि अव्याप्तिः इति चेत् एतद्-पूर्वपक्षं प्रथमतो मनसिकृत्यैव दीधितिकृता "परंपरासंबद्धं" इति पदं

गृहीतम् । अस्यायमाशयः । प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्ना एव ग्राह्या । दंडीसाध्ये, दंडत्वं परंपरासम्बन्धेन वर्तते । तेन साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धः परंपरात्मकः एव । हेत्वधिकरणे भूतले परंपरासम्बन्धेन दंडत्ववतः अभावो नास्ति । अतः स न लक्षणघटकः । किन्तु समवायेन दंडत्ववतः दंडस्य अभावो अस्ति । तत्प्रतियोगितावच्छेदकं दंडत्वं । तस्मिन् प्रतियोगितावच्छेदकता । सा च समवायावच्छिन्ना । यतो दंडत्वं दंडे समवायेन वर्तमानमेव प्रतियोगितावच्छेदकं भवति । तथा च इयं प्रतियोगिता न साध्यतावच्छेदकतावच्छेदक-परंपरासम्बन्धावच्छिन्ना । अतः न सा गृह्यते ।

किन्तु यत्र भूतले पटरहितो दंडी तिष्ठति, तत्र भूतले दंडी अस्ति । परंतु स्वाश्रयाश्रयत्वसम्बन्धेन पटत्ववान् नास्ति । स्वं पटत्वं तदाश्रयः पटः । तस्याश्रयः पटवान् पुरूषः । अत्र तु नग्नाटः तिष्ठति । तेन अत्र स्वाश्रयाश्रयत्वसम्बन्धेन यः पटत्ववान् । स नास्ति । इत्थं च पटत्ववतः अभावो लक्षणघटकः । तत्प्रतियोगितावच्छेदकं पटत्वं, पटत्वे प्रतियोगितावच्छेदकता । सा च स्वाश्रयाश्रयत्वसम्बन्धेन साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धात्मकेन अवच्छिन्नैव । यतो पटत्वं पटवति स्वाश्रयाश्रयत्वसम्बन्धेन वर्तमानमेव प्रतियोगितावच्छेदकं भवति । तथा च इयं प्रतियोगिता गृह्यते । तदनवच्छेदकं दंडत्वं एव साध्यावच्छेदकं इति अव्याप्तिनिरासः ।

**चन्द्रशेખरीया: ઉત્તર:** જો આ રીતે દંડિમાન્ સ્થલે અવ્યાપ્તિ આવતી જ હોય. તો આવા સ્થલે દંડાદિને સાધ્યતાવચ્છેદક ન લેવા. પણ પરંપરાસંબંધથી દંડીમાં રહેલ દંડત્વ એ જ સાધ્યતાવચ્છેદક ગણવું. દંડ એ દંડીમાં સંયોગસંબંધથી રહે છે જ્યારે દંડત્વ એ સ્વાશ્રય-આશ્રયત્વ સંબંધથી રહે છે. આમ પહેલા દંડને સાધ્યતાવચ્છેદક માનવામાં સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ બનતો હતો. પણ હવે દંડત્વને સાધ્યતાવચ્છેદક માનીએ છીએ એટલે સાધ્યતાવચ્છેદકસંબંધ સ્વાશ્રયાશ્રયત્વ બનશે. સાધ્યતાવચ્છેદકને સાધ્યતાવાળામાં રહેવાનો સંબંધ એ સાધ્યતાવચ્છેદક ગણાય.

એટલે હવે ભલે ચાલની ન્યાયથી બધા દંડી-અભાવો એ લક્ષણઘટક બને. પણ એ અભાવોની પ્રતિયોગિતાના અવચ્છેદક તો દંડો જ છે. દંડત્વ નથી. એટલે તાદૃશપ્રતિયોગિતા-અનવચ્છેદક દંડત્વ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવવાની નથી.

હા ભૂતલ ઉપર નં.૨ દંડવાળા વિગેરેનો અભાવ મળે. પણ પરંપરાસંબંધથી દંડત્વવાળાનો અભાવ તો મળતો જ નથી. પ્રથમ દંડવાળો પણ સ્વાશ્રયશ્રયત્વ સંબંધથી દંડત્વવાળો તો છે જ. દ્વિતીય દંડવાળો પણ તે જ રીતે દંડત્વવાળો છે. એ રીતે તૃતીય દંડવાળો પણ દંડત્વવાળો છે. એટલે પ્રથમ દંડીવાળા ભૂતલમાં દ્વિતીય દંડી વિગેરેનો અભાવ ભલે મળે. પણ પરંપરાસંબંધથી દંડત્વવાળાનો અભાવ તો ન જ મળે. એટલે બીજા બધા અભાવ જ મળશે. અને તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક દંડત્વ મળી જતા લક્ષણ ઘટી જશે.

[**પ્રશ્ન:** ત્રણેય દંડમાં દંડત્વજાતિ એક જ છે. પણ દરેક દંડમાં તદ્દંડત્વ તો જુદુ જ છે. એટલે ભૂતલમાં દ્વિતીય દંડત્વનું પરંપરાસંબંધથી અધિકરણ એવો દ્વિતીય દંડત્વવાન્ તો નથી જ. એ રીતે પૂર્વવત્ ચાલની ન્યાયથી પ્રથમ દંડત્વાભાવ દ્વિતીય દંડત્વાભાવ એ રીતે બધા અભાવ મળી જાય. તેની પ્રતિયોગિતાના

અવચ્છેદક પ્રથમ દંડત્વ દ્વિતીય દંડત્વ તૃતીય દંડત્વ બની જ જાય છે. અને એ જ સાધ્યતાવચ્છેદક છે. એટલે અવ્યાપ્તિ આવશે.

**ઉત્તર:** તમારી બુદ્ધિને ધન્યવાદ. અરે ભાઈ! દંડત્વ તો જાતિ છે. તદ્દંડત્વાદિ ધર્મોથી તદ્દન જુદી જ છે. એટલે પ્રતિયોગિતાવચ્છેદક ભલે પ્રથમ દંડત્વાદિ બને. પણ દંડત્વ તો બનતું જ નથી. એટલે અવ્યાપ્તિ આવવાનો કોઈ પ્રશ્ન જ નથી.]

**પ્રશ્ન:** ભૂતલ ઉપર દંડવાન્ ભલે હોય પણ દંડ તો નથી જ. જેમ ઘટમાં રૂપ રહે પણ ઘટના રૂપમાં રહેલી રૂપત્વાદિ જાતિ તો ન જ રહે. તેમ ભૂતલ ઉપર દંડી છે પણ ભૂતલમાં દંડીનિષ્ઠદંડ તો નથી જ રહેતો. આમ ભૂતલમાં દંડસામાન્યાભાવ તો મળી જ જાય છે. અને તેની પ્રતિયોગિતા દંડમાં આવી. તેનો અવચ્છેદક દંડત્વ એ જ સાધ્યતાવચ્છેદક છે એટલે પાછી અવ્યાપ્તિ ઉભી જ છે.

**ઉત્તર:** આ આપત્તિ આવવાની જ છે એવો અમને અણસાર હતો જ. અને એટલે જ પહેલેથી જ "પરંપરાસંબદ્ધ" શબ્દ દીધિતિકારે મુક્યો જ છે. એનો આશય એ છે કે હેત્વધિકરણમાં રહેલા અભાવની પ્રતિયોગિતાની અવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની છે. જ્યાં આવી મળે ત્યાં જ તે પ્રતિયોગિતા લક્ષણમાં ઘટક તરીકે લઈ શકાય.

દંડાભાવીયપ્રતિયોગિતા દંડત્વાવચ્છિન્ન છે. દંડત્વમાં પ્રતિયોગિતા-અવચ્છેદકતા આવી. પણ દંડત્વ તો દંડમાં સમવાયથી જ રહેવાનો છે. એટલે દંડત્વનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા એ સમવાયસંબંધાવચ્છિન્ન બનશે. જ્યારે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ તો "સ્વાશ્રયાશ્રયત્વ" જ છે. એટલે આ પ્રતિ. અવચ્છેદકતા સા.અવ.સંબંધાવચ્છિન્ન ન હોવાથી દંડાભાવીય પ્રતિયોગિતા ન લેવાય. પણ ધારો કે તે ભૂતલ ઉપર કોઈપણ પટવાન્ નથી. તો અહીં પટત્વ એ સ્વાશ્રય(પટ) આશ્રયત્વસંબંધથી પટવાન્માં રહે છે. એટલે સ્વાશ્રયાશ્રયત્વસંબંધથી પટત્વવાન્ તે પુરૂષ બને. એ પુરૂષનો ભૂતલ ઉપર અભાવ છે. આ અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક પટત્વ બને. તેમાં અવચ્છેદકતા આવી. અને તે સ્વાશ્રયાશ્રયત્વ=સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન પણ છે જ. આ પ્રતિયોગિતા લક્ષણ ઘટક તરીકે લઈ શકાશે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક તો પટત્વ જ બનશે. પણ દંડત્વ બનવાનો નથી અને તેથી પ્રતિયોગિતા-અનવચ્છેદક દંડત્વ જ સાધ્યતાવચ્છેદક મળી જવાથી અવ્યાપ્તિ ન આવે.

સ્વાશ્રયાશ્રયત્વસંબંધથી દંડત્વવાન્ (દંડી)નો અભાવ દંડિસંયોગાધિકરણ ભૂતલાદિમાં નથી મળતો એ પૂર્વે જોઈ જ ગયા છીએ.

---

**जागदीशी -- साध्यतावच्छेदकताघटकसम्बन्धावच्छिन्नाया एव हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकतायाः प्रविष्टत्वात् । अन्यथा विषयितया रूपत्वादिविशिष्टज्ञानादेः समवायेनाभावस्य हेतुमति सत्त्वाद्रूपवान् पृथ्वीत्वादित्यादावव्याप्तिप्रसङ्गादिति भावः ।**

---

**चन्द्रशेखरीया: न च** प्रतियोगितावच्छेदकतायाः साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वेन निवेशे किं प्रयोजनम् इति **वाच्यम्** अत्रैव अव्याप्तिवारणाय तद् निरूपणम्, अन्यत्र वा **रूपवान् पृथ्वीत्वात्** इत्यादावपि अव्याप्तिवारणाय तन्निवेशः आवश्यकः। अन्यथा **"रूपत्ववत् रूपं"** इति ज्ञानं जातम्। रूपत्वं विषयितासम्बन्धेन तादृशज्ञाने वर्तते। तेन विषयितासम्बन्धेन रूपत्ववत् ज्ञानं अभूत्। पृथ्वीत्वाधिकरणे घटादौ रूपत्ववद्ज्ञानस्य अभावः। तत्प्रतियोगिता ज्ञाने विद्यते। तत्प्रतियोगितायाः अवच्छेदकं विषयितासम्बन्धेन ज्ञाननिष्ठं रूपत्वं भवति एव। तदेव साध्यतावच्छेदकं इति अव्याप्तिः।

निरुक्तनिवेशे तु नायं दोषः। तथा हि - अत्र रूपत्वनिष्ठा प्रतियोगितावच्छेदकता विषयितासम्बन्धावच्छिन्ना। यतो रूपत्वं विषयितासम्बन्धेनैव ज्ञाने वर्तमानं सत् ज्ञाननिष्ठप्रतियोगितायाः अवच्छेदकं भवति। तथा च इयं प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकसमवायसम्बन्धावच्छिन्ना नास्ति। अतः न इयं प्रतियोगिता गृह्यते। किन्तु घटाभावीयप्रतियोगिता एव। तत्प्रतियोगितावच्छेदकता घटत्वनिष्ठा समवायावच्छिन्नैव। ततः सा प्रतियोगिता लक्षणे प्रविष्टा। तदनवच्छेदकं रूपत्वं साध्यतावच्छेदकं इति अव्याप्तिवारणं सुलभम् इति भावः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** પ્રતિ.તા-અવચ્છેદકતા સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની. એવું કહેવાનું કોઈ કારણ ખરું?

**ઉત્તર:** અરે આ સ્થલે અવ્યાપ્તિ નિવારવા માટે જ આ ખુલાસો કરવો જરૂરી છે જ. વળી આ ખુલાસો ન કરીએ તો **રૂપવાન્ પૃથ્વીત્વાત્** સ્થલે અવ્યાપ્તિ આવે. અહીં **"રૂપત્વવત્ રૂપં"** એવું જ્ઞાન થાય એટલે રૂપત્વ એ વિષયિતા સંબંધથી જ્ઞાનમાં રહે. એટલે જ્ઞાન એ વિષયિતાસંબંધથી રૂપત્વવાન્ બને. હવે પૃથ્વીત્વના અધિકરણ પૃથ્વીમાં તો કોઈપણ જ્ઞાન રહેવાનું જ નથી. એટલે તેમાં રૂપત્વવત્જ્ઞાનાભાવ મળી જાય. અને એ પ્રતિયોગિવ્યધિકરણ પણ છે જ. આ અભાવની પ્રતિયોગિતા રૂપત્વવત્જ્ઞાનમાં આવી. અહીં રૂપત્વ એ જ્ઞાનમાં રહેલો જુનો ધર્મ=વિશેષણ છે એટલે પ્રતિયોગિતાનો અવચ્છેદક રૂપત્વ પણ બને. અને એ જ સાધ્યતાવચ્છેદક છે એટલે અવ્યાપ્તિ આવે.

પણ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન એવી પ્રતિયોગિતાવચ્છેદકતાનો લક્ષણમાં નિવેશ કરીએ તો કોઈ દોષ ન ગણાય. કેમકે અહીં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધ તો સમવાય છે. રૂપત્વ એ સમવાયથી જ સાધ્યમાં રહેલ છે. જ્યારે રૂપત્વવત્ જ્ઞાનમાં આવેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક રૂપત્વ બને છે ખરો પણ રૂપત્વ એ જ્ઞાનમાં=પ્રતિયોગીમાં વિષયિતાસંબંધથી રહેલો છે. એટલે રૂપત્વમાં આવેલી પ્રતિ.અવચ્છેદકતા એ વિષયિતા સં.થી અવચ્છિન્ન છે. સમવાયાવચ્છિન્ન નથી. એટલે આ પ્રતિયોગિતા ન લેવાય. પણ ઘટાભાવીયાદિ પ્રતિયોગિતા લેવાય. તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક એ જ રૂપત્વ સાધ્યતાવચ્છેદક બને છે. માટે અવ્યાપ્તિ ન આવે. પૃથ્વીમાં રૂપત્વવાન્ રૂપાદિનો અભાવ તો મળવાનો જ નથી. માટે બીજો જ અભાવ લેવાય એ ખ્યાલમાં રાખવું. આમ દંડિમાન્..... સ્થલીય અવ્યાપ્તિ દૂર થાય છે.

---

**जागदीशी -- यदि च (तत्ताविनिर्मुक्त) शुद्धदण्डव्यक्तेरवच्छेदकत्वावगाहिप्रत्ययान्तरासत्त्वात् तद्दण्डी**

**नास्तीत्यादिप्रतीत्या तत्ताविशिष्टदण्डव्यक्तेरेवावच्छेदकत्वं युक्तं, दण्डी नास्तीत्यादिप्रतीत्यन्यथानुपपत्त्या दण्डस्यावच्छेदकत्वसिद्धौ प्रमेयदण्डवान् नास्तीत्यादावपि तन्मात्रावच्छेदकत्वेनैव सामञ्जस्ये विशिष्टस्य तत्रावच्छेदकत्वाकल्पनात् तथा च कथमुक्ताव्याप्तिरित्युच्यते।**

---

**चन्द्रशेखरीयाः अत्रास्मत्सम्बन्धी कश्चित् आह** पूर्वपक्षेण यदुक्तं→"तद्दंडी नास्ति" इत्यादिप्रतीत्या तद्दंड्यभावप्रतियोगितायाः अवच्छेदकः केवलं तत्तोपलक्षितः दंड एव। तेन दंडिसाध्यकेऽव्याप्तिः इत्यादि←तत् तुच्छम्। यतो यत्र दंडिसंयोगाधिकरणे "तद्दंडी नास्ति" इति प्रतीतिः भवति। तत्र "दंडी नास्ति" इति प्रतीतिर्न भवति। यदि च इमे प्रतीती समाने स्तः। तर्हि यत्र एका तत्र द्वितीयाऽपि भवितुं अर्हति। न च भवति। तस्मात् अनयोः प्रतीत्योः मध्ये कश्चिद् भेदो वक्तव्यः। स च अयमेव यदुत दंड्यभावप्रतियोगितायाः अवच्छेदकः दंडः, तद्दंड्यभावप्रतियोगितायाः अवच्छेदकस्तत्ताविशिष्टदंडः एव। न तु शुद्धः तत्तोपलक्षितो दंडः। एवं च तत्ताविशिष्टदंडनिष्ठा प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकदंडत्व-तदितरतत्तोभयावच्छिन्ना। तेन सा प्रतियोगिता न लक्षणे प्रविष्टा इति अन्यामादाय लक्षणसमन्वयसंभवः। अतः अत्र दंडस्य साध्यतावच्छेदकत्वेऽपि क्षतिविरहात् दंडत्वस्य परम्परासम्बन्धेन साध्यतावच्छेदकत्वनिरूपणं दीधितिकृतं व्यर्थमिव प्रतिभाति। यच्च पूर्वपक्षेण प्रोक्तं→यदि तत्ताविशिष्टदंडः प्रतियोगितावच्छेदको मन्यते तर्हि "प्रमेयदंडी नास्ति" इति अत्रापि प्रमेयत्वविशिष्टदंडः एव प्रतियोगितावच्छेदको मन्तव्यः स्यात्। न च मन्यते। तस्मात् तत्दंड्यभावप्रतियोगितावच्छेदकोऽपि शुद्धदंड एव मन्तव्यः←इत्यादि। तत्तु स्वनिष्ठदेवानांप्रियतासूचकम्। यतः यत्र दंड्यभाववति भूतले "दंडी नास्ति" इति प्रतीतिः भवति। तत्र दंडः एव प्रतियोगितावच्छेदको मन्तव्यः। तत्रैव च **"प्रमेयदंडी नास्ति"** इत्यपि प्रतीतिर्भवति। तत्रापि लाघवात् दंडः एव प्रतियोगितावच्छेदकः अवगन्तव्यः। यतो अनयोर्द्वयोः प्रतीत्योः मध्ये यत्र एका भवति, तत्र नियमेन द्वितीया भवितुं शक्या। अतः इमे प्रतीती कथंचित् समाने। अतः अत्र दंडस्यैव प्रतियोगितावच्छेदकत्वाभिमानं न दुष्टम्। दंडिसंयोगाधिकरणे तु "तद्दंडी नास्ति" इति प्रतीतिः अस्ति। "दंडी नास्ति" इति प्रतीतिस्तु नास्ति। तेन तयोः द्वयोः मध्ये भेदः स्पष्टः एव। स च प्रागेव प्रदर्शितः। अतः सम्यगभिधानं अस्माभिःकृतम्। एवं च दंडिसाध्यके अव्याप्तेः निरवकाशत्वात् दंडत्वस्य परंपरासम्बन्धेन साध्यतावच्छेदकत्वादिपरिष्कारो व्यर्थः एव इति।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્નઃ** ભલે તમે દંડત્વને દંડને બદલે અવચ્છેદક બનાવીને આપત્તિ દૂર કરો. પણ ખરેખર તો એની જરૂર જ નથી. પૂર્વપક્ષે જે દલીલ કરેલી કે "જેમ પ્રમેયદંડી-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક પ્રમેયત્વથી ઉપલક્ષિત એવો દંડ જ બને છે. તેમ તત્દંડી-અભાવની પ્રતિ.તાનો અવચ્છેદક પણ તત્તાથી ઉપલક્ષિત દંડને જ માનવાનો. તત્તાવિશિષ્ટ દંડને ન માનવાનો" એ દલીલ તદ્દન વાહિયાત છે. એનું કારણ એ છે કે દંડિસંયોગવાળા ભૂતલાદિમાં "દંડી નાસ્તિ" એવી પ્રતીતિ થતી જ નથી. "તત્ તત્-દંડી નાસ્તિ" એવી જ પ્રતીતિ થાય છે. આનો અર્થ એ કે "આ બે પ્રતીતિમાં કોઈક તફાવત તો છે જ." જો બેય પ્રતીતિ સરખી હોત તો જ્યાં "તત્દંડી નાસ્તિ" પ્રતીતિ થાય ત્યાં "દંડી નાસ્તિ" પ્રતીતિ પણ થવી જોઈએ. પણ થતી નથી. માટે આ બે વચ્ચે

કોઈ ભેદ હોવો જોઈએ. એ ભેદ એ જ છે કે દંડિ-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક દંડ બને. પણ તત્ દંડી-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તો તત્દંડ=તત્તાવિશિષ્ટદંડ જ બને. આ રીતે જ એ બેનો તફાવત સિદ્ધ થાય. અને આમ થવાથી તત્દંડિ-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તત્તાવિશિષ્ટદંડ બન્યો. એટલે તેમાં પ્રતિ.તા-અવચ્છેદકતા આવી. એ અવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદકદંડત્વ-તદિતર=તત્તા એ ઉભયથી અવચ્છિન્ન છે. અનવચ્છિન્ન નથી. એટલે આગળ જે ખુલાસો કરેલો કે "પ્રતિયોગિતાવચ્છેદકતા તાદૃશોભયાનવચ્છિન્ન જ લેવાની." એના દ્વારા જ અહીં આપત્તિ નીકળી જાય. કેમકે આ પ્રતિ.અવચ્છેદકતા એ ઉભયાવચ્છિન્ન હોવાથી આવી પ્રતિયોગિતા લક્ષણમાં નહીં લેવાય. પણ ઘટાભાવીયાદિ પ્રતિયોગિતા લેવાશે. તેનો અનવચ્છેદક દંડ એ જ સાધ્યાવચ્છેદક છે એટલે દંડને સાધ્યતાવચ્છેદક માનીએ તો પણ કોઈ વાંધો નથી.

પૂર્વપક્ષ જે કહેતો હતો કે "જો તત્દંડી-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તત્તાવિશિષ્ટદંડ માનો તો પછી પ્રમેયદંડી-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક પ્રમેયત્વવિશિષ્ટ દંડ માનવો પડશે." એ ય તુચ્છ વાત છે. કેમકે જે ભૂતલ ઉપર કોઈ દંડી નથી. ત્યાં જ "દંડી નાસ્તિ" એવી પ્રતીતિ થાય છે. હવે ત્યાં તો દંડમાત્રને અવચ્છેદક માન્યા વગર છુટકો જ નથી. હવે એ જ સ્થાને "પ્રમેયદંડી નાસ્તિ" પ્રતીતિ પણ થાય જ છે. એટલે કે આ બે ય પ્રતીતિ એક સાથે થઈ શકે છે. જ્યાં એક પ્રતીતિ થાય ત્યાં બીજી થઈ શકે જ છે. અને માટે બે ય પ્રતીતિ સમાન બની જવાથી પ્રમેયદંડિ-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક પ્રમેયત્વોપલક્ષિત એવા માત્ર દંડને જ માનશો તો ય વાંધો નથી. જ્યારે "તત્દંડી નાસ્તિ" પ્રતીતિ સ્થલે "દંડી નાસ્તિ" એવી પ્રતીતિ થાય જ. એવું નથી એ ઉપર જોઈ ગયા. એટલે ત્યાં તો ઉપર કહ્યા મુજબ માનવું જ જોઈએ.

આમ અવ્યાપ્તિ આવતી જ ન હોવાથી દંડત્વને સાધ્યતાવચ્છેદક માનવાની કોઈ જરૂર જ રહેતી નથી. માટે દીધિતિની એ પંક્તિઓ નિરર્થક બની જાય છે.

---

**जागदीशी -- तदा रूपत्वन्यूनवृत्तिजातिमद्वान् रूपादित्यादावव्याप्तिः। सर्वासामेव नीलत्वपीतत्वादि-रूपत्वन्यूनवृत्तिजातीनां साधनवन्निष्ठाभावप्रतियोगिताया निरवच्छिन्नावच्छेदकत्वाद्रूपवति नीलो नास्ति पीतो नास्तीत्यादिप्रत्ययादित्याशयेन- *दण्ड्यादा*वित्यत्रादिपदमुपात्तं तथा च तत्रापि स्वन्यूनवृत्तिजात्याश्रयत्वसम्बन्धेन रूपत्वमेव साध्यतावच्छेदकमिति (नाव्याप्तिरिति) भावः।**

---

**चन्द्रशेखरीया:** एवं अस्मन्मित्रेण कथिते सति वयमपि प्रत्युत्तरं दातुं उत्सहामहे। सत्यं कथितं भवता। किन्तु दीधितिकारेण पूर्वपक्षस्य अङ्गीकारं कृत्वा पश्चात् तत्प्रत्युत्तरं दत्तम्। "तुष्यतु दुर्जनः" इति न्यायात् नैतद् अनुचितम्। यदि तु भवत्कथितं स्वीक्रियते। तदापि न दीधितिग्रन्थो निरर्थकः। यतो **घटः रूपत्वन्यूनवृत्तिजातिमद्वान् पृथ्वीत्वात्** इति अत्र पूर्वोक्तलक्षणं अव्याप्तं भवति। तथा हि पृथ्वीत्वाधिकरणानि घटादयः। अत्र असत्कल्पनया रूपत्वन्यूनवृत्तिजातयः तिस्रः मन्यन्ते नीलत्वं, पीतत्वं, रक्तत्वं च। तद्वन्ति च नीलपीतरक्तरूपाणि। अत्र नीलघटः, पीतघटः, रक्तघटः च हेत्वधिकरणत्वेन गृह्यते। तत्र नीलघटे पीतरूपाभावः, पीतघटे रक्तरूपाभावः, रक्तघटे च नीलरूपाभावः। तत्प्रतियोगिता-

वच्छेदकता क्रमशः पीतत्वरक्तत्वनीलत्वजातिनिष्ठा। सा अवच्छेदकता साध्यतावच्छेदकतावच्छेदकपीतत्व-त्वरक्तत्वाद्यवच्छिन्ना। अर्थात् निरवच्छिन्ना साध्यतावच्छेदकतावच्छेदक-तदितरानवच्छिन्नैव। अतः ताः प्रतियोगिताः लक्षणे प्रविष्टाः। तासां अवच्छेदिकाः क्रमशः पीतत्वादिजातयः एव साध्यतावच्छेदिकाः इति अव्याप्तिः। अत्र रूपत्वन्यूनवृत्तिजातिमान् साध्यः। तस्मात् साध्यतावच्छेदिकाः रूपत्वन्यूनवृत्तिजातयः नीलत्व-पीतत्व-रक्तत्वादयः। साध्यतावच्छेदकतावच्छेदकं नीलत्वत्वादि इत्यादि। तथा च अत्राव्याप्तिवारणाय रूपत्वमेव स्वन्यूनवृत्त्याश्रयत्वसम्बन्धेन साध्यतावच्छेदकम् मन्तव्यम्। स्वं=रूपत्वं, तस्य न्यून-वृत्तयः जातयः नीलत्वं, पीतत्वं, रक्तत्वं च। तदाश्रयाणि नीलादिरूपाणि। तथा च कस्मिन्नपि घटे परंपरासम्बन्धेन रूपत्ववतः अभावो नास्ति। यतः सर्वाणि रूपाणि परंपरासम्बन्धेन रूपत्ववन्ति एव। घटे च किञ्चिदपि रूपं वर्तते एव। तथा च नीलरूपाद्यभावाः लक्षणे प्रविष्टाः तत्प्रतियोगितानवच्छेदकं रूपत्वं एव साध्यतावच्छेदकं इति लक्षणसमन्वात् नाव्याप्तिः।

अत्र "दंडिमान्" स्थले "रूपत्वन्यूनवृत्तिजातिमद्वान्" स्थले च अयं विशेषः। यदुत दंडिसाध्यके लक्षणघटकाः तत्दंड्यभावाः। तत्र तद्दंडनिष्ठा प्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकदंडत्व तदितरतत्तावच्छिन्नैव भवति। अतः अन्यां प्रतियोगितां गृहीत्वा लक्षणसमन्वयः भवति। द्वितीयस्थले च नीलरूपाद्यभावाः लक्षणघटकाः। तत्प्रतियोगितावच्छेदकता नीलत्वादिनिष्ठा केवलं साध्यतावच्छेदकतावच्छेदकनीलत्वत्वाद्यवच्छिन्ना अर्थात् निरवच्छिन्नैव। अर्थात् उभयानवच्छिन्नैव। अतः तासां प्रतियोगितानां लक्षणघटकत्वात् परंपरासम्बन्धेन रूपत्वस्य साध्यतावच्छेदकत्वानभिधाने नीलत्वादीनामेव च साध्यतावच्छेदकत्वे अभिमन्यमाने तासामेव तादृशप्रतियोगितावच्छेदकत्वात् भवति अव्याप्तिः। तद्वारणाय तत्र परंपरासम्बन्धेन रूपत्वस्य साध्यतावच्छेदकतानुसरणं निर्दुष्टम्। एतद्ग्रहणायैव दीधित्यां दंड्यादौ... इति आदिपदं उपात्तम्। दंडत्वादीनां... इति अत्रापि आदिपदं उपात्तम्। तथा च यदि दण्डिसाध्यके दंडत्वस्य परंपरया साध्यतावच्छेदकतानुसरणं निरर्थकं प्रतिभाति। तदा रूपत्वन्यूनवृत्तिजातिमत्-साध्यके रूपत्वस्य साध्यतावच्छेदकता अवश्यमेव मन्तव्या इति तस्य ग्रन्थस्य हार्दम्।

अत्र यद्यपि रूपत्वं समवायेनैव रूपत्वन्यूनवृत्तिजातिमति रूपादौ वर्तते। ततः परंपरासम्बन्धेन तस्य साध्यतावच्छेदकतानुसरणं गौरवदोषदुष्टम्। तथापि अत्र कांचित् क्षतिं मनसिकृत्यैव दीधितिना समवायं त्यक्त्वा परंपरासम्बन्धः समादृतः "ननु का इयं क्षतिः" इति तु गहनपदार्थत्वात् न निरूप्यतेऽस्माभिः। जिज्ञासुना दीपिकाभिधाना टीका दृष्टव्या।

**चन्द्रशेखरीया: ઉत्तर:** તમારી વાત સાચી છે. પૂર્વપક્ષની વાતને સાચી માની લઈને પણ દીધિતિએ આપત્તિ દુર કરી આપેલી. હવે તમારી વાત પ્રમાણે ત્યાં ભલે **અવ્યાપ્તિ** ન આવે. પરંતુ **રૂપત્વન્યૂનવૃત્તિજાતિમદ્વાન્ રૂપાત્** અહીં અવ્યાપ્તિ આવે. જ્યાં રૂપ છે ત્યાં રૂપત્વન્યૂનવૃત્તિ એવી નીલત્વાદિજાતિવાળા કોઈને કોઈ નીલાદિ રૂપો તો છે જ. એટલે આ સ્થાન સાચું છે. પણ છતાં અવ્યાપ્તિ આવશે તે આ પ્રમાણે-રૂપ=હેતુના અધિકરણ તરીકે નીલ-પીત-રક્ત એ ત્રણ ઘટ લઈએ. અસત્ કલ્પનાથી જગત્માં ત્રણ જ રૂપ છે. એમ માની લઈએ. અહીં સાધ્ય તરીકે તાદૃશનીલત્વાદિજાતિમાન્=નીલરૂપ, પીતરૂપ, રક્તરૂપ છે એમ માનીએ. હવે નીલઘટમાં પીતાભાવ,

પીતઘટમાં રક્તાભાવ અને રક્તઘટમાં નીલાભાવ મળશે. એટલે એના પ્રતિયોગી ક્રમશઃ પીતરૂપ, રક્તરૂપ, નીલરૂપ બનશે. તેના અવચ્છેદક પીતત્વ, રક્તત્વ, નીલત્વ જાતિ છે અને એ જ સાધ્યતાવચ્છેદક છે એટલે અવ્યાપ્તિ આવે. વળી અહીં નીલત્વાદિમાં જે સાધ્યતાવચ્છેદકતા છે. એ તો નિરવચ્છિન્ન જ છે. એટલે અહીં સાધ્યતાવચ્છેદકતા પણ નિરવચ્છિન્ન મળી જાય છે. અર્થાત્ સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદક-તદિતરાનવચ્છિન્ન એવી જ આ સાધ્યતાવચ્છેદકતા છે. એટલે અહીં આ પ્રતિયોગિતાઓ લઈ શકાવાથી અવ્યાપ્તિ આવે.

આ આપત્તિ નિવારવા અહીં રૂપત્વને જ સાધ્યતાવચ્છેદક માનવું. રૂપત્વ એ સ્વન્યૂનવૃત્તિ-જાતિ-આશ્રયત્વસંબંધથી નીલાદિરૂપોમાં=સાધ્યોમાં રહીને સાધ્યતાવચ્છેદક બને. [સ્વ=રૂપત્વ. તેને ન્યૂનવૃત્તિ એવી જાતિઓ=નીલત્વાદિ. તેનો આશ્રય=નીલાદિ ગુણો.]

હવે જુઓ. નીલઘટમાં ભલે રક્તરૂપાદિનો અભાવ મળે. પણ પરંપરાસંબંધથી રૂપત્વવાળાનો અભાવ ન જ મળે. કેમકે તે ઘટમાં જે નીલ રૂપ છે. એ પરંપરાસંબંધથી રૂપત્વવાળું જ છે. આમ અહીં લક્ષણ ઘટક તરીકે પરંપરાસંબંધથી રૂપત્વવાળાનો અભાવ મળી શકતો નથી. પરંતુ નીલાદિ-અભાવ જ મળે. તેની પ્રતિયોગિતાના અવચ્છેદક નીલત્વાદિ બને. પણ રૂપત્વ ન બને. એટલે લક્ષણ ઘટી જાય છે.

અહીં દંડિમાન્ અને રૂપત્વન્યૂનવૃત્તિજાતિમદ્વાન્ એમાં ફર્ક એ છે કે દંડીસ્થલે સાધ્યતાવચ્છેદકતા દંડમાં હતી. અને તદ્દંડિ-અભાવની પ્રતિયોગિતા-અવચ્છેદકતા તત્-તત્ દંડમાં આવતી હતી. જે અવચ્છેદકતા દંડત્વ+તત્તા એમ ઉભયથી અવચ્છિન્ન બની જતી હોવાથી ત્યાં એ પ્રતિયોગિતાલક્ષણઘટક ન બનતા અવ્યાપ્તિ આવે. પણ અહીં તો જો જાતિઓને જ સાધ્યતાવચ્છેદક રાખીએ તો નીલત્વ-પીતત્વ એ સાધ્યતાવચ્છેદક ગણાય. અને તાદૃશપ્રતિયોગિતા-અવચ્છેદકતા પણ નીલત્વ-પીતત્વાદિમાં જ આવે છે. જે અવચ્છેદકતા નીલત્વત્વાદિ ધર્મોથી જ અવચ્છિન્ન=નિરવચ્છિન્ન છે. અર્થાત્ તે ઉભયથી અવચ્છિન્ન બનતી નથી. અને માટે એ પ્રતિયોગિતાઓ લક્ષણઘટક બની જતાં નીલત્વાદિજાતિઓને અવચ્છેદક માનવામાં અવ્યાપ્તિ આવે. માટે અહીં તો રૂપત્વને જ પરંપરા સંબંધથી સાધ્યતાવચ્છેદક માનીને જ અવ્યાપ્તિ દૂર કરવી એ યોગ્ય છે. દીધિતિમાં માટે જ "દંડ્યાદૌ"માં "આદિ" પદ લીધેલ છે. અહીં જો કે રૂપત્વ એ સમવાયસંબંધથી જ રૂપોમાં=સાધ્યોમાં રહી શકે છે. માટે પરંપરાસંબંધથી રાખવાની જરૂર નથી. છતાં આ પરંપરા સંબંધ આપ્યો છે તે યોગ્ય કારણસર જ આપ્યો છે. પણ એ ચર્ચા ગહન હોવાથી અહીં લેતા નથી. જિજ્ઞાસુએ "દીપિકા" ટીકામાંથી એ જોઈ લેવું.

---

**जागदीशी** -- *साध्यतावच्छेदकमिति*। अनुमितिविधेयतावच्छेदकमित्यर्थः। तथा च उक्तव्याप्तिज्ञानाद्दण्ड्यंशे दण्डत्वप्रकारिका दण्डत्ववद्वानित्येवानुमितिर्न तु 'दण्डिमानि'ति दण्डप्रकारिकापि, दण्डस्य व्यापकतावच्छेदकत्वेनाग्रहात् कारणबाधेन तदवच्छिन्नविधेयकानुमित्यसम्भवादिति।

---

**चन्द्रशेखरीया:** दीधितिकृता यदुक्त–दण्डत्वादिकमेव साध्यतावच्छेदकम्–तस्य अयमर्थः ज्ञेयः–दंडत्वादिकं एव अनुमिति(विषय) विधेयता(=साध्यता-)वच्छेदकम्। अयं भावः। यस्मिन् धर्मे व्यापकतावच्छेदकतायाः ज्ञानं भवति, स

धर्मः अनुमितौ साध्ये प्रकारीभूतो भाति। यथा वह्नित्वे वह्निनिष्ठव्यापकतावच्छेदकतायाः बोधः भवति। ततो "वह्निमान्" इति अनुमितौ वह्न्यात्मके साध्ये वह्नित्वं प्रकारत्वेन भासते। अत्रापि "दंडत्वं अनुमितिविधेयतावच्छेदकं" इत्यर्थकरणात् एतत् सूचितम् यदुत दंडत्वे धर्मे व्यापकतावच्छेदकतायाः ज्ञानं भवति। अतः अनुमितौ दंडत्वमेव दंडिनि प्रकारत्वेन भासते न तु दंडः। तथा च प्रासादः दंडत्ववद्(पुरूष) वान्" इत्येव अनुमितिः भवति।

दंडे तु साध्यतावच्छेदकता न स्वीकृता। अतः दंडे दंडि-निष्ठव्यापकतावच्छेदकतायाः ज्ञानं न भवति। एवं च कारणबाधात् अनुमितौ साध्ये दंडिनि पुरूषे दंडो न प्रकारीभूय भासते। तथा च न प्रासादः दंडवद्वान् इत्यनुमितिर्भवति। "दंडे व्यापकतावच्छेदकताज्ञानं न भवति" इति अत्र कारणं तु पूर्वमेव प्रदर्शितम्।

**चन्द्रशेखरीयाः** દીધિતિમાં કહ્યું છે કે દંડિ વિગેરે સાધ્ય હોય ત્યારે અવ્યાપ્તિ નિવારવા માટે દંડત્વાદિને જ સાધ્યતાવચ્છેદક માનવાના છે. એનો ખરો અર્થ એ છે કે આ સ્થલે જે અનુમિતિ થશે તે અનુમિતિમાં સાધ્ય પણ વિષય બનશે. અને તેમાં આવેલી સાધ્યતાનો અવચ્છેદક દંડત્વાદિ જ બનશે. આશય એ કે અનુમિતિ પણ સાધ્યમાં દંડત્વપ્રકારક જ થશે. એટલે આ વ્યાપ્તિજ્ઞાનદ્વારા પરંપરાસંબંધેન દંડત્વ એ જેમાં પ્રકાર તરીકે ભાસે છે તેવા પ્રકારના પુરૂષનો જ અનુમિતિમાં બોધ થશે. અર્થાત્ "પ્રાસાદઃ પરંપરાસંબંધેન દંડત્વવત્પુરૂષવાન" એ જ અનુમિતિ થવાની. પણ "પ્રાસાદઃ દંડવદ્-વાન્" નહીં થાય. જે ધર્મ વ્યાપકતાવચ્છેદક બને એ જ ધર્મ અનુમિતિમાં સાધ્યને વિશે પ્રકાર તરીકે ભાસે. અહીં દંડીમાં રહેલી વ્યાપકતાનો અવચ્છેદક ધર્મ દંડત્વ બનેલો હોવાથી દંડત્વ જ એ પુરૂષમાં પ્રકાર તરીકે ભાસે.

જે ધર્મમાં પ્રતિયોગિ-વ્યધિકરણ-હેતુસમાનાધિકરણાભાવ પ્રતિયોગિતા-અનવચ્છેદકતાનું જ્ઞાન થાય. તદ્ધર્માવચ્છિન્નસાધ્યક જ અનુમિતિ થાય.

અહીં દંડમાં તો તાદૃશપ્રતિયોગિતાવચ્છેદકતાનું જ જ્ઞાન થાય છે. એટલે દંડમાં અનવચ્છેદકતાનું જ્ઞાન રૂપ કારણ હાજર ન થતું હોવાથી દંડાવચ્છિન્નસાધ્યક એવી "પ્રાસાદઃ દંડિમાન્" અનુમિતિ થઈ શકતી નથી. પણ ઉપર પ્રમાણે પ્રાસાદઃ દંડત્વવદ્-વાન્ એ જ અનુમિતિ થાય.

---

**जागदीशी -- वस्तुतो दण्डत्वस्य साध्यतावच्छेदकत्वे 'दण्डिमान्' इत्यनुमितिर्न स्याद् दण्डानां व्यापकता-नवच्छेदकत्वादित्यस्वरसादेव *दण्डत्वादिक* मित्यत्राप्यादिपदमुपात्तं, तेन तत्तद्दण्डव्यक्तीनामेव स्ववृत्तिदण्डत्वजात्याश्रयाधिकरणत्वलक्षणपरम्परासम्बन्धेन साध्यतावच्छेदकत्वलाभात् 'दण्डिमान्' इत्यनुमितेर्नानुपपत्तिरिति तत्त्वम्।**

---

**चन्द्रशेखरीयाः ननु** एवं यदि दंडत्वं एव परंपरासम्बन्धेन साध्यतावच्छेदकं मन्यते तर्हि सर्वत्रानन्तरोक्तरीत्या "दंडत्ववद्वान्" इत्येव अनुमितिः स्यात्। नतु दंडवद्वान् इत्याकारिका। तथा च "दण्डिमान्" इत्यादि सर्वानुभवसिद्धायाः अनुमितेः अपलापापत्तिः इति **चेत्** सत्यं एतदस्वरसादेव दीधित्यामपि" दंडत्वादिकमपि" इति अत्र आदिपदमुपातं।

अर्थात् तेषामपि दंडः एव साध्यतावच्छेदकत्वेन अभिमतः। किन्तु यदि संयोगेन दंडः साध्यतावच्छेदकः मन्यते तर्हि पूर्ववत् अव्याप्तिः। अतः स्ववृत्तिजात्याश्रयाधिकरणत्वसम्बन्धेन दंडिनि वर्तमानः दंडः साध्यतावच्छेदकः। [स्वं=दंडः, तस्मिन् वर्तमाना या जातिः दंडत्वं, तदाश्रयः दंडः, तदधिकरणम् दंडी] एवं च नाव्याप्तिः। यतः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना एव प्रतियोगितावच्छेदकता ग्राह्या इति पूर्वमुपात्तम्। दंडिसंयोगाधिकरणे भूतलादौ वर्तमानानां तत्तद्दंड्यभावानां प्रतियोगितायाः तत्तद्दंडिनिष्ठायाः तत्तद्दंडनिष्ठा प्रतियोगितावच्छेदकता यदि पूर्वपक्षानुसारेण केवलं दंडत्वावच्छिन्ना उभयानवच्छिन्ना मन्यते। तथापि सा दंडनिष्ठा प्रतियोगितावच्छेदकता संयोगसम्बन्धावच्छिन्ना। साध्यतावच्छेदकपरंपरासम्बन्धेन तु अनवच्छिन्नैव। एवं च इयं प्रतियोगिता न लक्षणघटका। अतः अन्या प्रतियोगिता ग्राह्या, तदनवच्छेदकः दंडः एव साध्यतावच्छेदकः इति लक्षणसमन्वयात् नाव्याप्तिः। दंडिसंयोगिनि भूतलादौ परंपरासम्बन्धेन दंडवान् अस्ति एव, न तु तदभावः। अतः परंपरासम्बन्धेन दंडवतः अभावस्य लक्षणघटकत्वाभावात् न लक्षणघटकीयप्रतियोगितायाः अवच्छेदकः दंडः भवितुमर्हति इति न कोऽपि दोषः।

एवं च दंडे दंडिव्यापकतावच्छेदकताज्ञानं भविष्यति। तथा च कारणसत्वात् "प्रासादः दंडिमान्" इति दंडिनि साध्ये दंडः प्रकारीभूय भासतेऽपि। एवं नानुभवसिद्धायाः अनुमितेः अपलापापत्तिः इति भावः।

"दंडिमान् प्रासादः" इति अत्र च कल्पे एतावान् विशेषः यदुत 'प्रासादः दंडिमान्' इति अनुमितिः यद्यपि भविष्यति। तथापि तत्र दंडिनि पुरूषे दंडः संयोगेन नावभासते। किन्तु स्ववृत्तिजात्यधिकरणाश्रयत्वसम्बन्धेनैव भासते। साध्यतावच्छेदकः धर्मः साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धेनैव साध्ये प्रकारीभूय अनुमितौ भासते इति नियमात्। अन्यथा एतन्नियमाङ्गीकाराभावे "पर्वतः समवायेन वह्निमान्" इत्यपि अनुमितिः भवेत्।

[**ननु** न वयं देवानांप्रियाः, किन्तु देवानुप्रियाः, अतः शठतां आदृत्य अस्माकं वञ्चना भवद्भिः कर्तुमिष्टाऽपि न शक्या। यदि नाम न भवतु परंपरासम्बन्धेन तत्तद्दंड्यभावः लक्षणघटकः। किन्तु अन्यः कोऽभावः लक्षणघटको भविष्यति? यत्प्रतियोगितायाः अनवच्छेदकाः दंडाः साध्यतावच्छेदकाः भविष्यन्ति। घटाभावः इति चेत् न, घटाभावीयप्रतियोगितावच्छेदकता घटत्वनिष्ठा। सा च समवायसम्बन्धावच्छिन्ना न तु स्ववृत्ति-दंडत्वजात्याश्रय-दंडाधिकरणत्वादिसम्बन्धावच्छिन्ना। अतः सा प्रतियोगिता न गृह्यते। सम्बन्धे दंडत्वजातेः निवेशात् दंडभिन्ने कुत्रापि वस्तुनि स्ववृत्तिदंडत्वादिसम्बन्धो न घटते। केवलं दंडः एव स्ववृत्तिदंडत्वादिसम्बन्धेन दंडिनि स्थातुमर्हति। तदभावश्च न लक्षणघटकः। भूतले दंडिसंयोगवति तादृशपरंपरासम्बन्धेन दंडिनः सत्त्वात्। अन्यस्य कस्यापि अभावस्य प्रतियोगितायाः अवच्छेदकता न साध्यतावच्छेदकनिरुक्तपरंपरासम्बन्धावच्छिन्ना भवति। अतः अत्र साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नायाः प्रतियोगितावच्छेदकतायाः अप्रसिद्धत्वात् न तद्घटितस्य लक्षणस्य समन्वयः शक्यः इति चेत्

सर्वथा सुष्ठूक्तं भवता अस्माकमपि इयमेवारेका आसीत्। जगदीशेन तु का "प्रतियोगिता ग्राह्या..." इत्यादि न स्फुटीकृतम्। विवृत्तिकारेणऽपि केनाऽपि कारणेन एतत्स्फुटीकरणं उपेक्षितम्। तथापि महामेधाविनो एते

जगदीशभट्टाचार्यादयः। सूक्ष्मावगाहिप्रज्ञास्वामित्वात् तेषां छद्मस्थत्वेऽपि प्रायो न क्षतिसंभवः। अतः अत्र तेषां अभिप्रायो गवेषणीयः। स च इत्थं मे मनसि परिस्फुरति। जगदीशेन स्ववृत्तिदंडत्वजात्याश्रयाधिकरणत्वसम्बन्धः स्पष्टं दर्शितः। किन्तु अत्र दंडत्वपदं केवलं विद्यार्थिनां सम्यक् बोधार्थम्। न तु सम्बन्धप्रविष्टम्। सम्बन्धस्तु स्ववृत्तिजात्याश्रयाधिकरणत्वात्मकः एव। तेन जातिपदेन दंडत्वादिका काऽपि जातिः ग्रहीतुं शक्या। एवं अपि न काचित् क्षतिः। यतो यत्र दंडिसंयोगः, तत्र स्ववृत्तिदंडत्वादिजात्याश्रयाधिकरणत्वसम्बन्धेन दंडवान् वर्तते एव। न तु तदभावः। तस्मात् दंड्यभावः न लक्षणघटकः, किन्तु घटवतः पुरुषस्य अभावः। दंडिमति भूतले घटवान् पुरूषो नास्ति। घटस्तु स्ववृत्तिघटत्वजात्याश्रयघटाधिकरणत्वसम्बन्धेन घटवति पुरूषादौ वर्तते। अत्र भूतले तु तादृशपरंपरासम्बन्धेन साध्यतावच्छेदकात्मकेन घटवान् पुरूषो नास्ति। अतः घटवदभावः मीलितः। तत्प्रतियोगी घटवान्। तस्मिन् प्रतियोगिता। तदवच्छेदकं घटवत्त्वम्। अर्थात् घटः एव। तस्मिन् प्रतियोगितावच्छेदकता। सा तु स्ववृत्ति-(घटत्व)जात्याश्रया (घट)धिकरणत्वसम्बन्धेन साध्यतावच्छेदकेन अवच्छिन्ना साध्यतावच्छेदकतावच्छेदकदंडत्वतदितरानवच्छिन्ना च। अतः इयं प्रतियोगिता लक्षणे प्रविष्टा। तत्प्रतियोगितावच्छेदकः घटः। तदनवच्छेदकः दंडः एव साध्यतावच्छेदकः इति लक्षणघटनात् नाव्याप्तिः।

एतत् तु अस्मत्प्रज्ञाविलासः। मन्दबुद्धीनां अस्माकं तु क्षतिरपि संभवति। शोधनीया सा च सज्जनैः सर्वथा न तिरस्कर्तव्यः अस्माकं नूतनः परिष्कारः इति अभ्यर्थनाऽस्माकं तेषां प्रतीत्यलं विस्तरेण।]

**चन्द्रशेखरीयाः प्रश्नः** આ રીતે તો **प्रासादः दंडिमान्** એવી અનુમિતિનો લોપ થવાની આપત્તિ આવશે. જ્યારે એવી અનુમિતિ તો અનુભવસિદ્ધ છે.

**ઉત્તર:** તમારી વાત સાચી છે. આવી અનુમિતિ થાય તો છે જ. આ અનુમિતિને સિદ્ધ કરવા દંડને જ સાધ્યતાવચ્છેદક માનવો પડે. અને તો પછી દંડ એ તાદૃશપ્રતિયોગિતાનો અનવચ્છેદક બને." એવું કરવું પડે. એ માટે અમે કહેશું કે તે તે તમામ દંડો જ સ્વવૃત્તિ-દંડત્વજાતિ-આશ્રયાધિકરણત્વસંબંધથી દંડીમાં રહીને સાધ્યતાના અવચ્છેદક બને છે. આમ સાધ્યતાવચ્છેદક સંબંધ "સ્વવૃત્તિ-દંડત્વજાતિ-આશ્રયાધિકરત્વ" બનશે. [સ્વ=દંડ. તેમાં વૃત્તિ દંડત્વજાતિ. તેના આશ્રય તે જ દંડો. તેનું અધિકરણ દંડિપુરૂષ]. હવે ભૂતલાદિમાં તત્દંડિ-અભાવ ભલે મળે. તેની અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક દંડો બનશે. તેમાં અવચ્છેદકતા આવશે. અહીં પૂર્વપક્ષના મત પ્રમાણે નિરૂપણ કરતાં હોવાથી તત્તા એ પ્રતિયોગિતા અવચ્છેદક બની જ નથી. માટે દંડમાં આવેલી તાદૃશ-અવચ્છેદકતા એ સાધ્યતા-અવચ્છેદકતા-અવચ્છેદકદંડત્વમાત્રાવચ્છિન્ન જ છે. એટલે આમ તો આ પ્રતિયોગિતા લઈ શકાય. પણ આગળ જ કહી ગયા કે આ પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પણ હોવી જોઈએ. અહીં તો દંડનિષ્ઠ તાદૃશાવચ્છેદકતા સંયોગાવચ્છિન્ન જ છે. કેમકે દંડ સંયોગથી દંડીમાં રહે છે. આ અવચ્છેદકતા એ સ્વવૃત્તિ-દંડત્વજાતિ-આશ્રયાધિકરણત્વ સંબંધાવચ્છિન્ન નથી જ. એટલે આ પ્રતિયોગિતાઓ ન લેવાય. પણ ઘટાભાવીયપ્રતિયોગિતા લેવાય. એના અનવચ્છેદક દંડો બની જાય. એટલે અવ્યાપ્તિ ન આવે. અહીં દંડીસંયોગવાળા ભૂતલાદિમાં તત્દંડીનો અભાવ ભલે મળે. પણ સ્વવૃત્તિદંડત્વજાતિ-આશ્રયાધિકરણત્વસંબંધથી દંડવાનનો અભાવ તો મળવાનો જ નથી. એટલે એ અભાવ લક્ષણમાં ન લઈ શકાતા દંડાદિ એ તાદૃશપ્રતિયોગિતાના

અવચ્છેદક બનવાના જ નથી. એટલે અવ્યાપ્તિ આવવાની નથી.

આમ અહીં દંડાદિ જ સાધ્યતાવચ્છેદક બન્યા. અને દંડમાં જ તાદશપ્રતિયોગિતાનવચ્છેદકતાનું જ્ઞાન થાય છે. માટે કારણ હાજર થઈ જતા "પ્રાસાદઃ દંડિમાન્" એ અનુભવસિદ્ધ અનુમિતિ માનવામાં કોઈ જ વાંધો નહીં આવે. હા એટલું ખરું કે સાધ્યતાવચ્છેદકસંબંધ સંયોગ ન માનતા લાંબો માન્યો છે એટલે આ અનુમિતિમાં પણ દંડિ=પુરૂષમાં દંડનો એ પરંપરાસંબંધથી જ બોધ માનવો પડશે.

[જગદીશજીએ આ ઉત્તર ભલે આપ્યો પણ એ ઉચિત નથી. કેમકે સાધ્યતાવચ્છેદકસંબંધ એમણે સ્વવૃત્તિ-દંડત્વજાતિ-આશ્રયાધિકરણત્વ માનેલો છે. અને વ્યાપ્તિમાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન એવી જ હેત્વધિકરણવૃત્તિ-અભાવીયપ્રતિયોગિતા લેવાની વિવક્ષા તો કરી જ છે. આથી જ તો તેમણે કહ્યું કે "શુદ્ધદંડોમાં આવતી પ્રતિયોગિતાવચ્છેદકતા એ પરંપરાસંબંધાનવચ્છિન્ન હોવાથી આ પ્રતિયોગિતાઓ લક્ષણ ઘટક નહીં બને." એ તો બરાબર. પણ હવે પ્રશ્ન એ થાય કે આ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન એવી પ્રતિયોગિતાવચ્છેદકતા લાવવી તો પડશે ને? તમે ઘટાભાવ લો તો એ ઘટત્વમાં રહેલી પ્રતિયોગિતા-અવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદક=પરંપરાસંબંધથી અવચ્છિન્ન તો છે જ નહીં. તો એ શી રીતે લેવાય? આ રીતે કોઈપણ પ્રતિયોગિતા-અવચ્છેદકતા સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન ન મળવાથી આ લક્ષણમાં કોઈપણ પ્રતિયોગિતા લક્ષણઘટક જ ન બનતા અવ્યાપ્તિ આવવાની જ છે.

સ્વવૃત્તિદંડત્વજાતિ-આશ્રયાધિકરણત્વ સંબંધ સાધ્યતાવચ્છેદક છે. આ દંડત્વથી ઘટિત છે. એટલે આ સંબંધથી કોઈપણ વસ્તુ દંડીમાં જ રહેવાની. અને એવા દંડીનો અભાવ દંડિસંયોગવાળા ભૂતલમાં મળવાનો જ નથી. જગદીશજી આવી ભુલ કરે તેવું માની શકાતું નથી. મને એમ લાગે છે કે અહીં સંબંધમાં જે દંડત્વનો નિવેશ કરેલો છે એ માત્ર સ્પષ્ટતા ખાતર જ છે. ખરો સંબંધ તો સ્વવૃત્તિ-જાતિ-આશ્રયઅધિકરણત્વ સંબંધ જ લેવાનો. જાતિ તરીકે કઈ લેવી? એ તો આપણે જ નક્કી કરવાનું છે. અને કોઈપણ જાતિ લઈએ તો ય વિરોધ તો આવવાનો જ નથી. ધારો કે એ જાતિ તરીકે દ્રવ્યત્વ લઈએ તો પણ એમાં કોઈ વાંધો નથી. દંડ એ સ્વવૃત્તિ-દ્રવ્યત્વજાતિ-આશ્રય-દંડાધિકરણત્વ સંબંધથી દંડીમાં રહી જ શકે છે. આમ કરવાથી ફાયદો એ થાય કે દંડિસંયોગવાળા ભૂતલ ઉપર કોઈપણ ઘટવાળો માણસ ઉભો નથી. ત્યારે તેમાં ઘટવત્અભાવ મળી જાય. અહીં ઘટ એ સ્વવૃત્તિ ઘટત્વજાતિ-આશ્રય-ઘટ-અધિકરણત્વસંબંધથી ઘટવાળા એવા પુરૂષાદિમાં રહે જ છે. અને એવા ઘટવાળાનો અભાવ અહીં મળી ગયો. તેની પ્રતિયોગિતાવચ્છેદકતા ઘટમાં આવી. અને તે સ્વવૃત્તિ-જાતિ-આશ્રય-અધિકરણત્વ-સંબંધાવચ્છિન્ન=સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન છે જ. અને સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદકદંડત્વ-તદિતર ઉભય-અવચ્છિન્ન પણ છે જ. એટલે આ રીતે આ પ્રતિયોગિતા મળી જાય. તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક દંડ એ જ સાધ્યતાવચ્છેદક બની જવાથી અવ્યાપ્તિ ન આવે. આવું મને લાગે છે. ખરી હકીકત તો બહુશ્રુતો જ જાણે.]

---

**जागदीशी** -- केचित्तु 'साध्य-साधनभेदेन व्याप्तिग्रहानुमित्योः कार्य-कारणभावभेदात् यत्र दण्डत्वादिविशिष्टं विधेयतावच्छेदकं, तत्र हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकतानवच्छेदको यो

**धर्मस्तद्विशिष्टावच्छिन्न सामानाधिकरण्यरूपैव व्याप्तिः तद्विशिष्टावच्छिन्नविधेयकानुमितिप्रयोजिका। यत्र तु परम्परया दण्डत्वादिकमेवानुमितौ विधेयतावच्छेदकं, तत्र हेतुमन्निष्ठाभावप्रतियोगितानवच्छेदको यो धर्मः, परम्परया तदवच्छिन्नसामानाधिकरण्यरूपैव व्याप्तिरनुमितिप्रयोजिकेति–सामानाधिकरण्यांशे दण्डादेः प्रवेशाप्रवेशकृतो 'दण्डिमान्' 'दण्डत्ववत्त्वान्' इत्यनुमित्योर्दण्डादिविधेयकत्वनियम' इत्याहुः।**

---

**चन्द्रशेखरीयाः** जागदीश्यां केषाञ्चिन्मतं प्रदर्शयितुं आरभते **केचित्** इत्यादिना। अयं तेषां अभिप्रायः। कस्मिंश्चित् अनुमाने धूमः साधनम्, वह्निः साध्यः। कुत्रचित् घटत्वं साधनम्=हेतुः, द्रव्यत्वं साध्यम्। एवं यथा यथा यत्र यत्र साध्यसाधनभेदो भवति। तथा तथा तत्र तत्र व्याप्तिज्ञानं अनुमितिश्च भिन्ना भिन्ना भवति। अतः तत्र तत्र अनुमाने व्याप्ति-ज्ञानानुमित्योः कार्यकारणभावोऽपि भिन्नः एव। न तु सर्वत्र एकमेव व्याप्तिज्ञानं एका एव च अनुमितिः।

अतः यत्र "दंडिमान्" इत्यादि अनुमाने दंडत्वविशिष्टः दंडः एव साध्यतावच्छेदकः मन्यते। तत्र इदं व्याप्तिलक्षणं-हेतुमन्निष्ठाभाव-प्रतियोगितावच्छेदकतानवच्छेदको यः धर्मः तद्विशिष्टावच्छिन्नसामानाधिकरण्यम् हेतुनिष्ठा व्याप्तिः- - दंडिसंयोगाधिकरणे भूतलादौ वर्तमानः तत्तद्दंड्यभावः, तस्य प्रतियोगितायाः अवच्छेदकः तत्तद्दंडः। तस्मिन् वर्तमानायाः प्रतियोगितावच्छेदकतायाः अनवच्छेदकं शुद्धदंडत्वं, तेन दंडत्वेन विशिष्टः दंडः। तदवच्छिन्नश्च दंडी। तत्सामानाधिकरण्यं दंडिसंयोगे वर्तते इति लक्षणघटनात् न अव्याप्तिः। अत्र कल्पे "प्रासादः दंडिमान्" इति अनुमितिः भवति। दंडस्यैव साध्यतावच्छेदकत्वेन अभिमतत्वात्।

यत्र तु परंपरासम्बन्धेन दंडत्वं साध्यतावच्छेदकं। तत्र इदं लक्षणम्-हेतुमन्निष्ठाभावप्रतियोगितानवच्छेदकः यः धर्मः तदवच्छिन्नसामानाधिकरण्यम् हेतुनिष्ठा व्याप्तिः तथा हि- हेतुमन्निष्ठाः तत्तद्दंड्यभावाः। तत्प्रतियोगितावच्छेदकाः तत्तद्दंडाः। (शुद्धदंड एव वा) तादृशप्रतियोगितानवच्छेदकं तु दंडत्वं। परंपरासम्बन्धेन तेन दंडत्वेन अवच्छिन्नः दंडी, तत्सामानाधिकरण्यस्य दंडिसंयोगे सत्त्वात् नाव्याप्तिः।

तथा च प्रथमकल्पे "तादृशप्रतियोगितावच्छेदकतानवच्छेदकदंडत्वविशिष्टेन दंडेन अवच्छिन्नस्य दंडिनः सामानाधिकरण्यम्" इति सामानाधिकरण्यांशे दंडस्य प्रवेशात् **दंडिमान्** इति अनुमितिः। द्वितीयकल्पे च "तादृशप्रतियोगितानवच्छेदकेन दंडत्वेन अवच्छिन्नस्य दंडिनः सामानाधिकरण्यम्" इति सामानाधिकरण्यांशे दंडस्याप्रवेशात् **"दंडत्ववद्वान्"** इति अनुमितिः। प्रथमे कल्पे दंडः एव संयोगेन साध्ये प्रकारीभूय भासते। द्वितीये कल्पे दंडत्वं परंपरासम्बन्धेन प्रकारीभूय भासते इति ध्येयम्। जागदीश्यां तु "दण्डत्वादिविधेयकत्वनियमः" इति उपात्तम्। तत्र दंडः न विधेयः किन्तु दंडी विधेयः। तथापि विधेयघटकत्वेन दंडोऽपि विधेयतया प्रोक्तः इति स्मर्तव्यम्।

[ननु तत्तद्दंड्यभावीयप्रतियोगितावच्छेदकतायाः तत्तद्दंडिनिष्ठायाः अवच्छेदकं तत्ताविशिष्टदंडत्वं शुद्धदंडत्वात् अभिन्नमेव। तथा च शुद्धदंडत्वं तादृशावच्छेदकतानवच्छेदकं न भवति। अतः कथं व्याप्तिसमन्वयः इति चेत् इत्थं। अत्रापि मते साध्यतावच्छेदकतावच्छेदक-तदितरानवच्छिन्नैव प्रतियोगितावच्छेदकता निवेश्या। तत्-तद्दंडादिनिष्ठा

प्रतियोगितावच्छेदकता तु दंडत्व-तदितरतत्तावच्छिन्ना । अतः न सा गृह्यते । किन्तु तादृशी घटाभावीयप्रतियोगितावच्छेदकता घटत्वनिष्ठा एव गृह्यते । तदनवच्छेदकदंडत्वावच्छिन्नः यः दंडः । तदवच्छिन्नदंडिनः सामानाधिकरण्यं दंडिसंयोगे इति न कोऽपि दोषः ।]

**ચન્દ્રશેખરીયાઃ કેચિત્ઃ** જેમ જેમ અનુમાનમાં હેતુ અને સાધ્ય બદલાય તેમ તે તે અનુમાનમાં વ્યાપ્તિજ્ઞાન અને અનુમિતિ વચ્ચેનો કાર્ય-કારણભાવ પણ બદલાયા જ કરે. બધી જગ્યાએ એક સરખું વ્યાપ્તિજ્ઞાન કારણ બની શકતું જ નથી. તેમ દરેક જગ્યાએ એક સરખી અનુમિતિ પણ થઈ શકતી જ નથી.

એટલે સાધ્ય સાધનભેદથી વ્યાપ્તિલક્ષણ જુદું જુદં માનીએ તો ય વાંધો નથી. એટલે જ્યાં દંડત્વાદિ વિશિષ્ટ દંડાદિ એ સાધ્યતાવચ્છેદક હોય ત્યાં આ પ્રમાણે વ્યાપ્તિ લક્ષણ બનાવવું કે→હેતુ અધિકરણ-વૃત્તિ-અભાવપ્રતિયોગિતાવચ્છેદકતાનવચ્છેદક એવો જે ધર્મ હોય. તે ધર્મથી વિશિષ્ટ જે હોય તેનાથી અવચ્છિન્ન એવા સાધ્યનું સામાનાધિકરણ્ય એ જ હેતુમાં રહેલી વ્યાપ્તિ છે←

દંડિમાન્ સ્થલે દંડિસંયોગાધિકરણ ભૂતલાદિમાં તત્દંડીનો અભાવ મળે. એ અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તત્તાવિશિષ્ટદંડ બને. તેમાં અવચ્છેદકતા આવી. તેનો અવચ્છેદક તત્તાવિશિષ્ટ દંડત્વ બનશે. પણ દંડત્વ ન બને. અને તે દંડત્વથી અવચ્છિન્ન એવો દંડ બને અને તેનાથી અવચ્છિન્ન એવો દંડી અને તે દંડીનું સામાનાધિકરણ્ય દંડિસંયોગમાં મળી જવાથી વ્યાપ્તિ ઘટી જાય છે.

આવા સ્થલે દંડ જ સાધ્યતાવચ્છેદક બનેલ હોવાથી "દંડિમાન્ પ્રાસાદઃ" એવી અનુમતિ થઈ શકશે.

હવે જો દંડત્વાદિને જ ત્યાં પરંપરાસંબંધથી સાધ્યતા-અવચ્છેદક માનીએ તો ત્યાં વ્યાપ્તિ લક્ષણ આ પ્રમાણે થશે કે→હેતુ-અધિકરણ-વૃત્તિ-અભાવપ્રતિયોગિતાનવચ્છેદક જે ધર્મ હોય. તે ધર્મથી પરંપરાસંબંધથી વિશિષ્ટ=અવચ્છિન્ન જે બને તેનું સામાનાધિકરણ્ય એ હેતુમાં રહેલી વ્યાપ્તિ બનશે. આ અભાવ તરીકે તત્દંડાભાવાદિ મળે. તેની પ્રતિયોગિતાના અવચ્છેદક તત્-તત્દંડાદિ બનશે. દંડત્વ એ તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક ધર્મ બનશે. અને પરંપરાસંબંધથી તે દંડત્વથી અવચ્છિન્ન દંડિપુરૂષ બનશે. અને તેનું સામાનાધિકરણ્ય દંડિસંયોગમાં મળી જતા અવ્યાપ્તિ ન આવે. આ સ્થળે "પ્રાસાદઃ પરંપરાસંબંધેન દંડત્વવદ્વાન્" એવી અનુમિતિ જ થવાની. આમ પહેલામાં દંડાવચ્છિન્ન દંડિનું સામાનાધિકરણ્ય અને બીજામાં પરંપરયા દંડત્વાવચ્છિન્ન (દંડિ)પુરૂષનું સામાનાધિકરણ્ય એ વ્યાપ્તિ બનશે. જ્યાં સામાનાધિકરણ્યાંશમાં દંડનો નિવેશ હશે ત્યાં **પ્રાસાદઃ દંડત્વવદ્વાન્** અનુમિતિ થશે. જ્યાં દંડત્વનો નિવેશ હશે ત્યાં **"પ્રાસાદઃ દંડત્વવદ્વાન્"** અનુમિતિ થશે. આમ કોઈ દોષ ન રહે. જાગદીશીમાં "દંડાદિવિધેયકત્વનિયમઃ" લખેલ છે. એમાં સમજવાનું કે ખરેખર તો દંડ એ વિધેય=સાધ્ય છે જ નહીં. દંડી સાધ્ય છે. પણ દંડી=સાધ્યમાં ઘટક તરીકે દંડ પણ હોવાથી તેને વિધેય તરીકે જણાવેલ છે.

[**પ્રશ્નઃ** ભૂતલાદિમાં રહેલ તત્દંડાભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તત્દંડાદિ બને છે. તેમાં પ્રતિ.અવચ્છેદકતા આવી. તે અવચ્છેદકતાનો અવચ્છેદક તો તત્તાવિશિષ્ટ દંડત્વ જ બને છે. અને શુદ્ધદંડત્વ વિશિષ્ટદંડત્વથી અભિન્ન હોવાથી આ અવચ્છેદકતાનો અવચ્છેદક શુદ્ધદંડત્વ બને જ છે. અનવચ્છેદક નથી બનતો. તો પછી

અવ્યાપ્તિ તો ઉભી જ છે.

**ઉત્તર:** અહીં પણ પ્રતિયોગિતા-અવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક-તદિતરઅનવચ્છિન્ન જ લેવાની છે. એટલે તત્દંડમાં રહેલી પ્રતિ.અવચ્છેદકતા તો દંડત્વ+તત્તાઉભયાવચ્છિન્ન હોવાથી ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકતા જ લક્ષણ ઘટક બનશે. તેનો અનવચ્છેદક દંડત્વ બનશે. તેનાથી અવચ્છિન્ન એવો દંડ અને તે દંડથી અવચ્છિન્ન દંડીનું સામાનાધિકરણ્ય દંડિસંયોગમાં મળી જાય છે. એટલે કોઈ દોષ રહેતો નથી.]

---

**जागदीशी -- यत्तु 'दण्डत्वधर्मिकनिरुक्तानवच्छेदकत्वज्ञानस्यैव कार्य्यतावच्छेदकं दण्डावच्छिन्नविधेयकानुमितित्व-मित्यनुमितेर्दण्डप्रकारकत्वं नानुपपन्नम्' इति ।**

---

**चन्द्रशेखरीया:** जागदीश्यां **"यत्तु"** इत्यादिकः **"नानुपपन्नम्"** इत्यन्तवान् पूर्वपक्षः। तस्यायमाशयः "दंडिमान्" इति स्थाने दंडत्वं एव परंपरया साध्यतावच्छेदकं मन्तव्यम्। 'दंडिमान्' इति अनुभवसिद्धायाः अनुमितेः सिद्ध्यर्थं च एतादृक्-कार्यकारणभावः मन्तव्यः यदुत "दंडत्वं हेत्वधिकरणवृत्यभावप्रतियोगितानवच्छेदकं" इत्यादि आकारकं दंडत्वधर्मिकं निरुक्तानवच्छेदकत्वप्रकारकं ज्ञानं अनुमितिकारणम्। कार्यात्मिका अनुमितिस्तु दंडावच्छिन्नविधेयका "दंडिमान्" इत्याकारिका एव। तथा च तादृक्ज्ञाननिष्ठकारणतानिरूपितायाः अनुमितिनिष्ठकार्यतायाः अवच्छेदकं दंडावच्छिन्नविधेयकानुमितित्वम्। तेन दंडत्वस्य साध्यतावच्छेदकत्वेऽपि तद्धर्मिक-तादृशज्ञानात् **दंडिमान्** इत्येव अनुमितिः प्रसिद्ध्यति। तेन न तदपलापनिरासानवकाशः इति।

**चन्द्रशेखरीया: पूर्वपक्ष:** સાધ્યતાવચ્છેદક તો પરંપરાસંબંધથી દંડત્વને જ માનવાનો. એટલે ત્યાં આવો બોધ થશે કે "હેત્વધિકરણવૃત્તિ-અભાવપ્રતિયોગિતાનવચ્છેદકં દંડત્વમ્". આ જ્ઞાન એ અનુમિતિનું કારણ બને. એટલે અનુમિતિમાં કાર્યતા આવી. આ કાર્યતાનો અવચ્છેદક દંડાવચ્છિન્નવિધેયકાનુમિતિત્વ માનશું. આવું અનુમિતિત્વ તો "દંડિમાન્ પ્રાસાદઃ" એવી અનુમિતિમાં જ મળે. કેમકે આમાં દંડથી અવચ્છિન્ન દંડી એ વિધેય તરીકે ભાસે છે. આમ સાધ્યતાવચ્છેદક તરીકે દંડત્વને માનવા છતાં ઉપરોક્ત વ્યાપ્તિજ્ઞાન દ્વારા "દંડિમાન" અનુમિતિ થઈ શકશે.

---

**जागदीशी -- तत्तुच्छं परम्परया दण्डत्वावच्छिन्नविधेयकानुमितित्वस्यापि तादृशज्ञानकार्य्यतावच्छेदकतया सर्वदैव 'दण्डिमान्' 'दण्डत्ववत्त्वान्' इत्युभयाकारानुमित्यापत्तेः, उभयधर्मावच्छिन्नस्यैव सामग्रीसम्भवादिति दिक् ।**

---

**चन्द्रशेखरीया: तत्तुच्छम्** इत्यादिना जागदीश्यां पूर्वपक्षखण्डनम्। भावार्थस्त्वयम्- दंडत्वधर्मिकनिरुक्तानवच्छेदकत्व-ज्ञाननिरूपितायाः कार्यतायाः अवच्छेदकं तावत् परंपरया दंडत्वावच्छिन्नदंडिविधेयकानुमितित्वं "दंडत्ववद्वान्" इत्यादि

अनुमितिनिष्ठं अस्ति एव। अतः तादृग्ज्ञानात्मककारणानन्तरं "दंडत्ववद्वान्" इति अनुमितिस्तु भवत्येव। यदि च भवदुक्तरीत्या **दंडिमान्** इति अनुमितिरपि निरुक्तज्ञानकार्यं मन्यते। तर्हि तज्ज्ञानानन्तरं इयमपि अनुमितिः अवश्यं उत्पाद्या। तथा च कारणात्मकज्ञानानन्तरं "दंडत्ववद्वान् दंडिमान्" इति युगपद् द्वे अनुमिती स्तः। न च एतद् युक्तं। अनुभवविरुद्धत्वात्। न च अनुभवविरोधेऽपि काचित् कल्पना कर्तुं शक्या। अन्यथा वह्नौ उष्णस्पर्शानुभवेऽपि शीतस्पर्शादिकल्पनावकाशात्। तस्मात् अतितुच्छमिव प्रतिभाति पूर्वपक्षोक्तं निर्वचनम् इति ध्येयम्।

**चन्द्रशेखरीया: ઉત્તર:** આ તો બુદ્ધિમત્તાનું પ્રદર્શન તમે કરો છો. કેમકે ઉપરના વ્યાપ્તિજ્ઞાનની કાર્યતા તો "દંડત્વવદ્વાન્ પ્રાસાદઃ" એવી પરંપરાસંબંધથી દંડત્વવિશિષ્ટદંડી-સાધ્યક અનુમિતિમાં પણ રહેલી છે. એટલે આ કાર્યતાનું અવચ્છેદક દંડત્વાવચ્છિન્નવિધેયકાનુમિતિત્વ પણ છે. આનો અર્થ એ કે આ દંડત્વવિશેષ્યક એવા તાદૃશપ્રતિયોગિતાનવચ્છેદકત્વ જ્ઞાનના બે કાર્યો બનશે. અને તેથી જ્યાં આ કારણ હાજર થશે ત્યાં એક સાથે "દંડિમાન્ પ્રાસાદઃ દંડત્વવદ્વાન્ પ્રાસાદઃ" એ બે ય અનુમિતિ થવાની આપત્તિ આવે. જે સર્વથા અનુભવવિરુદ્ધ હોવાથી માની શકાતી જ નથી. આમાં ઘણી લાંબી ચર્ચા છે. અહીં તો માત્ર દિક્ સૂચન કરેલ છે.

---

**जागदीशी -- अपरे तु 'नोक्तव्याप्तिज्ञानं 'दण्डिमान्' वह्निसंयोगवान्' इत्याद्यनुमितौ हेतुः, किन्तु वक्ष्यमाणमन्योऽन्या-भावघटितव्याप्तिज्ञानम्। अत एव 'यथा-यथमि'त्यादिग्रन्थोऽपि सङ्गच्छत' इत्याहुः।**

---

**चन्द्रशेखरीया:** जागदीश्यां **अपरे तु** इत्यादिना अन्यः कश्चित् पूर्वपक्षः समुत्तिष्ठति युद्धाय। तेषामयमाशयः– अत्यन्ताभावघटितायाः व्याप्तेः ज्ञानं "दंडिमान्, वह्निमान्" इत्यादौ न कारणम्। यतः तत्र व्याप्ति-लक्षणं न घटते। दंडत्वादीनां परंपरया साध्यतावच्छेदकत्वस्वीकारे नास्माकं रूचिरस्ति। कल्पनागौरवात् अनुभविरोधाच्च। किन्तु अग्रे अत्रैव ग्रन्थे वक्ष्यमाणं भेदघटितं एव व्याप्ति-लक्षणम् तत्र ग्राह्यम्। तल्लक्षणं अत्र स्थाने सुखं घटते। तथाहि- हेत्वधिकरणवृत्ति-भेदप्रतियोगितानवच्छेदकसाध्यसामानाधिकरण्यं हि हेतुनिष्ठा व्याप्तिः इति एतत् भेदघटितं लक्षणम्। 'दंडिसंयोगाधिकरणं भूतलं **दंडिमान् न'** इति न शक्यते वक्तुं। किन्तु तद् भूतलं "घटवान् न" इति शक्यते वक्तुं। तथा च तद्भूतले वर्तमानः घटवद्भेदः। तस्य प्रतियोगितायाः अवच्छेदकः घटः। दंडस्तु अनवच्छेदकः एव साध्यतावच्छेदकः इति लक्षणघटनात् नाव्याप्तिः। इत्थं च एतद् अङ्गीकर्तव्यम्। अन्यथा सर्वत्रैव अत्यन्ताभावघटितलक्षणस्यैव स्वीकारे अत्रैव ग्रन्थे अग्रे वक्ष्यमाणं यथायथम्... इत्यादि न संजाघटीति। तस्य ग्रन्थस्य अयमाशयः यदुत यत्रानुमाने यल्लक्षणं सङ्गच्छते। तत्रानुमाने भेदघटितं अत्यन्ताभावघटितं वा तदेव लक्षणं अनुसरणीयम्।

अथ भवता सर्वत्रैव येन केनाऽपि प्रकारेण अत्यन्ताभावघटितमेव लक्षणं अनुसंधीयते। तर्हि भेदघटितलक्षणस्य सर्वथा अनवकाशात् स ग्रन्थः निश्फलो भवेत्। तस्मात् दंड्यादिसाध्यके भेदघटिता व्याप्तिः एव ग्राह्या।

[**आहुः** इत्यादिना जागदीश्यां अस्वरसः सूचितः। तद्बीजं तु तत्र नोक्तम्। किन्तु विवृत्यां वामाचरणैः तत् स्फुटीकृतम्। तच्च इदम्। दंड्यादिसाध्यके अनुमाने भेदघटितलक्षणमपि अव्याप्तमेव भवति। यतो "भूतलं तद्दंडिमान्

न, पर्वतः तद्दंडीमान् न" इत्यादिरीत्या सर्वेषां तत्तद्दंडिमद्भेदानां लक्षणघटकत्वात् तेषां प्रतियोगितानां अवच्छेदकाः यथायथं सर्वे दंडिनः साध्याः भवन्ति इति अव्याप्तिरक्षसा जक्षितम् तद् भेदघटितं लक्षणम्। तस्माद् यत्किंचिदेतद्। पूर्वोक्तरीत्या दंडत्वस्य परंपरया साध्यतावच्छेदकत्वं, दंडस्य वा परंपरया साध्यतावच्छेदकत्वं इत्यादि दीधितिजागदीशीकृतपरिष्करणयुक्तमेव लक्षणं युक्तियुक्तम् इति सर्वं चतुरस्रम्।]

**ચન્દ્રશેખરીયા: કેટલાંકો:** આ અત્યન્તાભાવથી ઘટિત વ્યાપ્તિનું જ્ઞાન એ દંડિમાન્ વિગેરે અનુમિતિમાં કારણ બનતું જ નથી. પણ આગળ જ ભેદથી ઘટિત જે વ્યાપ્તિ બનાવવાના છે. તેનું જ્ઞાન જ આ બધી અનુમિતિઓમાં કારણ છે.

તે આ પ્રમાણે--"હેતુસમાનાધિકરણ-ભેદપ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યસામાનાધિકરણ્ય" એ ભેદઘટિત વ્યાપ્તિ છે. "દંડિસંયોગવદ્ ભૂતલં દંડિમાન્ ન" એમ બોલી શકાતું નથી. પણ "ઘટવાન્ ન" ઇત્યાદિ કહી શકાય. એટલે દંડિસંયોગાધિકરણ એવા ભૂતલમાં રહેલો ઘટવદ્ભેદ મળે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટ બને અનવચ્છેદક દંડી=સાધ્ય બને, અને તેનું સામાનાધિકરણ્ય હેતુમાં મળી જવાથી અવ્યાપ્તિ ન આવે.

આ જ કારણસર આગળ જે કહેવાના છે કે જેવા પ્રકારની અનુમિતિમાં જેવા પ્રકારની વ્યાપ્તિનું જ્ઞાન મળે અને અનુમિતિ કરી આપે તે સ્થાનમાં તેવા પ્રકારની વ્યાપ્તિનું જ્ઞાન જ કારણ બને. અને ત્યાં વ્યાપ્તિનું લક્ષણ પણ એ જ રીતે બને. દંડિમાન્ વિગેરેમાં અત્યન્તાભાવથી ઘટિત લક્ષણ તો અવ્યાપ્ત જ બને છે. દંડત્વાદિને પરંપરાથી સાધ્યતાવચ્છેદક માનીને અવ્યાપ્તિ દૂર કરવી" એ બધું પણ અનુચિત લાગે છે. એના કરતા અહીં ઉપર મુજબ ભેદઘટિત વ્યાપ્તિ લક્ષણ ઘટી જ જાય છે. એટલે આવા સ્થાનમાં એ જ લક્ષણ લેવું. બધી જ જગ્યાએ જો અત્યન્તાભાવનું લક્ષણ મારી-મચડીને બેસાડવાનું હોત તો પછી યથાયથ... ઇત્યાદિ ગ્રન્થ જ ફોગટ થાય. ત્યાં તો જ્યાં જે લક્ષણ ઘટે ત્યાં તે લક્ષણ ઘટાવવાની જ વાત કરી છે. માટે અહીં ભેદઘટિત લક્ષણ માનવું ઉચિત છે.

[**ઉત્તર:** આ ભાઈની મૂઢતા ય જબરી છે. કેમકે ભેદ ઘટિત લક્ષણ પણ અવ્યાપ્ત જ બને છે. "ભૂતલં તત્દંડીમાન્ ન" ઇત્યાદિ પદ્ધતિથી હેત્વધિકરણમાં તત્તત્દંડિવત્ભેદ મળી જાય છે. અને તે ભેદની પ્રતિયોગિતાના અવચ્છેદક તમામે તમામ દંડીઓ=સાધ્યો બની જાય છે. એટલે અવ્યાપ્તિ તો રહેવાની જ છે. માટે જ એમની વાત ઉચિત નથી. પણ અમે કરેલું નિરૂપણ જ નિર્દોષ જાણવું.]

---

**जागदीशी -- नव्यास्तु-'दण्डिमान्' इत्यनुमितौ संयोगेन न दण्ड्यादेः प्रकारकत्वं, किन्तु स्ववृत्तिपुरुषत्वावच्छिन्नाधिकरणतासम्बन्धेन,**

---

**चन्द्रशेखरीयाः** अत्र नव्याः इत्थं स्वमतमाचक्षते- **दंडीमान् दंडीसंयोगात्** इति अत्र दंडी न संयोगेन साध्यः। अर्थात् साध्यतावच्छेदकसम्बन्धः न संयोगः, किन्तु स्ववृत्ति-पुरुषत्वावच्छिन्नाधिकरणत्वसम्बन्धः एव साध्यतावच्छेदकः। स्वं=दंडी, तद्वृति पुरूषत्वं, तदवच्छिन्नः पुरूषः, तदधिकरणं प्रासादः, तथा च परंपरासम्बन्धेन दंडी प्रासादे साध्यः,

न तु संयोगेन।

**ચન્દ્રશેખરીયા: નવ્યો:** દંડિમાન્ પ્રાસાદઃ આવા સ્થલે દંડી એ સંયોગસંબંધથી સાધ્ય છે જ નહીં. અર્થાત્ આ અનુમિતિમાં દંડી એ સંયોગસંબંધથી પ્રકાર=વિશેષણ બનતો જ નથી. પરંતુ સ્વવૃત્તિ-પુરૂષત્વાવચ્છિન્નાધિકરણતાસંબંધથી જ એ દંડી પ્રાસાદમાં પ્રકાર તરીકે ભાસે છે. [સ્વ=દંડી, તેમાં વૃત્તિ=પુરૂષત્વ, તેનાથી અવચ્છિન્ન દંડી પોતે, તેનું અધિકરણ પ્રાસાદ] આમ અમે તો સાધ્યતાવચ્છેદક સંબંધ તરીકે આ પરંપરા સંબંધ માનશું. [અત્યાર સુધી આપણે સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદક સંબંધ પરંપરા રૂપ માનેલો. આ લોકો હવે સાધ્યતાવચ્છેદક જ પરંપરાસંબંધ માને છે.]

---

**जागदीशी -- न चैवमनुभवापलापापत्तिरिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया: न च** अत्र संयोगस्यैव साध्यतावच्छेदकतायाः अनुभवसिद्धत्वात् परंपरासम्बन्धस्य साध्यतावच्छेदकत्वे परिकल्प्यमाने अनुभवापलापापत्तिः इति **वाच्यम्।**

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** અનુભવ તો એવો જ થાય છે કે દંડી એ સંયોગથી પ્રાસાદમાં છે. તમે જો પરંપરા સંબંધ માનશો તો આ અનુભવનો અપલાપ થશે.

---

**जागदीशी -- दीधितिकृन्मतेऽपि दण्डस्य साध्यतावच्छेदकधर्मविधया संयोगस्य च साध्यतावच्छेदकताघटक-संसर्गविधयाऽवगाहिताद्वयापलापापत्तेः**

---

**चन्द्रशेखरीया:** अहो विचित्रता भवत्स्वभावस्य। यत् अत्र दंडः साध्यतावच्छेदकधर्मः अनुभूयते। भवता च दंडत्वस्य साध्यतावच्छेदकत्वं परिकल्प्य तदनुभवापलापः क्रियते। तथा साध्यतावच्छेदकतायाः दंडनिष्ठायाः अवच्छेदकः सम्बन्धः संयोगोऽनुभूयते। भवता च स्वाश्रयाधिकरणत्वसम्बन्धस्य साध्यतावच्छेदकतावच्छेदकत्वं परिकल्प्य तदनुभवस्यापि अपलापः क्रियते। एवं तावत् भवान् द्वौ अनुभवौ निह्नुतवान्। वयं तु केवलं एकं एव अनुभवं अपलपामः। तत् कथं अस्मद्भ्यं उपालम्भो दीयते?

**ચન્દ્રશેખરીયા: નવ્ય:** વાહ! અમને "અનુભવનો અપલાપ થાય છે" એવી આપત્તિ આપનારા તમે તો બે-બે અનુભવોનો ચુરો કરી નાંખ્યો છે. તમે દંડત્વને સ્વાશ્રયદંડાધિકરણત્વસંબંધથી દંડીમાં રાખીને તેને સાધ્યતાવચ્છેદક માન્યો. હવે આ રીતે તો દંડ એ પોતે જ સાધ્યતાવચ્છેદકસંબંધનો ઘટક બની ગયો. પણ ખરેખર તો દંડ પોતે જ સાધ્યતાવચ્છેદક ધર્મ તરીકે અનુભવાય છે. તમે દંડત્વને પરંપરાસંબંધથી માની આ એક અનુભવનો અપલાપ કર્યો. તથા અહીં સંયોગ જ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ તરીકે અનુભવાય છે. તમે પરંપરાસંબંધને માની આ બીજા અનુભવનો પણ અપલાપ કર્યો. તો એના કરતા એક જ અનુભવનો અપલાપ કરનારા અમે શું ખોટા? [સાધ્યને રહેવાનો સંબંધ તે સાધ્યતાવચ્છેદકસંબંધ કહેવાય. સાધ્યતાવચ્છેદકને રહેવાનો સંબંધ તે

સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદક સંબંધ ગણાય.]

**जागदीशी -- एवञ्च दण्डत्वमित्यत्र भावार्थो न विवक्षितः। *परम्परासम्बद्धं* तादृशसम्बन्धावच्छिन्नमित्यर्थः।**

**चन्द्रशेखरीयाः ननु** दीधित्यां "दंडत्वादिकम् साध्यतावच्छेदकं" इति उक्तम् तत्किं तदसत् अस्ति। इति **चेत्** तत्र त्वप्रत्ययेन भावो न विवक्षितः इति दंडः एव साध्यतावच्छेदकधर्मः मन्तव्यः।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** પણ "દીધિતિમાં દંડત્વાદિકમ્ સાધ્યતાવચ્છેદકમ્" એમ જ લખેલ છે. તમે દંડને જ અવચ્છેદક માનો છો તો એની પંક્તિ શું ખોટી છે?

**નવ્યોઃ** ત્યાં દંડત્વમાં "ત્વ" એ ભાવ અર્થમાં નથી સમજવાનો. પણ સ્વાર્થ અર્થમાં સમજવાનો છે. એટલે કે દંડ જ સાધ્યતાવચ્છેદક બનશે. અને સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદકસંબંધ સંયોગ બનશે. માત્ર સાધ્યતાવચ્છેદકસંબંધ પરંપરાએ માનવાનો રહેશે.

**जागदीशी -- तथाच दण्ड एव साध्यतावच्छेदको हेतुमन्निष्ठाभावीय-तादृशसम्बन्धावच्छिन्न-प्रतियोगितानवच्छेदक इति प्रतियोगिताया वक्ष्यमाणसाध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वविशेषणादेव नाव्याप्ति'रिति प्राहुः ।।२।।**

**चन्द्रशेखरीयाः स्यादेतत्** भवतु नाम दंडी परंपरासम्बन्धेन साध्यम्। दंडश्च संयोगेन साध्यतावच्छेदकः, किन्तु एतदङ्गीकरणेऽपि यदि अव्याप्तिनिरासो न भवति, तर्हि निरर्थकः एव अयं परिष्कारः **इति।**

**अत्र उच्यते** यदि तावत् पूर्वमुक्तं लक्षणं एव मन्यते, तर्हि धूमाधिकरणे पर्वते समवायावच्छिन्नप्रतियोगिताक वह्नि-अभावस्य समवायेन वह्नि-अधिकरणे अवर्तमानस्य अत एव प्रतियोगिव्यधिकरणस्य सत्त्वात् तत्प्रतियोगितावच्छेदकं एव साध्यतावच्छेदकं भवति इति अव्याप्तिः। तद्वारणाय अभावीयप्रतियोगिता साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना एव प्रवेश्या। तथा च अत्र संयोगावच्छिन्न-प्रतियोगिताकवह्नि-अभावस्य पर्वते असत्त्वात् अभावान्तरमादाय लक्षणसमन्वयः। एवं च अत्रापि दंडिसंयोगाधिकरणे भूतलादौ यद्यपि संयोगादिना तत्तत्दंड्यभावः अस्ति। किन्तु स अभावः तादृशपरंपरासम्बन्धात्मकसाध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-प्रतियोगिताको नास्ति। अतः न स गृह्यते इति नाव्याप्तिः। [**ननु** एवमपि पर्वतीयादिदंडिनां स्ववृत्तिपुरूषत्वावच्छिन्नाधिकरणतासम्बन्धेन भूतलादौ असत्त्वात् तादृक्पर्वतीयादिदंड्यभावाः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाः लक्षणे प्रविष्टाः एव। तत्प्रतियोगितावच्छेदका दंडाः इति अव्याप्तेस्तादवस्थ्यम् इति चेत् न, लक्षणे प्रतियोगिव्यधिकरणत्वमपि अभावविशेषणं प्रविष्टम्। तस्यार्थस्तु प्रतियोगितावच्छेदकसम्बन्धेन यत् प्रतियोग्यधिकरणं तदवृतित्वम्" इति। अत्र च दंडि-वृत्तिपुरूषत्वावच्छिन्नाधिकरणत्व-सम्बन्धावच्छिन्नः एव तत्दंड्यभावो

भवता गृहीतः। स च यद्यपि भूतलादौ वर्तते इति कृत्वा हेतुसमानाधिकरणो भवति। किन्तु तस्य प्रतियोगितावच्छेदकः यः सम्बन्धः तत्सम्बन्धेन तदभावप्रतियोगिनः कुत्राप्यसत्त्वात् प्रतियोग्यधिकरणस्यैवाप्रसिद्ध्या न तद्घटितलक्षणस्य समन्वयः। तथा हि तद्दंड्यभावस्य प्रतियोगी तद्दंडी। तद्दंडी च दंडिपदेन ग्रहीतुं न शक्यते। अतः दंडि-वृत्ति पुरूषत्व... सम्बन्धेन तद्दंडिनः कुत्रापि असत्त्वम्। तद्दंडी तु तद्दंडि वृत्तिपुरूषत्वावच्छिन्नाधिकरणत्वसम्बन्धेनैव पर्वतादौ वर्तते। न तु एतेन साध्यतावच्छेदकसम्बन्धेन। तथा च अत्र प्रतियोगितावच्छेदकेन साध्यतावच्छेदकात्मकेन सम्बन्धेन तद्दंड्यभावप्रतियोगिनः अधिकरणस्यैव अप्रसिद्धत्वात् अभावान्तरमादाय लक्षणसमन्वयः।

**ननु** यथा तद्दंडिनः अभावो लक्षणघटकः न भवति तथा न कोऽपि अभावः लक्षणघटकं भवितुमर्हति। यतः साध्यतावच्छेदकसम्बन्धप्रथमपदं दंडी। तथा च शुद्धदंडी एव तत्प्रथमपददंडिघटितसाध्यतावच्छेदकसम्बन्धेन क्वचित् वर्तितुं अर्हति। अन्यस्तु कोऽपि पदार्थः प्रथमदंडिपदेन ग्रहीतुं अशक्यत्वात् न तेन सम्बन्धेन कुत्रापि वर्तते। अतः कस्यापि अभावस्य प्रतियोगिनः साध्यताच्छेदकसम्बन्धेन अधिकरणस्य अप्रसिद्धत्वात् न कोऽपि अभावः लक्षणघटकः भवति। तथा च अव्याप्तिः दुर्वारा। यद्यपि शुद्धदंडिनः साध्यतावच्छेदकसम्बन्धेन अधिकरणं प्रसिद्धं, किन्तु तदभावो दंडिसंयोगसमानाधिकरणः न भवत्येव इति न स गृह्यते इति ध्येयम्।

**अत्र उच्यते।** साध्यतावच्छेदकसम्बन्धातिरिक्तसम्बन्धावच्छिन्नत्वसाध्यनिष्ठत्वोभयाभावप्रतियोगितायाः एव अत्र विवक्षितत्वात् तत्तद्दंड्यभावप्रतियोगिता न तादृशावच्छिन्नत्व-साध्यनिष्ठत्वोभयाभाववती। अतः न सा गृह्यते। किन्तु घटाभावीयप्रतियोगिता न साध्यनिष्ठा इति सा प्रतियोगिता तादृशोभयाभाववती। अतः लक्षणघटका भवितुमर्हति इति तत्प्रतियोगितानवच्छेदकाः दंडाः एव इति लक्षणसमन्वयात् नाव्याप्तिः। अतिगहनोऽयं पदार्थो न जागदीश्यां स्पष्टीकृतः। अस्माभिस्तु विवृत्तिटीकानुसारात् एतत् स्पष्टीकृतम् इति समाप्तोऽयं नव्याभिप्रायः।]

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** તમે પરંપરાએ સાધ્ય માનો એનો વાંધો નથી. પણ એ રીતે પણ અહીં લક્ષણ ઘટે છે કે નહી એ તો જોવું જ પડશે. અહીં "તદ્દંડી નાસ્તિ" ઇત્યાદિ રીતે બધા તત્તત્દંડીના અભાવ તો લક્ષણ ઘટક બની જ જવાના છે. અને તેની પ્રતિયોગિતાના અવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક દંડાદિ હોવાથી અવ્યાપ્તિ તો આવે જ છે. તો પછી સાધ્યતાવચ્છેદક સંબંધ પરંપરાત્મક માનવાનો કોઈ અર્થ જ સરતો નથી.

**નવ્ય:** એક વાત તો એ કે જો પૂર્વે કહેલું લક્ષણ જ માનશું તો પછી **વહ્નિમાન્ ધૂમાત્** સ્થલે ધૂમાધિકરણ પર્વતમાં સમવાયેન વહ્નિનો અભાવ સ્વરૂપથી રહે જ છે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ બની જવાથી અવ્યાપ્તિ ઉભી જ રહેવાની. આ માટે એમ કહેવું પડશે કે અભાવ એ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક જ લેવાનો. તમે જે તત્-તત્દંડીનો અભાવ લીધો છે. એ તો સંયોગાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો તત્દંડી-અભાવ છે. એટલે આ અભાવ તો લક્ષણ ઘટક તરીકે ન લેવાય. કેમકે પરંપરાત્મક એવા સાધ્યતાવચ્છેદકસંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગિતાનો નિરૂપક આ અભાવ નથી. જો કે દંડિસંયોગવાળા ભૂતલાદિમાં તત્તત્દંડી-અભાવ મળે છે ખરો. અર્થાત્ પર્વતમાં રહેલો તત્દંડી એ દંડિવૃત્તિ-પુરૂષત્વાવચ્છિન્નાધિકરણત્વસંબંધથી ભૂતલમાં નથી રહેતો. માટે એ રીતે ભૂતલાદિમાં

સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ મળે ખરા. પણ એ ન લેવાય. કેમકે આપણે જોઈ ગયા છીએ કે અભાવ એ પ્રતિયોગિવ્યધિકરણ પણ હોવો જોઈએ. પ્રતિયોગિવ્યધિકરણ="પ્રતિયોગ-અધિકરણ-અવૃત્તિ". હવે આ અર્થ પ્રમાણે લક્ષણ–પ્રતિયોગિઅધિકરણ-અવૃત્તિ-હેત્વધિકરણ-વૃત્તિ-અભાવ... બનશે. તમે તત્તત્દંડીના અભાવ એ હેત્વધિકરણોમાં ચાલની ન્યાયથી રાખ્યા. ધારો કે પ્રથમ દંડી-અભાવનો પ્રતિયોગિ પ્રથમદંડી છે. તો આ અભાવ એ સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિ જે અધિકરણમાં રહે તે અધિકરણમાં ન રહેનારો લેવાનો છે. અહીં તો શુદ્ધદંડીવૃત્તિ-પુરૂષત્વાવચ્છિન્ન-અધિકરણતા એ સાધ્યતાવચ્છેદક સંબંધ છે. તત્દંડી=પ્રતિયોગી એ શુદ્ધદંડી ન હોવાથી સ્વ=તરીકે તે નહીં લેવાય. અને તેથી આ સંબંધથી આ પ્રતિયોગી ક્યાંય રહેતો જ ન હોવાથી અહીં પ્રતિયોગિ-અધિકરણ જ ન મળતા પ્રતિયોગિ-અધિકરણ-અવૃત્તિ એવો અભાવ પણ ન લઈ શકાય. એટલે તત્તત્દંડી-અભાવો લક્ષણઘટક તરીકે લઈ ન શકાય માટે એ અભાવની પ્રતિયોગિતા લક્ષણમાં આવતી જ નથી. એટલે સંયોગેન ઘટાભાવ લઈ તેની પ્રતિયોગિતાના અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક દંડ મળી જાય. માટે વાંધો ન આવે.

[**પ્રશ્ન:** આ તો ધંધો કરીને કમાણી કરવા જતાં તમને મૂડી ખોવાનો વારો આવ્યો. સાધ્યતાવચ્છેદક સંબંધ દંડીવૃત્તિપુરૂષત્વાવચ્છિન્નાધિકરણત્વ માનેલ છે. આ સંબંધથી તો માત્ર શુદ્ધદંડી જ રહી શકે. બીજા કોઈપણ પદાર્થો શુદ્ધદંડી ન હોવાથી સંબંધના પ્રથમ શબ્દ "દંડી" તરીકે એ ન લેવાતા આગળ કંઈ જ ન મળે. અને આ શુદ્ધદંડીનો અભાવ તો દંડીસંયોગવાન્ ભૂતલાદિમાં મળવાનો જ નથી. બીજા કોઈપણ પદાર્થો આ સંબંધથી ક્યાંય રહેતા ન હોવાથી તેઓનું આ સંબંધથી અધિકરણ જ ન મળવાથી પ્રતિયોગિ-અધિકરણ જ ન મળતા તે પદાર્થોના અભાવો પ્રતિયોગિવ્યધિકરણ તરીકે લઈ નહીં શકાય. માટે આ અવ્યાપ્તિદોષ સ્પષ્ટ જ છે.

**ઉત્તર:** સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાક અભાવ લેવાનો. એમ જે કહેલ છે તેનો અર્થ એ કરવો કે "સાધ્યતાવચ્છેદકસંબંધ-ભિન્નસંબંધાવચ્છિન્નત્વ-સાધ્યનિષ્ઠત્વ-ઉભયાભાવવત્પ્રતિયોગિતાક-અભાવ." ઘટાભાવીયપ્રતિયોગિતા ઘટમાં છે. તે પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંબંધભિન્નસંયોગસંબંધાવચ્છિન્નત્વ હોવા છતાં પણ સાધ્ય (દંડી) નિષ્ઠત્વ ન હોવાથી આ પ્રતિયોગિતા એ ઉભયાભાવવાળી છે. માટે એ પ્રતિયોગિતા લઈ શકાય. તેના અનવચ્છેદક દંડી હોવાથી લક્ષણ ઘટી જાય છે. ભૂતલમાં તત્તત્દંડી-અભાવની પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકસંબંધભિન્નસંયોગસંબંધવચ્છિન્ન પણ છે અને સાધ્ય-દંડીમાં રહેલી જ આ પ્રતિયોગિતા છે. એટલે આ પ્રતિયોગિતા ઉભયવાળી બની. ઉભયાભાવવાળી ન બની. માટે તે લક્ષણમાં ઘટક તરીકે ન બની શકે. જો કે ભૂતલમાં સાધ્યતાવચ્છેદક પરંપરાસંબંધથી પણ તત્દંડીનો અભાવ તો મળી જ જાય. પણ તે સંબંધથી તત્દંડી=પ્રતિયોગી ક્યાંય રહેતો ન હોવાથી પ્રતિયોગિ-અધિકરણ ન મળતા પ્રતિયોગિ-અધિકરણ-અવૃત્તિ એવો આ અભાવ ન બને. અને માટે તે ન લેવાય. આમ ઘટાભાવાદિ એ લક્ષણઘટક બની જતાં અવ્યાપ્તિ ન આવે.

આ પદાર્થ ખૂબ ગહન છે. જાગદીશીમાં આનો સ્પષ્ટ ખુલાસો નથી. પણ વામાચરણભટ્ટાચાર્યની વિવૃત્તિ ટીકાને આધારે જ આ પદાર્થ સ્પષ્ટ થાય છે.]

# दीधिति

**इत्थञ्च इदं द्रव्यं गुणकर्म्मान्यत्वे सति सत्त्वादित्यादौ सत्त्वाद्यधिकरणगुणादिनिष्ठात्यन्ताभावप्रतियोगित्वेऽपि द्रव्यत्वादेर्नाव्याप्तिः, साधनस्य विशिष्टसत्त्वादेर्गुणादाववृत्तेः ।।३।।**

---

**जागदीशी -- यद्रूपविशिष्टस्य फलमाह *इत्थञ्चेति* चोऽवधारणे। इत्यादौ=इत्यादिन्यायस्थलीयहेतौ। तथा च न्यायः पक्षनिर्देशं विना न सम्भवतीत्यत इदम्पदेन तन्निर्देशः, एवमग्रेऽपि।**

---

**चन्द्रशेखरीयाः** संप्रति दीधितिप्रोक्तलक्षणे निविष्टस्य "यद्‌रूपविशिष्ट" इति पदस्य फलं दीधितिः प्राह–**इत्थञ्च** इत्यादिना... अयं भावः यदि हि यद्‌रूपविशिष्टपदं न प्रक्षिप्यते लक्षणे। तदा **इदं द्रव्यं गुणकर्मभिन्नत्वे सति सत्त्वात्** इति अत्र अव्याप्तिः भवति। यतो विशिष्टसत्ता अत्र हेतुः। सा च शुद्धसत्ताभिन्ना। शुद्धसत्तायाः अधिकरणं गुणः अपि। तस्मिन् द्रव्यत्वाभावः। तत्प्रतियोगितावच्छेदकं द्रव्यत्वत्वं एव साध्यतावच्छेदकं इति अव्याप्तिः।

यद्‌रूपविशिष्टस्य हेतुविशेषणत्वेन प्रवेशे कृते सति नेयमव्याप्तिः भवति। यतो विशिष्टसत्तात्वम् अत्र यद्‌रूपम्। तद्‌विशिष्टा विशिष्टसत्ता एव। न तु शुद्धसत्ता। विशिष्टसत्तायाः अधिकरणं द्रव्यं। न तु गुणः। तस्मिन् द्रव्ये द्रव्यत्वाभावो नास्ति। किन्तु गुणत्वाभावः। तत्प्रतियोगितावच्छेदकं गुणत्वत्वं इति लक्षणघटनात् न दोषः। **ननु** "व्याप्तिलक्षणे निरूप्यमाणे कुत्रापि पक्षनिर्देशः न क्रियते" इति सामान्यतः प्रभूतेषु ग्रन्थेषु दृष्टम्। अत्र तु इदम्पदेन किमर्थं पक्षनिर्देशः क्रियते इति **चेत्** पञ्चावयववाक्यप्रयोगः हि न्यायः। यत्र च न्यायस्य प्रतिपादनं कर्तुमिष्यते तत्र पक्षनिर्देशः आवश्यकः। अन्यथा पक्षघटितायाः प्रतिज्ञायाः अनिर्वाहात् न न्यायप्रयोगः सुशकः इति अत्र न्यायस्य कर्तुमिष्टत्वात् पक्षनिर्देशः कृतः। न च पक्षनिर्देशं विना न्यायः संभवति।

**ચન્દ્રશેખરીયા:** દીધિતિ લક્ષણમાં પ્રતિયોગિ-વ્યધિકરણ-યદ્રૂપવિશિષ્ટ હેતુસમાનાધિકરણ અભાવ.... એમ યદ્રૂપ પદ લખેલ છે. હવે દીધિતિ પોતે જ એ પદનો ફાયદો બતાવે છે. જો યદ્રૂપવિશિષ્ટ એમ ન લખે તો **इदं द्रव्यं गुणकर्मभिन्नत्वे सति विशिष्टसत्वात्** અહીં અવ્યાપ્તિ આવે. અહીં વિશિષ્ટસત્તા એ હેતુ છે. એ અને શુદ્ધસત્તા એક જ છે. અને શુદ્ધસત્તાના અધિકરણ તરીકે ગુણાદિ પણ મળે. અને તેમાં દ્રવ્યત્વાભાવ મળી જાય. આમ શુદ્ધસત્તા-અધિકરણગુણમાં રહેલો દ્રવ્યત્વાભાવ લક્ષણઘટક બને. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક દ્રવ્યત્વત્વ એ જ સાધ્યતાવચ્છેદક બની જતાં અવ્યાપ્તિ આવે.

પણ "યદ્રૂપવિશિષ્ટ" એ હેતુનું વિશેષણ મુકવાથી વાંધો ન આવે. કેમકે વિશિષ્ટસત્તાત્વ એ "યદ્રૂપ" તરીકે છે. તેનાથી વિશિષ્ટ તો વિ.સત્તા જ બને. શુદ્ધસત્તા ન બને. એ તે વિ.સત્તાનું અધિકરણ દ્રવ્ય જ બનશે. અને તેમાં દ્રવ્યત્વાભાવ ન મળે. ગુણત્વાભાવને લઈને લક્ષણ ઘટી જાય.

**પ્રશ્નઃ** ઠીક છે. પણ દીધિતિમાં **इदं द्रव्यं ગુણकर्मभिन्नत्वे सति सत्वात्** અનુમાને લખેલ છે. આમ તો આ લોકો વ્યાપ્તિનિરૂપણ વખતે કોઈપણ સ્થાને લગભગ પક્ષનો ઉલ્લેખ કરતા જ નથી. તો અહીં "इदं" દ્વારા પક્ષનો ઉલ્લેખ શા માટે કર્યો?

**ઉત્તરઃ** પંચાવયવવાક્યનો પ્રયોગ એ ન્યાય ગણાય. અને ન્યાય પ્રયોગ કરવો હોય તો પક્ષનો નિર્દેશ કરવો જ પડે. એ વિના "પ્રતિજ્ઞા" જ ન મળતાં પંચાવયવવાક્યપ્રયોગ ન ઘટે. આ સુચવવા માટે જ અહીં પક્ષનિર્દેશ છે. આગળ પણ જ્યાં પક્ષનિર્દેશ કરે ત્યાં આ ખુલાસો સમજી લેવો.

---

**जागदीशी -- यत्तु 'द्रव्ये धर्मिणि तादात्म्येन गुणकर्मणोः साध्यताभ्रमं निरसितुमिदमिति पक्षनिर्देश' इति, तन्मन्दम्। एवमपि इदन्त्वविशिष्टद्रव्ये गुणकर्मणोः साध्यताभ्रमस्यानिरासादिति।**

---

**चन्द्रशेखरीयाः** अत्र केषांचिदयमभिप्रायः–इदम्पदं विना कस्यचित् "द्रव्यं पक्षः, गुणकर्म तादात्म्येन साध्यं" इति भ्रमो भवितुं शक्नोति। तद्वारणाय इदम्पदं निर्दिष्टम् इति। तन्मन्दम्। यतः इदम्पदप्रवेशेऽपि "इदं द्रव्यं पक्षः, गुणकर्म साध्यं" इति भ्रमस्य अप्रतिषिद्धप्रसरत्वात् इदम्प्रवेशो व्यर्थः एव भवति। तथा च यथोक्तमेव स्वीकरणीयम्।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** અમે તો એવું માનીએ છીએ કે "द्रव्यं ગુણકર્માન્યત્વે સતિ સત્ત્વાત્" એમ જ જો લખે અને "इदं" પદ ન મુકે તો કોઈ એમ સમજી લે કે "દ્રવ્ય એ પક્ષ છે. "ગુણકર્મ" એ તાદાત્મ્યથી સાધ્ય છે. અને "અન્યત્વે સતિ સત્ત્વાત્" એ હેતુ છે. આવો ભ્રમ ન થાય એ માટે "इदं" પદ મુકેલ છે.

**ઉત્તરઃ** એમ માનો તોય એવો ભ્રમ થવો હજી ય શક્ય જ છે કે "इदं द्रव्यं એ પક્ષ છે. અને ગુણકર્મ તાદાત્મ્યથી સાધ્ય છે." એટલે ખરેખર તો "આવા કોઈ ભ્રમને દૂર કરવા માટે પક્ષનિર્દેશ કરેલો છે" એવી માન્યતા ભુલ ભરેલી છે.

---

**जागदीशी -- (*प्रतियोगित्वेऽपीति*--प्रतियोगितावच्छेदकावच्छिन्नत्वेऽपीत्यर्थः।) *गुणादाववृत्तेरिति*। गुणादावभावादित्यर्थः; तथा च हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणत्वं न गुणस्येति भावः।**

**यद्यप्यवश्यक्लृप्ताभिः**

**पर्वतत्व-चत्वरत्वादि-तत्तद्धर्म्मविशिष्टतत्तद्धूमत्वाद्यवच्छिन्नाधिकरणताव्यक्तिभिरेव 'धूमवानि'तिप्रत्ययोपपत्तौ धूमत्वाद्यवच्छिन्नाधिकरणतायां मानाभावात् वह्निमान् धूमादित्यादावव्याप्तिः (हेतुतावच्छेदकीभूत) धूमत्वाद्यवच्छिन्नाधिकरणत्वाप्रसिद्धेः**

---

**चन्द्रशेखरीयाः ननु** "यद्रूपविशिष्टं" इति यद् हेतुविशेषणं, तस्य अर्थः "हेतुतावच्छेदकावच्छिन्नहेतुः" इति अभिप्रेतः। तदधिकरणं लक्षणघटकम्। एवं स्वीक्रियमाणे च अव्याप्तिः भवति। तथा हि–'धूमवान्' इति प्रतीतिर्भवति। तदुपपत्त्यर्थं एवं मन्यते यदुत यत्र धूमत्वावच्छिन्नधूमनिरूपिताधिकरणता, तत्र एषा प्रतीतिर्भवति। पर्वतादौ तादृशाधिकरणतायाः सत्त्वात् तत्र तादृशी प्रतीतिर्भवति। ह्रदादौ तु तादृशाधिकरणतायाः असत्त्वात् न तत्र प्रतीतिर्भवति इति। किन्तु एवं सति पर्वते तादृशाधिकरणतायाः सत्त्वात् **महानसीयधूमवान्** इत्यपि प्रतीतिः आपद्येत। कारणस्य सत्वात्। एवं महानसेऽपि "पर्वतीयधूमवान्" इत्यपि प्रतीतिः भवतुमर्हति। तत्रापि तादृशाधिकरणतायाः सत्त्वात्। एतदापत्तिवारणाय एवं मन्यते यदुत यत्र महानसीयधूमत्वावच्छिन्नधूमनिरूपिताधिकरणता। तत्रैव 'महानसीयधूमवान्' इति प्रतीतिर्भवति। नान्यत्र। एवं यत्र पर्वतीयधूमत्वावच्छिन्नधूमनिरूपिताधिकरणता, तत्रैव 'पर्वतीयधूमवान्' इति प्रतीतिर्भवति।

एवं च पर्वते महानसीयधूमत्वावच्छिन्नधूमनिरूपिताधिकरतायाः असत्त्वात् न तत्र महानसीयधूमवत्ताप्रतीतिः आपद्येत। एवं च न कश्चिद् दोषः। तथा च यदि तत्तद्धूमत्वावच्छिन्नाधिकरणता अवश्यं अभ्युपगन्तव्या एव। तर्हि धूमत्वावच्छिन्नधूमनिरूपिताधिकरणता न मन्यते। यतो 'धूमवान्' इति प्रतीतिः तत्तद्धूमत्वावच्छिन्ननिरूपिताधिकरणतयैव भविष्यति। एवं धूमत्वावच्छिन्नधूमाधिकरणस्यैव अप्रसिद्ध्या तद्घटितलक्षणस्य **"वह्निमान् धूमात्"** इत्यादि स्थले अव्याप्तिः सुघटैव इति **चेत्।**

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** યદ્રૂપવિશિષ્ટ=હેતુતાવચ્છેદકાવચ્છિન્ન એવો જ અર્થ તમને ઇષ્ટ છે. પણ એમ માનવામાં વાંધો આવે છે. "ધૂમવાન્" એવી જે પ્રતીતિ થાય છે તે માટે એમ જો માનીએ કે ધૂમત્વાવચ્છિન્નધૂમનિરૂપિતાધિકરણતા જ્યાં હોય ત્યાં ધૂમવાન્ એવી પ્રતીતિ થાય. તો પછી વાંધો એ આવશે કે મહાનસમાં ધૂમત્વાવચ્છિન્નધૂમનિરૂપિતાધિકરણતા હોવાથી **મહાનસઃ પર્વતીયધૂમવાન્** એવી પ્રતીતિ પણ થવાની આપત્તિ આવે. એમ પર્વતમાં પણ ધૂમત્વાવચ્છિન્નધૂમાધિકરણતા હોવાથી **પર્વતઃ મહાનસીયધૂમવાન્** પ્રતીતિ થવાની આપત્તિ પણ આવે. આ નિવારવા માટે એમ તો માનવું જ પડશે કે મહાનસીયધૂમવાન્ એવી પ્રતીતિ પ્રત્યે મહાનસીયધૂમત્વાવચ્છિન્નધૂમનિરૂપિતાધિકરણતા પ્રયોજક છે. એમ "જ્યાં પર્વતીયધૂમત્વાવચ્છિન્નધૂમનિરૂપિત-અધિકરણતા હોય ત્યાં જ પર્વતીયધૂમવાન્ પ્રતીતિ થાય" એમ માનવાનું રહે છે. આમ તત્તદ્ધૂમત્વાવચ્છિન્નનિરૂપિતાધિકરણતા તો માનવાની જ છે. એ વિના છુટકો નથી. હવે આવી અધિકરણતા દ્વારા જ ધૂમવાન્ એવી પ્રતીતિ પણ ઘટી જ શકે છે. એટલે કે **મહાનસીયધૂમવાન્** પ્રતીતિ પ્રત્યે મહાનસીયધૂમત્વાવચ્છિન્નાધિકરણતા પ્રયોજક બને. **પર્વતીયધૂમવાન્** પ્રતીતિ પ્રત્યે પર્વતીય ધૂમત્વાવચ્છિન્નાધિકરણતા પ્રયોજક બને. **ચત્વરીયધૂમવાન્** પ્રતીતિ પ્રત્યે ચત્વરીયધૂમત્વાવચ્છિન્નાધિકરણતા પ્રયોજક, આ બધું માનવાનું જ છે. તો હવે "ધૂમવાન્ પ્રતીતિ પ્રત્યે ધૂમત્વાવચ્છિન્નાધિકરણતા પ્રયોજક છે" એવુ માનવાની જરૂર રહેતી નથી. કેમકે એ તો પેલી વિશિષ્ટ-અધિકરણતાઓ દ્વારા જ ધૂમવાન પ્રતીતિ પણ ઘટી જ શકશે. આમ ધૂમત્વાવચ્છિન્નધૂમનિરૂપિત-અધિકરણતા માનવાની કોઈ જરૂર જ નથી. હવે આ ન માનીએ તો પછી તમે જે હેતુતાવચ્છેદકધૂમત્વાવચ્છિન્નધૂમાધિકરણ... નો લક્ષણમાં નિવેશ કરેલો છે. એ તો પ્રસિદ્ધ જ ન હોવાથી એ લક્ષણ વહ્નિસાધ્યકસ્થલે અવ્યાપ્ત જ બનવાનું છે.

**जागदीशी -- तथाऽपि हेतुतावच्छेदकधर्मे- स्वाश्रयाधिकरणीभूतयन्निष्ठाधिकरणतानवच्छेदकत्वस्य (सामान्यतः) अधिकरणतावच्छेदकत्वस्य च द्वयोर्व्यतिरेकः, तथाविधं हेतुतावच्छेदकाश्रयाधिकरणमेव 'हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणे' त्यनेन विवक्षितं। वह्निमान् धूमादित्यादौ च तादृशं हेत्वधिकरणं धूमस्याधिकरणमात्रं। द्रव्यं विशिष्टसत्त्वादित्यादौ तादृशहेत्वधिकरणं द्रव्यमेव, न तु गुणादि। विशिष्टसत्तात्वे तन्निष्ठाधिकरणतानवच्छेदकत्वस्य (सामान्यतः) अधिकरणतावच्छेदकत्वस्य च द्वयोः सत्त्वादिति ध्येयम्।**

---

**चन्द्रशेखरीया:** तर्हि "हेतुतावच्छेदकावच्छिन्नहेत्वधिकरण" इति अस्य पारिभाषिको वक्ष्यमाणोऽर्थः कर्तव्यः। स च अयम्-हेतुतावच्छेदकधर्मे स्वाश्रयाधिकरणीभूतयन्निष्ठाधिकरणतानिरूपकतानवच्छेदकत्व-सामान्यतोऽधिकरणतावच्छेदकत्वैतदु-भयाभावः। स्वाश्रयाधिकरणीभूतं तदेव हेतुतावच्छेदकावच्छिन्नहेत्वधिकरणपदेन ग्राह्यम्। धूमत्वं हेतुतावच्छेदकं अस्ति। तथा च स्वं=धूमत्वं, तस्य आश्रयः धूमः, तस्य अधिकरणं पर्वतादिः, तस्मिन् अधिकरणता, तस्याः निरूपकः पर्वतीयो धूमः, तन्निरूपकतावच्छेदकं पर्वतीयधूमत्वं, अनवच्छेदकं धूमत्वं। एवं प्रथमभागो धूमत्वे अस्ति। किन्तु धूमत्वावच्छिन्नधूमाधिकरणतायाः अस्वीकृतत्वात् धूमत्वं न कस्या अपि अधिकरणतानिरूपकतायाः अवच्छेदकं भवति इति धूमत्वे सामान्यतो अधिकरणतावच्छेदकत्वं नास्ति इति द्वितीयभागस्य असत्त्वात् एकसत्वेऽपि द्वयं नास्ति इति न्यायात् धूमत्वे उभयाभावः अस्ति। अतः यत्पदगृहीतः पर्वतादिः एव हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणपदेन गृह्यते। तद्वृत्तिघटाभावीयप्रतियोगितायाः अनवच्छेदकं वह्नित्वं इति लक्षणसमन्वयः।

एवं **द्रव्यं विशिष्टसत्वात्** इति अत्रापि पारिभाषिकं हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणं ग्राह्यम्। तथाहि हेतुतावच्छेदकं विशिष्टसत्तात्वम्। तदवच्छिन्नं केवला विशिष्टसत्ता एव, किन्तु विशिष्टसत्तात्वाश्रयस्तु विशिष्टसत्ता शुद्धसत्ता द्वे अपि भवतः। विशिष्टसत्तायाः शुद्धसत्ताभिन्नत्वात्। तथा च अत्र स्वाश्रयं यदि शुद्धसत्ता गृह्यते। तर्हि तदधिकरणं गुणः। तस्मिन् अधिकरणता। तस्य निरूपिका शुद्धसत्ता। तन्निष्ठनिरूपकतायाः अवच्छेदकं शुद्धसत्तात्वम् भवति। अनवच्छेदकं तु विशिष्टसत्तात्वम्। तथा विशिष्टसत्तात्वे सामान्यतः द्रव्यनिष्ठाधिकरणतानिरूपकतायाः विशिष्टसत्तानिष्ठायाः अवच्छेदकत्वं अस्ति इति अत्र विशिष्टसत्तात्वे उभयसत्वात् उभयाभावो न मीलति। अतः गुणः न हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणपदेन ग्रहीतुं शक्यः। किन्तु विशिष्टसत्तात्वस्य आश्रयः विशिष्टसत्ता। तदधिकरणं द्रव्यं। तस्मिन् वर्तमानायाः अधिकरणतायाः निरूपकता विशिष्टसत्तायां। तन्निरूपकतावच्छेदकं विशिष्टसत्तात्वम् इति विशिष्टसत्तात्वे तादृशाधिकरणतानवच्छेदकत्वं नास्ति। अतः एकाभावात् उभयाभावोऽपि विशिष्टसत्तात्वे मीलितः। तथा च यत्पदगृहीतं द्रव्यमेव हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणपदेन गृह्यते। तस्मिन् द्रव्यत्वाभावो नास्ति, किन्तु गुणत्वाभावादिः, तत्प्रतियोगितानवच्छेदकं द्रव्यत्वत्वं इति लक्षणघटनात् नाव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** જો એમ હોય તો અમે કહેશું કે હેતુતાવચ્છેદકધર્મમાં સ્વાશ્રય-અધિકરણ યદ્નિષ્ઠાધિકરણતા-નિરૂપકતાનવચ્છેદકત્વ+સામાન્યથી અધિકરણતાનિરૂપકતાવચ્છેદકત્વ એ ઉભયનો અભાવ

હોય. તે જ યદ્થી લીધેલું અધિકરણ એ હેત્વધિકરણ તરીકે લેવાનું છે. હવે હેતુતાવચ્છેદકાવચ્છિન્નાધિકરણની કોઈ જરૂર નથી. ધૂમ હેતુ છે. માટે ધૂમત્વ એ હેતુતાવચ્છેદક ધર્મ છે. હવે ધૂમત્વનો આશ્રય બધા ધૂમો બની શકે. તે ધૂમનું અધિકરણ તરીકે પર્વતાદિ આવે. એમાં જે અધિકરણતા છે તેનો નિરૂપક પર્વતીયધૂમાદિ છે. એ પર્વતીયધૂમાદિમાં જે નિરૂપકતા આવી. તેનો અવચ્છેદક ધૂમત્વ તો બનવાનું જ નથી. પણ પર્વતીયધૂમત્વ બનશે. આમ ધૂમત્વમાં તાદૃશાધિકરણતાનિરૂપકતાવચ્છેદકત્વ તો મળી ગયું. પણ તમે કહી ગયા છો કે ધૂમત્વાવચ્છિન્નધૂમનિરૂપિત-અધિકરણતા માનવાની નથી. એટલે પર્વતાદિમાં આવેલી અધિકરણતાની નિરૂપકતા જે પર્વતીયધૂમાદિમાં છે તેનો અવચ્છેદક ધૂમત્વ તો બનવાનો જ નથી. અર્થાત્ ધૂમત્વ એ કોઈપણ પ્રકારની અધિકરણતાની નિરૂપકતાનો અવચ્છેદક બનવાનો નથી. આમ આ બીજો ભાગ એ ધૂમત્વમાં ન રહેવાથી ધૂમત્વમાં એ ઉભયનો અભાવ મળી ગયો. અને એટલે હવે યત્ પદથી જે પર્વતાદિ લીધા છે તેઓ [હેતુતાવચ્છેદકધૂમત્વાશ્રયના અધિકરણ તરીકે લીધેલા] જ "હેતુતાવચ્છેદકાવચ્છિન્નાધિકરણ" શબ્દથી લઈ શકાશે. આમ અહીં આ રીતે હેત્વધિકરણ તરીકે પર્વતાદિ લેવાના છે. બાકી તો પૂર્વવત્ લક્ષણ ઘટે જ છે.

હવે,

**દ્રવ્યં વિશિષ્ટસત્વાત્** અહીં પણ વિશિષ્ટસત્તાત્વ+શુદ્ધસત્તાત્વ એ બે જણ હેતુતાવચ્છેદક ધર્મ છે. તો એમાં આ ઉભયનો અભાવ કઈ રીતે મળે છે? એ જોઈએ. એ વિશિષ્ટસત્તાત્વનો આશ્રય વિશિષ્ટ સત્તા બને અને વિ.સત્તા એ શુ.સત્તાથી અભિન્ન છે. એટલે સ્વાશ્રય=શુદ્ધસત્તા લેવાશે. એમાં શુદ્ધસત્તાનું અધિકરણ તરીકે જો ગુણ લઈએ તો તેમાં અધિકરણતા આવી તેનો નિરૂપક તો શુદ્ધસત્તા જ બનવાની છે. એટલે શુદ્ધસત્તામાં નિરૂપકતા આવી. અને તે નિરૂપકતાનો અવચ્છેદક શુદ્ધસત્તાત્વ બનશે. વિ.સત્તાત્વ ન બને. આમ વિ.સત્તાત્વમાં એક ભાગ તો આવી ગયો.

હવે દ્રવ્યમાં વિ.સત્તા રહે છે. એટલે દ્રવ્યમાં રહેલી અધિકરણતાની નિરૂપકતા વિ.સત્તામાં આવી. તેનો અવચ્છેદક તો વિ.સત્તાત્વ બને જ છે. આમ અહીં વિ.સત્તાત્વમાં બે ય મળી જવાથી ઉભયાભાવ ન મળ્યો અને તેથી યત્પદથી જે ગુણ લીધેલો. તે હવે "હેત્વધિકરણ" તરીકે = હેતુતાચ્છેદકાવચ્છિન્નઅધિકરણ તરીકે લઈ શકાશે નહિ.

જ્યારે વિ.સત્તાત્વના આશ્રય તરીકે વિ.સત્તા લઈએ અને તેનું અધિકરણ દ્રવ્ય લઈએ તો દ્રવ્યમાં રહેલી અધિકરણતાની નિરૂપકતા વિ.સત્તામાં આવી. અને તે નિરૂપકતાનો અવચ્છેદક વિ.સત્તાત્વ બની ગયો. એટલે તેમાં તાદૃશનિરૂપકતાનવચ્છેદકત્વ મળતું નથી. એટલે એક ન મળવાથી ઉભયાભાવ મળી ગયો. એટલે અહીં યત્પદથી તો દ્રવ્ય જ લીધેલ છે. એટલે "હેતુતાવચ્છેદકાવચ્છિન્ન-અધિકરણ" તરીકે દ્રવ્ય જ લેવાશે. તેમાં દ્રવ્યત્વાભાવ મળવાનો નથી. એટલે બીજા અભાવને લઈને લક્ષણ સમન્વય થઈ જશે. અહીં દીધિતિમાં જ્યાં જ્યાં અધિકરણતા શબ્દ છે ત્યાં યથાયોગ્યરીતે 'અધિકરણતાનિરૂપકતા'... એમ સ્પષ્ટતા કરવી કેમકે એ પ્રમાણે જ અર્થ સંગત થશે.

**जागदीशी -- साध्य-साधनभेदेन व्याप्तेर्भेदात् यत्र साधनतावच्छेदकं नाधिकरणतानिरूपकतावच्छेदकं तत्र तदाश्रयसमानाधिकरणत्वमेव निवेश्यमित्यपि वदन्ति ।।३।।**

---

**चन्द्रशेखरीया: केचित्** तु साध्य-साधनभेदेन व्याप्तेः भेदाभ्युपगमात् यत्र हेतुतावच्छेदकं धूमत्वादि न अधिकरणतानिरूपकतावच्छेदकं। तत्र लक्षणे हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणपदं परित्यज्य तत्स्थाने हेतुतावच्छेदकाश्रयाधिकरण पदम् प्रवेश्यम्। तथा च यत्र धूमत्वाश्रयधूमाधिकरणं पर्वतादि प्रसिद्धम्। तत्र घटाभावादिकमादाय भवति लक्षणसमन्वयः। यत्र च विशिष्टसत्तात्वादिकं हेतुतावच्छेदकं अधिकरणतानिरूपकतावच्छेदकं प्रसिद्धम्, तत्र तु हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणमेव लक्षणघटकम्। तेन गुरुतरं पारिभाषिकं तादृशाधिकरणत्वं निरर्थकं एव भवति इति **वदन्ति।**

[ननु सर्वमेतद् निरूपणं असमञ्जसं प्रतिभाति। यतो भवद्भिस्तावत् विशिष्टसत्तात्वस्य आश्रयो विशिष्टसत्ता शुद्धसत्ता द्वे अपि अभ्युपगते। तत्कथं युक्तम्? यतो विशिष्टसत्तात्वस्य अधिकरणं=आश्रयः विशिष्टसत्ता एव भवितुमर्हति न तु शुद्धसत्ता। किञ्च विवृत्तिकारेण यद् एतद् अभिहितं यदुत–विशिष्टसत्तात्वरूपहेतुतावच्छेदके हेतुतावच्छेदकीभूतसत्तात्वाश्रयीभूतायाः सत्तायाः यदधिकरणं गुणः–इत्यादि। तत्तुच्छमिव प्रतिभाति। यदि हि सत्तात्वमपि हेतुतावच्छेदकं क्रियते। तर्हि पारिभाषिकव्याख्यायां हेतुतावच्छेदकधर्मपदेन सत्तात्वमपि गृह्यते। तथा च स्वं=सत्तात्वम्। तदाश्रयः सत्ता। तदधिकरणं गुणः। तन्निष्ठप्रतियोगितावच्छेदकतायाः शुद्धसत्तात्वे सत्त्वात् अनवच्छेदकत्वाभावात् उभयाभावो मीलितः। एवं च गुणोऽपि हेतुतावच्छेदकावच्छिन्नाधिकरणपदेन ग्रहीतुं शक्यः। तस्मिन् द्रव्यत्वाभावस्य सत्त्वात् अव्याप्तिः।

यदि हि सत्तात्वे "अधिकरणतानिरूपकतावच्छेदकत्वं सर्वथैव नास्ति इति तादृशाधिकरणता निरूपकतानवच्छेदकत्वं सत्तात्वे अस्ति तेन न तस्याभावः मीलति" इति उच्यते, तर्हि द्वितीयभागस्य सामान्यतो अधिकरणनिरूपकतावच्छेदकत्वस्य सत्तात्वे अभावः सुतरां मीलति। अतः उभयाभावः दुष्करपरिहारः। एवं च गुणोऽपि लक्षणघटकः अधिकरणत्वेन भवत्येव। तथा च दुस्तरा अव्याप्तिनदी इति **चेत्** सत्यम्। विशिष्टसत्तात्वस्य अधिकरणं विशिष्टसत्ता इव शुद्धसत्ता अपि भवत्येव इति जगदीशाभिप्रायः इति वयं मन्यामहे। अतः एव विशिष्टसत्तात्वाश्रयशुद्धसत्ताधिकरणगुणनिष्ठाधिकरणतानिरूपकतायाः अवच्छेदकं विशिष्टसत्तात्वं न भवति इति जागदीशीकथनं। अन्यथा विशिष्टसत्तात्वस्य आश्रयः शुद्धसत्ता यदि न भवेत्। तर्हि विशिष्टसत्तात्वाश्रयविशिष्टसत्ताधिकरणं गुणः न भवितुमर्हति। तथा च जागदीश्यभिधानं असंगतं स्यात्।

विवृत्यां तु यत् सत्तात्वमपि हेतुतावच्छेदकत्वेन प्रोक्तं। तत् केनाभिप्रायेण? इति वयं नावबुध्यामः। सत्तात्वस्य हेतुतावच्छेदकत्वाभ्युपगमे तु भवदुक्तरीत्याऽव्याप्तिः स्फुटैव। तत्वमत्रत्यं नैयायिकधुरन्धराः विदन्ति इति अलं अतिचर्चेण।]

**ચન્દ્રશેખરીયા:** કેટલાંકો વળી અહીં એમ ખુલાસો આપે છે કે સાધ્ય-સાધનના ભેદથી વ્યાપ્તિનો ભેદ માનેલો

જ હોવાથી જ્યાં ધૂમત્વાદિ હેતુતાવચ્છેદકો એ અધિકરણતાનિરૂપકતા-અવચ્છેદક બનતા જ ન હોય. અર્થાત્ જ્યાં ધૂમત્વાવચ્છિન્નધૂમાધિકરણ પ્રસિદ્ધ જ ન હોય. ત્યાં વ્યાપ્તિમાં "ધૂમત્વાશ્રયાધિકરણ" શબ્દ જ મુકવો.

એ તો મળી જ જવાનું છે. "ધૂમત્વાશ્રય કોઈપણ ધૂમ અને તેનું અધિકરણ" એમ કહી શકાય છે. એટલે એ રીતે કરવાથી પણ કોઈ વાંધો ન આવે. જ્યાં વિશિષ્ટસત્તાત્વાદિ હેતુતાવચ્છેદકો અધિકરણતાનિરૂપકતાવચ્છેદક બને છે. ત્યાં તો "હેતુતાવચ્છેદકાવચ્છિન્ન હેત્વધિકરણ" પદ જ લક્ષણમાં રાખવું. જેથી પારિભાષિક લાંબુ તાદૃશાધિકરણત્વ માનવાનું ગૌરવ દૂર થઈ જાય.

[**પ્રશ્ન:** આ તો પરસ્પર વિરોધ આવે છે. તમે હેતુતાવચ્છેદકધર્મ તરીકે વિ.સત્તાત્વ લો છો. અને એનું અધિકરણ વિ.સત્તા અને શુદ્ધસત્તા બેય બને છે એમ તમે આગળ જ કહી ગયા છો આથી જ તો "વિ.સત્તાત્વમાં સ્વાશ્રય ગુણનિષ્ઠાધિકરણતા-અનવચ્છેદકત્વ છે" એમ જાગદીશીમાં પણ કહ્યું છે. પણ પ્રશ્ન એ થાય કે વિ.સત્તાત્વનો આશ્રય તો વિ.સત્તા જ બને. શુદ્ધસત્તા શી રીતે બને?

વળી વિવૃત્તિમાં તો હેતુતાવચ્છેદક એવા સત્તાત્વનો આશ્રય શુદ્ધસત્તા અને તેનું અધિકરણ ગુણ... એ રીતે લખેલ છે. એટલે વિવૃત્તિકાર એટલું તો માનતા જ હશે કે વિ.સત્તાત્વનું અધિકરણ શુદ્ધસત્તા ન જ બને. પણ સત્તાત્વનું અધિકરણ જ શુદ્ધસત્તા બને. પણ આમ લખીને પણ તેઓએ ભુલ તો કરી જ છે. કેમકે હેતુતાવચ્છેદક તરીકે શુ.સત્તાત્વ બની જ શી રીતે શકે? અને બને તો ય "હેતુતાવચ્છેદકધર્મે સ્વાશ્રયાધિકરણ.... એ જે લખેલ છે. એમાં તો સ્વાશ્રયસત્તાધિકરણીભૂત ગુણનિષ્ઠાધિકરણતાનિરૂપકતા-અવચ્છેદકત્વ છે. અનવચ્છેદકત્વ નથી. જો ધૂમત્વની જેમ તેનેય સર્વથા અનવચ્છેદક માનશો તો પછી બીજો ભાગ અધિકરણતાનિરૂપકતા-અવચ્છેદકત્વ એમાં ન મળે. આમ શુ.સત્તાત્વમાં બેમાંથી કોઈપણ એકનો અભાવ તો મળવાનો જ હોવાથી ઉભયાભાવ મળી જ જવાનો. અને તેથી તો યત્" પદથી ગુણ લીધેલ હોવાથી હેત્વધિકરણ તરીકે એ ગુણ લેવાતા તેમાં દ્રવ્યત્વાભાવ મળી જ જવાનો. આમ અવ્યાપ્તિ ઉભી જ રહે છે. એટલે અહીં કોઈ સ્પષ્ટ ખુલાસો થતો નથી.

**ઉત્તર:** વિ.સત્તાત્વાવચ્છિન્ન તરીકે વિ.સત્તા જ બને. પણ વિ.સત્તાત્વના આશ્રય તરીકે વિ.સત્તા અને શુદ્ધસત્તા બે ય બને એવો જગદીશનો અભિપ્રાય લાગે છે. અને તે અનુસારે તમારે આ વિધાન સમજવું. વિવૃત્તિમાં "હેતુતાવચ્છેદક તરીકે સત્તાત્વનો ઉલ્લેખ કર્યો છે." પણ એમ માનવામાં તમે કહેલી અવ્યાપ્તિ સ્પષ્ટ જ છે. એટલે વિવૃત્તિનો અભિપ્રાય સમજાતો નથી. આવું અમને યોગ્ય લાગે છે. બાકી વિદ્વાનો આ અંગે વિશેષ ખુલાસો કરે.]

---

## दीधिति

**सामानाधिकरण्यव्यक्तीनां भेदेऽपि निरूपकतावच्छेदकस्य अधिकरणतावच्छेदकस्य चैक्याद्व्याप्तेरैक्यम्।**

**वस्तुतस्तु धूमत्वादिविशिष्टव्यापकवह्निसामानाधिकरण्यस्य रासभादिसाधारणत्वाद्धूमत्वादिमति**

**तादृशसामानाधिकरण्यं, तद्वति धूमत्वादिकं वा, व्याप्तिः, आद्या भिन्ना, द्वितीया त्वभिन्नैवेति ध्येयम् ।।४।।**

---

**जागदीशी -- ननु सामानाधिकरण्यस्य व्याप्तित्वे तस्य प्रति-धूमं भिन्नत्वेन 'धूमसामान्ये वह्निसामान्यस्यैका व्याप्ति'रिति व्यवहारोऽनुपपन्न इति।**

---

**चन्द्रशेखरीयाः** अस्माभिरस्य ग्रन्थस्य प्रारंभे एव विशेषतः प्रतिपादितं यदुत "प्रतियोग्यसमानाधिकरणः यत्समानाधिकरणः अत्यन्ताभावः, तत्प्रतियोगितावच्छेदकं यत्, तदवच्छिन्नं यत्, तेन भिन्नं यत्साध्यं, तेन सामानाधिकरण्यं हेतुनिष्ठा व्याप्तिः। न तु हेतुनिष्ठं सामानाधिकरण्यं हेतुनिष्ठा व्याप्तिः इति।" तत् अत्र पुनः स्मरणीयम्। यतस्तस्य विवरणमत्र भविष्यति।

**ननु** यदि तादृशवह्निसामानाधिकरण्यमेव व्याप्तिरभिधीयते, तदा तु तत्सामानाधिकरण्यं प्रतिधूमं भिन्नमेव। न च तत् सामानाधिकरण्यं जातिः, यत् सर्वत्र धूमे एकमेव भवेत्। पर्वतीयधूमे पर्वतीयवह्निसामानाधिकरण्यं भिन्नमेव, एवं महानसीयादिधूमे महानसीयादिवह्नि-सामानाधिकरण्यमपि भिन्नमेव। एवं च इयं सामानाधिकरण्यरूपा व्याप्तिः प्रतिधूमं भिन्ना भवेत्। तथा च "एकैव हि सा व्याप्तिः" अर्थात् "धूमसामान्ये वह्निसामान्यस्यैका एव व्याप्तिः" इति सिद्धान्तग्रन्थो विरुध्येत इति **चेत्**।

**चन्द्रशेखरीयाः** અમે આ ગ્રન્થના પ્રારંભમાં જ દીધિતિના મૂલલક્ષણનો અર્થ કરતી વખતે ખાસ ખુલાસો કરેલો કે "અહીં તાદૃશપ્રતિયોગિતાનવચ્છેદક-સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન કોઈપણ સાધ્યની સાથે સામાનાધિકરણ્ય એ વ્યાપ્તિ છે. સાધ્યની સાથે હેતુનું સામાનાધિકરણ્ય એમ લેવાનું નથી" એની જ ચર્ચા હવે અહીં શરૂ થાય છે.

**પ્રશ્નઃ** તમે સામાનાધિકરણ્યને વ્યાપ્તિ માની છે. પણ એ તો દરેકધૂમમાં જુદી-જુદી વહ્નિનું સામાનાધિકરણ્ય જુદું જુદું જ છે. આ કંઈ જાતિ નથી કે બધામાં એક જ માની શકાય. આમ થવાથી દરેક ધૂમદીઠ વહ્નિની વ્યાપ્તિ જુદી જુદી જ બનવાની. તો પછી "ધૂમસામાન્યમાં વહ્નિસામાન્યની એક જ વ્યાપ્તિ છે" એવો વ્યવહાર ઘટશે નહીં.

---

**जागदीशी -- आह *सामानाधिकरण्येति* तथा च वह्नित्व-धूमत्वाद्यनुगमादेव तत्र व्याप्तेरैक्यव्यवहारो, न तु वस्तुगत्या व्याप्तेरैक्यमिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** न, यद्यपि तादृश-सामानाधिकरण्यं प्रतिधूमं भिन्नमेव। तथापि तादृशसामानाधिकरण्यनिरूपकतायाः अवच्छेदकं तु वह्नित्वम् एकमेव। एवं सामानाधिकरण्यात्मकव्याप्त्यधिकरणं धूमाः बहवः। किन्तु तेषु विद्यमानायाः

अधिकरणतायाःअवच्छेदकं तु धूमत्वं एकमेव। तथा च परमार्थतो न व्याप्तिः एका, किन्तु निरूपकतावच्छेदकाधिकरणतावच्छेदकधर्मयोः एकत्वेन भिन्ना अपि व्याप्तिः एकत्वेन व्यवह्रीयते। परमार्थतस्तु सा भिन्नैव इति।

**चन्द्रशेखरीयाः ઉત્તર:** સામાનાધિકરણ્ય ભલે દરેક ધૂમમાં જુદું હોય તો પણ એ સામાનાધિકરણ્યનો નિરૂપક વહ્નિ બને છે. અને નિરૂપકતાનો અવચ્છેદક વહ્નિત્વ બને છે. જે એક જ છે. અને બીજી બાજુ એ સામાનાધિકરણ્યનું અધિકરણ બધા ધૂમ બને છે. અને ધૂમમાં રહેલી સામાનાધિકરણ્યની અધિકરણતાનો અવચ્છેદક ધૂમત્વ એક જ છે. આમ આવા બે ધર્મો એક-એક જ હોવાથી વ્યાપ્તિ એક બની જાય છે. એટલે કે વ્યાપ્તિ એક હોવાનો જે વ્યવહાર થાય છે. એનો અર્થ એ જ છે કે વ્યાપ્તિની અધિકરણતાનો અવચ્છેદક અને નિરૂપકતાનો અવચ્છેદક એક છે. બાકી પરમાર્થથી તો બધી વ્યાપ્તિઓ જુદી જ છે.

---

**जागदीशी -- नन्वेवं (सामान्यलक्षणाऽस्वीकारे) "महानसीयवह्निसामानाधिकरण्यस्य स्मृतस्य पक्षवृत्तिधूमादावसत्त्वात् पर्वतीयवह्निसामानाधिकरण्यस्य प्रागननुभवात् कुतः परामर्श"? इत्याशङ्कायाम् "एकैव हि सा व्याप्तिरिति" परामर्शीयसिद्धान्तग्रन्थोऽसङ्गत इति।**

---

**चन्द्रशेखरीयाः** ननु भवतु नाम एवं, तथापि सामान्यलक्षणाप्रत्यासत्तिं ये न मन्यन्ते। तेषां मते तु अत्र महती आपत्तिः भवति। तथा हि–ये सामान्यलक्षणाप्रत्यासत्तिं मन्यन्ते। ते हीत्थं ज्ञापयन्ति, यत् जनः प्रथमं महानसे चत्वरे च धूम-वह्न्योः प्रत्यक्षं करोति। तदैव च तत्र धूमे वह्निसामानाधिकरण्यरूपां व्याप्तिमपि प्रत्यक्षीकरोति। धूमे च धूमत्वनाम्नी सामान्यलक्षणाप्रत्यासत्तिः विद्यते। तेन धूमत्वस्वरूपालौकिकसंनिकर्षेण तस्य सर्वत्र पर्वतीयादिधूमादौ अपि तदैव वह्निसामानाधिकरण्यात्मकव्याप्तेः अलौकिकप्रत्यक्षं भवति। तथा च महानसीयादिधूमे वह्निव्याप्तिप्रत्यक्षकाले एव तस्य पर्वतीयधूमादौ अपि वह्निव्याप्तेः अलौकिकप्रत्यक्षं भवति। पश्चात् स पर्वते वह्निं विना केवलं धूमं पश्यति। दृष्ट्वा च पूर्वानुभूतव्याप्तेः स्मरणं करोति। यस्य अनुभवो अभवत्, तस्यैव स्मरणं भवति इति नियमः। तद्व्याप्तिस्मरणात्मकज्ञानेन "वह्निव्याप्यधूमवान् पर्वतः" इति परामर्शो भवति। ततश्च **"वह्निमान् पर्वतः"** इत्यनुमितिः भवति। एवं तावत् सामान्यलक्षणासंनिकर्षस्वीकारे सर्वमिदं जाघटीति।

किन्तु ये सामान्यलक्षणां न मन्यन्ते। तेषां मते तु महानसीयधूमदर्शने तत्रैव वह्निसामानाधिकरण्यरूपव्याप्तेः प्रत्यक्षं भवति। न तु पर्वतीयधूमादौ। पर्वतीयधूमस्य तत्र अप्रत्यक्षत्वात्। तथा च स जनः यदा वह्निं विना केवलं धूमं पश्यति पर्वते। तदा यद्यपि तस्य महानसीयवह्निसामानाधिकरण्यरूपायाः महानसधूमे एव वर्तमानायाः स्मरणं भवत्यपि। तथापि सा व्याप्तिः पर्वतीयधूमे नास्ति। अतो "वह्निनिरूपितव्याप्तिमान् धूमः" इति पर्वतीयधूमे न प्रतीतिः भवति। तथा च परामर्शाभावात् कथं तत्रानुमितिः भवेत्? तत्र पर्वतीयधूमे पर्वतीयवह्निसामानाधिकरण्यरूपा व्याप्तिः यद्यपि अस्ति। तथापि अयं जनः तां व्याप्तिं न प्राक् प्रत्यक्षां कृतवान्। तथा च तद्व्याप्त्यनुभवं विना तस्याः व्याप्तेः स्मरणमपि न भवति एव। एवं च अत्र पर्वतीयधूमे केनापि प्रकारेण पर्वतीयवह्निनिरूपितव्याप्तेः ज्ञानं न संभवति।

तथा च कथं "पर्वतो वह्निमान्" इति अनुमितिः भवेत्? इति महतीयमापत्तिः तेषां मते।

किञ्च "एकैव हि सा व्याप्तिः" इति परामर्शीयसिद्धान्तग्रन्थः स्पष्टमेव एकां व्याप्तिं प्रतिपादयति। तत्र "निरूपकतावच्छेदकाधिकरणतावच्छेदकधर्मयोरैक्येन व्याप्तेरैक्यव्यवहारो भवति" इति कथनमपि असङ्गतं प्रतिभाति इति चेत्।

**चन्द्रशेखरीयाः प्रश्नः** ચાલો એ વાત માની લઈએ. તો પણ જેઓ સામાન્યલક્ષણ સંબંધ માનતા નથી. તેઓના મતાનુસારે તો અહીં મોટી આપત્તિ છે. આશય એ કે મહાનસીયાદિધૂમમાં વહ્નિસામાનાધિકરણ્યાત્મક વ્યાપ્તિનો બોધ થાય છે. હવે જેઓ સામાન્યલક્ષણા માને છે. તેઓ તો ધૂમત્વ રૂપ સામાન્યલક્ષણા વડે તે જ વખતે બધા ધૂમોનો બોધ કરી તેમાં સામાનાધિકરણ્યનો બોધ કરી લે છે. અને પછી પર્વતીયધૂમ જ્યારે વહ્નિ વિના દેખાય ત્યારે ત્યાં પૂર્વે અનુભવેલા સામાનાધિકરણ્યરૂપ વહ્નિવ્યાપ્તિનું તે ધૂમમાં જ્ઞાન કરે છે. અને તેથી ત્યાં અનુમિતિ થાય છે.

પણ જેઓના મતે સામાન્યલક્ષણા પ્રત્યાસતિ છે જ નહિ. તેમના મત પ્રમાણે એ વાંધો આવે કે જે મહાનસીયવહ્નિસામાનાધિકરણ્યનું મહાનસીયધૂમમાં પ્રત્યક્ષ થયેલું છે. એ સામાનાધિકરણ્ય પર્વતીયધૂમમાં તો નથી જ. તો હવે જ્યારે તે પર્વતીયધૂમ જોશે ત્યારે કદાચ તેને પૂર્વે અનુભવેલ મહાનસીયવહ્નિસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિનું સ્મરણ થશે. પણ એ વ્યાપ્તિ પર્વતીયધૂમમાં રહેલી ન હોવાથી "એ ધૂમ વહ્નિવ્યાપ્તિવાળો છે." એવું જ્ઞાન ન થઈ શકે. પર્વતીયવહ્નિનું સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ પર્વતીયધૂમમાં છે. પણ એનું તો એણે પૂર્વે પ્રત્યક્ષ કરેલું જ નથી. તો પછી એનું સ્મરણ પણ શી રીતે થશે? અને તો પછી પર્વતીયધૂમ વહ્નિવ્યાપ્ત=વહ્નિવ્યાપ્તિવાળો છે. એવું જ્ઞાન પણ ન થાય. અને તેથી "વહ્નિવ્યાપ્તધૂમવાન્ પર્વતઃ" એ પરામર્શ પણ ન થઈ શકતા હવે અનુમિતિ જ ન થઈ શકે. અને વળી "એકા એવ સા વ્યાપ્તિઃ" એવો જે પરામર્શસ્થાને લખેલો સિદ્ધાન્તગ્રન્થ છે. તે પણ અસંગત તો થાય જ છે. કેમકે વસ્તુતઃ વ્યાપ્તિ તો જુદી જુદી જ થાય છે. તમે "ધૂમત્વ-વહ્નિત્વ એક હોવાથી એનો આ વ્યવહાર થાય છે." એમ કહ્યું તે પણ યોગ્ય નથી. કેમકે "વ્યાપ્તિ એક છે" એવા ચોકખા શબ્દોનો "વ્યાપ્તિની અધિકરણતા અને નિરૂપકતાના અવચ્છેદક ધૂમત્વ-વહ્નિત્વ એક છે." એવો અર્થ કરવો યોગ્ય નથી.

---

**जागदीशी -- अत आह *वस्तुतस्तु इति। रासभादीति* -- तथा च "धूमव्यापकवह्निसमानाधिकरणरासभवान् पर्वत" इति ज्ञानादप्यनुमितिः स्यादिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** सत्यम्। एवमपि यदि चिन्तामणीग्रन्थोक्तं यथाश्रुतमेव लक्षणं स्वीक्रियते। तदा तु प्रतियोग्यसमानाधिकरणहेतु समानाधिकरणाभावप्रतियोगितावच्छेदकावच्छिन्नभिन्नसाध्येन समं सामानाधिकरण्यं हेतुनिष्ठा व्याप्तिः "इति अर्थः स्वीकार्यः। तत्र च तादृशसाध्येन=धूमव्यापकवह्निना समं सामानाधिकरण्यं तु रासभादौ अपि अस्ति। तथा च "धूमव्यापकवह्निसमानाधिकरणरासभवान् पर्वतः" इत्यपि ज्ञानं व्याप्तिप्रकारकमेवास्ति। तथा च तादृक्ज्ञानादपि "वह्निमान् पर्वतः" इति अनुमितिभवनापत्तिः भवति। तद्वारणाय "वह्नेः सामानाधिकरण्यमात्रं न

व्याप्तिः, किन्तु वह्नेः धूमत्ववति विद्यमानं सामानाधिकरण्यमेव हेतुनिष्ठा व्याप्तिः" इति वक्तव्यम् । तथा च रासभस्य धूमत्ववत्त्वाभावात् रासभनिष्ठं सामानाधिकरण्यं व्याप्तिरेव नास्ति । एवं च "धूमव्यापकवह्निसमानाधिकरणरासभवान् पर्वतः" इति ज्ञानं न व्याप्तिप्रकारकं । तथा च न तज्ज्ञानात् अनुमित्यापत्तिः । व्याप्तिप्रकारकपक्षधर्मताज्ञानस्यैवानुमिति-हेतुत्वात् ।

**चन्द्रशेखरीयाः ઉત્તર:** ખરેખર વાત એ છે કે ધૂમત્વાદિવિશિષ્ટ એવા ધૂમને વ્યાપક એવી વહ્નિ તો લક્ષણ પ્રમાણે મળી ગઈ. અને તે વહ્નિનું સામાનાધિકરણ્ય એ વ્યાપ્તિ છે. "વહ્નિનું **ધૂમમાં** રહેલું સામાનાધિકરણ્ય વ્યાપ્તિ છે" એવું અમે આગળ કહ્યું નથી. પણ આમ માનીએ તો તાદૃશવહ્નિનું સામાનાધિકરણ્ય તો પર્વત ઉપર રહેલા ગધેડામાં પણ છે. અને તો પછી "ધૂમવ્યાપકવહ્નિસામાનાધિકરણ્યવત્રાસભવાન્ પર્વતઃ=વહ્નિવ્યાપ્તરાસભવાન્ પર્વત=વહ્નિનિરૂપિતસામાનાધિકરણ્યવદ્રાસભવાન્ પર્વતઃ" એવું જે જ્ઞાન થાય એ પણ પરામર્શ ગણાશે અને તો પછી તેના દ્વારા પણ "પર્વતો વહ્નિમાન્ ધૂમાત્" એ સ્થલે "પર્વતો વહ્નિમાન્" એવી અનુમિતિ રાસભવાળા જ્ઞાનથી થવાથી આપત્તિ આવે છે. એ દૂર કરવા માટે એમ તો કહેવું જ પડશે કે ધૂમત્વવાળામાં તાદૃશવહ્નિનું સામાનાધિકરણ્ય એ વ્યાપ્તિ છે એટલે રાસભ એ ધૂમત્વવાળો ન હોવાથી રાસભમાં રહેલું તાદૃશસામાનાધિકરણ્ય એ વ્યાપ્તિ ન ગણાય. અને તેથી જ વહ્નિવ્યાપક ધૂમસામાનાધિકરણ્યવદ્-રાસભવાન્ પર્વતઃ" એ જ્ઞાન એ વ્યાપ્તિપ્રકારક જ ન ગણાય. કેમકે રાસભમાં રહેલું સામાનાધિકરણ્ય વ્યાપ્તિ ગણાતી નથી. એટલે આ જ્ઞાન પરામર્શ ન કહેવાય માટે તેનાથી અનુમિતિ થવાથી આપત્તિ ન આવે.

---

**जागदीशी -- न च धूमादिव्यापकवह्न्यादिसमानाधिकरणधूमादिमत्तानिश्चयत्वेनैव परामर्शस्य धूमादिलिङ्गकानुमिति-हेतुत्वादुक्तव्याप्ते रासभादिसाधारण्येऽपि न क्षतिरिति वाच्यम् ।**

---

**चन्द्रशेखरीयाः ननु** तादृशरासभज्ञानादनुमित्युत्पत्तिनिवारणाय व्याप्तिलक्षणे "हेतुनिष्ठं सामानाधिकरण्यं" इत्यादि हेतुनिष्ठत्वस्य निवेशो न करणीयः। यतो अन्येन प्रकारेणापि तदापत्तिनिवारणं संभवति। तथा हि-धूमव्यापकवह्निसमानाधिकरण-धूमवत्तानिश्चयः एव अनुमितिकारणत्वेन कल्पनीयः । तथा च तादृशरासभवत्ताज्ञानं न धूमवत्तानिश्चयस्वरूपं । ततश्च कारणाभावात् न अनुमित्युत्पत्तिः भविष्यति । तथा चात्र रासभवत्ताज्ञानादनुमितिभवनापत्तिः न भवति इति **चेत्** ।

**चन्द्रशेखरीयाः પ્રશ્ન:** "ધૂમવ્યાપકવહ્નિસમાનાધિકરણરાસભવાન્ પર્વતઃ" એવી પ્રતીતિ દ્વારા "પર્વતો વહ્નિમાન્" અનુમિતિ થવાની જે આપત્તિ આવે છે. તે દૂર કરવા માટે "ધૂમત્વવિશિષ્ટમાં રહેલું તાદૃશવહ્નિનું સામાનાધિકરણ્ય એ જ વ્યાપ્તિ છે." એવો ખુલાસો કરવાની કોઈ જરૂર નથી. કેમકે બીજી રીતે પણ એ આપત્તિ દૂર થઈ શકે છે.

ધૂમવ્યાપકવહ્નિસમાનાધિકરણ ધૂમવત્તાનિશ્ચયને જ અમે "પર્વતો વહ્નિમાન્" એવી ધૂમલિંગક અનુમિતિ

પ્રત્યે કારણ માનશું. એટલે હવે કદાચ ઉપરોક્તવહ્નિસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ એ રાસભમાં રહે તો પણ વાંધો નથી. કેમકે વહ્નિસમાનાધિકરણરાસભવાન્ પર્વતઃ" એ જ્ઞાન ધૂમવત્તાનિશ્ચય સ્વરૂપ જ ન હોવાથી કારણનો જ અભાવ છે. માટે આ જ્ઞાનથી અનુમિતિ થવાથી આપત્તિ ન આવે.

---

**जागदीशी -- पक्षधर्म्मांशे विषयतया अनुमितिजनकतावच्छेदकस्यैव व्याप्तिपदार्थतया धूमत्वादेस्तत्र निवेशे तद्धटितस्यैव व्याप्तित्वादिति भावः।**

---

**चन्द्रशेखरीया:** सत्यं किन्तु एवमपि धूमत्ववति=हेतौ विद्यमानं साध्यसामानाधिकरण्यं व्याप्तित्वेन कथयितुं आवश्यकम्। यतः पक्षधर्मांशे विशेषणविधया (विषयविधया) अनुमितिजनकतावच्छेदको यो भवति स एव व्याप्तित्वेनोच्यते। एवं च यदि धूमव्यापकवह्निसमानाधिकरणधूमवत्ताज्ञानं कारणत्त्वेन कल्प्यते। तदा तु तत्र अनुमितिकारणता अस्ति। तदवच्छेदकं च तादृशधूमवत्ताज्ञानत्वं। अत्र ज्ञाने धूमवान् पर्वतः पक्षः। तस्य धर्मः धूमः, तदंशे धूमत्वं अस्ति। तच्च विशेषणविधया [ज्ञाने विषयविधया वा] अनुमितिकारणतावच्छेदकं भवत्येव। एवं च धूमत्वघटिता एव व्याप्तिः मन्तव्या। अतः तादृशधूमवत्ताज्ञानं कारणत्वेन यदि कल्प्यते। तदापि धूमत्वादिघटिता धूमत्ववति वह्निनिरूपितसामानाधिकरण्यरूपा व्याप्तिरनिच्छताऽपि स्वीकर्तव्या एव।

अत्र "विषयतया" इति अस्य पदस्यायमर्थः यदुत धूमत्वं ज्ञाने विषयं। अतः धूमत्वं विषयितासम्बन्धेन ज्ञाने वर्तमानं सत् ज्ञाननिष्ठकारणतायाः अवच्छेदकं भवति। धूमत्वं ज्ञानविषयं अस्ति, अतः एव तद् विषयितासम्बन्धेन ज्ञाने विद्यमानमभवत्। तस्मात् तद् विषयविधयाऽनुमितिजनकतावच्छेदकघटकं भवति। यदि हि "विशेषणविधया" इति पाठः। तदा तु पक्षधर्मांशे धूमे विशेषणत्वेन धूमत्वं प्रतिभासते। तस्मात् विशेषणविधया तत् कारणतावच्छेदकं भवतीति।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** સાચી વાત છે તમારી. પણ એવો નિયમ છે કે વ્યાપ્તિપ્રકારક- પક્ષધર્મતાજ્ઞાનમાં=પરામર્શમાં પક્ષધર્મ તરીકે જે ભાસે. તે પક્ષધર્માંશમાં રહેલો જે પદાર્થ પરામર્શમાં રહેલી અનુમિતિકારણતાનો વિશેષણ તરીકે અવચ્છેદક બને તે જ વ્યાપ્તિ હોય.

તમે 'વહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વતઃ' એવા જ્ઞાનને અનુમિતિ કારણ માન્યું. તેમાં પક્ષ=પર્વત છે. તેમાં ધર્મ=વિશેષણ તરીકે ધૂમ હેતુ બને છે. અને તે ધૂમમાં ધૂમત્વ એ વિશેષણ છે અને આખા પરામર્શનો તે વિષય પણ બને જ છે. એટલે પરામર્શમાં આવેલી અનુમિતિકારણતાનો અવચ્છેદક પક્ષધર્માંશમાં રહેલો ધૂમત્વ પણ બને જ છે. અને તેથી જે વ્યાપ્તિ માનવી હોય તે ધૂમત્વથી ઘટિત જ માનવી પડવાની છે. અને માટે જ "ધૂમત્વવાળામાં વહ્નિનું સામાના.ણ્ય એ વ્યાપ્તિ" એમ અમે જે કહ્યું છે. તે યોગ્ય જ છે. કેમકે તમારી વાત માનીએ તો ય એ જ વાતની સિદ્ધિ થાય છે.

**जागदीशी -- *धूमत्वादिमतीति* । तथा च 'तस्येति' मूलस्थं तत्पदं लक्ष्ये लक्षणे चोभयत्रैवान्वितमिति भावः ।**

---

**चन्द्रशेखरीया:** इत्थं च न केवलं धूमव्यापकवह्निनिरूपितं सामानाधिकरण्यमेव व्याप्तिः। किन्तु "धूमव्यापकवह्निनिरूपितं धूमनिष्ठं सामानाधिकरण्यण्यमेव व्याप्तिः" इति परिष्कारः कर्तव्यः। तथा च चिन्तामणीग्रन्थोक्तलक्षणे "तेन=साध्येन समं तस्य सामानाधिकरण्यं व्याप्तिः" इति अत्र पूर्वं तु साध्येन समं सामानाधिकरण्यं तस्य=हेतोः व्याप्तिः इति अर्थः कृतः। इदानीं तु "साध्येन समं हेतोः सामानाधिकरण्यं" अर्थात् "साध्यनिरूपितं हेतुनिष्ठं सामानाधिकरण्यमेव हेतुनिष्ठा व्याप्तिः" इति अर्थः कर्तव्यः। एवं च "तस्य" इति मूलस्थं पदं व्याप्तिलक्षणे व्याप्तिलक्ष्ये च अन्वितं ज्ञेयम्। तथा चेदमनुमानं। हेतुनिष्ठा व्याप्तिः स्वेतरभेदवती हेतुनिष्ठ-हेतुव्यापकसाध्यसामानाधिकरण्यत्वात् इति, हेतुनिष्ठं साध्यसामानाधिकरण्यं स्वेतरभिन्नं हेतुनिष्ठ-हेतुव्यापक साध्यसामानाधिकरण्यत्वात् इति वा भवति।

**ચન્દ્રશેખરીયા:** હવે જ્યારે "ધૂમત્વવાળામાં રહેલ વહ્નિસામાનાધિકરણ્ય" ને જ વ્યાપ્તિ માનવાની છે. ત્યારે તો ચિંતામણીગ્રન્થોક્ત લક્ષણમાં જે "तस्य" પદ છે. એ લક્ષ્ય અને લક્ષણ એમ બેયમાં જોડવાનું છે. અર્થાત્ "तेन समं तस्य सामानाधिकरण्यम्" એનો અર્થ--"વહ્નિની સાથે तस्य=ધૂમનું=ધૂમત્વવાળાનું સામાનાધિકરણ્ય" એ લક્ષણમાં "तस्य" પદ લીધું. અને "એ સામાનાધિકરણ્ય એ तस्य=ધૂમની=ધૂમમાં રહેલી વ્યાપ્તિ છે." એમ લક્ષ્યમાં પણ "तस्य" પદ જોડવાનું રહે છે. એટલે અનુમાન આ પ્રમાણે–ધૂમનિષ્ઠં ધૂમવ્યાપકવહ્નિસામાનાધિકરણ્યં (પક્ષ) સ્વેતરભિન્નં (સાધ્ય) ધૂમનિષ્ઠધૂમવ્યાપક વહ્નિસામાનાધિકરણ્યત્વાત્...

---

**जागदीशी -- ननु साधननिष्ठसामानाधिकरण्यस्य व्याप्तित्वे ('एकैव हि' इत्यादिग्रन्थानुपपत्तिस्तदवस्थैव तथा) विशिष्टसत्त्वव्यापकीभूतद्रव्यत्वसामानाधिकरण्यवतः सत्त्वस्य गुणादौ परामर्शाद्गुणेऽपि द्रव्यत्वानुमितेः प्रमात्वं स्यात् ।**

---

**चन्द्रशेखरीया: ननु** साधननिष्ठसामानाधिकरण्यं यदि व्याप्तिः, तदा तु सा पूर्ववत् प्रतिधूमं भिन्नैव। तथा च "एकैव हि सा व्याप्तिः" इति वचनविरोधः। किञ्च "विशिष्टसत्ताव्यापकद्रव्यत्वसमानाधिकरणसत्तावान् गुणः" इति इदमपि ज्ञानं व्याप्तिप्रकारकपक्षधर्मताज्ञानरूपम् मन्तव्यम्। यतः शुद्धसत्ता विशिष्टसत्ता चैका एव। तथा च द्रव्यत्वसाध्यनिरूपितसामानाधिकरण्यं विशिष्टसत्तानिष्ठं व्याप्तिरूपमेवात्र शुद्धसत्तायां विशिष्टसत्ताऽभिन्नायां प्रकारः। तथा च अस्मात् परामर्शात् "द्रव्यत्ववान् गुणः" इति अनुमितिरपि स्यात्। सा च प्रमा स्यात् इति **चेत्**

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** આ રીતે હેતુમાં રહેલ સાધ્યસામાનાધિકરણ્યને વ્યાપ્તિ માની. પણ એ તો દરેક હેતુમાં જુદી જુદી જ હોવાથી" એક જ વ્યાપ્તિ છે" એ વાત ઘટી શકતી નથી.

અને બીજી વાત એ કે "દ્રવ્યં વિ.સત્વાત્" અહીં વિશિષ્ટ સત્તાને વ્યાપક એવું દ્રવ્યત્વ તો છે જ. અને એ દ્રવ્યત્વનું સામાનાધિકરણ્ય જેમ વિશિષ્ટસત્તામાં છે. તેમ તેનાથી અભિન્ન એવી શુદ્ધસત્તામાં પણ છે જ. અને તેથી 'વિશિષ્ટસત્તાવ્યાપકદ્રવ્યત્વસમાનાધિકરણસત્તાવાન્ ગુણઃ' આવો પરામર્શ થાય તો એ પણ સત્તામાં=હેતુમાં રહેલા દ્રવ્યત્વસામાનાધિકરણ્યનો જ બોધ છે. એટલે આ જ્ઞાનને પણ વ્યાપ્તિપ્રકારક પ્રમાજ્ઞાન જ માનવું પડશે. અને તેનાથી "ગુણઃ દ્રવ્યત્વવાન્" એવી અનુમિતિ થવાની આપત્તિ અને એ અનુમિતિને પ્રમા માનવાની આપત્તિ આવશે. કેમકે એ પ્રમાત્મકજ્ઞાનથી જન્ય છે.

---

**जागदीशी -- अत आह *तद्वतीति*। –तादृशसामानाधिकरण्यवतीत्यर्थः। तथा च तादृशसामानाधिकरण्य-विशिष्टधूमत्वं व्याप्तिः, तत्प्रकारिकैव पक्षधर्म्मताधीरनुमितिहेतुः। तत्र च नीलघटत्वप्रकारकबुद्धौ घटत्वस्येव स्वरूपत एव धूमत्वस्य भानं, न तु धूमत्वत्वेन। नातो गौरवमिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** तर्हि हेतुव्यापकसाध्यसामानाधिकरण्यवति धूमे वर्तमानं धूमत्वं एव व्याप्तिः इति उच्यताम्। एवं विशिष्टसत्ताव्यापकद्रव्यत्वसामानाधिकरण्यवत्यां सत्तायां वर्तमानं विशिष्टसत्तात्वमेव व्याप्तिः इति उच्यताम्। तथा च तादृशसत्तावत्त्वज्ञानस्य विशिष्टसत्ताप्रकारकत्वाभावात् तज्ज्ञानं व्याप्तिप्रकारकमेव नास्ति। अतः न तद्ज्ञानं परामर्शः। तथा च न तस्मात् ज्ञानात् "गुणः द्रव्यत्ववान्" इति अनुमित्यापत्तिरिति भावः। परामर्शज्ञानस्यैवानुमिति-जनकत्वात्।

अत्र धूमे धूमत्वं वह्निसामानाधिकरण्यं च वर्तते। अतः सामानाधिकरण्यसम्बन्धेन धूमत्वं वह्निसामानाधिकरण्यविशिष्टं भवति। तथा च वह्निसामानाधिकरण्यविशिष्टं धूमत्वमेवात्र व्याप्तिः। तत्प्रकारिका एव पक्षधर्मताप्रतीतिः अनुमितिहेतुः। अतः न "गुणः द्रव्यं" इत्यनुमित्यापत्तिरिति अनन्तरमेवोक्तं।

**ननु** धूमत्वं यदि व्याप्तिः, तदा तु तस्य धूमत्वत्वेन भानं भवेत्। धूमत्वत्वं च धूमेतरावृत्तित्वे सति सकलधूमवृत्तित्वरूपं गुरुभूतं। अतः नैतद् धूमत्वे व्याप्तित्वकथनमुचितमिति **चेत्** न। यथा हि नीलघटत्वप्रकारके ज्ञाने घटत्वस्य स्वरूपतः एव भानं भवति। न तु घटत्वत्वेन। एवमत्रापि धूमत्वस्य स्वरूपतः एव भानं भवति। नतु धूमत्वत्वेन। अतः न गौरवम्।

**ચન્દ્રશેખરીયાઃ ઉત્તરઃ** તો પછી અમે વહ્નિસામાનાધિકરણ્યવાળામાં રહેલ ધૂમત્વને અને દ્રવ્યત્વસામાનાધિકરણ્યમાં રહેલ વિશિ.સત્તાત્વને જ વ્યાપ્તિ તરીકે માનશું. એટલે 'વહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વતઃ' માં તો ધૂમત્વ એ પ્રકાર છે. માટે તેનાથી અનુમિતિ થઈ શકે. જ્યારે 'વિશિ.સત્તાવ્યાપકદ્રવ્યત્વસમાનાધિકરણસત્તાવાન્ ગુણઃ' આમાં વિશિ.સત્તાત્વ એ પ્રકાર તરીકે નથી. અને માટે જ આ જ્ઞાન વ્યાપ્તિપ્રકારક ન ગણાતા તેનાથી અનુમિતિ થવાની અને અનુમિતિ સાચી માનવાની આપત્તિ આવતી નથી.

આને એમ પણ કહેવાય કે ધૂમમાં વહ્નિસામાનાધિકરણ્ય અને ધૂમત્વ બે ય છે. એટલે સમાનાધિકરણત્વસંબંધથી

વહ્નિસામાનાધિકરણ્યવિશિષ્ટ ધૂમત્વ એ વ્યાપ્તિ બને. અને તે વ્યાપ્તિપ્રકારક પક્ષધર્મતાનું જ્ઞાન એ કારણ બને.

**પ્રશ્ન:** ધૂમત્વને વ્યાપ્તિ માનશો તો ધૂમત્વત્વેન ધૂમત્વનો બોધ માનવો પડે. અને ધૂમત્વત્વ તો **ધૂમેતર-અવૃત્તિત્વે સતિ સકલધૂમવૃત્તિત્વ** રૂપ છે. એટલે આ તો ઘણું ગૌરવ થાય.

ઉત્તર: જેમ "નીલો ઘટ:" એવી નીલઘટત્વપ્રકારકબુદ્ધિમાં ઘટત્વનું સ્વરૂપથી જ ભાન થાય છે. પણ ઘટત્વેન ભાન થતું નથી. તેમ અહીં પણ ધૂમત્વનું ભાન સ્વરૂપથી જ થાય. ધૂમત્વત્વધર્મને લઈને નથી થતું. માટે કોઈ ગૌરવ ન થાય.

---

**जागदीशी -- *आद्येति* । तथा च तामुपादायैव 'पर्वतीयवह्निधूमयोरसन्निकर्षात्तयोः कथं व्याप्तिग्रह' इति परामर्शीयः पूर्वपक्ष (ग्रन्थ) इति भावः। *द्वितीयेति* । तथा च तामभिप्रेत्यैव 'एकैव हि सा व्याप्ति'रिति (परामर्शीयसिद्धान्त) ग्रन्थ इति भावः। यत्रैकमेव साध्याधिकरणं तत्रैतद्रूपवानेतद्रसादित्यादा-वाद्याऽप्यभिन्नैव। यत्र च द्रव्यत्वादौ साध्ये रूपत्वव्याप्यजातिमतो हेतुत्वं तत्र हेतुतावच्छेदकीभूत-नीलत्वादिजातीनां नानात्वेन द्वितीयाऽपि क्वचिद्भिन्नैवेति मन्तव्यम् ।।४।।**

---

**चन्द्रशेखरीयाः** अत्र दीधिति ग्रन्थार्थः-यदि हि "धूमत्ववति वह्निसामानाधिकरण्यं व्याप्तिः" इति प्रथमः कल्पः स्वीक्रियते तदा सा व्याप्तिः प्रतिधूमं भिन्नैव मन्तव्या। यदि हि "वह्निसामानाधिकरण्यविशिष्टं धूमत्वं व्याप्तिः" इति द्वितीयः कल्पः स्वीक्रियते। तदा तु सा व्याप्तिः सर्वेषु धूमेषु एकैव इति ध्येयम्।

जागदीशीग्रन्थार्थस्तु–प्रथमां व्याप्तिं मनसिकृत्यैव–"पर्वतीयवह्निधूमयोरसन्निकर्षात् तयोः कथं व्याप्तिग्रहः"–इति परामर्शीयः पूर्वपक्षः। पर्वतीयवह्निः प्रत्यक्षं न दृश्यते, धूमस्तु दृश्यते। अतः अत्र उभयेन सह संनिकर्षो नास्ति। तथा च कथं तयोः मध्ये विद्यमानायाः व्याप्तेः ग्रहो भवेत्? इति।

द्वितीयां व्याप्तिं मनसिकृत्यैव "एकैव हि सा व्याप्तिः" इति परामर्शीयोत्तरीभूतसिद्धान्तग्रन्थः। यतः धूमत्वं एकमेव, तस्मात् सा व्याप्तिः प्रतिधूमं एकैव, न तु भिन्ना। अतः एव पर्वतीयधूमेऽपि पूर्वगृहीतधूमत्वात्मकव्याप्तेः स्मरणं भविष्यति एव। न तत्र दोषः इति पूर्वमेव विस्तरतो निरूपितम्।

अत्रेदमवधेयं। यद्यपि दीधितौ प्रथमा व्याप्तिः प्रतिहेतु भिन्ना उक्ता। किन्तु यत्र **"तद्रूपवान् तद्रसात्"** इत्यादि अनुमानं, तत्र तु एकः एव हेतुः। तस्मात् तद्रूपनिरूपितसामानाधिकरण्यरूपा व्याप्तिरपि एकैव, न तु भिन्ना। तदधिकरणस्य हेतोः एकत्वात्।

एवं यद्यपि द्वितीया व्याप्तिः प्रतिहेतु एकैव इति उक्तम्। किन्तु यत्र **"द्रव्यत्ववान् रूपत्वव्याप्यजातिमतः"** इति अनुमानं। तत्र तु हेतुतावच्छेदिकाः नीलत्वपीतत्वादिजातयः अनेकाः। तथा च द्रव्यत्वसामानाधिकरण्यविशिष्टनीलत्वं,

द्रव्यत्वसामानाधिकरण्यविशिष्टपीतत्वं इत्यादि भिन्नैव व्याप्तिः अत्र भवति । अतः न दीधितिग्रन्थे एकान्तो ग्राह्यः ।

यत्र हेतुः सर्वत्र जगति एकः एव तत्र **प्रथमा**ऽपि व्याप्तिः अ**भिन्नैव** । यत्र हेतुतावच्छेदकाः प्रभूताः तत्र द्वितीयाऽपि व्याप्तिः प्रतिहेतु भिन्नैव इति निष्कर्षः ।

**ચન્દ્રશેખરીયા:** દીધિતિ કહે છે કે જો ધૂમત્વવાળામાં વહ્નિસામાનાધિકરણ્યને વ્યાપ્તિ કહીએ તો એ પ્રત્યેક ધૂમમાં જુદી જુદી જાણવી. કેમકે દરેક ધૂમમાં તે સામા.ણ્ય જુદું જુદું છે. અને જો વહ્નિસામા.ણ્યવિશિષ્ટધૂમત્વને જ વ્યાપ્તિ માનીએ તો એ ધૂમત્વ તો દરેક ધૂમમાં એક જ હોવાથી એક જ વ્યાપ્તિ ગણાય.

આમાં પર્વતીયધૂમ અને વહ્નિને વિશે તો ચક્ષુસંનિકર્ષ ન થયો હોવાથી શી રીતે ધૂમમાં વહ્નિવ્યાપ્તિનો ગ્રહ થયો?" એ પૂર્વપક્ષ એ "ધૂમત્વવાળામાં રહેલ સામા.ણ્ય એ જ વ્યાપ્તિ છે" એ પ્રથમ મતને મનમાં રાખીને ઉભો થયેલો છે. અને એટલે જ ધૂમત્વમાત્રને જ વ્યાપ્તિ માની લઈને પછી "એકા એવ સા વ્યાપ્તિઃ" એ સિદ્ધાન્તગ્રન્થ લખાયો છે. આની ચર્ચા હમણાં જ કરી ગયા છીએ.

જો કે આમાં "ધૂમત્વવાન્‌માં વહ્નિસામાનાધિકરણ્ય રૂપ વ્યાપ્તિ એ ભિન્નભિન્ન છે" એમ કહ્યું છે. છતાંય જે અનુમાનમાં આવેલો હેતુ આખા જગતમાં એક જ હશે ત્યાં તો એ સાધ્યની વ્યાપ્તિ એકમાં જ રહેનારી હોવાથી એ કંઈ જુદી જુદી બનવાની જ નથી. જેમ "એતદ્રૂપવાન્ એતદ્રસાત્" અહીં એતદ્રસ તરીકે માત્ર એક જ રસ લેવાયો છે. એટલે એતદ્રસત્વવાળામાં એતદ્રૂપનું સામાનાધિકરણ્ય એ માત્ર એક જ રસમાં રહેવાનું. એટલે અહીં વ્યાપ્તિ એક જ થવાની છે.

તેમ ધૂમત્વાદિને જ વ્યાપ્તિ માનવાના બીજા મતમાં "એ વ્યાપ્તિ એક જ છે" એવું જે કહ્યું. ત્યાં પણ એમ સમજી રાખવું કે **घटः द्रव्यं रूपत्वव्याप्तजातिमतः** અહીં દ્રવ્યત્વસામાનાધિકરણ્યવિશિષ્ટ એવું રૂપત્વવ્યાપ્ય જાતિમત્વ=હેતુતાવચ્છેદક=રૂપત્વવ્યાપ્યજાતિઓ જ વ્યાપ્તિ બનવાની છે. અને એ જાતિઓ તો નીલત્વ પીતત્વ રક્તત્વાદિ અનેક છે. ધૂમત્વની જેમ એક જ નથી. એટલે અહીં નીલત્વાદિ અનેક વ્યાપ્તિઓ મળવાની.

એટલે હેતુતાવચ્છેદકવિશિષ્ટમાં સાધ્યસામાનાધિકરણ્ય=વ્યાપ્તિ જુદી જુદી હોય એ વાત બધી જગ્યાએ ન લગાડવી. તેમ "સાધ્યસામાનાધિકરણ્યથી વિશિષ્ટ એવો હેતુતાવચ્છેદક રૂપ વ્યાપ્તિ એ એક જ હોય" એ વાત પણ બધી જ જગ્યાએ ન લગાડવી.

---

## दीधिति

**अयं कपिसंयोगी एतद्वृक्षत्वादित्यादिसङ्ग्रहायासमानाधिकरणान्तम् । यत्तु–इदं संयोगि द्रव्यत्वादित्यत्राव्याप्तिवारणाय तत्,**

**संयोगस्य शाखाद्यवच्छेदेन वृत्तेर्वृक्षत्वावच्छेदेन तत्सामान्याभाववृत्ताववरोधात्, तत्र चातीन्द्रियस्य संयोगस्य सत्त्वात्, परितः प्रतियोग्युपलब्धेर्दोषाद्वा `वृक्षे न संयोग'**

**इत्यादिनाध्यक्षमिति,-तन्न, द्रव्ये संयोगसामान्याभावे मानाभावात् ।**

**जागदीशी -- कपिसंयोगिन्येतत्पदार्थस्य साध्यताभ्रमनिरासार्थं'मय'मिति पक्षनिर्देशः ।**

**चन्द्रशेखरीया:** दीधितिनिष्ठवाक्यस्यायमर्थः-यदि मूललक्षणे प्रतियोग्यसमानाधिकरणपदं अभावविशेषणत्वेन न निवेश्यते । तदा "कपिसंयोगी एतद्वृक्षत्वात्" इत्यादौ अव्याप्तिः । एतद्वृक्षे मूलावच्छेदेन कपिसंयोगाभावसत्त्वात् । तत्प्रतियोगितावच्छेदकं कपिसंयोगत्वमेव साध्यतावच्छेदकं इति भवति अव्याप्तिः । किन्तु तद्विशेषणोपादाने तु मूलावच्छिन्नकपिसंयोगाभावः स्वप्रतियोगिना शाखावृत्तिना कपिसंयोगेन सह समानाधिकरणः एव । अतः न स गृह्यते । अतः घटाभावमादाय लक्षणसमन्वयः ।

अधुना जागदीशीवाक्यानां भावार्थः प्रतिपाद्यते । दीधितौ **"अयं कपिसंयोगी एतद्वृक्षत्वात्"** इति अनुमानं दर्शितम् । प्रायः व्याप्तिनिरूपणे पक्षनिर्देशो न क्रियते । अत्र तु "अयं" पदेन पक्षनिर्देशः कृतः । यतो यदि स न क्रियते । तदा **कपिसंयोगी एतद्वृक्षत्वात्** इति अत्र ।" एतत्पदार्थः अत्र साध्यः अस्ति" इत्याकारको भ्रमः कस्यचित् भवेत् । तद्वारणाय "अयं" पदेन पक्षोल्लेखः कृतः ।

**चन्द्रशेखरीया:** દીધિતિનો અર્થ આ પ્રમાણે-મૂળ લક્ષણમાં "જો પ્રતિયોગિ-અસમાનાધિકરણ "એ પદ અભાવના વિશેષણ તરીકે ન લે તો "अयं कपिसंयोगी एतद्वृक्षत्वात्" માં અવ્યાપ્તિ આવે. કેમકે હેત્વધિકરણ એવા એતદ્વૃક્ષમાં મૂલાવચ્છેદેન કપિસંયોગાભાવ છે. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક જ સાધ્યતાવચ્છેદક કપિસંયોગત્વ છે. પણ એ વિશેષણથી આપત્તિ ન આવે. કેમકે એજ વૃક્ષમાં કપિસંયોગ પણ છે. એટલે મૂલાવચ્છિન્નકપિસંયોગાભાવ એ પોતાના પ્રતિયોગી=કપિસંયોગની સાથે સમાનાધિકરણ જ છે. માટે આ અભાવ ન લેવાય એટલે ઘટાભાવ લઈને લક્ષણ ઘટી જાય.

**જાગદીશી**-આમ તો વ્યાપ્તિનિરૂપણમાં લગભગ પક્ષનો નિર્દેશ કરવામાં આવતો નથી. પણ અહીં જો "અયં" પદ ન મુકે તો કપિસંયોગી (પક્ષ) એતત્ (સાધ્ય) વૃક્ષત્વાત્" એવો કોઈને ભ્રમ થવાની શક્યતા છે. એટલે જ "અયં" થી પક્ષનિર્દેશ કર્યો. જેથી કપિસંયોગી=સાધ્ય અને એતત્વૃક્ષત્વાત્ (હેતુ) તરીકે જ જણાય. ભ્રમ ન થાય.

**जागदीशी -- साम्प्रदायिकमते संयोगसामान्याभावमात्रस्य द्रव्येऽभावात्- *कपीति* ।**

**चन्द्रशेखरीया:** एवं यदि "कपि"शब्दो न निवेश्यते । तदा **"अयं संयोगी एतद्वृक्षत्वात्"** इति अनुमानं भवेत् । तत्र च साम्प्रदायिकमते एतद्वृक्षे संयोगसामान्याभावस्य असत्त्वात् साध्याभावः लक्षणघटकः न भवेत् । तथा च घटाभावमादाय लक्षणसमन्वयः संभवेत् । एवं च प्रतियोग्यसमानाधिकरणपदं विनापि लक्षणघटनात् तत् पदं निरर्थकमेव

भवेत्। अत्र तु तस्य पदस्य सार्थकताप्रतिपादनायैव प्रयासः क्रियते। तस्मात् कपिपदं आवश्यकम्।

**चन्द्रशेखरीया:** જો "કપિ" પદ ન મુકો તો પછી "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" પદ ન મુકવા છતાં ય કોઈ વાંધો ન આવે. કેમકે સામ્પ્રદાયિક મત પ્રમાણે તો એતદ્વૃક્ષમાં=હેતુ અધિકરણમાં સંયોગાભાવ=સાધ્યાભાવ તો મૂલાદિ કોઈપણ સ્થાને નથી જ મળવાનો. માટે ઘટાભાવને લઈને જ લક્ષણ ઘટી જાય. માટે જ "કપિ" પદ છે. એ "કપિ" પદથી જ અવ્યાપ્તિ અને વિશેષણ દ્વારા તેનો પરિહાર દીધિતિમાં લખ્યા પ્રમાણે ઘટે.

---

**जागदीशी -- वृक्षमात्रे कपिसंयोगाभावात्– *एतदिति*।**

---

**चन्द्रशेखरीया:** यदि 'एतत्'पदं न लिख्यते। तदा वृक्षत्वं हेतुर्भवेत् तच्च सर्ववृक्षेषु अस्ति। किन्तु सर्ववृक्षेषु कपिसंयोगो नास्ति। बहवो वृक्षाः कपिसंयोगहीना एव सन्ति। तस्मात् इदमनुमानमेवासत् भवेत्। ततश्च अत्र लक्षणागमनस्येष्टत्वात् प्रतियोग्यसमानाधिकरणपदं व्यर्थमेव भवेत्। नच तदिष्टं। तस्मात् "एतद्" पदोल्लेखः कृतः। ततश्च तद्विशेषणानुपादानेऽव्याप्तिः। तदुपादाने च अव्याप्तिनिरासः भवति इति तत्पदं सार्थकं भवति।

**चन्द्रशेखरीया:** હેતુમાં "એતદ્" પદ ન મુકે. તો તો માત્ર વૃક્ષત્વહેતુ બને. અને એવા તો ઘણાય વૃક્ષો છે. જેમાં એક પણ "કપિ" નથી. એટલે એ અનુમાન જ ખોટું પડી જતાં ત્યાં લક્ષણસમન્વય ન થાય તે ઇષ્ટ જ બને. અને તેથી પેલું વિશેષણ આપવાની જરૂર જ ન રહે. માટે જ આ "એતદ્" વિશેષણ છે.

---

**जागदीशी -- न चाभावे हेतुसामानाधिकरण्यस्येव हेत्वधिकरणे निरवच्छिन्नवृत्तित्वरूपस्य निवेशादुक्ताऽव्याप्तिव्युदाससम्भवात् प्रतियोगिवैयधिकरण्यविशेषणप्रवेशो मूलकृतोऽनुचित इति वाच्यम्; अग्रे तस्य समाधास्यमानत्वादिति भावः।**

---

**चन्द्रशेखरीया:** ननु यथा अभावो हेतुसमानाधिकरणो गृहीतः, तथा स एव अभावो निरवच्छिन्नवृत्तिः= निरवच्छिन्नवृत्तितावानेव ग्राह्यः। प्रतियोग्यसमानाधिकरणनिवेशो न करणीयः। एतद्वृक्षवृतिकपिसंयोगाभावस्तु न निरवच्छिन्नवृत्तितावान्। किन्तु मूलावच्छिन्नवृत्तितावान्। अर्थात् स कपिसंयोगाभावः मूलावच्छेदेनैव वृक्षे वर्तते। एवं च स अभावः न लक्षणघटको भवति। ततश्च घटाभावमादाय लक्षणसमन्वयः इति चेत् सत्यं। अग्रेऽवच्छेदकनिरुक्तिग्रन्थे प्रतियोग्यसमानाधिकरणपदं परित्यज्य अस्य समाधानं करिष्यामः। अत्र ग्रन्थे न समाधास्यामः।

**चन्द्रशेखरीया: प्रश्न:** આપણે અભાવને જેમ હેતુ સમાનાધિકરણ લીધો છે. તેમ " તે જ અભાવ એ હેતુ-અધિકરણમાં નિરવચ્છિન્નવૃત્તિ જ લેવાનો." એવો નિવેશ કરી દઈએ તો આ આપત્તિ નીકળી જાય. કેમકે હેત્વધિકરણવૃક્ષમાં જે કપિસંયોગાભાવ લીધો છે એ તો મૂલાવચ્છેદેન રહેલો છે. અર્થાત્ નિરવચ્છિન્નવૃત્તિતાવાળો એ અભાવ નથી. પણ મૂલાવચ્છેદેન રહેલો છે. અર્થાત્ નિરવચ્છિન્નવૃત્તિતાવાળો એ અભાવ નથી. પણ મૂલાવચ્છિન્નવૃત્તિતાવાળો છે. માટે આ અભાવ ન લેવાય. અને એટલે ઘટાભાવ લઈને લક્ષણ ઘટી જાય. વૃક્ષમાં

તો સર્વત્ર ઘટાભાવ રહેલો જ હોવાથી તે ઘટાભાવમાં રહેલી વૃત્તિતા એ તો નિરવચ્છિન્ન જ મળી જાય છે. માટે અવ્યાપ્તિ ન આવે. એટલે "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" પદ ન મુકવું. પણ હેતુ-અધિકરણે નિરવચ્છિન્નવૃત્તિતાવત્ યઃ અભાવઃ.... એમ કહેવું.

**ઉત્તર:** આ વાતનું સમાધાન અમે આગળ કરશું. અર્થાત્ અવચ્છેદકત્વનિરુક્તિમાં આ વિશેષણ છોડીને નવું સિદ્ધાન્તલક્ષણ કહેવાના જ છીએ. આ ગ્રન્થમાં તે કહેવાના નથી.

---

**जागदीशी -- तत्=असमानाधिकरणान्तम् ।**

---

**चन्द्रशेखरीया:** अत्र प्राचीनाः वदन्ति- **"इदं संयोगि द्रव्यत्वात्"** इति अत्र अव्याप्तिवारणायैव प्रतियोग्यसमानाधिकरणपदं । तदनुपादाने तु द्रव्ये संयोगाभावस्य सत्वात् तदभावप्रतियोगितावच्छेदकमेव संयोगत्वं साध्यतावच्छेदकं भवतीति अव्याप्तिः । प्रतियोग्यसमानाधिकरणपदोपादाने तु न भवति अव्याप्तिः । संयोगाभावस्य हेत्वधिकरणे स्वप्रतियोगिसंयोगसमानाधिकरणत्वात् ।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** ખરેખર તો આ વિશેષણ ન મુકીએ તો **"ઇદં સંયોગિ દ્રવ્યત્વાત્"** એ સ્થાને અવ્યાપ્તિ આવે. તે નિવારવા માટે જ આ વિશેષણ છે. તે આ પ્રમાણે-દ્રવ્યત્વહેતુના અધિકરણ દ્રવ્યમાં સંયોગાભાવ મળી જ જવાનો. જેમકે એ દ્રવ્ય તરીકે વૃક્ષ લો. તો વૃક્ષ સિવાયના તમામ દ્રવ્યોમાં રહેલા સંયોગો તો વૃક્ષમાં સર્વથા રહેવાના જ નથી. અને વૃક્ષમાં પણ જે કપિસંયોગાદિ છે. એ બધા જ જુદા-જુદા અવયવની અપેક્ષાએ તે વૃક્ષમાં રહે છે. એટલે પોતપોતાના અધિકરણ એવા અવયવ સિવાયના બીજા અવયવોમાં=મૂલાદિમાં તો તેમનો જ અભાવ મળી જવાનો. આમ બધા જ સંયોગાભાવ એ અહીં વૃક્ષમાં મળી જાય. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક સંયોગત્વ જ સાધ્યતાવચ્છેદક બનવાથી અવ્યાપ્તિ આવે. "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" મુકીએ તો આ સંયોગાભાવ સ્વપ્રતિયોગિકપિસંયોગાદિને સમાનાધિકરણ જ હોવાથી તે અભાવ ન લેવાય. ઘટાભાવથી લક્ષણ ઘટે. [ખ્યાલ રાખવો આપણે સાંપ્રદાયિકમત પ્રમાણે "વૃક્ષમાં સંયોગાભાવ મળી શકતો જ નથી" એમ જ હમણા કહી ગયા છીએ. આ બીજો જ મત છે.]

---

**जागदीशी -- ननु शाखामूलादिसर्वावयवावच्छेदेन सर्वत्र द्रव्ये गगनादिसंयोगस्य सत्त्वात् कुतस्तत्सामान्याभावस्य द्रव्ये सम्भव इत्यत आह -**

---

**चन्द्रशेखरीया:** ननु यद्यपि कपिसंयोगादयस्तु वृक्षे सर्वत्र न व्याप्ताः । अतः मूलाद्यवच्छेदेन तदभावो मीलति । किन्तु गगनादिविभुपदार्थास्तु वृक्षस्य सर्वावयवावच्छेदेन वृक्षे संयुक्ताः । तथा च वृक्षे गगनसंयोगाभावस्तु न मीलति । तत्कथं संयोगसामान्यानामभावो वृक्षादिद्रव्ये प्रसिद्ध्यति? येन अव्याप्तिर्भवेत् इति चेत्

**ચન્દ્રશેખરીયા: મધ્યસ્થ:** બીજી વાત જવા દો. પણ આકાશ તો સર્વવ્યાપી હોવાથી વૃક્ષના દરેકેદરેક અવયવ

સાથે આકાશનો સંયોગ તો છે જ. અને તે એક જ છે. આમ વૃક્ષમાં કોઈપણ અવયવમાં આકાશસંયોગનો અભાવ ન મળવાથી વૃક્ષમાં સંયોગસામાન્યાભાવ મળવાનો જ નથી.

---

**जागदीशी -- *संयोगस्येति* । *वृक्षत्वेति* । - शाखाद्यवच्छेदेन तत्तत्संयोगसत्त्वेऽपि वृक्षत्वावच्छेदेन कस्याश्चिदपि संयोगव्यक्तेरसत्त्वात् तदवच्छेदेनैव संयोगसामान्याभावसम्भवोऽवच्छेदकभेदेनैकत्र भावाभावयोः समावेशादिति भावः ।**

---

**चन्द्रशेखरीया:** गगनादेरपि संयोगो न समग्रवृक्षे एक एव । किन्तु सोऽपि शाखाद्यवच्छेदेन भिन्नः एव मन्यते । तथा च शाखीयगगनसंयोगः शाखायामेव वर्तते, मूलीयगगनसंयोगः मूले एव वर्तते । समग्रवृक्षे एक एव गगनसंयोगो नाभ्युपगम्यते । एवं च वृक्षे वृक्षत्वावच्छेदेन कस्यापि संयोगस्याविद्यमानत्वात् वृक्षत्वावच्छेदेन संयोगसामान्याभावो वृक्षे अस्ति इति विशेषणानुपादाने भवति अव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** અમે તો એમ જ માનીએ છીએ કે કોઈપણ સંયોગ વ્યાપ્યવૃત્તિ બની શકતો જ નથી. એટલે વૃક્ષમાં પણ ગગનસંયોગ બધે જ વ્યાપીને રહેલો છે એમ અમે માનતા નથી. પણ શાખાવચ્છિન્નગગનસંયોગ, મૂલાવચ્છિન્નગગનસંયોગાદિ એ જુદા જુદા જ છે. એટલે આખાય વૃક્ષમાં રહેલો એક જ સંયોગ તો પ્રસિદ્ધ જ ન હોવાથી વૃક્ષત્વાવચ્છેદેન સંયોગસામાન્યનો અભાવ મળી જ જાય છે.

**મધ્યસ્થ:** આ રીતે એક જ વૃક્ષમાં સંયોગ અને સંયોગસામાન્યાભાવ શી રીતે ઘટે?

**પ્રાચીનો:** કેમ? "શાખાવચ્છેદેન સંયોગ અને વૃક્ષત્વાવચ્છેદેન સંયોગાભાવ" આમ અવચ્છેદક ભેદથી એક જ વસ્તુમાં એક જ વસ્તુના ભાવાભાવ મળી શકે છે. એમાં કોઈ વિરોધ નથી.

---

**जागदीशी -- नन्वेवं वृक्षे संयोगसामान्याभावस्य (सत्त्वे) कुतो नाध्यक्षम्? इति ।**

---

**चन्द्रशेखरीया:** ननु यदि वृक्षे संयोगसामान्याभावोऽस्ति । तदा **वृक्षः संयोगसामान्याभाववान्** इति प्रत्यक्षं कथं न भवति? इति चेत् ।

**ચન્દ્રશેખરીયા: મધ્યસ્થ:** જો વૃક્ષમાં સંયોગસામાન્યાભાવ છે. તો તેનું પ્રત્યક્ષ કેમ નથી થતું? વૃક્ષઃ સંયોગાભાવવાન્" એવી પ્રતીતિ કેમ નથી થતી?

---

**जागदीशी -- आह- *तत्र चेति* । -तत्र=संयोगसामान्याभावे । *सत्त्वादिति* । अस्य प्रतियोगितासम्बन्धेनेत्यादिः । तथा च संयोगसामान्याभावस्यातीन्द्रियप्रतियोगिकत्वान्नाध्यक्षमिति ।**

**चन्द्रशेखरीया:** श्रुणु यत्र अभावे प्रतियोगितासम्बन्धेन योग्यमात्रप्रतियोगिनो भवन्ति तत्र एव अभावेऽभावीय लौकिकविषयतासम्बन्धेनाऽभावविषयकं प्रत्यक्षं भवति । यथा योग्यमात्राः घटस्वरूपाः प्रतियोगिनः प्रतियोगितासम्बन्धेन घटाभावे वर्तन्ते । अतः एव "घटाभाववत् भूतलं" इति अभावविषयकप्रत्यक्षं अभावीयलौकिकविशेषणतासम्बन्धेन घटाभावे समुत्पद्यते इति । संयोगसामान्याभावस्य सर्वे प्रतियोगिनः न योग्याः अपि तु केचिदयोग्या अपि । तस्मात् संयोगाभावे योग्यमात्रप्रतियोगिनः न प्रतियोगितासम्बन्धेन सन्ति। अतः कारणाभावादेव न वृक्षे संयोगसामान्याभावविषयकप्रत्यक्षं भवति । योग्यमात्रप्रतियोगिकत्वं यत्राभावे भवति । तस्यैव प्रत्यक्षं भवतीति निष्कर्षः । संयोगसामान्याभावस्तु योग्यायोग्योभयस्वरूपप्रतियोगिकः । अतः तस्य प्रत्यक्षं न भवति ।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** અભાવનિષ્ઠ લૌકિક વિષયતા સંબંધથી અભાવપ્રત્યક્ષ તે જ અભાવમાં ઉત્પન્ન થાય. જ્યાં યોગ્યમાત્ર પ્રતિયોગિકત્વ=પ્રતિયોગિતાસંબંધથી યોગ્યમાત્ર પ્રતિયોગી હોય. હવે સંયોગસામાન્યાભાવનો પ્રતિયોગી સંયોગસામાન્ય તો અલૌકિક છે. એટલે આ અભાવ યોગ્યમાત્રપ્રતિયોગિક નથી અર્થાત્ પ્રતિયોગિતાસંબંધથી તેમાં યોગ્યમાત્રપ્રતિયોગી રહેતો નથી. માટે કારણ જ હાજર ન થવાથી સંયોગસામાન્યાભાવનું પ્રત્યક્ષ થઈ શકતું નથી.

---

**जागदीशी -- ननु प्रतियोगितावच्छेदकविशिष्टस्यैव योग्यत्वमत्यन्ताभावप्रत्यक्षे तन्त्रं (न तु योग्यमात्रप्रतियोगिकत्वम्) अन्यथा गुणेऽपि संयोगसामान्याभाव (स्य तादृश) प्रत्यक्षं न स्यात् ।**

---

**चन्द्रशेखरीया:** ननु एवं तर्हि 'गुणः संयोगसामान्याभाववान्' इति प्रत्यक्षमपि न भविष्यति । यतो भवता एव संयोगसामान्याभावस्य प्रत्यक्षं अनन्तरमेव निराकृतं । किन्तु तत्प्रत्यक्षं तु भवतामपि इष्टमेव । तस्मात् न स कार्यकारणभावः समुचितः । किन्तु यत्र अभावे स्वप्रतियोगितावच्छेदकविशिष्टःएकोऽपि योग्यःप्रतियोगी प्रतियोगितासम्बन्धेन भवति । तस्यैवाभावस्य प्रत्यक्षं भवतीति अङ्गीकार्यम् । संयोगसामान्याभावे तु स्वप्रतियोगितावच्छेदकसंयोगत्वविशिष्टाः कपिसंयोगादयो बहवो योग्याः प्रतियोगिनो विद्यन्ते । तस्मात् गुणे संयोगाभावप्रत्यक्षं भविष्यति । एवं च तस्मादेव न्यायात् द्रव्येऽपि संयोगसामान्याभावस्य प्रत्यक्षापत्तिःदुर्वारा इति चेत्

**ચન્દ્રશેખરીયા: મધ્યસ્થ:** આ વાત બરાબર નથી. કેમકે જો યોગ્યમાત્રપ્રતિયોગિકત્વ એ જ અભાવ પ્રત્યક્ષનું કારણ માનશો તો "ગુણઃ સંયોગસામાન્યાભાવવાન્" એ પ્રત્યક્ષ થઈ શકશે નહિ. કેમકે અહીં પણ સંયોગસામાન્યાભાવમાં યોગ્યમાત્રપ્રતિયોગિકત્વ નથી જ. તમે જ ના પાડી છે. એટલે એ અભાવમાં અભાવલૌવિષયતાસંબંધથી પ્રત્યક્ષની ઉત્પત્તિ થઈ શકે નહિ. પણ થાય તો છે જ. માટે જ આ કારણ બરાબર નથી. એનાં કરતાં તો પ્રતિયોગિતાવચ્છેદકથી વિશિષ્ટ કોઈપણ પ્રતિયોગી યોગ્ય હોવો જોઈએ. એવા પ્રતિયોગીના સામાન્ય-અભાવનું જ પ્રત્યક્ષ થાય. સંયોગસામાન્યાભાવનાં પ્રતિયોગી સંયોગો છે. તેમાં પ્રતિયોગિતાવચ્છેદક સંયોગત્વથી વિશિષ્ટ ઘણા બધા સંયોગો યોગ્ય=પ્રત્યક્ષયોગ્ય છે જ. એટલે આ અભાવનું ગુણમાં પ્રત્યક્ષ થઈ શકશે. અને આ રીતે કારણ માનીએ તો તો પછી એ જ અભાવનું વૃક્ષમાં પણ પ્રત્યક્ષ થવાની આપત્તિ તો ઉભી જ છે.

ખ્યાલ રાખવો કે કારણ જ્યાં રાખીએ ત્યાં જ કાર્ય ઉત્પન્ન થાય. પ્રતિયોગિતા સંબંધથી યત્કિંચિત્યોગ્યપ્રતિયોગી એ અભાવમાં રહી જાય. અને તેથી તે જ અભાવમાં અભાવીયલૌકિકવિષયતાસંબંધથી પ્રત્યક્ષ ઉત્પન્ન થાય.

---

**जागदीशी -- आह *परित इति* । परितः=सर्वावयवावच्छेदेन प्रतियोगिग्रहात्मकदोषाद्वेत्यर्थः ।**

---

**चन्द्रशेखरीया:** न, तत्र वृक्षे सर्वेषु एव अवयवेषु यत्किञ्चित्संयोगात्मकप्रतियोगिनः प्रत्यक्षं भवति । तच्च प्रत्यक्षं संयोगसामान्याभावप्रत्यक्षे प्रतिबन्धकं भवति । गुणे तु नैवं । गुणे संयोगप्रत्यक्षस्याभावात् । तस्मात् वृक्षे संयोगसामान्याभावस्य विद्यमानस्य अपि प्रत्यक्षं न भवति ।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** અમે એમ કહેશું કે વૃક્ષમાં બધી જ બાજુ સંયોગનામના પ્રતિયોગીનું પ્રત્યક્ષ થાય છે. આમ પ્રતિયોગિપ્રત્યક્ષ રૂપ પ્રતિબંધક હાજર હોવાથી જ વૃક્ષમાં સંયોગસામાન્યાભાવનું પ્રત્યક્ષ થતું નથી. આમ વૃક્ષમાં વૃક્ષત્વાવચ્છેદેન સંયોગસામાન્યાભાવ છે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક સંયોગત્વ હોવાથી અવ્યાપ્તિ આવે છે. તે નિવારવા દીધિતિમાં પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ છે. સંયોગાભાવ એ તો કપિસંયોગાદિ પ્રતિયોગીઓને સમાનાધિકરણ હોવાથી તે ન લેવાય. એટલે ઘટાભાવાદિને લઈને લક્ષણ ઘટી જાય છે.

---

**जागदीशी -- न चैवमपि प्रतियोगिग्रहोत्पत्तिदशायामेव तत्प्रत्यक्षं दुर्वारम्**

---

**चन्द्रशेखरीया:** ननु यदि संयोगप्रत्यक्षं प्रतिबन्धकं, तर्हि संयोगप्रत्यक्षाभावः कारणम् इति फलितम् । तथा च यस्मिन् तृतीयक्षणे संयोगप्रत्यक्षं भवति । तत्पूर्वक्षणे संयोगप्रत्यक्षाभावः कारणस्वरूपो विद्यते एव । एवं च कारणसत्चात् तृतीयक्षणे संयोगप्रत्यक्षं संयोगाभावप्रत्यक्षं च इति उभयं उत्पत्स्यते । न चैतदिष्टं । तस्मात् न संयोगप्रत्यक्षस्य प्रतिबंधकत्त्वं उचितं इति चेत्

**ચન્દ્રશેખરીયા: મધ્યસ્થ:** તમે પ્રતિયોગિપ્રત્યક્ષને સંયોગાભાવપ્રત્યક્ષમાં પ્રતિબંધક માન્યો. એનો અર્થ એ કે પ્રતિયોગિપ્રત્યક્ષાભાવ એ સંયોગાભાવપ્રત્યક્ષનું કારણ છે. કારણ હંમેશા પૂર્વક્ષણમાં હાજર જોઈએ. હવે ધારો કે ત્રીજી ક્ષણે પ્રતિયોગિપ્રત્યક્ષ ઉત્પન્ન થાય છે તો બીજી ક્ષણે તો પ્રતિયોગિપ્રત્યક્ષાભાવ રૂપ કારણ હાજર જ છે. એટલે બીજી ક્ષણે કારણ હાજર હોવાથી ત્રીજી જ ક્ષણે પ્રતિયોગિપ્રત્યક્ષની સાથે જ પ્રતિયોગિ-અભાવનું પણ પ્રત્યક્ષ થવાની આપત્તિ આવે. જે થતું નથી જ.

---

**जागदीशी -- प्रतियोग्युपलम्भकसामग्र्या अपि दोषत्वोपगमात् । 'प्रतियोगिन उपलब्धिर्यत इति' व्युत्पत्त्या तस्या एव वा प्रस्तुतत्वादिति भावः ।**

**चन्द्रशेखरीया:** न, प्रतियोगिनःसंयोगप्रत्यक्षस्य सामग्री अपि, सामग्री एव वा प्रतिबंधकत्वेन मन्यते। तथा च द्वितीयक्षणेऽपि संयोगप्रत्यक्षसामग्रीसद्भावात् प्रतिबंधकसत्त्वात् न तृतीयक्षणे संयोगाभावप्रत्यक्षस्य आपत्तिः संभवति। ननु दीधितौ तु "परितः प्रतियोगि-उपलब्धेरेव दोषत्वात्" इति अनेन प्रतियोगिनः=संयोगस्य उपलब्धिः=प्रत्यक्षमेव दोषत्वेन=प्रतिबंधकत्वेन सूच्यते। तस्मात् संयोगप्रत्यक्षसामग्रेः प्रतिबन्धकत्वकथनमनुचितम् इति चेत् न, दीधितिग्रन्थेनापि सामग्री एव प्रतिबन्धकत्वेन प्रतिपाद्यते। तथा हि "प्रतियोगिनः उपलब्धिः यस्मात्" इति बहुव्रीहिसमासकरणात् यस्याः सामग्र्याः सकाशात् प्रतियोगिप्रत्यक्षं भवति, सा सामग्री एव प्रतिबन्धकत्वेन विवक्षिता इति न कश्चिद् दोषः।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** પ્રતિયોગિપ્રત્યક્ષને પ્રતિબંધક=દોષ માનવાનું છોડીને પ્રતિયોગિપ્રત્યક્ષની સામગ્રીને પણ પ્રતિબંધક માનશું. અથવા તો પછી એ સામગ્રીને જ દોષ=પ્રતિબંધક માનશું. ત્રીજી ક્ષણે પ્રતિયોગિપ્રત્યક્ષ થાય છે. તેનો અર્થ એ કે બીજી ક્ષણે તેની સામગ્રી હાજર છે. આમ બીજી ક્ષણે સંયોગાભાવપ્રત્યક્ષનો પ્રતિબંધક હાજર હોવાથી ત્રીજી ક્ષણે તે અભાવનું પ્રત્યક્ષ થવાની આપત્તિ ન આવે.

**મધ્યસ્થ:** દીધિતિમાં તો પ્રતિયોગિ-ઉપલબ્ધેર્વા દોષાત્.... એમ જ લખેલ છે. એનાથી તો પ્રતિયોગિપ્રત્યક્ષ જ પ્રતિબંધક તરીકે જણાય છે તો તમે સામગ્રીને શી રીતે પ્રતિબંધક માની શકો?

**પ્રાચીનો:** એ પંક્તિનો અર્થ–"પ્રતિયોગિનઃ ઉપલબ્ધિર્યસ્માત્" એમ બહુવ્રીહિસમાસથી કરવો. અર્થાત્ પ્રતિયોગીનું પ્રત્યક્ષ જેના દ્વારા થાય તે=પ્રતિયોગિપ્રત્યક્ષ સામગ્રી જ આવે. આમ દીધિતિ પણ સામગ્રીને જ પ્રતિબંધક તરીકે સુચવે છે.

---

**जागदीशी -- प्रतियोग्युपलम्भकदोषाभावस्य संयोगसामान्याभावप्रत्यक्षे कार्य्यसहभावेन हेतुत्वोपगमान्नोक्तदोष इत्यपि वदन्ति।**

---

**चन्द्रशेखरीया:** अथवा "सर्वाणि कारणानि कार्यपूर्ववर्तित्वेन कार्यजनकानि। किन्तु प्रतिबन्धकाभावस्वरूपं कारणं तु कार्यकालवृत्तित्वेनैव कारणं मन्यते। तथा च द्वितीयक्षणे संयोगप्रत्यक्षाभावस्य विद्यमानत्त्वेऽपि तृतीयक्षणे संयोगप्रत्यक्षसत्वात् तत्क्षणे संयोगप्रत्यक्षाभावात्मकस्य प्रतिबन्धकाभावस्यासत्वात् न तृतीयक्षणे संयोगाभावप्रत्यक्षापत्तिः" इत्यपि वदन्ति इति आहुः। अत्र "यत्तु" इत्यादिना दीधितौ प्रतिपादितस्य पूर्वपक्षस्य निरूपणं समाप्तं। अधुना उत्तरं दीयते। तत् "केचित्" मतं तुच्छं। यतो वृक्षादौ द्रव्ये संयोगसामान्याभावस्य विद्यमानत्वे एव न किमपि प्रमाणमस्ति। तथा च तत्र संयोगसामान्याभावस्याभावात् न साध्याभावः लक्षणघटकः। किन्तु घटाद्यभावः। तथा च लक्षणसमन्वयः प्रतियोग्यसमानाधिकरणपदं विनापि भवति इति तत्पदं निरर्थकमेव भवेत्। तस्मात् **कपिसंयोगी एतद्वृक्षत्वात्** इत्यनुमाने एव तस्य विशेषणस्याव्याप्तिनिवारणरूपं प्रयोजनं संभवतीति ध्येयम्।

**ચન્દ્રશેખરીયા: વદન્તિ**–અથવા તો કોઈ એમ પણ કહે છે કે પ્રતિયોગિપ્રત્યક્ષ રૂપ દોષનો અભાવ જ એ સંયોગસામાન્યાભાવપ્રત્યક્ષ પ્રત્યે કારણ છે. પણ એ કાર્યપૂર્વવર્તિ તરીકે કારણ નથી. પરંતુ કાર્યકાલવૃત્તિત્વેન

કારણ છે. ત્રીજી ક્ષણે તો પ્રતિ.પ્રત્યક્ષ છે જ. એટલે તે ક્ષણે પ્રતિબંધકાભાવરૂપ કારણ ન હોવાથી સંયોગાભાવપ્રત્યક્ષ થવાની આપત્તિ ન આવે.

**ઉત્તરપક્ષ:** કોઈપણ દ્રવ્યમાં સંયોગસામાન્યનો અભાવ માનવામાં કોઈ પ્રમાણ જ નથી.

## दीधिति

**न च 'यो यदीययावद्विशेषाभाववान् स तत्सामान्याभाववानि'ति व्याप्तेः,-**

**संयोगयावद्विशेषाभावा एव मानं।**

**जागदीशी -- न च इति। - मानमिति परेणान्वयः। यो यदीयेति। यो यज्जातिसमानाधिकरणोभयावृत्तिधर्म्मावच्छिन्न-यत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकयावदभाववान् स तज्जात्यवच्छिन्न-तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभाववान् इत्यर्थः। तेन न स्वरूपासिद्धिः न वा सिद्धसाधनं।**

**चन्द्रशेखरीयाः** ननु वृक्षे वृक्षत्वावच्छेदेन संयोगसामान्याभावसाधकं अनुमानं प्रमाणं अस्ति एव। तथा हि - **वृक्षः संयोगसामान्याभाववान् संयोगनिष्ठप्रतियोगिताकानां यावत्संयोगविशेषाभावानां अधिकरणत्वात्।** यत्र यत्प्रतियोगिताकानां यावतां यद्विशेषाभावानां सद्भावः तत्र तत्प्रतियोगिताकः तत्सामान्याभावः इति व्याप्तिः। यथा भूतले तत्तद्घटप्रतियोगिताकानां यावतां घटविशेषाभावानां सद्भावः तत्र घटसामान्याभावः अस्ति एव। एवं च वृक्षेऽपि सर्वेषां संयोगविशेषाभावानां मूलाद्यवच्छेदेन सत्त्वात् वृक्षत्वावच्छेदेन वृक्षे संयोगसामान्याभावः सिध्यति।

यद्यपि घटवति भूतले घटपटोभयस्य अभावः अस्ति। तथा च तत्र यावद्विशेषाभावानां सत्त्वात् घटसामान्याभावानामसत्त्वात् व्यभिचारो भवति। तथापि अनन्तरमेव वक्ष्यमाणं परिष्कारसंयुतं निरूपणं निर्दोषं भवति। तथा हि- यः यज्जातिसमानाधिकरणोभयावृत्तिधर्मावच्छिन्नयत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकयावदभाववान् स तज्जात्यवच्छिन्न-तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभाववान् इति व्याप्तिः। अस्य अर्थः। यज्जातिः घटत्वं, तत्समानाधिकरणः=घटत्वाधिकरणे विद्यमानः, उभयावृत्तिः=उभयस्मिन् अविद्यमानश्च यः तद्घटत्वादिधर्मः, तद्धर्मावच्छिन्नाः यत्सम्बन्धेन=साध्यतावच्छेदकसम्बन्धेन=संयोगादिना अवच्छिन्नाः याः प्रतियोगिताः, तन्निरूपकाः यावन्तोऽभावाः=तत्तद्घटाभावाः। तद्वान् यः भवति, स "घटत्वजात्यवच्छिन्ना संयोगसम्बन्धावच्छिन्ना या प्रतियोगिता" तन्निरूपकाभाववान्=घटसामान्याभाववान् भवति।

एवं च संयोगत्वजात्यधिकरणे विद्यमानाः उभयस्मिन् अविद्यमानाश्च तत्कपिसंयोगत्व-तद्घटसंयोगत्व-तत्पटसंयोगत्वादयो धर्माः। तैः अवच्छिन्नाः समवायसम्बन्धावच्छिन्नाश्च याः तेषु संयोगेषु विद्यमानाः प्रतियोगिताः, तासां निरूपकाः

तत्कपिसंयोगाभाव-तद्घटसंयोगाभावादयः। तद्वान् वृक्षः अस्ति। तस्मात् वृक्षे संयोगत्वजात्यवच्छिन्न-समवायावच्छिन्नप्रतियोगिताकः संयोगसामान्याभावः सिध्यति।

दीधितिवाक्यस्यायमर्थः यदीयाः=यन्निष्ठप्रतियोगिताकाः यावन्तो विशेषाभावाः, तद्वान्। अत्र यदीयपदं यावत्पदं च अभावविशेषणे ज्ञेये। तस्य परिष्कृतोऽर्थः जागदीश्यनुसारेणानन्तरमेवोक्तः।

यदि अत्र उभयावृत्तिपदं धर्मविशेषणं न क्रियते। तदा तु संयोगत्वजात्यधिकरणे संयोगे विद्यमानः गुणत्वादिधर्मः। तदवच्छिन्न-समवायावच्छिन्नप्रतियोगिताको गुणसामान्याभावः वृक्षे नास्ति। तथा च स्वरूपासिद्धिः भवेत्। तद्वारणाय उभयावृत्तिपदं। गुणत्वादिधर्मास्तु अनेकगुणेषु वर्तमानाः उभयवृत्तिनः एव। तस्मात् उभयावृत्तिपदेन ते न गृह्यन्ते। किन्तु एकैकसंयोगादिषु वर्तमानाः तत्संयोगत्वादय एव गृह्यन्ते। तादृशधर्मावच्छिन्नयावद्विशेषाभावास्तु वृक्षे विद्यन्ते इति न स्वरूपासिद्धिः।

एवं यदि यत्सम्बन्धावच्छिन्नपदं प्रतियोगिताविशेषणं न क्रियते, तदा तु वृक्षे तत्तत्संयोगत्वावच्छिन्नप्रतियोगिताकानां संयोगावच्छिन्नप्रतियोगिताकानां तत्-तत्संयोगाभावानां विद्यमानता अस्ति। यतः संयोगः समवायेन वृक्षादौ वर्तते। संयोगः गुणः, गुणश्च संयोगेन न कुत्रापि वर्तते। अतः वृक्षे संयोगेन संयोगानां अभावः एव। एवं च वृक्षे संयोगेन संयोगसामान्यस्याभाव सिद्ध्यति। किन्तु स तु सर्वेषाम् अभिमत एव। अतः सिद्धसाधनं भवति। किन्तु यत्सम्बन्धावच्छिन्नपदनिवेशे नैष दोषः। यतोऽत्र समवायसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाः एव यावन्तः संयोगविशेषाभावाः हेतुभूताः। अतः समवायावच्छिन्न प्रतियोगिताकः संयोगसामान्याभावः एव साध्यः। स च वृक्षेऽसिद्धः इति अनेनानुमानेन तस्य साधनात् न सिद्धसाधनदोषो भवति।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** "વૃક્ષાદિ દ્રવ્યોમાં વૃક્ષત્વાવચ્છેદેન સંયોગ્ સામાન્યાભાવ છે" એ વાત સાબિત કરવા માટે અમે એક અનુમાન કરશું.

દીધિતિમાં-"यः यदीययावविशेषाभाववान् स तत्सामान्याभाववान्" એ વ્યાપ્તિ છે. यदीयाः= यत्प्रतियोगिताकाः यावन्तो विशेषाभावाः" એમ સમાસ કરવો. અર્થાત્ ભૂતલ એ ઘટપ્રતિયોગિતાક જેટલા વિશેષાભાવો છે એ તમામ અભાવવાળો હોય તો એ ઘટસામાન્યાભાવવાળો હોય જ. ધારો કે જગતમાં ૧૦૦ ઘટ છે. ભૂતલ ઉપર નં.૧,૨,૩... ૧૦૦માંથી એક પણ ઘટ નથી. અર્થાત્ ૧ ઘટાભાવ ૨ ઘટાભાવ... ૧૦૦ ઘટાભાવ એમાં ૧૦૦ વિશેષાભાવો ભૂતલ ઉપર છે. તો એ ભૂતલ ઘટસામાન્યના અભાવવાળો કહેવાય. અહીં પણ વૃક્ષની અંદર બધા જ સંયોગવિશેષોનો તત્ તત્ અવયવને વિશે અભાવ મળી જ જાય છે. ગગનનો પણ વૃક્ષત્વાવચ્છેદેન અભાવ છે જ. આમ વૃક્ષ એ સંયોગનિષ્ઠ પ્રતિયોગિતાક એવા જેટલા સંયોગવિશેષાભાવો છે તે તમામવાળો છે. અને માટે જ વૃક્ષમાં સંયોગસામાન્યાભાવની પણ સિદ્ધિ થાય છે.

**अनुमानः**

**वृक्षः संयोगसामान्याभाववान् संयोगनिष्ठप्रतियोगिताक-यावद्विशेषाभाववत्वात्। घटनिष्ठप्रतियोगिता-**

**कयावद्विशेषाभाववद्भूतलवत् ।**

**મધ્યસ્થ:** આ વ્યાપ્તિમાં વ્યભિચાર છે. ઘટવાળા ભૂતલ ઉપર ઘટપટોભયનો અભાવ મળી જાય છે. એ રીતે ત્યાં ઘટીયયાવત્વિશેષાભાવ છે પણ ઘટસામાન્યાભાવ=સાધ્ય તો નથી.

**પૂર્વપક્ષ:** માટે જ અમે લક્ષણનો પરિષ્કાર કરશું.

यः यज्जातिसमानाधिकरणोभयावृत्तिधर्मावच्छिन्न-यत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताक यावदभाव वान् स तज्जाति-अवच्छिन्नत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताक-अभाववान् । આનો અર્થ—યજ્જાતિસમાનાધિકરણ=યજ્જાતિના અધિકરણમાં વૃત્તિ એવો ઉભયમાં અવૃત્તિ એવો ધર્મ. એ ધર્મથી અવચ્છિન્ન અને યત્સંબંધથી અવચ્છિન્ન એવી પ્રતિયોગિતા, તે પ્રતિયોગિતાના નિરૂપક એવા જેટલા અભાવો હોય. તે અભાવવાળો જે હોય. તે તજ્જાતિ અને તત્સંબંધથી અવચ્છિન્ન એવી પ્રતિયોગિતાના નિરૂપક અભાવવાળો હોય.

**દા.ત.** ઘટત્વજાતિના અધિકરણ ૩ ઘટ છે. તેમાં રહેલો ઉભયમાં=બેમાં ન રહેનારો ધર્મ તો પ્રથમ ઘટત્વ, દ્વિતીય ઘટત્વ, તૃતીય ઘટત્વ જ આવે. અને તેથી

૧ ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક + સંયોગાવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો નં. ૧ ઘટાભાવ.

૨ ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક + સંયોગાવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો નં. ૨ ઘટાભાવ.

૩ ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક + સંયોગાવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો નં. ૩ ઘટાભાવ.

આ ત્રણેય અભાવો ભૂતલમાં મળે છે. અને તેથી તે ભૂતલમાં ઘટત્વજાતિ-અવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો અને સંયોગસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો ઘટાભાવ મળેલ છે.

અહીં જો ઉભય-અવૃત્તિ એ શબ્દ "ધર્મના" વિશેષણ તરીકે ન લઈએ તો અનુમાનમાં સ્વરૂપાસિદ્ધિ

આવે. કેમકે **વૃક્ષ: સંયોગત્વજાતિ-અવચ્છિન્ન-સમવાયસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવવાન્ સંયોગત્વજાતિ-અધિકરણવૃત્તિ-ધર્માવચ્છિન્નસમવાયસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાકયાવદભાવત્વાત્,** આમ અનુમાન બને. હવે સંયોગત્વજાતિનું અધિકરણ સંયોગ બને. તેમાં વૃત્તિ ધર્મ તરીકે ગુણત્વાદિ પણ લેવાય. અને તે ગુણત્વધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ=ગુણસામાન્યાભાવ બને. એ તો રૂપાદિગુણવાળા વૃક્ષમાં મળતો જ નથી. માટે સ્વરૂપાસિદ્ધિ દોષ આવે.

પણ ઉભયાવૃત્તિ એ વિશેષણ મુકવાથી આ આપત્તિ નીકળી જાય. કેમકે ગુણત્વ તો ઉભયવૃત્તિ જ છે. [ઘણામાં રહે તે બેમાં રહેનારો કહેવાય જ.] એટલે ઉભયાવૃત્તિ ધર્મ તરીકે નં.૧ સંયોગત્વ, નં.૨ સંયોગત્વ એમ ૧-૧ સંયોગમાં રહેનારા ધર્મો જ લેવાશે. અને તદવચ્છિન્નપ્રતિયોગિતાક એવો તત્તત્સંયોગાભાવ તો વૃક્ષમાં હોવાથી અવ્યાપ્તિ ન આવે.

એ રીતે હેતુ અંશમાં જો "તત્સંબંધાવચ્છિન્ન" ન લઈએ. તો પછી સાધ્ય-અંશમાં પણ એ નીકળી જ જવાનું. અને તો પછી વૃક્ષમાં સંયોગત્વજાતિ-અવચ્છિન્નપ્રતિયોગિતાક-સંયોગસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાકસંયોગાભાવ

રૂપ સાધ્ય તો માન્ય જ છે. કેમકે કોઈપણ સંયોગ એ ગુણરૂપ હોવાથી સમવાયથી જ રહે. સંયોગસંબંધથી ન રહે. એટલે વૃક્ષમાં સંયોગસંબંધથી તો કોઈપણ સંયોગ રહેતો જ નથી. આમ આ સાધ્ય તો વૃક્ષમાં સિદ્ધ જ હોવાથી તેનું અનુમાન કરવામાં સિદ્ધસાધન દોષ આવે. પણ અમે હેતુમાં અને સાધ્યમાં બેયમાં "સંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક" નો નિવેશ કરેલો છે જ. અને એટલે અહીં સાધ્ય પણ સમવાય-સંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો સંયોગાભાવ જ છે. અને એ તો પક્ષમાં સિદ્ધ ન હોવાથી સિદ્ધસાધન દોષ ન આવે.

---

**जागदीशी -- जात्युपादानाद्गुरुधर्म्मस्य (कम्बुग्रीवादिमत्त्वस्य) प्रतियोगितानवच्छेदकत्वे-तदवच्छिन्नाभावाप्रसिद्ध्यापि न व्यभिचारः।**

---

**चन्द्रशेखरीयाः** यदि जातिपदमपहाय धर्मपदं लिख्यते। तदा कम्बुग्रीवादिमत्वधर्माधिकरणवृत्तिनः उभयावृत्तिनः तत्तद्घटत्वादयः धर्माः। तदवच्छिन्नप्रतियोगिताकाः तत्तद्घटाभावाः भूतले वर्तन्ते। किन्तु तत्र कम्बुग्रीवादि-मत्वावच्छिन्नप्रतियोगिताकाभावः नास्ति। यतः कम्बुग्रीवादिमत्वस्य गुरुधर्मतया तदवच्छिन्नप्रतियोगिता एव अप्रसिद्धा इति तादृशाभावोऽपि अप्रसिद्धः। तथा च व्यभिचारः भवेत्। किन्तु जातिपदोपादानात् स व्यभिचारः न भवति। कम्बुग्रीवादिमत्वस्य जातित्वाभावात्।

**ચન્દ્રશેખરીયા:** જો "જાતિ" પદ ન લખે તો કમ્બુગ્રીવાદીમત્વધર્મને સમાનાધિકરણ એવો તથા ઉભયમાં અવૃત્તિ એવો તદ્ઘટત્વાદિ ધર્મ મળે અને તદ્ઘટાત્વાદિધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક તત્તત્ઘટવિશેષાભાવો ભૂતલમાં મળે જ છે. પણ ત્યાં કમ્બુગ્રીવાદિમત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક ઘટાભાવ નથી રહેતો. કેમકે કમ્બુગ્રીવાદિમત્વ એ ગુરુધર્મ હોવાથી તદ્ધર્માવચ્છિન્ન એવી પ્રતિયોગિતા જ માનેલી નથી. અને તેથી તાદૃશ-અભાવ પણ અપ્રસિદ્ધ છે. એટલે અહીં હેતુ હોવા છતાં સાધ્ય ન હોવા રૂપ વ્યભિચાર આવે.

"જાતિ"પદ મુકવાથી એ આપત્તિ નીકળી જાય. કેમકે કમ્બુગ્રીવાદિમત્ત્વ એ જાતિ જ ન હોવાથી "હેતુ"માં પણ યજ્જાતિ" પદથી ઘટત્વાદિ જ લેવાશે. કમ્બુગ્રીવાદિમત્વ નહીં લેવાય. અને તેથી વાંધો ન આવે. કેમકે ભૂતલમાં જેમ ઘટત્વ સમાનાધિકરણ... અભાવ રૂપ હેતુ છે. તેમ ઘટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક અભાવ પણ છે જ. એટલે વ્યભિચાર ન આવે.

---

**जागदीशी -- न च सत्त्वगुणत्वाद्यवच्छिन्नाभावमादाय स्वरूपासिद्ध्यादिदोषवारकतया 'उभयावृत्ति'पदस्य वैयर्थ्यं –व्यभिचारावारकत्वादिति वाच्यम्';**

---

**चन्द्रशेखरीयाः** अत्राह कश्चिद् मध्यस्थः– यदि हेतौ उभयावृत्तिपदं न निक्षिप्यते, तदा तु संयोगत्वजातिसमानाधिकरण-गुणत्वधर्मावच्छिन्नप्रतियोगिताको गुणसामान्याभावः हेतुरूपः वृक्षे नास्ति इति स्वरूपासिद्धिर्भवेत्। उभयावृत्तिपदोपादानात्

स्वरूपासिद्धिदोषो न भवति। तथा च उभयावृत्तिपदं स्वरूपासिद्धिनिवारकमेव। व्यभिचारनिवारकं नास्ति। व्यभिचारानिवारकपदं च व्यर्थं भवति इति हेतुः व्यर्थविशेषणघटितोऽभूत् इति।

**ચન્દ્રશેખરીયા: મધ્યસ્થ:** તમે કહ્યું કે જો ઉભયાવૃત્તિ શબ્દ ન મુકીએ તો ગુણત્વાવચ્છિન્નાભાવ પણ લઈ શકાય. અને તે વૃક્ષમાં ન હોવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ આવે. તે નિવારવા "ઉભયાવૃત્તિ"પદ છે." આનો અર્થ એ કે ઉભયાવૃત્તિવિશેષણ એ સ્વરૂપાસિદ્ધિવારક છે. પણ વ્યભિચારદોષ નિવારક નથી. અને વ્યભિચાર-અનિવારક એવું હેતુમાં રહેલું વિશેષણ એ વ્યર્થ ગણાય છે. આમ તમારો હેતુ વ્યર્થવિશેષણ ઘટિત બને છે.

---

**जागदीशी -- व्यभिचारवारकस्येवासिद्धिवारकस्यापि विशेषणस्य सार्थकतायाः पक्षधर-मिश्रादिसम्मतत्वात्।**

**अत एव शब्दोऽनित्यः सामान्यवत्त्वे सति विशेषगुणान्तरासमानाधिकरणबहिरिन्द्रियग्राह्यत्वादिति हेतावसिद्धिवारकस्य शब्देतरार्थकस्य 'विशेषगुणान्तर'पदस्य शब्दमण्यालोके तैः सार्थकत्वं समर्थितम्।**

---

**चन्द्रशेखरीयाः** अत्र **पूर्वपक्षः** प्राह–व्यभिचारवारकविशेषणं यथा सार्थकं गण्यते। तथा स्वरूपासिद्धिनिवारकं विशेषणमपि सार्थकं एव गण्यते। पक्षधरमिश्रादीनामपि एतत् सम्मतं। अतः एव तत्वचिन्तामणिग्रन्थस्य शब्दखंडे आलोकनाम्नि व्याख्याने पक्षरधरमिश्रैः स्वरूपासिद्धिवारकं विशेषणं सार्थकं गणितम्। तथा हि – **शब्दः अनित्यः सामान्यवत्त्वे सति विशेषगुणान्तरासमानाधिकरणबहिरिन्द्रियग्राह्यत्वात्** इति शब्देऽनित्यत्वसाधकमनुमानम्। अत्र हेतौ त्रयो विभागाः सामान्यवत्वम्=जातिमत्वम्, विशेषगुणान्तरासमानाधिकरणत्वं=शब्दभिन्नविशेषगुणाधिकरणावृत्तित्वम्, बहिरिन्द्रियग्राह्यत्वं च।

शब्दः (पक्षः) जातिमान्, शब्दभिन्नविशेषगुणरूपाद्यधिकरणघटाद्यवृत्तिः, बहिरिन्द्रियग्राह्यश्चास्ति।

अत्र "जातिमत्वं" न लिख्यते। तदा शब्दत्वजातौ तादृशावृत्तित्वं बहिरिन्द्रियग्राह्यत्वं चास्ति। तत्र च अनित्यत्वं नास्ति इति व्यभिचारो भवेत्। किन्तु जातिमत्त्वोपादाने न व्यभिचारः। शब्दत्वजातौ जातिमत्त्वाभावात्।

अत्र यदि बहिरिन्द्रियग्राह्यत्वं न निक्षिप्यते। तदा आत्मनि जातिमत्त्वं तादृशावृत्तित्वञ्चास्ति। तत्र च अनित्यत्वाभावात् भवति व्यभिचारः। बहिरिन्द्रियग्राह्यत्वोपादाने च न व्यभिचारः। आत्मनि बहिरिन्द्रियग्राह्यत्वाभावात्।

यदि विशेषगुणान्तरपदं शब्दभिन्नविशेषणार्थकं न निक्षिप्यते। तदा तु अधिकरणावृत्तित्वमेव शिष्टम् भवेत्। शब्दश्च अधिकरणे आकाशे वर्तते। अतः शब्दे हेतुसद्भावो न भवेत्। तथा च स्वरूपासिद्धिर्भवेत्।

विशेषगुणान्तरपदोपादाने च शब्दभिन्नविशेषगुणानां रूपादीनां अधिकरणे घटादौ शब्दस्यावर्तमानत्वात् न स्वरूपासिद्धिः। तथा च अत्र विशेषगुणान्तरपदं स्वरूपासिद्धिवारकत्वेनैवाभिमतम्।

अत्र **मध्यस्थः** प्राह। विशेषगुणान्तराधिकरणावृत्तिपदं एव न निवेश्यम्। शब्दे जातिमत्वस्य बहिरिन्द्रियग्राह्यत्वस्य च सत्त्वात् न स्वरूपासिद्ध्यादयो दोषाः इति।

**पूर्वपक्षः** उत्तरयति-यः शब्दः उत्पन्नोऽपि न केनचित् श्रुतः। तस्मिन् बहिरिन्द्रियग्राह्यत्वाभावात् पक्षैकदेशे तादृशशब्दे हेतोरसत्वात् भागासिद्धिर्भवति। न च बहिरिन्द्रियग्राह्यजातिमत्वमेवोच्यतां। तादृक्शब्देऽपि बहिरिन्द्रियग्राह्यशब्दत्वजातिमत्त्वस्य सत्त्वात् न भागासिद्धिरिति वाच्यम्। तथा सति जलपरमाणुगतरूपे रूपत्वजातिमत्वस्य बहिरिन्द्रियग्राह्यरूपत्वजातिमत्वस्य च सत्वात् हेतुमति तस्मिन् रूपेऽनित्यत्वसाध्यस्यासत्वात् भवति व्यभिचारः इति तद्वारणाय "अधिकरणावृत्ति" पदं निवेशनीयम्। जलरूपस्य च जलात्मकाधिकरणवृत्तित्वात् न तस्मिन् हेतुःविद्यते तथा च न व्यभिचारः। किन्तु एवंकरणे शब्दे=पक्षेऽपि अधिकरणावृत्तित्वस्य अभावात् स्वरूपासिद्धिः भवति। तस्मात् शब्दभिन्नविशेषगुणार्थकस्य विशेषगुणान्तरपदस्य निवेश आवश्यकः। तथा च स्वरूपासिद्धिनिवारकपदमपि सार्थकमेवाभिमन्यते इति न व्यर्थविशेषणघटितोऽस्मदुक्तहेतुः इति भावः।

**चन्द्रशेखरीयाः पूर्वपक्षः** એ વાત ખોટી છે. કેમકે વ્યભિચારનિવારક વિશેષણ જેમ સાર્થક ગણાય છે. તેમ સ્વરૂપાસિદ્ધિનિવારક વિશેષણ પણ સાર્થક જ ગણાય છે. આ વાત અમે અમારી મતિથી નહીં કહેતા. પણ પક્ષધરમિશ્રાદિને પણ આ વાત સંમત જ છે. આથી જ તો તત્વચિંતામણિ ગ્રન્થના શબ્દખંડની "આલોક" નામની વ્યાખ્યામાં એ પક્ષધરમિશ્રે નીચે મુજબ સ્વરૂપાસિદ્ધિ નિવારક દોષને પણ સાર્થક તરીકે ગણેલો જ છે. તેની ચર્ચા આ પ્રમાણે છે.

**શબ્દઃ અનિત્યઃ સામાન્યવત્વે સતિ વિશેષગુણાન્તરાસમાનાધિકરણ બહિરિન્દ્રિયગ્રાહ્યત્વાત્** આમાં સામાન્યવત્વં=જાતિમત્વમ્ વિશેષગુણાન્તર=શબ્દભિન્નવિશેષગુણ અને અસમાનાધિકરણ= શબ્દભિન્નવિશેષગુણાધિકરણ-અવૃત્તિ. અર્થાત્ (૧) જાતિમત્વ (૨) શબ્દભિન્નવિશેષગુણાધિકરણ-અવૃત્તિત્વ (૩) બહિરિન્દ્રિયગ્રાહ્યત્વ. એમ હેતુમાં ત્રણ વિભાગ છે. અહીં શબ્દ એ (૧) જાતિમાન્ છે. (૨) શબ્દ ભિન્ન એવા રૂપાદિવિશેષગુણોના અધિકરણ ઘટાદિમાં અવૃત્તિ પણ છે. (૩) બહિરિન્દ્રિય એવી શ્રોત્રેન્દ્રિયથી ગ્રાહ્ય પણ છે. આમ તેમાં હેતુ રહેલો છે.

આ હેતુમાં જો "જાતિમત્વ" ન મુકો તો શબ્દત્વનામની જાતિ એ શબ્દભિન્નવિશેષગુણાધિકરણઘટાદિમાં અવૃત્તિ છે. બહિરિન્દ્રિયગ્રાહ્ય પણ છે. માટે તેમાં હેતુ રહે અને "અનિત્યત્વ" સાધ્ય ન રહેવાથી વ્યભિચાર આવે. પણ જાતિમત્વ મુકવાથી વાંધો ન આવે. કેમકે શબ્દત્વ એ પોતે જ જાતિ છે. માટે તે જાતિમાન્ નથી. એટલે જ તેમાં જાતિમત્વ ન રહેવાથી હેતુ પણ રહેતો નથી. માટે વ્યભિચાર ન આવે.

જો બહિરિન્દ્રિયગ્રાહ્ય ન લખે તો આત્મા એ જાતિમાન છે. અને શબ્દભિન્નવિશેષગુણાધિકરણ ઘટાદિ કોઈપણ વસ્તુમાં રહેતો નથી. માટે આત્મામાં હેતુ રહી જાય પણ અનિત્યત્વ સાધ્ય ન રહેવાથી વ્યભિચાર આવે.

પણ બહિરિન્દ્રિયગ્રાહ્ય મુકવાથી એ આપત્તિ ન આવે. કેમકે આત્મામાં આ નં.૨ રહેતું નથી. એટલે હેતુ જ રહેતો નથી. માટે વ્યભિચાર ન આવે.

મુખ્ય વાત એ કે અહીં જે "વિશેષગુણાન્તર" પદ હેતુમાં છે તેનો અર્થ આપણે "શબ્દભિન્નવિશેષગુણ" એમ કરેલ છે. જો એ શબ્દ કાઢી નાંખીએ તો "અધિકરણ-અવૃત્તિ" એમ બીજો ભાગ બને. હવે શબ્દ એ આકાશાદિ અધિકરણમાં વૃત્તિ હોવાથી તે અધિકરણ-અવૃત્તિ ન બનતા આ હેતુ શબ્દ=પક્ષમાં ન રહેવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ આવે. એ નિવારવા માટે "વિશેષગુણાન્તર" પદ મુકેલ છે. શબ્દ એ શબ્દભિન્નવિશેષગુણાધિકરણમાં તો અવૃત્તિ જ હોવાથી દોષ ન આવે. આમ આ વિશેષગુણાન્તરપદ એ સ્વરૂપાસિદ્ધિનિવારક જ છે. છતાં તેને અહીં લીધેલ છે સાર્થક ગણેલ છે. માટે સાબિત થાય કે સ્વરૂપાસિદ્ધિ વારક એવા "ઉભયાવૃત્તિ" વિગેરે વિશેષણો પણ વ્યર્થ નથી જ. અને તેથી અમારો હેતુ એ વ્યર્થવિશેષણઘટિત બનતો જ નથી.

**મધ્યસ્થ:** પ્રશ્ન તો એ જ થાય કે માત્ર (૧) જાતિમત્વ (૨) બહિરિન્દ્રિયગ્રાહ્યત્વ એમ બે જ ભાગવાળો હેતુ માનો ને. વિશેષગુણાન્તરાધિકરણ-અવૃત્તિ કે અધિકરણવૃત્તિ કોઈની જરૂર જ નથી. આ બે જ ભાગો શબ્દમાં રહે જ છે. એટલે સ્વરૂપાસિદ્ધિ આવતી જ નથી. આ તો તમે ચોળીને ચીકણું કરે છે. "અધિકરણ-અવૃત્તિ" લાવો છે એ લાવી સ્વરૂપાસિદ્ધિ ઉભી કરો છો અને એ નિવારવા "વિશેષગુણાન્તર" વિશેષણ લાવો છો. આ બરાબર નથી.

**પૂર્વપક્ષ:** તમારી વાત માનીએ તો સ્વરૂપાસિદ્ધિ દોષ ન આવે. પણ ભાગાસિદ્ધિ આવે. કેમકે અહીં વિશ્વના તમામ શબ્દો સાધ્ય તરીકે છે. પણ જે શબ્દો ઉત્પન્ન થવા છતાં કોઈએ કાનથી સાંભળ્યા જ નથી. તેવા શબ્દમાં તો બહિરિન્દ્રિયગ્રાહ્યત્વ રહેતું નથી. અને તેથી તે શબ્દમાં=પક્ષના એક ભાગમાં આ હેતુ ન રહેવાથી ભાગાસિદ્ધિ આવે.

**મધ્યસ્થ:** એ નિવારવા તો એમ કહી દેવું કે બહિરિન્દ્રિયગ્રાહ્યજાતિમત્વં" એ જ હેતુનો એકભાગ છે. અતીન્દ્રિય શબ્દ પણ બહિરિન્દ્રિયગ્રાહ્યજાતિમાન્ તો છે જ. કેમકે તેમાં શબ્દત્વ જાતિ છે. આમ ભાગાસિદ્ધિ નીકળી જાય.

**પૂર્વપક્ષ:** શાબાશ આ રીતે કરશો એટલે જલપરમાણુરૂપમાં પણ જાતિમત્વ=બહિરિન્દ્રિયગ્રાહ્યરૂપત્વાદિ જાતિમત્વ છે. એટલે આ હેતુ તેમાં રહી ગયો અને સાધ્ય ન રહેવાથી વ્યભિચાર આવે. તે નિવારવા "અધિકરણ-અવૃત્તિત્વ" નામનો ત્રીજો ભાગ લેવો પડે. હવે પરમાણુઓમાં તો એ રૂપ રહે જ છે. એટલે અધિકરણ-અવૃત્તિત્વ તેમાં ન મળવાથી હવે વ્યભિચાર ન આવે. પણ આમ કરીએ એટલે શબ્દમાં પણ અધિકરણ-અવૃત્તિત્વ ભાગ ન રહેવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ આવે. અને તેથી જ તે નિવારવા માટે "વિશેષગુણાન્તર" વિશેષણ જરૂરી બને છે. આમ આ વિશેષણ સ્વરૂપાસિદ્ધિ વારક તરીકે સાર્થક સિદ્ધ થાય જ છે.

---

**जागदीशी** -- यद्वा-'यो यदीययावद्विशेषाभाववान्' इत्यस्य-यो यदीयानां=यद्धर्मावच्छिन्नप्रतियोगित्वानां यावतां विशेषाभाववान्=प्रत्येकावच्छिन्नाभाववान् स तद्धर्मावच्छिन्नाभाववान् इत्यर्थः। तथा च संयोगत्वावच्छिन्नप्रतियोगित्वव्यक्तीनां प्रत्येकावच्छिन्नाभावकूटवत्त्वस्य पक्षे सत्त्वान्नासिद्धिर्न वा व्यर्थविशेषणत्वमिति ध्येयम्।

**चन्द्रशेखरीया:** अथवा उभयावृत्तिपदं धर्मविशेषणात्मकं, यत्सम्बन्धावच्छिन्नपदं च प्रतियोगिताविशेषणात्मकं परित्यज्य लाघवानुसारेण कल्पान्तरमपि संभवति । तथा हि दीधितौ" यः यदीययावद्विशेषाभाववान्" इति वाक्यं । तस्यायमर्थः । यदीयाः=यद्धर्मावच्छिन्नप्रतियोगिताः । न तु यद्धर्मावच्छिन्नप्रतियोगिताकाः इति अभावविशेषणार्थकं तत् पदं । तादृशप्रतियोगितानां यावतां विशेषाभावः=तादृशप्रत्येकप्रतियोगिताभिः अवच्छिन्नाः प्रतियोगिताः येषां तादृशाः ये अभावाः इत्यर्थः । यथा असत्कल्पनानुसारेणात्र जगति त्रयो घटाः विद्यन्ते । घटत्वावच्छिन्नाः प्रतियोगिताः अपि तिस्रः । प्रथमप्रतियोगिता प्रथमघटे, द्वितीया द्वितीये, तृतीया तृतीये चास्ति । भूतले प्रथमप्रतियोगितावान् प्रथमघटो नास्ति अर्थात् प्रथमप्रतियोगितावत्प्रतियोगिकोऽभावोऽस्ति । अर्थात् प्रथमप्रतियोगितावच्छिन्नप्रतियोगिताकः प्रथमघटाभावोऽस्ति । एवं द्वितीयप्रतियोगितावच्छिन्नप्रतियोगिताकः द्वितीयघटाभावोऽस्ति । एवं तृतीयोऽपि । तथा च घटत्वावच्छिन्नप्रत्येक-प्रतियोगितावच्छिन्नप्रतियोगिताकाः त्रयो विशेषाभावाः भूतले विद्यन्ते । तस्मात् भूतले घटत्वावच्छिन्नप्रतियोगिताको घटसामान्याभावोऽपि सिद्ध्यति ।

एवं संयोगत्वावच्छिन्नाः तिस्रः प्रतियोगिताः प्रथमे द्वितीये तृतीये च संयोगे वर्तन्ते । असत्कल्पनयाऽत्र जगति त्रय एव संयोगाः । वृक्षे च प्रथमप्रतियोगितावान् प्रथमसंयोगो नास्ति । एवं द्वितीयस्तृतीयोऽपि न स्तः । तथा च संयोगत्त्वावच्छिन्नप्रत्येकप्रतियोगिताभिरवच्छिन्नप्रतियोगाताकास्त्रयोऽपि अभावाः वृक्षे सन्ति इति वृक्षे संयोगत्वावच्छिन्नप्रतियोगिताकः संयोगसामान्याभावोऽपि प्रसिद्ध्यति । तथा च नात्र कल्पे उभयावृत्तिपदनिवेशः करणीयः । एवं च न व्यर्थविशेषणघटितत्वशङ्कालेशोऽपि । विशेषणस्यैव अनिवेशात् इति ध्येयम् ।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** અથવા "ઉભયાવૃત્તિ" એ વિશેષણ અને "યત્સંબંધાવચ્છિન્ન" એ વિશેષણ કાઢી નાંખીને બીજી રીતે પણ અર્થ થઈ શકે છે.

"યદીયયાવદ્વિશેષાભાવવાન્" એ દીધિતિવાક્યનું "યદીય"પદ એ પ્રતિયોગિતાને જણાવનારું જાણવું. યદીયાઃ=ઘટત્વધર્માવચ્છિન્નપ્રતિયોગિતાઃ તે તમામે તમામ પ્રતિયોગિતાઓના જે વિશેષાભાવો= પ્રત્યેકપ્રતિ-યોગિતાઓથી અવચ્છિન્ના અભાવો લેવાના.

દા.ત. ઘટત્વધર્માવચ્છિન્ન પ્રતિયોગિતા જગતમાં વિદ્યમાન ત્રણ ઘટોમાં છે. એમાં નં.૧ પ્રતિયોગિતાવાન્ નં.૧ ઘટ છે. નં.૨ પ્રતિયોગિતાવાન્ નં.૨ ઘટ છે. નં.૩ પ્રતિયોગિતાવાન્ નં.૩ ઘટ છે. ભૂતલ ઉપર નં.૧ પ્રતિયોગિતાવાન્ નથી. નં.૨ પ્રતિયોગિતાવાન્ નથી. નં.૩ પ્રતિયોગિતાવાન્ પણ નથી. એટલે નં.૧ પ્રતિયોગિતાવાનનો અભાવ, નં.૨ પ્રતિયોગિતાવાનનો અભાવ નં.૩ પ્રતિયોગિતાવાનનો અભાવ છે. આ અભાવની પ્રતિયોગિતા ક્રમશઃ નં.૧-૨-૩ પ્રતિયોગિતાવાન્ નં.૧-૨-૩ ઘટમાં છે. નં.૧ પ્રતિયોગિતાવાન્માં આવેલી પ્રતિયોગિતા એ નં.૧ પ્રતિયોગિતાથી અવચ્છિન્ન છે. એમ નં.૨ પ્રતિયોગિતાવાન્માં આવેલી પ્રતિયોગિતા એ નં.૨ પ્રતિયોગિતાથી અવચ્છિન્ન છે. એમ નં.૩ પ્રતિયોગિતાવાન્માં આવેલી પ્રતિયોગિતા એ નં.૩ પ્રતિયોગિતાથી અવચ્છિન્ન છે. આમ ઘટત્વધર્માવચ્છિન્ન એવી જે નં.૧-૨-૩ પ્રતિયોગિતા હતી તે પ્રત્યેકપ્રતિયોગિતાથી અવચ્છિન્ન પ્રતિયોગિતાઓનો નિરૂપક નં.૧-૨-૩ ઘટાભાવ ભૂતલ ઉપર છે જ. અને માટે ત્યાં ઘટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક એવા ઘટાભાવની

સિદ્ધિ થઈ જાય છે. એ રીતે યદીયાઃ=સંયોગત્વધર્માવચ્છિન્ન એવી નં.૧-૨-૩ સંયોગમાં રહેલી નં.૧-૨-૩ પ્રતિયોગિતાઓ અને નં.૧-૨-૩ પ્રતિયોગિતાવાન્ એવા ક્રમશઃ નં.૧-૨-૩ સંયોગો છે. અને તે બધાનો અભાવ વૃક્ષમાં છે. એટલે વૃક્ષમાં-

નં.૧ પ્રતિયોગિતાવાન્ નં.૧ સંયોગનો અભાવ છે.

નં.૨ પ્રતિયોગિતાવાન્ નં.૨ સંયોગનો અભાવ છે.

નં.૩ પ્રતિયોગિતાવાન્ નં.૩ સંયોગ અભાવ છે.

અર્થાત્ નં.૧ પ્રતિયોગિતાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો નં.૧ પ્રતિયોગિતાવાન્ સંયોગનો અભાવ છે.

નં.૨ પ્રતિયોગિતાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો નં.૨ પ્રતિયોગિતાવાન્ સંયોગનો અભાવ છે.

નં.૩ પ્રતિયોગિતાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો નં.૩ પ્રતિયોગિતાવાન્ સંયોગનો અભાવ છે.

માટે વૃક્ષમાં સંયોગત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો સંયોગસામાન્યાભાવ સિદ્ધ થાય છે.

જાગદીશીની પંક્તિનો અર્થ--સંયોગત્વાવચ્છિન્નપ્રતિયોગિતાવ્યક્તિઓ=નં.૧-૨-૩ પ્રતિયોગિતાઓ. તેઓમાંની દરેકે દરેક પ્રતિયોગિતાઓ =નં.૧-૨-૩ જુદી જુદી પ્રતિયોગિતાઓ, તે પ્રત્યેકથી અવચ્છિન્ન=નં.૧ પ્રતિયોગિતાવાન્, નં.૨ પ્રતિયોગિતાવાન્, નં.૩ પ્રતિયોગિતાવાન્ અને તેઓનો અભાવ... આ રીતે કરવો. અને આવો અભાવ પક્ષમાં હોવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ પણ ન આવે. અને ઉભયાવૃત્તિ વિગેરે પદ ન હોવાથી વ્યર્થવિશેષણઘટિત એવો પણ આ હેતુ બનતો નથી.

"संयोगत्वावच्छिन्नप्रतियोगिताव्यक्तिनां याः प्रत्येकाः व्यक्तयः, ताभिः अवच्छिन्नानां=तत्तत्संयोगानां "तत्तत्प्रतियोगितावान्" इति स्वरूपाणां अभावः" એમ સંસ્કૃતમાં ખોલવું.

---

**जागदीशी -- यो यद्धर्म्मन्यूनवृत्तिधर्मावच्छिन्नयावदभाववान् –स तद्धर्म्मावच्छिन्नाभाववान् इत्यर्थस्तु –संयोगत्वन्यूनवृत्ति-धर्मावच्छिन्नप्रतियोगिताकस्य घटावृत्तिसंयोगत्वादि–वृक्षान्यासमवेतत्वाद्यवच्छिन्नाभावस्य यावदन्तर्गतस्य वृक्षादौ स्वरूपासिद्धत्वादनुपादेयः।**

---

**चन्द्रशेखरीयाः** अत्र कश्चित् पूर्वपक्षं **प्रश्नयति** "यो यद्धर्मन्यूनवृत्तिधर्मावच्छिन्नयावदभाववान्" इत्येव हेतुः कथं नोच्यते? संयोगत्वधर्मस्य न्यूनवृत्तिनः तत्तत्संयोगत्वादयो धर्माः। तदवच्छिन्नप्रतियोगिताक-यावदभावाः वृक्षे वर्तन्ते एव **इति**।

**पूर्वपक्षः** उत्तरयति– संयोगत्वधर्मः घटवृत्तिसंयोगे घटावृत्तिसंयोगेऽपि च वर्तते। घटावृत्तिसंयोगत्वधर्मस्तु केवलं घटावृत्तिसंयोगे एव वर्तते। एवं च संयोगत्वधर्मन्यूनवृत्तिः घटावृत्तिसंयोगत्वधर्मोऽपि भवति। वृक्षे च सर्वेऽपि संयोगाः घटावृत्तिसंयोगा एव। अतः वृक्षे कुत्रापि घटावृत्तिसंयोगाभावो नास्ति। अर्थात् घटावृत्तिसंयोगत्वावच्छिन्नाभावः न वृक्षे

वर्तते इति वृक्षे हेतोरसत्वात् स्वरूपासिद्धिर्भवेत्। **न च** उत्पत्तिकालावच्छेदेन वृक्षे कस्यापि संयोगस्यासत्वात् घटावृत्तिसंयोगस्यापि अभावः एव इति सर्वेषामभावानां वृक्षवृत्तित्वात् न स्वरूपासिद्धिरिति **वाच्यम्** एवमपि वृक्षान्यासमवेतत्वात्मको यः संयोगत्वन्यूनवृत्तिधर्मः। तदवच्छिन्नस्य वृक्षान्यासमवेतस्य वृक्षत्वादिस्वरूपस्य उत्पत्तिकालावच्छेदेनाऽपि वृक्षे सत्वात् न तदभावो वृक्षे मीलति इति पूर्ववत् स्वरूपासिद्धिरस्ति एव।

**न च** संयोगत्वधर्मः सर्वेषु संयोगेष्वेव वर्तते। वृक्षान्यासमवेतत्वं तु संयोगत्वाभाववति वृक्षत्वादौ अपि वर्तते इति न तत् संयोगत्वन्यूनवृत्ति इति न तददाय निरूक्तक्रमेण स्वरूपासिद्धिदोषः जाघटिति इति **वाच्यम्।** न्यूनवृत्तित्वं नाम स्वसमानाधिकरण भेदप्रतियोगितावच्छेदकत्वे सति स्वसमानाधिकरणत्वरूपं। यथा स्वं=घटत्वं, तच्च प्रथमे द्वितीये च घटे वर्तते। द्वितीये घटे प्रथमघटभेदो वर्तते। तथा च घटत्वसमानाधिकरणो यः द्वितीयघटवृत्तिः प्रथमघटभेदः। तत्प्रतियोगितावच्छेदकं प्रथमघटत्वं। तदेव च प्रथमघटे घटत्वसमानाधिकरणमपि भवति इति प्रथमघटत्वं न्यूनवृत्तित्वेन गृह्यते। एवं द्वितीयघटत्वादयोऽपि ज्ञेयाः। संयोगत्वधर्मस्तु घटीयसंयोगे कपिसंयोगेऽपि च अस्ति। घटसंयोगः वृक्षान्यासमवेतः न, किन्तु वृक्षान्यसमवेत एव इति घटसंयोगे वृक्षान्यसमवेतभेदो वर्तते। तथा च संयोगत्वसमानाधिकरणो यः घटसंयोगनिष्ठो वृक्षान्यसमवेतभेदः, तत्प्रतियोगितावच्छेदकं वृक्षान्यसमवेतत्वं। तदेव च कपिसंयोगे संयोगत्वसमानाधिकरणमपि भवति एव इति वृक्षान्यसमवेतधर्मोऽपि निरूक्तव्याख्यया संयोगत्वन्यूनवृत्तिरेव भवति। तस्मात् स्वरूपासिद्धिदोषः संभवति। अतः उभयावृत्तिपदघटितकल्पो द्वितीयो वा कल्पः एवानुसरणीयः। तत्र नैष दोषः भवति।

उभयावृत्तित्वं नाम स्वप्रतियोगिवृत्तित्वस्वानुयोगिवृत्तित्वोभयसम्बन्धेन भेदविशिष्टो यः तदन्यत्वं। यथा प्रथमघटत्वं प्रथमघटभेदप्रतियोगिप्रथमघटवृत्ति। किन्तु प्रथमघटभेदानुयोगिद्वितीयघटवृत्ति प्रथमघटत्वं नास्ति। अतः उभयसम्बन्धेन प्रथमघटभेदविशिष्टः प्रथमघटत्वधर्मो न भवति। किन्तु प्रथमघटभेदप्रतियोगिप्रथमघटवृत्ति प्रथमघटभेदानुयोगि द्वितीयघटवृत्ति च घटत्वं भवति एव इति घटत्वधर्मः उभयसम्बन्धेन प्रथमघटभेदविशिष्टो भवति, तदन्यस्तु प्रथमघटत्वादिधर्मः इति स एव उभयावृत्तित्वेन गृह्यते। एवं वृक्षत्वे कपिसंयोगभेदो वर्तते। कपिसंयोगभेदप्रतियोगिकपिसंयोगे वृक्षान्यासमवेतत्वं वर्तते। कपिसंयोगभेदानुयोगिवृक्षत्वेऽपि वृक्षान्यासमवेतत्त्वं वर्तते इति वृक्षान्यासमवेतत्वधर्मः उभयसम्बन्धेन भेदविशिष्टः। न तदन्यः इति उभयावृत्तिधर्मत्वेन न वृक्षान्यासमवेतत्वं शक्यते ग्रहीतुं। तस्मात् न तत्कल्पे स्वरूपासिद्धिदोषः, न वाऽन्योऽपि कोऽपि दोषः।

ननु न्यूनवृत्तिपदस्य भवत्कृतोऽर्थः किंप्रयोजनः? इति चेत् भवानेव तावत्कथयतु, कोऽर्थः क्रियते तस्य? घटत्वस्य यावन्ति अधिकरणानि। तेभ्यः केषुचिदेव वृत्तित्वं न्यूनवृत्तित्वं इति चेत् तर्हि असत्कल्पनया त्रिभ्यः घटत्वाधिकरणेभ्यः अधिकरणद्वये द्रव्यत्वं वर्तते एव इति तदपि द्रव्यत्वं घटत्वन्यूनवृत्ति एव भविष्यति। यदि च घटत्वस्य यावन्ति अधिकरणानि तेभ्यः केषुचिदेव वृत्तित्वं नान्येषु इति एवकारघटितः निषेधान्वितः अर्थः क्रियते तर्हि अस्माभिरुदितोऽर्थ एव स भवति। केवलम् शब्दभेदः अर्थस्तु एक एव इति। एवं तावत् अस्माकं इदं रुचितं विशेषज्ञानाय तु आदरणीया बहुश्रुताः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** યઃ યદ્ધર્મન્યૂનવૃત્તિધર્માવચ્છિન્નયાવદભાવવાન્... એમ હેતુ બનાવીએ તો શું વાંધો? ઘટત્વન્યૂનવૃત્તિ એવા તત્‌ઘટત્વાદિધર્મો મળશે જ. અને તત્ધર્માવચ્છિન્ન એવા તત્‌તત્‌ઘટાદિના અભાવો ભૂતલ પર મળી જશે. એ રીતે સંયોગત્વધર્મને ન્યૂનવૃત્તિ એવા તત્સંયોગત્વાદિ ધર્મો મળશે. અને તદવચ્છિન્ન એવા તત્સંયોગાદિઓના અભાવો વૃક્ષમાં પણ મળી જ જવાના છે. તો આવો જ અર્થ લઈએ તો શું વાંધો?

**પૂર્વપક્ષ:** વાંધો આવે. "વૃક્ષઃ ઘટાવૃત્તિસંયોગવાન્ ન" એવું બોલી શકાતું નથી. કેમકે વૃક્ષમાં કોઈપણ ભાગમાં ઘટાવૃત્તિસંયોગ તો છે જ. મૂલાવચ્છેદેન કપિસંયોગાભાવાદિ ભલે બોલાય. પણ ઘટાવૃત્તિસંયોગનો અભાવ તો ન જ બોલાય. હવે ઘટાવૃત્તિસંયોગત્વ એ સંયોગત્વધર્મને ન્યૂનવૃત્તિ પણ છે જ. કેમકે સંયોગત્વ એ ઘટવૃત્તિસંયોગ+ઘટાવૃત્તિસંયોગ બેય પ્રકારના સંયોગમાં છે. જ્યારે ઘટાવૃત્તિસંયોગત્વ માત્ર ઘટાવૃત્તિસંયોગમાં જ છે. એટલે સંયોગત્વન્યૂનવૃત્તિ એવો ઘટાવૃત્તિસંયોગત્વ ધર્મ પણ આવે. અને તદવચ્છિન્ન એવો ઘટાવૃત્તિસંયોગનો અભાવ તો વૃક્ષમાં નથી મળતો. અર્થાત્ વૃક્ષમાં સંયોગત્વધર્મન્યૂનવૃત્તિધર્માવચ્છિન્ન એવા તમામે તમામ સંયોગોનો અભાવ નથી મળવાનો. કેમકે ઘટાવૃત્તિસંયોગનો અભાવ વૃક્ષમાં મળતો નથી. આમ થવાથી પાછો સ્વરૂપાસિદ્ધિ દોષ આવે છે.

**પ્રશ્ન:** આ દોષ ન આવે. કેમકે ઉત્પત્તિકાલીન એ વૃક્ષમાં તો તમામ સંયોગોનો અભાવ જ હોવાથી ઘટાવૃત્તિસંયોગનો પણ અભાવ જ હતો. માટે તે પણ વૃક્ષમાં મળી જતાં સ્વરૂપાસિદ્ધિ ન આવે.

**પૂર્વપક્ષ:** તો પણ "ઉત્પત્તિકાલીનઃ વૃક્ષઃ વૃક્ષાન્યાસમવેતવાન્ ન" એવું તો ન જ બોલાવું કેમકે વૃક્ષાન્યમાં અસમવેત એવા વૃક્ષત્વાદિ ધર્મો તો ઉત્પત્તિકાલીન વૃક્ષમાં પણ છે જ. આમ વૃક્ષાન્યાસમવેતત્વાવચ્છિન્નનો અભાવ તો વૃક્ષમાં ન મળવાથી પાછો સ્વરૂપાસિદ્ધિ દોષ આવે જ છે.

**પ્રશ્ન:** આ ખોટી વાત છે. કેમકે સંયોગત્વન્યૂનવૃત્તિ જે ધર્મ હોય. તેનાથી અવચ્છિન્નના જ અભાવ લેવાના છે. વૃક્ષાન્યાસમેવતત્વ એ તો વૃક્ષરૂપ વૃક્ષત્વજાતિ વિગેરે બધામાં રહેલ છે. અને સંયોગત્વ તો ત્યાં રહેતું નથી. એટલે આ ધર્મ તો સંયોગત્વને ન્યૂનવૃત્તિ જ નથી. પણ અધિકવૃત્તિ છે. માટે આ ધર્મ જ ન લેવાય. અને તેથી એને લઈને કોઈ દોષ આપી શકાતો નથી.

**પૂર્વપક્ષ:** યદ્ધર્મન્યૂનવૃત્તિત્વં=સ્વસમાનાધિકરણભેદપ્રતિયોગિતાવચ્છેદકત્વે સતિ સ્વસામાનાધિકરણ્યં એવી વ્યાખ્યા છે. ધારો કે યદ્ધર્મ તરીકે ઘટત્વ લો તો તેના માટે ન્યૂનવૃત્તિ ધર્મ કોણ બને? એ આ વ્યાખ્યાથી વિચારીએ. નં.૧ અને નં.૨ ઘટ લઈએ. બેયમાં ઘટત્વ છે. નં.૧ ઘટમાં નં.૨ ઘટનો ભેદ પણ છે. એટલે ઘટત્વના અધિકરણ એવા નં.૧ ઘટમાં જે નં.૨ ઘટભેદ છે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક નં.૨ ઘટત્વ બને. અને એ જ ધર્મ ઘટત્વને સમાનાધિકરણ પણ છે. કેમકે નં.૨ ઘટમાં ઘટત્વ પણ છે અને નં.૨ ઘટત્વ પણ છે. આ રીતે નં.૧ ઘટત્વાદિ પણ ન્યૂનવૃત્તિ તરીકે આવી શકે.

હવે સંયોગત્વધર્મ એ ઘટીયસંયોગમાં છે. તે ઘટીયસંયોગમાં વૃક્ષાન્યાસમવેતનો ભેદ છે. કેમકે "ઘટીયસંયોગઃ વૃક્ષાન્યાસમવેતઃ ન" એમ બોલી શકાય છે. હવે આ ભેદની પ્રતિયોગિતાનો અવચ્છેદક વૃક્ષાન્યાસમવેતત્વ છે. અને એ જ ધર્મ સંયોગત્વાધિકરણ એવા વૃક્ષવૃત્તિસંયોગમાં પણ છે જ. આમ આ ધર્મમાં પણ સંયોગત્વધર્મન્યૂનવૃત્તિત્વની

વ્યાખ્યા ઘટી જવાથી તે ધર્મ પણ લઈ શકાય. અને તદ્ધર્માવચ્છિન્ન એવા વૃક્ષાન્યાસમવેત પદાર્થનો વૃક્ષમાં અભાવ કોઈપણ રીતે ન મળવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ આવવાનો જ છે.

[પ્રશ્ન એ થાય કે ન્યૂનવૃત્તિનો આવો અર્થ શા માટે કર્યો? તેનો ઉત્તર આ પ્રમાણે હોઈ શકે કે "ઘટત્વન્યૂનવૃત્તિ=ઘટત્વના જેટલા અધિકરણો હોય તેમાંથી થોડાક અધિકરણમાં રહેવું." હવે જો આવો અર્થ કરીએ તો તો દ્રવ્યત્વ એ પણ ઘટત્વના ૧૦૦ અધિકરણમાંથી ૨૫ અધિકરણ લઈએ તેમાં પણ રહે તો છે જ. ૧૦૦માંય રહે છે અને ૧૦૦માંથી થોડાક એવા ૨૫માં પણ રહે છે. એટલે તે દ્રવ્યત્વ પણ ન્યૂનવૃત્તિ ગણવો પડે. આનો નિકાલ કરવા માટે "ઘટત્વના જેટલા અધિકરણો તેમાંથી થોડાક જ અધિકરણમાં રહેવું. તેનાથી વધારેમાં ન જ રહેવું" એમ નિષેધાર્થક વ્યાખ્યા કરવી પડે. એ વ્યાખ્યા ઉપર સંસ્કૃતમાં ગોઠવી એ પ્રમાણે જ થાય છે. અને એટલે આ દોષ આવે.] એટલે આ વાત માની શકાતી નથી. પણ અમે પૂર્વે જે કહી ગયા એ પ્રમાણે જ ઉભયાવૃત્તિપદ ઘટિત અથવા તો બીજા વિકલ્પ અનુસારે જ અર્થ કરવો. વૃક્ષાન્યાસમવેતત્વ એ ઉભયાવૃત્તિ તરીકે ન બને. કેમકે ઉભયાવૃત્તિ=સ્વપ્રતિયોગિવૃત્તિત્વ સ્વાનુયોગિવૃત્તિત્વોભય સંબંધથી ભેદવિશિષ્ટ જે બને તેનાથી અન્ય. જેમકે નં.૧ ઘટભેદ એ નં.૨ ઘટમાં રહે છે. તો નં.૧ ઘટભેદપ્રતિયોગી એવા નં.૧ ઘટમાં વૃત્તિ ઘટત્વ મળે છે. અને નં.૧ ઘટભેદના અનુયોગી એવા નં.૨ ઘટમાં વૃત્તિ એવું પણ તે ઘટત્વ છે. માટે ઘટત્વ એ ઉભયસંબંધથી ભેદવિશિષ્ટ બની ગયું. તેથી તદન્ય તરીકે ઘટત્વ ન આવે. પણ નં.૧ ઘટત્વ એ નં.૧ ઘટભેદપ્રતિયોગી નં.૧ ઘટમાં વૃત્તિ છે. પરંતુ નં.૧ ઘટભેદ-અનુયોગી નં.૨ ઘટમાં વૃત્તિ ન હોવાથી તે ઉભયસંબંધથી ભેદવિશિષ્ટ બનતું નથી. માટે તદન્ય તરીકે નં.૧ ઘટત્વ બને. એ રીતે નં.૨ ઘટત્વાદિ પણ લઈ લેવા. હવે કપિસંયોગભેદપ્રતિયોગિકપિસંયોગમાં એ વૃક્ષાન્યાસમવેતત્વ છે. અને કપિસંયોગભેદાનુયોગી એવા વૃક્ષત્વાદિમાં પણ વૃક્ષાન્યાસમવેતત્વ છે. અને કપિસંયોગભેદાનુયોગી એવા વૃક્ષત્વાદિમાં પણ વૃક્ષાન્યાસમવેતત્વ છે. આમ આ ધર્મ એ ઉભયસંબંધથી કપિસંયોગભેદવિશિષ્ટ બની જવાથી તે "તદન્ય" તરીકે ન મળે. અર્થાત્ આ ધર્મ ઉભયાવૃત્તિ ન બનતા કોઈ વાંધો ન આવે. આ રીતે અમને અર્થ સમજાય છે. છતાં વિશેષ જાણકારી માટે બહુશ્રુતોનું શરણ લેવું.]

---

**जागदीशी -- *संयोगयावद्विशेषाभाव इति* । [मानं=मानतावच्छेदकम् आचार्य्यमतेनेदं वा] ।**

**न च सर्वावयवावच्छेदेन वृक्षादौ गगनादेरेक एव संयोगो लाघवादिति तस्यैवाभावविरहात् संयोगयावद्विशेषाभाववत्त्वं पक्षे स्वरूपासिद्धमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** इत्थं च वृक्षे संयोगीययावद्विशेषाभावानां हेतुस्वरूपाणां सत्वात् तत्र संयोगसामान्याभावोऽपि सिध्यति । तथा च वृक्षे संयोगीययावद्विशेषाभावः एव वृक्षे संयोगसामान्याभावसत्चे प्रमाणं अभवत् ।

**अत्राह मध्यस्थः** ननु वृक्षे प्रत्यवयवं भिन्नानां गगनसंयोगानां स्वीकारे गौरवं इति लाघवात् समग्रे वृक्षे एक एव व्याप्यवृत्तिः गगनसंयोगः स्वीकर्तव्यः । तथा च वृक्षे वृक्षत्वावच्छेदेनाऽन्येषां संयोगानां अभावे सति अपि गगनसंयोगाभावो

यावदन्तर्गतः तत्र नास्ति इति हेतोः वृक्षेऽसत्वात् स्वरूपासिद्धिदोषः। संयोगीयानां यावतां संयोगाभावानां एव हेतुत्वात्। वृक्षे च एकस्य गगनसंयोगाभावस्यासत्वात् यावत्संयोगाभावा न मीलन्ति इति भावः।

**चन्द्रशेखरीयाः पूर्वपक्षः** આમ સંયોગના જેટલા વિશેષાભાવો છે તે તમામ વૃક્ષમાં હોવાથી તેમાં સંયોગ સામાન્યાભાવ પણ સિદ્ધ થઈ જાય છે.

**मध्यस्थः** વૃક્ષાદિમાં સર્વાવયવાવચ્છેદેન=સમગ્ર વૃક્ષમાં વ્યાપીને રહેલો એક જ ગગનસંયોગ છે. દરેક અવયવોમાં ગગનસંયોગ જુદો માનવામાં તો લાખો ગગન સંયોગ માનવા પડે. એમાં તો ગૌરવ છે. આમ વૃક્ષત્વાવચ્છેદેન ગગનસંયોગનો અભાવ તો ન જ મળે. એટલે વૃક્ષમાં તમામે તમામ સંયોગોનો અભાવ ન મળવાથી સંયોગસામાન્યાભાવની સિદ્ધિ ન થાય. એટલે કે હેતુ પક્ષમાં ન રહેવાથી સ્વરૂપાસિદ્ધિદોષ આવે. અને તેથી આ અનુમાન ખોટું છે.

---

**जागदीशी -- अतिप्रसङ्गभङ्गाय शाखादितत्तदवयवावच्छिन्नवृत्तिकसंयोगं प्रति तत्तदवयवत्वेन हेतुत्वस्यावश्यकतया वृक्षे व्याप्यवृत्तिगगनसंयोगस्यासम्भवादिति भावः।**

---

**चन्द्रशेखरीयाः पूर्वपक्षः समादधाति**–यदि वृक्षः एव शाखावच्छिन्नस्य कपिसंयोगात्मकस्य कार्यस्य कारणं भवेत्। तर्हि वृक्षे कारणता भवेत्। तथा च वृक्षे मूलावच्छेदेनापि कपिसंयोगात्मकं कार्यं स्यात्, तत्र वृक्षात्मकस्य कारणस्य सत्वात्। न च भवति। तथा च अन्यावयवे उत्पद्यमानस्य कार्यस्य अन्यावयवे उत्पत्त्यापत्तिनिवारणाय इदमेव मन्तव्यं यत् न वृक्षः कपिसंयोगादिनां कारणं, किन्तु शाखा शाखीयसंयोगकारणं। मूलं मूलीयसंयोगकारणं। तथा च मूले शाखात्मककारणाभावात् न तत्र शाखीयसंयोगोत्पत्त्यापत्तिः। इत्थं च शाखादितत्तद्वयवावच्छिन्नवृत्तिकं संयोगं प्रति शाखादितत्तदवयवाः एव स्वतन्त्रानि कारणानि अवश्यं स्वीकर्तव्यानि। तथा च मूलवृत्तिकं गगनसंयोगं प्रति मूलमेव कारणं। शाखावृत्तिकं गगनसंयोगं प्रति शाखैव कारणं इति प्रत्यवयवं गगनसंयोगो भिन्न एव मन्तव्यः। तथा च वृक्षे सर्वावयवच्छेदेनैकस्यैव गगनसंयोगस्य सिद्धिः न संभवति। तथा च वृक्षे वृक्षत्वावच्छेदेन संयोगीयानां यावतां विशेषाभावानां सत्वात् न स्वरूपासिद्धिः।

तथा च वृक्षे संयोगीययावद्विशेषाभावहेतोः सत्वात् तत्र संयोगीयसामान्याभावोऽपि सिद्ध्यति। इत्थं च मूलोक्तव्याप्तिलक्षणे प्रतियोग्यसमानाधिकरणपदानुपादाने **"संयोगी द्रव्यत्वात्"** इति अत्राव्याप्तिः भवति। यतः द्रव्यत्वाधिकरणे वृक्षादौ निरुक्तरीत्या संयोगसामान्याभावः सिद्ध्यति। तत्प्रतियोगितावच्छेदकमेव साध्यावच्छेदकं इति भवति अव्याप्तिः। प्रतियोग्यसमानाधिकरणपदनिवेशे तु कपिसंयोगादिमति वृक्षे वर्तमानः संयोगसामान्याभावः स्वप्रतियोगिसमानाधिकरण एव, न तु व्यधिकरणः इति न स गृह्यते। अतः घटाभावमादाय लक्षणसमन्वयः। इत्थं च→ केवलं **"कपिसंयोगी एतद्वृक्षत्वात्"** इति अत्रैव अव्याप्तिवारणाय प्रतियोग्यसमानाधिकरणपदं। नतु **"संयोगी द्रव्यत्वात्"** इति अत्र अव्याप्तिवारणाय प्रतियोग्यसमानाधिकरणपदं"← इति यत् भवतोच्यते। तन्न सम्यक्। यतः उभयस्मिन्नपि अनुमाने

प्रतियोग्यसमानाधिकरणपदानुपादानेऽव्याप्तिः । तदुपादाने च अव्याप्तिनिरासः संभवत्येव । अतः उभयस्मिन्नपि स्थाने तत्पदं सार्थकं भवति । अत्र समाप्तः पूर्वपक्षः ।

**चन्द्रशेखरीया: पूर्वपक्ष:** શાખામાં ઉત્પન્ન થનારા કપિસંયોગાદિ પ્રત્યે જો માત્ર વૃક્ષને જ કારણ માનીએ. તો તો એ વૃક્ષ તો મૂલાવચ્છેદેન પણ છે. તો એ કપિસંયોગ મૂલાવચ્છિન્ન વૃક્ષમાં પણ ઉત્પન્ન થવાની આપત્તિ આવે. આમ આ આપત્તિ નિવારવા માટે એમ જ કહેવું યોગ્ય છે કે શાખા જ એ શાખામાં ઉત્પન્ન થનારા સંયોગો પ્રત્યે કારણ છે. તેમ મૂલ જ મૂલમાં ઉત્પન્ન થનારા સંયોગ પ્રત્યે કારણ છે. શાખાગતસંયોગ પ્રત્યે મૂલ કારણ જ નથી. એટલે મૂલાવચ્છિન્નવૃક્ષના ભાગમાં શાખા=કારણ ન હોવાથી ત્યાં શાખીયસંયોગ ઉત્પન્ન થવાની આપત્તિ ન આવે.

આમ એક વાત તો નક્કી કે વૃક્ષના પ્રત્યેક અવયવો એ પોતાનામાં ઉત્પન્ન થનારા સંયોગ પ્રત્યે સ્વતંત્ર કારણ છે. આમ તે પ્રત્યેક અવયવો પોતાનામાં ઉત્પન્ન થનારા ગગનસંયોગ પ્રત્યે પણ સ્વતંત્ર કારણ જ બનવાના. અર્થાત્ દરેક અવયવોમાં ગગનસંયોગ જુદો જુદો જ સિદ્ધ થાય છે. અને એટલે વૃક્ષમાં સંપૂર્ણપણે વ્યાપીને રહેલો એવો ગગનસંયોગ સિદ્ધ થતો જ નથી. અને તેથી વૃક્ષત્વાવચ્છેદેન ગગનસંયોગનો અભાવ પણ મળી જ જવાનો છે.

આમ વૃક્ષમાં સંયોગસામાન્યાભાવની સિદ્ધિ ઉપર્યુક્ત અનુમાનથી થઈ જશે. અને એટલે જ જો "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" પદ ન મુકો તો "ઇદં સંયોગિ દ્રવ્યત્વાત્" વિગેરે સ્થલે દ્રવ્યત્વવાળા વૃક્ષાદિમાં પણ વૃક્ષત્વાવચ્છેદેન સંયોગસામાન્યાભાવ મળી જતાં તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક સંયોગત્વ એ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવે. એ નિવારવા માટે જ "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" વિશેષણ છે. પણ તમે કહ્યા પ્રમાણે **"વૃક્ષઃ કપિસંયોગી એતદ્વૃક્ષત્વાત્"** એ જ સ્થલે અવ્યાપ્તિ નિવારવા માટે આ વિશેષણ છે એવું નથી. આ અમે કહેલા સ્થલે પણ એ વિશેષણ સાર્થક બને છે. કેમકે દ્રવ્યત્વાધિકરણ વૃક્ષાદિમાં રહેલો સંયોગસામાન્યાભાવ એ સ્વપ્રતિયોગી એવા કપિસંયોગાદિને સમાનાધિકરણ હોવાથી તે લક્ષણ ઘટક જ ન બને. એટલે બીજો અભાવ લઈ લક્ષણ ઘટી જાય.

**ઉત્તરપક્ષ:** તમે વૃક્ષમાં સંયોગ સામાન્યાભાવને સિદ્ધ કરવા માટે જે અનુમાન આપ્યું. તે તો યત્=તત્ થી ઘટિત છે. "યો યદીયયાવદ્વિશેષાભાવવાન્ સ તદીયતાવત્સામાન્યાભાવવાન્" આમાં "યદીય" માં યત્ પદથી ઘટ-પટ-પુસ્તક-સંયોગ વિગેરે જુદી જુદી વ્યક્તિઓ જ લઈ શકાય છે. અને એટલે તદીયમાં તત્પદથી પણ જુદી જુદી વ્યક્તિઓ જ લેવાશે. પણ યત્થી કોઈ ચોક્કસ જ પદાર્થો લઈ શકાવાના નથી. અને એટલે જ આ યદ્પદનો અર્થ અને તત્પદનો અર્થ અનુગત ન હોવાથી આ સ્થલે અનુગતવ્યાપ્તિ જ ન મળે. જેમ ધૂમ હેતુ હોય તો ત્યાં ધૂમત્વધર્માવચ્છિન્ન તમામ ધૂમ અને વહ્નિત્વાવચ્છિન્ન તમામ વહ્નિ લઈ શકાય. એટલે ત્યાં તો તમામ ધૂમોમાં આવનારી વ્યાપ્તિ ધૂમત્વાવચ્છિન્ન મળી જાય. એટલે એ અનુગત વ્યાપ્તિ બને. અહીં યત્થી એવી કોઈ ચોક્કસ વસ્તુઓ ન લેવાતી હોવાથી અનુગતવ્યાપ્તિ ન મળે.

# दीधिति

**यत्तदर्थयोरननुगमात्, एकावच्छेदेन यावद्विशेषाभाववत्त्वस्योपाधित्वाच्च।**

---

**जागदीशी -- प्राचां मते यत्तदर्थयोरनुगतत्वादाह - *एकावच्छेदेनेति* इदमुपाधेः साधनाव्यापकत्वरक्षायै।**

---

**चन्द्रशेखरीया:** दीधित्यां उत्तरं ददाति-**यत्तदर्थयोरननुगमात्**-इत्यादिना। अयं भावः वह्नित्वावच्छिन्नवह्निनिरूपिता व्याप्तिः सर्वत्र धूमे धूमत्वावच्छेदेनानुगता अस्ति। किन्तु अत्र तु भवदुक्ता व्याप्तिः यत्-तत्पदघटिता। यत्त्वं तत्त्वं च नानुगतं। न वा जातिः। अतः यत्पदात् कपिसंयोगाभिघातघटसंयोगपटादयो गृह्यन्ते। इत्थं च अत्रानुगतव्याप्तिः न मीलति। व्याप्यतावच्छेदकधर्मस्य सर्वेषु हेतुषु अनुगतस्यैव अनुगतव्याप्तिप्रयोजकत्वात्। यथा धूमत्वस्य सर्वेषु धूमेषु अनुगतव्याप्तिप्रयोजकत्वं। अत्र च तदभावात् नानुगता व्याप्तिः। अतः नेयम् व्याप्तिरुचिता इति भावः।

ननु तत्पदजन्यबुद्धिविषयतावच्छेदकधर्मावच्छिन्नत्वमेव तत्पदस्य अर्थः। "स घटः स पटः" इत्यादिना तत्पदजन्यबुद्धिविषयतावच्छेदकाः घटत्वपटत्वादयो भवन्ति। तदवच्छिन्नाः घटपटपुस्तकादयो यद्यपि अननुगताः। तेषु सर्वेषु अनुगतस्यैकधर्मस्याभावात्। किन्तु तेषु सर्वेषु तादृशधर्मावच्छिन्नत्वं तु एकमेव इति भवति अत्रापि अनुगतैव व्याप्तिः इति चेत् अस्तु एवं। तथापि भवदुक्तव्याप्तौ एकावच्छेदेन यावद्विशेषाभाववत्त्वं उपाधिः भवति।

उपाधित्वं नाम साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वं। तस्य फलं तु व्यभिचारोद्भवः एव। तथा हि-संयोगसामान्याभावः साध्यः। स च कुत्रापि द्रव्येऽसिद्धः। यतोऽनेनानुमानेनैव स द्रव्ये भवता साध्यते। अतः अनुमानं यावत् निर्दोषं न सिध्येत्। तावत् कुत्रापि द्रव्ये संयोगसामान्याभावो न सिध्येत्। किन्तु गुणादौ संयोगसामान्याभावः प्रसिद्धः। तत्र च सर्वत्र एकावच्छेदेन संयोगीययावद्विशेषाभावः प्रसिद्धः। तत्र च सर्वत्र एकावच्छेदेन संयोगीययावद्विशेषाभावाः सन्ति इति उपाधिः साध्यव्यापको भवति। तथा संयोगीययावद्विशेषाभावाः वृक्षादौ प्रसिद्धाः। किन्तु तत्र एकावच्छेदेन=मूलाद्यवच्छेदेन संयोगीययावद्विशेषाभावाः न सन्ति। यतः कुत्रापि अवयवे गगनसंयोगादयः केचित् तु सन्त्येव। अतः अयमुपाधिः साधनाव्यापकोऽपि भवति।

उपाधिः साध्यव्यापकः इति अस्यायमेवार्थः यदुत "यत्र साध्यं तत्र उपाधिः, यत्र उपाध्यभावः तत्र साध्याभावः इति। स चोपाधिः "साधनाव्यापकः" इति अस्यायमेवार्थः यदुत-किञ्चिदेकादिकं स्थानं अस्ति। यत्र साधनमस्ति। उपाधिर्नास्ति। तथा च तादृक्स्थाने साधनं अस्ति, उपाद्यभावोऽस्ति। उपाद्यभावाच्च तत्र साध्याभावोऽपि सिद्ध्यति। तथा च तत्र स्थाने साधनं अस्ति, साध्याभावोऽपि अस्ति इति अयमेव व्यभिचारः।

एवं चात्रापि संयोगीययावद्विशेषाभाववति वृक्षादौ एकावच्छेदेन संयोगीययावद्विशेषाभावस्याभावात् वृक्षे संयोगसामान्याभावात्मकसाध्यस्यापि अभावः प्रसिध्यति इति साधनवति साध्याभावसंभवेन व्यभिचारो भवति।

अत्र उपाधौ यदि "एकावच्छेदेन" पदं न निवेश्यते। तदा तु हेतुः उपाधेः अभिन्नः भवति। एवं च यत्र हेतुः तत्र उपाधिरपि भवत्येव इति उपाधिः साधनव्यापकोऽपि भवेत्। तथा च न स परमार्थतः उपाधिः भवेत् इति उपाधेः साधनाव्यापकत्वसिद्ध्यर्थमेव एकावच्छेदेन... पदम्। वृक्षे हेतोः सत्वात् तादृशोपाधेरसत्वात् साधनाव्यापकत्वं अक्षतम् भवति।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** યત્ પદથી ઘટ-પટ-પુસ્તકાદિ લેવાય પણ તેનો અનુગમ કરનાર કોઈ ધર્મ નથી તેમ તમે કહો છો. પણ યત્પદાર્થવિષયક જ્ઞાનવિષયતાવચ્છેદકત્વવાળા જે ધર્મો, તેનાથી અવચ્છિન્ન જે બને, તે યત્પદનો અર્થ ગણાય. એટલે ક્યારેક યત્‌થી ઘટ, ક્યારેક યત્‌થી પટાદિની બુદ્ધિ ભલે કરીએ પણ એ ઘટત્વ-પટત્વાદિ ધર્મોએ બુદ્ધિવિષયતાવચ્છેદકત્વોપલક્ષિત તો છે જ. અને તાદશધર્માવચ્છિન્નત્વ તો બધામાં એક જ છે. આમ પ્રાચીનોના મતે તો બુદ્ધિવિષયતાવચ્છેદકત્વોપલક્ષિતધર્માવચ્છિન્ન તરીકે યત્-તત્‌ના અર્થોનો અનુગમ થઈ જ જાય છે. માટે અનુગતવ્યાપ્તિ મળી જ રહે છે.

**ઉત્તરપક્ષ:** તો પણ તમારા અનુમાનમાં એકાવચ્છેદેન યાવદ્વિશેષાભાવવત્વ એ ઉપાધિ બને છે. ઉપાધિ એ સાધ્યવ્યાપક+સાધનાવ્યાપક હોય. અને ઉપાધિ એ વ્યભિચાર લાવી આપવાનું કામ કરે. કેમકે ઉપાધિ એ સાધ્યવ્યાપક હોવાથી "જ્યાં સાધ્ય ત્યાં ઉપાધિ, જ્યાં ઉપાધિ-અભાવ ત્યાં સાધ્યાભાવ." એવો અર્થ થાય. અને એ ઉપાધિ સાધનને અવ્યાપક છે. એનો અર્થ એ કે "જ્યાં સાધન છે. ત્યાં બધે જ ઉપાધિ છે." તેવું નથી. પણ એવું પણ કોઈક સ્થાન છે જ્યાં સાધન છે અને ઉપાધિ નથી. અને માટે જ તો તે સાધન-અવ્યાપક ગણાય છે. હવે જ્યાં સાધન છે ઉપાધિ નથી ત્યાં ઉપાધિના અભાવને લીધે ઉપાધિને વ્યાપ્ય એવા સાધ્યનો પણ અભાવ જ સાબિત થાય. અને એટલે આ એવું સ્થાન બન્યું કે જ્યાં સાધન છે અને સાધ્ય નથી. અર્થાત્ વ્યભિચાર આવે.

પ્રસ્તુતમાં યાવત્સંયોગવિશેષાભાવો એ હેતુ છે. અને સંયોગસામાન્યાભાવ એ સાધ્ય છે. હવે એકાવચ્છેદેન યાવદ્વિશેષાભાવ એ ઉપાધિ બનાવવાનો છે. આમાં જો "એકાવચ્છેદેન" શબ્દ ન મુકો તો યાવદ્વિશેષાભાવ જ બાકી રહે. અને એ જ તો હેતુ છે. અને આમ હેતુ અને ઉપાધિ એક જ બની જવાથી જ્યાં હેતુ ત્યાં તે ઉપાધિ પણ રહેવાની જ. એટલે તે ઉપાધિ સાધન-અવ્યાપક ન બનતાં પરમાર્થથી ઉપાધિ ન જ કહેવાય. એટલે એકાવચ્છેદેન શબ્દ એ ઉપાધિને સાધન-અવ્યાપક બનાવીને સાચી ઉપાધિ બનાવવા માટે જ મુકેલ છે.

સંયોગસામાન્યાભાવ ગુણાદિમાં પ્રસિદ્ધ છે. અને ત્યાં સર્વત્ર એકાવચ્છેદેન યાવત્સંયોગવિશેષાભાવ રહેલા છે. માટે આ ઉપાધિ સાધ્યવ્યાપક છે. અને વૃક્ષાદિમાં યાવત્સંયોગવિશેષાભાવત્વ=હેતુ છે. પણ ત્યાં એકાવચ્છેદેન=મૂલાવચ્છેદેન કે શાખાદ્યવચ્છેદેન (એક જ અવયવાવચ્છેદેન) યાવત્સંયોગવિશેષાભાવો મળતા નથી જ. કેમકે કોઈપણ અવયવમાં ગગનસંયોગાદિ રૂપ કોઈક સંયોગો તો રહેલા જ છે. આમ આ ઉપાધિ સાધન-અવ્યાપક પણ બની જાય છે. અને એટલે ઉપર મુજબ વ્યભિચાર આવે.

---

**जागदीशी -- न चैवं तत्तत्संयोगाभावस्य गुणे व्याप्यवृत्तित्वादेकावच्छेदेन साध्यव्यापकत्वं दुर्घटमिति वाच्यम्;**

**चन्द्रशेखरीयाः ननु** अयं उपाधिः न साध्यव्यापकः। यतो गुणादौ सर्वेऽपि संयोगाभावाः व्याप्यवृत्तयः केनचिदपि अनवच्छिन्नाः। अतः तत्र एकावच्छेदेन संयोगीययावद्विशेषाभावाभावात् न स उपाधिः साध्यव्यापकः इति **चेत्**

**ચન્દ્રશેખરીયાઃ પ્રાચીનોઃ** ગુણાદિમાં યાવત્સંયોગવિશેષાભાવ તો સમગ્ર ગુણમાં વ્યાપીને રહેલો હોવાથી ત્યાં તો એ સંયોગવિશેષાભાવ એ કોઈપણ અવચ્છેદથી નથી રહેતો. અર્થાત્ નિરવચ્છિન્ન જ છે. એટલે કે ગુણાદિમાં એકાવચ્છેદેન યાવત્સંયોગવિશેષાભાવ તો મળતો જ ન હોવાથી આ ઉપાધિ સાધ્યવ્યાપક જ ન બને. તેથી તે ખોટી ગણાય.

---

**जागदीशी -- 'एकावच्छेदेन' इत्यनेन निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टस्य विवक्षितत्वात्।**

---

**चन्द्रशेखरीयाः** न, निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टाः संयोगीययावद्विशेषाभावाः एव उपाधित्वेन विवक्षिताः। गुणे वर्तमानाः संयोगाभावाः निरवच्छिन्निवृत्तिकत्वविशिष्टा एव। निरवच्छिन्ना=केनचिद् अनवच्छिन्ना वृत्ति=वृत्तिता येषां तादृशाः इति समासः।

एवं तावत् संयोगसामान्याभावसाध्यके उपाधिः प्रतिपादिता। तथा च यदीययावद्विशेषाभावहेतुकेषु तदीयसामान्याभाव साध्यकेषु सर्वेषु स्थलेषु निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टाः यदीययावद्विशेषाभावाः उपाधित्वेन वाच्याः।

**ચન્દ્રશેખરીયાઃ ઉત્તરપક્ષઃ** એકાવચ્છેદેન=નિરવચ્છિન્નવૃત્તિકત્વવિશિષ્ટ એવો અર્થ કરવો. ગુણાદિમાં રહેલો યાવત્સંયોગવિશેષાભાવ એ નિરવચ્છિન્ન જ છે. અર્થાત્ નિરવચ્છિન્ના વૃત્તિઃ યસ્ય સ આ પ્રમાણે અર્થ કરવો. આ તો સંયોગસામાન્યાભાવ સાધ્યસ્થલે ઉપાધિ બતાવી. એ પ્રમાણે ખરેખર તો યદીયયાવત્વિશેષાભાવો જ્યાં હેતુ હોય અને તદીયસામાન્યાભાવ સાધ્ય હોય. ત્યાં બધે નિરવચ્છિન્નવૃત્તિકત્વથી વિશિષ્ટ એવા યદીયયાવત્વિશેષાભાવો એ ઉપાધિ ગણવા. અહીં પણ એવો જ આ અભાવ મળે છે. માટે તે સાધ્યવ્યાપક બની જશે.

---

**जागदीशी -- न च तथाऽपि कपिसंयोगसामान्याभाववति वृक्षे निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टस्य तदीययावद्विशेषाभावस्यासत्त्वादुपाधेः साध्याव्यापकत्वमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीयाः** ननु "यदीययावद्विशेषाभावाः" इति अत्र "यज्जाति-समानाधिकरणोभयावृत्ति-धर्मावच्छिन्नयत्सम्बन्धावच्छिन्न प्रतियोगिताकाभावाः" इति अर्थः प्रागुक्तः। भवता च सर्वत्र तादृशे हेतौ उपाधिःदीयते। किन्तु नेदं सम्यक्। यतः **कपिसंयोगसामान्याभाववान् कपिसंयोगीययावद्विशेषाभाववत्वात्** इति अत्र कपिसंयोगत्वजातिसमानाधिकरणाः उभयावृत्तिनः च तत्तत्कपिसंयोगत्वादयो धर्माः, तदवच्छिन्नप्रतियोगिताकाः यावन्तो विशेषाभावाः मूलाद्यवच्छिन्नवृत्तिकाः एव। नतु निरवच्छिन्नाः। शाखावच्छेदेन कपिसंयोगस्य विद्यमानत्वात् वृक्षे निरवच्छिन्नवृत्तिकाः कपिसंयोगाभावाः न संभवन्ति। तथा च तत्र निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टसंयोगाभावात्मकोपाधेः

असत्वात् तत्र च वृक्षे कपिसंयोगसामान्याभावस्य भवतामपीष्टत्वात् स उपाधिः साध्यव्यापको न भवति इति न स उपाधिः इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પ્રાચીનો:** તમે ઉપાધિનો અર્થ નિરવચ્છિન્નવૃત્તિકત્વવિશિષ્ટ યાવત્સંયોગવિશેષાભાવ કર્યો. હવે આ તો જ્યાં સંયોગસામાન્ય સાધ્ય હશે ત્યાં આ પ્રમાણે કહેવાશે. ખરો અર્થ તો એ કે જ્યાં યજ્જાતિ-અવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવઃ ત્યાં નિરવચ્છિન્નવૃત્તિકત્વવિશિષ્ટ એવા તજ્જાતિસમાનાધિકરણ-ઉભયાવૃત્તિધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક તમામે તમામ વિશેષાભાવો હોય. જો આવું મળે તો ઉપાધિ સાધ્યવ્યાપક ગણાય. જેમકે જે ભૂતલ ઉપર ઘટત્વજાતિ-અવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો ઘટત્વસામાન્યાભાવ રૂપ સાધ્ય છે. અને ત્યાં ઘટત્વસમાનાધિકરણ ઉભયાવૃત્તિ-તત્તત્તદ્ઘટત્વધર્માવચ્છિન્ન પ્રતિયોગિતાક તમામે તમામ તત્તત્ઘટવિશેષાભાવો છે. વળી એ અભાવો નિરવચ્છિન્નવૃત્તિક પણ છે જ. એટલે આ ઉપાધિ સાધ્યવ્યાપક બને.

પણ જ્યાં કપિસંયોગાભાવ સાધ્ય હશે ત્યાં તો વાંધો આવશે. કેમકે વૃક્ષમાં કપિસંયોગ હોવા છતાં કપિસંયોગસામાન્ય-અભાવ પણ માનેલો તો છે જ. અને એ સર્વમાન્ય છે. હવે ત્યાં જે કપિસંયોગાભાવો છે. એ બધા તો મૂલાદિ-અવચ્છિન્ન જ છે. એટલે ત્યાં નિરવચ્છિન્નવૃત્તિકત્વવિશિષ્ટ એવા યાવત્કપિસંયોગવિશેષાભાવ તો નથી જ. માટે આ ઉપાધિ એ સાધ્યવ્યાપક નથી બનતી.

---

**जागदीशी -- जात्यवच्छिन्नाभावस्यैवोक्तव्याप्तौ साध्यविधया प्रवेशात् कपिसंयोगाभावस्य चातथात्वेन तं प्रति तदीययावद्विशेषाभावस्योक्तरूपेणाव्यापकत्वेऽपि क्षत्यभावात्।**

---

**चन्द्रशेखरीया:** न वयं सर्वत्रोपाधिं प्रतिपादयामः। किन्तु यत्र जातिमात्रावच्छिन्नप्रतियोगिताकः सामान्याभावः साध्यो भवति, तत्रैवोपाधिं प्रतिपादयामः। कपिसंयोगसामान्याभावस्तु कपिप्रतियोगिकत्वसंयोगत्वजात्युभयावच्छिन्न-प्रतियोगिताकोऽभावः। अतः न स जातिमात्रावच्छिन्नप्रतियोगिताकः। तस्मात् अत्र वयं नोपाधिं प्रतिपादयामः। ततः अत्र उपाधेः साध्या व्यापकत्वेऽपि न क्षतिः।

जातिमात्रावच्छिन्नाभावरूपस्य संयोगसामान्याभावस्य यत्र साध्यत्वं तत्रैव अयं उपाधिः प्रतिपाद्यते। तत्र च भवत्येव इति प्रागेवोक्तं।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** અમે જે મૂળ વ્યાપ્તિ બનાવી છે. તેમાં તત્સામાન્યાભાવ=સાધ્ય એ જાતિમાત્રાવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ જ લેવાનો છે. અને આ ઉપાધિ એને જ વ્યાપક તરીકે માનવાની છે. કપિસંયોગાભાવ એ તો કપિપ્રતિયોગિકત્વ વિશિષ્ટસંયોગત્વજાતિથી અવચ્છિન્ન પ્રતિયોગિતાનો નિરૂપક અભાવ છે. પણ જાતિમાત્રાવચ્છિન્નપ્રતિયોગિતાક નથી. એટલે આ કપિસંયોગાભાવ એ સાધ્ય તરીકે જ ન આવતો હોવાથી ઉપાધિ તેને વ્યાપક ન બને તો ય વાંધો નથી. એટલે કે કપિસંયોગપ્રતિયોગિતાક એવા નિરવચ્છિન્ન-વૃત્તિકત્વવિશિષ્ટ એવા યાવત્કપિસંયોગવિશેષાભાવો એ કપિસંયોગાભાવને વ્યાપક ન બને તોય વાંધો નથી.

**जागदीशी -- न चाभिघातादि (संयोग) सामान्याभावस्य वृक्षे सत्त्वात् तत्र (च) निरवच्छिन्न-वृत्तिकत्वविशिष्टस्य तदीययावद्विशेषाभावस्यासत्त्वादेवोपाधेः साध्याव्यापकत्वमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** ननु तथापि **"वृक्षः अभिधातसामान्याभाववान् अभीघातीययावद्विशेषाभाववत्त्वात्।"** इति अत्र अभिघातत्वजातिमात्रावच्छिन्नप्रतियोगिताकः अभिघातसामान्याभावः एव साध्यः। युष्मन्मतानुसारेणात्रोपाधिःकथ्यते। किन्तु न स मीलति। वृक्षे अभिघातसामान्याभावस्तु युष्माकमपि अभिमत एव। किन्तु तत्र शब्दजनकसंयोगस्वरूपः कर्करासंयोगाद्यात्मकोऽभिघातो मूलाद्यवच्छेदेन वर्तते। अतः तत्र विद्यमानाः अभिघातीययावद्विशेषाभावाः शाखाद्यवच्छिन्नवृत्तिकाः एव। नतु निरवच्छिन्नाः। तथा च तत्र निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टानां अभिघातीययावद् विशेषाभावानामसत्त्वात् अयं उपाधिः साध्यव्यापको न भवति इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** શબ્દજનક સંયોગ એ અભિઘાત કહેવાય. અને વૃક્ષમાં અભિઘાતસામાન્યનો અભાવ છે. શબ્દજનક એવો કાંકરા વિગેરેનો સંયોગ મૂલાવચ્છેદેન છે છતાં તેનો પણ શાખાદિ-અવચ્છેદેન અભાવ તો છે જ. આમ ત્યાં સાધ્ય રહી ગયું. આ અભાવ એ અભિઘાતત્વજાતિમાત્રાવચ્છિન્ન પ્રતિયોગિતાક પણ છે. છતાં આ વૃક્ષમાં નિરવચ્છિન્નવૃત્તિકત્વવિશિષ્ટ-અભિઘાત-યાવત્-વિશેષાભાવ તો નથી જ. કેમકે એ બધા જ અભાવો મૂલાદિ-શાખાદિ-અવચ્છિન્નવૃત્તિકત્વવાળા જ છે. આમ આ સ્થાને તમારી ઉપાધિ સાધ્ય-અવ્યાપક બને છે.

---

**जागदीशी -- गुणविभाजकजातेरेव हेतुसाध्ययोः प्रवेशात्।**

---

**चन्द्रशेखरीया:** तर्हि "गुणविभाजकजातिमात्रावच्छिन्न प्रतियोगिताकसामान्याभावसाध्यकस्थले एव उपाधिं वयं प्रतिपादयामः" इति बोद्धव्यम्। अभिघातत्वं तु न गुणविभाजकजातिः। अतःतत्र न वयं उपाधिं प्रतिपादयामः। किन्तु गुणविभाजक संयोगत्वादिजातिमात्रावच्छिन्नप्रतियोगिताकसंयोगादिसामान्याभावसाध्यकस्थले एव उपाधिं प्रतिपादयामः। तत्र च स मीलत्येव इति न कश्चिद् दोषः।

इदमत्र हृदयम्। पूर्वपक्षः यदीययावद्विशेषाभावहेतुना सह तदीयसामान्याभावस्य व्याप्तिं दर्शयित्वा संयोगसामान्याभावं वृक्षे साधितवान्। उत्तरपक्षस्तु तत्र निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टं यदीययावद्विशेषाभावत्वं उपाधिं उक्तवान्। पूर्वपक्षः निषेधं करोति-यत् कपिसंयोगसामान्याभावसाध्यकस्थले स उपाधिः निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टकपिसंयोगीययावद् विशेषाभाववत्त्वस्वरूपसाध्यव्यापको न भवति इति। उत्तरपक्षः प्राह यत्-वयं जातिमात्रावच्छिन्नप्रतियोगिताकाभावस्थले एवोपाधिं प्रतिपादयामः इत्यादि। पुनः पूर्वपक्षः प्रश्नयति यत्-अभिधातसामान्याभावो जातिमात्रावच्छिन्नाभाव एव। तथा च तत्र युष्माकं मतेन उपाधिर्भवेत्। किन्तु तत्रापि स उपाधिः साध्यव्यापको न भवति इत्यादि। तत्र उत्तरपक्षः समादधाति-वयं केवलं गुणविभाजकोपाधिमात्रावच्छिन्नप्रतियोगिताकसामान्याभावसाध्यकस्थले एवोपाधिं प्रतिपादयामः

–इति। तथा च यदीययावद्विशेषाभाववत्त्वं सामान्यो हेतुः। तदीयसामान्याभावः सामान्यमेव साध्यं। तदनुसारेण कपीययावत्संयोगविशेषाभाववत्त्वं, अभिघातीययावत्संयोगविशेषाभाववत्त्वं, घटीययावत्संयोगविशेषाभाववत्त्वं संयोगीययावत्संयोगविशेषाभाववत्त्वं इत्यादयो विशेषाः हेतवो भवन्ति। एवं कपिसंयोगसामान्याभावः अभिघातसामान्याभावः घटसामान्याभावः संयोगसामान्याभावः इत्यादयो विशेषाः साध्याः भवन्ति। उत्तरपक्षस्तु केवलं गुणविभाजकजातिमात्रावच्छिन्न प्रतियोगिताक-सामान्याभावसाध्यके एव उपाधिं प्रतिपादयति। तथा च तदन्यसाध्यकस्थले न उत्तरपक्षः उपाधिं प्रतिपादयति इति न कश्चिद् दोषः।

एवं च अन्यानि अनुमानानि कपिसंयोगसामान्याभावादिसाध्यकानि यद्यपि सम्यक् भवन्ति। तथापि वृक्षादौ संयोगसामान्याभावसाध्यकयावत्संयोगविशेषाभावहेतौ तु उपाधेः विद्यमानत्वात् न स हेतुः संयोगसामान्याभावसाधको भवति। तथा च न वृक्षादौ द्रव्ये संयोगसामान्याभावः सिद्ध्यति। तथा च **"संयोगी द्रव्यत्वात्"** इति अत्र द्रव्यत्वाधिकरणे वृक्षादौ संयोगसामान्याभावो न मीलति। किन्तु घटाभावः। तत्प्रतियोगितानवच्छेदकं संयोगत्वमेव साध्यतावच्छेदकं इति प्रतियोग्यसमानाधिकरणपदं विनापि तत्र लक्षणसमन्वयो भवति। अतः पूर्वपक्षेण "अत्र स्थानेऽव्याप्तिवारणाय प्रतियोग्यसमानाधिकरणपदं निवेश्यम्" इति यदुक्तं तत् तुच्छमेव इति फलितम्। किन्तु "कपिसंयोगी एतद्वृक्षत्वात्" इति अत्राव्याप्तिवारणायैव तद्विशेषणं निवेश्यम् इति परमार्थः।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** તો પછી અમે અમારા "યજ્જાતિમાત્ર અવચ્છિન્નપ્રતિયોગિતાક-સામાન્યાભાવ" રૂપ સાધ્યમાં "ગુણવિભાજકયજ્જાતિ-અવચ્છિન્ન પ્રતિયોગિતાક-સામાન્યાભાવ" એવો પરિષ્કાર કરશું. આ પરિષ્કાર તે સાધ્યને સિદ્ધ કરવા આપેલા હેતુમાં પણ પરિષ્કાર કર્યા વિના ન સંભવે. કેમકે હેતુમાં યજ્જાતિ થી જે લેશું તે જ સાધ્યમાં લેવાશે. એટલે "ગુણવિભાજકયજ્જાતિમાત્રસમાનાધિકરણોભયાવૃત્તિધર્માવચ્છિન્નયત્સંબંધાવચ્છિન્ન-પ્રતિયોગિતાકયાવદભાવ" એ હેતુ બનશે. અને સાધ્ય તો ઉપર બતાવેલું જ છે.

અભિઘાતત્વ એ તો સંયોગવિભાજક જાતિ છે. ગુણવિભાજક જાતિ નથી. માટે તે સ્થાને અમારી ઉપાધિ એ સાધ્યવ્યાપક ન બને તોય વાંધો નથી.

અહીં એ ખ્યાલ રાખવો કે અનુમાન કરનાર પૂર્વપક્ષ છે. અને તેમાં ઉપાધિ આપનાર એ ઉત્તરપક્ષ છે. હવે જ્યારે પૂર્વપક્ષ એ ઉપાધિ સાધ્યવ્યાપક ન બનવાની આપત્તિ આપે. ત્યારે ઉત્તરપક્ષ એમણે આપેલા અનુમાનમાં સુધારા-વધારા કરીને પોતાની ઉપાધિ સાધ્યવ્યાપક બનાવે તે તો ઉચિત ન જ ગણાય. કેમકે એ અનુમાન તો પૂર્વપક્ષે કરેલ છે. અને એટલે તેઓ જ તેમાં સુધારા-વધારા કરે. અને પોતાના અનુમાનને ખોટું પાડવા માટે બીજાએ કરેલા સુધારા એ પૂર્વપક્ષ શી રીતે માન્ય રાખે? અને એટલે જ આ ઉત્તરપક્ષ બધા સુધારા બતાવે તે ઉચિત નથી. એમ પ્રશ્ન સંભવે છે. પણ એનો ઉત્તર આ પ્રમાણે કે હેતુ=યદીયયાવદ્વિશેષાભાવ, સાધ્ય=તત્સામાન્યાભાવ. આમ મૂલમાં પૂર્વપક્ષે બતાવેલ છે. આ સામાન્ય વ્યાપ્તિ દ્વારા તેઓ વૃક્ષમાં સંયોગીય યાવત્વિશેષાભાવ રૂપ હેતુ દ્વારા સંયોગસામાન્યાભાવની સિદ્ધિ કરવા માંગે છે. એની સામે ઉત્તરપક્ષ એમને એમની સામાન્ય વ્યાપ્તિમાં ઉપાધિ આપે છે. હવે સામાન્ય વ્યાપ્તિ અનુસારે તો

હેતુ--કપિસંયોગયાવદ્વિશેષાભાવ. સાધ્ય--કપિસંયોગસામાન્યાભાવ

હેતુ--અભિઘાતસંયોગયાવત્વિશેષાભાવ. સાધ્ય--અભિઘાતસામાન્યાભાવ

હેતુ--ઘટયાવત્વિશેષાભાવ. સાધ્ય--ઘટસામાન્યાભાવ

એમ ઘણા અનુમાનો આવે. એટલે ઉપાધિ એ સર્વત્ર સાધ્યવ્યાપક બને તો જ એ સામાન્ય વ્યાપ્તિમાં તે ઉપાધિ સાચી ગણાય. આથી જ પૂર્વપક્ષે કહ્યું કે કપિસંયોગસામાન્યાભાવસાધ્યકસ્થલે તમારી ઉપાધિ સાધ્યવ્યાપક નથી બનતી." આની સામે ઉત્તરપક્ષ એમ જ કહે છે કે અમે આ સામાન્ય વ્યાપ્તિ દ્વારા જેટલા જુદા જુદા અનુમાનો થાય તે તમામ સ્થાને ઉપાધિ નથી આપતા. પણ જ્યાં જાતિમાત્રાવચ્છિન્નાભાવ સાધ્ય હશે ત્યાં જ અમે ઉપાધિ આપીએ છીએ. એટલે પૂર્વપક્ષે કહ્યું કે "તોય અભિઘાત-સામાન્યાભાવ એ જાતિમાત્રાવચ્છિન્ન હોવા છતાં ત્યાં ઉપાધિ તો સાધ્યવ્યાપક બનતી ન હોવાથી ઉપાધિ ખોટી છે." એટલે ઉત્તરપક્ષ નવો ખુલાસો આપે છે કે "તમારી સામાન્ય વ્યાપ્તિ દ્વારા જ્યાં ગુણવિભાજક જાતિમાત્રાવચ્છિન્નાભાવસાધ્યક અનુમાન કરાતું હોય ત્યાં જ અમે આ ઉપાધિ માનીએ છીએ. એટલે અભિઘાતસામાન્યાભાવ સ્થલે ઉપાધિ અમે આપતા જ નથી. પણ સંયોગસામાન્યાભાવ એ ગુણવિભાજક સંયોગત્વજાતિમાત્રાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો અભાવ છે. એટલે આ જ સ્થલે અમારે ઉપાધિ આપવી છે. અને આ સ્થલે તો નિરવચ્છિન્નવૃત્તિકત્વવિશિષ્ટ સંયોગયાવત્વિશેષાભાવ સાધ્ય વ્યાપક બને જ છે. કેમકે આ તમારુ સાધ્ય દ્રવ્યોમાં તો સિદ્ધ કરવાનું બાકી છે. માત્ર ગુણાદિમાં તે સિદ્ધ છે. અને ત્યાં સર્વત્ર અમારી ઉપાધિ પણ છે જ.

આ પ્રમાણે અર્થ સમજવો.

---

**जागदीशी -- [केचित्तु 'एकावच्छेदेने'त्यस्य–अवच्छेदकतासम्बन्धेन तदभावाधिकरणीभूतदेशस्यावच्छेद्यता-सम्बन्धेनाभाववत्त्वेनेत्यर्थः तथा च तद्विशिष्टयावद्विशेषाभाववत्त्वमुपाधिरित्याहुस्तच्चिन्त्यम् ।]**

---

**चन्द्रशेखरीया: अत्र केचित्** "एकावच्छेदेन" इति अस्य अवच्छेदकतासम्बन्धेन तदभावाधिकरणीभूतदेशस्य अवच्छेद्यतासम्बन्धेन यः अभावः, तदभाववत्वविशिष्टा यावन्तो विशेषाभावाः एव उपाधिः इति **आहुः**। अयं भावः। गुणादौ वर्तमानाः सर्वेऽपि तत्तत्संयोगाभावाः व्याप्यवृत्तयः एव। अतः तत्र गुणः तेषामवच्छेदकः न भवति। किन्तु तत्र वर्तमानास्ते सर्वे निरवच्छिन्नाः कथ्यन्ते। तथा च गुणः अवच्छेदकतासम्बन्धेन न संयोगाभाववान् भवति। गुणस्य संयोगाभावावच्छेदकत्वाभावात्। किन्तु द्रव्यमेवावच्छेदकं भवति। द्रव्ये संयोगाभावाः अव्याप्यवृत्तय एव। यद्यपि वृक्षादौ सर्वथा घटस्यासत्वात् तत्र तादृशो घटाभावो व्याप्यवृत्तिः गण्यते, तथापि कपिसंयोगाधिकरणे वृक्षादौ वर्तमानः कपिसंयोगाभावस्तु मूलाद्यच्छेदेनैव वर्तते। अतः स अव्याप्यवृतिरेव भवति। तथा च कपिसंयोगाभावस्य अवच्छेदकं मूलादि भवति। घटाभावस्य वृक्षेऽपि व्याप्यवृत्तित्वात् तस्यावच्छेदकं न किमपि भवति। अत्र "तदभाव" पदेन कपिसंयोगाभावो गृह्यते। अवच्छेदकतासम्बन्धेन कपिसंयोगाभावाधिकरणं मूलमेव। अथ तत्र मूले पक्षीसंयोगः गगनसंयोगश्च विद्येते। अतः तयोरभावौ शाखादौ वर्तेते। तथा च कपिसंयोगाभावादयो मूलावच्छेद्या भवन्ति। अतः अवच्छेद्यतासम्बन्धेन

तेऽभावाः मूलवन्तो भवन्ति । किन्तु पक्षीसंयोगाभावः मूलीयगगनसंयोगाभावश्च न मूलावच्छेद्यौ, अतः तौ अभावौ न अवच्छेद्यतासम्बन्धेन मूलवन्तौ । किन्तु मूलाभाववन्तौ ।

तथा च तादृशमूलाभाववत्वविशिष्टौ द्वौ एव अभावौ वृक्षे स्तः । अन्ये अभावास्तु न तादृशमूलाभाववत्त्वविशिष्टाः । अतः वृक्षे तादृशविशिष्टाः यावद्विशेषाभावा न मीलन्ति । अतः स उपाधिः साधनाव्यापको भवति । गुणे च विद्यमानाः सर्वे एव संयोगविशेषाभावाः केनचिदनवच्छेद्याः इति तेऽभावाः अवच्छेद्यतासम्बन्धेन मूलाभाववन्तो भवन्ति । तथा च गुणे तादृशमूलाभाववत्त्वविशिष्टाः यावत्संयोगविशेषाभावाः विद्यन्ते । अतः अयमुपाधिः साध्यव्यापकोऽपि भवति ।

अत्रेदमवधेयं । यदि हि वृक्षे वर्तमानाः घटसंयोगाभावादयो व्याप्यवृत्तयः मन्यन्ते । तदा तु तेऽपि मूलानवच्छेद्याः एव भवन्ति । किन्तु तथापि वृक्षे मूलभिन्नेषु अवयवेषु ये गगनसंयोगकपिसंयोगादयो वर्तन्ते, तदभावास्तु तु सर्वेऽपि मूलावच्छेद्या एव भवन्ति इति तेऽभावाः अवच्छेद्यतासम्बन्धेन मूलवन्तो भवन्ति । न मूलाभाववन्तः भवन्ति । यदि च घटसंयोगाभावादयोऽपि वृक्षेऽव्याप्यवृत्तय एव मन्यन्ते । तदा तु सुतरां मूलनिष्ठपक्षीसंयोगादिभिन्नाः सर्वेऽप्यभावाः मूलावच्छेद्या एव भवन्ति इति ते सर्वेऽभावाः अवच्छेद्यतासम्बन्धेन मूलवन्तो भवन्ति इति केनापि प्रकारेण अयमुपाधिः साधनाव्यापको भवति ।

इदमत्र हृदयम् । कस्मिन्नपि द्रव्येऽन्यसंयोगो विद्यते वा न वा । तथापि तत्र गगनसंयोगादयस्तु सर्वदा भवन्त्येव । कस्यापि च संयोगाभावस्यावच्छेदकमपि द्रव्यमेव भवति । न गुणादिः । तच्च किमपि द्रव्यं अवच्छेद्यतासम्बन्धेन स्ववर्तमानेषु अभावेषु तिष्ठन्त्येव इति कुत्रापि द्रव्ये अवच्छेद्यतासम्बन्धेन तादृक्द्रव्याभाववत्त्वविशिष्टाः यावत्संयोगविशेषाभावाः न भवन्त्येव इति अयमुपाधिः साध्यव्यापकस्साधनाव्यापकश्च भवति ।

ग्रन्थकारस्यास्मिन्निरूपणेऽस्वरसः । तस्य कारणं तु इदं–रूपसामान्याभावसाध्यकस्थले अयमुपाधिः साध्यव्यापको न भवति । यतो रूपस्य व्याप्यवृत्तितया तदभावोऽपि व्याप्यवृत्तिरेव । तथा च तस्यावच्छेदकमेव न प्रसिद्धं । एवं च अवच्छेदकतासम्बन्धेन रूपाभाववद्धिकरणस्यैवाप्रसिद्ध्या तत्रोपाधिरेव न मीलति । अस्माभिश्च गुणविभाजक-जातिमात्रावच्छिन्नप्रतियोगिताकाभावसाध्यके सर्वत्रोपाधिः दर्शनीयैव । तथैव प्राक् प्रतिज्ञा कृता इति नेदं मतं समीचीनं । अस्मदुक्तोपाधिव्याख्यानं तु रूपसामान्याभावस्थलेऽपि समीचीनं भवत्येव । तथा हि रूपसामान्याभावः गुणादौ वर्तते । तत्र च निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टाः यावन्तो रूपविशेषाभावाः अपि वर्तन्ते एव इति अयमुपाधिः साध्यव्यापकोऽपि भवति ।

**चन्द्रशेखरीया:** કેટલાંક લોકો એ ઉપાધિનો અર્થ આ રીતે કરે છે. એકાવચ્છેદેન=અવચ્છેદકતાસંબંધથી તદભાવાધિકરણીભૂત એવો જે દેશ હોય તેનો અવચ્છેદ્યતાસંબંધથી અભાવ જેમાં રહે તેવા યાવદ્વિશેષાભાવો (યાવદ્વિશેષાભાવવત્વં) એ ઉપાધિ બનશે. **वृक्षः संयोगसामान्याभाववान् संयोगीययावद् विशेषाभाववत्वात्।** માં કપિસંયોગ, પક્ષીસંયોગ, ઘટસંયોગ વિગેરે બધા જ સંયોગના અભાવો સાધ્ય તરીકે છે. ધારો કે મૂલમાં પક્ષી બેઠો છે. એટલે પક્ષીસંયોગ છે. અને શાખામાં કપિસંયોગ છે. એટલે મૂલમાં તો કપિસંયોગાભાવ જ છે. તેનો

અવચ્છેદક મૂલ છે. એટલે અવચ્છેદકતાસંબંધથી કપિસંયોગાભાવવાન્ મૂલ બનશે. હવે આ મૂલથી અવચ્છેદ્ય તરીકે કપિસંયોગાભાવ, ઘટાભાવ વિગેરે બધા જ મળશે. પણ પક્ષીસંયોગાભાવ નહી મળે કેમકે મૂલમાં પક્ષી બેઠેલો છે. એટલે મૂલનો અવચ્છેદ્યતાસંબંધથી પક્ષીસંયોગ-અભાવમાં અભાવ છે. આમ પક્ષીસંયોગાભાવ એ મૂલાભાવવાન્ બનશે. અર્થાત્ અવચ્છેદ્યતાસંબંધથી મૂલાભાવવત્ત્વવિશિષ્ટ એવો પક્ષીસંયોગાભાવ મળ્યો. પણ બીજા બધા અભાવ તો અવચ્છેદ્યતાસંબંધથી મૂલવાળા જ બની ગયા છે. એટલે વૃક્ષમાં તો અવચ્છેદ્યતાસંબંધથી મૂલાભાવવત્ત્વવિશિષ્ટ એવા સંયોગીયયાવદ્વિશેષાભાવ નથી. માટે આ ઉપાધિ વૃક્ષમાં ન મળે. અને એટલે એ સાધન-અવ્યાપક બને.

પણ ગુણમાં આ બધા જ અભાવો રહેલા છે. અને તે બધા ગુણમાં તો વ્યાપ્યવૃત્તિ છે. એટલે ગુણ તે અભાવોનો અવચ્છેદક બનતો નથી. એટલે ગુણમાં જે અભાવો રહેલા છે. તે બધા જ કોઈથી પણ અવચ્છેદ્ય=અવચ્છિન્ન નથી અને એટલે જ અવચ્છેદકતાસંબંધથી તત્તત્સંયોગાભાવના અધિકરણ એવા મૂલાદિ દેશો એ અવચ્છેદ્યતાસંબંધથી મૂલાદિવૃત્તિ એવા સંયોગાભાવોમાં જ રહેશે. પરંતુ ગુણમાં રહેલા તમામે તમામ સંયોગાભાવો એ કોઈથી અવચ્છેદ્ય ન હોવાથી મૂલશાખાદિ એ ગુણવૃત્તિ-સંયોગાભાવોમાં અવચ્છેદ્યતાસંબંધથી રહી શકતા નથી. આમ ગુણવૃત્તિ તમામ સંયોગાભાવો એ અવચ્છેદ્યતાસંબંધથી મૂલાદિ-અભાવવાળા જ બને છે. આમ ગુણમાં તાદૃશમૂલાદિ-અભાવવત્ત્વવિશિષ્ટ એવા યાવદ્ વિશેષાભાવ રૂપ ઉપાધિ મળે છે: માટે તે ઉપાધિ સાધ્યવ્યાપક બની જાય છે.

સાર એટલો જ કે કોઈપણ દ્રવ્યના કોઈપણ અવયવમાં છેવટે ગગનસંયોગાદિ તો રહેવાના જ છે. અને એટલે જ કોઈપણ દ્રવ્યમાં તમામે તમામ અભાવો નિરવચ્છિન્નવૃત્તિક તરીકે મળી જ ન શકે. એટલે કે વૃક્ષમાં ઘટ છે જ નહિ તો ઘટાભાવ એ હજી નિરવચ્છિન્નવૃત્તિ મળી જાય. પણ વૃક્ષમાં જ જે પ્રત્યેક અવયવોમાં જુદા જુદા સંયોગ રહેલા છે એના અભાવ તો જુદા જુદા અવયવોમાં જ મળે. સંપૂર્ણ વૃક્ષમાં ન મળે. એટલે જ શાખીયકપિસંયોગનો અભાવ એ મૂલાવચ્છિન્ન બની જાય છે. હવે અવચ્છેદકતાસંબંધથી કોઈપણ સંયોગાભાવનું અધિકરણ કોઈપણ એક દેશ લેવાનો છે. એનો અર્થ જ એ કે એ જે સંયોગનો અભાવ લઈએ તે સંયોગ તો તે જ દ્રવ્યમાં બીજા અવયવમાં રહેલો જ છે. અને માટે જ આ મૂલાદિ અવયવ તે સંયોગાભાવનો અવચ્છેદક બને છે. જો વૃક્ષમાં શાખા પર પણ કપિસંયોગ ન હોત તો તો વૃક્ષમાં નિરવચ્છિન્ન-વૃત્તિક એવો જ કપિસંયોગાભાવ સિદ્ધ થઈ જાય. એટલે અવચ્છેદકતાસંબંધથી કપિસંયોગાભાવવાન્ કોઈપણ એક દેશ લઈ લેવો. દા.ત. મૂલ. અને તે મૂલમાં જે પક્ષીસંયોગ, ગગનસંયોગ, વાયુસંયોગ છે. તેનો અભાવ તે મૂલમાં ન મળે. પણ બાકીના તમામ અભાવો એ મૂલમાં મળે. અને તે તમામ અભાવો એ મૂલાવચ્છેદ્ય બને. એટલે જ અવચ્છેદ્યતાસંબંધથી તે તમામ અભાવો મૂલવાન્ જ બનવાના છે. માત્ર મૂલમાં રહેલા પક્ષી+ગગન+વાયુના સંયોગો કે જેનો અભાવ શાખાદિમાં છે. તે અભાવોમાં મૂલાવચ્છેદ્યતા નથી. પરંતુ શાખાવચ્છેદ્યતા છે. એટલે તે અભાવો જ અવચ્છેદ્યતા સંબંધથી મૂલવાળા નથી બનતા. અર્થાત્ મૂલાભાવવાળા બને છે. આમ વૃક્ષમાં આ ત્રણ જ સંયોગોના અભાવો એ તાદૃશમૂલાભાવવત્ત્વવિશિષ્ટ છે. પણ યાવત્સંયોગવિશેષાભાવો તેવા પ્રકારના નથી. માટે આ ઉપાધિ વૃક્ષમાં ન મળે.

આ કેચિત્નો મત કૌંસમાં લખેલો છે. તેનો કોઈ ખુલાસો વિવૃત્તિમાં નથી. અમે અમારી સમજ પ્રમાણે બેસાડેલો છે. આમાં "તચ્ચિન્ત્યમ્" કહીને જે અસ્વરસ દેખાડ્યો છે. તે એ કે રૂપસામાન્યાભાવ સાધ્ય તરીકે હશે ત્યાં આ ઉપાધિ નહીં ઘટે. કેમકે રૂપ પોતે જ વ્યાપ્યવૃત્તિ હોવાથી તેનો અભાવ પણ વ્યાપ્યવૃત્તિ જ છે. અને એટલે તેનો અવચ્છેદક જ કોઈ પ્રસિદ્ધ ન હોવાથી અવચ્છેદકતાસંબંધથી રૂપાભાવાધિકરણ જ ન મળતા ત્યાં આ ઉપાધિલક્ષણ ન ઘટે. અને આપણે તો ગુણવિભાજક જાતિમાત્રાવચ્છિન્ન પ્રતિયોગિતાક-અભાવસાધ્યક તમામ સ્થલે ઉપાધિ આપવાની વાત કરી છે. આ સ્થાન પણ ગુણવિભાજકરૂપત્વજાતિમાત્રાવચ્છિન્નપ્રતિયોગિતાક જ છે. એટલે અહીં ઉપાધિ ન ઘટે તો આપણો જ દોષ ગણાય. માટે કેચિત્ મતમાં અસ્વરસ છે.

---

## जागदीशी -- यत्तु 'एकावच्छेदेने' त्यस्य परम्परानवच्छेदकानवच्छेद्यवृत्तिकत्वविशिष्टेत्यर्थमाहुः

---

**चन्द्रशेखरीयाः** "यत्तु" इत्यादिना द्वितीयं मतं प्रतिपादयति जागदीशी। तस्यायमर्थः। परस्परानवच्छेदकानवच्छिन्न-वृत्तिकत्वविशिष्टाः यावद्विशेषाभावाः उपाधिः। गुणादौ तु संयोगाभावानां सर्वेषां व्याप्यवृत्तित्वात् गुणादयः तस्यावच्छेदकाः न भवन्ति इति तत्रावच्छेदकानवच्छेदकादिविवक्षैव व्यर्था। परस्परानवच्छेदक... इति द्वौ अभावौ ग्राह्यौ। कपिसंयोगाभावः पक्षिसंयोगाभावश्च। तत्र कपिसंयोगाभावस्यानवच्छेदिका कपिसंयोगवती शाखा। पक्षिसंयोगाभावस्य अनवच्छेदकं पक्षिसंयोगवत् मूलं। तथा च यदि परस्परानवच्छेदकपदेन मूलं गृह्यते। तदा तन्मूलावच्छिन्नवृत्तिकत्वविशिष्टाः एव वृक्षे कपिसंयोगाभावादयः। मूलवृत्तिकपक्षिसंयोगगगनसंयोगादीनां येऽभावाः, ते एव मूलानवच्छिन्नवृत्तिकाः भवन्ति। तथा च वृक्षे सर्वेऽपि अभावाः मूलानवच्छिन्नवृत्तिकत्वविशिष्टा न भवन्ति इति अयमुपाधिः साधनाव्यापको भवति। एवं परस्परानवच्छेदकपदेन यदि शाखा गृह्यते। तदा पक्षिसंयोगाभावादयः शाखावच्छिन्नवृत्तिकत्वविशिष्टा एव। केवलं कपिसंयोग-शाखीयगगनसंयोगादीनां येऽभावाः। ते एव शाखानवच्छिन्नवृत्तिकाः भवन्ति इति शाखामाश्रित्यापि वृक्षे न सर्वेऽपि विशेपाभावाः परस्परानवच्छेदकानवच्छिन्नवृत्तिनो भवन्ति इति अयमुपाधिः साधनाव्यापको भवति। गुणे वर्तमानास्ते सर्वे विशेषाभावाः मूलेन शाखया च अनवच्छिन्नाः एव इति गुणे परस्परानवच्छेदकानवच्छिन्न-वृत्तिकत्वविशिष्टाः संयोगीययावद्विशेषाभावाः सन्ति इति अयमुपाधिः साध्यव्यापकोऽपि भवति।

अत्रापि इदं ध्येयं, यत् कस्मिन्नपि द्रव्ये कश्चिद् अभावोऽव्याप्यवृत्तिः भवति। तथा च परस्परानवच्छेदकं यत् द्रव्यं तदनवच्छिन्नवृत्तिकाः अभावाः सर्वे न भवन्ति। किन्तु तद्द्रव्यवृत्तिसंयोगानामेवाभावाः तदनवच्छिन्नवृत्तिकाः भवन्ति इति अयमुपाधिः गुणादौ एव प्रसिद्ध्यति।

**ચન્દ્રશેખરીયા: મધ્યસ્થ:** એકાવચ્છેદેન=પરસ્પરાનવચ્છેદકાનવચ્છિન્નવૃત્તિકત્વવિશિષ્ટ એવા યાવત્વિશેષાભાવ એ ઉપાધિ છે. ગુણાદિમાં તો તમામ સંયોગાભાવ વ્યાપ્યવૃત્તિ હોવાથી ત્યાં રહેલા સંયોગાભાવનો કોઈ અવચ્છેદક જ પ્રસિદ્ધ નથી. એટલે દ્રવ્યમાં જ જોવાનું રહે. મૂલમાં પક્ષી+પથિકના સંયોગ છે. તો શાખામાં કપિ+કીડી નો સંયોગ છે. એટલે શાખામાં પક્ષી-સંયોગાભાવ+પથિક-સંયોગાભાવ છે. તો મૂલમાં પક્ષી+પથિકના સંયોગ વિનાના તમામ સંયોગોના અભાવ છે. શાખામાં ય કપિસંયોગ+કીડીસંયોગ સિવાય તમામ સંયોગોના

અભાવ છે. આમ આ સિવાયના તમામ સંયોગોના અવચ્છેદક તો બેય બને જ છે. હવે શાખા એ કપિસંયોગાભાવ+કીડીસંયોગાભાવની અનવચ્છેદક છે. અને મૂલ પક્ષીસંયોગાભાવ+પથિસંયોગાભાવનું અનવચ્છેદક છે. આમ બે ય પરસ્પર અનવચ્છેદક બન્યા. હવે આ મૂલ+શાખા બે ય પરસ્પરાનવચ્છેદક તરીકે ગણાય. અને તેમાં શાખાથી અવચ્છિન્ન વૃત્તિતા તો કપિસંયોગાભાવ+કીડીસંયોગાભાવ સિવાયના તમામ અભાવોમાં મળશે. પણ આ બે અભાવો એ શાખા-અવચ્છિન્ન નથી જ બનવાના. એટલે પરસ્પરાનવચ્છેદકાનવચ્છેદ્યત્વથી વિશિષ્ટ આ બે જ અભાવો મળશે. બાકીના બધા સંયોગ-અભાવો તો તદવચ્છિન્ન જ બની જવાના છે. માટે ત્યાં ઉપાધિ સાધન-અવ્યાપક બની જાય છે. હવે ગુણમાં રહેલા તમામે તમામ અભાવો એ તો પેલા પરસ્પરાનવચ્છેદક શાખા+મૂલથી અનવચ્છેદ્ય જ છે. માટે ત્યાં સંયોગીયયાવત્વિશેષાભાવો એ પરસ્પરાનવચ્છેદક-અવનવચ્છેદ્યત્વવિશિષ્ટ મળી જાય છે. એટલે આ ઉપાધિ સાધ્યવ્યાપક પણ બની જાય. જો કે જે સંયોગો વૃક્ષમાં ક્યાંય નથી રહેતા તે તો ત્યાં નિરવચ્છિન્ન=અનવચ્છેદ્યવૃત્તિક જ બનવાના. પરંતુ વૃક્ષમાં જ પર્ણ-પુષ્પ-ફલાદિમાં જે સંયોગો છે. તેઓના અભાવ તો ત્યાં શાખાઅવચ્છેદ્ય જ બની જવાના હોવાથી વૃક્ષમાં તાદૃશવિશિષ્ટ એવા યાવત્વિશેષાભાવો તો ન જ મળે. એટલે વાંધો ન આવે.

અહીં પણ સાર તો એ જ છે કે પરસ્પર-અનવચ્છેદકમાં પરસ્પર=કપિસંયોગાભાવ, પક્ષીસંયોગાભાવ ઇત્યાદિ કોઈપણ બે અભાવ લેશું. અને તેના અનવચ્છેદક તરીકે તો કપિસંયોગનું અધિકરણ શાખા અને પક્ષીસંયોગનું અધિકરણ મૂલ જ બનવાનું. ગુણાદિમાં તો આ બધા જ અભાવો વ્યાપ્યવૃત્તિ હોવાથી અવચ્છેદક-અનવચ્છેદકની વિવક્ષા તેમાં થતી જ નથી. આમ મૂલ+શાખા જ લેવાશે. અને તેમાં કોઈપણ એક પકડો, તો મૂલથી અનવચ્છેદ્યવૃત્તિતાવાળા અભાવ તરીકે તો "જે સંયોગો મૂલમાં રહેલા છે." તે પક્ષીસંયોગ વિગેરેના અભાવો જ બનવાના. બાકીના શાખાદિગત કપિસંયોગાદિના અભાવો તો એ મૂલાવચ્છેદ્ય જ બની જવાના. એટલે વૃક્ષમાં તમામે તમામ સંયોગાભાવો એ મૂલાનવચ્છેદ્યવૃત્તિકત્વવિશિષ્ટ નથી જ મળવાના. માત્ર પક્ષીસંયોગાભાવાદિ જ મૂલાનવચ્છેદ્યવૃત્તિકત્વવિશિષ્ટ મળશે. બીજા નહીં. એટલે આ ઉપાધિ ગુણમાં મળશે પણ કોઈપણ દ્રવ્યમાં નહી આ તો માત્ર વૃક્ષનું દૃષ્ટાન્ત લીધું. બાકી તો જે દ્રવ્યને ઉપાધિવાળું બનાવવા માંગો તે દ્રવ્યના અવયવોને પરસ્પરાનવચ્છેદક તરીકે લઈને આ વિવક્ષા કરવાની છે. ખુબ ગહન પદાર્થ છે સૂક્ષ્મ બુદ્ધિથી કામ લેવું.

---

**जागदीशी -- तन्न; व्याप्यवृत्तिरूपादीनां विशेषाभावस्यावच्छेदकाप्रसिद्ध्या तदनवच्छेदकस्याप्यसम्भवेन तत्रैव साध्याव्यापकत्वतादवस्थ्यादिति दिक्।**

---

**चन्द्रशेखरीया:** अत्रापि ग्रन्थकारस्यास्वरसः। स च स्वयमेव ग्रन्थकारेण दर्श्यते। रूपत्वावच्छिन्नप्रतियोगिताकरूप-सामान्याभाव-साध्यकस्थले अयम् उपाधिः साध्यव्यापको न भवति। रूपस्य व्याप्यवृत्तितया तदभावस्यावच्छेदक एव न प्रसिद्धः इति रूपाभावानवच्छेदकोऽपि न प्रसिद्ध्यति इति तद्घटितः उपाधिरपि अत्र अप्रसिद्धा। तस्मात् नेदं मतं सम्यक्। अनवच्छेदकस्य अवच्छेदकभिन्नार्थकत्वात् अत्र जगति रूपाभावावच्छेदकस्यैवाप्रसिद्ध्या रूपाभावावच्छेदकभिन्नो

कथं संघटते? इति भावः।

ननु भवदुक्तः उपाधिरत्र साध्यव्यापको भवति, किन्तु साधनाव्यापको न भवति। यतो यत्र रूपप्रतियोगिकाः यावन्तो विशेषाभावाः विद्यन्ते, तत्राकाशादौ निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टः रूपसामान्याभावोऽपि विद्यते एव। तथा च अयमुपाधिः साधनाव्यापको न भवति इति चेत्। न, मूढोऽसि त्वं, यत् परमार्थं न जानासि। अस्माभिः गुणविभाजकजातिमात्रावच्छिन्नप्रतियोगिताकसामान्याभावसाध्यके गुणविभाजकजातिमात्रावच्छिन्नप्रतियोगिताक यावद्विशेषाभावहेतुके एव उपाधिः दर्शितः। न केवलं रूपसामान्याभावसाध्यके। तथा च यत्र गुणविभाजकजातिमात्रावच्छिन्नप्रतियोगिताकः सामान्याभावः संयोगसामान्याभावः, रूपसामान्याभावः, ज्ञानसामान्याभावः इत्यादयो भवन्ति। तत्र सर्वत्र अयमुपाधिः विद्यते इति अयमुपाधिः साध्यव्यापको भवति। यत्र च गुणविभाजकजातिविशिष्टानां सर्वेषां संयोगानां सर्वेषां रूपाणां सर्वेषां ज्ञानानां वा यावन्तो विशेषाभावाः, तत्र यदि एकस्मिन्नपि स्थले अयमुपाधिः न विद्यते, तदा स साधनाव्यापको भवत्येव। तथा च रूपीययावद्विशेषाभावाधिकरणे सर्वत्र उपाधेः विद्यमानत्वेऽपि संयोगीययावद्विशेषाभावाधिकरणे वृक्षादौ निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टयावत्संयोग-विशेषाभाववत्त्वोपाधेः अविद्यमानत्वात् स उपाधिः साधनाव्यापकोऽपि भवत्येव।

अतिगहनोऽयं पदार्थः। केषांचिन्मतस्य च निरूपणं विवृत्तिकारेण न कृतं। अस्माभिस्स्वक्षयोपशमानुसारेण क्रियते। अत्र निरूपणेऽस्माकं स्खलनाऽपि संभवत्येव। तस्मात् बहुश्रुतानापृच्छ्य सम्यग् निर्णयो विधातव्यः। अत्र पदकृत्यं न क्रियते। विस्तरादिभयात्। केवलं भावार्थः एव प्रतिपादितः। विदुषा तु पदकृत्यं स्वयमेव विभावनीयम् इति अलं विस्तरेण।

**चन्द्रशेखरीया: ઉત્તર:** આમાં ય વ્યાપ્યવૃત્તિરૂપાદિનો સામાન્યાભાવ જ્યાં સાધ્ય હશે ત્યાં આ ઉપાધિ ન મળી શકે. કેમકે રૂપ વ્યાપ્યવૃત્તિ હોવાથી રૂપાભાવનો અવચ્છેદક જ કોઈ બનવાનો નથી. એટલે અનવચ્છેદક પણ કોઈ ન મળતા આ સ્થાનમાં ઉપાધિ ન મળે. જ્યારે આપણે તો અહીં પણ ઉપાધિ આપવાની જ છે. માટે આ મત પણ યોગ્ય નથી.

આમ પૂર્વપક્ષે જે મુખ્ય વ્યાપ્તિ આપી તે ઉપાધિદોષવાળી બનવાથી તે ખોટી ઠરી. અને તેથી તેના દ્વારા વૃક્ષાદિમાં સંયોગસામાન્યાભાવ સિદ્ધ કરવાની ઇચ્છા પણ તેમની પુરી થતી નથી. આ વાત આગળ કરી જ ગયા છીએ.

આપણે કરેલા ઉપાધિલક્ષણ એ રુપાભાવસાધ્યક સ્થળે ઘટે છે કે નહીં? તે જોઈએ. આકાશાદિમાં રૂપસામાન્યાભાવ છે. તો ત્યાં નિરવચ્છિન્નવૃત્તિકત્વથી વિશિષ્ટ એવા યાવત્રૂપવિશેષાભાવો પણ છે જ. એટલે આ ઉપાધિ સાધ્યવ્યાપક બનશે. એટલે સાધ્યવ્યાપકતામાં કોઈ વાંધો ન આવે.

**પ્રશ્ન:** પણ આ સ્થલે આ ઉપાધિ સાધન-અવ્યાપક નથી બનતી. કેમકે રૂપના યાવત્વિશેષાભાવો જ્યાં છે ત્યાં સર્વત્ર ઉપાધિ છે જ.

**ઉત્તર:** પાછી ભુલ કરી. ભલે આ ઉપાધિ આ સાધનને વ્યાપક બની પણ તમે એ ભુલી ગયા કે

ગુણવિભાજકજાતિમાત્રાવચ્છિન્નસામાન્યાભાવ સાધ્ય અને ગુણવિભાજકજાતિમાત્રાવચ્છિન્નના યાવત્‌વિશેષાભાવો રૂપ હેતુ સ્થલે જ અમે ઉપાધિ આપીએ છીએ. સાધ્યને વ્યાપક તો ઉપાધિ બનાવી. હવે કોઈપણ એક સ્થાને હેતુને અવ્યાપક જ બનાવવાની છે. અને એ તો સંયોગત્વાવચ્છિન્નના યાવત્‌વિશેષાભાવરૂપ હેતુને અવ્યાપક બની જ જાય છે. એમ આગળ બતાવી ગયા છીએ.

## दीधिति

**एतेन–अयं संयोगसामान्याभाववान् संयोगयावद्विशेषाभाववत्त्वादिति निरस्तं, व्यर्थविशेषणत्वात्, अप्रयोजकत्वात्, त्रिर्गुणत्वादेरुपाधित्वाच्च।**

**न च प्रतियोग्यनवच्छेदकतयैव वृक्षत्वादेरभावावच्छेदकत्वं, गुणाद्यनवच्छेदकप्रमेयत्वादेस्तदभावावच्छेदकत्वप्रसङ्गात्।**

**जागदीशी -- यत्तद्भ्यां विना कृतमनुगतमनुमानमाशङ्क्य निषेधति *एतेनेति*। वक्ष्यमाणदोषेणेत्यर्थः।**

**चन्द्रशेखरीया:** एवं तावत् पूर्वपक्षं खण्डयितुं द्वौ दोषौ प्रतिपादितौ यत्तद्घटितव्याप्तेः अननुगतत्वं उपाधिवत्त्वं च। यदि द्वितीयो दोषः न प्रतिपाद्यते तदा प्रथमदोषनिराकरणाय पूर्वपक्षः इदमभिधातुं शक्नोति यदुत–वयं यत्-तद् घटितव्याप्तिं परित्यज्य **"अयं वृक्षः संयोगसामान्याभाववान् संयोगयावद्विशेषाभावात्** इति अनुमानं विशेषव्याप्तिं स्वीकृत्यैव कुर्मः। यद्यपि इदमेवानुमानं प्राक् कृतं, किन्तु तदा यत्तद्घटितव्याप्त्यनुसारेण कृतं। इदानीं तु यत्र संयोगयावद्विशेषाभावः तत्र संयोगसामान्याभावः इति स्वतन्त्रैव व्याप्तिः आदृता। यत्र गुणादौ संयोगयावद्विशेषाभावः वर्तते, तत्र संयोगसामान्याभावोऽपि वर्तते एव इति निर्दोषा इयं व्याप्तिः–किन्तु अस्माभिरुपाधिवत्वरूपो द्वितीयो दोषोऽपि दत्तः। तेन अस्य स्वतंत्रानुमानस्यापि खण्डनं संभवति। यतो निरवच्छिन्नवृत्तिकत्वविशिष्टया-वत्संयोगविशेषाभाववत्वरूपः उपाधिः अत्रानुमाने भवति एव। तच्च प्रागेव बहुशो भावितं। तथा च पूर्वपक्षखंडनं भवति।

यद्यपि दीधित्यां **"एतेन"** पदमस्ति तस्यार्थः "अनन्तरोक्तोपाधिवत्वरूपदोषेण" इति न कृतः। किन्तु जागदीश्यां "वक्ष्यमाणदोषेण" इति अर्थः कृतः। दीधित्यामपि नूतनाः एव दोषाः प्रतिपाद्यन्ते। तैः दोषैः इदं पूर्वपक्षकृतं निरूपणं खण्डितं भवति। तथापि प्राक्प्रतिपादितं उपाधिवत्वमपि अत्र घटते इति कृत्वा अस्माभिस्तदपि परिभावितमिति बोध्यम्।

**ચન્દ્રશેખરીયા:** પૂર્વપક્ષની વાતને તોડવા માટે આપણે બે વાત કરેલી છે. (૧) તમારું અનુમાન યત્-તત્ થી

ઘટિત હોવાથી અનુગત વ્યાપ્તિનો અભાવ છે. (૨) તમારા અનુમાનમાં ઉપાધિ આવે છે. જગદીશજી કહે છે કે આ બીજી આપત્તિ જો ન આપી હોત તો પૂર્વપક્ષ આ પ્રમાણે ખુલાસો કરત કે

**પૂર્વપક્ષ:** યત્-તત્નું અનુમાન જો અનુગતવ્યાપ્તિવાળુ નથી બનતું તો પછી અમે તે છોડી દઈ યત્-તત્ વિનાનું એક જ અનુમાન આપશું. **वृक्षः संयोगसामान्याभाववान् संयोगयावतद्विशेषाभावात्** [संयोगानां यावन्तो विशेषाभावाः, पृथक् पृथक् अभावाः तद्वत्त्वात् इति] આમાં યત્-તત્ આવતું જ નથી. અને વ્યાપ્તિ પણ સાચી જ બને છે. આગળ અમે આ જ અનુમાન કરેલું. પણ ત્યાં વ્યાપ્તિ તરીકે યદીયયાવત્વિશેષાભાવ... એ બતાવેલી. એમાં અંતર્ગત તરીકે આ અનુમાન આવી જ જતું હતું. પણ તમે યત્-તત્ વાળી વ્યાપ્તિનો નિષેધ કર્યો છે. એટલે હવે આ સ્વતંત્રવ્યાપ્તિવાળું યત્-તત્ વિનાનું અનુમાન આપીએ છીએ.

ઉત્તરપક્ષ કહે છે કે અમે ઉપાધિ આપી જ દીધી છે. એટલે તમારું આ સ્વતંત્ર અનુમાન પણ ખોટું સાબિત થાય છે.

જો કે જગદીશજી તો આ સ્વતંત્ર અનુમાનમાં નવી જ આપત્તિઓ બતાવે છે. અને એટલે જ દીધિતિના **એતેન** શબ્દનો અર્થ "પૂર્વે બતાવેલી ઉપાધિ રૂપ આપત્તિ વડે" એમ ન કરતાં "વક્ષ્યમાણદોષેણ" એમ નવા દોષોનું સુચન કરેલ છે. અને એ દોષો દીધિતિકારે બતાવ્યા જ છે. તે જગદીશના વ્યાખ્યાન અનુસારે વિચારીએ.

---

**जागदीशी -- *व्यर्थेति*। संयोगसामान्याभावस्य तन्मते केवलान्वयितया तत्साध्यतायामभाववत्त्वादित्यस्यैव सम्यक्त्वादिति भावः।**

---

**चन्द्रशेखरीया:** अधुना नूतनाः एव दोषाः जागदीश्यनुसारेण विविच्यन्ते। उत्तरपक्षः खण्डयति पूर्वपक्षं–संयोगसामान्याभावो गुणादिषु वर्तते एव। भवान् च वृक्षादिसर्वद्रव्येषु अपि संयोगसामान्याभावं मन्यते। तथा च भवन्मते संयोगसामान्याभावस्य सर्वत्र विद्यमानत्वात् स केवलान्वयी एव। एवं चात्रानुमाने व्यर्थविशेषणत्वं हेतौ वर्तमानं दोषः। यतः केवलं "अभाववत्त्वं" इत्येव हेतुः सम्यक्। यत्र अभावः तत्र सर्वत्र संयोगसामान्याभावो विद्यते एव। तथा च हेतौ संयोगयावद्विशेषपदानि व्यर्थानि एव इति भवति व्यर्थविशेषणत्वं दोषः "व्यर्थाः विशेषणाः यस्मिन् स तादृशो हेतुः" इति समासः।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** ગુણાદિ તમામ પદાર્થોમાં તો સંયોગસામાન્યાભાવ રહેલો જ છે. અને હવે તો તમે દ્રવ્યોમાં પણ સંયોગસામાન્યાભાવ માનો છે. એટલે તમારા મતે તો સંયોગસામાન્યાભાવ કેવલાન્વયી જ બની ગયો. અને એટલે પછી જ્યારે સંયોગસામાન્યાભાવ સાધ્ય હોય ત્યાં તો માત્ર "અભાવવત્વ" એ જ હેતુ રાખો તો ય કોઈ દોષ આવવાનો નથી. કેમકે જ્યાં અભાવ છે ત્યાં સર્વત્ર સંયોગસામાન્યાભાવ છે જ. આમ અભાવવત્ત્વ હેતુ જ પુરતો છે એટલે સંયોગયાવત્વિશેષાભાવ એ હેતુ તો વ્યર્થવિશેષણોથી ઘટિત હોવાથી ખોટો પડે છે. સંયોગાદિપદોની કોઈ જરૂર નથી.

---

**जागदीशी -- अथाभाववत्त्वादिकमेव तर्हि हेतुरस्तु अत आह *अप्रयोजकत्वादिति*। -(अनुकूलतर्कविरहादित्यर्थः)।**

**चन्द्रशेखरीया:** ननु तर्हि अभाववत्त्वमेव हेतुरस्तु, तेन वृक्षादौ संयोगसामान्याभावः प्रसिद्ध्यति इति चेत् न अप्रयोजकत्वात्। "अस्तु अभाववत्वं मास्तु संयोगसामान्याभाववत्वं को दोषः" इति व्यभिचारशङ्कायाः निवर्तकस्य अनुकूलतर्कस्य विरहात् न अत्र हेतुः साध्यं साधयितुं समर्थः इति भावः।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** ભલે અમે **સંયોગસામાન્યાભાવવાન્ અભાવવત્વાત્** એવું અનુમાન કરશું. એ રીતે તો દ્રવ્યમાં સંયોગસા.અભાવ ઘટી જ જાય છે ને?

**ઉત્તરપક્ષ:** ના. "અસ્તુ અભાવવત્વં, માસ્તુ સંયોગસામાન્યાભાવઃ કો દોષ?" એવો વ્યભિચારસંશય ઉભો થાય તો તેનો નિવારક કોઈ અનુકૂલ તર્ક તમારી પાસે નથી. માટે તમારું આ અનુમાન અપ્રયોજકત્વદોષવાળું બને છે.

---

**जागदीशी -- ननु निरुपाधिकत्वमेव प्रयोजकमत आह *निर्गुणत्वादेरिति*। – आदिना द्रव्यभिन्नत्वादेरुपग्रहः।**

---

**चन्द्रशेखरीया:** ननु अत्रानुमाने निरूपाधिकत्वं एव प्रयोजकं, अनुकूलतर्कः इति यावत्। यतो यदि अयं हेतुः असत्यः स्यात्, तदा उपाधिसहितः स्यात्। उपाधिश्च न घटते। अतः निरुपाधिकत्वात् सत्यः एव अयं हेतुः इति चेत् न, निर्गुणत्वस्य=गुणसामान्याभावस्य उपाधित्वात्। यत्र संयोगसामान्याभावः प्रसिद्धः, तत्र सर्वत्र गुणादौ गुणसामान्याभावोऽस्ति। अभाववत्त्वरूपो हेतुस्तु घटादिद्रव्येऽपि वर्तते। तत्र पटत्वाभावादिः विद्यते। तत्र च गुणसामान्याभावस्य असत्वात् अयं हेतुः साधनाव्यापकोऽपि भवति इति उपाधेः विद्यमानत्वात् नष्टोऽयं भवदुक्तो हेतुः।

न च उत्पत्तिकालीनघटादौ गुणसामान्याभावस्य सत्वात् गुणसामान्याभावः साधनव्यापकः एव इति वाच्यम्। उत्पत्तिरहिते आकाशादौ सदैव गुणः वर्तते। तथा च तत्र अभाववत्त्वहेतुरस्ति, किन्तु गुणसामान्याभावः नास्तीति तत्रायं हेतुः साधनाव्यापको भवत्येव। अथवा द्रव्यभिन्नत्वादिरपि अत्र उपाधिः भवति। घटादौ द्रव्यभिन्नत्वाभावात् स उपाधिः साधनाव्यापकः सुलभ एव। संयोगसामान्याभावात्मकसाध्यवति गुणादौ च द्रव्यभिन्नत्वस्य सत्वात् साध्यव्यापकोऽपि अयं उपाधिः भवति।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** અમારા અનુમાનમાં કોઈપણ ઉપાધિ આવતી નથી એ જ બતાવે છે કે એ હેતુ પ્રયોજક છે. અર્થાત્ જો તે ખોટો હોત તો તેમાં છેવટે ઉપાધિ તો મળત જ. પણ ઉપાધિ ન મળતી હોવાથી એ હેતુ સાચો જ માનવો જોઈએ. પ્રયોજક માનવો જોઈએ.

**ઉત્તરપક્ષ:** ના નિર્ગુણત્વાદિ=ગુણસામાન્યાભાવ એ ઉપાધિ બને છે. ગુણાદિમાં સંયોગસામાન્યાભાવ પ્રસિદ્ધ છે અને ત્યાં સર્વત્ર ગુણસામાન્યાભાવ=ઉપાધિ પણ છે જ. એટલે આ ઉપાધિ સાધ્યવ્યાપક બની. અને અભાવવત્વ હેતુ દ્રવ્યાદિમાં રહેલો છે. પણ ત્યાં ગુણ-સામાન્યાભાવ રહેતો નથી. કોઈને કોઈ ગુણ હોય જ છે. એટલે એ ઉપાધિ સાધનઅવ્યાપક પણ બની જાય છે. આમ તમારા અનુમાનમાં ઉપાધિ પણ આવે જ છે.

**પ્રશ્ન:** દ્રવ્યોમાં પણ ઉત્પત્તિકાળે તો ગુણસામાન્યાભાવ હોવાથી તે સાધનવ્યાપક જ બને છે.

**ઉત્તર:** આકાશાદિની તો ઉત્પત્તિ જ ન થતી હોવાથી ત્યાં કાયમ માટે ગુણ હાજર હોવાથી આકાશાદિમાં હેતુ હોવા છતાં ગુણસામાન્યાભાવ ન હોવાથી આ ઉપાધિ સાધનાવ્યાપક બને જ છે. અને આમ છતાંય દ્રવ્યભિન્નત્વ ઉપાધિ ય મળશે. ઉત્પત્તિકાલીનઘટાદિ પણ દ્રવ્ય તો છે જ. એટલે તેઓમાં દ્રવ્યભિન્નત્વ રહેલું નથી. અને અભાવવત્વ=હેતુ છે. એટલે આ ઉપાધિ સાધન-અવ્યાપક બને.

---

**जागदीशी -- अत्र यद्यपि निर्गुणत्वोपाधेर्न स्वाभावेन साध्याभावोन्नायकतया दोषत्वं, संयोगस्यैव साध्याभावतया वृक्षादौ तस्येष्टत्वात्, नापि व्यभिचारोन्नायकतया, तत एव।**

---

**चन्द्रशेखरीया:** ननु भवतु अस्मदुक्तानुमाने उपाधिः। तथापि नास्माकं काचित्क्षतिः। यतो उपाधिः स्वाभावद्वारा साधनाधिकरणे साध्याभावं साधयति। यथा **धूमवान् वह्नेः** इति अत्र आर्द्रेन्धनं वह्न्यधिकरणे अयोगोलके स्वाभावद्वारा धूमाभावं साधयति इति। किन्तु अत्र न कोऽपि दोषः। यतो निर्गुणत्वं उपाधिः अभावत्वाधिकरणे वृक्षादिद्रव्ये स्वाभावद्वारा=गुणसामान्याभावाभावद्वारा=गुणत्वद्वारा स्वव्याप्यसंयोगसामान्याभावस्य साध्यरूपस्य अभावं संयोगसामान्याभावाभावात्मकं संयोगस्वरूपं साधयति। तच्चेष्टमेव। सर्वत्र द्रव्ये संयोगसामान्याभावः संयोगश्च अस्माकमभिमतः एव।

अयं भावः **धूमवान् वह्नेः** इति अनुमानकर्तारो "यत्र वह्निः तत्र सर्वत्र धूमः" इति साधयितुं प्रयतन्ते। तथा च वह्नि-अधिकरणे सर्वत्र तेषां धूमसत्ता एव इष्टा। आर्द्रेन्धनोपाधिश्च वह्न्यधिकरणेऽयोगोलके धूमाभावं साधयति। तेन तेषां अभिमतं वह्नि-अधिकरणे सर्वत्र धूमसत्तारूपं साध्यं असत् भवति। अत्र **संयोगसामान्याभाववान् अभाववत्वात्** इति अनुमानकर्तारो वयं "यत्र अभावः तत्र संयोगसामान्याभावः" इत्येव साधयितुं प्रयतामहे। किन्तु अभावाधिकरणे सर्वत्र यथा संयोगसामान्याभावोऽस्माकमिष्टः, तथैव सर्वद्रव्येषु संयोगसामान्याभाववत्सु संयोगोऽपि अस्माकमिष्टः। तथा च निर्गुणत्वोपाधिः अभावाधिकरणे द्रव्ये यदि संयोगं साधयति। तदापि अस्माकं तु तदभिमतमेव इति न कश्चिद्दोषः।

एवं अयं उपाधिः संयोगसामान्याभावाभाववद्वृत्तित्वरूपं व्यभिचारं अभावात्मके हेतौ साधयति। तथापि न कश्चिद्दोषः। यतो अयं व्यभिचारोऽपि अस्माकमिष्ट एव। अभावाधिकरणेषु सर्वेषु द्रव्येषु वयं संयोगं संयोगसामान्याभावं च मन्यामहे। तस्मात् उपाधेः विद्यमानत्वेऽपि न कश्चित् अस्माकं क्षतिः इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** તમે આગળ કહી ગયા કે ઉપાધિ એ કોઈક સ્થાને સાધન હોવા છતાં ત્યાં હોતી નથી. અને ત્યાં ઉપાધિના અભાવથી સાધ્યાભાવ સાબિત થાય. અને એ રીતે તે સાધન સાધ્યને વ્યભિચારી બને.

પણ પ્રસ્તુતમાં ધારો કે ઘટમાં અભાવવત્વ હેતુ છે. ગુણસામાન્યાભાવ ઉપાધિ નથી એટલે ઘટમાં સંયોગસામાન્યાભાવ રૂપ સાધ્યનો અભાવ=સંયોગસામાન્યાભાવાભાવ=સંયોગની સિદ્ધિ થાય. પણ આ દોષ ન

ગણાય. કેમકે વૃક્ષમાં સંયોગ અને સંયોગસામાન્યાભાવ એ બે ય અમને ઇષ્ટ જ છે. એટલે ઉપાધિ એ વૃક્ષાદિમાં સંયોગાભાવાભાવસંયોગની સિદ્ધિ કરાવી આપે તો એમાં અમને કોઈ જ વાંધો નથી. એ જ રીતે – "આ ઉપાધિ એ વ્યભિચાર લાવી આપવા દ્વારા દોષરૂપ બને છે" એમ પણ ન મનાય. કેમકે વૃક્ષમાં અભાવ=હેતુનું રહેવું સંયોગસામાન્યાભાવ=સાધ્યનું રહેવું અને સંયોગાભાવાભાવ=સંયોગનું રહેવું તે અમને ઇષ્ટ જ છે. એટલે સાધ્યાભાવવત્=સંયોગવત્=વૃક્ષવૃત્તિત્વં એ અભાવહેતુમાં રહે છે. છતાં એ તો દોષરૂપ નથી પણ ઇષ્ટ છે. માટે આ ઉપાધિ આ રીતે પણ દોષરૂપ બની શકતી નથી. એટલે ઉપાધિ આપવા છતાં અમને કોઈ તકલીફ પડવાની નથી.

---

**जागदीशी -- तथाऽपि स्वव्याप्यत्वेन साध्यस्य पक्षवृत्तित्वाभावोन्नायकतया दूषकत्वं बोध्यं 'संयोगसामान्याभावो न पक्षवृत्तिर्निर्गुणत्वव्याप्यत्वा' दित्यनुमानेनापि 'वृक्षः संयोगसामान्याभाववान्' इत्यनुमितेः प्रतिरोधादिति ध्येयम्।**

---

**चन्द्रशेखरीया:** न, तथापि निर्गुणत्वं वृक्षादौ पक्षे न विद्यते। अतः निर्गुणत्वं इदमेव साधयति यत् "यत्र निर्गुणत्वं नास्ति तत्र निर्गुणत्वव्याप्यः संयोगसामान्याभावोऽपि नास्ति" इति। अर्थात् "निर्गुणत्वोपाधिः स्वाभावद्वारा पक्षे संयोगसामान्याभावाभावं साधयति" इति अर्थो न कर्तव्यः। किन्तु निर्गुणत्वोपाधिः स्वाभावद्वारा "संयोगसामान्याभावो पक्षे वृक्षादौ न वर्तते" इत्येव साधयति। अर्थात् साध्ये पक्षवृत्तित्वाभावं साधयति। तेन च "संयोगसामान्याभावो न वृक्षादिवृत्तिः" इति ज्ञानात् "वृक्षः संयोगसामान्याभाववान्" इति ज्ञानस्य प्रतिबंधो भवति।

अनुमानद्वारेणापि अस्य ज्ञानस्य प्रतिबंधः संभवति। तथाहि-**संयोगसामान्याभावः न वृक्षादिवृत्तिः निर्गुणत्वव्याप्यत्वात्** यत्र गुणत्वादौ निर्गुणत्वव्याप्यत्वं, तत्र वृक्षादिवृत्तिता-भावः। तथा च अस्मादनुमानात् "संयोगसामान्याभावः वृक्षादिवृत्तिता-भाववान्" इति अनुमितिः भवति। तया च संयोगसामान्याभावः वृक्षादिवृत्तिः इति ज्ञानस्य प्रतिबंधः क्रियते। तथा च अयमुपाधिः "वृक्षे संयोगसामान्याभावो नास्ति" इति साधयति।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** ભલે પણ આ ઉપાધિ સાધ્યવ્યાપક તરીકે તો છે જ. અર્થાત્ સાધ્ય એ વ્યાપ્ત જ બનવાનું. અને નિર્ગુણત્વ ઉપાધિ એ તો વૃક્ષાદિરૂપ પક્ષમાં રહેતો નથી. એટલે પક્ષમાં ઉપાધિના અભાવ એ એટલું સાબિત કરે છે. કે ઉપાધિને વ્યાપ્ય એવું સંયોગસામાન્યાભાવ પણ પક્ષમાં સિદ્ધ થતો નથી. અર્થાત્ ઉપાધિ-અભાવ એ સંયોગસામાન્યાભાવાભાવ=સંયોગને સિદ્ધ કરે છે એમ ન માનવું. પણ એ ઉપાધિ-સંયોગસામાન્યાભાવને સિદ્ધ કરવા દેતું નથી. આશય એ કે જ્યાં વ્યાપક ન હોય ત્યાં વ્યાપ્ય ન જ હોય. એટલે વૃક્ષમાં નિર્ગુણત્વ=વ્યાપક નથી તેથી ત્યાં "વૃક્ષઃ સંયોગસામાન્યાભાવવાન્ ન" એવું જ જ્ઞાન થવાનું. અને આ જ્ઞાન એ "વૃક્ષઃ સંયોગસામાન્યાભાવવાન્" એ જ્ઞાનનું પ્રતિબંધક બની જ જવાનું. એટલે "વૃક્ષઃ સંયોગસામાન્યાભાવવાન્" એ વાત સિદ્ધ ન થાય. અનુમાન દ્વારા પણ આ વાત સિદ્ધ થાય. તે આ પ્રમાણે- **સંયોગસામાન્યાભાવઃ ન વૃક્ષવૃત્તિઃ નિર્ગુણત્વવ્યાપ્યત્વાત્= ગુણસામાન્યાભાવ-વ્યાપ્યત્વાત્** ગુણત્વાદિ એ

ગુણસામાન્યાભાવને વ્યાપ્ય છે. અને તે ગુણત્વાદિમાં વૃક્ષવૃત્તિત્વ અભાવ પણ છે. એટલે આ અનુમાન સાચું છે. એટલે આ અનુમાનથી "संयोगसामान्याभावः वृक्षवृत्तितावान् न" એવું જ્ઞાન થવાનું અને તેથી वृक्षः संयोगसामान्याभाववान् એ જ્ઞાન થઈ શકે જ નહીં.

---

**जागदीशी -- ननु 'यो यद्धर्मस्यानवच्छेदकः स तदभावस्यावच्छेदक' इति' व्याप्त्यैव वृक्षत्वादेः संयोगाभावावच्छेदकत्वं सेत्स्यतीत्याशङ्क्य निराचष्टे - *न चेति* *गुणादीति*। -**

---

**चन्द्रशेखरीया:** ननु वृक्षत्वं संयोगसामान्याभावावच्छेदकं संयोगसामान्यानवच्छेदकत्वात्। यो यत्प्रतियोगिनः अनवच्छेदकः, स तदभावावच्छेदकः। यथा मूलं कपिसंयोगाभावप्रतियोगिनः कपिसंयोगस्यानवच्छेदकं। तस्मिन् मूले च कपिसंयोगाभावावच्छेदकत्वं अस्ति। एवं च वृक्षत्वमपि कस्यापि संयोगस्य अनवच्छेदकं इति वृक्षत्वे संयोगसामान्याभावावच्छेदकत्वं सिध्यति। अर्थात् वृक्षे वृक्षत्वावच्छेदेन संयोगसामान्याभावः प्रसिध्यति इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** वृक्षत्वं संयोगसामान्याभावावच्छेदकं संयोगसामान्यानवच्छेदकत्वात्। यो यद्धर्मस्य=यत्प्रतियोगिनः अनवच्छेदकः स तदभावावच्छेदकः જેમ મૂલ કપિસંયોગનો અનવચ્છેદક છે માટે મૂલએ કપિસંયોગાભાવનો અવચ્છેદક ગણાય. એ રીતે વૃક્ષત્વ એ સંયોગસામાન્યનો અવચ્છેદક બનતો નથી. કેમકે કોઈપણ સંયોગ વૃક્ષમાં વ્યાપીને રહેતો નથી. માટે વૃક્ષત્વમાં પણ સંયોગસામાન્યાભાવાવચ્છેદકત્વ સિદ્ધ થાય. અર્થાત્ આ અનુમાનદ્વારા વૃક્ષમાં વૃક્ષત્વાવચ્છેદેન સંયોગસામાન્યાભાવ સિદ્ધ થાય છે.

**દિધિતિ પંક્તિ:**—વૃક્ષત્વ એ સંયોગસામાન્યાભાવપ્રતિયોગિ=સંયોગસામાન્યનો અનવચ્છેદક હોવાથી તે વૃક્ષત્વ સંયોગસામાન્યાભાવનો અવચ્છેદક બને છે.

---

**जागदीशी -- तथा च व्यभिचारान्नोक्तव्याप्तिरिति भावः।**

---

**चन्द्रशेखरीया:** न, प्रमेयत्वं गुणसामान्यस्यानवच्छेदकं। यतो यत्र प्रमेयत्वं तत्र सर्वत्र गुणो न वर्तते। किन्तु प्रमेयत्वं गुणसामान्याभावावच्छेदकं न भवति। यतो यत्र प्रमेयत्वं तत्र सर्वत्र गुणसामान्याभावो न विद्यते। प्रमेयत्ववति द्रव्यादौ गुणस्य सत्त्वात्। तथा च प्रमेयत्वे व्यभिचारात् नेदं अनुमानं सम्यक् इति अनेनानुमानेनाऽपि वृक्षे वृक्षत्वावच्छेदेन संयोगसामान्याभावो न सिद्ध्यति इति भावः।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** આ વ્યાપ્તિ માનીએ તો પ્રમેયત્વ એ ગુણાવચ્છેદક બનતું નથી. કેમકે પ્રમેયત્વ સર્વત્ર છે બધે કંઈ ગુણ રહેતા નથી. એટલે પ્રમેયત્વમાં ગુણાનવચ્છેદકત્વ રૂપ હેતુ રહેલો છે. તો પ્રમેયત્વમાં ગુણાભાવાવચ્છેદકત્વ માનવાની આપત્તિ આવે. એ પણ ઇષ્ટ નથી. કેમકે આનો અર્થ તો એ થાય કે "જ્યાં પ્રમેયત્વ છે ત્યાં સર્વત્ર ગુણાભાવ છે." પણ એવું તો નથી. પ્રમેયત્વવાળા દ્રવ્યાદિમાં ગુણાભાવ નથી એટલે પ્રમેયત્વમાં હેતુ રહેવા છતાં સાધ્ય ન રહેવાથી વ્યભિચાર આવે. આમ આ વ્યાપ્તિ વ્યભિચારદોષવાળી હોવાથી

આ અનુમાન ખોટું પડે છે. અને એટલે વૃક્ષમાં વૃક્ષત્વાવચ્છેદેન સંયોગસામાન્યાભાવની સિદ્ધિ થઈ શકતી નથી.

## दीधिति

**यथा च घटपूर्ववर्त्तित्वस्य प्रतिदण्डं, वह्निसामानाधिकरण्यस्य वा प्रतिधूमं,-भिन्नत्वेऽपि; दण्डत्वं, धूमत्वं वा तत्सामान्यस्यावच्छेदकं, तथैव 'संयोगसामान्यस्यावच्छेदकं द्रव्यत्वादिक' मित्यस्यापि सुवचत्वाच्चेति-सम्प्रदायविदः।**

**जागदीशी -- ननु 'वृक्षत्वं संयोगसामान्याभावावच्छेदकं संयोगसामान्यानवच्छेदकत्वात्' इति विशिष्यैव व्याप्तिर्वाच्या प्रमेयत्व-सत्त्वादेः पक्षसमत्वात्।**

**चन्द्रशेखरीयाः** ननु यत्र यद्धर्मानवच्छेदकत्वं तत्र तदभावावच्छेदकत्वं इति व्याप्तिस्तु प्रमेयत्वादौ व्यभिचारदोषदुष्टा भवति। अतः तादृशीं सामान्यां व्याप्तिं परित्यज्य यत्र संयोगसामान्यानवच्छेदकत्वं तत्र संयोगसामान्याभावावच्छेदकत्वं" इति विशेषत एव व्याप्तिं स्वीकुर्मः। तथा च **वृक्षत्वं संयोगसामान्याभावावच्छेदकं संयोगसामान्यानवच्छेदकत्वात्** इति अनुमानेन वृक्षत्वे संयोगसामान्याभावावच्छेदकत्वं सिद्ध्यति। यद्यपि प्रागपि इदमेवानुमानं कृतं। किन्तु तत् तु सामान्यव्याप्तिं अङ्गीकृत्य कृतं। इदानीं तदेवानुमानं सामान्यां व्याप्तिं परित्यज्य विशेषतः व्याप्तिं स्वीकृत्य क्रियते इति ध्येयम्।

**न च** तथापि विशेषव्याप्तिरपि प्रमेयत्वादौ व्यभिचारदोषदुष्टा, प्रमेयत्वे संयोगसामान्यानवच्छेदकत्वसत्त्वेऽपि संयोगसामान्याभावावच्छेदकत्वस्यासत्वात् इति **वाच्यम्**। द्रव्यादयो सप्त पदार्थाः। सर्वेषु प्रमेयत्वं वर्तते। गुणादिषट्पदार्थेषु तु संयोगसामान्याभावोऽस्ति एव। यदि सर्वत्र द्रव्येऽपि संयोगसामान्याभावो सिध्येत्, तदा सर्वेषु प्रमेयेषु संयोगसामान्याभावस्य सत्वात् प्रमेयत्वं संयोगसामान्याभावावच्छेदकं भवेत्। द्रव्ये च "संयोगसामान्याभावोऽस्ति न वा" इति अद्यापि न निर्णीतम्। वयं तु अनेनानुमानेन वृक्षत्वादौ संयोगसामान्याभावावच्छेदकत्वं साधयित्वा वृक्षादौ द्रव्ये संयोगसामान्याभावं साधयामः। अतः द्रव्ये संयोगसामान्याभावस्य अनिर्णीतत्वात् प्रमेयत्वे संयोगसामान्याभावावच्छेदकत्वस्य शङ्का एव विद्यते। अतः प्रमेयत्वमपि पक्षसममेव। साध्यशङ्कावत्त्वमेव पक्षत्वम्। प्रमेयत्वे च साध्यशङ्का वर्तते, अतः तद् अपि पक्षतुल्यमेव भवति इति न तदादाय व्यभिचारदोषः संभवति इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** અમે "यः यद्धर्मस्यानवच्छेदकः स तदभावावच्छेदकः" એ સામાન્ય વ્યાપ્તિને છોડી દેશું. કેમકે એ વ્યાપ્તિ પ્રમેયત્વાદિમાં વ્યભિચારદોષવાળી બને છે. પરંતુ "यः संयोगसामान्यानवच्छेदकः स संयोगसामान्याभावावच्छेदकः" આવી જ વ્યાપ્તિ બનાવશું. અને **वृक्षत्वं संयोगसामान्याभावावच्छेदकं**

**સંયોગસામાન્યાનવચ્છેદકત્વાત્** આ અનુમાન કરશું. જો કે આ જ અનુમાન અમે પહેલાં કરેલું પણ ત્યાં સામાન્ય વ્યાપ્તિ લીધેલી. અને એટલે પ્રમેયત્વમાં ગુણસામાન્યાનવચ્છેદકત્વાદિની વિવક્ષા દ્વારા વ્યભિચાર આવતો હતો. પણ હવે સ્વતંત્ર વ્યાપ્તિ હોવાથી આ દોષ ન આવે.

**પ્રશ્ન:** દોષ તો આવશે જ. કેમકે પ્રમેયત્વ, સત્તા વિગેરેમાં સંયોગસામાન્યાનવચ્છેદકત્વ છે. જ્યાં પ્રમેયત્વ છે ત્યાં બધે જ કંઈ સંયોગસામાન્ય તો છે જ નહીં. ગુણાદિમાં પ્રમેયત્વ છે. ત્યાં એકેય સંયોગ નથી. આમ આ હેતુ પણ પ્રમેયત્વમાં છે. અને આ હેતુ એ સંયોગસામાન્યાભાવનો અવચ્છેદક બનતો નથી. એટલે પાછો વ્યભિચાર આવશે.

**પૂર્વપક્ષ:** ના ભાઈ. ગુણાદિ સાતેય પદાર્થોમાં પ્રમેયત્વ છે અને ત્યાં બધે જ સંયોગસામાન્યાભાવ છે જ. હવે દ્રવ્યોમાં તો સંયોગસામાન્યાભાવ સિદ્ધ જ કરવાનો બાકી છે. જો એ સિદ્ધ થઈ જાય તો જ્યાં પ્રમેયત્વ ત્યાં બધે જ સંયોગસામાન્યાભાવ સિદ્ધ થવાથી પ્રમેયત્વ એ સંયોગસામાન્યાભાવાવચ્છેદક બની જ જાય. પણ દ્રવ્યોમાં સંયોગસામાન્યાભાવ સિદ્ધ થતું નથી. તેમ "તે નથી" એવું પણ સિદ્ધ નથી થયું. અને એટલે જ જેમ વૃક્ષત્વ એ સંયોગસામાન્યાભાવાવચ્છેદક તરીકે સિદ્ધ કરવાનું છે. તેમ પ્રમેયત્વમાં પણ એ સિદ્ધ કરવાનું બાકી છે. અર્થાત્ પ્રમેયત્વ, સત્તા વિગેરે પક્ષસમાન છે. અને પક્ષસમાનમાં સાધ્યાભાવ નક્કી ન હોવાથી વ્યભિચાર આપી ન શકાય. જેમાં સાધ્ય હોવાની શંકા હોય તે બધાં પક્ષ તરીકે ગણાય. એટલે પ્રમેયત્વાદિમાં વ્યભિચાર આપી શકાતો નથી.

---

**जागदीशी -- अतः स्वरूपासिद्धिमाह– *यथा चेति*। *प्रतिदण्डमिति*। –'भिन्नत्वेऽपी'ति परेणान्वयः।**

---

**चन्द्रशेखरीया:** तथापि स्वरूपासिद्धिदोषो भवति। तथा हि-घटाव्यवहितपूर्ववृत्तिता सर्वेषु दण्डेषु वर्तते। किन्तु सा जातिर्नास्ति, अतः सा सर्वेषु दण्डेषु भिन्नैव। तथा च यथा सर्वेषु दण्डेषु विद्यमानानां परस्परभिन्नानां घटपूर्ववर्तितानां अवच्छेदकं एकमेव दंडत्वं भवति। तथैव सर्वेषु द्रव्येषु विद्यमानानां परस्परभिन्नानामपि संयोगानां अवच्छेदकं एकमेव द्रव्यत्व-वृक्षत्वादिकं भवितुमर्हति इति वृक्षत्वादौ संयोगसामान्यानवच्छेदकत्वरूपहेतोरसत्वात् स्वरूपासिद्धिर्भवति।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** તો પણ સ્વરૂપાસિદ્ધિ દોષ આવશે. તે આ પ્રમાણે–જેમ દરેક દંડમાં જે ઘટપૂર્વવૃત્તિત્વ રહેલું છે. તે જાતિ ન હોવાથી દરેકદંડમાં જુદું જુદું છે. અને આમ છતાં દંડત્વ એ ઘટપૂર્વવૃત્તિત્વનો અવચ્છેદક બને છે. તેમ ભલે સંયોગ એ દરેક અવયવોમાં જુદો જુદો હોય તો પણ એ સંયોગસામાન્યનું અવચ્છેદક દ્રવ્યત્વ વૃક્ષત્વ માનવામાં કોઈ વાંધો નથી. અર્થાત્ વૃક્ષના પ્રત્યેક અવયવોમાં ભલે જુદા જુદા સંયોગ હોય તો પણ વૃક્ષત્વ એ જુદા જુદા તમામ સંયોગોનો અવચ્છેદક બને જ છે. એટલે તેમાં સંયોગસામાન્યાનવચ્છેદકત્વ રહેતું જ ન હોવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ આવે છે.

**जागदीशी -- ननु अव्यवहितपूर्ववर्त्तिताया अवच्छेदकं न दण्डत्वमतिप्रसङ्गात्। किन्तु अव्यवहितपूर्ववर्तिजातीयतायाः, सा च न भिन्ना,**

---

**चन्द्रशेखरीयाः** ननु दंडत्वं घटपूर्ववर्तितायाः अवच्छेदकं न भवति। यतो अवच्छेदकं तदेव भवति यत् स्वावच्छिन्नधर्मात् अन्यूनानतिरिक्तवृत्ति भवेत्। दंडत्वं च स्वावच्छिन्नघटपूर्ववृत्तिता यत्र नास्ति, तत्रापि अरण्यस्थदंडादौ वर्तते। अतः तद् अतिरिक्तिवृत्ति अस्ति। तस्मात् तद् घटपूर्ववर्तितायाः अवच्छेदकं न भवति। किन्तु घटपूर्ववर्तिजातीयतायाः [घटपूर्ववर्तिवृत्तिजातिमत्तायाः] एव अवच्छेदकं भवति। घटपूर्ववर्तिदंडवृत्तिदंडत्वजातिमत्ता तु सर्वेषु दंडेषु वर्तते। अतः तस्यावच्छेदकं दंडत्वं भवत्येव। सा च जातिमत्ता दंडत्वजातिस्वरूपा। सा च जातिः सर्वेषु दंडेषु एका एव। अतः दंडत्वं सर्वेषु दंडेषु विद्यमानायाः एकस्या एव जातिमत्तायाः अवच्छेदकं भवति। न परस्परभिन्नानां जातिमत्तानां अवच्छेदकं भवति इति दंडत्वदृष्टान्तानुसारेण वृक्षत्वे संयोगसामान्यावच्छेदकत्वसाधनप्रयासोऽनुचितः, दृष्टान्तदार्ष्टान्तिकयोः वैषम्यात् इति चेत्।

**ચન્દ્રશેખરીયાઃ પૂર્વપક્ષઃ** તમે ઘટપૂર્વવર્તિતાનો અવચ્છેદક દંડત્વ કહો છો. પણ એ ન મનાય. કેમકે જે દંડોમાં ઘટપૂર્વવર્તિતા નથી ત્યાં પણ દંડત્વ તો રહેલું જ છે. અને અવચ્છેદકતો તે જ બને કે જે અવચ્છિન્નથી અધિકમાં કે ન્યૂનમાં ન રહે. દંડત્વ તો સ્વાવચ્છિન્નઘટવૃત્તિતા જેટલામાં છે તેનાથી વધારેમાં=અરણ્યસ્થ દંડાદિમાં પણ રહે છે. માટે તે અવચ્છેદક બની જ ન શકે. જો દંડત્વને અવચ્છેદક માનવું હોય તો તેને ઘટાવ્યવહિતપૂર્વવર્તિજાતીયતાનું જ અવચ્છેદક માનવું જોઈએ. ઘટાવ્યવહિતપૂર્વવર્તિ જે દંડો છે તેમાં રહેલી દંડત્વ જાતિ તો બધા દંડોમાં રહેલી છે. એટલે ઘટપૂર્વવર્તિ જાતીયત્વ=ઘટપૂર્વવર્તિવૃત્તિ દંડત્વજાતિમત્વ બધો જ દંડોમાં હોવાથી દંડત્વ એ તેનો જ અવચ્છેદક બને. હવે એ દંડત્વજાતિમત્વ તો દંડત્વજાતિ સ્વરૂપ જ છે.

અને એ તો તમામ દંડોમાં એક જ છે. એટલે દંડત્વ એ ઘટાવ્યવહિતપૂર્વવર્તિજાતીયતાનું = એકનું જ અવચ્છેદક છે. જ્યારે તમે તો જુદા જુદા અવયવોમાં રહેલા જુદા જુદા એ સંયોગોનું અવચ્છેદક વૃક્ષત્વાદિ બનાવવાની વાત કરો છો. આ તો સર્વથા અસંગત છે. અર્થાત્ દંડત્વના દૃષ્ટાન્તને લઈને વૃક્ષત્વને સંયોગસામાન્યાવચ્છેદક સિદ્ધ કરવાની પદ્ધતિ ખોટી છે. કેમકે દંડત્વ તો એકનું જ અવચ્છેદક બનશે. વૃક્ષત્વને તો જુદા જુદામાં રહેલ જુદા જુદાનું અવચ્છેદક માનવાની વાત છે. એટલે આ ઉચિત નથી.

---

**जागदीशी -- अतः संयोगस्थल एवानुरूपं दृष्टान्तमाह-वह्नीति। तत्सामान्यस्येति-घटपूर्ववर्तित्वसामान्यस्य, वह्निसामानाधिकरण्यस्य चेत्यर्थः।**

---

**चन्द्रशेखरीयाः** भवतु नामैवं तथापि सर्वेषु धूमेषु भिन्नानां वह्निसामानाधिकरण्यानां अवच्छेदकं यथा धूमत्वं भवति, तथैव सर्वेषु द्रव्येषु अवयवेषु वा विद्यमानानां परस्परभिन्नानां संयोगानामपि अवच्छेदकं द्रव्यत्वं वृक्षत्वं वा भविष्यति इति धूमत्वदृष्टान्तानुसारेण वृक्षत्वादौ संयोगसामान्यावच्छेदकत्वं सिध्यति। तथा च वृक्षत्वादौ

संयोगसामान्यानवच्छेदकत्वस्य असत्त्वात् स्वरूपासिद्धिः भवत्येव इति ज्ञेयम् ।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** એ વાત જવા દો. પરંતુ વહ્નિસામાનાધિકરણ્ય તો દરેક ધૂમમાં જુદું જ છે. અને છતાં ધૂમત્વ એ તેનો અવચ્છેદક બને છે. એ તો માન્ય જ છે. તેમ અહીં પણ દ્રવ્યત્વ-વૃક્ષત્વાદિ એ જુદા જુદા દ્રવ્યોમાં કે અવયવોમાં રહેલા જુદા જુદા સંયોગોના અવચ્છેદક માની જ શકાય છે. આમ ધૂમત્વના દૃષ્ટાન્તથી આ વાત સિદ્ધ થઈ શકે છે. એટલે સ્વરૂપાસિદ્ધિ દોષ આવે જ છે.

---

**जागदीशी -- केचित्तु कथितव्याप्तावप्रयोजकत्वं, अन्यथा तदभावानवच्छेदकत्वहेतुना तदवच्छेदकत्वमेव कुतो न वृक्षत्वादेः साध्यते, वृक्षत्वाद्यवच्छेदेन तत्तत्संयोगव्यक्तीनां असत्त्वेऽपि संयोगसामान्यस्य सम्भवादित्यभिप्रायकः अयं ग्रन्थ इत्याहुः ।**

---

**चन्द्रशेखरीयाः** अत्र केचित् इत्थं पूर्वपक्षं खण्डयन्ति–"यत्र संयोगसामान्यानवच्छेदकत्वं तत्र संयोगसामान्याभावावच्छेदकत्वं" इति अत्र व्याप्तौ अप्रयोजकत्वं दोषः । "अस्तु संयोगसामान्यानवच्छेदकत्वं मास्तु संयोगसामान्याभावावच्छेदकत्वं को दोषः" इति व्यभिचारशङ्कानिवारकतर्काभावात् । यदि हि इयं व्याप्तिः सम्यगेव मन्यते । तदा तु तुल्ययुक्त्या इदमपि प्रतिपादयितुं शक्यम्, यत् वृक्षत्वं संयोगसामान्यावच्छेदकं संयोगसामान्याभावानवच्छेदकत्वात् । यदि हि पूर्वपक्षो वदति यत् वृक्षत्वे संयोगसामान्याभावानवच्छेदकत्वं न सिद्धं । यतो अस्माभिः अनुमानेन वृक्षत्वे संयोगसामान्याभावावच्छेदकत्वं साध्यते । तदा वयमपि प्रतिवदामो यत् हे पूर्वपक्ष! त्वं यदनुमानं करोषि तत्रापि वृक्षत्वे संयोगसामान्यानवच्छेदकत्वकरूपो हेतुरसिद्धः । यतो अस्माभिः अनेन अनुमानेन वृक्षत्वे संयोगसामान्यावच्छेदकत्वं साध्यते । एवं च पूर्वपक्षानुमानं अप्रयोजकमेव भवति ।

ननु तथापि वृक्षे वृक्षत्वावच्छेदेन कस्यापि संयोगस्याविद्यमानत्वात् वृक्षे वृक्षत्वावच्छेदेन संयोगसामान्यं कथं भवेत्? अर्थात् वृक्षत्वं कथं संयोगसामान्यावच्छेदकं भवेत् इति चेत्? न, यथा हि एको मनुजः संपूर्णोपाश्रये व्याप्यवृत्तिः न भवति । तथापि सहस्रद्वयं यदि संपूर्णोपाश्रये तिष्ठति मनुजानां । तदा तत्र उपाश्रयत्वावच्छेदेन मनुजसत्ता प्रतिपाद्यते एव । एवं कोऽपि संयोगः संपूर्णवृक्षे व्याप्यवृत्तिः नास्ति एव, तथापि तत्तदवयवावच्छेदेन तत्र वृक्षे अनेकानि सहस्राणि संयोगानां विद्यन्ते एव । तैः भृतोऽयं वृक्षः । अतः वृक्षत्वावच्छेदेन वृक्षे संयोगसामान्यसत्ताऽपि न विरुद्धा । अर्थात् वृक्षत्वे संयोगसामान्यावच्छेदकत्वं संभवति एव । अयमेवास्मदुक्तोऽभिप्रायः दीधितिग्रन्थस्य विज्ञेयः । अत्र केषाञ्चित् मतं समाप्तम् ।

ग्रन्थकारस्य जगदीशस्य अत्र कल्पेऽस्वरसः । यतः पूर्वपक्षानुमाने कोऽपि उपाधिः न संभवति । अतः निरुपाधिकत्वं एव प्रयोजकं अस्ति । तथा च पूर्वपक्षानुमाने अप्रयोजकत्वकथनं अनुचितम् । तस्मात् केषाञ्चित् मतं असम्यक् इति । एवं तावत् दीधित्यां सम्प्रदायविदां मतम् प्रतिपादितम् जागदीश्यां च तद्विवरणं प्रदर्शितम् ।

**ચન્દ્રશેખરીયા: કેચિત્** અહીં પૂર્વપક્ષની આ વ્યાપ્તિમાં અપ્રયોજકત્વની શંકા જ ઉભી છે. એટલે કે अस्तु संयोगसामान्यानवच्छेदकत्वं मास्तु संयोगसामान्याभावावच्छेदकत्वं को दोषः। એ શંકાનો નિવારક અનુકૂલ તર્ક પૂર્વપક્ષ પાસે નથી. બાકી જો સંયોગસામાન્યાનવચ્છેદક એ સંયોગસામાન્યાભાવાવચ્છેદક કહેવાતો હોય તો તો એવું અનુમાન પણ કરી શકાય કે, "વૃક્ષત્વં સંયોગસામાન્યાવચ્છેદકં સંયોગસામાન્યાભાવાનવચ્છેદકત્વાત્ અને એના દ્વારા વૃક્ષત્વમાં સંયોગસામાન્યવચ્છેદકત્વની સિદ્ધિ પણ થઈ શકે. ભલે વૃક્ષમાં વૃક્ષત્વાવચ્છેદેન સંપૂર્ણવૃક્ષમાં વ્યાપીને રહેલો કોઈ સંયોગ ન મળે. પરંતુ સંયોગસામાન્ય તો [= તે વૃક્ષાવયવોમાં રહેલા બધા સંયોગો તો] વૃક્ષત્વાવચ્છેદેન વૃક્ષમાં રહેલા છે એમ કહી શકાય. જેમ આખા ઉપાશ્રયમાં કોઈપણ એક માણસ તો વ્યાપીને રહેવાનો નથી. પણ ૨૦૦૦ માણસો આખા ઉપાશ્રયમાં બેઠેલા હોય ત્યારે "ઉપાશ્રયમાં સર્વત્ર માણસો છે." એટલે કે "ઉપાશ્રયત્વાવચ્છદેન માણસસામાન્ય છે." એમ અહીં વ્યવહાર કરાય જ છે. એમ પણ કહી શકાય છે.

આમ પૂર્વપક્ષ "વૃક્ષત્વં સંયોગસામાન્યાભાવાવચ્છેદકં સંયોગસામાન્યાનવચ્છેદકત્વાત્" અનુમાન કરે તો અમે "વૃક્ષત્વં સંયોગસામાન્યાભાવવચ્છેદકં સંયોગસામાન્યાભાવાનવચ્છેદકત્વાત્" અનુમાન કરશું.

જો પૂર્વપક્ષ એમ કહે કે "વૃક્ષમાં સંયોગસામાન્યાભાવાનવચ્છેદકત્વં છે કે નહીં" એ સિદ્ધ કરવાનું બાકી છે માટે તમારું અનુમાન સાચું ન ગણાય" તો સામે અમે કહીશું કે "વૃક્ષત્વમાં સંયોગસામાન્યાનવચ્છેદકત્વ પણ છે કે નહીં એ સિદ્ધ કરવાનું બાકી જ હોવાથી તમારું અનુમાન પણ સાચું ન ગણાય." આમ અપ્રયોજકત્વ દ્વારા પૂર્વપક્ષનું અનુમાન ખોટું સાબિત થાય છે. દીધિતિનો ગ્રન્થ પણ આ જ અભિપ્રાયથી લખાયેલો છે." (કેચિત્ મત પૂર્ણ)

[જગદીશજીને આ **કેચિત્** મતમાં અસ્વરસ એટલા માટે છે કે તે પૂર્વપક્ષના અનુમાનમાં કોઈ ઉપાધિ ન મળતી હોવાથી નિરૂપાધિકત્વ મળે છે. અને એ જ એ પૂર્વપક્ષના અનુમાનને સાચું સાબિત કરી શકે છે. એટલે છેવટે તો સ્વરૂપાસિદ્ધિ દોષ આપવો એ જ ઉચિત છે. આ પ્રમાણે અહીં સંપ્રદાયવેત્તાઓનો મત દીધિતિમાં બતાવ્યો.]

## दीधिति

**नवीनास्तु–'उत्पत्तिकालावच्छेदेन घटादौ गुणस्य,-प्रलयावच्छेदेन गगनादौ संयोगस्य,-सामान्याभावो वर्तते,– तथा धूमवत्यपि विरहो दहनस्य,–**

**'इह पर्वते नितम्बे हुताशनो, न शिखरे' इति प्रतीतेः संयोगेन द्रव्यस्याप्यव्याप्यवृत्तित्वात्, वृत्तेरव्याप्यवृत्तित्वे,–वृत्तिमतो व्याप्यवृत्तित्वस्यात्यन्तमसम्भावितत्वाच्च।**

**एवं प्रतियोगिमतोरपि काल-देशयोर्देश-कालभेदावच्छेदेन तदभावः, तथा च तत्तत्साध्यकाव्याप्तिवारणाय तत्। नोपादेयञ्च,–सर्वथैव व्याप्यवृत्तिसाध्यके, साध्य-साधनभेदेन**

व्याप्तिभेदात्'-इति वदन्ति।।५।।

---

**जागदीशी -- *गुणस्येति*। -'सामान्याभाव' इति परेणान्वयः। ननु 'आद्यक्षणे घटे गुणो नास्ती'ति प्रत्यक्षमसम्भवि; सन्निकर्षाद्यभावात् 'प्रथमक्षणे घटादौ गुणो नास्ती'ति व्यवहारादिकञ्च सन्दिग्धप्रामाण्यकमतः स्थलान्तरमाह - *प्रलयावच्छेदेनेति*। -तदानीं जन्यभावसत्त्वे प्रलय एव व्याहन्येतेति भावः।**

---

**चन्द्रशेखरीया:** अत्र नवीनाः इत्थं स्वमतं प्रतिपादयन्ति-संप्रदायविद्भिः **"कपिसंयोगी एतद्वृक्षत्वात्"** इत्यनुमाने प्रतियोग्यसमानाधिकरणपदप्रयोजनं प्रतिपादितं। तदनन्तरं पूर्वपक्षेण **संयोगी द्रव्यत्वात्** इत्यनुमाने तत्पदप्रयोजनं प्रतिपादितं तस्य खंडनमपि ग्रन्थकारेण कृतम्। अस्माकं तु मतमिदं। प्रतियोग्यसमानाधिकरणपदानुपादाने **"घटः गुणवान् घटत्वात्"** इति अत्राव्याप्तिः भवति। तथाहि घटत्वाधिकरणे घटे उत्पत्तिकालावच्छेदेन गुणाभावो वर्तते। तत्प्रतियोगितावच्छेदकं एव साध्यतावच्छेदकं इति अव्याप्तिः। तद्विशेषणोपादाने तु अयं गुणाभावः स्वप्रतियोगिगुणसमानाधिकरणः एव, घटे द्वितीयादिक्षणावच्छेदेन गुणस्य वर्तमानत्वात्। अतः नाव्याप्तिः भवति इति भावः।

**ननु** घटे उत्पत्तिकाले गुणसामान्याभावो वर्तते इति अत्र किं प्रमाणं? "उत्पत्तिकालीनघटो गुणसामान्याभाववान्" इति प्रत्यक्षमेव प्रमाणं इति चेत् न, यतः चाक्षुषप्रत्यक्षकारणं चक्षुःसंनिकर्षो भवति। उत्पत्तिकालीने घटे चक्षुःसंयोगो न भवति। यतः चक्षुःसंयोगः गुणः कार्यरूपः। तस्य च समवायिकारणं घटादि भवति। कारणं च कार्याव्यवहितपूर्ववर्ति एव भवति। तथा च यदि उत्पत्तिक्षणे घटचक्षुःसंयोगः उत्पादयितुं इष्यते। तदा तत्पूर्वक्षणे घटसत्ता आवश्यकी। सा च नास्ति इत्यतो कारणाभावात् न उत्पत्तिकाले चक्षुःसंयोगो भवति। तद्विना च उत्पत्तिकालीनघटे "गुणसामान्याभाववान्" इति प्रत्यक्षमपि न शक्यम्। तत्प्रत्यक्षं विना च उत्पत्तिकालीनघटे गुणसामान्याभावः केन प्रमाणेन सिद्धो भवेत्?

न च "गुणसामान्याभाववान् उत्पत्तिकालीनो घटः" इति व्यवहारः एव तादृशे घटे गुणसामान्याभावसाधको भविष्यति इति वाच्यम्। यस्य व्यवहारस्य प्रयोजकं प्रमात्मकं प्रत्यक्षं भवति, स एव व्यवहारो प्रामाणिकः मन्यते। भूतले घटविषयकप्रमात्मकप्रत्यक्षं एव "भूतले घटः" इति व्यवहारे प्रामाण्यं स्थापयति। अत्र च "उत्पत्तिकालीनो घटः गुणसामान्याभाववान्" इति प्रत्यक्षज्ञानाभावात् तादृशो व्यवहारः संदिग्धप्रामाण्यक एव। अतः न तेन व्यवहारेण घटे गुणसामान्याभावः साधयितुं शक्यः इति **चेत्**

**अत्रोच्यते। संयोगवान् द्रव्यत्वात्** इति अत्र तद्विशेषणानुपादानेऽव्याप्तिः भवति इति ज्ञेयम्। यतो द्रव्यत्वाधिकरणे गगने महाप्रलयकालावच्छेदेन कोऽपि संयोगः न विद्यते। महाप्रलयत्वं नाम जन्यभावानधिकरणत्वं। सर्वे संयोगाः

जन्यभावपदार्थाः एव, नित्यस्य संयोगस्यानङ्गीकारात्। तथा च गगने महाप्रलयावच्छेदेन संयोगसामान्याभावो विद्यते इति साध्याभावस्य लक्षणघटकीभूतत्वात् अव्याप्तिः भवति। किन्तु तद्विशेषणोपादाने न कोऽपि दोषः। तत्रैव गगने सृष्टिकालावच्छेदेन संयोगस्य विद्यमानत्वात् गगने वर्तमानः संयोगाभावः स्वप्रतियोगि-समानाधिकरणः एव इति स न लक्षणघटकः। अतः अभावान्तरमादाय लक्षणसमन्वयो भवति इति नाव्याप्तिः। यदि हि महाप्रलये कोऽपि संयोगो मन्यते, तदा जन्यभावानधिकरणत्वरूपलक्षणस्यैव तत्रागमनात् स महाप्रलय एव न भवेत् इति ध्येयम्।

**ચન્દ્રશેખરીયા: નવ્યનૈયાયિકો:** આ બાબતમાં અમારી માન્યતા આ પ્રમાણે છે. સંપ્રદાયવેત્તાઓ વિગેરે-- **"કપિસંયોગી એતદ્વૃક્ષત્વાત્"** માં અવ્યાપ્તિ નિવારવા માટે "પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ છે" --એમ માને છે. વચ્ચેના પૂર્વપક્ષે **"સંયોગી દ્રવ્યત્વાત્"** ઇત્યાદિમાં અવ્યાપ્તિ નિવારવા માટે **"પ્રતિયોગિ-અસમાનાધિકરણ"** પદ છે" એમ વાત કરી. જેનું ખંડન પણ થઈ ગયું. પણ અમારી માન્યતા સાવ જુદી છે. **ઘટઃ ગુણવાન્ ઘટત્વાત્** આ સ્થલે ઘટત્વાધિકરણ એવા ઘટમાં ઉત્પત્તિકાલાવચ્છેદેન ગુણસામાન્યાભાવ મળે છે. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક બનવાથી અવ્યાપ્તિ આવે. તે નિવારવા પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ છે. એ જ ઘટમાં બીજી ક્ષણે તો ગુણો રહેવાના જ છે. એટલે આ ઘટમાં રહેલો ગુણાભાવ એ સ્વપ્રતિયોગિગુણોને સમાનાધિકરણ જ બને છે. અને માટે ગુણાભાવ ન લેવાય. બીજા અભાવને લઈને લક્ષણ સમન્વય થઈ જાય.

**પ્રશ્ન:** "ઉત્પત્તિકાલીનઘટમાં ગુણસામાન્યાભાવ છે" એની સાબિતિ શું?

**નવીનો:** પ્રથમ ક્ષણીયઘટમાં "ગુણસામાન્યાભાવવાન્ ઘટઃ" એ પ્રતીતિ જ તેમાં ગુણસામાન્યાભાવની સિદ્ધિ કરી આપે છે.

**પ્રશ્ન:** ખોટી વાત. કેમકે પ્રત્યક્ષ પ્રત્યે ઇન્દ્રિયસંનિકર્ષ કારણ છે. ઘટ સાથે ચક્ષુ સંયોગ થાય તો જ પછીની ક્ષણે ઘટપ્રત્યક્ષાદિ થાય. હવે જે ક્ષણે ઘટ ઉત્પન્ન થયો તે જ ક્ષણે તેની સાથે ચક્ષુસંયોગ સંભવતો જ નથી. કેમકે સંયોગ એ ગુણાત્મક કાર્ય છે. અને તેનું સમવાયિકારણ ઘટાદિ બને છે. હવે કારણ તો કાર્યની અવ્યવહિતપૂર્વવર્તિ હોવું જોઈએ. જો ઘટોત્પત્તિ કાળે જ ચક્ષુસંયોગ રૂપ કાર્ય માનવું હોય તો તેની પૂર્વપક્ષે ઘટરૂપ કારણની હાજરી હોવી જોઈએ. એ તો છે જ નહિ. અને તેથી પ્રથમક્ષણીયઘટમાં ચક્ષુસંયોગ સંભવતો જ નથી. અને તે સંયોગ વિના "ઉત્પત્તિકાલીનો ઘટઃ ગુણસામાન્યાભાવવાન્" એ પ્રત્યક્ષ પણ અસંભવી જ છે. અને તે પ્રત્યક્ષ ન ઘટવાથી તેના દ્વારા ઘટમાં ગુણસામાન્યાભાવની સિદ્ધિ કરવાની વાત પણ નિરર્થક જ છે.

**નવીનો:** ઉત્પત્તિકાલીન ઘટમાં ગુણસામાન્યાભાવ છે. એવું પ્રત્યક્ષ ભલે ન થતું હોય પણ તેવો વ્યવહાર તો થાય જ છે. અને એ વ્યવહાર જ પ્રથમક્ષણીય ઘટમાં ગુણસામાન્યાભાવનો સાધક છે.

**પ્રશ્ન:** "આ વ્યવહાર સાચો છે" એ વાત માનવામાં જ શંકા છે. કેમકે કોઈપણ સાચા વ્યવહાર પ્રત્યે સાચું જ્ઞાન પ્રયોજક હોય છે. અહીં સાચું જ્ઞાન જ સંભવતું ન હોવાથી આવો વ્યવહાર સાચો માની શકાતો નથી. અને તેથી એ સંદિગ્ધપ્રામાણ્યવાળા વ્યવહારથી ગુણસામાન્યાભાવ સિદ્ધ ન થાય. આમ થવાથી ઘટત્વહેતુના અધિકરણ ઘટાદિમાં કોઈપણ રીતે ગુણસામાન્યાભાવ મળવાનો જ નથી. એટલે પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ ન મુકો તોય બીજા અભાવને લઈને લક્ષણ ઘટી જતું હોવાથી કોઈ અવ્યાપ્તિ વિગેરે દોષ આવતા જ નથી. અહીં ઘટત્વ

દ્રવ્યત્વ કોઈપણ હેતુ લઈ શકાય.

**નવીનો:** તો પછી **સંયોગી દ્રવ્યત્વાત્** એ સ્થાન લો. ત્યાં દ્રવ્યનું અધિકરણ આકાશાદિ બધા જ છે. હવે જે મહાપ્રલય થાય છે. તેમાં કોઈપણ કાર્યપદાર્થો વિદ્યમાન હોતા નથી. સંયોગો બધા કાર્ય રૂપ હોવાથી મહાપ્રલયમાં એકપણ સંયોગ હોતો નથી. એટલે દ્રવ્યત્વાધિકરણ એવા આકાશમાં મહાપ્રલયકાળે તો સંયોગસામાન્યાભાવ જ હોય છે. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક બનવાથી અવ્યાપ્તિ આવે. પણ પ્રતિયોગિ-અસમાનાધિકરણપદ મુકવાથી વાંધો ન આવે. કેમકે ગગનમાં મહાપ્રલયકાલાવચ્છેદેન રહેલા સંયોગાભાવના પ્રતિયોગી સંયોગાદિ તો સૃષ્ટિકાલાવચ્છેદેન તે જ ગગનમાં હતા. એટલે એ સંયોગાભાવ સ્વપ્રતિયોગિ-સમાનાધિકરણ હોવાથી તે ન લેવાય. એટલે ઘટાભાવાદિને લઈને લક્ષણ ઘટી જાય છે. આમ આ સ્થલે અવ્યાપ્તિ નિવારવા માટે "**પ્રતિયોગિ-અસમાનાધિકરણ**" પદ છે. ખ્યાલ રાખવો કે મહાપ્રલયમાં એકપણ જન્યભાવપદાર્થ હોતો નથી. જો એ ત્યાં હોય તો એ મહાપ્રલય જ ન ગણાય. કેમકે "**જન્યભાવપદાર્થ-અનધિકરણત્વં એવ મહાપ્રલયત્વં**" એવી તેની વ્યાખ્યા છે.

---

**जागदीशी -- ननु महाप्रलये मानाभावात्तदवच्छेदेनेत्ययुक्तमत आह –*तथेति*।**

---

**चन्द्रशेखरीया:** ननु महाप्रलयो न सर्वेषां अभिमतः। अतः महाप्रलय एव मानाभावात् तदवच्छेदेन संयोगसामान्याभावकथनमपि अनुचितं इति चेत् मा भवतु तत्स्थलेऽव्याप्तिः। किन्तु तद्विशेषणानुपादाने **वह्निमान् धूमात्** इति अत्रैवाव्याप्तिः भविष्यति। न च धूमाधिकरणे पर्वतादौ वह्नि-अभावस्य असत्त्वात् कथं वह्नि-अभावमादायाव्याप्तिः शक्या? इति वाच्यम्। "इह पर्वते नितम्बे वह्निः, न तु शिखरे" इति प्रतीतिबलात् पर्वते नितम्बावच्छेदेन वह्नेः विद्यमानतायामपि शिखरावच्छेदेन पर्वते वह्नि-अभावोऽस्ति। तथा च यथा "वृक्षे शाखावच्छेदेन कपिसंयोगः मूलावच्छेदेन कपिसंयोगाभावः" इति प्रतीतिबलात् संयोगादयो गुणाः अव्याप्यवृत्तयः गण्यन्ते। तथा निरुक्तप्रतीतिबलात् संयोगेन वर्तमानानि द्रव्याणि अपि अव्याप्यवृत्तीनि एव मन्तव्यानि। तथा च धूमाधिकरणे पर्वते वर्तमानस्य शिखरावच्छेदेन वह्नि-अभावस्य प्रतियोगितायाः अवच्छेदकं एव वह्नित्वं इति भवति प्रतियोग्यसमानाधिकरणपदानुपादानेऽव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** "મહાપ્રલય" નામનો કોઈ પદાર્થ હોવામાં જ કોઈ પ્રમાણ નથી. કેમકે બધાને આવો મહાપ્રલય માન્ય નથી બનતો. અને તે સિવાય તો ગગનાદિમાં કોઈને કોઈ સંયોગ હોય જ છે એટલે સંયોગાભાવ હેત્વધિકરણમાં મળવાનો જ નથી. એટલે પેલા વિશેષણ વિના પણ ઘટાભાવાદિને લઈને લક્ષણ સમન્વય સંભવે છે.

**નવીનો:** જવા દો એ વાત. **પર્વતો વહ્નિમાન્ ધૂમાત્** એ સ્થલે એ વિશેષણ વિના અવ્યાપ્તિ આવશે.

**પ્રશ્ન:** પર્વત માં તો વહ્નિ હોવાથી તેનો અભાવ લક્ષણઘટક બનવાનો જ નથી.

**નવીનો:** ના. જેમ સંયોગાદિગુણો એ દ્રવ્યમાં અવ્યાપ્યવૃત્તિ છે. તેમ દ્રવ્યો પણ સંયોગસંબંધથી પોતાના અધિકરણમાં અવ્યાપ્યવૃત્તિ જ છે. જેમ વૃક્ષમાં શાખાવચ્છેદેન કપિસંયોગ અને મૂલાવચ્છેદેન તદભાવની પ્રતીતિ થતી હોવાથી સંયોગને અવ્યાપ્યવૃત્તિ માનેલ છે. તેમ વૃક્ષમાં શાખાવચ્છેદેન કપિ અને મૂલાવચ્છેદેન કપિ-અભાવ એવી પ્રતીતિ થવાથી કપિ વિગેરે દ્રવ્યો પણ અવ્યાપ્યવૃત્તિ જ માનવા જોઈએ. પર્વતમાં પણ નિતંબદેશાવચ્છેદેન વહ્નિની અને શિખરાવચ્છેદેન વહ્નિ-અભાવની પ્રતીતિ થાય જ છે. એટલે સંયોગસંબંધથી રહેનારા દ્રવ્યો પણ સંયોગસંબંધથી અવ્યાપ્યવૃત્તિ જ છે. અને એટલે ધૂમાધિકરણ પર્વતાદિમાં શિખરાવચ્છેદેન વહ્નિ-અભાવ મળી જાય. એટલે અવ્યાપ્તિ આવે. પણ "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" પદ મુકવાથી તે આપત્તિ ન આવે. કેમકે આ વહ્નિ-અભાવ તો પોતાના જ પ્રતિયોગી વહ્નિને પર્વતમાં સમાનાધિકરણ જ છે. પર્વતમાં નિતંબાવચ્છેદેન વહ્નિ છે જ. એટલે ઘટાભાવાદિને લઈને લક્ષણ ઘટી જાય. આ વાત યોગ્ય પણ છે. કેમકે કપિસંયોગ માત્ર શાખામાં માનવો અને કપિ આખા વૃક્ષમાં માનવો એ તો મૂઢતા જ લાગે છે.

---

**जागदीशी -- ननूक्तप्रतीतिः-पर्वतवृत्तिहुताशनावच्छेदकत्वाभावं शिखरे शिखरावच्छिन्नपर्वतवृत्तित्वाभावं वा हुताशनेऽवगाहते न तु पर्वते हुताशनाभावमिति यदि ब्रूयात्तदाऽप्याह- *वृत्तेरिति* । -वृत्तेः=सम्बन्धस्य वृत्तिमतः=सम्बन्धवतः तथा च 'यो यदवच्छेदेन यदीययत्सम्बन्धाभाववान् स तदवच्छेदेन तस्य तत्सम्बन्धावच्छिन्नाभाववानिति'व्याप्त्या शिखरावच्छेदेन संयोगसम्बन्धावच्छिन्न-वह्न्यभावसिद्धिरिति भावः ।**

---

**चन्द्रशेखरीयाः** ननु **"इह पर्वते नितम्बे वह्निः न तु शिखरे"** इति प्रतीतेः अयमेव अर्थो ज्ञेयः यत् "शिखरः पर्वते वर्तमानस्य वह्नेः अवच्छेदको न भवति" इति । अथवा "हुताशनः शिखरावच्छिन्नपर्वतनिरूपिताधेयताऽभाववान्" इति अर्थो वाच्यः । न "पर्वते वह्नि-अभावः" इति अर्थः । तथा च अनया प्रतीत्यापि पर्वते वह्नि-अभावो न सिद्ध्यति इति चेत् अहो कदाग्रहकलुषितता युष्माकं । शाखायां वर्तमानः कपिसंयोगः वृक्षे अव्याप्यवृत्तिः युष्माभिः कथ्यते, तत्रैव च शाखायां तेनैव संयोगेन वर्तमानः कपिस्तु भवद्भिः वृक्षे व्याप्यवृत्तिः कथ्यते । एवं वृक्षे मूलावच्छेदेन कपिसंयोगाभावो कथ्यते भवता । किन्तु तत्र मूले कप्यभावः न कथ्यते इति सर्वथाऽनुचितमिदं भवतां कथनं ।

अयं भावः "यो यदवच्छेदेन यदीययत्सम्बन्धाभाववान् स तदवच्छेदेन तस्य तत्सम्बन्धावच्छिन्नाभाववान् इति व्याप्तिः । यथा वृक्षः मूलावच्छेदेन कपीयसंयोगसम्बन्धाभाववान्, स वृक्षः मूलावच्छेदेन संयोगसम्बन्धेन कप्यभाववान् । [कपेः संयोगावच्छिन्नाभाववान् इति] पर्वतश्च शिखरावच्छेदेन वह्नीयसंयोगाभाववान् इति स पर्वतः शिखरावच्छेदेन संयोगसम्बन्धेन वह्नि-अभाववान् सिद्ध्यति । तथा च तद्विशेषणानुपादाने धूमाधिकरणे पर्वते साध्याभावस्य पर्वतावच्छेदेन विद्यमानत्वात् अव्याप्तिः भवत्येव । अनुमानाकारस्तु अयं **पर्वतः शिखरावच्छेदेन संयोगेन वह्नि-अभाववान् शिखरावच्छेदेन वह्नीयसंयोगाभावात् ।**

**चन्द्रशेखरीयाः प्रश्नः** तमे "इह पर्वते नितम्बे वह्निः न तु शिखरे" એ પ્રતીતિના આધારે વહ્નિને પણ

અવ્યાપ્યવૃત્તિ માનો છો. અર્થાત્" પર્વતે શિખરાવચ્છેદેન વહ્નિ-અભાવ" એવો અર્થ તમે કરો છો. પણ આ પ્રતીતિનો અર્થ જુદો જ છે. "શિખર એ પર્વતમાં રહેનારા વહ્નિનો અવચ્છેદક નથી" એટલો જ એનો અર્થ થાય છે. અથવા તો "શિખરાવચ્છિન્નપર્વતમાં વહ્નિ વૃત્તિ નથી" એટલો જ એનો અર્થ થાય છે. પણ "શુદ્ધપર્વતમાં વહ્નિનો અભાવ છે" એવો અર્થ તો થતો જ નથી. અને એટલે હેત્વધિકરણ પર્વતમાં વહ્નિ-અભાવ લઈ શકાતો જ નથી.

**નવીનો:** અમને તો તમારી આ વિચિત્રતા સમજાતી નથી. જો વહ્નિનો સંયોગ એ પોતે પર્વતમાં અવ્યાપ્યવૃત્તિ હોય. તો એ જ સંયોગ સંબંધથી રહેનારો વહ્નિ એ પર્વતમાં શી રીતે વ્યાપ્યવૃત્તિ હોઈ શકે? એ વ્યાપ્યવૃત્તિ હોવો સંભવતો જ નથી. આશય એ કે यः यदवच्छेदेन...." જે પર્વત શિખરાવચ્છેદેન વહ્નીય એવા સંયોગસંબંધના અભાવવાળો છે. તો એ પર્વત શિખરાવચ્છેદેન સંયોગસંબંધ-અવચ્છિન્નવહ્નિના અભાવવાળો ગણાય જ. આ વ્યાપ્તિને અનુસારે પર્વતમાં શિખરાવચ્છેદેન સંયોગસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો વહ્નિ-અભાવ સિદ્ધ થાય છે.

---

**जागदीशी -- ननूक्तव्याप्तावप्रयोजकत्वम्। अन्यथा तुल्यन्यायेन 'यो यदीययत्सम्बन्धवान् स तत्सम्बन्धेन तद्वानिति' व्याप्त्या(ऽपि) कुण्डादिसंयोगिनो बदरादेः संयोगेन कुण्डादिमत्त्वापत्तेरित्युक्तावाह -*एवमिति* । (भेदः=विशेषः।) घटवत्यपि काले 'इदानीं तन्तौ न घट' इति प्रतीत्या तन्त्ववच्छेदेनैतत्काले घटाभावः, तथा घटवत्यपि कपाले घटनाशदशायां – 'इदानीमिह कपाले न घट' इत्याद्यनुभवात् तत्कालावच्छेदेन [कपाले] घटस्य सामान्याभावः सिध्यति।**

---

**चन्द्रशेखरीयाः** ननु उक्तव्याप्तौऽप्रयोजकत्वं एव दोषः। अन्यथा तुल्ययुक्त्या इदमपि शक्यते वक्तुं यत् **"बदरः संयोगेन कुंडवान् कुंडीयसंयोगवत्त्वात्"** इति। यत्र यदीययत्सम्बन्धः तत्र तत्सम्बन्धेन तद्वत्त्वम्। यथा भूतले घटीयसंयोगसम्बन्धः वर्तते, तत्र च संयोगेन घटोऽपि वर्तते। एवं च "बदरः संयोगेन कुंडवान्" इत्यपि वक्तुं शक्येत। न च तदिष्टं। तस्मात् भवदुक्तानुमानमप्रयोजकत्वदोषदुष्टमेवाभिमन्तव्यम् इति। अत्र इदमवधेयम् तुल्यन्यायः पूर्वपक्षेण नवीन कथितव्याप्तिं प्रति उक्तः। स च इत्थं भवति। नवीनकथिता व्याप्तिः इयं अस्ति यत् "यः यदवच्छेदेन यदीययत्सम्बन्धाभाववान्, स तदवच्छेदेन तेन सम्बन्धेन तदभाववान्" इति। यथा यः पर्वतः शिखरावच्छेदेन वह्नीयसंयोगसम्बन्धाभाववान्, स शिखरावच्छेदेन संयोगेन वह्नि-अभाववान्। पूर्वपक्षेण च साध्य-साधनघटकस्थलेऽभावशब्दं दूरीकृत्य भावशब्दं निविश्य व्याप्तिः प्रोक्ताः यथा "यो यदवच्छेदेन यदीययत्सम्बन्धवान् स तदवच्छेदेन तेन सम्बन्धेन तद्वान्" इति। यथा पर्वतो नितम्बावच्छेदेन वह्नीयसंयोगवान् स तदवच्छेदेन संयोगेन वह्निमान् इति। अत्र यद्यपि जागदीश्यां पूर्वपक्षोक्तव्याप्तौ "यदवच्छेदेन तदवच्छेदेन" इति पदे न दृश्येते। तथापि ते द्वे पदे ग्रहीतव्ये एव। न तयोर्ग्रहणे कश्चिद्दोषः। तथा च तुल्यन्यायेन "बदरः स्वावयवावच्छेदेन कुंडीयसंयोगवान्" इति "बदरः स्वावयवावच्छेदेन संयोगेन कुंडवान्" इति आपत्तिः दुर्वारा एव इति भावः।

एवं च तृतीये अपि स्थाने पर्वते वह्नि-अभावस्याप्रसिद्ध्या तद्विशेषणं विनाऽपि अभावान्तरमादायैव लक्षणसमन्वयः संभवति इति अत्रानुमाने तद्विशेषणं सार्थकं न भवति इति पूर्वपक्षाभिप्रायः।

नवीनास्तु तदनुमानमपि परित्यज्य चतुर्थ-पञ्चमानुमानप्रतिपादनाय भूमिकामारचयन्ति-"इदानीं भूतले घटः" इति प्रतीत्या "एतत्काले भूतलावच्छेदेन घटोऽस्ति" इति सिद्ध्यति। तथैव इदानीं "तन्तुषु न घटः" इति प्रतीत्या एतत्काले तन्त्ववच्छेदेन घटाभावोऽपि सिद्ध्यति एव। एवं च घटवति अपि काले तन्त्ववच्छेदेन घटाभावः सिद्ध्यति। तथा यत्र द्वितीयप्रहरे घटो ध्वस्तः, तत्र प्रथमप्रहरे कपालं समवायेन घटवत् अस्ति। तदेव कपालं द्वितीयप्रहरे घटाभाववत् अस्ति। तथा च प्रथमप्रहरावच्छेदेन घटवति अपि कपाले द्वितीयप्रहरावच्छेदेन घटाभावोऽस्ति। एतन्निरूपणेन इदं सिद्धं यत् प्रतियोगिमति अपि काले देशभेदेन प्रतियोग्यभावो भवति। प्रतियोगिमति अपि देशे कालभेदेन प्रतियोग्यभावो भवति। तथा च **"कालो घटवान् एतत्कालत्वात्"** इति अत्र कालिकेन घटस्य साध्यतायां भवति अव्याप्तिः। हेत्वधिकरणे काले तन्त्ववच्छेदेन घटाभावो वर्तते। तत्प्रतियोगितावच्छेदकमेव साध्यतावच्छेदकं इति अव्याप्तिः। एवं **"कपालं घटवत् घटध्वंसात्"** इति अत्रापि घटध्वंसहेतुमति कपाले घटनाशकालावच्छेदेन घटाभाव एव वर्तते। तत्प्रतियोगितावच्छेदकमेव साध्यतावच्छेदकं घटत्वं इति अव्याप्तिः। प्रतियोग्यसमानाधिकरणपदोपादाने तु न कोऽपि दोषः। यतः काले वर्तमानः तन्त्ववच्छेदेन घटाभावः स्वप्रतियोगिघटसमानाधिकरण एव इति न स लक्षणघटकः। कपाले वर्तमानो घटनाशकालावच्छेदेन घटाभावोऽपि स्वप्रतियोगिघटसमानाधिकरण एव, कपाले घटकालावच्छेदेन घटस्य सत्वात्। अतः तत्रापि न साध्याभावो लक्षणघटकः इति अत्र स्थलद्वयेऽपि अभावान्तरमादाय लक्षणसमन्वयः भवति।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** તમારી **"યો યદવચ્છેદેન યદીયયત્સંબંધાભાવવાન્ સ તદવચ્છેદેન તસ્ય તત્સંબંધાવચ્છિન્નાભાવવાન્"** આ વ્યાપ્તિમાં અપ્રયોજકત્વ દોષ છે. અર્થાત્ **"अस्तु हेतुः मास्तु साध्यं को दोष"** એવી વ્યભિચાર શંકાનો નિવારક કોઈ અનુકૂલતર્ક તમારી પાસે નથી. બાકી તો આ ન્યાયથી એવી પણ વ્યાપ્તિ બનાવી શકાશે કે **"यो यदीययत्सम्बन्धवान् स तत्सम्बन्धेन तद्वान्"** અને તો પછી બદર=બોર એ કુંડીય-સંયોગસંબંધવાળો છે. તો બોર એ સંયોગસંબંધથી કુંડવાળો છે. એમ માનવાની આપત્તિ આવે. પણ એ ઇષ્ટ નથી. તો એ જ રીતે આ તમારી વ્યાપ્તિ પણ ખોટી જ માનવી જોઈએ.

અહીં ખ્યાલ રાખવો કે નવ્યોએ આપેલી વ્યાપ્તિ આ છે કે यः यदवच्छेदेन यदीययत्सम्बन्धाभाववान् स तदवच्छेदेन तस्य तत्सम्बन्धावच्छिन्नाभाववा જ્યારે પ્રશ્નકારે यः यदवच्छेदेन यदीययत्सम्बन्धाभाववान् स तत्सम्बन्धेन तद्वान् એમ તુલ્યન્યાય લઈને વ્યાપ્તિ આપી છે. આમાં તુલ્યન્યાય એ રીતે કે નવીનોએ "तस्य तत्संबंधेन अभाव" લીધો. તો પ્રશ્નકારે तस्य तत्संबंधेन सद्भाव લીધો. આમ નવીનોની વ્યાપ્તિમાં બેય બાજુ અભાવ કાઢી નાંખીને પ્રશ્નકારે નવી વ્યાપ્તિ બતાવી. અને એ રીતે તુલ્યન્યાય ગણાય. પણ પાછો પ્રશ્ન થાય કે "નવીનોએ તો યદવચ્છેદેન તદવચ્છેદેન" એ શબ્દો મુકેલ છે. જ્યારે પ્રશ્નકારે તો એના વિના જ વ્યાપ્તિ બનાવી છે. તો આ તુલ્યન્યાય શી રીતે ગણાય? તો એની સામે સમજી લેવાનું કે "યઃ યદવચ્છેદેન યદીયયત્સંબંધવાન્" સ તદવચ્છેદેન તત્સંબંધેન તદ્વાન્ એવી જ પ્રશ્નકારની વ્યાપ્તિ છે. અર્થાત્ પ્રશ્નકાર પણ યદવચ્છેદેન... એ

પદો લઈને જ વ્યાપ્તિ આપે છે. અને એટલે તુલ્યન્યાય થઈ જાય છે. બદર એ યદવચ્છેદેન કુંડીયસંયોગસંબંધવાન્ છે. તે બદર તદવચ્છેદેન તત્સંયોગેન કુંડવાન્ માનવાની આપત્તિ આવે છે. જે કોઈને ઇષ્ટ નથી કેમકે બદર કોઈપણ દેશાવચ્છેદેન કુંડવાન્ સંયોગસંબંધથી બનતો જ નથી. એટલે નવીનોની યઃ યદવચ્છેદેન यदीययत्सम्बन्धाभाववान् स तदवच्छेदेन तत्सम्बन्धेन तदभाववान्-એ વ્યાપ્તિ અને પ્રશ્નકાશનની "यः यदवच्छेदेन यदीययत्सम्बन्धाभाववान् स तदवच्छेदेन तत्सम्बन्धेन तद्वान् એવી વ્યાપ્તિ માનવાની. એટલે તુલ્યન્યાય ઘટી જાય છે.

મૂળવાત પર આવીએ. આ રીતે અવ્યાપ્તિ ન આવતા પેલું વિશેષણ નિરર્થક જ બની રહે છે.

**નવીનો:** એક વાત ખ્યાલ રાખો. યદભાવપ્રતિયોગિવાન્ કાલ એ દેશાવચ્છેદેન તત્પ્રતિયોગિ-અભાવવાળો હોય છે. યદભાવપ્રતિયોગિવાન્ દેશ એ કાલાવચ્છેદેન તત્પ્રતિયોગિ-અભાવવાળો હોય છે.

ધારો કે ૧૨ વાગ્યાના સમયે ઘટ ભૂતલ ઉપર છે. તો **"इदानीं भूतले घटः"** એવી પ્રતીતિ થાય છે. અને તેના આધારે જ તે કાલ ઘટવાન્ ગણાય છે. તેમ એ જ કાળે **"ઇદાનીં તન્તૌ ન ઘટઃ"** એ પ્રતીતિ દ્વારા તે જ કાળમાં ઘટાભાવની સિદ્ધિ પણ થઈ જ શકે છે. આમ ભૂતલાવચ્છેદેન ઘટવાન્ કાળમાં તન્તુ-અવચ્છેદેન ઘટાભાવ રહે છે. એ વાત સાબિત થાય છે.

એ જ રીતે ૧૨ વાગે ઘટ ફુટ્યો તો ૧૦ વાગ્યે એ કપાલ ઘટવાન્ હતું. અને ૧૨ વાગે એ કપાલ ઘટા-ભાવવાન્ છે. અર્થાત્ ૧૦ વાગ્યાના કાળની અપેક્ષાએ ઘટવાન્ કપાલમાં ૧૨ સમયાવચ્છેદેન ઘટાભાવ સિદ્ધ થાય છે. અને આ વાત **"इदानीं** (૧૨ વાગે) **कपाले न घटः"** એવા અનુભવથી સિદ્ધ થાય છે.

આમ બે વાત સિદ્ધ થઈ કે, તદ્દેશાવચ્છેદેન પ્રતિયોગિમાન્ કાલ તદન્યદેશાવચ્છેદેન પ્રતિયોગિ-અભાવવાન્ બને. ભૂતલાવચ્છેદેન ઘટવાન્ કાલ ભૂતલભિન્નતન્તુ-અવચ્છેદેન ઘટાભાવવાન્ બને. તત્કાલાવચ્છેદેન પ્રતિયોગિમાન દેશ તદન્યકાલાવચ્છેદેન પ્રતિયોગિ-અભાવવાન્ બને. ૧૦ કાલાવચ્છેદેન ઘટવાન કપાલ ૧૨ કાલાવચ્છેદેન ઘટાભાવવાન્ બને.

અને એટલે **"समयो घटवान् एतत्कालत्वात्"** અને **"कपालं घटवत् घटध्वंसात्"** આ સ્થાનોમાં અવ્યાપ્તિ આવે. એતત્કાલત્વાધિકરણ એતત્કાલમાં તન્તુ-અવચ્છેદેન ઘટાભાવ મળી જ જાય. ઘટધ્વંસાધિકરણ કપાલમાં ઘટનાશકાલાવચ્છેદેન ઘટાભાવ મળી જ જાય. અને તે અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક ઘટત્વ બને. આમ અવ્યાપ્તિ આવે. પરંતુ પ્રતિયોગિ-અસામાનાધિકરણપદ મુકવાથી વાંધો ન આવે. કેમકે એતત્કાલમાં ભૂતલાવચ્છેદેન ઘટ રહેલો હોવાથી એતત્કાલમાં તન્તુઅવચ્છેદેન રહેલો ઘટાભાવ એ સ્વપ્રતિયોગિ-સમાનાધિકરણ બને છે. માટે ઘટાભાવ ન લેવાય. તેમ કપાલમાં ઘટકાલાવચ્છેદેન ઘટ રહેલો હોવાથી તેમાં રહેલો ઘટાભાવ (ધ્વંસાદિ રૂપ) એ પણ સ્વપ્રતિયોગિસમાનાધિકરણ હોવાથી તે ઘટાભાવ લક્ષણ ઘટક ન બને. અને એટલે બીજા અભાવને લઈને લક્ષણસમન્વય થઈ જાય.

---

**जागदीशी -- न च 'इदानीं तन्तुषु न घट' इत्यादिप्रतीतेरेतत्कालावच्छेदेन तन्तुष्वेव घटाभावो**

**विषयो –न [तु] तन्त्ववच्छेदेनैतत्काले तथेति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** ननु "इदानीं तन्तुषु न घटः" इति प्रतीतिः न एतत्काले तन्त्ववच्छेदेन घटाभावविषयिका, किन्तु तन्तुषु एतत्कालावच्छेदेन घटाभावविषयिका। तथा च घटवति काले घटाभावस्याविद्यमानत्वात् तद्विशेषणं विनाऽपि लक्षणसमन्वयो भविष्यति इति चेत्

**ચન્દ્રશેખરીયા: पूर्वपक्षः इदानीं तन्तुषु न घटः** એનો અર્થ **"एतत्काले तन्तु-अवच्छेदेन घटाभाव"** એમ તમે કરો છો. પણ એ બરાબર નથી. કેમકે એનો અર્થ એટલો જ થાય છે કે **"एतत्कालावच्छेदेन तन्तुषु घटाभावः"** અર્થાત્ કાલમાં તો ઘટાભાવ રહેતો જ નથી. માટે એ લઈ શકાવાનો જ નથી.

---

**जागदीशी -- तन्तुषु घटाभावस्य व्याप्यवृत्तितया एतत्कालस्य तदवच्छेदकत्वावगाहने उक्तप्रतीतेर्भ्रमत्वापातात्।**

---

**चन्द्रशेखरीया:** न, तन्तुषु घटाभावो व्याप्यवृत्तिरस्ति। अतः यदि भवदुक्तं स्वीक्रियते तदा तु "तन्तुषु एतत्कालावच्छिन्नो घटाभावः" इत्येव प्रतीत्यर्थो भवेत्। किन्तु घटाभावस्य व्याप्यवृत्तितया तस्मिन् किञ्चिदवच्छिन्नत्वं न भवति। अतः एतत्कालावच्छिन्नत्वाभाववति घटाभावे एतत्कालावच्छिन्नत्वविषयिका सा प्रतीतिः भ्रमज्ञानमेव भवेत्। न च तद् इष्टं। अतः न स अर्थः समुचितः।

**ચન્દ્રશેખરીયા: નવીન:** તન્તુઓમાં ઘટાભાવ એ વ્યાપ્યવૃત્તિ છે. અને વ્યાપ્યવૃત્તિ પદાર્થો કોઈથી પણ અવચ્છિન્નવૃત્તિવાળા નથી હોતા. એટલે જ જો "એતત્કાલાવચ્છેદેન તન્તુષુ ઘટાભાવ" માનશો, તો એ ઘટાભાવ એતત્કાલાવચ્છિન્ન બનવાથી આવી પ્રતીતિ એ ભ્રમ માનવાની આપત્તિ આવશે. કેમકે એ પ્રતીતિ તો એતત્કાલાદિ-અવચ્છિન્નત્વાભાવવાળા ઘટાભાવમાં એતત્કાલાવચ્છિન્નત્વની પ્રતીતિ છે. માટે જ **इदानीं तन्तुषु न घटः** એ પ્રતીતિનો અર્થ **एतत्काले तन्त्वच्छेदेन घटाभावः** એ જ કરવો ઉચિત છે.

---

**जागदीशी -- न च तथाऽप्येतत्कालवृत्तिघटाभाव एव तन्तुषु भासतां तत्रेति वाच्यम्; कालस्य प्रतियोगिकुक्षावग्रहेऽपि तादृशप्रतीतेस्तन्त्ववच्छेदेन समये घटाभावावगाहित्वस्यानुभवसिद्धत्वादिति भावः।**

---

**चन्द्रशेखरीया:** ननु "एतत्कालवृत्तिः यः घटः तदभावस्तन्तुषु वर्तते" इत्येवार्थो वाच्यः। तथा च अत्र घटाभावे एतत्कालावच्छिन्नत्वं न भासते इति न इयं प्रतीतिः भ्रमरूपा भवेत् इति चेत् न, भवदुक्तरीत्या "एतत्कालवृत्तित्वविशिष्टघटस्य अभावः तन्तुषु भासते" इति मन्येत यदि, तदा यदा एतत्काले घटवृत्तित्वस्य ज्ञानं न भवति [विशिष्टघटात्मकप्रतियोगिकुक्षौ एतत्कालो न ज्ञायते इति यावत्] तदा प्रतियोगिज्ञानाभावात् तदभावज्ञानं अपि न भवितुम् अर्हति। किन्तु एतत्कालवृत्तित्वविशिष्टघटस्याज्ञानकालेऽपि "इदानीं तन्तुषु न घटः" इति प्रतीतिर्भवत्येव। अतः सा प्रतीतिः

एतद्काले तन्त्ववच्छेदेन घटाभावविषयिका एव मन्तव्या। तथा च प्रागुक्तरीत्याऽव्याप्तिर्भवत्येव।

अयमाशयः-प्रतियोगिज्ञानं विना तदभावज्ञानं न भवति। अतो अस्याः "इदानीं तन्तुषु न घटः" इति प्रतीत्या अर्थः "एतत्कालवृत्तित्वविशिष्टघटाभावः तन्तुषु" इत्याकारकः यदि स्वीक्रियते। तदा तु एतत्कालवृत्तित्वविशिष्टघटात्मक-प्रतियोगिज्ञानं एव प्रथमं भवेत्। तदनु एव तदभावज्ञानं भवेत्, नान्यथा। किन्तु परमार्थतस्तु केवलं एतत्कालज्ञानात् घटज्ञानाच्च एतत्कालवृत्तित्वविशिष्टघटात्मकप्रतियोगिज्ञानं विनापि निरुक्ता प्रतीतिर्भवत्येव। अतः सा अस्मदुक्तार्थका एव मन्तव्या इति भावः।

**चन्द्रशेखरीया: પ્રશ્નઃ** આ પ્રતીતિનો એવો અર્થ કરીએ કે "એતત્કાલમાં વૃત્તિ જે ઘટ છે. તેનો અભાવ તન્તુમાં છે." તો આમાં કોઈ વાંધો ન આવે. ઘટાભાવ એ એતત્કાલાવચ્છિન્ન તરીકે પણ ન દેખાવાથી આ પ્રતીતિ ભ્રમ માનવાની આપત્તિ પણ ન આવે. અને આ રીતે "કાલમાં ઘટાભાવ છે" એ વાત પણ ખોટી ઠરે.

**નવીનઃ** આનો અર્થ એ કે એતત્કાલવૃત્તિત્વવિશિષ્ટઘટ એ પ્રતિયોગી તરીકે ભાસે છે. એટલે એતત્કાલ એ પ્રતિયોગિતાઘટક તરીકે બનેલો છે. પણ જે વખતે 'ઘટ એ એતત્કાલવૃત્તિ છે' એવું જ્ઞાન નથી હોતું. એટલે કે એતત્કાલ એ પ્રતિયોગિઘટક તરીકે જણાયેલો નથી હોતો તે વખતે પણ **"इदानीं तन्तुषु न घटः"** પ્રતીતિ થાય જ છે. હવે જો તમારા કહ્યા પ્રમાણે માનીએ તો આ પ્રતીતિ થઈ જ ન શકે. કેમકે એતત્કાલવૃત્તિત્વવિશિષ્ટઘટાત્મક પ્રતિયોગીનું જ્ઞાન જ ન હોવાથી તદ્અભાવની પ્રતીતિ પણ થઈ ન શકે. અભાવના જ્ઞાન પૂર્વે પ્રતિયોગીની ઉપસ્થિતિ જરૂરી છે. માટે જ તમારી વાત માની ન શકાય. એટલે ખરેખર તો **"एतत्काले तन्त्ववच्छेदेन घटाभावः"** એવો જ અર્થ કરવો ઉચિત છે.

---

**जागदीशी -- *तथा चेति।-गुणवत् संयोगवद्वा द्रव्यत्वात्, वह्निमान् धूमात्, समयो घटवान् एतत्कालत्वात्, कपालं घटवत् घटध्वंसादित्यादावव्याप्तिवारणायेत्यर्थः। *तदिति* असमानाधिकरणान्तमित्यर्थः। *नोपादेयञ्चेति***

---

**चन्द्रशेखरीया:** तथा च दीधितिग्रन्थानुसारेण नवीनप्रतिपादितानि पञ्चानुमानानि भवन्ति। गुणवान् द्रव्यत्वात् घटत्वाद्वा, संयोगवान् द्रव्यत्वात्, वह्निमान् धूमात्, समयो घटवान् एतत्कालत्वात्, कपालं घटवत् घटध्वंसात् इति। जागदीश्यां तु प्रथमानि त्रीणि अनुमानानि प्रतियोग्यसमानाधिकरणपदं विनापि व्याप्तिलक्षणसमन्वितानि येन तेन प्रकारेण प्रतिपादितानि। चरमद्वयानुमाने एव तद्विशेषणाघटितम् व्याप्तिलक्षणं अव्याप्तं भवति इति तद्वारणाय लक्षणे तद्विशेषणं देयम् इति नवीनानामाशयः।

**नवीनाः** पुनः कथयन्ति-यत्र सर्वथैव व्याप्यवृत्ति साध्यं भवति तत्र इदं विशेषणं न व्याप्तिलक्षणे निवेश्यम्। किन्तु अव्याप्यवृत्तिसाध्यकस्थले एव निवेशनीयम्।

**ચન્દ્રશેખરીયા:** આમ કુલ દીધિતિએ પાંચ અનુમાનો નવીનના મુખે બતાવ્યા. (a) ગુણવાન્ દ્રવ્યત્વાત્/ઘટત્વાત્ (b) સંયોગવાન્ દ્રવ્યત્વાત્ (c) વહ્નિમાન્ ધૂમાત્ (d) સમયો ઘટવાન્ એતત્કાલત્વાત્ (e) કપાલં ઘટવત્ ઘટધ્વંસાત્ દીધિતિના કહેવા પ્રમાણે આ પાંચેય અનુમાનોમાં પ્રતિયોગિ-અસમાનાધિકરણપદ વિનાનું લક્ષણ અવ્યાપ્ત બને છે. એમાંથી જાગદીશીમાં પ્રથમ ત્રણ અનુમાનોમાં અવ્યાપ્તિનિરાકરણ જુદી જુદી રીતે બતાવ્યું. પણ છેલ્લા બે અનુમાનોમાં તો સુતરાં અવ્યાપ્તિ આવે જ છે. હવે નવીનો કહે છે કે જે વસ્તુ જે ધર્મ દ્વારા જે સંબંધ દ્વારા વ્યાપ્યવૃત્તિ હોય તે વસ્તુ તે ધર્મ અને તે સંબંધથી જ્યાં સાધ્ય હોય ત્યાં આ વિશેષણ લેવાની કોઈ જરૂર નથી.

---

**जागदीशी -- येन रूपेण येन सम्बन्धेन च यद् व्याप्यवृत्ति तेन सम्बन्धेन [तेन रूपेण] तत्साध्यतायां नोपादेयमित्यर्थः । तेन संयोगत्वेनाव्याप्यवृत्तेरपि संयोगस्य समवेतत्वेन साध्यतायां कालिकतयाऽव्याप्यवृत्तेरपि द्रव्यत्वस्य समवायेन साध्यतायाञ्च '-प्रतियोगिवैयधिकरण्यं-' नोपादेयमिति ।**

---

**चन्द्रशेखरीयाः** ननु दीधित्यां **"सर्वथैव व्याप्यवृत्तिसाध्यके नोपादेयम्"** इति नवीनमतनिरूपणे प्रोक्तं । किन्तु न तदुचितम् **समवेतवान् द्रव्यत्वात्** इति अत्र समवेतसाध्यं व्याप्यवृत्ति एव। स्वाधिकरणे स्वरूपसम्बन्धेन वर्तमानस्याभावस्याप्रतियोगि व्याप्यवृत्ति कथ्यते । समवेतपदार्थश्च स्वाधिकरणे द्रव्यादौ वर्तमानस्य घटाद्यभावस्याप्रतियोगि एव भवति इति समवेतसाध्यं व्याप्यवृत्ति । कस्मिन्नपि घटपदादिद्रव्ये पटाभावादयः वक्तुं शक्याः, किन्तु समवेताभावो न शक्यते वक्तुं। यतः सर्वत्र जात्यादयः समवेता विद्यन्ते एव। अतः समवेतसाध्यं व्याप्यवृत्ति। तत्साध्यके च प्रतियोग्यसमानाधिकरणपदं यदि नोच्यते, तदा अत्रानुमाने यद्यपि नाव्याप्तिः । किन्तु समवेतसाध्ये संयोगोऽपि अन्तर्भूत एव इति संयोगोऽपि व्याप्यवृत्तिरेव प्रसज्येत। तथा च **"संयोगी द्रव्यत्वात्"** इत्यत्रापि व्याप्यवृत्ति एव साध्यं मन्तव्यम्। अतः अत्र न तत्पदं लक्षणे निवेश्यम्। तथा च द्रव्यत्वाधिकरणे गगने महाप्रलयकालावच्छेदेन संयोगसामान्याभावोऽस्ति इति साध्याभावस्य लक्षणघटकत्वात् अव्याप्तिर्भवति इतिचेत् ।

यद्वस्तु येन धर्मेण व्याप्यवृत्ति तद् वस्तु तेन धर्मेण यत्र साध्यं, तत्रैव तद्विशेषणम् नोपादेयम् इत्यर्थकारणात् न कोऽपि दोषः । संयोगः स्वाधिकरणे गगने स्वरूपेण वर्तमानस्य महाकालावच्छेदेन संयोगसामान्याभावस्य प्रतियोगी भवति न तु अप्रतियोगी इति । तथा च संयोगः संयोगत्वेन धर्मेण यत्र साध्यं, तत्र **"संयोगी द्रव्यत्वात्"** इति अत्र तद्विशेषणं उपादेयमेव । तथा च गगने वर्तमानः संयोगसामान्याभावः स्वसृष्टिकालावच्छेदेन संयोगवति गगने वर्तते । अतः स "प्रतियोगि-समानाधिकरणः" इति न स गृह्यते अतः अभावान्तरमादाय लक्षणसमन्वयः । गगने घटत्वाद्यभावः प्रतियोग्यसामानाधिकरणः प्रसिद्धः ।

**ચન્દ્રશેખરીયા:** આશય એ છે કે દીધિતિમાં એમ લખ્યું છે કે સર્વથા વ્યાપ્યવૃત્તિ સાધ્ય જે અનુમાનમાં હોય ત્યાં લક્ષણમાં પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ મુકવાની કોઈ જરૂર નથી. પણ જો આ જ પ્રમાણે માનવાનું હોય

તો જ્યાં **"समवेतवान् द्रव्यत्वात्"** એ સ્થાન છે. એ સ્થલે દ્રવ્યત્વાધિકરણમાં કોઈપણ કાળે સમવેત તો કોઈને કોઈ મળશે જ. ઉત્પત્તિકાળે પણ દ્રવ્યમાં દ્રવ્યત્વાદિ જાતિઓ સમવેત છે જ. અને ત્યારબાદ સંયોગ, રૂપ, રસાદિ સમવેત છે. એટલે અહીં સમવેત સાધ્ય એ વ્યાપ્યવૃત્તિ ગણાય. કેમકે "વ્યાપ્યવૃત્તિ=સ્વાધિકરણે સ્વરૂપસંબંધથી રહેનાર એવા અભાવનો અપ્રતિયોગી." એવો અર્થ થાય છે. સમવેતપદાર્થના અધિકરણમાં સમવેતાભાવ કોઈપણ કાળે મળતો જ નથી. પણ ઘટાદિ-અભાવ મળી શકે. અને તેનો અપ્રતિયોગી સમવેતપદાર્થ ગણાય. એટલે સમવેત સાધ્ય એ વ્યાપ્યવૃત્તિ ગણાશે. આનો અર્થ એ કે સમવેત તરીકે જે આવે તે બધા વ્યાપ્યવૃત્તિ ગણાય. અને તો તો પછી સંયોગગુણ પણ સમવેત તરીકે હોવાથી તેને ય વ્યાપ્યવૃત્તિ માનવો પડશે. અને તેથી **સંયોગી દ્રવ્યત્વાત્** એ સ્થાને પણ પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ ન મુકી શકાય. અને તો પછી ત્યાં તો દ્રવ્યમાં મહાપ્રલયાવચ્છેદેન સંયોગાભાવ મળી જતા અવ્યાપ્તિ જ આવે.

આ માટે જગદીશજી કહે છે કે "यद् वस्तु येन रूपेण (धर्मेण) व्याप्यवृत्ति, तद् वस्तु तेन धर्मेण साध्यं यत्र भवति तत्र इदं विशेषणं नोपादेयम्" સંયોગ એ સમવેતત્વેન ધર્મેણ વ્યાપ્યવૃત્તિ છે. તો સંયોગ જ્યાં સમવેતત્વેન ધર્મેણ સાધ્ય હોય ત્યાં પેલું વિશેષણ ન લેવું. **સમવેતવાન્ દ્રવ્યત્વાત્માં** સંયોગ એ સંયોગત્વેન ધર્મેણ સાધ્ય છે. ત્યાં તો તેમાં વ્યાપ્યવૃત્તિની વ્યાખ્યા નથી ઘટતી. કેમકે સંયોગ એ સ્વાધિકરણ=ગગનમાં સ્વરૂપસંબંધથી રહેનાર એવા અવચ્છિન્નસંયોગાભાવનો પ્રતિયોગી છે. એટલે જ્યાં સંયોગ સંયોગત્વેન ધર્મેણ સાધ્ય હશે ત્યાં તો પ્રતિયોગિ-અસામાનાધિકરણ પદ મુકવું જ જેથી કોઈ વાંધો ન આવે. એ રીતે **घटः समवायेन द्रव्यत्ववान् घटत्वात्** એ સ્થલે દ્રવ્યત્વ એ સ્વાધિકરણમાં સ્વરૂપસંબંધથી રહેનાર ગુણત્વાભાવાદિનો અપ્રતિયોગી જ છે. ઘટત્વાધિકરણઘટમાં સ્વરૂપસંબંધથી દ્રવ્યત્વાભાવ તો મળવાનો જ નથી. આમ આ સાધ્ય એ દ્રવ્યત્વત્વેન ધર્મેણ વ્યાપ્યવૃત્તિ જ છે.

પણ તો પછી घटः कालिकेन द्रव्यत्ववान् घटत्वात् અહીં પણ દ્રવ્યત્વ એ દ્રવ્યત્વત્વેન ધર્મેણ જ સાધ્ય છે. તો પછી અહીં પણ પેલું વિશેષણ મુકવાનું ન રહે. અને તો પછી ઘટત્વાધિકરણ ઘટમાં ભલે સમવાયથી દ્રવ્યત્વ હોય. પણ એ દ્રવ્યત્વ કાલિકસંબંધથી ગુણમાં રહેલ છે. અને તે ગુણમાં રહેલ દ્રવ્યત્વનો તો આ ઘટમાં અભાવ જ છે. એટલે ઘટમાં આ રીતે દ્રવ્યત્વાભાવ=સાધ્યાભાવ મળી જતા અવ્યાપ્તિ આવવાની જ.

એટલે નવો પરિષ્કાર એટલો કરવો કે यद्वस्तु येनरूपेण येन सम्बन्धेन व्याप्यवृत्ति, तद् वस्तु तेन रूपेण तेन सम्बन्धेन यत्र साध्यं तत्र इदं विशेषणं नोपादेयम्। દ્રવ્યત્વ જ્યારે સમવાયસંબંધેન દ્રવ્યત્વત્વરૂપેણ સાધ્ય હોય છે ત્યારે તે વ્યાપ્યવૃત્તિ જ છે. જે જોઈ ગયા. પણ જ્યારે એ દ્રવ્યત્વ કાલિકેન સાધ્ય હોય. ત્યાં તો એ અવ્યાપ્યવૃત્તિ જ બનશે. કેમકે એ દ્રવ્યત્વ સ્વાધિકરણ એવા આકાશમાં રહેલા કાલિકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક એવા દ્રવ્યત્વાભાવનો પ્રતિયોગી જ બને. નિત્યવસ્તુઓમાં કાલિકથી કોઈ વસ્તુ ન રહેતી હોવાથી તદભાવ જ ત્યાં મળી જાય. એટલે એ દ્રવ્યત્વ કાલિકથી તો અવ્યાપ્યવૃત્તિ જ હોવાથી ત્યાં પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ મુકવું. એટલે હેત્વધિકરણ ઘટમાં ગુણાવચ્છેદેન વર્તમાન એવો દ્રવ્યત્વાભાવ એ ઘટમાં રહેનારા પોતાના પ્રતિયોગી એવા દ્રવ્યત્વને સમાનાધિકરણ હોવાથી આ દ્રવ્યત્વાભાવ ન લેવાય. અને બીજો અભાવ લઈ લક્ષણ સમન્વય થઈ જતાં અવ્યાપ્તિ ન આવે.

येन धर्मेण येन सम्बन्धेन "પદનું પ્રયોજન બીજી રીતે પણ કહેવાય. તે આ પ્રમાણે– યેન ધર્મેણ ન લખીએ તો **संयोगी द्रव्यत्वात्** એ સ્થલે સંયોગ એ અવ્યાપ્યવૃત્તિ હોવાથી ત્યાં પેલું વિશેષણ લેવાનું જ છે. પણ તો પછી **समवेतवान् द्रव्यत्वात्** એ સ્થલે પણ સમવેત તરીકે સંયોગ પણ સાધ્યરૂપ જ હોવાથી આ સ્થલે પણ એ વિશેષણ લેવું જ પડે. જેનું કોઈ પ્રયોજન નથી. એટલે **"येन धर्मेण"** પદ છે. સંયોગ એ સંયોગત્વેન રૂપેણ જ્યાં સાધ્ય, ત્યાં તે અવ્યાપ્યવૃત્તિ હોવાથી તે વિશેષણ લેવું. અને સંયોગ એ સમવેતત્વેન જ્યાં સાધ્ય હોય ત્યાં તે વ્યાપ્યવૃત્તિ હોવાથી તે વિશેષણ ન લેવું.

---

**जागदीशी -- परन्तु समवायेन व्याप्यवृत्तेरपि द्रव्यत्वसत्त्वादेः कालिकेन साध्यतायां तदुपादेयमेव।**

---

**चन्द्रशेखरीयाः** ननु तथापि **द्रव्यत्ववान् घटत्वात्** इति समवायेन द्रव्यत्वं यत्र साध्यं, तत्र द्रव्यत्वं स्वाधिकरणे द्रव्ये स्वरूपेण वर्तमानस्य घटाद्यभावस्य अप्रतियोगि इति व्याप्यवृत्ति एव। पटादिद्रव्ये घटाद्यभावो शक्यते वक्तुं, किन्तु कुत्रापि द्रव्ये समवायेन द्रव्यत्वाभावस्य स्वरूपेण वर्तमानत्वं न शक्यते वक्तुं इति घटाद्यभावमादाय लक्षणसमन्वयः। एवं च द्रव्यत्वं द्रव्यत्वत्वेन धर्मेण व्याप्यवृत्ति इत्यतो द्रव्यत्वं यत्र द्रव्यत्वत्वेन धर्मेण साध्यं तत्र लक्षणे तद्विशेषणं नोपादेयं इति फलितम्।

तथा च कालिकेन **"द्रव्यत्ववान् घटत्वात्"** इति अत्राव्याप्तिः। अत्रापि द्रव्यत्वं द्रव्यत्वत्त्वेनैव साध्यं इति अत्र लक्षणे तद्विशेषणं नोपादेयमेव। किन्तु एवं सति घटत्वाधिकरणे कालिकसम्बन्धेन गुणे वर्तमानस्य द्रव्यत्वस्य अभावो भवति इति घटत्वाधिकरणे कालिकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्य स्वरूपेण वर्तमानस्य द्रव्यत्वाभावस्य प्रतियोगितावच्छेदकमेव साध्यतावच्छेदकं इति अव्याप्तिः **इति चेत् न, यद् वस्तु येन धर्मेण येन सम्बन्धेन व्याप्यवृत्ति, तद्वस्तु तेन धर्मेण तेन सम्बन्धेन च यत्रानुमाने साध्यं तत्रैव तद्विशेषणं नोपादेयं** इति अर्थकरणात् न दोषः। द्रव्यत्वं द्रव्यत्वत्वेन धर्मेण समवायेन सम्बन्धेन व्याप्यवृत्ति यद्यपि भवति। किन्तु द्रव्यत्वं द्रव्यत्वत्वेन धर्मेण कालिक-सम्बन्धेन व्याप्यवृत्ति न भवति। यतो द्रव्यत्वं स्वाधिकरणे द्रव्ये कालिकावच्छिन्नप्रतियोगिताकस्य स्वरूपेण वर्तमानस्य द्रव्यत्वाभावस्य प्रतियोगि भवति। एवं च द्रव्यत्वं यत्र कालिकेन साध्यं तत्र तु तद्विशेषणं उपादेयमेव, अतः नाव्याप्तिः, द्रव्ये वर्तमानस्य निरुक्तद्रव्यत्वाभावस्य समवायेन स्वप्रतियोगिद्रव्यत्ववति द्रव्ये समानाधिकरणत्वात्। अतः न द्रव्यत्वाभावः लक्षणघटकः इति अभावान्तरम् आदाय लक्षणसमन्वयः।

अथवा प्रकारान्तरेणापि जागदीशीनिष्ठ "येन रूपेण येन सम्बन्धेन" इत्यादिपदस्य प्रयोजनं वक्तुं शक्यते। तथा हि-दीधित्यां "सर्वथैव व्याप्यवृत्तिसाध्यके लक्षणे तद्विशेषणं नोपादेयं" इति उक्तं। संयोगश्च संयोगत्वेन यत्र साध्यः तत्र स अव्याप्यवृत्तिः इति तत्र तद्विशेषणं उपादेयमेव भवति। संयोगस्य अव्याप्यवृत्तित्वात्। तथा च **"समवेतवान् द्रव्यत्वात्"** इति अत्रानुमानेऽपि तद्विशेषणं उपादेयं भवति। न च तत्र तस्य विशेषणस्य किमपि प्रयोजनं। तद्विनैव लक्षणघटनात् इति प्रागेवोक्तं। अतो जागदीश्यामुक्तं "यद् वस्तु येन धर्मेण व्याप्यवृत्ति" इति। तथा च संयोगः संयोगत्वेन

धर्मेणैव अव्याप्यवृत्तिः, समवेतत्त्वेन धर्मेण तु व्याप्यवृत्तिरेव इति समवेतसाध्यके न तद्विशेषणं उपादेयम्। एवं द्रव्यत्वं द्रव्यत्वत्वेन धर्मेण कालिकेन सम्बन्धेनाव्याप्यवृत्ति अस्ति। अतः यद् वस्तु येन धर्मेण व्याप्यवृत्ति... इत्येवोच्यमाने तु द्रव्यत्वस्याव्याप्यवृत्तित्वात् समवायेन द्रव्यत्वसाध्यकस्थलेऽपि तद्विशेषणं उपादेयं भवति। न च तदिष्टं। समवायेन द्रव्यत्वसाध्यके तद्विशेषणं विनापि लक्षणघटनात् तत्र तद्विशेषणं व्यर्थमेव भवेत्। अतः यद् वस्तु येन धर्मेण येन सम्बन्धेन व्याप्यवृत्तिः... इत्यादि निवेश्यम्। द्रव्यत्वस्य द्रव्यत्वत्वेन धर्मेण कालिकेन सम्बन्धेन अव्याप्यवृत्तित्वेऽपि समवायेन व्याप्यवृत्तित्वात् न तत्र तद्विशेषणं उपादेयम्।

**ચન્દ્રશેખરીયા:** એમ "येन सम्बन्धेन" ન લખીએ તો **કાલિકેન દ્રવ્યત્વવાન્ ઘટત્વાત્** સ્થલે દ્રવ્યત્વ એ દ્રવ્યત્વત્વેન અવ્યાપ્યવૃત્તિ સાધ્ય હોવાથી ત્યાં તો એ વિશેષણ લેશું જ. પણ એ જ દ્રવ્યત્વ દ્રવ્યત્વત્વેન રૂપેણ જ્યાં સમવાયથી સાધ્ય હશે ત્યાં પણ હવે આ પ્રતિ. અસમાનાધિકરણ"પદ લેવું પડશે. જે નિરર્થક છે. માટે "યેન સંબંધેન" પદ છે. દ્રવ્યત્વ એ કાલિકેન સાધ્ય હોય ત્યાં જ તે અવ્યાપ્યવૃત્તિ છે. દ્રવ્યત્વ એ સમવાયથી જ્યાં સાધ્ય હોય ત્યાં તો એનામાં વ્યાપ્યવૃત્તિની વ્યાખ્યા ઘટતી હોવાથી ત્યાં આ વિશેષણ ન મુકવું. અહીં વ્યાપ્યવૃત્તિની વ્યાખ્યા બરાબર ધ્યાનમાં રાખવી. અને એમાં અભાવ સ્વરૂપસંબંધથી રાખવાનો છે એ પણ ધ્યાન રાખવું. જેથી કોઈ ગેરસમજ ન થાય.

દીધિતિમાં જે **"सर्वथैव"** પદ છે. તેનું પ્રયોજન એ છે કે આમ તો અમે અવ્યાપ્યવૃત્તિસાધ્યક સ્થલે તે વિશેષણ લેવાની વાત કરી. અને એટલે સંયોગાભાવ રૂપ સાધ્ય એ સ્વાધિકરણ એવા વૃક્ષાદિમાં વર્તમાન સંયોગાભાવાભાવનો પ્રતિયોગી બનતો હોવાથી ત્યાં એ વિશેષણ અવશ્ય લેવાનું જ છે. છતાં

---

**जागदीशी -- अव्याप्यवृत्तिसाध्यके [वृक्षः संयोग्येतद्वृक्षत्वादित्यादौ देयं] संयोगाभाववान् नित्यगुणत्वादित्यादौ क्वचिदेव न देयं, व्याप्यवृत्तिसाध्यके तु प्रयोजनविरहात् सर्वत्रैव नोपादेयमित्यावेदयितु-- *व्याप्यवृत्तिसाध्यके सर्वथैवे* त्युक्तम्।**

---

**चन्द्रशेखरीयाः** दीधित्यां यत् "सर्वथा" पदं तस्य इदं प्रयोजनं, यत् यद्यपि अव्याप्यवृत्तिसाध्यके **वृक्षः संयोगी एतद्वृक्षत्वात्** इत्यादौ तद्विशेषणं उपादेयम्। तथापि **संयोगाभाववान् नित्यगुणत्वात्** इति अत्र संयोगाभावः स्वाधिकरणे गगनादौ वर्तमानस्य संयोगाभावाभावस्य संयोगात्मकस्य प्रतियोगी इति अव्याप्यवृत्तिः अस्ति। अतः अत्र तद्विशेषणं यद्यपि उपादेयम् भवति। किन्तु नित्यगुणत्वाधिकरणे नित्यगुणे तु संयोगाभावाभावः संयोगरूपः न केनापि सम्बन्धेन वर्तते नित्यगुणे कालिकेन कस्यापि वर्तमानत्वाभावात्। अतः अत्र साध्याभावः न लक्षणघटकः इत्यतो अभावान्तरमादाय तद्विशेषणं विनापि संभवति लक्षणसमन्वयः इति अत्र अव्याप्यवृत्तिसाध्यकेऽपि न तद्विशेषणं उपादेयम्, प्रयोजनविरहात्। यत्र व्याप्यवृत्ति साध्यम्, तत्र तु सर्वत्रैव तद्विशेषणं नोपादेयम्, तद्विनाऽपि लक्षणसमन्वयसंभवात्। एतदर्थज्ञापनायैव "सर्वथा" पदं अस्ति इति ध्येयम्। जागदीशीग्रन्थस्यायमर्थः–अव्याप्यवृत्तिसाध्यके **"संयोगाभाववान् नित्यगुणत्वात्"** इत्यादौ क्वचिदेव=कुत्रचिदेवानुमाने तद्विशेषणं नोपादेयम्। अन्यत्र तु

सर्वत्राव्याप्यवृत्तिसाध्यके तद्विशेषणं उपादेयमेव इति क्वचित्पदानन्तरविद्यमानस्य एवकारस्यार्थः। व्याप्यवृत्तिसाध्यके तु सर्वत्रैव न देयम्। अत्र **"गुणत्वात्"** इत्येव यदि हेतुरुच्यते तदा तु गुणत्वाधिकरणे जन्यगुणे कालिकेन संयोगस्य संयोगाभावाभावात्मकस्य विद्यमानत्वात् अव्याप्तिः भवति तद्विशेषणं विना। अतः नित्यपदोपादानं कृतं।

**चन्द्रशेखरीया: "संयोगाभाववान् नित्यगुणत्वात्"** આ સાચા સ્થળે નિત્યગુણત્વાધિકરણ નિત્યગુણોમાં સાધ્યાભાવ=સંયોગાભાવાભાવ=સંયોગ એ કાલિક, સમવાય, સંયોગ આદિ કોઈપણ સંબંધથી રહેતો જ ન હોવાથી સાધ્યાભાવ લેવાશે જ નહીં. એટલે અહીં પેલા વિશેષણ વિના પણ બીજા અભાવને લઈને લક્ષણ સમન્વય થઈ જ જાય છે. જ્યારે જે સાધ્યો સર્વથા વ્યાપ્યવૃત્તિ જ છે. ત્યાં તો કોઈપણ સ્થાને એ વિશેષણ લેવાનું નથી જ. અહીં નિત્યગુણત્વને બદલે જો માત્ર ગુણત્વ હેતુ લો, તો તેનું અધિકરણ જન્યગુણો પણ બને. અને તેમાં તો કાલિકસંબંધથી સંયોગાભાવાભાવ=સંયોગ રહેવાનો જ છે. એટલે ત્યાં તો અવ્યાપ્તિ આવે. અને પેલું વિશેષણ લેવું પડે. માટે જ "**नित्य**" પદ મુકેલ છે. નિત્યગુણોમાં કાલિકથી પણ સંયોગાદિ વિશેષણની જરૂર ન પડે. આ વિવક્ષાથી એ સમજી લેવાનું કે હેત્વધિકરણમાં જે અભાવ રાખવાનો છે. એ કોઈપણ સંબંધથી રાખવાની મંજુરી છે.

---

## जागदीशी -- *साध्यसाधनभेदेनेति* साध्यताघटकसम्बन्धादेरप्युपलक्षकम्।

---

**चन्द्रशेखरीया:** ननु एवं क्वचित् प्रतियोग्यसमानाधिकरणघटितलक्षणं, क्वचिच्च तदघटितं इति व्याप्तिलक्षणभेदो भवेत् इति चेत् भवेदेव। साध्यभेदेन साधनभेदेन च व्याप्तिभेदः स्वीक्रियते एव इति इष्टापत्तिरस्माकं।

ननु दीधित्यां साध्यसाधनभेदेन व्याप्तिभेदः प्रतिपादितः। तथा च साध्याभेदे व्याप्त्यभेदः इति अर्थात् आपतितम्। तथा च "संयोगी द्रव्यत्वात्, समवेतवान् द्रव्यत्वात्" इति द्वयोरनुमानयोः संयोग एव साध्यः इति तत्र व्याप्त्यभेदः एव मन्तव्यः। न च तदिष्टं। संयोगत्वेन संयोगसाध्यके तद्विशेषणघटितं समवेतत्वेन च संयोगसाध्यके तदघटितं लक्षणमेव समुचितं। एवं कालिकेन द्रव्यत्वसाध्यके समवायेन च द्रव्यत्वसाध्यकेऽनुमाने साध्यस्यैक्यात् व्याप्तिलक्षणं एकमेव मन्तव्यं भवेत्। न च तदिष्टं इति प्रागेवोक्तं इति चेत्।

न, दीधितिग्रन्थः "साध्यसाधनभेदेन व्याप्तिभेदात्" इत्याकारकः साध्यतावच्छेदकसम्बन्धभेदेन साध्यतावच्छेदकधर्मभेदेन च व्याप्तिभेदोपलक्षको मन्तव्यः। तथा च यत्र साध्यतावच्छेदकधर्मयोः भेदः, तत्रापि व्याप्तिभेदो मन्तव्यः। यत्र च साध्यतावच्छेदकसम्बन्धयोः भेदः, तत्रापि व्याप्तिभेदो मन्तव्यः इति न कश्चिद् दोषः।

अत्रेदं अवधेयं। व्याप्यवृत्तिव्याख्यायां स्वाधिकरणे स्वरूपसम्बन्धेन वर्तमानोऽभावः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताक एव ग्राह्यः, अन्यथा समवायेन द्रव्यत्वसाध्यतायां अपि द्रव्यत्वं स्वाधिकरणे द्रव्ये वर्तमानस्य गुणाद्यवच्छेदेन कालिकेन वर्तमानस्यद्रव्यत्वाभावस्य प्रतियोगि भवति इति तद् अपि समवायेन साध्यतायामपि अव्याप्यवृत्ति भवेत्। किन्तु द्रव्ये समवायावच्छिन्नप्रतियोगिताको द्रव्यत्वाभावः समवायेन न वर्तते। अतः द्रव्यत्वं द्रव्ये वर्तमानस्य गुणत्वाद्यभावस्य

अप्रतियोगि भवति इति तद् व्याप्यवृत्तित्वेन ग्रहीतुं शक्येत । अत्र नवीनानां अभिप्रायः समाप्तोऽभूत् ।

**चन्द्रशेखरीया: प्रश्नः** પણ આ રીતે તો વ્યાપ્તિના લક્ષણ એક ન બનતા જુદા જુદા બનશે.

**નવીન:** જેમ જેમ સાધ્ય-સાધન બદલાય તેમ તેમ વ્યાપ્તિનો ભેદ પણ માનેલો જ છે. અર્થાત્ સર્વત્ર એક જ વ્યાપ્તિ હોય તેવું નથી. દ્રવ્યત્વ સાધ્યને બદલે સંયોગાદિ સાધ્ય આવે તો લક્ષણ બદલાઈ જાય. એમ હેતુ બદલાય ત્યાં પણ વ્યાપ્તિ બદલાય.

**પ્રશ્ન:** કાલિકથી દ્રવ્યત્વ અને સમવાયથી દ્રવ્યત્વ જ્યાં સાધ્ય છે. ત્યાં તો કોઈ સાધ્યનો ભેદ છે જ નહિ. છતાં ત્યાં પણ વ્યાપ્તિ જુદી જુદી તો પડે છે.

**નવીન:** જ્યાં સાધ્યતાવચ્છેદક સંબંધ બદલાય ત્યાં પણ વ્યાપ્તિ બદલાય છે એમ સમજી લેવું. એ રીતે સાધ્યતાવચ્છેદક સંયોગત્વ-સમવેતત્વધર્મો બદલાય ત્યાં પણ વ્યાપ્તિ બદલાય એ સમજી જ લેવું. એટલે જ્યાં સંયોગ સાધ્ય હોય અને જ્યાં સમવેત સાધ્ય હોય ત્યાં સાધ્યતાવચ્છેદક સંબંધ એક જ છે. સાધ્ય પણ આમ તો એક જ છે. છતાં ત્યાં સાધ્યતાવચ્છેદક ધર્મ જુદા જુદા છે માટે જ સંયોગત્વાવચ્છિન્ન સંયોગસાધ્યક સ્થલે પ્રતિ.અસમા. વિશેષણવાળી વ્યાપ્તિ માનવી અને સમવેતત્વાવચ્છિન્ન સંયોગસાધ્યકસ્થલે વિશેષણ વિનાની વ્યાપ્તિ માનવી. આમ અહીં નવીનમત પુરો થાય છે. વ્યાપ્યવૃત્તિની વ્યાખ્યામાં સ્વાધિકરણમાં સ્વરૂપસંબંધથી વર્તમાન એવો અભાવ લેવાનો છે તે અભાવ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક જ લેવો. નહીં તો સમવાયથી જ્યાં દ્રવ્યત્વ સાધ્ય હશે ત્યાં પણ દ્રવ્યત્વાધિકરણમાં કાલિકસંબંધથી દ્રવ્યત્વના અધિકરણ એવા ગુણમાં રહેલા દ્રવ્યત્વનો તો અભાવ જ હોવાથી તે અભાવનો પ્રતિયોગી દ્રવ્યત્વ બનતા સમવાયસંબંધથી દ્રવ્યત્વસાધ્યને પણ અવ્યાપ્યવૃત્તિ માનવું પડશે. પણ ઉપર્યુક્ત વિવક્ષાથી વાંધો ન આવે. કેમકે દ્રવ્યમાં સાધ્યતાવચ્છેદક સમવાયસંબંધ-અવચ્છિન્નપ્રતિયોગિતાક એવો દ્રવ્યત્વાભાવ સ્વરૂપસંબંધથી મળવાનો જ નથી. માટે બીજો ગુણત્વાદિ-અભાવ જ લેવાશે. અને તેનો અપ્રતિયોગી દ્રવ્યત્વ બની જતાં તે અવ્યાપ્યવૃત્તિ ગણાશે.

---

**जागदीशी -- अत्र यद्यपि-व्याप्यवृत्तिसाध्यकस्थले तदप्रवेशे सत्तावान् जातेरित्यादावव्याप्तिः, साधनवति स्पन्दादौ समवायेन सत्ताभावस्यापि कालिकादिसम्बन्धेन वृत्तेः ।**

---

**चन्द्रशेखरीया:** ननु व्याप्यवृत्तिसाध्यकस्थले प्रतियोग्यसमानाधिकरणपदानुपादाने **सत्तावान् जातेः** इति अत्र अव्याप्तिः भवति । सत्ता स्वाधिकरण-द्रव्यगुणकर्मसु स्वरूपेण वर्तमानस्य समवायसम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्य घटाद्यभावस्य अप्रतियोगिनी एव इति व्याप्यवृत्तिः भवति । अतःअत्र तद्विशेषणं नोपादेयम् । तथा च जात्यधिकरणे स्पन्दादिगुणे यद्यपि स्वरूपसम्बन्धेन समवायावच्छिन्नप्रतियोगिताकः सत्ताऽभावो नास्ति । तथापि विशेषादिषु वर्तमानः स एव सत्ताऽभावः कालिकेन स्पन्दादौ वर्तते । "लक्षणघटकोऽभावः केन सम्बन्धेन हेत्वधिकरणे ग्राह्यः?" इति तु अद्य यावत् नोक्तं । अतः कालिकेनापि स अभावो ग्रहीतुं शक्यः । तथा च साध्याभावस्य लक्षणघटकत्वात् अव्याप्तिरेव ।

इदं तु अवधातव्यम्। यत् व्याप्यवृत्तिसाध्यस्य व्याख्यायामेव "स्वरूपसम्बन्धेन अभावो ग्राह्यः" इति उक्तं। व्याप्तिलक्षणे 'हेत्वधिकरणवृत्तिरभावो केन सम्बन्धेन ग्राह्यः' इति तु अद्य यावत् नोक्तं इति चेत्।

**ચन्द्रशेખरीયા: પૂર્વપક્ષ:** વ્યાપ્યવૃત્તિસાધ્યસ્થલે તમે પ્રતિ.અસમાનાધિકરણ પદ ન મુકો તો વાંધો આવશે. सत्तावान् जातेः માં સત્તા એ સ્વાધિકરણમાં=દ્રવ્ય+ગુણ+કર્મમાં સ્વરૂપસંબંધથી વર્તમાન તેવા ઘટાદિ-અભાવની અપ્રતિયોગી જ છે. દ્રવ્યાદિમાં સમવાયથી સત્તાનો અભાવ મળવાનો જ નથી. એટલે આ વ્યાપ્યવૃત્તિ સાધ્ય છે. એટલે પેલું વિશેષણ અહીં ન મુકીએ તો હેતુનું=જાતિનું અધિકરણ સ્પંદ વિગેરે બને છે. હવે તેમાં સમવાયથી સત્તા રહે છે એટલે સત્તા-અભાવ ન લેવાય. પણ જે વિશેષાદિમાં સમવાયથી સત્તાનો અભાવ છે. તે જ અભાવ કાલિકથી તો સ્પન્દાદિમાં રહે જ છે. લક્ષણમાં જે અભાવ છે એ ક્યા સંબંધથી લેવો એ હજી તમે કહ્યું નથી. એટલે કાલિકથી પણ અભાવ લઈ શકાય. સ્વરૂપસંબંધથી અભાવ લેવાની વાત તો વ્યાપ્યવૃત્તિસાધ્યની વ્યાખ્યામાં કરી છે. વ્યાપ્તિની વ્યાખ્યામાં તો કરી જ નથી. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતાં અવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- न चाभावे हेत्वधिकरणवृत्तित्वस्याभावीयविशेषणतया विवक्षणान्नोक्तदोषः**

---

**चन्द्रशेखरीया:** न, हेत्वधिकरणे अभावीयविशेषणतासम्बन्धेन स्वरूपसम्बन्धात्मकेनैव अभावो ग्राह्यः इति विवक्षणात्। जात्यधिकरणे सत्ताऽभावः स्वरूपेण न वर्तते। अतः जात्यधिकरणे पटादौ समवायेन घटाभावः स्वरूपेण वर्तते। तं गृहीत्वा लक्षणसमन्वयः कर्तव्यः इति न दोषः।

**ચन्द्रशेખरीયા: ઉત્તર:** હેત્વધિકરણવૃત્તિ જે અભાવ છે તે સ્વરૂપસંબંધથી જ લેવો એમ કહેશું. એટલે સ્પન્દાદિમાં સમવાયેન સત્તા-અભાવ એ સ્વરૂપથી તો રહેતો જ ન હોવાથી બીજા અભાવને લઈને લક્ષણ સમન્વય થઈ જાય છે.

---

**जागदीशी -- तथा सत्यपि द्रव्यत्वाभाववान् सत्त्वादित्यत्रातिव्याप्तेः। द्रव्यत्वस्वरूपस्य साध्याभावस्य दैशिकविशेषणतया वृत्तित्वविरहात् द्रव्यभिन्नत्वप्रकारकप्रमाविशेष्यत्वाभावस्यापि द्रव्यत्वानतिरेकात्।**

---

**चन्द्रशेखरीया:** ननु तथा सति **द्रव्यत्वाभाववान् सत्वात्** इति अत्रातिव्याप्तिप्रसङ्गो भवेत्। तथाहि- द्रव्यत्वाभावोऽपि व्याप्यवृत्तिसाध्यः एव। तत् तु स्वयमेव विभावनीयम्। तथा च अत्र सत्ताधिकरणे द्रव्ये द्रव्यत्वाभावाभावः=साध्याभावः=द्रव्यत्वात्मकः स्वरूपसम्बन्धेन न वर्तते, किन्तु समवायेन वर्तते। अतः साध्याभावोऽत्र न लक्षणघटको भवति। अतोऽभावान्तरमादाय लक्षणघटनात् अतिव्याप्तिः भवति। असत्स्थले साध्याभावः एव लक्षणघटको भवितुं योग्यः। येनाव्याप्तिः न भवेत् इति चेत्।

**ચन्द्रशेખरीયા: પૂર્વપક્ષ:** તો પછી **द्रव्यत्वाभाववान् सत्वात्** અહીં અતિવ્યાપ્તિ આવશે. કેમકે સત્તાના

અધિકરણ દ્રવ્યાદિમાં સાધ્યાભાવ=દ્રવ્યત્વાભાવાભાવ મળવો જ જોઈએ. પણ એ સાધ્યાભાવ=દ્રવ્યત્વ તો સમવાયથી રહે છે એટલે સ્વરૂપથી રહેતો ન હોવાથી હેત્વધિકરણમાં દ્રવ્યત્વાભાવાભાવ સ્વરૂપસંબંધથી ન મળે. અને એટલે ઘટાદિ-અભાવ લેવાય. તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ મળી જતા લક્ષણ ઘટી જાય. અને આ સ્થાન તો ખોટું હોવાથી અતિવ્યાપ્તિ આવે. સાચા સ્થાનમાં સાધ્યાભાવ લક્ષણઘટક ન બનવો જોઈએ. અને ખોટા સ્થાનમાં લક્ષણઘટક બનવો જોઈએ. તો જ અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ દોષો ન આવે.

---

**जागदीशी -- न चाभावत्वप्रतीतेः प्रमात्वरक्षार्थमभावाभावस्यातिरिक्ततयोक्तातिव्याप्त्यादिवारणमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीयाः** न, सत्ताधिकरणे द्रव्ये द्रव्यभिन्नत्वप्रकारकप्रमाविशेष्यतायाः अभावो अस्ति । तत्प्रतियोगितावच्छेदकं द्रव्यत्वाभावत्वं एव साध्यतावच्छेदकं इति नातिव्याप्तिः ।

अयं भावः-गुणो द्रव्यभिन्नः कर्म द्रव्यभिन्नं... इत्यादि प्रमात्मकप्रतीतिः गुणादिषु भवति । सा प्रतीतिः द्रव्यभिन्नत्वप्रकारकप्रमा कथ्यते । तस्याः विशेष्यता गुणादिषु अस्ति । किन्तु 'द्रव्यं द्रव्यभिन्नं' इति प्रमात्मिका प्रतीतिर्न भवति । अतः द्रव्ये द्रव्यभिन्नत्वप्रकारकप्रमाविशेष्यतायाः अभावः एव वर्तते । द्रव्यभिन्नत्वं द्रव्यभिन्नेषु षट्सु पदार्थेषु वर्तते । एवं द्रव्यत्वाभावोऽपि द्रव्यभिन्नेषु षट्सु पदार्थेषु वर्तते । अतः परमार्थतः तयोः द्वयोः समव्यापकत्वात् द्रव्यभिन्नत्वं द्रव्यत्वाभावरूपमेव । तथा च द्रव्यभिन्नत्वप्रकारकप्रमाविशेष्यताऽभावस्य प्रतियोगिता द्रव्यभिन्नत्वप्रकारक-प्रमाविशेष्यतायां वर्तते । तत्प्रतियोगितावच्छेदकं द्रव्यभिन्नत्वत्वं भवति । द्रव्यभिन्नत्वं च द्रव्यत्वाभावरूपं । अतः द्रव्यभिन्नत्वत्वं द्रव्यत्वाभावत्वरूपं इति तादृक्प्रतियोगितावच्छेदकमेव साध्यतावच्छेदकं इति नातिव्याप्तिः । ननु तादृशविशेष्यताऽभावः सर्वेषु द्रव्येषु वर्तते । तत्र च सर्वत्र द्रव्यत्वं वर्तते । अतः तयोः समव्यापकत्वात् विशेष्यताऽभावो द्रव्यत्वरूप एव । तथा च तस्यापि समवायेनैव वर्तमानत्वात् स्वरूपेन तादृशविशेष्यताभावो न हेत्वधिकरणवृत्तित्वेन ग्रहीतुं शक्यः इति घटाभावादिकमादाय भवति एवातिव्याप्तिः इति चेत् **"द्रव्यत्वाभावाभावोऽभावः"** इति प्रमात्मिका प्रतीतिः भवति । यदि द्रव्यत्वाभावाभावो द्रव्यत्वरूपो मन्यते । तदा तु द्रव्यत्वं अभावः इति आपतितम् । तथा च भावत्ववति द्रव्यत्वे अभावत्वप्रकारिका प्रतीतिः भ्रमरूपा एव भवेत्, किन्तु सा प्रमात्वेनैवेष्टा । अतः अस्याः प्रतीतेः प्रमात्वरक्षार्थं अभावत्वं अभाववृत्ति एव मन्तव्यम् । अर्थात् द्रव्यत्वाभावाभावः अतिरिक्तो अभावरूपः एव मन्तव्यः । स च स्वरूपेणैव द्रव्ये हेत्वधिकरणीभूते वर्तते इति साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયાઃ ઉત્તરઃ** गुणः द्रव्यभिन्नं क्रिया द्रव्यभिन्ना આવું જે દ્રવ્યભિન્નત્વ=દ્રવ્યભેદપ્રકારકપ્રમાત્મક જ્ઞાન થાય છે. તેની વિશેષ્યતા માત્ર ગુણાદિમાં જ મળે. "द्रव्यं द्रव्यभिन्नं" એમ તો સાચું જ્ઞાન થતું જ નથી. એટલે દ્રવ્યભિન્નત્વપ્રકારકજ્ઞાનની વિશેષ્યતાનો દ્રવ્યમાં તો અભાવ મળી જ જાય. અને એ અભાવ સ્વરૂપસંબંધથી જ રહે. એટલે સત્તાના અધિકરણ એવા દ્રવ્યમાં દ્રવ્યભિન્નત્વપ્રકારકપ્રમાજ્ઞાનવિશેષ્યતાનો અભાવ સ્વરૂપથી મળી જાય. તેની પ્રતિયોગિતા વિશેષ્યતામાં આવી. એટલે એના ઘટક એવા દ્રવ્યભિન્નત્વમાં પણ પ્રતિયોગિતા આવી.

અને તે પ્રતિયોગિતાનો અવચ્છેદક દ્રવ્યભિન્નત્વત્વ બનશે. પરંતુ જ્યાં દ્રવ્યભિન્નત્વ=દ્રવ્યભેદ છે ત્યાં સર્વત્ર દ્રવ્યત્વાભાવ છે જ. એટલે દ્રવ્યભેદ+દ્રવ્યત્વાભાવ એ સમવ્યાપક હોવાથી એક જ મનાય છે. એટલે દ્રવ્યભેદમાં આવેલી પ્રતિયોગિતા એ દ્રવ્યત્વાભાવમાં આવેલી પણ ગણાય. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ જ બની જતાં અતિવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ:** આ વાત બરાબર નથી. કેમકે દ્રવ્યભિન્નત્વપ્રકારકપ્રમાવિશેષ્યતા-અભાવ એ સર્વત્ર દ્રવ્યોમાં જ રહે છે. અને દ્રવ્યત્વ પણ દ્રવ્યમાં જ રહે છે. એટલે તાદૃશવિશેષ્યતા-અભાવ એ દ્રવ્યત્વસ્વરૂપ જ હોવાથી તે અભાવ પણ સમવાયસંબંધથી જ રહે છે. અને તેથી જ હેત્વધિકરણ દ્રવ્યમાં તાદૃશવિશેષ્યતા અભાવ પણ સ્વરૂપસંબંધથી ન મળતાં બીજા અભાવને લઈને લક્ષણ ઘટી જાય. અને તેથી અતિવ્યાપ્તિ આવે.

**ઉત્તર:** દ્રવ્યત્વાભાવાભાવ એ દ્રવ્યત્વ સ્વરૂપ માનવો યોગ્ય નથી. કેમકે દ્રવ્યત્વ એ ભાવપદાર્થ છે. અને "द्रव्यत्वाभावाभावो अभावः" એવી પ્રમાત્મક પ્રતીતિ થાય છે. આ પ્રતીતિ પ્રમા ત્યારે જ ગણાય જ્યારે દ્રવ્યત્વાભાવાભાવને દ્રવ્યત્વસ્વરૂપ=ભાવસ્વરૂપ ન માનો. અન્યથા ભાવાત્મક એવા દ્રવ્યત્વાભાવાભાવમાં અભાવત્વની પ્રતીતિ ભ્રમ જ માનવી પડે. આમ આ દ્રવ્યત્વાભાવાભાવ અભાવરૂપ જ છે. અને તેથી તે સ્વરૂપસંબંધથી રહેતો હોવાથી સત્તાધિકરણ દ્રવ્યમાં સ્વરૂપથી દ્રવ્યત્વાભાવાભાવ મળી જતા તે સાધ્યાભાવ જ લક્ષણઘટક બની ગયો. એટલે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- 'अभावत्वञ्चे'त्यग्रिमग्रन्थेन भावाभावसाधारणस्याभावत्वस्य निर्वचनविरोधापत्तेः,**

---

**चन्द्रशेखरीया:** ननु यदि अभावत्वं अभावमात्रवृत्ति एव मन्येत । तदा तु दीधित्यां एकविंशतितमकारिकायां यत् भावाभावसाधारणं अभावत्वं प्रोक्तं, तेन सह विरोधो भवेत् । अर्थात् घटाभावत्वादिकं अभावे वर्तते द्रव्यत्वाभावाभावत्वादिकं च द्रव्यत्वात्मके भावे वर्तते, इति यत् प्रोक्तं । तेन सह विरोधो भवेत् । यतो भवता द्रव्यत्वाभावाभावत्वं केवलं अभावे एव मन्यते न तु द्रव्यत्वे इति चेत्

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** તો પછી ૨૧મી કારિકામાં દીધિતિકાર પોતે જ અભાવત્વ એ ભાવાભાવસાધારણ તરીકે કહેવાના છે તેની સાથે વિરોધ આવશે. કેમકે તમારા મતે તો દ્રવ્યત્વાભાવાભાવ અભાવ રૂપ જ હોવાથી આ દ્રવ્યત્વાભાવાભાવત્વ=અભાવત્વ એ માત્ર અભાવમાં જ રહેશે. દ્રવ્યત્વરૂપભાવપદાર્થમાં નહી રહે. જ્યારે દીધિતિ તો આવા દ્રવ્યત્વાભાવાભાવત્વ રૂપ અભાવત્વને દ્રવ્યત્વાત્મક ભાવપદાર્થમાં રહેનાર અને ઘટાભાવત્વાદિને અભાવમાં રહેનાર કહેવાના છે. એટલે એ ગ્રન્થની સાથે વિરોધ આવે. માટે આ વિવક્ષા પણ બરાબર નથી.

---

**जागदीशी -- घटत्वाद्यभावस्य कालिकसम्बन्धावच्छिन्नाभावे स्वरूपसम्बन्धेन साध्ये गगनत्वादि-हेतावव्याप्तेस्तथाऽप्यनुद्धाराच्च ।**

**विशेषणतासम्बन्धेन गगननिष्ठघटत्वाभावस्यैव तादृशघटत्वाभावाभावाभावत्वकल्पनात्**

**तावतैवाभावत्त्वप्रतीतेः प्रमात्वसम्भवात्।**

**अत एव 'साध्यताघटकसम्बन्धेन साध्यवत्त्वबुद्धेर्विषयविधया प्रतिबन्धकतावच्छेदको यः सम्बन्धस्तेन सम्बन्धेन हेतुसामानाधिकरण्यमभावस्य ग्राह्यमि'त्युक्तावपि न निस्तारः। तथाविधसम्बन्धेन हेतुसामानाधिकरण्यस्याप्रसिद्ध्या प्रागुक्तगगनत्वादिहेतौ द्रव्यत्वाभाववान् जातित्वादित्यादौ चाव्याप्तेः।**

---

**चन्द्रशेखरीया:** न, साध्यतावच्छेदकसम्बन्धेन साध्यवत्वबुद्धिं प्रति यद् ज्ञानं प्रतिबंधकं भवति, तद्ज्ञाने विषयविधया प्रतिभासमानः यः सम्बन्धः तज्ज्ञाननिष्ठप्रतिबंधकतायाः विषयविधयाऽवच्छेदकः भवति। तेन सम्बन्धेन हेत्वधिकरणवृत्तिरभावो ग्राह्यः।

**सत्तावान् जातेः** इति अत्र साध्यतावच्छेदकसमवायेन "सत्तावान् घटः" इति प्रतीतिं प्रति समवायेन **"सत्ताऽभाववान् घटः"** इति ज्ञानं प्रतिबंधकं भवति। अत्र घटे सत्ताऽभावः स्वरूपसम्बन्धेन भासते। अतः स्वरूपसम्बन्धः तादृशप्रतिबंधकतावच्छेदको भवति। तथा च अत्र स्थाने हेत्वधिकरणे स्वरूपेणाभावो ग्राह्यः। जात्यधिकरणे समवायावच्छिन्नप्रतियोगिताकसत्ताऽभावो न स्वरूपेण वर्तते किन्तु कालिकेन। अतः न स गृह्यते इति घटाद्यभावमादाय लक्षणसमन्वयः।

एवं **द्रव्यत्वाभाववान् सत्वात्** इति अत्र साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन "द्रव्यत्वाभाववान् घटः" इत्यादि प्रतीतिं प्रति समवायेन "द्रव्यत्ववान् घटः" इति प्रतीतिः प्रतिबंधिका भवति। तथा च तादृक्प्रतीतिनिष्ठ-प्रतिबन्धकतायाः विषयविधयाऽवच्छेदकः समवायसम्बन्धः एव। अतः हेत्वधिकरणे समवायेन वर्तमानः एव अभावो ग्राह्यः। सत्ताधिकरणे द्रव्ये समवायेन द्रव्यत्वाभावाभावो वर्तते एव इत्यतो साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः भवति। अत्र प्रतिबंधकं ज्ञानं कुत्रचित् प्रमात्मकं ज्ञानं। कुत्रचित् च भ्रमात्मकं इति अन्यदेतत्। न तज्ज्ञानस्य प्रमात्वस्य भ्रमत्वस्य वाऽत्र किञ्चित् प्रयोजनम्।

ननु एवं विवक्षणेऽपि **गगनं घटत्वाभावस्य कालिकेनाभाववान् गगनत्वात्** इति अत्र अव्याप्तिः भवति। घटत्वाभावो गगने स्वरूपेण वर्तते। कालिकेन तु कुत्रापि नित्यपदार्थे कस्यापि वस्तुनः अवर्तमानत्वात् गगने कालिकेन घटाभावः न वर्तते। अर्थात् घटाभावाभावः स्वरूपेण वर्तते। अतः अयं सद्धेतुः। किन्तु साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन कालिकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकघटत्वाभावाभाववत्ताप्रतीतिं प्रति **गगनं कालिकेन घटत्वाभाववान्** इति ज्ञानं प्रतिबंधकं भवति। तज्ज्ञाननिष्ठप्रतिबन्धकतायाः विषयविधयाऽवच्छेदकः सम्बन्धः कालिकः। अतः **हेत्वधिकरणे** गगने कालिकेनैव अभावो ग्राह्यः। किन्तु तत्र कालिकेन कस्यापि अवर्तमानत्वात् अत्र कोऽपि अभावो लक्षणघटको न भवति इति अव्याप्तिः। यथा "संयोगेन घटाभाववान्" इति प्रतीतिं प्रति "संयोगेन घटवान्" इत्येव ज्ञानं प्रतिबंधकं, न तु "समवायेन घटवान्" इति ज्ञानं। अन्यथा कपाले समवायेन घटवत्ताप्रतीतेरनन्तरं एव कपाले "संयोगेन घटो नास्ति" इति प्रतीतिः न भवेत्। किन्तु भवति। एवमत्रापि "गगने कालिकेन घटत्वाभावो नास्ति" इति प्रतीतिं प्रति

गगने कालिकेन घटत्वाभावोऽस्ति इत्येव ज्ञानं प्रतिबंधकं। "गगने स्वरूपेण घटत्वाभावोऽस्ति" इति ज्ञानं न प्रतिबंधकं। अतः कालिकः एव सम्बन्धः अत्र प्रसिद्ध्यति, न तु स्वरूपादिः इति अधिकं ज्ञेयम्।

अत्रानुमानेऽभावाभावो भावातिरिक्तो मन्यते यदि, तदापि अव्याप्तिरेव। "घटत्वाभावाभावाभावोऽभावः" इति प्रतीतिः "घटत्वाभावाभावाभावो घटत्वाभावस्वरूपः" इति मतेऽपि प्रमात्मिका संभवत्येव। तथा च गगने घटत्वाभावाभावाभावस्य घटत्वाभावस्वरूपस्य सत्वात् साध्याभावो लक्षणघटकः, तत्प्रतियोगी घटत्वाभावाभावः, तन्निष्ठप्रतियोगितावच्छेदकमेव साध्यतावच्छेदकमिति अव्याप्तिः। तथा च "हेत्वधिकरणे अभावः स्वरूपसम्बन्धेन ग्राह्यः" इति **प्रथमकल्पः** "साध्यतावच्छेदकसम्बन्धेन साध्यवत्ताप्रतीतिं प्रति विषयविधया ज्ञाननिष्ठप्रतिबंधकतावच्छेदक-सम्बन्धेन हेत्वधिकरणे अभावो ग्राह्यः" इति **द्वितीयकल्पश्च** अत्रानुमाने अकिञ्चित्करो भवति। कल्पद्वयानुसारेणापि अत्राव्याप्तिः भवति।

अत्र **"अत एव"** इत्यादिना प्रतिपादितो ग्रन्थोऽस्माभिः पदार्थक्रमानुसारेण प्रथमं प्रतिपादितः। "घटत्वाद्यभावस्य..." इत्यादिना प्रतिपादितो ग्रन्थोऽस्माभिः पश्चात्प्रतिपादितः इति विबुधैः तदनुसारेणैवार्थसमन्वयः करणीयः। किञ्च द्वितीयकल्पानुसारतोऽपि **द्रव्यत्वाभाववान् जातित्वात्** इति अत्राव्याप्तिः भवति। साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन द्रव्यत्वाभाववत्ताप्रतीतिं प्रति "समवायेन द्रव्यत्ववान्" इत्येव प्रतीतिः प्रतिबन्धिका। तथा च विषयविधया प्रतिबंधकतावच्छेदकसमवायेनैव जातित्वाधिकरणजातौ अभावो ग्राह्यः। स च अप्रसिद्धः, जातौ कस्यापि समवायेनावर्तमानत्वात् इति चेत्।

**चन्द्रशेखरीया: ઉત્તર:** અમે એમ કહેશું કે સાધ્યતાવચ્છેદકસંબંધથી સાધ્યવત્તાની જે બુદ્ધિ થાય. તેમાં જે જ્ઞાન પ્રતિબંધક બને તે જ્ઞાનમાં વિષયરૂપે જે સંબંધ હોય અને એ સંબંધ જ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતાનો અવચ્છેદક બનતો હોય એ જ સંબંધથી હેત્વધિકરણમાં અભાવ લેવાનો. "सत्तावान् जातेः" એ સ્થલે **घटः समवायेन सत्तावान्** એ સાધ્યતાવચ્છેદકસમવાયસંબંધથી સાધ્યવત્તાની ઉપર્યુક્ત બુદ્ધિ ગણાય. હવે **घटः समवायेन सत्ता-अभाववान्** એવી બુદ્ધિ એ સાધ્યવત્તાની ઉપર્યુક્ત બુદ્ધિ પ્રત્યે પ્રતિબંધક બને. આ પ્રતિબંધક એવા જ્ઞાનમાં ઘટમાં સત્તા-અભાવ સ્વરૂપસંબંધથી વિષય બને છે. અર્થાત્ આ જ્ઞાનમાં આવેલી પ્રતિબંધકતાનો અવચ્છેદક વિષયવિધયા સ્વરૂપસંબંધ છે તો આ સ્થલે હેત્વધિકરણ એવા ઘટાદિમાં સ્વરૂપથી સત્તા-અભાવ મળતો નથી. એટલે ઘટાભાવાદિને લઈને લક્ષણસમન્વય થાય.

**द्रव्यत्वाभाववान् सत्वात्** એ સ્થલે घटः द्रव्यत्वाभाववान् એ પ્રતીતિ સાધ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધથી દ્રવ્યત્વાભાવવત્તાની પ્રતીતિ છે. હવે घटः समवायेन द्रव्यत्ववान् એવું જ્ઞાન એ પેલી સાધ્યવત્તાની પ્રતીતિ પ્રત્યે પ્રતિબંધક બને છે. આમ અહીં જ્ઞાનમાં સમવાયસંબંધ ભાસે છે. અને એ જ જ્ઞાનમાં આવેલી પ્રતિબંધકતાનો વિષયવિધયા અવચ્છેદક છે. એટલે આ સ્થલે હેત્વધિકરણમાં સમવાયથી રહેનારો અભાવ જ લેવાનો છે. એટલે સત્તાના અધિકરણ દ્રવ્યમાં દ્રવ્યત્વાભાવાભાવ=દ્રવ્યત્વ સમવાયથી રહેતું હોવાથી તે લઈ શકાય. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતાં અતિવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ:** આવો ખુલાસો આપો તો પણ અને અભાવાભાવને જુદો માનો તો પણ **ગગનં ઘટત્વાભાવસ્ય કાલિકેન અભાવવાન્=ઘટત્વાભાવાભાવવાન્ ગગનત્વાત્** અહીં અવ્યાપ્તિ આવશે. ગગનમાં ઘટત્વ સમવાયથી ન રહેતું હોવાથી ઘટત્વાભાવ સ્વરૂપથી રહે છે. પણ ગગનમાં કાલિકસં.થી તો કંઈ જ ન રહેતું હોવાથી કાલિકથી ઘટત્વાભાવ પણ ન રહે. અર્થાત્ ઘટત્વાભાવનો કાલિકસં.થી અભાવ જ ગગનમાં મળે. આમ આ સ્થાન સાચું છે. છતાં અવ્યાપ્તિ એ રીતે આવશે કે **ગગનં ઘટત્વાભાવાભાવવાન્** આ સાધ્યવત્તાનું જ્ઞાન છે. એમાં સાધ્ય સ્વરૂપસંબંધથી છે. આ જ્ઞાનનો પ્રતિબંધક જ્ઞાન તો **"ગગનં કાલિકેન ઘટત્વાભાવવાન્"** એ જ જ્ઞાન બને. આમ આ જ્ઞાનમાં આવનારી પ્રતિબંધકતાનો અવચ્છેદક સંબંધ વિષયવિધયા કાલિકસંબંધ જ આવશે. એટલે હવે આ સ્થાને હેત્વધિકરણમાં રહેનારો અભાવ એ કાલિકથી જ લેવો પડશે. પણ ગગનત્વાધિકરણ ગગનમાં તો કાલિકથી કોઈપણ વસ્તુ ન રહેતી હોવાથી કોઈપણ અભાવ એ લક્ષણઘટક ન બનવાથી લક્ષણસમન્વય જ ન થતા અવ્યાપ્તિ આવશે. અહીં તમારી પહેલી વિવક્ષા પ્રમાણે એ વાત માની લઈએ કે "દ્રવ્યત્વાભાવાભાવ એ અભાવ રૂપ જ છે. દ્રવ્યત્વરૂપ નથી. અભાવત્વ માત્ર અભાવમાંજ રહેનારું છે." તો ય વાંધો નથી. કેમકે અહીં ઘટત્વાભાવાભાવાભાવ એ જ સાધ્યાભાવ છે. અને અહીં તો તેને ઘટત્વાભાવસ્વરૂપ માનવામાં કોઈ વાંધો જ નથી. કેમકે ઘટત્વાભાવાભાવાભાવત્વધર્મ એ ઘટત્વાભાવરૂપ અભાવમાં જ રહેનારો બનવાનો હોવાથી કોઈ વાંધો તો આવવાનો જ નથી. એટલે ગગનમાં ઘટત્વાભાવાભાવાભાવ=ઘટત્વાભાવ એ તો સ્વરૂપથી રહેલો જ છે. અહીં "સ્વરૂપ સંબંધથી જ હેત્વધિકરણવૃત્તિ અભાવ લેવાનો." એ વિવક્ષા પ્રમાણે વિચારીએ છીએ. એટલે સાધ્યાભાવ લક્ષણ ઘટક બની ગયો. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક જ સાધ્યતાવચ્છેદક બની જવાથી અવ્યાપ્તિ આવે. એટલે સ્વરૂપસંબંધથી અભાવ લેવાનો મત કે બીજો આપેલો મત બેય રીતે આ સ્થાને તો અવ્યાપ્તિ આવવાની જ છે. [અહીં અમે ક્રમશઃ નિરૂપણ માટે અત એવ... એ પંક્તિ પહેલા નવીનમત તરીકે લઈ લીધી છે. અને પછી ઘટત્વાદ્યભાવસ્ય... એ પંક્તિ પૂર્વપક્ષ તરફથી લીધી છે.]

આ ઉપરાંત **દ્રવ્યત્વાભાવવાન્ જાતિત્વાત્** એ સ્થલે પણ અવ્યાપ્તિ આવશે. તે આ પ્રમાણે-જાતિત્વનું અધિકરણ જાતિ છે. હવે **"દ્રવ્યત્વાભાવવતી જાતિઃ"** એવા સાધ્યતાવચ્છેદકસ્વરૂપસંબંધથી સાધ્યવત્તાના જ્ઞાન પ્રત્યે **"જાતિઃ સમવાયેન દ્રવ્યત્વવતી"** એ જ્ઞાન જ પ્રતિબંધક છે. એટલે જ્ઞાનનિષ્ઠપ્રતિબંધકતાનો વિષયવિધયા અવચ્છેદક સમવાય છે. એટલે હેત્વધિકરણમાં સમવાયથી જ અભાવ લેવો પડે. તો પછી જાતિત્વાધિકરણ જાતિમાં સમવાય સંબંધથી કોઈ જ રહેતું ન હોવાથી ત્યાં સમવાયથી અભાવ મળવાનો જ નથી. એટલે કોઈપણ અભાવ લક્ષણઘટક ન બનતા અવ્યાપ્તિ આવે. એટલે જ "હેત્વધિકરણમાં વૃત્તિ એવો અભાવ ક્યા સંબંધથી લેવો" એ બાબતના તમારા બેય ઉત્તરો" (a) સ્વરૂપસંબંધથી લેવો (b) સા.અ.સંબંધથી સાધ્યવત્તાની બુદ્ધિમાં પ્રતિબંધક બનનાર જ્ઞાનમાં રહેલી પ્રતિબંધકતાનો વિષયવિધયા જે અવચ્છેદક સંબંધ બને તે લેવો." આ બે સ્થલે અવ્યાપ્તિ દૂર કરવા સમર્થ નથી. એટલે વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલે પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ ન મુકવામાં અવ્યાપ્તિ દોષ તો આવે જ છે.

---

**जागदीशी -- तथाऽपि–साध्यतावच्छेदकसम्बन्धेन स्वप्रतियोगिमत्त्वबुद्धेर्विषयतया प्रतिबन्धकताच्छेदको यः सम्बन्धस्तेन हेत्वधिकरणवृत्तित्वमभावस्य विवक्षितमित्यदोषः ।**

**तथा च द्रव्यत्वाभाववान् जातित्वादित्यादौ विशेषणताविशेषसम्बन्धेन जातित्वाभावबुद्धेर्विषयविधया प्रतिबन्धकतावच्छेदको यः स्वरूपसम्बन्धः, तेन जातित्वस्वरूपाभावस्य [तत्र] प्रसिद्धत्वादिति भावः।**

---

**चन्द्रशेखरीयाः अत्रोच्यते** साध्यतावच्छेदकसम्बन्धेन साध्यवत्ताप्रतीतिं प्रति... इति परित्यज्य साध्यतावच्छेदकसम्बन्धेन स्वप्रतियोगिमत्ताप्रतीतिं प्रति विषयविधया प्रतिबन्धकतावच्छेदको यः सम्बन्धः, तेन सम्बन्धेन हेत्वधिकरणेऽभावस्य विवक्षितत्वात् न कोऽपि दोषः। **गगनं घटत्वाभावस्य कालिकेनाभाववान् गगनत्वात्** इति अत्र यदि घटत्वाभावाभावाभावो गृह्यते। तदा साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन घटत्वाभावाभावाभावप्रतियोगिघटत्वाभावाभाववत्ताप्रतीतिं प्रति गगनं "कालिकेन घटत्वाभाववान्" इति ज्ञानं प्रतिबन्धकं। तथा च प्रतिबंधकतायाः विषयविधयाऽवच्छेदकः कालिकसम्बन्धः, तेन सम्बन्धेन गगनत्वाभावाभावो यदि गृह्यते, तदा तु साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन गगनत्वाभावाभावप्रतियोगि-गगनत्वाभाववत्ताप्रतीतिं प्रति **"गगनं स्वरूपेण गगनत्ववान्"** इति ज्ञानं प्रतिबन्धकं। तादृशप्रतिबंधकतायाः विषयविधयाऽवच्छेदकः स्वरूपसम्बन्धः, तेन सम्बन्धेन हेत्वधिकरणे गगने गगनत्वाभावाभावस्य सत्वात् स एव लक्षणघटकः। तत्प्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकं घटत्वाभावाभावत्वं इति लक्षणसमन्वयः।

**सत्तावान् जातेः** इति अत्र साध्यतावच्छेदकसमवायेन सत्ताऽभावप्रतियोगिसत्तावत्ताप्रतीतिं प्रति "स्वरूपेण सत्ता-अभाववान्" इति ज्ञानं प्रतिबन्धकं। तथा च प्रतिबंधकतावच्छेदकः स्वरूपसम्बन्धो भवति। तेन सम्बन्धेन जात्यधिकरणे द्रव्यादौ सत्ताऽभावस्य असत्वात् साध्याभावो न लक्षणघटकः। किन्तु साध्यतावच्छेदकसमवायसम्बन्धेन घटत्वाभावप्रतियोगिघटत्ववत्ताप्रतीतिं प्रति "स्वरूपेण घटत्वाभाववान्" इति ज्ञानं प्रतिबन्धकं। तत्प्रतिबंधकतावच्छेदक स्वरूपसम्बन्धेन हेत्वधिकरणे गुणादौ घटत्वाभावः वर्तते। अतः तमादाय लक्षणसमन्वयः।

**द्रव्यत्वाभाववान् सत्वात्** इति अत्र साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन द्रव्यत्वाभावाभावप्रतियोगिद्रव्यत्वाभाववत्ता प्रतीतिं प्रति **"समवायेन द्रव्यत्ववान्"** इति ज्ञानं प्रतिबन्धकं। तथा च विषयविधया प्रतिबंधकतावच्छेदकेन समवायसम्बन्धेन हेत्वधिकरणे द्रव्ये द्रव्यत्वाभावाभावस्य द्रव्यत्वस्वरूपस्य सत्वात् साध्याभाव एव लक्षणघटकः इति नातिव्याप्तिः।

**द्रव्यत्वाभाववान् जातित्वात्** इति अत्र तु साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन द्रव्यत्वाभावाभावप्रतियोगि-द्रव्यत्वाभाववत्ताप्रतीतिं प्रति "समवायेन द्रव्यत्ववान्" इति ज्ञानं प्रतिबंधकं। तथा च विषयविधया तादृशप्रतिबंधकता-वच्छेदकसमवायसम्बन्धेन जातित्वाधिकरणे जातौ कस्यापि वस्तुनः अवर्तमानत्वात् न साध्याभावो लक्षणघटकः। किन्तु जातित्वाभावाभावः। साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन जातित्वाभावाभावप्रतियोगि-जातित्वाभाववत्ताप्रतीतिं प्रति "स्वरूपेण जातित्ववान्" इति ज्ञानं प्रतिबन्धकं। तथा च विषयविधया तादृशप्रतिबन्धकतावच्छेदकस्वरूपसम्बन्धेन जातित्वाधिकरणे जातौ जातित्वाभावाभावो जातित्वस्वरूपो वर्तते। तत्प्रतियोगितानवच्छेदकं द्रव्यत्वाभावत्वं इति लक्षणसमन्वयो भवति।

अत्रेदमवधेयम् सत्तावात् जातेः, द्रव्यत्वाभाववान् सत्वात् कालिकसम्बन्धावच्छिन्नप्रतियोगिताक-घटत्वाभावाभाववान्

गगनत्वात्, द्रव्यत्वाभाववान् जातेः इति एतेषु चर्तुषु अनुमानेषु सर्वाणि साध्यानि व्याप्यवृत्तीनि एव। व्याप्यवृत्तित्वं च **स्वाधिकरणे स्वरूपेण वर्तमानस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्य अभावस्याप्रतियोगित्वं** इति। एतदर्थानुसारेणैव एतानि साध्यानि व्याप्यवृत्तीनि। अतः एतेषु स्थानेषु व्याप्तिलक्षणे न प्रतियोग्यसमानाधिकरणपदमुपादेयं। तदनुपादाने च समुद्भूता अव्याप्त्यतिव्याप्त्यादयो दोषाः अनन्तरमेव निराकृताः। अत्रास्माकं इयं हितशिक्षा अध्येतॄन् प्रति यत् व्याप्यवृत्तिपदस्यानन्तरमेव कथितं लक्षणं, अनन्तरमेव च वक्ष्यमाणं लक्षणं मनसि अवधार्यम्। यतः अत्रैव ग्रन्थे लक्षणद्वयस्यापि बहुशः उपयोगो भविष्यति इति लक्षणद्वयमपि मनसि स्थिरीकर्तव्यम्। एवं यदनन्तरमेवोक्तं यदुत-साध्यतावच्छेदकसम्बन्धेन स्वप्रतियोगिमत्ताप्रतीतिं प्रति विषयविधया प्रतिबंधकतावच्छेदकसम्बन्धेन हेत्वधिकरणवृति अभावो ग्राह्यः-इति तत्र "अभावः केन सम्बन्धेन ग्राह्यः" इति विवक्षितम्। किन्तु "अभावस्य प्रतियोगिता केन सम्बन्धेन अवच्छिन्ना ग्राह्या" इति न प्रतिपादितम्। तत्तु अग्रे वक्ष्यते। अतः तदपि अवधार्यम्।

**चन्द्रशेखरीया: ઉત્તરપક્ષ:** સાધ્યતાવચ્છેદકસંબંધથી સાધ્યવત્તાની બુદ્ધિ... એમ કહેવાને બદલે એમ કહેવું કે સાધ્યતા-અવચ્છેદકસંબંધથી સ્વપ્રતિયોગિતાની બુદ્ધિ પ્રત્યે પ્રતિબંધક બનનાર જ્ઞાનમાં જે પ્રતિબંધકતા આવે તે પ્રતિબંધકતાનો વિષયવિધયા જે સંબંધ અવચ્છેદક બને એ જ સંબંધથી હેત્વધિકરણમાં અભાવ લેવાનો.

જુઓ દ્રવ્યત્વાભાવવાન્ જાતિત્વાત્ આ સ્થલે જાતિત્વાભાવાભાવ લક્ષણઘટક બનાવવો છે. તો તેનો પ્રતિયોગી જાતિત્વાભાવ બને. અને "સાધ્યતા-અવચ્છેદક સ્વરૂપસંબંધથી જાતિત્વાભાવવાન્" એવી બુદ્ધિ પ્રત્યે જાતિત્વાભાવાભાવવાન્=જાતિત્વવાન્ એવી બુદ્ધિ પ્રતિબંધક બને છે. એટલે તેમાં જાતિત્વ સ્વરૂપ સં.થી રહેતું હોવાથી એ જ વિષયવિધયા પ્રતિ.અવ. સંબંધ બનશે. અને તેથી તે સ્વરૂપસંબંધથી જ હેત્વધિકરણવૃત્તિ એવો અભાવ લેવાનો રહેશે. જાતિત્વાધિકરણ જાતિમાં સ્વરૂપસંબંધથી જાતિત્વાભાવાભાવ=જાતિત્વ રહી જ જતું હોવાથી તે લક્ષણઘટક બને. તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ એ જ સા.તા.અવચ્છેદક મળી જવાથી અવ્યાપ્તિ ન આવે.

**ઘટત્વાભાવસ્ય કાલિકેન અભાવવાન્ ગગનત્વાત્** અહીં પણ સાધ્યાભાવ તો લક્ષણઘટક ન જ બને. કેમકે સાધ્યાભાવ=ઘટત્વાભાવાભાવાભાવ. તેનો પ્રતિયોગી=ઘટત્વાભાવાભાવ. સ્વરૂપથી તદ્વત્તાની બુદ્ધિ પ્રત્યે કાલિકેન ઘટત્વાભાવવત્તાની બુદ્ધિ પ્રતિબંધક બને. અને ગગનમાં તો કાલિકથી કોઈ રહેતું જ નથી. માટે એ અભાવ ન લેવાય. પણ ગગનત્વાભાવાભાવનો પ્રતિયોગી ગગનત્વાભાવ અને ગગનત્વાભાવવત્તાની બુદ્ધિ પ્રત્યે ગગનત્વવત્તાની બુદ્ધિ પ્રતિબંધક બને. અને પ્રતિબંધકતા-અવચ્છેદક તરીકે વિષયવિધયા સ્વરૂપસંબંધ બને. કેમકે ગગનત્વ સ્વરૂપથી રહે છે. એટલે હેત્વધિકરણમાં તે સ્વરૂપસં.થી જ અભાવ લેવાનો રહે. અને ગગનત્વાધિકરણમાં સ્વરૂપથી ગગનત્વાભાવાભાવ=ગગનત્વ રહેતું જ હોવાથી એ અભાવ લક્ષણઘટક બની જાય. અને એ દ્વારા લક્ષણ પણ ઘટી જાય.

સત્તાવાન્ જાતેઃ સ્થલે પણ સાધ્યતાવચ્છેદક સમવાયસંબંધથી સત્તા-અભાવપ્રતિયોગિસત્તાવત્તાની બુદ્ધિ પ્રત્યે સમવાયથી સત્તાના અભાવની બુદ્ધિ પ્રતિબંધક બને. અને તેમાં વિષયવિધયા સ્વરૂપસંબંધ અવચ્છેદક બને. અને જાત્યધિકરણમાં તો સમવાયથી સત્તાનો અભાવ સ્વરૂપથી મળતો જ નથી. માટે તે અભાવ લક્ષણ ઘટક ન બને

એટલે ઘટત્વાભાવાદિને એ રીતે લઈને લક્ષણ સમન્વય થઈ જતા કોઈ દોષ ન આવે.

આમ, "વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલે પણ પ્રતિયોગિ-અસમાનાધિકરણપદ મુક્યા વિના જ સાધ્યતાવચ્છેદકસંબંધથી સ્વ(અભાવ) પ્રતિયોગિમત્તાની બુદ્ધિ પ્રત્યે પ્રતિબંધક બનનાર જે જ્ઞાન હોય તે જ્ઞાનમાં આવેલી પ્રતિબંધકતાનો અવચ્છેદક વિષયવિધયા જે સંબંધ બનતો હોય, તે સંબંધથી જ હેત્વધિકરણમાં વૃત્તિ એવો અભાવ લેવાનો." એવી વિવક્ષા કરવાથી લક્ષણસમન્વય થઈ જ જાય છે. માટે કોઈ દોષ નથી.

એમ **द्रव्यत्वाभाववान् सत्वात्** સ્થલે સાધ્યતા-અવ.સ્વરૂપસંબંધથી દ્રવ્યત્વાભાવપ્રતિયોગિદ્રવ્યત્વાભાવવત્તાની બુદ્ધિ પ્રત્યે સમવાયેન દ્રવ્યત્વવત્તાની બુદ્ધિ પ્રતિબંધક બને છે. વિષયવિધયા એમાં પ્રતિબંધકતાનો અવચ્છેદક સમવાય સંબંધ બને. અને સત્તાધિકરણ દ્રવ્યમાં સમવાયથી દ્રવ્યત્વાભાવાભાવ=દ્રવ્યત્વ રહેલું જ હોવાથી સાધ્યાભાવ લક્ષણઘટક બનતા અતિવ્યાપ્તિ ન આવે. અહીં સંસ્કૃતટીકામાં ઘટાવેલા દૃષ્ટાન્તોનો ક્રમ ફેરવાઈ ગયો છે. તો એ રીતે વાંચવું.

ખ્યાલ રાખવો કે सत्तावान् जातेः, द्रव्यत्वाभाववान् सत्वात्, घटत्वाभावाभाववान् गगनत्वात्, द्रव्यत्वाभाववान् जातित्वात् આ ચારેય સ્થાનોમાં સાધ્ય એ વ્યાપ્યવૃત્તિ જ છે. એમ ગણીને આ બધી વિવક્ષા કરી છે. અહીં व्याप्यवृत्ति=स्वाधिकरणे स्वरूपेण वर्तमानस्य साध्यतावच्छेदकसम्बन्ध-अवच्छिन्नप्रतियोगिताकस्या-भावमात्रस्याप्रतियोगी એ કરવાનો છે. અને આ વ્યાખ્યા પ્રમાણે આ સ્થળે બધા સાધ્યો વ્યાપ્યવૃત્તિ બને છે. એ સ્વયં વિચારવું અને એટલે આ સ્થાનોમાં "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" વિશેષણ લક્ષણમાં મુકવાનું નથી. અને તેથી અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ દોષો જે આવતા હતા તે બધાં ઉપરની વિવક્ષાઓથી દૂર થયા છે. અમારી ખાસ ભલામણ છે કે વ્યાપ્યવૃત્તિની આ વ્યાખ્યા અને હમણાં જ કહેવાનારી બીજી વ્યાખ્યા એ બરાબર યાદ રાખવી. આ ગ્રન્થમાં આ બે વ્યાખ્યાઓનો આગળ વારંવાર ઉપયોગ આવવાનો છે. તથા હમણાં જે કહ્યું કે તાદૃશપ્રતિબન્ધકતાનો વિષયવિધયા જે અવચ્છેદક બને તે જ સંબંધથી હેત્વધિકરણવૃત્તિ એવો અભાવ લેવાનો. એમાં એ ખ્યાલ રાખવો કે એ અભાવની પ્રતિયોગિતા કયા સંબંધથી અવચ્છિન્ન લેવી? એ વાત કરી નથી. એટલે કે અભાવનો પ્રતિયોગી કયા સંબંધથી હેત્વધિકરણમાં લેવાનો? એની વિવક્ષા હજી કરી નથી. એની ચર્ચા આગળ કરવાના છે.

---

**जागदीशी -- वस्तुतो व्याप्यवृत्तित्वमत्र साध्यतावच्छेदकसम्बन्धेन यत् स्वाधिकरणं, तद्वृत्त्यभावस्य तादृशसम्बन्धा-वच्छिन्नप्रतियोगित्वाभावरूपं ग्रन्थकृतोऽभिप्रेतं**

**तादृशसाध्यकञ्च समवायादिना आत्मत्वसाध्यकज्ञानवत्त्वादिकं समवायेन आत्मत्ववति समवायेनात्मत्वा-भावस्य केनापि सम्बन्धेनावृत्तेः ।**

**तथा च तादृशसाध्यक एव नोपादेयं, सत्तावान् जातेरित्यादौ तु पुनरुपादेयमेव । सत्त्ववति स्पन्दादौ समवायावच्छिन्नसत्ताभावस्य कालिकसम्बन्धेन वर्त्तमानतया सत्तादेर्निरुक्तव्याप्यवृत्तित्वाभावात्,**

**व्याप्यवृत्तित्वघटक-स्वाधिकरणवृत्तित्वस्य सम्बन्धसामान्येन प्रविष्टत्वात्। एतल्लाभार्थमेव 'सर्वथैव व्याप्यवृत्तिसाध्यक' इत्युक्तं तस्य सम्बन्धविशेषानियन्त्रितत्वात्**

---

**चन्द्रशेखरीया:** व्याप्यवृत्तिपदस्यैका व्याख्या दृष्टा। अधुना तस्य द्वितीया व्याख्या क्रियते। **वस्तुतो** इत्यादिना। साध्यतावच्छेदकसम्बन्धेन साध्याधिकरणं यत् भवति, तस्मिन् येन केनापि सम्बन्धेन वर्तमानस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्याभावस्य प्रतियोगिता यस्मिन् साध्ये न वर्तते, स व्याप्यवृत्तिः। **आत्मत्ववान् ज्ञानवत्वात्** इति अत्र साध्यतावच्छेदकसमवायसम्बन्धेनात्मत्वाधिकरणे आत्मनि समवायेनात्मत्वाभावस्य स्वरूपेण कालिकेन वाऽवर्तमानत्वात् न स अभावो गृह्यते। अतः आत्मनि वर्तमानस्य समवायावच्छिन्नप्रतियोगिताकस्य घटत्वाभावस्य प्रतियोगिता ग्राह्या, सा तु आत्मत्वे न वर्तते। अतः इदं साध्यं व्याप्यवृत्ति। अत्र न तद्विशेषणं लक्षणे निवेश्यम्। तद्विनापि लक्षणसमन्वयात्।

तथा हि– ज्ञानाधिकरणे आत्मनि आत्मत्वाभावस्य केनाऽपि सम्बन्धेनावर्तमानत्वात् घटत्वाभावादिकत्वमादाय लक्षणसमन्वयो भवति। **सत्तावान् जातेः** इति अत्र तु साध्यतावच्छेदकसमवायेन सत्ताधिकरणे द्रव्यादौ विशेषनिष्ठः सत्ताभावः कालिकेन वर्तते। तत्प्रतियोगिता समवायावच्छिन्नप्रतियोगिनि सत्तात्मके साध्ये वर्तते। अतः इदं साध्यं अव्याप्यवृत्ति। तथा च अत्र तद् विशेषणं निवेशनीयमेव। तथा च हेत्वधिकरणे स्पन्दादौ कालिकेन सत्ताऽभावो यद्यपि अस्ति। तथापि स स्वप्रतियोगिसत्तासमानाधिकरणः एव। स्पन्दे सत्तायाः समवायेन सत्वात् इति न सत्ताऽभावो गृह्यते। तथा च घटाभावमादाय लक्षणसमन्वयः। एवं च हेत्वधिकरणे केनापि सम्बन्धेनाभावे गृह्यमाणेऽपि न कोऽपि दोषः। एवमेव **घटत्वाभावाभाववान् गगनत्वात्** इत्यादौ अपि विचारणीयम्। तथाहि-साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन कालिकावच्छिन्नप्रतियोगिक-घटत्वाभावाभावाधिकरणे गगने स्वरूपेण तादृशघटत्वाभावाभावाभावो घटत्वाभावस्वरूपो विद्यते एव। तस्य प्रतियोगिता तादृशघटत्वाभावाभावात्मके साध्ये अस्ति। अतः इदं साध्यं अव्याप्यवृत्ति। तेन अत्र लक्षणे तद् विशेषणं समुपादेयम्। तथा च गगनत्वाधिकरणे गगने कालिकावच्छिन्नप्रतियोगिताक-घटत्वाभावाभावाभावस्य घटत्वाभावस्वरूपस्य विद्यमानत्वेऽपि स अभावः कालिकावच्छिन्नप्रतियोगिताकघटत्वाभावाभावात्मकस्वप्रतियोगि-समानाधिकरण एव। अस्य प्रतियोगिनः गगने विद्यमानत्वात्। अतः नायमभावो लक्षणघटकः इति अभावान्तरमादाय लक्षणसमन्वयो भवति। अत्र व्याप्यवृत्तिद्वितीयव्याख्यायां स्वाधिकरणे येन केनापि सम्बन्धेन अभावः प्रविष्टः, प्रथमव्याख्यायां तु स्वरूपेणैव अभावः प्रविष्टः इति विशेषः। एतद्द्वितीयव्याख्यालाभार्थमेव दीधित्यां "सर्वथैव" इति कथितम्।

अयं भावः। यत् साध्यं स्वाधिकरणे केनापि सम्बन्धेन वर्तमानस्य तादृशाभावस्याप्रतियोगी भवति (व्याप्यवृत्ति भवति।), तदेव सर्वथैव व्याप्यवृत्ति कथ्यते। यत् साध्यं स्वाधिकरणे स्वरूपेणैव वर्तमानस्य तादृशाभावस्य (साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्य) अप्रतियोगि भवति, न तु कालिकादिनाऽपि वर्तमानस्याभावस्याप्रतियोगि।

स सर्वथैव व्याप्यवृत्ति न कथ्यते। अतः सर्वथैव व्याप्यवृत्तिसाध्यके एव तद्विशेषणमुपादेयम्, नान्यत्र।

**चन्द्रशेखरीयाः** વ્યાપ્યવૃત્તિની એક વ્યાખ્યા જોઈ ગયા. હવે બીજી વ્યાખ્યા જોઈએ. સાધ્યતા-અવચ્છેદક સંબંધથી સાધ્યનું અધિકરણ જે બને તેમાં કોઈપણ સંબંધથી જે અભાવ રહે તે અભાવની સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતા જે સાધ્યમાં ન હોય તે સાધ્ય વ્યાપ્યવૃત્તિ ગણાય. હવે આ વ્યાખ્યા પ્રમાણે **સત્તાવાન્ જાતેઃ** માં સાધ્યતા-અવચ્છેદકસમવાયસંબંધથી સત્તાનું અધિકરણ સ્પંદગુણ+દ્રવ્યાદિ બને અને તેમાં વિશેષાદિમાં રહેલો સમવાયથી સત્તાનો અભાવ એ કાલિકથી (દ્રવ્યમાં) રહી જાય છે. અને તેની સાધ્યતાવચ્છેદકસમવાયાવચ્છિન્નપ્રતિયોગિતા એ સત્તાનામના સાધ્યમાં છે. એટલે આ સત્તા એ અવ્યાપ્યવૃત્તિ સાધ્ય જ ગણાય. માટે આ સ્થલે પણ લક્ષણમાં પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ મુકવાનું જ છે. એટલે જ હવે જાત્યધિકરણ ઘટાદિમાં કદાચ કાલિકસં.થી સત્તા-અભાવ રાખો તો ય એ અભાવ સ્વપ્રતિયોગિસત્તા-સમાનાધિકરણ જ બનવાનો. કેમકે ઘટમાં સત્તા છે જ. એટલે સત્તા-અભાવ લક્ષણઘટક ન બનવાથી બીજા અભાવ દ્વારા લક્ષણસમન્વય થઈ જાય. **કાલિકાવચ્છિન્ન- પ્રતિયોગિતાક-ઘટત્વાભાવાભાવવાન્ ગગનત્વાત્** માં પણ સાધ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધથી સાધ્યાધિકરણ આકાશ બનશે તેમાં ઘટત્વાભાવાભાવાભાવ=સાધ્યાભાવ=ઘટત્વાભાવ સ્વરૂપથી તો રહેલો જ છે. અને તેની ઘટત્વાભાવાભાવમાં રહેલી પ્રતિયોગિતા સ્વરૂપસંબંધાવચ્છિન્ન પણ છે જ. અને તે પ્રતિયોગિતા સાધ્યમાં રહેલી હોવાથી આ સાધ્ય પણ અવ્યાપ્યવૃત્તિ જ ગણાશે. એટલે આ સ્થાને પણ પ્રતિ.અસમાનાધિકરણ પદ મુકવાનું જ છે. એટલે જ ગગનત્વાધિકરણ ગગનમાં ઘટત્વાભાવાભાવાભાવ=સાધ્યાભાવ રહેતો હોય તો પણ એ પોતાના પ્રતિયોગી કાલિકાવચ્છિન્નપ્રતિયોગિતાક એવા ઘટત્વાભાવાભાવને સમાનાધિકરણ જ છે. કેમકે ઘટત્વાભાવનો કાલિકથી ગગનમાં અભાવ જ છે. આમ આ અભાવ લક્ષણઘટક ન બનતા બીજા અભાવને લઈને લક્ષણસમન્વય થઈ જાય. આ રીતે બધે જ વિચારી લેવું. પણ **આત્મત્વવાન્ જ્ઞાનવત્વાત્** આ સ્થાને સાધ્યતાવચ્છેદક સમવાયસંબંધથી સાધ્યનું અધિકરણ આત્મા છે. અને તેમાં તો સમવાયથી આત્મત્વાભાવ કાલિકસંબંધથી પણ રહેવાનો નથી. કેમકે આત્મા નિત્ય હોવાથી તેમાં કાલિકથી કોઈ વસ્તુ ન રહે. એટલે ત્યાં સમવાયથી ઘટાભાવ જ લેવાય. અને તેની સમવાયસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતા ઘટમાં જ હોવાથી આત્મત્વમાં આ પ્રતિયોગિતાનો અભાવ મળી જાય છે. માટે આ સાધ્ય વ્યાપ્યવૃત્તિ ગણાશે. એટલે આ સ્થલે પેલું વિશેષણ ન લેવું. એટલે જ્ઞાનાધિકરણ આત્મામાં આત્મત્વાભાવ સ્વરૂપથી કે કાલિકથી મળવાનો જ નથી. એટલે ઘટાભાવાદિ જ લેવાશે. અને તેથી લક્ષણ ઘટી જશે. **સત્તાવાન્ જાતેઃ** નું તો હમણાં જ કહી ગયા. અહીં સાધ્યતાવચ્છેદકસંબંધથી સાધ્યાધિકરણમાં કોઈપણ સંબંધથી અભાવને રાખવાની છુટ આપેલી છે. આગળ સ્વરૂપસંબંધથી જ અભાવવાળી વ્યાખ્યા કરેલી છે. દીધિતિમાં જે "સર્વથૈવ વ્યાપ્યવૃત્તિ-સાધ્યકે નોપાદેયમ" એમ આગળ કહેલું તેનો અર્થ પણ આ જ છે કે "જે સાધ્ય સ્વાધિકરણમાં કોઈપણ સંબંધથી રહેનારા અભાવનો પ્રતિયોગી ન બને. તે સર્વથા=સર્વપ્રકારે વ્યાપ્યવૃત્તિ ગણાય. અને તે સ્થાને એ વિશેષણની કોઈ જરૂર નથી" **સર્વથૈવ**નો અર્થ જ એ કે "એ સાધ્ય અમુક જ સંબંધથી વ્યાપ્યવૃત્તિ હોય એટલે કે અમુક જ સંબંધથી સ્વાધિકરણમાં રહેનારા અભાવનો અપ્રતિયોગી હોય" તેવું ન લેવું. પણ કોઈપણ સંબંધથી સ્વાધિકરણમાં રહેનારા અભાવનો અપ્રતિયોગી એ જ વ્યાપ્યવૃત્તિ તરીકે ગણવો. આમ આ બીજી વ્યાખ્યામાં અભાવ એ કોઈપણ સ્વરૂપાદિસંબંધથી નિયંત્રિત નથી. એ ધ્યાનમાં રાખવું.

**जागदीशी -- व्यभिचारादिस्तु सम्बन्धो न वृत्तिनियामकः, तेनात्मत्वादेरपि न व्याप्यवृत्तित्वहानिरिति ध्येयम्।**

---

**चन्द्रशेखरीया:** ननु आत्मनि अपि आत्मत्वाभावः घटादिनिष्ठः समानकालीनत्वेन सम्बन्धेन वर्तते एव, तस्य समवायावच्छिन्न प्रतियोगिता आत्मत्वे वर्तते इति आत्मत्वहेतुरपि अव्याप्यवृत्तिरेव इति चेत् न, समानकालीनत्वादिसम्बन्धो व्यभिचारादिसम्बन्धत्वेन कथ्यते स च वृत्त्यनियामकः। अतः "अनेन सम्बन्धेन अमुकं वस्तु अमुकस्मिन् वर्तते" इति न प्रसिद्धम्। तथा च अनेन सम्बन्धेन आत्मत्वाभावस्य आत्मनि अवर्तमानत्वादेव न आत्मत्वहेतुरव्याप्यवृत्तिः भवति, किन्तु व्याप्यवृत्तिरेव। योऽभावो यत्र स्वरूपेण न वर्तते, तत्र आत्मत्वाभावसाधकः समानकालीनत्वसम्बन्धः व्यभिचारसम्बन्धः परिगण्यते इति भावः। तथा च न तमादाय आत्मत्वहेतोः अव्याप्यवृत्तित्वापादनं युक्तम्।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** આત્મત્વાધિકરણમાં પણ ઘટવૃત્તિ એવો આત્મત્વાભાવ એ સમાનકાલીનત્વ સંબંધથી રહી જ જાય છે. અને તેનો પ્રતિયોગી આત્મત્વ બને જ છે. એટલે એ પણ અવ્યાપ્યવૃત્તિ સાધ્ય જ બની જશે.

**ઉત્તરઃ** સમાનકાલીનત્વ સંબંધ એ વ્યભિચારસંબંધ તરીકે ઓળખાય છે. અને આવા સંબંધોને વૃત્તિનિયામક જ માનેલા ન હોવાથી "આ સંબંધથી આ અભાવ અમુકમાં રહે છે અમુક વસ્તુ તેનું અધિકરણ છે" ઇત્યાદિ કહી શકાતું જ નથી. એટલે અહીં એ સંબંધથી આત્મત્વાભાવ એ સાધ્યાધિકરણવૃત્તિ તરીકે લઈ શકાતો નથી. માટે તે સાધ્ય વ્યાપ્યવૃત્તિ જ બની રહે છે.

જે ઘટાદિ-અભાવ જ્યાં=ભૂતલાદિમાં સ્વરૂપસંબંધથી રહેતા જ નથી. ત્યાં તે ઘટવત્ ભૂતલાદિમાં ઘટાદિ-અભાવને રાખી આપનાર સંબંધ એ જ વ્યભિચાર સંબંધ. આ સંબંધો વૃત્તિનિયામક ગણાતા નથી.

---

**जागदीशी -- सर्वथैव व्याप्यवृत्तिसाध्यके=प्रतियोगिवैयधिकरण्याघटित-व्याप्तिविशिष्टहेतुमत्ता-निश्चयोत्तरानुमितौ नोपादेयं=प्रतियोग्यसमानाधिकरणांशो जनकतावच्छेदके नोपादेयः। साध्य-साधनभेदेन=कार्य्य-कारणभेदेन व्याप्तेः=कारणतावच्छेदकघटकव्याप्तेः भेदात्=भिन्नत्वात् इत्यपि वदन्ति।।५।।**

---

**चन्द्रशेखरीया:** अत्र केचित् इत्यपि **वदन्ति** यत् दीधित्यां यः "सर्वथैव व्याप्यवृत्तिसाध्यकस्थले नोपादेयं साध्यसाधनभेदेन व्याप्तेर्भेदात्" इति ग्रन्थः। तस्यायमर्थः। **सर्वथैव व्याप्यवृत्तिसाध्यके=** प्रतियोगिवैयधिकरण्याघटिता (प्रतियोग्य-समानाधिकरणाघटिता) या व्याप्तिः, तद्विशिष्टो यो हेतुः, तद्वत्तानिश्चयानन्तरं उत्पद्यमानायां अनुमितौ **नोपादेयं**=तादृशानुमितिकारणतादृशनिश्चयनिष्ठकारणतावच्छेदकघटकीभूतायां व्याप्तौ प्रतियोग्यसमानाधिकरणपदं न निवेश्यम्। यतः **साध्यसाधनभेदेन**=कार्य-कारणभेदेन **व्याप्तेर्भेदात्**=परामर्शाभिधाननिश्चयात्मकज्ञाननिष्ठ-कारणतावच्छेदकघटकीभूतव्याप्तेः भेदात् इति।

अयं भावः। प्रतियोग्यसमानाधिकरणपदाघटितव्याप्तिविशिष्टहेतुमत्तानिश्चयात्मकपरामर्शजन्यानुमितिकार्ये प्रतियोग्यसमानाधिकरणपदाघटितव्याप्तिविशिष्टहेतुमत्तानिश्चयात्मकपरामर्शः एव कारणम्। प्रतियोग्यसमानाधिकरण-पदघटितव्याप्तिविशिष्टहेतुमत्तानिश्चयात्मकपरामर्शजन्यानुमितिकार्ये प्रतियोग्यसमानाधिकरणपदाघटितव्याप्ति-विशिष्टहेतुमत्तानिश्चयात्मकपरामर्शः एव कारणम् इति कार्यकारणभावद्वयाङ्गीकारः कर्तव्यः।

**चन्द्रशेखरीयाः वदन्तिः** અહીં કોઈક વળી દીધિતિની પંક્તિનો અર્થ આ પ્રમાણે પણ કરે છે કે પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ વિનાની વ્યાપ્તિથી વિશિષ્ટ એવા હેતુનું પક્ષમાં નિશ્ચયજ્ઞાન થવાથી તેની પછી જે અનુમિતિ થાય. તે **"સર્વથૈવ વ્યાપ્યવૃત્તિસાધ્યક અનુમિતિ"** ગણાય. આ સ્થલે કારણતા-અવચ્છેદકમાં=તાદૃશહેતુમત્તાજ્ઞાનમાં રહેલી કારણતાના અવચ્છેદકધર્મના અંશમાં તે વિશેષણ ન મુકવું. કેમકે **સાધ્ય-સાધનભેદથી=**કાર્ય-કારણભેદથી **વ્યાપ્તિ=**કારણતાવચ્છેદકઘટક એવી વ્યાપ્તિઓ પણ જુદી-જુદી જ માનેલી છે.

એટલે કે

"પ્રતિયોગિ-અસમાનાધિકરણપદ-અઘટિતવ્યાપ્તિવિશિષ્ટજ્ઞાનત્વાદિહેતુમત્તાના નિશ્ચય પછી થનારી અનુમિતિ પ્રત્યે પ્રતિયોગિ-અસમા.પદ-અઘટિતવ્યાપ્તિવિશિષ્ટ-જ્ઞાનત્વાદિ-હેતુમત્તાનો નિશ્ચય એ કારણ છે. પ્રતિયોગિ-અસમાનાધિકરણપદ-ઘટિતવ્યાપ્તિવિશિષ્ટધૂમાદિહેતુમત્તાના નિશ્ચય પછી થનારી અનુમિતિ પ્રત્યે પ્રતિયોગિ-અસમા.પદ-ઘટિતવ્યાપ્તિવિશિષ્ટધૂમાદિહેતુમત્તાનો નિશ્ચય એ કારણ છે. એ રીતે બ કા.કા.ભાવ માની લેવા." એમ કહેવાનો આશય છે.

---

## दीधिति

**प्रतियोग्यसामानाधिकरण्यञ्च,-प्रतियोगितावच्छेदकावच्छिन्नासामानाधिकरण्यं, तेन,-अयं गुणकर्मान्यत्वविशिष्टसत्तावान् जातेः, भूतत्व-मूर्त्तत्वोभयवान् मूर्त्तत्वादित्यादौ नातिव्याप्तिः।**

---

**जागदीशी -- 'एकधर्म्मावच्छिन्नप्रतियोगितायाः प्रतियोगिव्यक्तीनां भेदेऽप्यैक्य'मिति नव्यमते-वह्निमान् धूमादित्यादौ [साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोगिवैयधिकरण्यमात्रोक्तावपि] वह्न्यादिसामान्याभावमादाया-व्याप्त्यसम्भवादति-व्याप्तिवारणमेव प्रयोजनमाह- *तेनेति*।**

---

**चन्द्रशेखरीयाः** दीधित्यां इत्थं प्रतिपाद्यते-प्रतियोग्यसमानाधिकरणत्वं च प्रतियोगितावच्छेदकावच्छिन्नासमानाधिकरणत्वं ग्राह्यम्। अन्यथा **अयं गुणकर्मान्यत्वविशिष्टसत्तावान् जातेः** इति अत्रातिव्याप्तिः भवेत्। जात्यधिकरणे गुणे विशिष्टसत्ताऽभावोऽस्ति, किन्तु तत्प्रतियोगि विशिष्टसत्वं शुद्धसत्वाभिन्नमेव। तच्च शुद्धसत्वं गुणे वर्तते। अतः गुणे

वर्तमानो विशिष्टसत्ताऽभावः स्वप्रतियोगिविशिष्टसत्ताऽभिन्नशुद्धसत्तासमानाधिकरण एव इति न स लक्षणघटकः। किन्तु घटाभावः इति साध्याभावस्य लक्षणाघटकत्वात् अभावान्तरमादायातिव्याप्तिः भवति। यथोक्तपरिष्कारे तु न दोषः। विशिष्टसत्ताऽभावप्रतियोगितावच्छेदकं विशिष्टसत्तात्वं, तदवच्छिन्ना विशिष्टसत्ता एव। सा च गुणे न वर्तते।

अतो गुणे वर्तमानो विशिष्टसत्ताऽभावः प्रतियोगितावच्छेदकविशिष्टसत्तात्वावच्छिन्नविशिष्टसत्ताऽसमानाधिकरण एव इति साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः।

ननु "निरुक्तपरिष्कारेऽक्रियमाणे **वह्निमान् धूमात्** इति अत्राव्याप्तिः भवति" इत्येव कथं नोक्तं? प्रतियोग्य-समानाधिकरणत्वं नाम प्रतियोगिताश्रयाधिकरणावृत्तित्वमेव। धूमाधिकरणे वह्नि-अभावः कालिकेन वर्तते। स च स्वप्रतियोगिताश्रयमहानसीयवह्नि-अधिकरणमहानसे अवर्तमानः एव अस्ति। प्रतियोगितायाः प्रतिप्रतियोगि भिन्नत्वात् वह्नि-अभावप्रतियोगिताश्रयः पर्वतवह्निः, महानसीयवह्निः, चत्वरवह्निश्च पृथक् पृथक् ग्रहीतुं शक्यन्ते। यद्यपि महानसेऽपि वह्नि-अभावः कालिकेन अस्ति। तथापि पर्वतवृत्तिः वह्नि-अभावः न महानसे वर्तते इत्यतो निरुक्तरीत्याऽव्याप्तिः संभवति। तद्वारणाय एव प्रतियोगितावच्छेदकावच्छिन्न-समानाधिकरणत्वरूपः परिष्कारः समुचितः। प्रति.योगितावच्छेदकवह्नित्वावच्छिन्नास्तु सर्वे वह्नयः। तत्र पर्वतीयवह्निरपि अन्तर्भूतः। स च पर्वते वर्तते। अतः पर्वतवृत्तिः वह्नि-अभावः प्रतियोगितावच्छेदकावच्छिन्नवह्निसमानाधिकरणः इत्यतः साध्याभावो न लक्षणघटकः। तस्मात् अभावान्तरमादाय लक्षणसमन्वयो भवति" इति एवंरीत्या कथं नोक्तं? दीधितिकारेण कथं प्रथमतः एव अतिव्याप्तिः प्रदर्शिता? इति चेत्।

न, नवीनानां मते एकधर्मावच्छिन्ना प्रतियोगिता अनन्तप्रतियोगिषु अपि एकैव, न तु भिन्ना। तथा च वह्नित्वावच्छिन्ना प्रतियोगिता सर्वेषु वह्निषु एकैव। अतः उक्तपरिष्काराभावेऽपि न तेषां मतेऽव्याप्तिः संभवति। वह्नि-अभावस्य प्रतियोगितायाः आश्रयाः सर्वे वह्नयः, न तु पृथक् पृथक् वह्नयः ग्रहीतुं शक्यन्ते। तेषु मध्ये पर्वतवह्निरपि अस्ति। स च पर्वते वर्तते। अतः पर्वतवृत्तिः वह्नि-अभावः स्वप्रतियोगिताश्रय-समानाधिकरण एव इति न स लक्षणघटकः। अतोऽभावान्तरमादाय लक्षणसमन्वयो भवति। तथा च नवीनानां मतेऽव्याप्तिवारणाय अयं परिष्कारो न संभवति। परिष्कारं विनापि अव्याप्तेरभावात्। अत्र च सर्वोऽपि परिष्कारः प्रायः सर्वाभिमतः एव क्रियते इत्यतो "अव्याप्तिवारणाय तत्परिष्कारः कृतः" इति नोक्तं। किन्तु "विशिष्टसत्तासाध्यकस्थलेऽतिव्याप्तिवारणाय तादृशपरिष्कारः कृतः" इत्येव दीधित्यामुक्तमिति ध्येयम्।

अत्र जागदीश्यां "साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोगि-वैयधिकरण्यमात्रोक्तावपि" इति पाठः। तस्यार्थः "साध्यतावच्छेदकसंयोगसम्बन्धेन प्रतियोग्यसमानाधिकरणमात्रोक्तावपि" इति। अर्थात् संयोगसम्बन्धेन वह्नि-अभावप्रतियोगिताश्रयवह्निसामान्यस्य अधिकरणे अवर्तमान अभावः इति। विवृत्तिटीकायां तु वामाचरणेन "साध्यतावच्छेदकसम्बन्धेन" इति पदस्यार्थो न कृतः। यद्यपि तत्पदं आवश्यकमेव। अन्यथा वह्नि-अभावप्रतियोगिताश्रयाणां सर्वेषां वह्निनां समवायेन अधिकरणानि वह्नि-अवयवाः, तेषु च अवर्तमानः, पर्वते कालिकेन वर्तमानः वह्नि-अभावः

अस्ति इति साध्याभाव एव लक्षणघटको भवेत्। तथा च अव्याप्तिः भवेदेव। अतः साध्यतावच्छेदकसंयोगेनैव प्रतियोगिताश्रयाधिकरणं वाच्यम्। किन्तु अस्य महती चर्चा अत्रैव ग्रन्थे अग्रे करिष्यते इति वामाचरणेन न तस्य विवेचनं कृतं इति वयं उत्प्रेक्षामः।

**ચન્દ્રશેખરીયા:** દીધિતિમાં કહે છે કે પ્રતિયોગિ-અસમાનાધિકરણ એવો અભાવ લેવાનો છે. તો **"અયં ગુણકર્માન્યત્વવિશિષ્ટ સત્તાવાન્ જાતેઃ"** માં વાંધો આવે. કેમકે ત્યાં જાતિ અધિકરણ ગુણમાં વિશિષ્ટસત્તા-અભાવ મળે છે. પણ તેનો પ્રતિયોગી વિશિષ્ટસત્તા છે. અને તે શુદ્ધસત્તાથી અભિન્ન છે. એટલે શુ.સત્તા પણ પ્રતિયોગી ગણાય. અને તે તો ગુણમાં રહેલ જ હોવાથી આ વિ.સત્તા.અભાવ એ સ્વપ્રતિયોગિ-સમાનાધિકરણ બની જતાં આ સાધ્યાભાવ લક્ષણ ઘટક બને નહિ. અને તો પછી તાદૃશઘટાભાવાદિને લઈને લક્ષણસમન્વય થઈ જતા અતિવ્યાપ્તિ આવે. પણ ઉપર્યુક્ત વિવક્ષાથી તે આપત્તિ ન આવે. પ્રતિયોગિતાવચ્છેદકવિ.સત્તાત્વાવચ્છિન્ન તો વિ.સત્તા જ છે. અને તે તો ગુણમાં ન રહેલી હોવાથી ગુણમાં રહેલો વિ.સત્તા-અભાવ એ સ્વપ્રતિયોગિતાવચ્છેદક વિ.સત્તાત્વાવચ્છિન્નવિશિષ્ટસત્તાને અસમાનાધિકરણ મળી જાય છે. આમ સાધ્યાભાવ લક્ષણઘટક બની જતાં અતિવ્યાપ્તિ ન આવે.

**પ્રશ્નઃ** આમ તો આ ખુલાસો ન કરે તો **વહ્નિમાન્ ધુમાત્** માં પણ અવ્યાપ્તિ આવે જ છે ને? કેમકે "પ્રતિયોગિ-અસમાનાધિકરણ=પ્રતિયોગિતાવાળાના અધિકરણમાં ન રહેનાર..." એવો અર્થ થાય. હવે ધૂમાધિકરણપર્વતમાં કાલિકથી વહ્નિ-અભાવ રહે છે. એની પ્રતિયોગિતા મહાનસીયયવહ્નિ, પર્વતીયવહ્નિ, ચત્વરીયવહ્નિ વિગેરેમાં જુદી જુદી છે. એટલે આ પ્રતિયોગિતાનો આશ્રય મહાનસીયવહ્નિ લઈએ તો એ મહાનસીયવહ્નિનું અધિકરણ તો મહાનસીયવહ્નિ જ છે. પર્વત નથી. એટલે પર્વતમાં રહેલો વહ્નિ-અભાવ એ સ્વપ્રતિયોગિતાશ્રયમહાનસીયવહ્નિના અધિકરણ એવા મહાનસમાં ન રહેનારો હોવાથી તે લક્ષણઘટક બની જતાં અવ્યાપ્તિ આવે. મહાનસમાં પણ કાલિકથી વહ્નિ-અભાવ છે. પણ પર્વતવૃત્તિવહ્નિ-અભાવ તો મહાનસમાં અવૃત્તિ જ છે. એટલે આ પ્રમાણે કહી શકાય. એટલે ખરેખર તો દીધિતિમાં એમ જ કહેવું જોઈએ કે આ સ્થાને અવ્યાપ્તિ નિવારવા માટે "પ્રતિયોગિતાવચ્છેદકાચ્છિન્ન-અસમાનાધિકરણ એવો અભાવ લેવો" જ્યારે દીધિતિમાં તો જે એમ કહ્યું છે કે અતિવ્યાપ્તિ નિવારવા માટે પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન-અસમાનાધિકરણ એવો અભાવ લેવો" એ વિધાન તો ઘણું દૂરનું છે. પ્રતિયોગિતાવચ્છેદકવહ્નિત્વાવચ્છિન્ન તમામ વહ્નિઓ બને તેમાં પર્વતીયવહ્નિ પણ બને. અને પર્વતમાં કાલિકેન રહેલો વહ્નિ-અભાવ એ પર્વતીય વહ્નિને સમાનાધિકરણ જ હોવાથી તે લક્ષણઘટક ન બનતા બીજા અભાવને લઈને લક્ષણ સમન્વય થઈ જાય.

**ઉત્તરઃ** તમારી વાત સાચી છે. પણ નવીન નૈયાયિકો તો વહ્નિત્વાદિ એક જ ધર્મથી અવચ્છિન્ન પ્રતિયોગિતાઓને અનંતવહ્નિઓમાં=પ્રતિયોગીઓમાં એક જ માને છે જુદી જુદી માનતા નથી. એટલે એમના મતે તો "પ્રતિયોગિતા-આશ્રયાધિકરણ-અવૃત્તિ" એવો અભાવ લઈએ તો ય કોઈ અવ્યાપ્તિ ન આવે. કેમકે વહ્નિ-અભાવની પ્રતિયોગિતા એક જ હોવાથી તેના આશ્રય તરીકે બધા વહ્નિ લેવા પડે અને તેમાં પર્વતીયવહ્નિ પણ આવે. અને તેનું અધિકરણ પર્વત બને અને તેમાં વર્તમાન આ કાલિકેન વહ્નિ-અભાવ છે. એટલે આ અભાવ "અવૃત્તિ" તરીકે

ન મળતા સાધ્યાભાવ લક્ષણઘટક ન બન્યો. પરિણામે બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જાય છે. અહીં દીધિતિકાર જે ખુલાસો આપે છે તે બધાને માન્ય બને એ રીતે આપવા માંગે છે. એટલે અવ્યાપ્તિ નિવારવા માટે નિરુક્ત પરિષ્કાર કહે તો તો નવીનોને એ માન્ય ન બને. માટે જ બધાને માન્ય બને એ માટે જ અતિવ્યાપ્તિ દેખાડી. તે નિવારવા માટે "પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગિ-અસમાનાધિકરણ એવો ખુલાસો જણાવ્યો. અહીં જાગદીશીમાં "સાધ્યતાવચ્છેદકસંબંધેન પ્રતિયોગિવૈયધિકરણ્યમાત્રોક્તાવપિ" એ પાઠ છે. એમાં "સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધથી વહ્નિરૂપપ્રતિયોગિનું(=વહ્નિ-અભાવની પ્રતિયોગિતાના આશ્રય તમામ વહ્નિનું) જે અધિકરણ તેમાં અવૃત્તિ એવો અભાવ "એટલું કહેવાથી જ **વહ્નિમાન્ ધૂમાત્માં** અવ્યાપ્તિ દૂર થઈ જાય છે." એમ અર્થ કરવો. વામાચરણજીએ સાધ્યતાવચ્છેદકસંબંધેન... એ પદનો કોઈ અર્થ કર્યો નથી. એનું કારણ એ કે આ પદ જરૂરી તો છે જ. પણ એની વિસ્તારથી ચર્ચા આગળ કરવાના છે. એટલે અત્યારે તેને લેવાનું કોઈ પ્રયોજન નથી. બાકી તે આગળ તો લેવાના જ છે. એ ન લે તો સમવાયથી વહ્નિનું અધિકરણ વહ્નિ-અવયવો બને અને તેમાં અવૃત્તિ એવો પર્વતનિષ્ઠ વહ્નિ-અભાવ મળી જ જવાનો. અને તો પછી અવ્યાપ્તિ આવે જ. એટલે "સાધ્યતાવચ્છેદક સંબંધેન પ્રતિયોગિ-અધિકરણ" લેવાનું આવશ્યક તો છે જ.

---

**जागदीशी -- न च विशिष्टसत्त्वस्य व्याप्यवृत्तितया तत्साध्यके प्रतियोगिवैयधिकरण्याप्रवेशादिदमसङ्गतमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** ननु सर्वमिदं निरूपणं निरर्थकं। विशिष्टसत्तायाः व्याप्यवृत्तिसाध्यत्वात् अत्र लक्षणे प्रतियोग्यसमानाधिकरणपदमेव न निवेश्यम्। तथा च जात्यधिकरणे विशिष्टसत्ताऽभावस्य विद्यमानत्वात् नातिव्याप्तिः, "स अभावः प्रतियोगिसमानाधिकरणः प्रतियोगिव्यधिकरणो वा" इत्यादिविचारस्यैवात्रानवकाशात्। कथं विशिष्टसत्वं व्याप्यवृत्ति? इति चेत् इत्थं, विशिष्टसत्वं स्वाधिकरणे द्रव्यादौ स्वरूपेण वर्तमानस्य गुणत्वाद्यभावस्याप्रतियोगि इति व्याप्यवृत्तिपदस्य प्रथमा व्याख्या अत्र घटते। विशिष्टाभावस्तु अत्र न ग्रहीतुं शक्यते। अतः विशिष्टसत्त्वं व्याप्यवृत्ति एव। तथा च निरुक्तरीत्याऽत्रातिव्याप्तिदानं निरर्थकमेव इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" માત્રનો નિવેશ કરીએ તો **વિશિષ્ટસત્તાવાન્ જાતેઃ** એ સ્થલે તમે અતિવ્યાપ્તિ આપો છો. પણ એ ખોટી વાત છે. કેમકે વ્યાપ્યવૃત્તિની પહેલી વ્યાખ્યા પ્રમાણે તો વિ.સત્તા એ વ્યાપ્યવૃત્તિ જ બને છે. વિ.સત્તાએ સ્વાધિકરણ એવા દ્રવ્યમાં સ્વરૂપથી વર્તમાન એવા ઘટત્વાભાવાદિનો અપ્રતિયોગી જ છે. દ્રવ્યમાં વિ.સત્તા-અભાવ મળવાનો જ નથી. એટલે આ સાધ્ય વ્યાપ્યવૃત્તિ ન હોવાથી "પ્રતિ. અસમાનાધિકરણ" પદ અહીં મુકવાનું જ નથી. એટલે જાત્યધિકરણ એવા ગુણાદિમાં વિ.સત્તા-અભાવ સીધો જ મળી જાય. એટલે અતિવ્યાપ્તિ ન આવે. એ વિ.સત્તા-અભાવ "પ્રતિ.સમાના. છે કે નહીં?" એની વિવક્ષા જ કરવાની નથી.

---

**जागदीशी -- जातौ विशिष्टसत्त्वव्यभिचारज्ञानदशायामपि विशिष्टसत्त्वधर्मिकजातिमन्निष्ठ-**

**प्रतियोगिव्यधिकरणा-भावाप्रतियोगित्वज्ञानात् विशिष्टसत्त्वसाध्यकानुमितिप्रसङ्गस्यैव प्रकृतेऽतिप्रसङ्ग-पदार्थत्वात् प्रागुक्तरीत्या विशिष्टसत्त्वस्यापि व्याप्यवृत्तित्वविरहाच्च।**

---

**चन्द्रशेखरीयाः अत्रोच्यते**। यद्यपि विशिष्टसत्तायाः व्याप्यवृत्तित्वात् अत्र प्रतियोग्यसामानाधिकरणपदाघटिता एव व्याप्तिः वक्तव्या। सा च अत्र नातिव्याप्ता, साध्याभावस्यैव लक्षणघटकत्वात्। अतो **विशिष्टसत्तानिरूपितव्याप्त्य-भाववान् जातिः** इति व्यभिचारज्ञानं अत्र भवति। तथापि प्रतियोग्यसमानाधिकरणपदघटितव्याप्तिविषयकज्ञानं तु अत्रापि संभवत्येव। ज्ञानोत्पादे तु न कोऽपि प्रतिबंधकः। अतो विशिष्टसत्तानिरूपितप्रतियोग्यसमानाधिकरण-पदघटितव्याप्तिमद्जातिमान्... इति परामर्शज्ञानं प्रमात्मकं संभवति एव। तेन च विशिष्टसत्वसाध्यिकाऽनुमितिः उत्पद्यते। सा च प्रमात्मकज्ञानजन्यत्वात् प्रमैव मन्तव्या। किन्तु सा भ्रमरूपैव मन्यते, "गुणः विशिष्टसत्तावान्" इत्याकारकत्वात्। अतः एतादृगनुमित्युत्पत्यापत्तिरेव अतिव्याप्तित्वेन अत्र प्रतिपादिता बोध्या।

अयं भावः। व्याप्यवृत्तिसाध्यके विशिष्टसत्तासाध्यकात्मके प्रतियोग्यसमानाधिकरणपद्यघटितमेव व्याप्तिलक्षणम्। तच्च अत्र नातिव्याप्तं इति प्रागेव भावितम्। अतः अत्र "जातिहेतौ विशिष्टसत्ताव्यभिचारोऽस्ति" इति ज्ञानं भवति। तादृशे ज्ञाने विद्यमानेऽपि" विशिष्टसत्वं जातिमन्निष्ठप्रतियोग्यसमानाधिकरणघटाभावाद्यप्रतियोगि" इत्यपि ज्ञानं भवति। अर्थात् प्रतियोग्यसमानाधिकरणपदघटितव्याप्तिज्ञानं तु सुलभमेव। तज्ज्ञानात् च अनुमित्यापत्तिः इति सा एव अतिव्याप्तित्वेन दीधित्यां प्रोक्ता मन्तव्या।

ननु अनुमित्युत्पत्तिरूपातिव्याप्तिवारणं तु प्रकारान्तरेणाऽपि संभवति। व्याप्यवृत्तितानवच्छेदक- धर्मावच्छिन्न-साध्यताकानुमितिं प्रति प्रतियोगिताश्रयाधिकरणावृत्ति-हेत्वधिकरणवृत्यभावप्रतियोगितानवच्छेदकत्वज्ञानस्य हेतुत्वम् इति मन्तव्यम्। विशिष्टसत्तात्वं तु विशिष्टसत्तानिष्ठव्याप्यवृत्तितायाः अवच्छेदकं। अतो विशिष्टसत्तात्वावच्छिन्न-साध्यताकानुमितिः व्याप्यवृत्तितानवच्छेदकधर्मावच्छिन्नसाध्यकानुमितिः न भवति। तथा च निरुक्तज्ञानस्य विशिष्टसत्तासाध्यकानुमितिं प्रति अकारणत्वात् न तेन ज्ञानेन विशिष्टसत्तासाध्यकानुमित्युत्पत्तिः भवति। एवं च न प्रतियोगितावच्छेदकावच्छिन्नासमानाधिकरण्यं"... इत्यादि परिष्कारः समुचितः। तद् विनैव अतिव्याप्तिवारणसंभवात् इति चेत्।

न, एवमपि व्याप्यवृत्तिपदस्य द्वितीयव्याख्यानुसारेण तु विशिष्टसत्वमपि अव्याप्यवृत्ति एव। तथा हि विशिष्टसत्वाधिकरणं द्रव्यं। तत्र जात्यादौ वर्तमानः विशिष्टसत्ताऽभावः कालिकेन वर्तते। समवायावच्छिन्नप्रतियोगिताकस्य तस्य प्रतियोगिता विशिष्टसत्तायाम् अस्ति, न तु तादृशप्रतियोगिताऽभावः। एवं च अत्र विशिष्टसत्वं अव्याप्यवृत्ति एव। तस्मात् तत्साध्यके प्रतियोग्यसमानाधिकरणपदं निवेश्यमेव। तथा च प्रोक्तपरिष्कारेऽक्रियमाणे यथाऽतिव्याप्तिर्भवति, यथा च प्रतियोगितावच्छेदकावच्छिन्नासमानाधिकरण... इति परिष्कारेण अतिव्याप्तिनिरासो भवति इति सर्वं अनन्तरमेव निरूपितं। न पुनः प्रतन्यते।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** તમારી વાત સાચી છે. પ્રતિ.અસમા.પદ વિનાની વ્યાપ્તિની અપેક્ષાએ તો જાતિ=હેતુ એ વિ.સત્તાનિરૂપિતવ્યાપ્તિવાળું બનતું નથી. અર્થાત્ "જાતિમાં વિ.સત્તાનો વ્યભિચાર છે જ" પણ એ જ્ઞાન થવા છતાં ય વિ.સત્તાથી નિરૂપિત એવી જાતિમન્નિષ્ઠ-પ્રતિયોગિ-અસમાનાધિકરણપદઘટિતવ્યાપ્તિનું તો એ જાતિમાં જ્ઞાન થઈ જ શકે છે. અને તે જ્ઞાન થવાથી અહીં પરામર્શજ્ઞાનરૂપ આ કારણ દ્વારા વિશિષ્ટસત્તાસાધ્યક અનુમિતિ થવાથી આપત્તિ આવશે. અને પેલું પરામર્શજ્ઞાન સાચું હોવાથી આ અનુમિતિ પણ સાચી માનવાની આપત્તિ આવશે. આમ અહીં અતિવ્યાપ્તિ એટલે "વ્યાપ્તિલક્ષણ એ લક્ષ્યેતરમાં ઘટી જવું" એવો અર્થ ન કરવો પણ "પ્રતિયોગિ-અસમા.પદઘટિતવ્યાપ્તિપ્રકારક-પરામર્શપ્રમાજ્ઞાનથી પ્રમાત્મક અનુમિતિ થવાની આપત્તિ" એ જ અતિવ્યાપ્તિ.

આશય એ છે કે આ સાધ્ય વ્યાપ્યવૃત્તિ હોવાથી અહીં વ્યાપ્તિ લક્ષણ તો પ્રતિ.અસમા.વિશેષણ-અઘટિત જ લેવાનું છે. અને એ લક્ષણ અહીં ઘટવાનું નથી. કેમકે સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જાય છે. એટલે લક્ષણ તો અતિવ્યાપ્ત બનવાનું નથી જ. પણ આ "**વિ.સત્તાનિરૂપિતવ્યભિચારવતી જાતિઃ**" એવું જ્ઞાન હોવા છતાં પણ "**પ્રતિ.અસમાના. વિશેષણ ઘટિતવ્યાપ્તિમતી જાતિઃ**" એવું જ્ઞાન તો શક્ય જ છે. કેમકે જ્ઞાનને કંઈ રોકી ન શકાય. અને એ જ્ઞાન સાચું પણ છે જ. અને તેથી તેના દ્વારા આ સ્થલે પ્રમાત્મક અનુમિતિ થવાની આપત્તિ આવે જ છે. એને જ અતિવ્યાપ્તિ તરીકે ગણવી.

**પ્રશ્ન:** આવી અતિવ્યાપ્તિ તો બીજી રીતે દૂર થઈ શકે છે. વ્યાપ્યવૃત્તિતાનવચ્છેદકધર્મઅવચ્છિન્નસાધ્યતાકઅનુમિતિ પ્રત્યે જ પ્રતિયોગિ-અસમાનાધિકરણહેતુમન્નિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદકત્વાદિજ્ઞાન કારણ માનશું. વિ.સત્તા એ વ્યાપ્યવૃત્તિ હોવાથી વિ.સત્તાત્વ એ તો વ્યાપ્યવૃત્તિતાવચ્છેદક છે. અને તેનાથી અવચ્છિન્ન વિ.સત્તા છે. એટલે વિ.સત્તાસાધ્યક-અનુમિતિ તો વ્યાપ્યવૃત્તિતાનવચ્છેદકધર્માવચ્છિન્નસાધ્યતાક ન હોવાથી નિરુક્તજ્ઞાન દ્વારા તે અનુમિતિ થવા રૂપ અતિવ્યાપ્તિ પણ નહીં આવે. એટલે પ્રતિયોગિ-અસમાનાધિકરણ...=પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્ન... એવો ખુલાસો કરવાની કોઈ જરૂર નથી.

**ઉત્તર:** જવા દો એ વાત. વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે તો આ વિ.સત્તા પણ અવ્યાપ્યવૃત્તિ સાધ્ય જ છે. કેમકે "સાધ્યતાવચ્છેદકસમવાયસંબંધથી વિ.સત્તાનું અધિકરણ જે દ્રવ્ય, તેમાં વિશેષનિષ્ઠ એવો વિ.સત્તા-અભાવ કાલિકથી રહે જ છે. અને તેની પ્રતિયોગિતા વિ.સત્તામાં છે. એટલે વિ.સત્તામાં તાદૃશપ્રતિયોગિતા-અભાવ ન મળતા તે વ્યાપ્યવૃત્તિ ન ગણાય. અને એટલે આ સ્થાને વ્યાપ્તિલક્ષણ પ્રતિયોગિ-અસમાનાધિકરણપદથી ઘટિત જ બનવાનું. અને તો પછી જાત્યધિકરણ ગુણાદિમાં વિશિષ્ટસત્તા-અભાવ એ સ્વપ્રતિયોગિવિશિષ્ટસત્તાઽભિન્નશુદ્ધસત્તાને સમાનાધિકરણ જ બને છે. [ગુણમાં શુ.સત્તા રહેલી છે માટે] એટલે આ સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા ઘટાભાવાદિ લઈને લક્ષણસમન્વય થઈ જતાં અતિવ્યાપ્તિ આવે જ. તે નિવારવા માટે ઉપર્યુક્ત ખુલાસો જરૂરી છે. વિ.સત્તા-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક વિ.સત્તાત્વ છે. અને તદવચ્છિન્ન વિ.સત્તા જ બને. અને તે તો ગુણમાં ન રહેતી હોવાથી ગુણનિષ્ઠ=વિ.સત્તા-અભાવ એ સ્વપ્રતિયોગિ-અસમા. બની જાય. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी -- ननु विशिष्टस्यातिरिक्तत्वमते तत्रातिव्याप्त्यसम्भव इत्यत आह- *भूतत्वेति*।**

**चन्द्रशेखरीयाः** ननु येषां मते विशिष्टसत्वं शुद्धसत्वात् भिन्नमेव। तेषां मते तु परिष्कारं विनाऽपि नातिव्याप्तिः। जात्यधिकरणे गुणे विशिष्टसत्त्वाभावः अस्ति। तत्प्रतियोगि विशिष्टसत्त्वमेव। न तु शुद्धसत्त्वम्। द्वयोः परस्परं भिन्नत्वात्। विशिष्टसत्त्वं च न गुणे वर्तते। अतःअत्र विशिष्टसत्त्वाभावः स्वप्रतियोग्यसमानाधिकरणः। तथा च साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः इति व्यर्थ एव तादृशः परिष्कारः इति चेत् न, तथापि **भूतत्वमूर्तत्वोभयवान् मूर्तत्वात्** इति अत्रातिव्याप्तिः भवति। मूर्तत्वाधिकरणे तादृशोभयाभावः। तस्य प्रतियोगिता तु मूर्तत्वे भूतत्वे च भिन्ना एव। तथा च तादृशाभावप्रतियोगिताश्रयं मूर्तत्वं गृह्यते, तच्च मनसि वर्तते। तथा च तादृशोभयाभावः स्वप्रतियोगिताश्रयमूर्तत्वसमानाधिकरणः इति न स लक्षणघटकः। अतोऽभावान्तरमादाय लक्षणघटनात् अतिव्याप्तिः। प्रतियोगितावच्छेदकावच्छिन्नासमानाधिकरणत्व-विवक्षायां तु न कोऽपि दोषः। भूतत्वमूर्तत्वोभयाभावप्रतियोगितावच्छेदकं तादृशोभयत्वं। तदवच्छिन्नं च तादृशोभयमेव। न केवलं मूर्तत्वं भूतत्वं वा। तदुभयं च मनसि न वर्तते। अतः मनसि वर्तमानः भूतत्वमूर्तत्वोभयाभावः प्रतियोगितावच्छेदकावच्छिन्नासमानाधिकरण एव इति साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः इति भावः।

**चन्द्रशेखरीयाः પ્રશ્નઃ** આ તો વિ.સત્તા અને શુ.સત્તા એક માનીએ તો જ અતિવ્યાપ્તિ આવે છે ને? જેઓ તે બેને જુદા જ માને છે તેને તો કોઈ દોષ નથી. ગુણમાં વિ.સત્તા-અભાવ છે. તેનો પ્રતિયોગી વિ.સત્તા જ છે. શુ.સત્તા નથી જ. અને તે વિ.સત્તા ગુણમાં નથી એટલે આ અભાવ સીધી રીતે જ પ્રતિ.અસમા. બની જતાં અતિવ્યાપ્તિ આવવાની જ નથી એટલે પેલા ખુલાસાની જરૂર જ નથી.

**ઉત્તરઃ** તો પછી **भूतत्वमूर्तत्वोभयवान् मूर्तत्वात्** આ ખોટા સ્થાને અતિવ્યાપ્તિ આવશે. મૂર્તત્વ તો મનમાં પણ છે. ત્યાં ઉભય નથી. એટલે આ સ્થાન તો ખોટું જ છે. અહીં મૂર્તત્વાધિકરણ મનમાં ભૂતત્વમૂર્તત્વોભયાભાવ મળી જાય. તેની પ્રતિયોગિતાનો આશ્રય ભૂતત્વ અને મૂર્તત્વ બને. એમાંથી મૂર્તત્વ લઈએ, તો એ મનમાં છે જ. એટલે આ અભાવ એ સ્વપ્રતિયોગિતા-આશ્રયમૂર્તત્વ-સમાનાધિકરણ બની જવાથી તે ન લેવાય. એટલે બીજા અભાવને લઈને લક્ષણસમન્વય થઈ જતા અતિવ્યાપ્તિ આવે. પણ પ્રતિયોગિતાવચ્છેદક-અસમાના. લેવાથી હવે વાંધો ન આવે. પ્રતિયોગિતા-અવચ્છેદક તો ઉભયત્વ છે. તેનાથી અવચ્છિન્ન તો ઉભય જ બને. સ્વતંત્ર મૂર્તત્વ ન બને. અને તે ઉભય તો મનમાં ન હોવાથી મનમાં રહેલો તાદશોભયાભાવ એ પ્રતિયોગિ-અસમા. બની જવાથી સાધ્યાભાવ જ લક્ષણઘટક બન્યો. માટે અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी -- प्राञ्चस्तु-"विशिष्टसत्त्वस्य व्याप्यवृत्तितया तत्साध्यके प्रतियोगिवैयधिकरण्याप्रवेशात् 'भूतत्वेति' साध्यान्तरं तत्र च भूतत्वम्=आत्मान्यत्वे सति विशेषगुणवत्त्वं। मूर्त्तत्वम्=अवच्छिन्नपरिमाणवत्त्वं। तदुभयञ्चाव्याप्यवृत्त्येव, घटादावुत्पत्तिकालावच्छेदेन तदुभयाभावसत्त्वात्" इत्याहुः।**

**चन्द्रशेखरीया:** अत्र **प्राचीनाः** इत्थं कथयन्ति-दीधित्यां प्रथमं विशिष्टसत्त्वसाध्यकस्थलेऽतिव्याप्तिः प्रदर्शिता। किन्तु विशिष्टसत्त्वस्य प्रथमव्याख्यानुसारेण व्याप्यवृत्तित्वात् तत्र प्रतियोग्यसमानाधिकरणपदाघटितमेव लक्षणम् वाच्यम्। तच्च नातिव्याप्तम् इति अनन्तरं भावितमेव। अतः दीधित्यां **भूतत्वमूर्तत्वोभयवान् मूर्तत्वात्** इति द्वितीयानुमानेऽतिव्याप्तिः प्रदर्शिता। भूतत्वमूर्तत्वोभयं तु व्याप्यवृत्तिपदस्य प्रथमव्याख्यानुसारेणापि अव्याप्यवृत्ति एव। यतो भूतत्वं नाम आत्मभिन्नत्वे सति विशेषगुणवत्त्वम्। तच्च आकाशे पृथ्वीचतुष्के च वर्तते। मूर्तत्वं नामावच्छिन्नपरिमाणवत्त्वम् अपकृष्टपरिमाणवत्त्वम् इति यावत्। तच्च मनसि पृथ्वीचतुष्के च वर्तते। तादृशोभयं च घटे वर्तते। घटे च उत्पत्तिकाले विशेषगुणमात्रस्याभावात् विशेषगुणवत्ताघटितं भूतत्वं, अपकृष्टपरिमाणस्याभावात् तद्वत्ताघटितं मूर्तत्वं च नास्ति। अतः तादृशोभयाधिकरणे उत्पत्तिकालावच्छेदेन स्वरूपसम्बन्धेनोभयाभावो वर्तते। तत्प्रतियोगि च उभयं इति भूतत्वमूर्तत्वोभयं अव्याप्यवृत्ति एव। तथा च तत्र प्रतियोग्यसमानाधिकरणपदघटितमेव लक्षणम्। तच्च प्रोक्तपरिष्काराभावेऽतिव्याप्तं। परिष्कारकरणे च नातिव्याप्तं भवति इति भावितं प्राक्। न पुनः विस्तरः क्रियते इति।

**चन्द्रशेखरीया:** આ બાબતમાં પ્રાચીનો એમ કહે છે કે વિશિષ્ટસત્તાસાધ્યક સ્થલે અતિવ્યાપ્તિ બતાવી ખરી. પણ એ વિ.સત્તા એ પહેલી વ્યાપ્યવૃત્તિની વ્યાખ્યા પ્રમાણે તો વ્યાપ્યવૃત્તિ સાધ્ય જ છે. એટલે આ સ્થાંને પ્રતિ.અસ.પદ મુકવાનું જ ન હોવાથી ગુણમાં સીધો જ વિ.સત્તા-અભાવ મળી જવાથી અતિવ્યાપ્તિ આવવાની જ નથી. અને તેથી જ દીધિતિએ **भूतत्वमूर्तत्वोभयवान् मूर्तत्वात्** સ્થાનમાં અતિવ્યાપ્તિ બતાવી. આમાં ભૂતત્વ=**આત્મભિન્નત્વે સતિ વિશેષગુણવત્ત્વં.** પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ આત્મભિન્ન પણ છે. અને વિશેષગુણવાન પણ છે એટલે તેઓ ભૂત કહેવાય. અને મૂર્તત્વં=અવચ્છિન્નપરિમાણવત્વં=અપકૃષ્ટપરિમાણવત્વ એ મન, પૃથ્વી, જલ, તેજ, વાયુમાં મળી જાય છે. માટે તે પાંચ મૂર્ત કહેવાય. હવે આ ભૂતત્વમૂર્તત્વોભય એ સ્વાધિકરણ એવા ઘટાદિમાં ઉત્પત્તિકાલાવચ્છેદેન સ્વરૂપસંબંધથી રહેલા તાદૃશોભયાભાવના પ્રતિયોગી બની જવાથી તેઓમાં વ્યાપ્યવૃત્તિની પહેલી વ્યાખ્યા ઘટતી નથી. એટલે અવ્યાપ્યવૃત્તિ જ છે. ઘટમાં ઉત્પત્તિકાળે વિશેષગુણ કે અપકૃષ્ટપરિમાણ કંઈ ન હોવાથી વિશેષગુણવત્તાઘટિતભૂતત્વ અને અપકૃષ્ટપરિમાણઘટિત-મૂર્તત્વ એ બે નો અભાવ મળી જ જાય છે. આમ એ તો અવ્યાપ્યવૃત્તિ સાધ્ય હોવાથી અહીં પ્રતિ.અસમા.વિશેષણઘટિત લક્ષણ જ લેવાય. અને તેથી પ્રતિ.અસમાનાધિકરણ માત્ર લખીએ તો ઉપર બતાવ્યા પ્રમાણે અતિવ્યાપ્તિ આવે. તે નિવારવા "પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્ન-અસમાનાધિકરણ" પદ લીધેલ છે. જેનાથી આ અતિવ્યાપ્તિ ન આવે. એ પણ ઉપર જોઈ ગયા.

## दीधिति

**न चोभयत्वमेकविशिष्टापरत्वं, विशिष्टञ्च केवलादन्यदिति, - तदभावो मनसि सहजत एव प्रतियोगिव्यधिकरण इति वाच्यम्; उभयत्वं हि न विशिष्टत्वादनतिरिक्तं,- न वा तदवच्छिन्नाभावस्तदवच्छिन्नाभावात्,**

**वैशिष्ट्यविरहेऽपि घटत्व-पटत्वयोरुभयत्वस्य,-उभयत्वेन तदभावस्य च,-प्रत्यक्षसिद्धत्वात्।**

**जागदीशी** -- **[सार्वभौममतमाशङ्कते] *न चेति*। 'वाच्य'मिति परेणान्वयः। तदभावः =भूतत्वमूर्त्तत्वोभयाभावः। *सहजत एवेति*। प्रतियोगितावच्छेदकावच्छिन्नत्वाप्रवेशेऽपीत्यर्थः।**

**चन्द्रशेखरीयाः** अत्र **सार्वभौमः** आशङ्कते-उभयत्वं नाम एकविशिष्टापरत्वं। तथा च भूतत्वमूर्तत्वोभयं भूतत्वविशिष्टमूर्तत्वरूपमेव। विशिष्टं च शुद्धात् भिन्नमेव। अतः मूर्तत्वाधिकरणे मनसि भूतत्वविशिष्टमूर्तत्वाभावो वर्तते। तस्य प्रतियोगि विशिष्टमूर्तत्वमेव, न तु शुद्धमूर्तत्वं। तादृशविशिष्टमूर्तत्वं च पृथ्व्यादौ वर्तते। न तु मनसि। अतः मनसि विद्यमानो विशिष्टमूर्तत्वाभावः प्रतियोगिताश्रयासमानाधिकरण एव। तत्प्रतियोगितावच्छेदकं च विशिष्टत्वं उभयत्वात्मकमेव। तदेव च साध्यतावच्छेदकं इति नातिव्याप्तिः। विशिष्टत्वोभयत्वयोः अभेदप्रतिपादनात् विशिष्टनिष्ठप्रतियोगितावच्छेदकं उभयत्वमपि शक्यते वक्तुं इति। तथा च "प्रतियोगितावच्छेदकावच्छिन्नासमानाधिकरण" इति परिष्कारं विनैव प्रतियोगिताश्रयासमानाधिकरणपदमात्रघटितव्याप्तिलक्षणमपि नातिव्याप्तं भवति इति व्यर्थः स परिष्कारः इति चेत् न, उभयत्वस्य विशिष्टत्वभिन्नत्वात्। तथा च विशिष्टनिष्ठायाः तादृशप्रतियोगिताया अवच्छेदकं केवलं विशिष्टत्वं भूतत्वविशिष्टमूर्तत्वत्वात्मकमेव, नतु उभयत्वं इति साध्यतानवच्छेदकस्य तादृशप्रतियोगितावच्छेदकत्वात् भवति अतिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: સાર્વભૌમ:** ઉભયત્વ એટલે એકવિશિષ્ટ-અપરત્વ એવો જ અર્થ થાય. એટલે ભૂતત્વમૂર્તત્વોભય=ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વ એવો જ અર્થ થાય. અને વિશિષ્ટ એ શુદ્ધથી ભિન્ન હોવાથી વિશિષ્ટમૂર્તત્વ એ શુદ્ધમૂર્તત્વભિન્ન જ છે. એટલે પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્ન-અસમાનાધિકરણ ન લખો અને માત્ર પ્રતિયોગિ-અસમાનાધિકરણ લખો તો ય વાંધો નથી. મનમાં વિશિષ્ટમૂર્તત્વનો અભાવ છે. અને તેનો પ્રતિયોગિ=પ્રતિયોગિતાશ્રય તો ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વ જ બને. શુદ્ધમૂર્તત્વ ન બને. અને વિ.મૂર્તત્વ તો મનમાં છે જ નહિ. એટલે મનમાં રહેલો વિ.મૂર્તત્વાભાવ એ પ્રતિયોગિ-અસમા. જ બની જવાથી અતિવ્યાપ્તિ આવતી જ નથી.

**ઉત્તર:** આ વાત બરાબર નથી. કેમકે ઉભયત્વ અને વિશિષ્ટત્વ એ જુદા છે. એટલે કે ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વ એ જુદો પદાર્થ છે. અને ભૂતત્વમૂર્તત્વોભય એ જુદો પદાર્થ છે. એટલે કદાચ તમે વિશિષ્ટાભાવને લક્ષણઘટક બનાવો તો પણ તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક વિશિષ્ટત્વ જ બનશે. ઉભયત્વ=સાધ્યતાવચ્છેદક તો અનવચ્છેદક બનવાથી લક્ષણ ઘટી જ જવાથી અતિવ્યાપ્તિ આવવાની જ. અને ઉભયાભાવ તો લક્ષણઘટક બનતો જ નથી. માટે ઉપરના પરિષ્કાર દ્વારા જ અતિવ્યાપ્તિ દૂર થઈ શકે. તે વિના નહીં.

**जागदीशी** -- **ननूभयत्वस्य विशिष्टत्वातिरिक्तत्वेऽपि-सहजतः प्रतियोगिव्यधिकरणस्य विशिष्टत्वावच्छिन्नाभावस्य प्रतियोगितावच्छेदकमेवोभयत्वमतो नातिव्याप्तिः विशिष्टत्वावच्छिन्नाभावस्यो-**

भयत्वावच्छिन्नाभावानतिरेकात्।

---

**चन्द्रशेखरीया:** ननु भवतु नाम विशिष्टत्वं उभयत्वं च परस्परं भिन्नमेव। तथापि विशिष्टत्वावच्छिन्नाभावः उभयत्वावच्छिन्नाभावाद् अभिन्नः एव मन्तव्यः। यतो भूतत्वविशिष्टमूर्तत्त्वत्वावच्छिन्नतादृशविशिष्टमूर्तत्वाभावः पृथ्वीचतुष्कभिन्नेषु सर्वेषु पदार्थेषु वर्तते। एवं भूतत्वमूर्तत्वोभयत्वावच्छिन्नतादृशोभयाभावोऽपि पृथ्वीचतुष्कभिन्नेषु सर्वेषु पदार्थेषु वर्तते। तथा च द्वयोः समव्यापकत्वात लाघवात् ऐक्यमेव उचितम्। एवं च यदि विशिष्टाभावो लक्षणघटको मीलितः, तदा स एव उभयाभावः। तत्प्रतियोगितावच्छेदकं तु विशिष्टत्वभिन्नमपि उभयत्वं भवत्येव इति नातिव्याप्तिः संभवति इति चेत्

**चन्द्रशेखरीया: सार्वभौम:** વિશિષ્ટત્વ અને ઉભયત્વ ભલે જુદા હો, પણ વિશિષ્ટત્વાવચ્છિન્ન અભાવ અને ઉભયત્વાવચ્છિન્ન-અભાવ તો એક જ છે. એટલે મૂર્તત્વાધિકરણ મનમાં ભલે ઉભયાભાવ એ લક્ષણઘટક ન બને તો પણ વિશિષ્ટાભાવ તો લક્ષણ ઘટક બને જ છે. અને એ અભાવ ઉભયત્વાવચ્છિન્ન-અભાવથી જુદો નથી. એટલે વિશિષ્ટાભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઉભયત્વ બની જતાં અતિવ્યાપ્તિ ન આવે. માટે પેલા પરિષ્કારની જરૂર નથી.

---

**जागदीशी -- अत आह *न वेति*। तदवच्छिन्नाभावः =उभयत्वावच्छिन्नाभावः। तदवच्छिन्नाभावात्= वैशिष्ट्यावच्छिन्नाभावात्। लिङ्गव्यत्ययेन 'अनतिरिक्तः।' इत्यनुषज्यते तथा चातिरिक्त एवेत्यर्थः।**

---

**चन्द्रशेखरीया:** न, विशिष्टत्वावच्छिन्नाभावः उभयत्वावच्छिन्नाभावात् भिन्नः एव मन्तव्यः। वैशिष्ट्यविरहेऽपि उभयत्वावच्छिन्नप्रतियोगिताकाभावस्य प्रत्यक्षसिद्धत्वात्।

अत्र विस्तरतो निरूपणकरणपूर्वमेव एषा स्पष्टता कर्तव्या। दीधित्याम् "उभयत्वं हि न विशिष्टत्वादनतिरिक्तं न वा तदवच्छिन्नाभावस्तदवच्छिन्नाभावात्, वैशिष्ट्यविरहेऽपि घटत्वपटत्वयोः उभयत्वस्य उभयत्वेन तदभावस्य च प्रत्यक्षसिद्धत्वात्" इति ग्रन्थः। – अस्य स्पष्टार्थः अयम्-उभयत्वं विशिष्टत्वात् अनतिरिक्तं न इति, अर्थात् अतिरिक्तमेव। कथमिति चेत् इत्थं। वैशिष्ट्यविरहेऽपि उभयत्वस्य प्रत्यक्षसिद्धत्वात्। एवं उभयत्वावच्छिन्नाभावः वैशिष्ट्यावच्छिन्नाभावात् भिन्नः एव। कथमिति चेत् इत्थं। वैशिष्ट्यविरहेऽपि उभयत्वावच्छिन्नाभावस्य प्रत्यक्षसिद्धत्वात्।

अयं भावः उभयत्वं विशिष्टत्वात् भिन्नमेव। यतो घटत्वविशिष्टपटत्वस्य प्रतीतिर्न भवति। किन्तु "घटत्वपटत्वोभयं घटपटयोः स्तः" इति घटत्वपटत्वोभयस्य प्रमात्मिका प्रतीतिर्भवति। यदि हि घटत्वपटत्वोभयं घटत्वविशिष्टपटत्वात् अभिन्नं भवेत्, तदा तु उभयप्रतीतिवत् उभयाभिन्नविशिष्टप्रतीतिरपि भवेत्, न च भवति। अतः ज्ञायते यत् उभयत्वं विशिष्टत्वात् भिन्नमेव। अयमेवार्थः "वैशिष्ट्यविरहेऽपि घटत्वपटत्वयोरुभयत्वस्य प्रत्यक्षसिद्धत्वात्" इति ग्रन्थेन दीधित्यां प्रतिपादितः। एवं घटत्वपटत्वोभयत्वावच्छिन्नाभावोऽपि घटत्वविशिष्टपटत्वाभावात् भिन्न एव।

घटत्वविशिष्टपटत्वस्य अप्रसिद्धौ अपि घटत्वपटत्वोभयत्वावच्छिन्नाभावस्य प्रत्यक्षसिद्धत्वात्। अयमेवार्थः "वैशिष्ट्यविरहेऽपि उभयत्वेन उभयाभावस्य प्रत्यक्षसिद्धत्वात्" इत्यादिना प्रतिपादितः। एवं दीधित्यां "तदवच्छिन्नाभावः तदवच्छिन्नाभावात्" इति यद् वाक्यमस्ति, तस्यान्वयस्तु एतद्वाक्यपूर्वमेव विद्यमानेन "अनतिरिक्तं" ति पदेन सह भवति। अर्थात् "न वा तदवच्छिन्नाभावः तदवच्छिन्नाभावात् अनतिरिक्तः" इति अन्वयो भवति। अभावस्य पुरूषलिंगकत्वात् अनतिरिक्त" इति पदं पुरूषलिंगकं कर्तव्यं इति विशेषः। एवं तावत् स्पष्टता कृता। प्रकृतं प्रस्तुमः।

**चन्द्रशेखरीया: ઉત્તરપક્ષ:** ઉભયત્વાવચ્છિન્ન-અભાવ એ વિશિષ્ટત્વાવચ્છિન્ન અભાવથી જુદો જ છે. બે ય ભિન્ન જ છે. અહીં દીધિતિ પંક્તિમાં "न वा तदवच्छिन्नाभावस्तदवच्छिन्न-अभावात्" લખેલ છે. તેને "અનતિરિક્તં" એ પૂર્વમાં આવી ગયેલા શબ્દ સાથે જોડવાનો છે. જો કે "અનતિરિક્તં"એ નપુંસકલિંગમાં છે. અને **उभयत्वं न विशिष्टत्वात् अनतिरिक्तं"** ત્યાં ઉભયત્વ નપું. હોવાથી તે પદ નપું. કરેલ છે. પણ અહીં તો "અભાવ:" પુલ્લિંગ છે. એટલે અહીં "અનતિરિક્તં" શબ્દ પુલ્લિંગ કરીને અર્થ કરવો. એટલે પંક્તિ આ પ્રમાણે–"उभयत्वं हि न वैशिष्ट्यात् अनतिरिक्तं, न वा तदवच्छिन्नाभावस्तदवच्छिन्नाभावात् अनतिरिक्तः।"

**दीधितिमां**--મૂળવાત. બે અભાવ જુદા માનવાનું કારણ એ છે કે સામે ઘટ-પટ પડેલા છે. તો ત્યાં ઘટમાં ઘટત્વ અને પટમાં પટત્વનો બોધ થાય. એટલે કે ઘટત્વપટત્વોભયં ઘટપટયો સ્તઃ। એ પ્રમાણે પ્રતીતિ થાય. આમ અહીં ઉભય પ્રસિદ્ધ છે. પણ ઘટત્વ અને પટત્વ બેય એક જ સ્થાને ન રહેતા હોવાથી ઘટત્વવિશિષ્ટપટત્વ પ્રસિદ્ધ નથી. આમ ઘટત્વપટત્વ ઉભય પ્રસિદ્ધ બને છે. ઘટત્વવિશિષ્ટપટત્વ પ્રસિદ્ધ બનતું નથી. જો ઉભયત્વ એ વિશિષ્ટત્વથી અભિન્ન હોત તો અહીં ઉભયની જેમ વિશિષ્ટ પણ મળવું જોઈએ. પણ નથી મળતું. એ જ બતાવે છે કે તે જુદા છે. એ રીતે ઉભયત્વાવચ્છિન્નાભાવ અહીં મળે પણ વિશિષ્ટત્વાવચ્છિન્ન-અભાવથી તે જુદો જ માનવો જોઈએ.

જાગદીશીમાં આની ચર્ચા જોઈએ.

---

**जागदीशी -- न च [अन्यत्र] विरुद्धोभयत्वावच्छिन्नाभावस्यातिरिक्तत्वेऽपि प्रकृतेऽविरुद्धयोर्भूतत्व-मूर्त्तत्वयोरुभयत्वा-वच्छिन्नाभावो विशिष्टाभाव एव, समनियताभावयोर्लाघवेनैकत्वादिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** तत्र तावत् जागदीश्यां सार्वभौमः शङ्कते **न च** इत्यादिना। अयं भावः। यत्र घटत्वं तत्र न कुत्रापि पटत्वं, यत्र पटत्वं तत्र न कुत्रापि घटत्वं। तथा च घटत्वपटत्वे परस्परं विरूद्धे। विरुद्धधर्मोभयत्वावच्छिन्नाभावो भवतु नाम घटत्वविशिष्टपटत्वाभावात् भिन्न एव। किन्तु भूतत्वमूर्तत्वे न परस्परं विरूद्धे। पृथ्वीचतुष्के तयोः समानाधिकरणत्वात्। अतः भूतत्वमूर्तत्वोभयत्वावच्छिन्नाभावः भूतत्वविशिष्टमूर्तत्वाभावात् अभिन्न एव मन्तव्यः। तथा च लक्षणघटकविशिष्टाभावात् अभिन्नस्य उभयाभावस्य प्रतियोगितायाः अवच्छेदकं एव साध्यतावच्छेदकं उभयत्वं इति नातिव्याप्तिः। अविरुद्धधर्मोभयाभावस्य विशिष्टाभावेन सह तुल्याधिकरणवृत्तित्वात्, तयोः एक्यमेव लाघवादुचितम्।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** ઉભયત્વાવચ્છિન્ન-અભાવને વિશિષ્ટત્વાવચ્છિન્ન-અભાવથી જુદો માનવો છે. તો એ ભલે માનો. પણ એ બધે જ ન માનવો. જે બે ધર્મો પરસ્પર વિરુદ્ધ હોય જેમકે ઘટત્વ-પટત્વ. જ્યાં ઘટત્વ હોય ત્યાં પટત્વ ન જ મળે. જ્યાં પટત્વ હોય ત્યાં ઘટત્વ ન મળે. તો આવા વિરુદ્ધઘટત્વપટત્વ-ઉભયત્વાવચ્છિન્ન અભાવને ઘટત્વવિશિષ્ટપટત્વાભાવથી જુદો માનવો. પરંતુ જે બે ધર્મો પરસ્પર વિરુદ્ધ ન હોય જેમકે ભૂતત્વ અને મૂર્તત્વ એ પૃથ્વ્યાદિમાં તો સાથે જ રહેનારા હોવાથી પરસ્પર વિરુદ્ધ નથી. તો એવા પરસ્પર-અવિરૂદ્ધમૂર્તત્વ-ભૂતત્વોભયત્વાવચ્છિન્ન-અભાવ તો ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વાભાવ રૂપ જ માનવો જોઈએ, કેમકે અહીં તો ભૂતત્વવિ. મૂર્તત્વ પ્રસિદ્ધ છે. એટલે તેનો અભાવ પણ પ્રસિદ્ધ છે. અને આ ઉભયાભાવ અને વિશિષ્ટાભાવ સમવ્યાપક પણ છે. એટલે એમને એક જ માનવા જોઈએ. પૃથ્વી વિગેરે ચાર સિવાય બધે જ વિશિષ્ટાભાવ+ઉભયાભાવ મળે જ છે. એટલે એમને લાઘવથી એક જ માનવા ઉચિત છે. અને એટલે જ લક્ષણઘટક બનેલ વિશિષ્ટાભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તાદ્દશોભયત્વ બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

**ઉત્તર:** ભલે. પણ એ વિશિષ્ટાભાવની પ્રતિયોગિતા વિશિષ્ટમાં છે અને એ ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વત્વાવચ્છિન્ન એવી જ તે વિશિષ્ટમૂર્તત્વ નિષ્ઠપ્રતિયોગિતા છે. અને તાદૃશપ્રતિયોગાતાશ્રયનું જ અનધિકરણ હેત્વધિકરણ મન બને છે. તો યાદૃશપ્રતિયોગિતાશ્રયનું અનધિકરણ મન છે. તાદૃશવિશિષ્ટમૂર્તત્વાવચ્છિન્નપ્રતિયોગિતાનો અવચ્છેદક તો વિશિષ્ટમૂર્તત્વ જ બનશે. ઉભયત્વ નહીં બને. અને એ રીતે લક્ષણસમન્વય થઈ જતા અતિવ્યાપ્તિ આવશે.

આમ ભલે ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વાભાવ અને ભૂતત્વમૂર્તવોભયાભાવને એક માનો. ભલે વિશિષ્ટાભાવ લક્ષણઘટક બને. પરંતુ તે વિશિષ્ટાભાવની વિશિષ્ટમૂર્તત્વત્વાવચ્છિન્નપ્રતિયોગિતાના આશ્રયનું અનધિકરણ જ મન બને છે. શુદ્ધમૂર્તત્વત્વાવચ્છિન્નપ્રતિયોગિતાનો આશ્રય શુદ્ધમૂર્તત્વનું અનધિકરણ મન બનતું નથી. એટલે અહીં વિશિષ્ટમૂર્તત્વાવચ્છિન્નપ્રતિયોગિતા જ લેવાની રહે. અને તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક બની જતાં અતિવ્યાપ્તિ આવે. એટલે માત્ર "પ્રતિયોગિતાશ્રય-અસમાનાધિકરણ" પદ જ લઈએ તો અતિવ્યાપ્તિ આવવાની જ છે.

**પ્રશ્ન:** પણ લક્ષણમાં એવું તો કહ્યું જ નથી કે "યાદૃશપ્રતિયોગિતાશ્રય-અસમાનાધિકરણ અભાવ મળે. તાદૃશપ્રતિયોગિતાનો અનવચ્છેદક જ સાધ્યતાવચ્છેદક બનવો જોઈએ." આ તો તમે નવું ઉમેરીને હાથે કરીને અતિવ્યાપ્તિ ઉભી કરો છો. લક્ષણમાં તો માત્ર "પ્રતિયોગિતાશ્રયાસમાનાધિકરણ" પદ જ છે. એટલે વિશિષ્ટાભાવની પ્રતિયોગિતાનો આશ્રય વિશિષ્ટમૂર્તત્વ અને તેનું અનધિકરણ મન બને. અને એ પ્રતિયોગિતા વિશિષ્ટમૂર્તત્વત્વાવચ્છિન્ન લીધી ન હોવાથી આ પ્રતિયોગિતાનો અવચ્છેદક ઉભયત્વ પણ બની જાય જ છે. કેમકે વિશિષ્ટાભાવ અને ઉભયાભાવ એક જ છે. એટલે વિશિષ્ટમાં આવેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક તો ઉભયત્વ બની શકે. હા. વિશિષ્ટમૂર્તત્વ-અવચ્છિન્નપ્રતિયોગિતાનો અવચ્છેદક ઉભયત્વ ન બને. પણ વિશિષ્ટમૂર્તત્વ-અવચ્છિન્નપ્રતિયોગિતા લેવાની જ ક્યા છે? પેટ ચોળીને શૂળ ઉભું કરી પછી દવા લેવાની, આ પદ્ધતિ જ ખોટી છે.

---

**जागदीशी -- तावताऽपि हेतुमतो यादृशप्रतियोगिताश्रयानधिकरणत्वं तादृशप्रतियोगितानवच्छेदकत्वस्य**

**भूतत्वमूर्त्तत्वा-भयत्वेऽनपायादतिव्याप्तेस्तादवस्थ्यादिति भावः।**

---

**चन्द्रशेखरीयाः अत्रोच्यते।** अग्रे दीधित्यां त्रयोदशकारिकायां यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वं... इत्यादिना यद्धर्मावच्छिन्ना प्रतियोगिता निवेषयिष्यते। अतः अत्र "प्रतियोग्यसमानाधिकरण" इति पदस्य प्रतियोगिताश्रयासमानाधिकरण... इति एव अर्थो गृह्यते। तथा च सा प्रतियोगिता यादृशप्रतियोगिता= यद्धर्मावच्छिन्नप्रतियोगितारूपा एव ग्राह्या। अतः अत्र विशिष्टाभावः विशिष्टत्वावच्छिन्न-प्रतियोगितारूपः एव ग्राह्यः। अतः अत्र विशिष्टाभावः विशिष्टत्वावच्छिन्नप्रतियोगिताश्रयविशिष्टमूर्तत्वासमानाधिकरणो भवति। तस्य विशिष्टत्वावच्छिन्नप्रतियोगितायाः अवच्छेदकं तु उभयत्वं न भवितुमर्हति। विशिष्टनिष्ठायाः शुद्धप्रतियोगितायाः अवच्छेदकं भवतु नाम तत् उभयत्वं। किन्तु विशिष्टत्वावच्छिन्नप्रतियोगितायास्तु अनवच्छेदकमेव। प्रतियोगितावच्छेदकभेदेन प्रतियोगितायाः भिन्नत्वात् विशिष्टत्वावच्छिन्नप्रतियोगितायाः अवच्छेदकं उभयत्वं न संभवत्येव इति भावः। तथा च तदवस्थैवातिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયાઃ ઉત્તરઃ** દીધિતિમાં તેરમી કારિકામાં છેલ્લી પંક્તિમાં યાદૃશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન... ઇત્યાદિ વડે યાદૃશપ્રતિયોગિતાનો નિવેશ આગળ કરશે. અને "તાદૃશપ્રતિયોગિતાનો અનવચ્છેદક જ સાધ્યતાવચ્છેદક હોવો જોઈએ." એમ કહેશે. આમ ખુલાસો કરવાનું પ્રયોજન ત્યાં જ સ્પષ્ટ કરશું. પણ એક વાત તો નક્કી કે યાદૃશપ્રતિયોગિતા=યદ્ધર્માવચ્છિન્નપ્રતિયોગિતા લેવાની છે જ. એટલે જો માત્ર "પ્રતિયોગિતાશ્રયાસમાનાધિકરણ" પદ જ રાખો તો વિશિષ્ટમૂર્તત્વાવચ્છિન્નપ્રતિયોગિતાશ્રયવિશિષ્ટમૂર્તત્વ-અસમાનાધિકરણ એવો જ તે વિશિષ્ટમૂર્તત્વાભાવ મળે છે. અને તાદૃશપ્રતિયોગિતા=વિ.મૂર્તત્વાવચ્છિન્નપ્રતિયોગિતાનો અવચ્છેદક તો વિ.મૂર્તત્વ જ બને. ઉભયત્વ ન જ બને. એટલે અતિવ્યાપ્તિ આવવાની જ.

---

**जागदीशी -- *उभयत्वस्येति*। प्रत्यक्षसिद्धत्वादिति परेणान्वयः। तथा च विरुद्धयोरिव समानाधिकरणयोरप्युभयत्व-मतिरिक्तमेव, विरुद्धाविरुद्धस्थलीयोभयत्वप्रतीत्योः समानाकारत्वात्, भूतत्वमूर्तत्वयोः विरुद्धत्वभ्रमदशायामप्यु-भयाभावत्वप्रत्ययाच्चेति भावः।**

---

**चन्द्रशेखरीयाः** जागदीश्यां एतदेव प्रतिपादयति जगदीशः यत् घटत्वपटत्वयोः विरूद्धधर्मयोः उभयत्वं यथा विशिष्टत्वात् भिन्नमेव। तथैव भूतत्वमूर्तत्वयोः समानाधिकरणधर्मयोः उभयत्वं अपि विशिष्टत्वात् भिन्नमेव मन्तव्यम्। "घटत्वपटत्वोभयं" "भूतत्वमूर्तत्वोभयं" इति उभयत्र उभयत्वप्रतीतेः समानाकारत्वात्। तथा च घटत्वपटत्वोभयं यदि विशिष्टत्वात् भिन्नम्, तदा तुल्यन्यायेन भूतत्वमूर्तत्वोभयत्वं अपि विशिष्टत्वात् भिन्नमेव मन्तत्यम्। किञ्च यदि "घटत्वपटत्वे परस्परं विरूद्धे" इति प्रमात्मकज्ञानानन्तरं घटत्वविशिष्टपटत्वज्ञानानुदयेऽपि घटत्वपटत्वोभयज्ञानस्य उदयदर्शनात् घटत्वपटत्वोभयं घटत्वविशिष्टपटत्वात् भिन्नं मन्यते। तदा तु "भूतत्वमूर्तत्वे परस्परं विरूद्धे" इति

भ्रमज्ञानानन्तरं भूतत्वविशिष्टमूर्तत्वज्ञानानुदयेऽपि भूतत्वमूर्तत्त्वोभयज्ञानस्योत्पत्तिदर्शनात् भूतत्वमूर्तत्त्वोभयं भूतत्वविशिष्टमूर्तत्वात् भिन्नमेव। तथा च मूर्तत्वाधिकरणे मनसि उभयाभावः स्वप्रतियोगिसमानाधिकरणः इति न स लक्षणघटकः। भूतत्वविशिष्टमूर्तत्वाभावः यद्यपि स्वप्रतियोग्यसमानाधिकरणः। तथापि उभयाभावस्य विशिष्टाभावात् भिन्नतया तादृशविशिष्टाभावस्य प्रतियोगितानवच्छेदकमेव उभयत्वं इति अतिव्याप्तिः भवति। यदि च "प्रतियोगितावच्छेदकावच्छिन्नासमानाधिकरणं "इति परिष्कारः क्रियते, तदा तु उभयाभावप्रतियोगितावच्छेदकावच्छिन्नाभयासमानाधिकरणः एव उभयाभावः इति साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः इति भावः।

**चन्द्रशेखरीयाः** આ તો વિશિષ્ટાભાવ અને અવિરૂદ્ધધર્મ-ઉભયાભાવને અભિન્ન માનીને વાત કરી. બાકી ખરી વાત તો એ કે જેમ ઘટત્વપટત્વવિરૂદ્ધધર્મોભયત્વ એ ઘટત્વવિશિષ્ટપટત્વથી જુદું છે. તેમ અવિરુદ્ધ ભૂતત્વમૂર્તત્વોભયત્વ પણ ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વમાં રહેલ વિશિષ્ટત્વથી જુદું જ છે. કેમકે "ઘટત્વ-પટત્વોભયં ભૂતત્વમૂર્તત્વોભયં" એ બેય સ્થલે ઉભયત્વની પ્રતીતિ સમાનાકારક જ થાય છે. એટલે જો એક ઉભયત્વ એ વિશિષ્ટત્વથી જુદું માનવું હોય તો પછી અવિરૂદ્ધધર્મોભયત્વ પણ વિશિષ્ટત્વથી જુદું જ માનવું પડે. વળી ભૂતત્વ અને મૂર્તત્વ એ પરસ્પર વિરૂદ્ધ ધર્મો છે એવો ભ્રમ થાય છે ત્યારે ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વની પ્રતીતિ નથી થતી પણ ભૂતત્વમૂર્તત્વોભયત્વની પ્રતીતિ થાય છે. હવે જો બે ય એક જ હોત તો એકની પ્રતીતિ વખતે બીજાની પણ પ્રતીતિ થવી જોઈએ. પણ થતી નથી. એ જ વાત સાબિત કરે છે કે બે ય જુદા જ છે.

## दीधिति

**न च तत्र व्याप्तिरेव, उभयत्वाधिकरणस्य मूर्त्तत्वस्य मनसि सत्त्वादिति वाच्यम्; तथात्वेऽप्युभयत्वेन रूपेण तत्रासत्त्वात्,-'नात्रोभय'मिति प्रतीतेर्दुर्वारत्वात् ।।६।।**

**जागदीशी -- [*न चेति*। -'वाच्यम्' इति परेणान्वयः।] तत्र=`भूतत्व-मूर्त्तत्वोभयवान् मूर्त्तत्वा'दित्यत्र। *व्याप्तिरेवेति*। तथा च तस्य लक्ष्यतया तद्वारणप्रयासोऽनुचित इति भावः।**

**चन्द्रशेखरीयाः** ननु अत्र भूतत्वमूर्तत्त्वोभयत्वाश्रयमेव साध्यं मन्तव्यम्। तच्च मूर्तत्वव्यापकमेव। यत्र मनसि मूर्तत्वं तत्र उभयत्वाश्रयमूर्तत्वमपि वर्तते एव। तथा च अस्य सद्धेतुत्वात् लक्षणगमनं इष्टमेव इति न परिष्कारोऽतिव्याप्तिवारणाय कर्तव्यः, अतिव्याप्तेरेवाभावात् इति चेत्।

**चन्द्रशेखरीयाः पूर्वपक्षः भूतत्वमूर्तत्वोभयवान् मूर्तत्वात्** આ સ્થાનને સાચું જ માની લેવાનું. એટલે તેમાં લક્ષણ જાય તે ઇષ્ટ જ બની જતા કોઈ દોષ ન રહે. આશય એ કે ભૂતત્વમૂર્તત્વોભય એ સાધ્ય છે. સાધ્યતાવચ્છેદક ઉભયત્વ છે. અને તેનું અધિકરણ ભૂતત્વની જેમ મૂર્તત્વ પણ છે. અને એ તો મૂર્તત્વ મનમાં

રહેલું જ હોવાથી આ સ્થાન સાચું માની લેવામાં કોઈ વાંધો નથી.

---

**जागदीशी -- *तथात्वेपीति*। उभयत्वाश्रयस्य मूर्त्तत्वस्य मनसि सत्त्वेऽपीत्यर्थः। तथा च हेतुमत्त्वावच्छेदेन साध्यतावच्छेदकावच्छिन्नवत्तास्थल एव व्याप्तिरतो नैतल्लक्ष्यमिति भावः।**

---

**चन्द्रशेखरीया:** न, यत्र हेतुमति सर्वत्र साध्यतावच्छेदकावच्छिन्नं साध्यं वर्तते, तत्रैव सद्धेतुत्वव्यवहारो भवति। अत्र मूर्तत्ववति मनसि उभयत्वावच्छिन्नस्य भूतत्वमूर्तत्वोभयस्याभावात् अत्र सद्धेतुत्वव्यवहारो न संभवति। तथा च इदम् स्थानं व्याप्तिलक्षणस्य अलक्ष्यमेव इति अत्र लक्षणगमनेऽतिव्याप्तिदोषो भवति एव।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** હેતુવાળા તમામે તમામ સ્થાનોમાં સાધ્યતાવચ્છેદકાવચ્છિન્ન સાધ્ય જે અનુમાનમાં રહેતું હોય. તે જ અનુમાનનો હેતુ સાચો કહેવાય. અહીં મનમાં ઉભયત્વાવચ્છિન્ન ઉભય રહેતું ન હોવાથી આ સ્થલે હેતુ સાચો ન ગણાય. એટલે આ વ્યાપ્તિલક્ષણનું લક્ષ્ય જ ન ગણાય. એટલે અહીં લક્ષણ જાય તો એ અતિવ્યાપ્તિ જ ગણાય. તે નિવારવા પરિષ્કાર કરવો પડે છે.

---

**जागदीशी -- वृत्तिमति व्याप्त्यभावस्य व्यभिचारनियतत्वाद्व्यभिचारं ग्राहयति *नात्रोभयमिति*। अत्र=मूर्त्तत्वाश्रये मनसि।।६।।**

---

**चन्द्रशेखरीया:** ननु तत्रैव व्याप्त्यभावः, यत्र व्यभिचारः, व्याप्त्यभावस्य व्यभिचारनियतत्वात्। अत्र च व्यभिचाराभावात् व्याप्त्यभावोऽपि असिद्धः इति चेत् "मूर्तत्ववति मनसि भूतत्वमूर्तत्वोभयं न" इति प्रतीत्यैव अत्र हेतौ व्यभिचारः प्रत्यक्षेन सिद्धः, यत्र मनसि मूर्तत्वं तत्रैव साध्याभावस्य प्रत्यक्षसिद्धत्वात्। इत्थं चात्रातिव्याप्तिवारणाय प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोग्यसमानाधिकरण एव हेत्वधिकरणवृत्तिरभावो ग्राह्यः। एवं च नातिव्याप्तिः भवति। भूतत्वमूर्तत्वोभयाभावः स्वप्रतियोगितावच्छेदकोभयत्वावच्छिन्नोभयासमानाधिकरणः एव मनसि भवति इति साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः इति भावः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** જે હેતુમાં સાધ્યનિરૂપિત વ્યાપ્તિ ન હોય ત્યાં તે હેતુમાં સાધ્યનિરૂપિત વ્યભિચાર અવશ્ય હોય જ. અહીં વ્યભિચાર હોય તો જ અહીં વ્યાપ્તિનો અભાવ સિદ્ધ થઈ શકે.

**ઉત્તર:** "મૂર્તત્વાધિકરણ એવા મનમાં ભૂતત્વમૂર્તત્વોભય નથી" એવી પ્રતીતિ થાય જ છે. અર્થાત્ મનમાં હેતુ છે અને ત્યાં સાધ્યાભાવની પ્રતીતિ થાય છે. એ વ્યભિચારની પ્રતીતિ થઈ. એટલે વ્યભિચાર હોવાથી આ હેતુમાં વ્યાપ્તિનો અભાવ જ માનવો પડે. અને તેથી આ ખોટા સ્થાને લક્ષણસમન્વય થાય છે તેથી તે અતિવ્યાપ્તિ ગણાય. તે નિવારવા "પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાસમાનાધિકરણ" એવો પરિષ્કાર કરવો જ પડે. અને તેનાથી સાધ્યાભાવ જ લક્ષણ ઘટક બની જાય છે. તેથી અતિવ્યાપ્તિ ન આવે. એ વાત પૂર્વે કરી

જ ગયા છીએ. આમ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિ-અસમાનાધિકરણ એવો હેત્વધિકરણ વૃત્તિ અભાવ લેવાનો એમ ફલિત થયું.

## दीधिति

"अत्यन्तपदञ्च,-अत्यन्ताभावत्वनिरूपकप्रतियोग्यसामानाधिकरण्यस्य,-अत्यन्ताभावत्वनिरूपकप्रतियोगितायाश्च – लाभाय, अन्यथा सर्वस्यैवाभावस्य स्वसमानाधिकरणाभावान्तरभिन्नत्त्वात्तद्भेदस्य स्वस्वरूपानतिरिक्ततया प्रतियोग्यसमानाधिकरण्यस्यैव दुर्लभत्वापत्तेः, सर्वेषामेवाभावानां हेतुसमानाधिकरणात्यन्ताभावत्वनिरूपकप्रतियोग्यसमानाधिकरणाभावान्तरात्मकस्य स्वभेदस्य प्रतियोगित्वादभावसाध्यकाव्याप्तेश्चेति" सम्प्रदायविदः ।।७।।

**जागदीशी** -- ननु वह्न्यादिभेदमादायाव्याप्तेः 'प्रतियोग्यसमानाधिकरण' पदेनैव वारणादत्यन्तपदं व्यर्थमत आह-*अत्यन्तपदञ्चेति* ।

**चन्द्रशेखरीयाः** ननु मूललक्षणे प्रतियोग्यसमानाधिकरणहेतुसमानाधिकरणात्यन्ताभाव.. इत्यादि उक्तं । तत्र अत्यन्तपदं निष्प्रयोजनम् । केवलं अभावपदमेव निवेश्यं, तेनैव लक्षणसमन्वयसंभवात् । न च तथा सति अभावपदेन भेदोऽपि ग्रहीतुं शक्यः, तथा च पर्वते वह्निभेदस्य विद्यमानत्वात् तत्प्रतियोगितावच्छेदकस्य वह्नित्वस्यैव साध्यतावच्छेदकत्वात् अव्याप्तिः भवेत् इति वाच्यम् वह्निभेदस्य स्वप्रतियोगिवह्निसमानाधिकरणत्वेन न स लक्षणघटकः । अतःअभावान्तरमादाय भवति लक्षणसमन्वयः इति चेत् ।

न, अत्यन्तपदेनात्र द्वे विवक्षे कर्तव्ये । "प्रतियोग्यसमानाधिकरण..." इति अस्य "अत्यन्ताभावत्वनिरूपकप्रतियोगिताश्रयासमानाधिकरणः इति अर्थः करणीयः" इति प्रथमा विवक्षा । "तादृशाभावप्रतियोगितानवच्छेदक..." इति अत्र "प्रतियोगिता अत्यन्ताभावत्वनिरूपिका एव ग्राह्या" इति द्वितीया विवक्षा ।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** મૂળલક્ષણમાં પ્રતિયોગિ-અસમાનાધિકરણ-હેત્વધિકરણવૃત્તિ-અત્યન્તાભાવ-પ્રતિયોગિતાનવચ્છેદક... એમ દીધિતિમાં કહ્યું છે. આમાં "અત્યન્ત" પદ ન મુકે તો શું વાંધો?

**ઉત્તરઃ** તો પછી ધૂમાધિકરણ પર્વતમાં વહ્નિનો ભેદાત્મક અભાવ પણ લઈ શકાય.

**પ્રશ્નઃ** ન લેવાય. કેમકે તેનો પ્રતિયોગી વહ્નિ પર્વતમાં હોવાથી આ વહ્નિભેદ એ પ્રતિયોગિસમાનાધિકરણ

બની જતા તે ન લેવાય. એટલે બીજા અભાવને લઈને લક્ષણ ઘટી જાય. [ખ્યાલ રાખવો કે "પ્રતિયોગિ-અસમાનાધિકરણ=પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્નાસમાનાધિકરણ" એ જ અર્થ લેવાનો છે. પણ અહીં ટુંકાણમાં લખવા માટે આ પ્રમાણે લખીએ છીએ.]

**ઉત્તર:** અત્યન્તપદ બે વસ્તુ સુચવે છે. અહીં (a) હેત્વધિકરણવૃત્તિ અભાવ એ અત્યન્તાભાવત્વનિરૂપક એવા પ્રતિયોગિને અસમાનાધિકરણ લેવાનો. (b) આવા અભાવમાં રહેલી પ્રતિયોગિતા એ અત્યન્તાભાવત્વનિરૂપક જ લેવાની. અને તેવી જ પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનાવવાનો છે.

---

**जागदीशी -- अत्यन्ताभावत्वनिरूपकं यत् प्रतियोगित्वं, तदाश्रयवैयधिकरण्यविवक्षायाः फलमाह- *अन्यथेति*। तद्भेदस्य=स्वसमानाधिकरणाभावान्तरभेदस्य। *स्व-स्वरूपानतिरिक्ततयेति*। -अनवस्थाभयेनेत्यादिः। *दुर्लभत्वापत्तेरिति*। हेतुसमानाधिकरणाभावमात्रस्यैव स्वात्मकभेदप्रतियोगि, यदभावान्तरं--तत्समानाधिकरणत्वादिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** यदि हि प्रथमा विवक्षा न क्रियते। तदा **"वह्निमान् धूमात्"** इत्यादौ कोऽपि अभावः स्वप्रतियोग्यसमानाधिकरणः न प्रसिद्ध्यति। तथा हि पर्वते घटाभावो वर्तते, तत्रैव पटाभावोऽपि वर्तते। घटाभावः पटाभावभेदवान् अस्ति। अतः घटाभावे वर्तमानः पटाभावभेदः लाघवात् घटाभावस्वरूप एव मन्यते। अन्यथा यदि अभावे वर्तमानोऽभावो भिन्नो मन्यते, तदा तु तत्रापि अभावे अन्योऽभावः, तत्रापि अन्योऽभावो... इति अनवस्था भवेत्। अनवस्थावारणाय अभावाधिकरणकोऽभावः स्वाधिकरणस्वरूप एव मन्यते। तथा च घटाभाव एव पटाभावभेदः इति कृत्वा पटाभावभेदप्रतियोगी पटाभावः पर्वते वर्तते। अतः पर्वते वर्तमानो घटाभावः स्वप्रतियोगिपटाभावेन सह समानाधिकरण एव भवति इति एवंरीत्या सर्वेषां अभावानां स्वप्रतियोगिसमानाधिकरणत्वेन प्रतियोग्यसमानाधिकरणाभावस्य दुर्लभत्वापत्तिः दुर्वारैव। प्रथमविवक्षायां सत्यां तु नैष दोषः। यतो घटाभावस्य द्वौ प्रतियोगिनौ घटः घटाभावश्च। तत्र घटोऽत्यन्ताभावत्वनिरूपकः पटाभावश्च पटाभावभेदमादाय घटाभावप्रतियोगी भवति। अतः स भेदत्वनिरूपकः। तस्मात् अत्यन्ताभावत्वनिरूपकप्रतियोगी तु घटः एव भवति। स च पर्वते नास्ति, अतः घटाभावः अत्यन्ताभावत्व-निरूपकघटात्मकप्रतियोग्यसमानाधिकरणो भवति इति तमादाय लक्षणसमन्वयः संभवति।

**ચન્દ્રશેખરીયા:** અહીં (a) અત્યન્તાભાવત્વનિરૂપકપ્રતિયોગી એટલે અત્યન્તાભાવનિરૂપકપ્રતિયોગિતાનો આશ્રય. અને તેને અસમાનાધિકરણ એવો અભાવ લેવાનો છે. આમ જો ન કહીએ તો તો પર્વતમાં કોઈપણ અભાવ એ સ્વપ્રતિયોગિ-અસમાનાધિકરણ ન જ મળે. કેમકે પર્વતમાં ધારો કે ઘટાભાવ લેવા જાઓ તો એ જ પર્વતમાં પટાભાવ પણ છે. હવે "ઘટાભાવઃ પટાભાવો ન" એ પ્રતીતિ અનુસારે ઘટાભાવ પટાભાવભેદવાન્ બને છે. અર્થાત્ ઘટાભાવ એ સ્વસમાનાધિકરણ એવા પટાભાવથી ભિન્ન બને છે. (=ભેદવાળો બને છે) હવે અભાવમાં રહેલો અભાવ એ અધિકરણાત્મક-અભાવસ્વરૂપ જ માનેલો હોવાથી ઘટાભાવમાં રહેલો પટાભાવભેદ એ ઘટાભાવરૂપ જ ગણાય. અને એટલે પટાભાવભેદનો પ્રતિયોગી પટાભાવ એ પટાભાવભેદસ્વરૂપ એવા

ઘટાભાવનો પ્રતિયોગી બને. અને આ પટાભાવરૂપ પ્રતિયોગી તો પર્વતમાં છે જ. આમ ઘટાભાવ એ સ્વપ્રતિયોગિ-પટાભાવને સમાનાધિકરણ જ બની જતા તે લક્ષણઘટક જ બને નહિ. આ રીતે કોઈપણ અભાવ લક્ષણઘટક ન બનતા અવ્યાપ્તિ આવે. અહીં અભાવમાં રહેનારા અભાવને જુદો માનીએ તો વળી તેમાં રહેલો અભાવ પણ જુદો... એમ અનવસ્થા ચાલે. તે નિવારવા જ અભાવમાં રહેનાર અભાવ એ અધિકરણાત્મક-અભાવ સ્વરૂપ જ માનેલો છે. ટુંકમાં હેત્વધિકરણવૃત્તિ=હેતુસમાનાધિકરણ એવા તમામે તમામ અભાવો એ સ્વસ્વરૂપ એવા અભાવાન્તરભેદના પ્રતિયોગી અભાવાન્તરને સમાનાધિકરણ જ મળે છે. માટે કોઈપણ અભાવ લક્ષણ ઘટક બની શકશે નહિ.

---

**जागदीशी -- न च भावस्वरूपाभावस्यैव [वह्न्यभावाभावस्य प्रतियोगी यो वह्न्यभावः – तदसमानाधिकरणत्वात्] प्रतियोग्यसामानाधिकरण्यं' सुलभमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** ननु प्रथमां विवक्षां विनापि वह्नि-अभावाभावो भवति लक्षणघटकः। यतो वह्न्यभावाभावो वह्निस्वरूपः। तस्मिन् वर्तमानः पटाभावभेदो न वह्नि-अभावाभावस्वरूपो भवति। अभावाधिकरणकस्यैवा-भावस्याधिकरणात्मकत्वात्। वह्नि-अभावाभावस्तु वह्निस्वरूपः, अतः तस्मिन् वर्तमानः पटाभावभेदो भिन्नः एव। अतः वह्नि-अभावाभावस्य प्रतियोगी केवलं वह्नि-अभाव एव भवति। न तु पटाभावादिः। स च वह्नि-अभावः न पर्वते वर्तते। अतः वह्नि-अभावाभावः स्वप्रतियोग्यसमानाधिकरणः प्रसिद्धः। तत्प्रतियोगितावच्छेदकं वह्नि-अभावत्वं। अनवच्छेदकं च वह्नित्वं एव साध्यतावच्छेदकं इति लक्षणसमन्वयः संभवति इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** પર્વતમાં વહ્નિ-અભાવાભાવ લઈએ. એનો પ્રતિયોગી વહ્નિ-અભાવ તો પર્વતમાં રહેતો જ નથી. અને "वह्नि-अभावाभावः घटाभावभेदवान्" બને તો પણ વહ્નિ-અભાવાભાવ એ તો વહ્નિ=ભાવપદાર્થ સ્વરૂપ છે. એટલે તેમાં રહેલો ઘટાભાવભેદ એ કંઈ વહ્નિ-અભાવાભાવ સ્વરૂપ ન ગણાય. પણ જુદો જ ગણાય. ભાવવૃત્તિ અભાવ તો ભાવથી જુદો જ માનેલો છે. એટલે ઘટાભાવભેદનો પ્રતિયોગી ઘટાભાવ એ વહ્નિ-અભાવાભાવનો પ્રતિયોગી નથી જ બનતો. આમ આ વહ્નિ-અભાવાભાવનો પ્રતિયોગી માત્ર વહ્નિ-અભાવ જ બનશે. અને તેને અસમાનાધિકરણ તો આ વહ્નિ-અભાવાભાવ છે જ. માટે એ જ લક્ષણઘટક બની શકશે.

---

**जागदीशी -- तस्यापि स्वसमानाधिकरणाभावा[ऽन्तर]भिन्नत्वात् अभावमात्राधिकरणक इव अभावमात्रप्रतियोगि-कोऽपि विशिष्टाभावाद्यनात्मकोऽभावोऽधिकरणभिन्नो नेष्यते, लाघवात्।**

---

**चन्द्रशेखरीया:** न, वह्न्यभावाभावः स्वसमानाधिकरणपटाभावभेदवान् तु अस्ति एव। स च भेदः वह्न्यभावाभावस्वरूप एव स्वीकार्यः। यथा अभावमात्राधिकरणकोऽभावः अधिकरणरूपो मन्यते, तथैवाभावमात्रप्रतियोगिको

विशिष्टाभावभिन्नोऽभावोऽपि स्वाधिकरणस्वरूप एव मन्यते, लाघवात् । तथा च पटाभावभेदस्य अभावमात्रप्रतियोगिकत्वात् पटाभावभेदो वह्न्यभावाभावे वह्निस्वरूपे वर्तमानोऽपि वह्नि-अभावाभावस्वरूप एव कल्प्यते । तस्य भिन्नत्वेऽङ्गीक्रियमाणे अनन्तानामभावानां कल्पना कर्तव्या भवेत् । तथा च गौरवमेव भवेत् । एवं च वह्न्यभावाभावप्रतियोगी पटाभावोऽपि भवति । स च पर्वते वर्तते । अतः वह्न्यभावाभावोऽपि न स्वप्रतियोग्यसमानाधिकरणः इत्यतः प्रथमा विवक्षा समादरणीयैव । जागदीशीग्रन्थस्यार्थः-"**तस्यापि**=वह्न्यभावाभावस्यापि **स्वसमानाधिकरणो योऽभावः**=पटाभावः, तद्भिन्नत्वात् ।

**ननु** "विशिष्टाभावभिन्नोऽभावमात्रप्रतियोगिकोऽभावः अधिकरणस्वरूपो मन्यते" इति उक्तं । तत्र विशिष्टाभावभिन्नपदं किमर्थं । अनेन तु एतदेव ज्ञायते यत्" विशिष्टाभावात्मको योऽभावमात्रप्रतियोगिकोऽभावो भवति । स अधिकरणस्वरूपो न मन्तव्य" इति किमर्थं विशिष्टाभावोऽभावमात्रप्रतियोगिकोऽभावः अधिकरणस्वरूपो न मन्यते? इति चेत् **अत्रोच्यते** । यदि हि विशिष्टाभावोऽभावमात्रप्रतियोगिकोऽभावोऽधिकरणस्वरूपो मन्यते, तदा तु लक्षणेऽत्यन्तपदनिवेशेऽपि सति कोऽपि अभावो लक्षणघटको न भवेत् । तथाहि-यदि पर्वते घटाभावो गृह्यते, तदा स घटाभावे गगनं न विद्यते अर्थात् घटाभावे गगनाभावोऽस्ति । किन्तु स गगनाभावो घटाभावभेदवान् अस्ति । अतो घटाभावे गगनाभावस्य विद्यमानत्वेऽपि घटाभावे घटाभावभेदविशिष्टो गगनाभावो न विद्यते । घटाभावे घटाभावभेदात्मकविशेषणस्यासत्वात् भेदविशिष्टो गगनाभावोऽपि घटाभावे न भवति । एवं च घटाभावः घटाभावभेदविशिष्टगगनाभावाभाववान् इति स्थितम् । तादृशविशिष्टगगनाभावाभावः तादृशविशिष्टगगनाभावमात्रप्रतियोगिक एव । तथा च स गगनाभावाभावः घटाभावात्मकाधिकरणस्वरूपः मन्तव्यः । एवं च घटाभावभेदविशिष्टगगनाभावाभावप्रतियोगी तादृशविशिष्टगगनाभावः घटाभावप्रतियोगी अपि भवत्येव । तादृशविशिष्टगगनाभावश्च पर्वते वर्तते । स च विशिष्टगगनाभावः विशिष्टगगनाभावाभावनिष्ठात्यन्ताभावत्वनिरूपकोऽपि अस्ति । एवं च घटाभावः अत्यन्ताभावत्वनिरूपकविशिष्टगगना-भावात्मकप्रतियोगिसमानाधिकरण एव इति घटाभावोऽपि लक्षणघटको न भवेत् । तथा च विशिष्टाभावात्मको अभावमात्रप्रतियोगिकोऽभावो यदि अधिकरणस्वरूपो मन्यते, तदा तु प्रथमविवक्षायां अत्यन्तपदप्रतिपादितायां सत्यामपि अव्याप्त्यादिदोषो भवेदेव । तस्मात् विशिष्टाभावात्मकोऽभावमात्रप्रतियोगिकोऽभावो न अधिकरणस्वरूपो मन्तव्यः इति एतद्ज्ञापनार्थमेव जागदीश्यां "विशिष्टाभावानात्मको" इति पदं निविष्टं ।

**चन्द्रशेखरीया: ઉત્તરપક્ષ:** જેમ "અભાવ એ જ માત્ર અધિકરણ છે જેનું" એવો પટાભાવાદિવૃત્તિ ઘટાભાવ એ પટાભાવ=અધિકરણ સ્વરૂપ મનાય છે. તેમ "અભાવ એ જ માત્ર પ્રતિયોગી છે. જેનો" એવો વિશિષ્ટાભાવભિન્ન અભાવ પણ અધિકરણ સ્વરૂપ જ મનાય છે. એમાં લાઘવ છે. વહ્નિમાં પટાભાવભેદ રહે છે. એનો પ્રતિયોગી માત્ર પટાભાવ જ છે. એટલે આ અભાવ એ અભાવમાત્રપ્રતિયોગિક જ ગણાય. એટલે આ પટાભાવભેદ એ સ્વાધિકરણ એવા વહ્નિસ્વરૂપ જ =વહ્નિ-અભાવાભાવ સ્વરૂપ જ મનાય છે. એટલે વહ્નિ-અભાવાભાવમાં રહેનારો પટાભાવભેદ એ વહ્નિસ્વરૂપ=વહ્નિ-અભાવાભાવ સ્વરૂપ જ છે. અને તેથી પટાભાવભેદનો પ્રતિયોગી પટાભાવ એ વહ્નિ-અભાવાભાવનો પ્રતિયોગી પણ ગણાય. એટલે અહીં એ જ પટાભાવ એ પર્વતમાં છે. માટે

વહ્નિ-અભાવાભાવ એ પણ સ્વપ્રતિયોગિપટાભાવ સમાનાધિકરણ બની જતા તે અભાવ પણ લક્ષણઘટક ન બની શકે અને તેથી અવ્યાપ્તિ આવે.

**પ્રશ્નઃ** અહીં તમે અભાવમાત્ર પ્રતિયોગિક અભાવને પણ અધિકરણસ્વરૂપ માન્યો. પણ એ અભાવ વિશિષ્ટાભાવરૂપ ન હોવો જોઈએ. એમ કેમ કહો છો?

**ઉત્તરઃ** જો અભાવમાત્રપ્રતિયોગિક વિશિષ્ટાભાવને પણ અધિકરણસ્વરૂપ માનીએ તો તો પછી "અત્યન્ત"પદ લક્ષણમાં મુક્યા પછી ય વાંધો આવે. તે આ પ્રમાણે **"વહ્નિમાન્ ધૂમાત્"** એમાં ઘટાભાવને લક્ષણઘટક બનાવશું. તેના પ્રતિયોગી તરીકે ઘટ+પટાભાવ પણ બને છે. પણ પટાભાવ એ તો પટાભાવભેદરૂપ ઘટાભાવનો નિરૂપક છે. અર્થાત્ તે અત્યન્તાભાવત્વનિરૂપક નથી. પણ ભેદનિરૂપક છે. એટલે તે પ્રતિયોગીની વિચારણા જ નથી કરવાની. ઘટ એ અત્યન્તાભાવત્વનિરૂપક છે. અને એ તો પર્વતમાં ન રહેતો હોવાથી આ ઘટાભાવ એ લક્ષણઘટક બની શકે પણ હવે વિશિષ્ટાભાવરૂપ એવા અભાવમાત્રપ્રતિયોગિક-અભાવને અધિકરણ સ્વરૂપ માનીએ તો વાંધો આવે. ઘટાભાવમાં ગગન ન રહેતું હોવાથી ઘટાભાવ ગગનાભાવવાન્ છે. હવે એ **"ગગનાભાવો ઘટાભાવઃ ન"** એમ કહી શકાતું હોવાથી એ ગગનાભાવ એ ઘટાભાવભેદવિશિષ્ટ છે. હવે ઘટાભાવમાં ગગનાભાવ રહેતો હોવા છતાં ઘટાભાવભેદવિશિષ્ટ એવો ગગનાભાવ ન રહે. કેમકે ઘટાભાવમાં ઘટાભાવભેદ રહેતો નથી. એટલે **"ઘટાભાવઃ ઘટાભાવભેદવિશિષ્ટગગનાભાવસ્ય અભાવવાન્"** બને. હવે આ વિશિષ્ટગગનાભાવાભાવ એ અભાવમાત્રપ્રતિયોગિક હોવાથી તે સ્વાધિકરણ=ઘટાભાવ સ્વરૂપ માનીએ તો આ વિશિષ્ટગગનાભાવાભાવનો પ્રતિયોગી વિશિષ્ટગગનાભાવ એ ઘટાભાવનો પ્રતિયોગી પણ ગણાય. અને આ વિ.ગગનાભાવ તો પર્વતમાં રહેલો જ છે. વળી આ વિ.ગગનાભાવ એ વિ.ગગનાભાવાભાવનિષ્ઠ અત્યન્તાભાવત્વનો નિરૂપક એવો જ પ્રતિયોગી છે. અને ઘટાભાવ આવા પ્રતિયોગીને સમાનાધિકરણ બની જતાં હવે તો ઘટાભાવ પણ અત્યન્તાભાવત્વનિરૂપકપ્રતિયોગિ-અસમાનાધિકરણ ન બનતા અવ્યાપ્તિ આવી રહે. આથી જ વિશિષ્ટાભાવને "એ અભાવમાત્રપ્રતિયોગિક હોય" તો પણ અધિકરણ સ્વરૂપ માનવાનો નથી. અને એટલે આવો વિશિષ્ટગગનાભાવાભાવ એ સ્વાધિકરણ એવા ઘટાભાવથી જુદો જ માનવાનો રહેશે. અને તેથી ઘટાભાવના પ્રતિયોગી તરીકે ઘટ જ અત્યન્તાભાવત્વનિરૂપક બનવાથી એ જ પ્રતિયોગી લેવાય. અને તેને અસમાનાધિકરણ એવો પર્વતવૃત્તિ-ઘટાભાવ છે જ. એટલે કોઈ દોષ ન આવે.

**પ્રશ્નઃ** આનો અર્થ એમ કે **અત્યન્ત** પદ ન લખીએ તો તમામ અભાવો સ્વપ્રતિયોગિસમાનાધિકરણ જ બનવાના. અને તો પછી "સ્વપ્રતિયોગિ-અસમાનાધિકરણ-અભાવ અસંભવિત છે" એમ કહેવાને બદલે "દુર્લભ છે." એમ શા માટે કહ્યું?

---

**जागदीशी** -- अग्रे विवक्षणीयस्य साध्यताघटकसम्बन्धेन प्रतियोग्यसामानाधिकरण्यस्य 'वह्निमान् धूमादि'त्यादौ घटाद्यभावे सत्वान्न सर्वत्राप्रसिद्धिः। किन्तु स्वरूपसम्बन्धेनाभावस्य साध्यतायामेवेति सूचयितुमप्रसिद्धिमपहाय 'दुर्लभत्व'मुक्तम्।

**चन्द्रशेखरीया: ननु** यदि अत्यन्तपदानुपादाने सर्वेषामेवाभावानां स्वसमानाधिकरणाभावान्तरात्मकस्व प्रतियोगिसमानाधिकरणत्वात् प्रतियोग्यसमानाधिकरणाभावमात्रस्य अप्रसिद्धत्वात् दीधितौ "तादृशासामानाधिकरण्यस्य असंभवापत्तेः" इत्येव वक्तुमुचितं । कथं "दुर्लभत्वापत्तेः" इति उक्तम् इति चेत् **सत्यं** इह यावत् यत् निरूपणं कृतं, तदनुसारेण तु अभावमात्रे एव प्रतियोग्यसमानाधिकरणत्वस्य असंभव एव । किन्तु अत्रैव ग्रन्थे अग्रे "साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसमानाधिकरणत्वं=साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यधिकरणं यत्, तस्मिन् अवृत्तित्वरूपम् ग्राह्यम्" इति वक्ष्यते । तदनुसारेण तु भावसाध्यके **वह्निमान् धूमात्** इत्यादौ घटाभाव एव प्रतियोग्यसमानाधिकरणः प्रसिद्ध्यति । तथाहि घटाभावस्य द्वौ प्रतियोगिनौ घटः पटाभावश्च । साध्यतावच्छेदकसंयोगसम्बन्धेन पर्वते घटो न विद्यते । पटाभावोऽपि च न विद्यते । पटाभावस्य संयोगेन वृत्तिताया एव अप्रसिद्धत्वात् । एवं च घटाभाव एव साध्यतावच्छेदकसंयोगसम्बन्धेन स्वप्रतियोगिघटाधिकरणावृत्तिः पर्वतवृत्तिः भवति इति न तत्राव्याप्तिः । एवं चात्र प्रतियोग्यसामानाधिकरण्यस्य प्रसिद्धिसंभवात् दीधितौ तस्यासंभवो नोक्तः, किन्तु दुर्लभत्वं उक्तं । तस्य दुर्लभत्वं च स्वरूपसम्बन्धेन अभावसाध्यकस्थले भवति । यथा **"धूमाभाववान् वह्नि-अभावात्"** इति अत्र वह्नि-अभावाधिकरणे सरसि घटाभावो विद्यते । किन्तु तस्य प्रतियोगी पटाभावः साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन सरसि विद्यते । अतोऽत्र घटाभावोऽपि न स्वप्रतियोग्यसमानाधिकरणः प्रसिद्ध्यति इति अत्रैव प्रतियोग्यसमानाधिकरणत्वस्य दुर्लभत्वं भवतीति भावः । तत्र च अत्यन्तपदस्य प्रथमां विवक्षां आदाय भवति लक्षणसमन्वयः । तथाहि- गगनत्वाभावस्य प्रतियोगी गगनत्वं पटाभावादिश्च । पटाभावश्च पटाभावभेदमादायैव गगनत्वाभावप्रतियोगी भवति । अतः स अत्यन्ताभावत्वनिरूपको नास्ति । किन्तु गगनत्वमेवात्यन्ताभावत्वनिरूपकं । साध्यतावच्छेदकस्वरूपसम्बन्धेन गगनत्वाधिकरणे गगनेऽवर्तमानो सरसि वर्तमानः गगनत्वाभावः प्रसिद्ध्यति इति तमादाय लक्षणसमन्वयो भवति ।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** આગળ કહેવાના છે કે "સાધ્યતાવચ્છેદકસંબંધેન સ્વપ્રતિયોગિ-અધિકરણ જે બને તેમાં અવૃત્તિ એવો અભાવ લેવો." હવે આ વિવક્ષા પ્રમાણે **વહ્નિમાન્ ધૂમાત્** ઇત્યાદિ સ્થલે તો ઘટાભાવના પ્રતિયોગી ઘટ+પટાભાવાદિભેદ બને. પણ સાધ્યતાવચ્છેદકસંયોગથી તો ઘટ જ રહે છે પટાભાવાદિ નહિ. અને તેથી સંયોગથી ઘટાધિકરણ ભૂતલ બને. અને તેમાં અવૃત્તિ એવો પર્વતવૃત્તિ-ઘટાભાવ લઈ શકાતા ત્યાં "અત્યન્ત"પદ વિના પણ લક્ષણ સમન્વય થઈ શકે છે. એટલે અસંભવ દોષ ન આવે. પણ **"ધૂમાભાવવાન્ વહ્નિ-અભાવાત્"** આવા સ્વરૂપસંબંધથી જ્યાં સાધ્ય હોય તેવા સ્થલે તો ઘટાભાવનો પ્રતિયોગી ઘટ+પટાભાવમાંથી પટાભાવ એ સ્વરૂપથી સરોવરમાં રહે છે એટલે ઘટાભાવ એ સ્વપ્રતિયોગિસમાનાધિકરણ= સાધ્યતાવચ્છેદકસ્વરૂપસંબંધથી સ્વપ્રતિયોગિપટાભાવાધિકરણ બનેલા એવા સરોવરમાં વૃત્તિ છે. એટલે ત્યાં આવા કોઈ અભાવો લક્ષણ ઘટક ન બનતા આવા સ્થલે અવ્યાપ્તિ આવે. આમ સ્વરૂપસંબંધ જ્યાં સાધ્યતાવચ્છેદક હોય ત્યાં જ પ્રતિયોગિ-અસમાનાધિકરણ-અભાવ પ્રસિદ્ધ બનતો હોવાથી અસંભવ દોષ ન કહેતાં દુર્લભત્વ=અવ્યાપ્તિ દોષની વિવક્ષા કરી છે. જો કે આ વાત આગળ કરવાના છે. છતાં અહીં કાળજી રાખી છે. આમ અત્યન્તપદની પહેલી વિવક્ષા ["અત્યન્તાભાવત્વનિરૂપક પ્રતિયોગિ-અસમાનાધિકરણ"] લેવાથી એ લાભ થયો કે **વહ્નિમાન ધૂમાત્** વિગેરેમાં અવ્યાપ્તિ ન આવે. ત્યાં પર્વતમાં ઘટાભાવ રહેલો છે તેનો પ્રતિયોગી ઘટ+પટાભાવ ભલે બને.

પણ પટાભાવ એ તો પટાભાવભેદત્વનિરૂપક છે. અત્યન્તાભાવત્વનિરૂપક નથી. અત્યન્તાભાવત્વનિરૂપક તો ઘટ પ્રતિયોગી જ છે. અને તે તો પર્વતમાં સંયોગથી ન હોવાથી આ ઘટાભાવ એ સ્વપ્રતિયોગિ-અસમાનાધિકરણ મળી જતાં કોઈ વાંધો ન આવે. **ધૂમાભાવવાન્ વહ્નિ-અભાવાત્** માં ગગનત્વાભાવ લેવાય. વહ્નિ-અભાવાધિકરણ-સરોવરમાં ગગનત્વ-અભાવ છે. આ અભાવના પ્રતિયોગી ગગનત્વ+પટાભાવાદિ પણ બને. કેમકે ગગનત્વાભાવ એ પટાભાવભેદાદિસ્વરૂપ છે એ આગળ જોઈ ગયા છીએ. આમ અહીં ગગનત્વ+પટાભાવાદિ પ્રતિયોગી છે. પણ પટાભાવાદિ તો પટાભાવભેદત્વનિરૂપક હોવાથી તે લેવાના નથી. ગગનત્વ એ અત્યન્તાભાવત્વનિરૂપક છે. તેથી તે લેવાય. અને તે ગગનત્વ એ સાધ્યતાવચ્છેદકસંબંધથી તો સરોવરમાં રહેતું જ નથી. એટલે સરોવરવૃત્તિ-ગગનત્વાભાવ એ અત્યન્તાભાવત્વનિરૂપક- પ્રતિયોગિ-અસમાનાધિકરણ મળી જાય. આમ અહીં પણ વાંધો ન આવે.

---

**जागदीशी -- 'अत्यन्ताभावत्वनिरूपकप्रतियोगितानवच्छेदकत्व'विवक्षायाः फलमाह-*सर्वेषामेवेति* । भावभेदस्या-तिरिक्ततास्वीकारादाह-*अभावसाध्यकेति* ।**

**तथा च 'घटभिन्नं पटत्वादि'त्यादौ पटत्वसमानाधिकरणस्य निरुक्तप्रतियोग्यसमानाधिकरणगोत्वप्रकारक-प्रमाविशेष्यत्वाद्यभावस्य घटभेदभिन्नत्वात् –तादृशभेदस्य च गोत्वप्रकारकप्रमाविशेष्यत्वाद्यभावस्वरूप-त्वात्तत्प्रतियोगितावच्छेदकमेव घटभेदत्वमित्यव्याप्तिरिति भावः ।**

---

**चन्द्रशेखरीयाः** एवं तावत् अत्यन्तपदस्य प्रथमविवक्षायाः फलमुक्तम् । अधुना द्वितीयविवक्षायाः फलम् कथ्यते । यदि हि द्वितीया विवक्षा न क्रियते, तदा **घटभिन्नं पटत्वात्** इत्यादौ अव्याप्तिर्भवेत् । अत्र पटत्वाधिकरणे गोत्वप्रकारकप्रमाविशेष्यताऽभावोऽस्ति । स च अत्यन्ताभावत्वनिरूपकस्वप्रतियोगितादृशविशेष्यताऽसमानाधिकरणोऽपि भवति, पटे तादृशविशेष्यतायाः अभावात् । अतः तादृशविशेष्यताऽभावो लक्षणघटकः । स च अभावो घटभेदभिन्नः, अर्थात् घटभेदभेदवान् । तथा च तादृशविशेष्यताऽभावे वर्तमानो घटभेदभेदः अभावाधिकरणकत्वात् तादृशविशेष्यताऽभावरूप एव । तथा च लक्षणघटकस्य तादृशविशेष्यताऽभावस्य प्रतियोगी घटभेदोऽपि भवति । तन्निष्ठायाः प्रतियोगिताया अवच्छेदकं घटभेदत्वमेव साध्यतावच्छेदकम् इति अव्याप्तिः भवेत् । अत्यन्तपदस्य द्वितीया विवक्षा यदि समाद्रीयते, तदा तु न एषः दोषः । यतः तादृशविशेष्यताऽभावस्य घटभेदभेदस्वरूपस्य घटभेदनिष्ठा प्रतियोगिता घटभेदभेदत्वनिरूपिका, न तु अत्यन्ताभावत्वनिरूपिका । अतः सा न गृह्यते । किन्तु तादृशविशेष्यताऽभावस्य विशेष्यतात्मकप्रतियोगिनिष्ठा प्रतियोगिता अत्यन्ताभावत्वनिरूपिका । अतः सैव गृह्यते । तदनवच्छेदकं घटभेदत्वं इति लक्षणघटनात् नाव्याप्तिः भवति । तादृशविशेष्यताऽभावे घटभेदस्य वर्तमानत्वात् तादृशविशेष्यताऽभावे घटभेदाभावो न वर्तते एव । अतः तादृशविशेष्यताऽभावो न घटभेदाभावरूपो भवति । अतः अत्यन्ताभावत्वनिरूपको घटभेदाभावप्रतियोगी घटभेदो न तादृशविशेष्यताऽभावप्रतियोगी भवति इति न कोऽपि दोषः इति भावः । एवं च उक्तविवक्षाद्वयं विना तत्र तत्र दोषो

भवति अतस्तद्वारणाय उक्तविवक्षाद्वयसूचकं अत्यन्तपदं निवेश्यमेव ।

ननु द्वितीयविवक्षाऽभावेऽभावसाध्यकस्थले एव अव्याप्तिः कथं दर्शिता? भावसाध्यकस्थले किमव्याप्तिर्न भवति? भवत्येव तथाहि-**वह्निमान् धूमात्** इत्यादौ प्रथमविवक्षानुसारेण घटाभावो लक्षणघटको भवति । तत्र वह्निभेदो वर्तते । स च वह्निभेदो अभावाधिकरणकोऽस्ति इत्यतो वह्निभेदो घटाभावरूप एव । तथा च लक्षणघटको यो घटाभावः वह्निभेदस्वरूपः, तस्य प्रतियोगी घटवत् वह्निरपि भवति । तत्र वह्निनिष्ठप्रतियोगितायाः अवच्छेदकं वह्नित्वं इति भवति अव्याप्तिः द्वितीयविवक्षाऽस्वीकारे । तत्स्वीकारे तु वह्नेः भेदत्वनिरूपकत्वात् न स गृह्यते । किन्तु अत्यन्ताभावत्वनिरूपको घट एव प्रतियोगित्वेन गृह्यते । तन्निष्ठप्रतियोगितानवच्छेदकं वह्नित्वं इति भवति लक्षणसमन्वयः इति चेत् ।

न, नहि अभावाधिकरणकाः सर्वेऽभावाः अधिकरणस्वरूपाः स्वीक्रियन्ते । भावभेदस्य अभावाधिकरणकस्यापि अधिकरणभिन्नत्वेनैव स्वीकारात् । तथा च घटाभावनिष्ठो वह्निभेदो न घटाभावस्वरूपः । अतः घटाभावप्रतियोगी वह्निः न भवति, किन्तु घटः एव इति द्वितीयविवक्षां विनापि लक्षणघटनात् न द्वितीयविवक्षां विना भावसाध्यकेऽव्याप्तिः संभवति । तस्मात् अभावसाध्यके एव द्वितीयविवक्षां विना अव्याप्तिः प्रदर्शिता इति ध्येयम् ।

ननु घटाभावप्रतियोगी वह्निरपि भवति । स चात्यन्ताभावत्वनिरूपकोऽपि अस्ति । अतः द्वितीयविवक्षासमादरणेऽपि अव्याप्तिः भवति इति चेत् अत्रास्माकमयमभिप्रायः यदुत यथा भावभेदोऽभावाधिकरणकोऽपि नाधिकरणस्वरूपः स्वीक्रियते । तथैव भावाभावोऽपि अभावाधिकरणकोऽपि नाधिकरणस्वरूपः स्वीकार्यः, किन्तु भिन्न एव । तथा च वह्नि-अभावस्य भावाभावस्वरूपत्वात् वह्नि-अभावो घटाभावाधिकरणकोऽपि न घटाभावस्वरूपः, किन्तु भिन्नः । तथा च घटाभावप्रतियोगी वह्निः न भवति । अत्यन्तपदस्य प्रथमविवक्षायामपि इदं समाधानं स्वयमेव परिभावनीयम् । एषा तावत् अस्माकं उत्प्रेक्षा । तत्त्वं तु नैयायिकधुरन्धराः विदन्ति । अत्र बहु वक्तव्यं तत्तु विस्तरभयात् नोच्यते । एष सर्वोऽपि साम्प्रदायिकानां अभिप्रायः ।

**चन्द्रशेखरीयाः "अत्यन्त"**પદનું બીજુ પ્રયોજન છે--"તાદૃશ-અભાવની અત્યન્તાભાવત્વનિરૂપકપ્રતિયોગતા જ લેવાની અને તેનો જ અનવચ્છેદક સા.અવ. લેવાનો." જો આ ન લો તો લક્ષણ ઘટક તરીકે ઘટાભાવ તો મળી જાય પણ **ધૂમાભાવવાન્ વહ્નિ-અભાવાત્** આવા સ્થલે અવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે-**"ઘટાભાવઃ ધૂમાભાવો ન"** એ પ્રતીતિ પ્રમાણે ઘટાભાવ એ ધૂમાભાવભેદવાળો બન્યો. અને અભાવાધિકરણક અભાવ અધિકરણાત્મક-અભાવ સ્વરૂપ જ હોવાથી અહીં ઘટાભાવ+ધૂમાભાવભેદ એ એક જ બનશે. અહીં ઘટાભાવ એ અત્યન્તાભાવત્વનિરૂપકસ્વપ્રતિયોગિઘટાસમાનાધિકરણ જ છે. કેમકે સરોવરમાં=હેત્વધિકરણમાં ઘટ નથી. હવે આ ઘટાભાવ એ ધૂમાભાવભેદ સ્વરૂપ છે. એટલે ઘટાભાવની પ્રતિયોગિતા ધૂમાભાવમાં આવી. અને એ પ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમાભાવત્વ બની જતા અવ્યાપ્તિ આવે. પણ બીજી વિવક્ષા લેવાથી વાંધો ન આવે. કેમકે ભલે ઘટાભાવ લક્ષણઘટક બન્યો. પણ તેનો ધૂમાભાવરૂપ પ્રતિયોગીતો ભેદત્વનિરૂપક છે માટે તે ન લેવાય. પરંતુ અત્યન્તાભાવત્વનિરૂપક ઘટ જ લેવાય. અને તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક

ધૂમાભાવત્વ મળી જતા અવ્યાપ્તિ ન આવે.

જાગદીશીમાં બીજુ દૃષ્ટાન્ત બતાવે છે–**"ઘટભેદવાન્ પટત્વાત્"** અહીં ગોત્વપ્રકારકપ્રમાવિશેષ્યતા ગાયમાં જ આવવાની હોવાથી એનો અભાવ પટત્વાધિકરણ=પટમાં મળે. અને આ સાધ્યતાવચ્છેદકસ્વરૂપસંબંધથી તાદૃશવિશેષ્યતા એ પટમાં ન રહેતી હોવાથી આ તા.વિશેષ્યતા-અભાવ એ સ્વપ્રતિયોગિ-અસમાનાધિકરણ પણ બને છે. હવે આ તા.વિશેષ્યતા-અભાવ એ ઘટભેદ રૂપ નથી. અર્થાત્ ઘટભેદભિન્ન=ઘટભેદભેદવાન્ છે. હવે ઘટભેદભેદ એ તા.વિશેષ્ય-અભાવમાં રહેતો હોવાથી અભાવાધિકરણક અભાવ અધિકરણ રૂપ માનેલ હોવાથી આ તા.વિશેષ્યતાઽભાવ એ ઘટભેદભેદરૂપ જ બની ગયો. એટલે આ તા.વિશેષ્યતા-અભાવની પ્રતિયોગિતા ઘટભેદમાં પણ આવશે. અને તે પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટભેદત્વ એ જ સાધ્યતાવચ્છેદક હોવાથી અવ્યાપ્તિ આવે. પણ બીજી વિવક્ષા પ્રમાણે આ દોષ ન આવે. કેમકે અહીં ઘટભેદનિષ્ઠપ્રતિયોગિતા એ તો ઘટભેદભેદત્વનિરૂપક છે. માટે તે ન લેવાય. એટલે આ તા.વિશેષ્યતા-અભાવની અત્યન્તાભાવત્વનિરૂપક એવી તા.વિશેષ્યતાનિષ્ઠ પ્રતિયોગિતા લેવાય અને તેનો અનવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક બનવાથી લક્ષણ ઘટી જાય છે.

**પ્રશ્ન:** બીજી વિવક્ષા ન લઈએ તો અભાવસાધ્યકસ્થલે જ અવ્યાપ્તિ કેમ આવી? ભાવસાધ્યકસ્થલે અવ્યાપ્તિ ન આવે?

**ઉત્તર: વહ્નિમાન ધૂમાત્** માં નિરુક્તપદ્ધતિથી ઘટાભાવ તો લક્ષણઘટક બની જાય. અને તેમાં વહ્નિભેદ પણ રહે. પણ વહ્નિભેદ એ ભાવપદાર્થના ભેદ સ્વરૂપ છે. અને ભાવભેદને અધિકરણ સ્વરૂપ નથી માન્યો. પરંતુ અભાવના ભેદને જ અધિકરણ સ્વરૂપ માનેલો છે. માટે જ અભાવસાધ્યક સ્થલે અવ્યાપ્તિ આવી. અહીં જે તાદૃશવિશેષ્યતા-અભાવ લક્ષણઘટક બન્યો. તેમાં ઘટભેદ રહેતો હોવાથી ઘટભેદાત્યન્તાભાવ નથી મળતો. પણ તા.વિશેષ્યતા-અભાવ એ ઘટભેદ રૂપ ન હોવાથી તે તા.વિશેષ્યતાઽભાવમાં ઘટભેદભેદ જ મળે છે. જો ઘટભેદ-અત્યન્તાભાવ મળતો હોત તો તો પાછી અવ્યાપ્તિ આવત જ. એ સ્વયં વિચારી લેવું.

આમ અત્યાર સુધીનો લક્ષણાકાર આ પ્રમાણે બનશે.

प्रतियोगितावच्छेदकावच्छिन्नो-अत्यन्ताभावत्वनिरूपको यः प्रतियोगी, तत्प्रतियोगिनः अधिकरणीभूते अवर्तमानः हेत्वधिकरणे वर्तमानः यः प्रतियोगि-अभावः, तस्य अत्यन्ताभावत्वनिरूपिकायाः प्रतियोगितायाः अनवच्छेदकं एव साध्यतावच्छेदकं...

આમ અત્યન્તપદથી અત્યન્તાભાવત્વનિરૂપકપ્રતિયોગિતા લેવાની અને લક્ષણઘટક બની ચુકેલા અભાવની અત્યન્તાભાવત્વનિરૂપકપ્રતિયોગિતા લેવાની વિવક્ષા કરવાથી ઉપર્યુક્ત આપત્તિઓ નીકળી જાય છે. આમ તો લક્ષણઘટક બનેલા ઘટાભાવમાં વહ્નિ ન રહેતો હોવાથી વહ્નિ-અભાવ રહે છે. અને એ વહ્નિ-અભાવ એ ઘટાભાવાધિકરણક બનવાથી ઘટાભાવસ્વરૂપ જ મનાય. અને તેથી અત્યન્તાભાવત્વનિરૂપક વહ્નિ એ જ વહ્નિ-અભાવ=ઘટાભાવનો પ્રતિયોગી બની જાય. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ બનતા વાંધો આવે. અવ્યાપ્તિ આવે. પણ જેમ ભાવભેદ એ અભાવાધિકરણક હોય તો પણ જુદો માનેલો છે તેમ ભાવાભાવ પણ અભાવાધિકરણક હોય તો ય જુદો જ માનવો. એટલે વહ્નિ-અભાવ એ ભાવાભાવરૂપ હોવાથી તે

ઘટાભાવરૂપ=અધિકરણરૂપ ન બને. માટે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- 'सम्प्रदाय'इत्यस्वरसः-तद्बीजन्तूक्तविवक्षायामपि सर्वेषां हेतुसमानाधिकरणात्यन्ता-भावानामत्यन्ता-भावत्वनिरूपकेण–पूर्वक्षणादिवृत्तित्वविशिष्टस्वाभावात्मकेन प्रतियोगिनासमं सामानाधिकरण्यादभाव-साध्यकाव्याप्तेस्तादवस्थ्यं-**

---

**चन्द्रशेखरीया:** जागदीश्यां प्रतिपादयति जगदीशः यदुत–दीधितिकारस्य साम्प्रदायिकमतेऽस्वरसोऽस्ति। तत्कारणं तु इदं यत् अत्यन्तपदप्रतिपादित-विवक्षाद्वयस्वीकारेऽपि न अभावसाध्यके स्थले कोऽपि अभावः प्रतियोग्यसमानाधिकरणः प्रसिद्ध्यति। यतः सरसि प्रथमक्षणे घटाभावो वर्तते। द्वितीयक्षणेऽपि घटाभावोऽस्ति। किन्तु द्वितीयक्षणे पूर्वक्षणवृत्तित्वविशिष्टस्य घटाभावस्याभावो वर्तते। एवं तृतीयक्षणेऽपि घटाभावोऽस्ति। किन्तु द्वितीयक्षणवृत्तित्वविशिष्टस्य पूर्वक्षणवृत्तित्वविशिष्टघटाभावाभावस्य अभावो वर्तते। विशिष्टघटाभावाभावाभावो विशिष्टघटाभाव एव। विशिष्टघटाभावश्च शुद्धघटाभावस्वरूपः। तथा च विशिष्टघटाभावाभावाभावो घटाभावरूपः। अतः विशिष्ट-घटाभावाभावाभावप्रतियोगी विशिष्टघटाभावाभावः घटाभावस्यापि प्रतियोगी भवति। अत्र सरसि द्वितीयक्षणे घटाभावाभावः घटाभावश्च वर्तते। एवं च अयं घटाभावः द्वितीयक्षणे तत्रैव पर्वते स्वप्रतियोगिना विशिष्टघटाभावाभावेन सह समानाधिकरणो भवति। अनयैव रीत्या सर्वेऽभावाः पूर्वक्षणवृत्तित्वविशिष्टस्वाभावात्मक-प्रतियोगिना सह समानाधिकरणा एव। स च विशिष्टघटाभावाभावात्मकप्रतियोगी अपि विशिष्टघटाभावाभावाभावत्वात्मकात्यन्ता-भावत्वनिरूपक एव भवति। अतः घटाभावादयो अत्यन्ताभावत्वनिरूपकविशिष्टघटाभावाभावरूप-प्रतियोगिसमानाधिकरणाः भवन्ति इति सर्वत्राभावसाध्यके स्थले अत्यन्ताभावत्वनिरूपकस्वप्रतियोग्यसमानाधिकरणोऽभावः अप्रसिद्धो भवति इति अभावसाध्यकस्थले लक्षणस्याव्याप्तिः तदवस्थैव इति भावः।

**चन्द्रशेखरीया:** જગદીશજી કહે છે કે અત્યન્તપદનું પ્રયોજન બતાવનાર આ સાંપ્રદાયિકમતમાં દીધિતિકારને અસ્વરસ જ છે. અને તેનું કારણ એ છે કે અત્યન્તપદની બે વિવક્ષા લઈએ, તો ય અભાવસાધ્યક **ધૂમાભાવવાન્ વહ્નિ-અભાવાત્** સ્થલે પ્રતિયોગિ-અસમાનાધિકરણ અભાવ મળવાનો જ નથી. તે આ પ્રમાણે

સરોવર માં પહેલી ક્ષણે ઘટાભાવ

સરોવરમાં બીજી ક્ષણે ઘટાભાવ હોવા છતાં પણ પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટ એવા ઘટાભાવનો અભાવ છે.

સરોવરમાં ત્રીજી ક્ષણે ઘટાભાવ હોવા છતાં પણ દ્વિતીયક્ષણવૃત્તિત્વવિશિષ્ટ એવો જે પ્રથમક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવાભાવ છે, તેનો અભાવ છે. અહીં વિશિષ્ટ એ શુદ્ધથી અભિન્ન જ માનેલું છે. હવે ત્રીજી ક્ષણે ઘટાભાવ અને તાદૃશવિશિષ્ટઘટાભાવાભાવાભાવ છે. એ બેય એક જ છે. કેમકે જેમ ઘટ+ઘટાભાવાભાવ એક છે તેમ ઘટાભાવ+ઘટાભાવાભાવાભાવ પણ એક જ બની શકે છે. એટલે ઘટાભાવાભાવાભાવનો પ્રતિયોગી વિ.ઘટાભાવાભાવ કહેવાય અને એ જ વિ.ઘટાભાવાભાવ એ ઘટાભાવનો પ્રતિયોગી પણ કહેવાય. આમ

ઘટાભાવના બે પ્રતિયોગી બન્યા "ઘટ અને વિ.ઘટાભાવાભાવ." હવે બીજી ક્ષણે ઘટાભાવ અને વિશિષ્ટઘટાભાવાભાવ બેય રહેલા જ છે. આમ ઘટાભાવ એ બીજીક્ષણે એ જ સરોવરમાં સ્વપ્રતિયોગીને સમાનાધિકરણ બની જાય છે. અને આ વિ.ઘટાભાવાભાવ એ અત્યન્તાભાવત્વનિરૂપક એવો જ પ્રતિયોગી છે. આમ અત્યન્તપદની વિવક્ષાઓ લઈએ તો પણ ઘટાભાવાદિ પણ પ્રતિયોગિ-અસમાનાધિકરણ=અત્યન્તાભાવત્વનિરૂપકપ્રતિયોગિ-અસમાનાધિકરણ બનતા નથી. માટે અવ્યાપ્તિ વિગેરે દોષો આવવાના જ છે. જાગદીશીની પંક્તિનો અર્થ–**હેતુ સમાનાધિકરણ=** ધૂમાધિકરણપર્વતમાં રહેનાર **તમામ અભાવો=**ઘટાભાવાદિ એ અત્યન્તાભાવત્વનિરૂપક એવા પૂર્વક્ષણાદિવૃત્તિત્વ-વિશિષ્ટ-સ્વભાવ=ઘટાભાવાભાવ રૂપ પ્રતિયોગીને સમાનાધિકરણ છે.

---

**जागदीशी -- 'यादृशप्रतियोगितावच्छेदकविशिष्टस्यानधिकरणं हेत्वधिकरणं तादृशप्रतियोगितानवच्छेदकत्व'प्रवेशे तु व्यर्थमेव 'अत्यन्त' पदमिति ध्येयम्।।७।।**

---

**चन्द्रशेखरीया:** न च "अग्रे यादृशप्रतियोगितावच्छेदकविशिष्टस्यानधिकरणं हेत्वधिकरणं तादृशप्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकं" इति वक्ष्यते परिष्कारः। तदनुसारेण न कोऽपि दोषः। विशिष्टघटाभावाभावनिष्ठ-प्रतियोगितावच्छेदक-तादृशविशिष्टघटाभावाभावत्वावच्छिन्नस्य विशिष्टघटाभावाभावस्य अधिकरणमेव वह्न्यभावाधिकरणं सरः अतः स प्रतियोगी न ग्राह्यः। किन्तु घटनिष्ठप्रतियोगितावच्छेदकघटत्त्वावच्छिन्नघटस्यानधिकरणं हेत्वधिकरणं सरः भवति। तादृशप्रतियोगितायाः अनवच्छेदकं एव धूमाभावत्वं इति लक्षणघटनात् नाभावसाध्यकेऽपि अव्याप्तिः इति वाच्यम्।

एवं तर्हि अत्यन्तपदप्रतिपादितविवक्षाद्वयास्वीकारेऽपि न कुत्रापि दोषः संभवति। यतो घटाभावप्रतियोगी पटाभावो अस्ति। अतः पटाभावनिष्ठप्रतियोगितावच्छेदकपटाभावत्वावच्छिन्नपटाभावस्याधिकरणमेव सरः। किन्तु यादृश-प्रतियोगिताविवक्षणात् घटाभावस्य घटनिष्ठप्रतियोगितानवच्छेदकमेव साध्यतावच्छेदकं धूमाभावत्वं। तथा च अत्यन्तपदं विनापि लक्षणघटनात् निरर्थकमेव भवति अत्यन्तपदं। अयमत्राशयः। पूर्वं "प्रतियोग्यसमानाधिकरणोऽभावो ग्राह्यः" इति एव अर्थः अभूत्। अतः घटाभावस्य पटाभावभेदरूपस्य स्वप्रतियोगिना सरसि वर्तमानेन पटाभावेन सह समानाधिकरणत्वात् स घटाभावो न ग्रहीतुं शक्योऽभूत्। इदानीं तु "यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्ना-समानाधिकरणोऽभावो ग्राह्यः" इति अर्थोऽभूत्। तथा च घटीयप्रतियोगितावच्छेकघटत्त्वावच्छिन्नघटासमानाधिकरणो घटाभावो भवति इति लक्षणसमन्वयो भवति इति अत्यन्तपदं निरर्थकमेव भवति। तस्मात् साम्प्रदायिकनिरूपणं न मनसि प्रतिभाति। अतः साम्प्रदायिकमते दीधितिकारस्य अस्वरसः तैः सूचितः।

**चन्द्रशेखरीया: साम्प्रदायिकोः** આગળ યાદૃશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન... ઇત્યાદિ કારિકામાં કહેવાના જ છે. એટલે ઘટાભાવની એક પ્રતિયોગિતા ઘટમાં અને બીજી પ્રતિયોગિતા પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવાભાવમાં છે. આમાં બીજી પ્રતિયોગિતા એ તાદૃશવિશિષ્ટઘટાભાવાભાવત્વાવચ્છિન્ન છે. અને તેથી "યાદૃશપ્રતિયોગિતા-વચ્છેદકવિશિષ્ટનું અનધિકરણ એવું હેત્વધિકરણ હોય તાદૃશપ્રતિયોગિતાનો અનવચ્છેદક" એવી આગળ કહેવાનારી વિવક્ષા પ્રમાણે તો વિ.ઘટાભાવાભાવનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદક વિ.ઘટાભાવાભાવત્વ બને. તેનાથી વિશિષ્ટ તો

વિ.ઘટાભાવાભાવ બને. તે તો પર્વતમાં રહેલો હોવાથી સરોવર તેનું અનધિકરણ હેત્વધિકરણ ન બને. પરિણામે આ પ્રતિયોગિતા ન લેવાય. પણ ઘટનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકઘટત્વવિશિષ્ટ એવા ઘટનું અનધિકરણ સરોવર બને. અને આવી ઘટનિષ્ઠપ્રતિયોગિતાનો અનવચ્છેદક ધૂમાભાવત્વ બની જાય. આમ કોઈ વાંધો ન આવે. ટુંકમાં અત્યન્તાભાવત્વનિરૂપક તમામ પ્રતિયોગીઓને અસમાનાધિકરણ એવો અભાવ નથી લેવાનો. પણ ભાવત્વનિરૂપક કોઈપણ પ્રતિયોગીને અસમાનાધિકરણ એવો અભાવ લેવાય. અને એ અભાવ જે પ્રતિયોગીને અસમાનાધિકરણ લીધો હોય તે જ પ્રતિયોગીમાં રહેલી તેવી જ પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક મળવો જોઈએ. આમ કોઈ દોષ રહેતો નથી.

**ઉત્તર:** શાબાશ. જો આવું જ કહેવાનું હોય તો તો પછી અત્યન્તપદની કોઈ જરૂર જ નથી. ભલે ને ઘટાભાવનો પ્રતિયોગી પટાભાવ પણ બને. અને ઘટાભાવ એને સમાનાધિકરણ બને. પણ ઘટનિષ્ઠ-પ્રતિયોગિતાવચ્છેદકઘટત્વ-અવચ્છિન્નઘટ-અસમાનાધિકરણ તો એ ઘટાભાવ બની જ જવાનો. અને તેની એ પ્રતિયોગિતાનો અનવચ્છેદક વહ્નિત્વ બની જ જવાનો. એટલે અત્યન્તપદ દ્વારા લેવાતી બેય વિવક્ષાઓ કાઢી નાંખીએ તોય હવે તો વાંધો આવવાનો જ નથી. અને આ રીતે તો એ અત્યન્તપદ જ વ્યર્થ બની જશે. માટે સામ્પ્રદાયિકમત બરાબર લાગતો નથી.

---

## दीधिति

**अथ यदा गोत्वं तदा गौरित्यत्रातिव्याप्तिः, प्रलयस्य गोध्वंसवत्त्वेन गवात्यन्ताभावानधिकरणत्वात् ।**

---

**जागदीशी -- *गोध्वंसवत्त्वेनेति* । – [प्राचीनमते] गवात्यन्ताभावस्य गोध्वंसविरोधित्वादित्याशयः ।**

**न च दैशिकविशेषणतया यद्गोध्वंसस्याधिकरणं तत्रैव गवात्यन्ताभावस्य विरोधात् कालिकसम्बन्धेन गोध्वंसवत्यपि प्रलये तदत्यन्ताभावसत्त्वे बाधकाभावान्नातिव्याप्तिरिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीयाः** ननु **कालिकेन गोमान् कालिकेन गोत्वात्** इति इदमसत्स्थानं । यतः कालिकेन गोत्वाधिकरणे महाप्रलये कालिकेन गोरभावात् । यत्र काले यद् वस्तु विद्यते, तद् वस्तु एव तस्मिन्काले कालिकेन वर्तते । महाप्रलयकाले गौः न विद्यते, अतः गौः महाप्रलये न कालिकेनापि वर्तते । तथा च अयं असद्धेतुः । तथापि अत्र लक्षणसमन्वयात् अतिव्याप्तिः भवति । तथाहि कालिकेन गोत्वाधिकरणे सृष्टिकाले कालिकेन गोः विद्यमानत्वात् तत्र साध्याभावः सुतरां न मीलति । अतः कालिकेन गोत्वाधिकरणे महाप्रलये एव गवाभावो ग्राह्यः, महाप्रलये जन्यमात्रभावपदार्थस्याभावात् । किन्तु प्राचां मते ध्वंसाधिकरणेऽत्यन्ताभावस्यानभ्युपगमात् गोध्वंसाधिकरणे महाप्रलये गवात्यन्ताभावो न घटते । अतः

तत्रापि स न ग्रहीतुं शक्यः । तथा च साध्याभावस्य लक्षणाघटकत्त्वात् अभावान्तरमादायातिव्याप्तिः भवति इति चेत् न, "यत्र गोध्वंसः स्वरूपेण वर्तते तत्र गवात्यन्ताभावो न वर्तते" इत्येवंप्रकारेण ध्वंसात्यन्ताभावयोः विरोधः । महाप्रलये तु गोध्वंसः कालिकेन वर्तते, न तु स्वरूपेण । अतः तत्र गवात्यन्ताभावः संभवति इति नातिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ: કાલિકેન ગોમાન્ કાલિકેન ગોત્વાત્** એ ખોટા અનુમાનમાં અતિવ્યાપ્તિ આવશે. ખોટું એ રીતે કે મહાપ્રલયકાળમાં કાલિકેન ગોત્વ છે. પણ કાલિકેન ગૌ નથી. કેમકે હંમેશા તત્કાળે વિદ્યમાન એવી વસ્તુ જ કાલિકસં.થી તે કાળાદિમાં રહે. મહાપ્રલયકાળમાં ગૌ વિદ્યમાન જ ન હોવાથી તે કાળમાં કાલિકથી "ગો" ન રહે. આમ સ્થાન ખોટું છે પણ અતિવ્યાપ્તિ આવશે. કેમકે સાધ્યાભાવ લક્ષણઘટક નથી બનતો. તે આ પ્રમાણે-ગોત્વના અધિકરણ એવા બીજા બધા કાળમાં તો "ગો" રહેવાની જ છે. એટલે ગોત્વાધિકરણ એવા મહાપ્રલયકાળમાં ગો-અભાવ લેવો પડે. કેમકે એ કાળમાં કાલિકથી "ગો" ન રહેતી હોવાથી ત્યાં જ આ ગો-અભાવ એ પ્રતિયોગિ-અસમાનાધિકરણ બને. પરંતુ પ્રાચીનમતે ગોધ્વંસની સાથે ગો-અત્યન્તાભાવને વિરોધ માનેલો છે. એટલે મહાપ્રલયકાળમાં ગોધ્વંસ કાલિકથી રહેલો જ હોવાથી ત્યાં ગો-અભાવ રહેતો જ નથી. આમ સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા અતિવ્યાપ્તિ આવશે. [અહીં આગળ ભલે અત્યંતપદનું ખંડન કર્યું. બાકી આ બધી ચર્ચા તો અત્યંતપદવાળા લક્ષણને લઈને જ જાણવી.]

**મધ્યસ્થ:** "જ્યાં ગોધ્વંસ સ્વરૂપથી રહે ત્યાં ગો-અભાવ ન રહી શકે." આ રીતનો જ એ બે વચ્ચે વિરોધ છે. મહાપ્રલયકાળમાં તો ગોધ્વંસ સ્વરૂપસં.થી નથી રહેતો. એટલે ત્યાં ભલે તે ગોધ્વંસ કાલિકથી રહે તો પણ તેમાં ગો-અભાવ માનવામાં કોઈ વાંધો છે જ નહિ.

---

**जागदीशी -- प्राचां मते भूतलादिदेशस्येव कालस्यापि दैशिकविशेषणतया गवादिध्वंसवत्त्वात् ।**

---

**चन्द्रशेखरीया:** ननु प्राचां मते यथा भूतलादिषु स्वरूपेण ध्वंसो वर्तते, तथैव कालेऽपि स्वरूपसम्बन्धेन ध्वंसस्य स्वीकारात् महाप्रलयकालेऽपि स्वरूपेण गोध्वंसस्य विद्यमानत्वात् तत्र गवात्यन्ताभावो न ग्रहीतुं शक्यते ।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** પ્રાચીનોના મતે તો જેમ ભૂતલાદિમાં સ્વરૂપથી ધ્વંસ રહે તેમ કાલમાં પણ સ્વરૂપસં.થી ધ્વંસ માનેલો છે. આમ મહાપ્રલયકાળમાં તો ગોધ્વંસ સ્વરૂપસં.થી ~~નથી રહેતો~~. એટલે ત્યાં ભલે તે ગોધ્વંસ કાલિકથી રહે તો પણ તેમાં ગો-અભાવ માની ન શકાય.

---

**जागदीशी -- अत एव त्वक्संयुक्तकाले विशेषणतया वायुस्पर्शनाशस्य ग्रहः शब्दानित्यतायां मिश्रैरुक्तः ।**

---

**चन्द्रशेखरीया:** न चैतद् स्वमनी षिकाविजृम्भितम् । स्वयं मिश्रैरेव शब्दानित्यतानिरूपणे त्वक्संयुक्तकाले स्वरूपसम्बन्धेन वायुध्वंसस्य प्रत्यक्षं प्रतिपादितं । तथा च काले स्वरूपेण ध्वंसः तेषामभिमतः एव इति चेत् ।

**चन्द्रशेખરીયા:** આ જ કારણસર શબ્દની અનિત્યતાના પ્રતિપાદનમાં મિશ્રએ "ત્વક્સંયુક્ત એવા કાળમાં વાયુસ્પર્શનાશ સ્વરૂપસં.થી રહેલો છે" એવું પ્રત્યક્ષજ્ઞાન માનેલું જ છે. એટલે કાળમાં સ્વરૂપસં.થી ધ્વંસ રહી શકે છે એ વાત સાચી સાબિત થાય છે.

---

**जागदीशी -- यद्यप्येवमपि नातिव्याप्तिसम्भवः-कालिकसम्बन्धावच्छिन्नगवात्यन्ताभावस्यैव प्रलये कालिकसम्बन्धेन वर्त्तमानत्वात् ध्वंसादिमति दैशिक [विशेषणता] सम्बन्धेनैवात्यन्ताभावानभ्युपगमात्**

---

**चन्द्रशेखरीया:** न, एवमपि अतिव्याप्तिसंभवो नास्ति । यतो "यत्र स्वरूपेण गोध्वंसः तत्र स्वरूपेणैव गवात्यन्ताभावो न वर्तते" इत्याकारक एव विरोधः । महाप्रलये स्वरूपेण गोध्वंसस्य विद्यमानत्वात् तत्र स्वरूपेण कालिकावच्छिन्नप्रतियोगिताको गवात्यन्ताभावो मा भूत् । तथापि तत्र कालिकसम्बन्धेन कालिकावच्छिन्नप्रतियोगिताको गवात्यन्ताभावो वर्तते एव । न तत्र किमपि बाधकं । तथा च साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः ।

**चन्द्रशेખરીયા: મધ્યસ્થ:** ભલે તેમ હો તો પણ અતિવ્યાપ્તિ તો નહીં જ આવે. કેમકે "જ્યાં સ્વરૂપસં.થી જેનો ધ્વંસ ત્યાં સ્વરૂપસં.થી તેનો અત્યંતાભાવ ન હોય." એ રીતે જ વિરોધ માનેલો છે. હવે મહાપ્રલયમાં ભલે સ્વરૂપથી ગોધ્વંસ રહે. અને તેથી ભલે ત્યાં ગો-અભાવો સ્વરૂપથી ન જ રહે. પણ તે પ્ર.કાળમાં કાલિકાવચ્છિન્નપ્રતિયોગિતાકગવાત્યન્તાભાવ એ કાલિકસં.થી રાખવામાં તો કોઈ જ વાંધો નથી. આમ કાલિકેન ગો-અભાવ એ કાલિકથી મહાપ્રલયમાં મળી જતાં સાધ્યાભાવ જ લક્ષણઘટક બનવાથી કોઈ વાંધો ન આવે.

---

**जागदीशी -- तथाऽपि प्रतियोगिवैयधिकरण्याघटितस्य व्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणस्यावश्यं दैशिकविशेषण-तया[ऽभावे] हेतुसामानाधिकरण्यघटितत्वात्तस्यैवातिव्याप्तिर्बोध्या ।**

---

**चन्द्रशेखरीया:** ननु प्रतियोगिव्यधिकरणत्वघटितलक्षणस्यातिव्याप्तिः मा भवतु । तथापि व्याप्यवृत्तिसाध्यकस्थलीय-लक्षणस्यातिव्याप्तिः दुर्वारैव । यतः तत्र प्रतियोग्यसमानाधिकरणं पदं न निवेश्यते । हेत्वधिकरणे च स्वरूपसम्बन्धेनैव अभावो गृह्यते । अन्यथा तु **सत्तावान् जातेः** इत्यादौ जात्यधिकरणे गुणे सत्ताऽभावस्य कालिकेन वर्तमानत्वात्, प्रतियोग्यसमानाधिकरणत्वस्य च प्रवेशात् साध्याभावः एव लक्षणघटको भवेत् । तथा च तत्राव्याप्तिः भवेत् । अतः तत्र हेत्वधिकरणे स्वरूपेणैवाभावो वाच्यः । तथा च **कालिकेन गोमान् कालिकेन गोत्वात्** इति अत्रापि महाप्रलयकाले गोत्वाधिकरणीभूते गवात्यन्ताभावस्य स्वरूपेणावर्तमानत्वात् न साध्याभावो लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यते । तथा च अन्याभावमादायातिव्याप्तिः । महाप्रलयकाले गोध्वंसस्य स्वरूपेण सत्वात् तत्र गवात्यन्ताभावः स्वरूपेण तु नैव वर्तितुं समर्थः इति भावः इति चेत् ।

**चन्द्रशेखरीया: પૂર્વપક્ષ:** ભલે અવ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલીય એવું પ્રતિયોગિવ્યધિકરણત્વઘટિત લક્ષણ તો અતિવ્યાપ્ત નહીં બને. પણ વ્યાપ્યવૃત્તિસાધ્યસ્થલીય જે લક્ષણ છે એ તો અતિવ્યાપ્ત બનવાનું જ છે. એ લક્ષણમાં જો હેત્વધિકરણમાં વૃત્તિ અભાવ ગમે તે સંબંધથી લેવાનું રાખે તો તો **સત્તાવાત્ જાતેઃ** ઇત્યાદિમાં જાતિ-અધિકરણ દ્રવ્યાદિમાં સત્તા-અભાવ કાલિકથી રહી જવાથી વ્યાપ્યવૃત્તિની પહેલી વ્યાખ્યા પ્રમાણે વ્યાપ્ય-વૃત્તિ ગણાતા એવા સત્તાસાધ્યવાળા સ્થલે તો સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ આવે. તે નિવારવા વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલે સ્વરૂપસંબંધથી જ અભાવ લેવાની વિવક્ષા કરવી જ પડે. દ્રવ્યાદિમાં સત્તા-અભાવ સ્વરૂપથી ન મળવાથી તે ન લેવાય. એટલે ઘટાભાવાદિ લઈ લક્ષણસમન્વય થઈ જાય. આમ વ્યાપ્યવૃત્તિસાધ્યકમાં તો હેત્વધિકરણમાં સ્વરૂપથી જ અભાવ લેવાનો છે. પ્રસ્તુતમાં પણ કાલિકેન ગૌ એ વ્યાપ્યવૃત્તિ હોવાથી અહીં એ લક્ષણ વિચારીએ તો ગોત્વાધિકરણ એવા મહાપ્રલયમાં સ્વરૂપસંબંધથી તો ગો-અત્યન્તાભાવ રહી જ ન શકે કેમકે પ્રલયમાં સ્વરૂપથી ગોધ્વંસ રહેલો છે. આમ સાધ્યાભાવ ન લેવાતા આ વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલીય લક્ષણ અતિવ્યાપ્ત બને.

---

**जागदीशी -- न च कालिकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्य दैशिक[विशेषणता]सम्बन्धेन हेतुमन्निष्ठा[ऽत्यन्ता]भावस्याप्रसिद्ध्या तथाऽपि नातिव्याप्तिरिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया:** न, मा भवतु साध्याभावो लक्षणघटकः। तथापि तत्र कस्यापि अभावस्य लक्षणाघटकत्वात् लक्षणसमन्वयाभावादेव नातिव्याप्तिः। यतो येऽनित्याः पदार्थाः, तेषां सर्वेषां महाप्रलयकाले स्वरूपेण ध्वंसो वर्तते अतः तेषां अत्यन्ताभावो न ग्रहीतुं शक्यते। ये च नित्याः पदार्थाः, ते सर्वे महाप्रलयकाले साध्यतावच्छेदककालिकेन वर्तन्ते। अतः तेषामपि कालिकावच्छिन्नप्रतियोगिताकोऽभावो न ग्रहीतुं शक्यते। एवं च नातिव्याप्तिः।

**चन्द्रशेखरीया: મધ્યસ્થ:** ભલે ને સાધ્યાભાવ લક્ષણઘટક ન બને. પણ લક્ષણ સમન્વય કરવા માટે બીજો અભાવ તો લક્ષણઘટક બનાવવો જ પડશે ને? કાલિકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો કોઈપણ અત્યન્તાભાવ સ્વરૂપસંબંધથી [દૈશિકવિશેષણતાસં.થી] હેતુમત્=મહાપ્રલયમાં રહેવાનો જ નથી. કેમકે ઘટ-પટ-પુસ્તકાદિ બધી વસ્તુઓના ધ્વંસો સ્વરૂપથી મહાપ્રલયમાં હોવાથી ત્યાં સ્વરૂપથી તેઓનો અત્યન્તાભાવ રહી શકવાનો નથી જ. અને જે નિત્યવસ્તુઓ છે એ તો કાલિકસં.થી ત્યાં મહાપ્રલયકાળમાં રહેલી જ છે એટલે તેમનો પણ કાલિકથી ત્યાં અભાવ સ્વરૂપથી રહેવાનો જ નથી. માટે કોઈપણ અભાવ લક્ષણઘટક ન બનતા લક્ષણસમન્વય જ ન થતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- सृष्टिकालवृत्तित्वादिविशिष्टगोत्वादेरत्यन्ताभावस्यैव तादृशस्य प्रसिद्धत्वादिति भावः।**

---

**चन्द्रशेखरीया:** ननु सृष्टिकालवृत्तित्वविशिष्टगोत्वं तु महाप्रलयकाले न कालिकेन वर्तते। तथा च महाप्रलयकाले कालिकावच्छिन्नप्रतियोगिताकः तादृशविशिष्टगोत्वात्यन्ताभावो वर्तते। तथा च व्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणं प्रतियोगिवैयधिकरण्याघटितं सृष्टिकालवृत्तित्वविशिष्टगोत्वाभावमादायात्र समन्वितं इति अतिव्याप्तिः वज्रलेपकल्पा

भवति। व्याप्यवृत्तिसाध्यकस्थले साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकः एव अभावः स्वरूपसम्बन्धेनैव हेत्वधिकरणे वर्तमानो ग्राह्यः। तत्प्रयोजनमतु अग्रे वक्ष्यते। स्वयमेव वा विभावनीयम्। स्पष्टत्वात् नोच्यते। अत एव अत्र कालिकावच्छिन्नप्रतियोगिताकस्याभावस्य स्वरूपेण हेत्वधिकरणे वर्तमानत्वं स्पष्टतयोक्तं इति भावनीयम्। तथा च अत्रातिव्याप्तिः भवत्येव।

**ચન્દ્રશેખરીયાઃ પૂર્વપક્ષઃ** સૃષ્ટિકાલવૃત્તિત્વવિશિષ્ટગોત્વ તો મહાપ્રલયકાળમાં કાલિકથી પણ રહેવાનું જ નથી. એટલે તેનો અભાવ એ મહાપ્રલયમાં મળી જાય. આ વિ.ગોત્વ નિત્ય જ હોવાથી તેનો ધ્વંસ મહાપ્ર.કાળમાં નથી. અને એટલે જ ત્યાં મ.પ્ર.માં તેનો અત્યન્તાભાવ માનવામાં કોઈ વાંધો ન આવે.

---

## दीधिति

**संसर्गाभावमात्रोक्तावपि,– 'यदा स्पन्दस्तदा द्वयणुकम्,'– 'यदाऽदृष्टं-तदा जन्यं ज्ञानं, दुःखं वा,'– 'यदा तस्याऽदृष्टं–तदा तदीयं ज्ञान'मित्यादावतिव्याप्तिः;**

**द्वयणुकत्वादेर्द्वयणुकादिशून्यखण्डप्रलयादिनिष्ठध्वंस-प्रागभाव-प्रतियोगितानवच्छेदकत्वात्,**

**न हि "तयोः सामान्याभावत्व" वादिमतेऽपि,– एकविशेषप्रागभावविशेषान्तरध्वंसवत्यपि समये सामान्यावच्छिन्नध्वंस-प्रागभावयोः,–सम्भव इति, चेन्न,**

**प्रतियोगिमत इव ध्वंसादिमतोऽपि कालस्यात्यन्ताभाववत्त्वेऽविरोधात्,**

**अन्यथाऽत्यन्ताभावस्य कालमात्रावृत्तित्वप्रसङ्गात् ।।८।।**

---

**जागदीशी -- मिश्रमतं निरसितुमाह-*संसर्गाभावेति*। -'अत्यन्ताभावपदेनेत्यादिः। तथा च प्रलये गोत्वावच्छिन्नध्वंसवत्त्वादेव नातिव्याप्तिरिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** अत्र पूर्वपक्षखण्डनाय मिश्रः समुत्तिष्ठति–लक्षणे निविष्टं अत्यन्ताभावपदं संसर्गाभावपरकं ज्ञेयम्। तथा च महाप्रलयकाले गवात्यन्ताभावस्य स्वरूपेणाविद्यमानत्वेऽपि तत्र गोत्वावच्छिन्नप्रतियोगिताकगोध्वंसस्य सत्वात् स एव लक्षणघटकः। तस्य प्रतियोगितायाः अवच्छेदकं गोत्वं इति नातिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયાઃ મિશ્રઃ** [આ આખા પૂર્વપક્ષનું ખંડન ગ્રન્થકાર તો પછી કરશે. તે પહેલા મિશ્રમત આ પૂર્વપક્ષને ખંડિત કરવા માટે કહે છે કે] લક્ષણમાં જે "અત્યન્તાભાવ" પદ છે. એનાથી "સંસર્ગાભાવ" એવો અર્થ લેવો. એટલે મહાપ્રલયમાં ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક ગોધ્વંસ મળી જાય છે. અને તે સંસર્ગાભાવ તરીકે

લેવાય. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ગોત્વ એ જ સાધ્યતાવચ્છેદક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी -- न च गोध्वंसस्य गोत्वावच्छिन्नप्रतियोगिताकत्वस्वीकारेऽपि [ध्वंस-प्रागभावादेः प्रतियोगितावच्छेदकसम्बन्धास्वीकारेण] साध्यतावच्छेदकीभूतकालिकविशेषणतावच्छिन्न-प्रतियोगिताकत्वविरहात्-कुतस्तमादायातिव्याप्तिव्युदास इति वाच्यं**

**चन्द्रशेखरीया: न च** व्याप्यवृत्तिसाध्यकस्थले साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकोऽभावः स्वरूपसम्बन्धेन हेत्वधिकरणे वर्तमानो ग्राह्यः। अन्यथा **वह्निमान् धूमात्** इति अत्र व्याप्यवृत्तिपदस्य प्रथमव्याख्यानुसारेण व्याप्यवृत्तिवह्निसाध्यके स्थले धूमाधिकरणे समवायेन वह्नि-अभावस्य स्वरूपेण सत्वात् अव्याप्तिः भवेत्। साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकत्वनिवेशे तु समवायेन वह्नि-अभावस्य प्रतियोगिता साध्यतावच्छेदक-संयोगसम्बन्धानवच्छिन्ना इति न तादृशोऽभावो लक्षणघटकः, संयोगावच्छिन्नप्रतियोगिताको वह्नि-अभावश्च न पर्वते स्वरूपेण वर्तते इति न सोऽपि लक्षणघटकः। अतः संयोगेन घटाभावमादाय लक्षणसमन्वयः। तथा च अत्र गोध्वंसोऽपि साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकः एव ग्राह्यः। किन्तु ध्वंसप्रागभावयोः प्रतियोगिता केनचिदपि सम्बन्धेन अवच्छिन्ना न भवति। केवलं अत्यन्ताभावभेदयोरेव प्रतियोगिता केनचिदपि सम्बन्धेन अवच्छिन्ना भवति। यतो "भूतले घटात्यन्ताभावो वर्तते" इति अत्र भूतले कालिकेन घटस्य सत्चात् "संयोगेन समवायेन वा भूतले घटस्यात्यन्ताभावो वर्तते" इति अवश्यं वक्तव्यम्। एवं च अत्रात्यन्ताभावप्रतियोगिता संयोगाद्यवच्छिन्ना भवति। किन्तु "भूतले घटध्वंसो वर्तते" इति अत्र भूतले इदानीं केनापि सम्बन्धेन घटस्याविद्यमानत्वात् "भूतले सर्वैः सम्बन्धैः घटस्य ध्वंसो वर्तते" इति वक्तुं शक्यते। तथा च ध्वंसप्रतियोगितायाः नियामकः सम्बन्धः न कोऽपि अस्ति। अतः ध्वंसप्रागभावप्रतियोगिता सम्बन्धानवच्छिन्नैव मन्यते। तथा च महाप्रलयकाले साध्यतावच्छेदककालिकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकस्य गोध्वंसस्य असत्वात् न तमादायातिव्याप्तिनिराकरणं संभवति इति **वाच्यम्।**

**चन्द्रशेखरीया: પ્રશ્નઃ** મહાપ્રલયમાં તમામે તમામ ગોનો ધ્વંસ છે. અને હવે કોઈપણ ગોનો પ્રાગભાવ બાકી ન હોવાથી આ ધ્વંસ એ ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક માની પણ લેવાય. પરંતુ ધ્વંસ અને પ્રાગભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક કોઈપણ સંબંધ માનેલો નથી. કારણ કે "ભૂતલ ઉપર ઘટનો અત્યન્તાભાવ છે" એમ કહીએ ત્યારે એ અત્યન્તાભાવ કયા સંબંધથી છે? એ ખુલાસો જરૂરી છે. કેમકે ભૂતલ ઉપર કાલિકથી ઘટ છે. માટે ત્યાં સંયોગ કે સમવાયથી તેનો અભાવ બોલાય. આમ અત્યન્તાભાવની પ્રતિયોગિતા એ તો કોઈક સંબંધથી અવચ્છિન્ન મળે. પરંતુ "ભૂતલ ઉપર ઘટધ્વંસ છે." એમાં તો હવે એ નાશ પામેલો ઘટ ભૂતલ ઉપર સ્વરૂપ, કાલિક, સમવાય, સંયોગ કોઈપણ સંબંધથી ન રહેલો હોવાથી તેની પ્રતિયોગિતા એ કોઈક સંબંધથી અવચ્છિન્ન માનવાની જરૂર જ નથી હોતી. એટલે અહીં તમે મહાપ્રલયમાં ગોધ્વંસ લીધો. પણ એની પ્રતિયોગિતા કોઈપણ સંબંધથી અવચ્છિન્ન ન હોવાથી સાધ્યતાવચ્છેદકકાલિકસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો આ ગોધ્વંસ નથી. અને તેથી તેને લક્ષણ ઘટક તરીકે લઈને અતિવ્યાપ્તિ દૂર કરવાની પદ્ધતિ જ ખોટી

છે. વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવ જ સ્વરૂપસંબંધથી હેત્વધિકરણમાં લેવાનો છે. નહીં તો તો **वह्निमान् धूमात्** એ સ્થલ પ્રથમ વ્યાપ્યવૃત્તિની વ્યાખ્યા પ્રમાણે વ્યાપ્યવૃત્તિસાધ્યક હોવાથી ત્યાં જ વાંધો આવે.

ધૂમાધિકરણ પર્વતમાં સમવાયેન વહ્નિ-અભાવ સ્વરૂપથી મળી જાય. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ જ આવે. એટલે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાક-અભાવ જ સ્વરૂપથી લેવાનો છે. અને અહીં ગોધ્વંસ તેવો ન હોવાથી તે ન લેવાય.

---

**जागदीशी – साध्यतावच्छेदकसम्बन्धान्यसम्बन्धानवच्छिन्नस्यैव हेतुसमानाधिकरणाभावप्रतियोगित्वस्य लक्षणे प्रवेशनीयत्वात् [तावतैव समवायाद्यवच्छिन्नवह्न्याद्यभावमादायाव्याप्तेर्वारणात्] तस्य च ध्वंसप्रतियोगितासाधारण्यादिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** साध्यतावच्छेदकसम्बन्धभिन्नसम्बन्धानवच्छिन्नप्रतियोगिताकस्यैव संसर्गाभावस्य व्याप्यवृत्तिसाध्यकलक्षणे प्रविष्टत्वात् न कोऽपि दोषः। वह्निसाध्यके पर्वते वर्तमानस्य समवायेन वह्नि-अभावस्य साध्यतावच्छेदकसंयोगभिन्न-समवायावच्छिन्नप्रतियोगिताकत्वात् न स लक्षणघटकः इति संयोगेन घटाभावमादाय लक्षणसमन्वयः। महाप्रलये वर्तमानो गोध्वंसः साध्यतावच्छेदककालिकभिन्नसम्बन्धानवच्छिन्नप्रतियोगिताक एव इति भवति स लक्षणघटकः। जागदीशीग्रन्थस्यायमर्थः- साध्यतावच्छेदकसम्बन्धान्यसम्बन्धानवच्छिन्ना एव हेतुसमानाधिकरणाभावप्रतियोगिता **लक्षणे**=व्याप्यवृत्तिसाध्यकलक्षणे प्रविष्टा। तेन वह्निसाध्यकेऽव्याप्तिनिरासो, गोसाध्यकेऽतिव्याप्तिनिरासोऽपि च संभवति। तच्च अनन्तरमेव भावितं।

एवं तावत् मिश्रैः पूर्वपक्षखण्डनं कृतं। अधुना एवं संसर्गाभावस्य लक्षणघटकत्वेन विवक्षायाम् अपि ये दोषाः संभवन्ति, तान् सर्वान् पूर्वपक्षः उत्थापयति।

**ચન્દ્રશેખરીયાઃ મિશ્રઃ** વ્યાપ્યવૃત્તિસાધ્યક સ્થલે "સાધ્યતાવચ્છેદકસંબંધ-અન્યસંબંધાનવચ્છિન્ન-પ્રતિયોગિતાકઅભાવ" જ લક્ષણ ઘટક તરીકે લેવાનો છે. એટલે ગોધ્વંસની પ્રતિયોગિતા કોઈપણ સંબંધથી અવચ્છિન્ન ન હોવાથી સાધ્યતાવચ્છેદક કાલિકસંબંધ-ભિન્નસંબંધાનવચ્છિન્ન જ છે. એટલે આ અભાવ લક્ષણ ઘટક બની જશે. **वह्निमान् धूमात्** માં સમવાયથી વહ્નિ-અભાવની પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક-સંયોગભિન્નસમવાયાવચ્છિન્ન હોવાથી તે વહ્નિ-અભાવ લક્ષણઘટક ન બનતા ત્યાં પણ કોઈ વાંધો ન આવે. [જાગદીશીપંક્તિનો અર્થઃ—સાધ્યતાવચ્છેદકસંબંધભિન્નસંબંધાનવચ્છિન્ન એવી જ હેતુસમાનાધિકરણ અભાવની પ્રતિયોગિતા લેવાની છે. જેનાથી વહ્નિસ્થલની અવ્યાપ્તિ પણ દૂર થાય. અને ગોધ્વંસની પ્રતિયોગિતામાં પણ તાદૃશસંબંધાનવચ્છિન્નત્વ મળી જાય.]

આ રીતે પૂર્વપક્ષે આપેલી અતિવ્યાપ્તિ પણ દૂર થઈ જાય છે. આની સામે સંસર્ગાભાવને લક્ષણઘટક તરીકે લીધા પછી પણ "કયા દોષો આવે છે." એ હવે બતાવશે. હવે પૂર્વપક્ષ દોષો બતાવે છે.

**जागदीशी -- *यदा स्पन्द इति*। स्पन्दवति खण्डप्रलये सर्गान्तरीयद्वयणुकप्रागभाववत्त्वेन द्वयणुकत्वावच्छिन्न-ध्वंस विरहादतिव्याप्तिः। [न च खण्डप्रलये स्पन्दसत्त्वे मानाभावः 'ब्रह्मणो वर्षशतमायु'रित्यागमप्रसिद्धेरेव मानत्वात् न हि रविक्रियां विना क्षणमुहूर्त्तादिघटितस्य वर्षस्य सम्भव इति।।]**

---

**चन्द्रशेखरीया:** ननु लक्षणघटकात्यन्ताभावपदस्य संसर्गाभावपरकत्वनिर्वचनेऽपि **कालिकेन द्वयणुकवान् कालिकेन स्पन्दात्** इति अत्र अतिव्याप्तिः भवति। अत्र खंडप्रलये सूर्यक्रियात्मकः स्पन्दः कालिकेन वर्तते। किन्तु तत्र कालिकेन द्वयणुकं नास्ति। अतः इदं व्यभिचारि स्थानं। तथापि लक्षणघटनात् अतिव्याप्तिर्भवति। तथा हि-महाप्रलयो नाम यदुत्तरं कदापि सृष्टिकालो न भवति, तादृशः कालः। खण्डप्रलयस्तु एकसृष्टिनाशानन्तरं अपरसृष्टिसमुत्पत्तिं यावत् यः कालो भवति, स कालः। द्वयोः सृष्ट्योः मध्ये वर्तमानः कालः खण्डप्रलय इति यावत्। हेत्वधिकरणे खण्डप्रलये च प्राक्तनद्वयणुकध्वंसानां विद्यमानत्वात् तत्र द्वयणुकात्यन्ताभावो न वर्तते। तथा उत्तरकालभाविद्वयणुकानां प्रागभावस्यात्र सत्वात् खण्डप्रलये द्वयणुकत्वावच्छिन्नद्वयणुकसामान्यध्वंसोऽपि न विद्यते। एवं प्राक्तनद्वयणुकध्वंसानां सत्वात् द्वयणुकत्वावच्छिन्नद्वयणुकसामान्यप्रागभावोऽपि नास्ति। तथा च साध्याभावस्य लक्षणाघटकत्वात् अतिव्याप्तिः अभावान्तरमादाय भवति। **न च** खण्डप्रलये स्पन्दस्यैवासत्वात् हेत्वधिकरणमेव स न भवति। अन्यत्र च हेत्वधिकरणे सृष्टिकालादौ सर्वत्र द्वयणुकस्य विद्यमानत्वात् अयं सद्धेतुरेव। तथा च लक्षणगमनमिष्टं इति **वाच्यम्**।

शास्त्रेषु ब्रह्मणः वर्षशतं आयुः प्रतिपाद्यते। अत्र वर्षं न सर्वप्रसिद्धं ज्ञेयं। किन्तु अनेकसहस्रकोट्यादिवर्षसमूहात्मकं शास्त्रप्रतिपादितं वर्षं ज्ञेयम्। तथा च ब्रह्मणः महाप्रलयकालं यावत् वर्षशतं आयुः प्रतिपाद्यते। मध्ये च खण्डप्रलयाः भवन्ति। तत्कालमादायैव इदमायुः परिगण्यते। यदि तत्र सूर्यक्रिया न मन्येत, तदा सूर्यक्रियाप्रयोज्यक्षणवर्षादिव्यवहारोऽपि न संभवेत्। तथा च खण्डप्रलयकालम् अन्तर्भाव्य ब्रह्मायुःगणना न संभवेत्। तत्र कालव्यवहारस्यैवासंभवात्। अतः ब्रह्मायुःप्रतिपादनागमप्रामाण्यात् खण्डप्रलये स्पन्दक्रिया स्वीकरणीयैव। तथा च तत्र द्वयणुकस्यासत्वात् मिथ्या अयं हेतुः। तत्र च लक्षणगमनात् अतिव्याप्तिः इति सर्वं सुस्थम्।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** ભલે તમે સંસર્ગાભાવ લક્ષણઘટક તરીકે લઈને ગોધ્વંસ દ્વારા અતિવ્યાપ્તિ દૂર કરો. તો પણ **કાલિકેન દ્વયણુકવાન્ કાલિકેન સ્પન્દાત્** આ સ્થાને અતિવ્યાપ્તિ આવશે. આ સ્થાન ખોટું શી રીતે? તે જોઈએ. ખંડપ્રલય એટલે સૃષ્ટિનો નાશ થયા પછી ફરીથી સૃષ્ટિ ઉત્પન્ન થવાની હોય તેની વચ્ચેનો કાળ. અને મહાપ્રલય એટલે જેના પછી કોઈપણ સૃષ્ટિ થવાની જ નથી તેવો કાળ. હવે ખંડપ્રલયમાં સૂર્યચન્દ્રની ક્રિયારૂપ સ્પંદ છે અને ત્યાં દ્વયણુક નથી. આમ આ સ્થાન વ્યભિચારદોષવાળું છે. છતાં અહીં સાધ્યાભાવ લક્ષણઘટક નહીં બને. કેમકે સ્પંદવાન્ તરીકે સૃષ્ટિકાલ+ખંડપ્રલયકાળ બે જ આવે. મહાપ્રલય ન આવે. સૃષ્ટિકાળમાં તો કાલિકથી દ્વયણુક છે માટે ત્યાં તેનો અભાવ ન લેવાય. અને ખંડપ્રલયકાળમાં જો કે દ્વયણુકનો ધ્વંસ છે. પણ નવી સૃષ્ટિમાં થનારા દ્વયણુકોનો પ્રાગભાવ પણ હોવાથી અહીં ખંડપ્રલયમાં રહેલો દ્વયણુકધ્વંસ એ દ્વયણુકત્વાવચ્છિન્ન

ન બને. એટલે કે એ ધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદક તત્તદ્દ્વ્યણુકત્વ જ બનશે. પણ શુદ્ધદ્વ્યણુકત્વ તો પ્રતિયોગિતાનો અનવચ્છેદક જ બનશે. એટલે એ ધ્વંસ લઈએ તો પણ અતિવ્યાપ્તિ તો ઉભી જ રહેવાની.

**પ્રશ્નઃ** ખંડપ્રલયમાં સ્પન્દ હોવામાં જ કોઈ પ્રમાણ નથી. અને એથી આ સ્થાન સાચું હોવાથી લક્ષણસમન્વય ઇષ્ટ જ બને છે.

**પૂર્વપક્ષઃ** "બ્રહ્માનું સો વર્ષનું આયુષ્ય છે." એવી આગમપંક્તિ જ ખંડપ્રલયમાં સ્પન્દક્રિયાને સિદ્ધ કરે છે. જો ત્યાં સૂર્યક્રિયા ન માનો તો તેના વિના તો ક્ષણ-મુહૂર્ત વિગેરેથી ઘટિત વર્ષનો વ્યવહાર જ ન સંભવે. અને વ્યવહાર તો થાય જ છે. માટે ખંડપ્રલયમાં પણ સૂર્યક્રિયા માનવી પડે. અહીં સો વર્ષ એટલે આપણા સો વર્ષ ન સમજવા. પણ તે હિન્દુશાસ્ત્રોમાં બતાવેલા અબજો-અબજો વર્ષોના બનેલા સો વર્ષ લેવાના છે. અને તે ખંડપ્રલયના કાળ દ્વારા જ બને છે. માટે જ ત્યાં સ્પન્દક્રિયા જરૂરી હોવાથી આ સ્થાન ખોટું છે. માટે લક્ષણસમન્વય થતા અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- ननु महाप्रलयपूर्वतृतीयक्षणे द्व्यणुकत्वावच्छिन्नध्वंससत्त्वान्नातिव्याप्तिः, तदानीमपि चरमव्द्यणुकनाशानुगुणस्य परमाणुस्पन्दस्य सत्त्वात् तत्कालोत्पन्नपरमाणूत्तरसंयोगेन प्रलयपूर्वक्षण एव पश्चात्तस्य विनाश्यत्वात्**

---

**चन्द्रशेखरीयाः** अत्र पूर्वपक्षप्रदर्शितातिव्याप्तिवारणाय जागदीश्यां शङ्कते **ननु** इत्यादिना। अयमर्थः। जीवानां अदृष्टैः समन्विताः झंझावातादयः सकलं स्थूलं जगत् विध्वसंयन्ति। तदनन्तरं परिशिष्टत्रसरेणुनाशार्थं प्रथमक्षणे त्र्यणुकगतपरमाणुषु क्रिया उत्पद्यते। द्वितीयक्षणे तेषु क्रियाजन्यो विभागः। तृतीयक्षणे विभागजन्यः पूर्वसंयोगनाशः। चतुर्थक्षणे उत्तरदेशसंयोगः द्व्यणुकत्वावच्छिन्नद्व्यणुकसामान्यध्वंसश्च। पञ्चमे क्षणे क्रियानाशः त्रसरेणुनाशश्च। षष्ठे च क्षणे त्र्यणुकनाशात् उत्तरसंयोगनाशश्च। अयमेव क्षणः जन्यमात्रभावपदार्थानधिकरणत्वात् महाप्रलयप्रथमक्षणो भवति। अत्र चतुर्थक्षणे त्र्यणुकनाशानुगुणक्रियायाः सत्वात्, द्व्यणुकसामान्यध्वंसस्य च सत्वात् स्पन्दाधिकरणे चतुर्थक्षणे द्व्यणुकसामान्यध्वंसस्य विद्यमानत्वात् स लक्षण घटको भवति। तत्प्रतियोगितावच्छेदकं द्व्यणुकत्वं भवतीति नातिव्याप्तिः इति। चतुर्थक्षणोत्पन्नेन परमाणूत्तरदेशसंयोगेन पञ्चमक्षणे महाप्रलयपूर्वक्षणात्मके एव तस्या क्रियायाः नाशो भवति।

**चन्द्रशेखरीयाः પ્રશ્નઃ** આ આપત્તિ આ પ્રમાણે દૂર થશે. જીવોના કર્મોની સહાયવાળા એવા ઝંઝાવાત વિગેરે દ્વારા આખું સ્થુલ જગત્ ખતમ થાય. હવે જ્યારે ત્ર્યણુકનો નાશ માત્ર બાકી છે જ તે માટે (a) પરમાણુમાં ક્રિયા ઉત્પન્ન થાય. (b) પછી પરમાણુઓમાં વિભાગગુણ જન્મે (c) વિભાગ દ્વારા પૂર્વસંયોગનો નાશ થાય. (d) પછી પરમાણુનો ઉત્તરદેશ સાથે સંયોગ થાય. + ત્યારે દ્વ્યણુકનો ધ્વંસ થાય. આ ક્ષણે તમામ દ્વ્યણુકોનો ધ્વંસ છે. હવે એકપણ દ્વ્યણુક નવો પણ ઉત્પન્ન થવાનો નથી. (e) પરમાણુમાંની ક્રિયાનો નાશ અને દ્વ્યણુકનાશપ્રયુક્ત એવો ત્ર્યણુકનાશ. (f) ઉત્તરદેશસંયોગનાશ. આ છઠ્ઠી ક્ષણે જગતમાં તમામ જન્યભાવપદાર્થોનો અભાવ છે. આ જ ક્ષણ મહાપ્રલયની પ્રથમક્ષણ છે. મહાપ્રલયની પૂર્વની ત્રીજી ક્ષણે=ક્રમ પ્રમાણે (ચો)થી ક્ષણે દ્વ્યણુકમાત્રનો નાશ છે. અને તે ક્ષણે પાંચમી ક્ષણે નાશ પામનારી ક્રિયા તો છે જ. આમ સ્પંદ=ક્રિયાનું અધિકરણ એવી એ ચોથી

ક્ષણમાં દ્વયણુકત્વાવચ્છિન્ન ધ્વંસ મળી જાય છે. અને આની પ્રતિયોગિતાનો અવચ્છેદક દ્વયણુકત્વ છે. માટે અહીં અતિવ્યાપ્તિ ન આવે. એ ચોથી ક્ષણે ચરમદ્વયણુકનાશની પ્રયોજક એવી ક્રિયા પડેલી હોવાથી આ બધું ઘટે છે. અને એ ચોથી ક્ષણે ઉત્પન્ન થયેલા ઉત્તરદેશ સંયોગ દ્વારા જ પાંચમી ક્ષણે એ સ્પન્દાત્મક ક્રિયાનો નાશ કરાય છે.

---

**जागदीशी -- तादृशपरमाणूत्तरसंयोगस्य [च] कार्य्यद्रव्येण सहैव स्वीकारान्न नित्यत्वम्। आश्रयनाशादेव तन्नाशसम्भवादित्यत आह-*यदाऽदृष्टमिति*।**

---

**चन्द्रशेखरीया:** एवं चतुर्थक्षणोत्पन्न-उत्तरदेशसंयोगस्तु कार्यद्रव्येण सहैव विद्यते। पञ्चमक्षणे तु कार्यद्रव्यस्य त्र्यणुकस्य नाशात् स्वाश्रयनाशप्रयुक्तः उत्तरदेशसंयोगध्वंसः षष्ठे क्षणे भवत्येव इति नातिव्याप्तिसंभावना। अतः पूर्वपक्षः द्वितीयमनुमानं प्रदर्शयति-**कालिकेन जन्यज्ञानवान् कालिकेन अदृष्टात्** इति।

**ચન્દ્રશેખરીયા:** હવે એ ઉત્તરદેશ સંયોગ એ કાર્યદ્રવ્યની સાથે જ રહેનારો માનેલો છે. એટલે પાંચમી ક્ષણે ત્ર્યણુકરૂપ આશ્રયના નાશથી જ છઠ્ઠીક્ષણે એ ઉત્તરદેશસંયોગનો પણ નાશ થાય છે. [આમ તો એ સંયોગનો આશ્રય પરમાણુ છે. પણ એ સંયોગ કાર્યદ્રવ્યની સાથે જ રહેતો હોવાથી તેના આશ્રય તરીકે કાર્યદ્રવ્યરૂપ ત્ર્યણુક બતાવેલ છે.] આમ આ ૪થી ક્ષણે દ્વયણુકત્વાવચ્છિન્નધ્વંસ=સાધ્યાભાવ લક્ષણઘટક મળી જતાં અતિવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ:** તો પણ **કાલિકેન જન્યજ્ઞાનવાન્ કાલિકેન અદષ્ટાત્** આ સ્થલે અતિવ્યાપ્તિ આવશે. ખંડપ્રલયમાં કાલિકેન અદષ્ટ છે. પણ ત્યાં કાલિકેન જન્યજ્ઞાન નથી. એટલે આ સ્થાન ખોટું છે છતાં અતિવ્યાપ્તિ આવશે.

---

**जागदीशी -- केचित्तु-"स्वमते व्युणुकस्यासत्त्वात् -स्पन्दस्य च खण्डप्रलये वृत्तौ बलवत्तरप्रमाणाभावाद् 'यदाऽदृष्ट'मित्युक्तम्" इत्याहुः-तच्चिन्त्यम्।**

---

**चन्द्रशेखरीया:** अत्र केचित् इत्थं आचक्षते यत्-दीधितिकारो द्वयणुकं न मन्यते। स्पन्दस्य च खण्डप्रलये वर्तमानत्वे बलवत्तरं प्रमाणमपि नास्ति। अतः प्रथमानुमानं परित्यज्य दीधितिकारः पूर्वपक्षमुखेन द्वितीयमनुमानमाचक्षते - इति। तन्मन्दम्। खंडप्रलये स्पन्दस्य सत्तायां आगममेव प्रमाणं प्रतिपादितं। अतः द्वितीयानुमानकथनेऽनन्तरमुक्तमेव प्रयोजनं ज्ञेयम्।

अत्र द्वितीयानुमाने खण्डप्रलये अदृष्टं कालिकेनास्ति। किन्तु जन्यज्ञानं नास्ति इति व्यभिचारि इदं स्थानम्। तथा च अत्र लक्षणघटनात् अतिव्याप्तिः। तथा हि- अदृष्टाधिकरणे खण्डप्रलये पूर्वज्ञानध्वंसस्य सत्वात् न जन्यज्ञानात्यन्ताभावोऽस्ति। एवं निरुक्तरीत्या तत्र जन्यज्ञानत्वावच्छिन्नप्रतियोगिताकःध्वंसः प्रागभावोऽपि च नास्ति इति साध्याभावो न लक्षणघटकः किन्तु अन्य एव। तथा च अतिव्याप्तिः दुर्वारा।

**ચન્દ્રશેખરીયા:** અહીં કેટલાકો એમ કહે છે કે "દીધિતિકાર પોતે દ્વયણુકપદાર્થ જ નથી માનતા. એટલે **દ્વયણુકવાન્ સ્પન્દાત્** એ સ્થાન જ યોગ્ય ન ગણાય. અને માટે જ તેમણે આ બીજું સ્થાન બતાવ્યું છે." તેઓની આ વાત વિચારણીય છે. કેમકે દીધિતિકાર ભલે દ્વયણુક ન માને, આપત્તિ આપનાર તો બીજા જ છે. દીધિતિકાર નથી. એટલે એ તો આપત્તિ આપી જ શકે. માટે ખરેખર તો ત્યાં ઉપર મુજબ અતિવ્યાપ્તિનિરાસ થઈ જતો હોવાથી જ એમણે આ બીજુ સ્થાન પૂર્વપક્ષ તરફથી લીધું છે એમ માનવું.

---

**जागदीशी -- नित्यज्ञानमादाय सद्धेतुतावारणाय-*जन्यमिति*।**

---

**चन्द्रशेखरीया:** अत्र साध्यघटकं यत् जन्यपदं तद् यदि न निवेश्यते, तदा अदृष्टाधिकरणे खण्डप्रलयसृष्टिकालादौ सर्वत्र कालिकेन नित्यज्ञानस्य साध्यरूपस्य विद्यमानत्वात् अयं हेतुः सम्यक् भवेत्। तथा चात्रातिव्याप्तिविधानं असंगतं भवेत्। अतः हेतोः सद्धेतुतावारणाय जन्यपदं निविष्टं इति ध्येयम्।

**ચન્દ્રશેખરીયા:** અહીં સાધ્યમાં જન્યપદ ન મુકે તો તો ખંડપ્રલયકાળમાં જીવોના અદૃષ્ટ છે અને ઇશનું નિત્યજ્ઞાન પણ છે જ. એટલે આ હેતુ સાચો જ બની જવાથી ત્યાં અતિવ્યાપ્તિનું વિધાન જ અસંગત બને. તેથી જ જન્યપદ દ્વારા આ હેતુને ખોટો બનાવેલો છે.

---

**जागदीशी -- नित्यसुखाभिव्यक्तेर्मुक्तित्वमते सद्धेतुत्वमाशंक्य साध्यान्तरमाह-*दुःखं वेति*।**

---

**चन्द्रशेखरीया:** ननु केषाञ्चिन्मते सुखं नित्यमेव। तस्य ज्ञानमेव मुक्तिः। तथा च मुक्तात्मनां प्रतिसमयं नित्यसुखज्ञानं भवति। तच्च ज्ञानं जन्यमेव। तथा च खण्डप्रलयेऽपि मुक्तात्मनां नित्यसुखविषयकं जन्यज्ञानं वर्तते। अतः अयं सद्धेतुरेव भवति। तथा च तत्रातिव्याप्तिकथनं जन्यपदोपादानेऽपि न युक्तं इति चेत् अत एव पूर्वपक्षः तृतीयं अनुमानं प्रतिपादयति **कालिकेन दुःखवान् कालिकेन अदृष्टात्** इति। खण्डप्रलये अदृष्टमस्ति। किन्तु दुःखं नास्ति। अतः अयं व्यभिचारी हेतुः। तथापि निरुक्तरीत्याऽत्र खण्डप्रलये दुःखप्रतियोगिकस्य दुःखत्वावच्छिन्नप्रतियोगिकस्य वा कस्यापि संसर्गाभावस्यासत्वात् सृष्टिकालवृत्तित्वविशिष्टगोत्वाभावमादाय लक्षणसमन्वयो भवतीति अतिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** જેઓ એમ માને છે કે સુખ નિત્ય છે અને તેનું જ્ઞાન=અભિવ્યક્તિ એ જ મોક્ષ છે. એમના મતે તો જેઓ મુક્તાત્મા છે. તેઓને ખંડકાળમાં નિત્યસુખનું જ્ઞાન પ્રતિસમયે ઉત્પન્ન થવાનું જ છે. અને એથી ખંડપ્રલયકાળમાં પણ જન્યજ્ઞાન છે જ. આમ જ્યાં કાલિકથી અદૃષ્ટ ત્યાં સર્વત્ર કાલિકથી જન્યજ્ઞાન પણ હોવાથી આ સ્થાન તો સાચું જ બની જતા અતિવ્યાપ્તિ કથન અસંગત બને.

**પૂર્વપક્ષ:-કાલિકેન દુ:ખવાન્ કાલિકેન અદૃષ્ટાત્** આ સ્થાન તો ખોટું જ છે. કેમકે ખંડપ્રલયકાળમાં અદૃષ્ટ છે. પણ જન્ય-અજન્ય કોઈ દુ:ખ નથી. છતાં અહીં લક્ષણસમન્વય થતા અતિવ્યાપ્તિ આવશે.

**जागदीशी -- ननु कार्य्यमात्रं प्रत्यदृष्टस्य हेतुत्वात् प्रलयप्राक्क्षणेऽपि तस्य सत्त्वं। तथा च तदानीमपि दुःखत्वावच्छिन्नध्वंससत्त्वान्नातिव्याप्तिः। दुःखादेः स्वसाक्षात्कारनाश्यतया तदानीमसम्भवात् [उत्तरक्षणे साक्षात्कारासम्भवात् अविदिते प्रमाणाभावात्]**

---

**चन्द्रशेखरीयाः** पुनः पूर्वपक्षप्रतिपादितमनुमानं खण्डयति कश्चित् **ननु कार्यमात्रं** इत्यादिना-अयं भावः कार्यमात्रं प्रति अदृष्टस्य हेतुत्वात् महाप्रलयात्मककार्यपूर्वक्षणेऽपि अदृष्टं अस्ति। तत्र च दुःखत्वावच्छिन्नदुःखध्वंसो विद्यते। तथा च अदृष्टाधिकरणे महाप्रलयपूर्वक्षणे दुःखत्वावच्छिन्नदुःखध्वंसो विद्यते। तथा च अदृष्टाधिकरणे महाप्रलयपूर्वक्षणे दुःखत्वावच्छिन्नदुःखध्वंसस्य विद्यमानत्वात् साध्याभाव एव लक्षणघटकोऽभूत्। तथा च नातिव्याप्तिः। तथाहि- योग्यविभूविशेषगुणनां स्वोत्तरवर्तिगुणनाश्यत्वात् दुःखमपि स्वसाक्षात्कारनाश्यं एव।

यदि चासत्कल्पनया चतुर्थे क्षणे महाप्रलयोत्पादो मन्यते। तदा तृतीयक्षणे यदि दुःखं मन्यते तदा तु तस्य दुःखस्योत्पत्तिः द्वितीयक्षणे भूता स्वीक्रियेत। एवं च द्वितीयक्षणे दुःखोत्पादः, तृतीयक्षणे दुःखसत्ता, दुःखसाक्षात्कारश्च भवतः। चतुर्थे क्षणे दुःखध्वंसो भवेत्। किन्तु चतुर्थे क्षणे तृतीयक्षणोत्पन्नं दुःखप्रत्यक्षं न विनष्टं भवति। ज्ञानस्य जघन्यतोऽपि द्विक्षणस्थायित्वात्। एवं च चतुर्थे क्षणे यदि दुःखप्रत्यक्षं विद्येत। तदा तु स क्षणः महाप्रलयप्रथमक्षण एव न गण्येत। महाप्रलयक्षणे जन्यमात्रभावपदार्थस्य अविद्यमानत्वात्। अतः तृतीयक्षणे दुःखसत्ता नोचिता। किन्तु इदमेवोचितं यत् प्रथमक्षणे दुःखोत्पादः। द्वितीयक्षणे दुःखसत्ता, दुःखप्रत्यक्षं च भवतः। तृतीयक्षणे दुःखध्वंसो दुःखप्रत्यक्षसत्ता च भवतः। चतुर्थक्षणे च तत्प्रत्यक्षमपि विनश्येत्, स एव क्षणः महाप्रलयप्रथमक्षणत्वेन व्यवहर्तुं शक्यः। एवं च महाप्रलयपूर्ववर्तिक्षणे दुःखस्यासंभवात् तत्र दुःखत्वावच्छिन्नदुःखध्वंसस्य सत्वात् स एव लक्षणघटकः भवति। महाप्रलयपूर्ववर्तिक्षणे च अदृष्टात्मकहेतोः विद्यमानत्वात् स हेत्वधिकरणं भवति। तत्र च दुःखत्वावच्छिन्नध्वंसो भवति इति साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः।

**न च** महाप्रलयपूर्ववर्तिक्षणे दुःखं अस्ति एव। तन्नाशकं तु न दुःखप्रत्यक्षं, किन्तु स क्षण एव। तथा च पूर्ववर्तिक्षणः एव महाप्रलयप्रथमक्षणे दुःखध्वंसं उत्पादयति। एवं च न महाप्रलयपूर्ववर्तिक्षणे दुःखत्वावच्छिन्नध्वंसो विद्यते। तथा चातिव्याप्तिः तदवस्थैव इति **वाच्यम्।** यतः एवं मन्यमाने तद् दुःखं प्रत्यक्षविषयमेव नाभूत्। तादृशे प्रत्यक्षविषयत्वाभाववति दुःखे न किमपि प्रमाणं उत्पश्यामः। अर्थात् अविदिते दुःखे प्रमाणाभावात् एतत्कथनं अनुचितम् इति भावः। तथा च अत्र तृतीयानुमानेऽपि नातिव्याप्तिः।

**चन्द्रशेखरीयाः પ્રશ્નઃ** તમામ કાર્યો પ્રત્યે અદૃષ્ટને હેતુ માનેલ છે. હવે મહાપ્રલય પણ એક કાર્ય જ છે. એટલે તેની પૂર્વની ક્ષણે પણ અદૃષ્ટ છે જ. આમ અદૃષ્ટહેતુ એ કાલિકથી મહાપ્રલયપૂર્વ ક્ષણમાં રહેલો છે. હવે તે ક્ષણે તો તમામે તમામ દુઃખોનો ધ્વંસ હાજર હોવાથી તે ક્ષણમાં દુઃખસામાન્યધ્વંસ મળી જાય. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક દુઃખત્વ બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ:** મહાપ્રલયપૂર્વક્ષણે દુઃખસામાન્યનો ધ્વંસ છે એકપણ દુઃખ હાજર નથી એમ શી રીતે માની શકાય?

**પ્રશ્ન:** દુઃખાદિ એ સ્વપ્રત્યક્ષથી નાશ પામનારા છે. એટલે જો મહાપ્રલયપૂર્વક્ષણે દુઃખ માનો તો તે ક્ષણે કે મહાપ્રલયક્ષણે ઉત્પન્ન થયેલ દુઃખપ્રત્યક્ષ એ દુઃખનો ધ્વંસ કરે. હવે જો મહાપ્રલયપૂર્વક્ષણે જ દુઃખજ્ઞાનની ઉત્પત્તિ માનીએ તો એ જ્ઞાન બે ક્ષણ સ્થાયી હોવાથી મહાપ્રલયક્ષણે પણ તે દુઃખજ્ઞાન માનવું પડે. અને તો પછી એ મહાપ્રલય જ ન કહેવાય. કેમકે મહાપ્રલયમાં એકપણ જન્યવસ્તુ હોતી નથી. એટલે જ મહાપ્રલયની પૂર્વક્ષણે જો દુઃખ માનો તો પણ તે ક્ષણે કે તેની પછીની ક્ષણે=મહાપ્રલયની ક્ષણે દુઃખજ્ઞાન=સાક્ષાત્કાર સંભવતો જ નથી. અને તેના વિના દુઃખનો નાશ પણ ન સંભવે એટલે ખરેખર તો એમ જ માનવું પડે કે ધારો કે ચોથી ક્ષણે મહાપ્રલય ઉત્પન્ન થાય છે. તો બીજીક્ષણે દુઃખપ્રત્યક્ષ ઉત્પન્ન થઈ શકે. અને તેથી જ બીજી ક્ષણ સુધી જ દુઃખ હોઈ શકે. ત્રીજી ક્ષણે દુઃખપ્રત્યક્ષ દ્વારા દુઃખધ્વંસ થશે. અને ચોથી ક્ષણે એ દુઃખપ્રત્યક્ષ પણ નાશ પામી જવાથી મહાપ્રલય ઘટી શકશે. આમ વધુમાં વધુ મહાપ્રલયની પૂર્વની બીજી ક્ષણ સુધી જ દુઃખ હોઈ શકે. પૂર્વની ક્ષણે તો ન જ હોય. અને એટલે અદૃષ્ટાધિકરણ એવા મહાપ્રલયપૂર્વક્ષણમાં દુઃખસામાન્યધ્વંસ મળી જતાં અતિવ્યાપ્તિ ન આવે. ક્રમ આ પ્રમાણે--

(a) દુઃખની ઉત્પત્તિ (b) દુઃખપ્રત્યક્ષ (c) દુઃખનાશક એવા દુઃખપ્રત્યક્ષની હાજરી (d) દુઃખપ્રત્યક્ષનો નાશ.

**પૂર્વપક્ષ:** મહાપ્રલયપૂર્વક્ષણે દુઃખ માનીએ અને છતાં દુઃખપ્રત્યક્ષ ન માનતા તે ક્ષણને જ દુઃખનાશકારણ માની લઈએ એટલે દુઃખપ્રત્યક્ષ વિના જ મહાપ્રલયની પ્રથમક્ષણે= (પદ્ધતિ મુજબ ચોથી ક્ષણે) દુઃખધ્વંસ થઈ જશે. અને તેથી પૂર્વક્ષણે દુઃખ હોવાથી દુઃખસામાન્યધ્વંસ ન મળે માટે અતિવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન:** ના. એ મહાપ્રલયપૂર્વકાલીનદુઃખનું જો જ્ઞાન ન માનો તો એ દુઃખ પ્રત્યક્ષવિષય ન બન્યું એમ માનવું પડે. પણ એ દુઃખ આ રીતે પ્રત્યક્ષવિષય ન બનનારું="અવિદિત" માનવામાં કોઈ જ પ્રમાણ નથી. અને તેથી કહ્યા પ્રમાણે અતિવ્યાપ્તિ નિરાસ થઈ જ જાય છે. [જાગદીશીપંક્તિનો અર્થ--દુઃખ એ સ્વપ્રત્યક્ષથી નાશ્ય હોવાથી મહાપ્રલયની પૂર્વક્ષણે દુઃખ માની ન શકાય. કેમકે જો ત્યાં [દુઃખની હાજરી જ માનવાની વાત છે. ઉત્પત્તિ તો પહેલા થયેલી માની શકાય.] દુઃખ માનીએ તો તેનો નાશ કરનાર સાક્ષાત્કાર એ ક્ષણે ઉત્પન્ન થનારો માનવો પડે. અને જો એમ માનીએ તો મહાપ્રલયક્ષણે તે સાક્ષાત્કાર હાજર માનવો જ પડે. કેમકે જ્ઞાન બે ક્ષણ ટકે છે. પણ ઉત્તરક્ષણે=મહાપ્રલયપ્રથમક્ષણે તો કોઈપણ જન્યપદાર્થ સંભવતો ન હોવાથી તે ક્ષણે દુઃખસાક્ષાત્કારની હાજરી (ઉત્પત્તિ તો પૂર્વની ક્ષણે છે.) સંભવતી નથી. જો તમે એમ કહો કે -- મહાપ્રલયપૂર્વક્ષણે એ દુઃખ છે જ. પણ એ દુઃખ સ્વપ્રત્યક્ષથી નાશ્ય નથી. પણ તત્ક્ષણથી જ નાશ્ય છે. અને એટલે દુઃખસાક્ષાત્કારની ઉત્પત્તિ થયા વિના જ પૂર્વક્ષણરૂપ કારણ દ્વારા જ મહાપ્રલયની પ્રથમ સમયે તેનો નાશ થઈ જશે. -- તો એ પણ બરાબર નથી. કેમકે એ દુઃખ સ્વસાક્ષાત્કારનો વિષય ન બને=અવિદિત જ રહે." એમ માનવામાં કોઈ પ્રમાણ નથી.]

---

**जागदीशी -- किञ्च निखिलब्रह्माण्डानां युगपत् खंडप्रलयानभ्युपगमेन ब्रह्माण्डान्तरवर्त्तिदुःखमादाय सद्धेतुरेवायम् ।**

**चन्द्रशेखरीया:** किञ्च खण्डप्रलयोऽपि न सर्वेषां ब्रह्मांडानां युगपदेव भवति किन्तु पृथक् पृथक्। तथा च यस्य एकस्य ब्रह्मांडस्य खंडप्रलयो भवति, तत्र खण्डप्रलयेऽपि ब्रह्मांडान्तरवर्तिदुःखस्य सत्वात् अयं अदृष्टात्मको हेतुरपि सम्यग् एव अस्ति इति नात्र अतिव्याप्तिकथनं समुचितं इति पूर्वपक्षप्रतिपादिततृतीयानुमानेऽपि नेदं लक्षणं दुष्टं भवति।

**ચન્દ્રશેખરીયા:** બાકી ખરી વાત તો એ છે કે જેટલા બ્રહ્માંડો છે એ તમામનો એક સાથે પ્રલય=નાશ માનેલો જ નથી. એટલે જ્યારે અહીં ખંડપ્રલય થાય તેમાં અદૃષ્ટ હોય ત્યારે પણ બીજા બ્રહ્માંડવર્તિજીવના દુઃખો તો કાલિકસંબંધથી ખંડપ્રલયકાળમાં રહેવાના જ છે. જો બધા જ બ્રહ્માંડમાં એક સાથે ખંડપ્રલય થતો હોત તો વાંધો ઉભો રહેત. પણ એવું તો નથી જ. આમ જ્યાં કાલિકથી અદૃષ્ટ છે, ત્યાં સર્વત્ર કાલિકથી દુઃખ છે જ. એટલે એમ પણ આ સાચું સ્થાન છે. એટલે જ મહાપ્રલય અપ્રામાણિક હોય અને તેથી ઉપર કહ્યા પ્રમાણે સાધ્યાભાવને લક્ષણઘટક બનાવવાની વાત ખોટી પડતી હોય તો પણ હવે વાંધો નથી. કેમકે આ સ્થાન સાચું જ હોવાથી અહીં બીજા અભાવને લઈને લક્ષણ સમન્વય થવો, સાધ્યાભાવ લક્ષણઘટક ન બનવો એ ઇષ્ટ જ બની રહે છે.

---

**जागदीशी -- अत आह- *यदा तस्येति*। अत्र च तदीयसुषुप्त्यादिसमये तदीयज्ञानविरहाद्व्यभिचारः स्फुट एव। *द्वयणुकत्वादेरिति*। –खण्डप्रलये केषाञ्चिद्ध्वंसस्य केषाञ्चित् प्रागभावस्य सत्त्वात् द्वयणुकत्वस्य तत्प्रतियोगितातिरिक्तवृत्तित्वेनानवच्छेदकत्वादित्यर्थः।**

---

**चन्द्रशेखरीया:** अतः पूर्वपक्षः चतुर्थमनुमानं प्रतिपादयति **कालिकेन चैत्रीयज्ञानवान् कालिकेन चैत्रीयादृष्टात्।** अत्र च चैत्रसुषुप्तिकाले चैत्रीयादृष्टस्य कालिकेन सत्वात् चैत्रीयज्ञानस्य कालिकेनाऽसत्वात् स्फुटमेव व्यभिचारः। तथा चात्रातिव्याप्तिः भवति। तथा हि-अदृष्टाधिकरणे सुषुप्तिकाले प्राक्तनचैत्रीयज्ञानध्वंसस्य सत्वात् न तत्र चैत्रीयज्ञानात्यन्ताभावो विद्यते। एवं प्राक्तनचैत्रीयज्ञानध्वंसस्य सत्वात् चैत्रीयज्ञानत्वावच्छिन्नचैत्रीयज्ञानाभावो न विद्यते। एवं उत्तरकालीन-ज्ञानप्रागभावस्य सत्वात् चैत्रीयज्ञानत्वावच्छिन्नचैत्रीयज्ञानध्वंसोऽपि न विद्यते। तथा च साध्याभावस्य लक्षणाघटकत्वात् भवति अतिव्याप्तिः इति पूर्वपक्षस्याशयः। एवं च पूर्वपक्षेण चत्वारि अनुमानानि प्रदर्शितानि। तत्र जागदीश्यां प्रथमेषु त्रयेषु अनुमानेषु अतिव्याप्तिकथनं निराकृतं। चरमे एव अनुमाने स्पष्टा अतिव्याप्तिः भवति इति दर्शितम्। किन्तु दीधित्यां तु चतुर्षु अपि अनुमानेषु अतिव्याप्तिं समन्वयति दीधितिकारः। स च इदानीं प्रदर्श्यते दीधितिग्रन्थानुसारेण। द्वयणुकवान् स्पन्दात् इत्यादि अनुमानेषु हेत्वधिकरणे प्रलये केषाञ्चित् द्वयणुकानां ध्वंसस्य सत्वात् केषाञ्चित् द्वयणुकानां प्रागभावस्य च सत्वात् द्वयणुकत्वस्य ध्वंसप्रतियोगितातिरिक्तवृत्तित्वेन प्रागभावप्रतियोगितातिरिक्तवृत्तित्वेन च न तयोः प्रतियोगितावच्छेदकत्वं संभवति इत्यतो लक्षणघटकाभावप्रतियोगितानवच्छेदकं एव द्वयणुकत्वं भवति इति दुर्वाराऽतिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** ભલે તો પણ **કાલિકેન ચૈત્રીયજ્ઞાનવાન્ કાલિકેન ચૈત્રીયાદૃષ્ટાત્** આ સ્થળ તો

સ્પષ્ટપણે ખોટું છે જ. કેમકે ચૈત્રસુષુપ્તિકાળે ચૈત્રજ્ઞાન ન હોવાથી તે કાળમાં કાલિકથી ચૈત્રીયાદૃષ્ટ છે પણ ચૈત્રીયજ્ઞાન નથી. આમ સ્પષ્ટ વ્યભિચાર છે. અને છતાં અતિવ્યાપ્તિ આવે છે. કેમકે તે અદૃષ્ટાધિકરણ એવા સુષુપ્તિકાળમાં ચૈત્રીયજ્ઞાનાત્યન્તાભાવ તો ન જ લેવાય. કેમકે તે કાળમાં ચૈત્રીયજ્ઞાનધ્વંસો+પ્રાગભાવો રહેલા છે. અને ત્યાં જે ચૈત્રીયજ્ઞાનધ્વંસ છે. તે પણ ચૈત્રીયજ્ઞાનત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક નથી જ. કેમકે બધા ચૈત્રીયજ્ઞાનોનો ધ્વંસ થયો જ નથી. ઘણા ચૈત્રીયજ્ઞાનો ઉત્પન્ન થવાના જ બાકી છે. એ રીતે ચૈત્રીયજ્ઞાનત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક ચૈત્રીયજ્ઞાનપ્રાગભાવ પણ ન લેવાય. કેમકે બધા જ ચૈત્રીયજ્ઞાનોનો પ્રાગભાવ હાજર નથી. ઘણા ચૈત્રીયજ્ઞાનપ્રાગભાવોનો ધ્વંસ થઈ ચૂક્યો છે. અને તેથી ઘણા ચૈત્રીયજ્ઞાનો ઉત્પન્ન થઈ ચુક્યા છે. આમ અહીં ચૈત્રીયજ્ઞાનસામાન્યનો ધ્વંસ, પ્રાગભાવ કે અત્યન્તભાવ કોઈપણ લક્ષણઘટક બનતા જ નથી. ચૈત્રીયયત્કિંચિત્-જ્ઞાનધ્વંસ લક્ષણઘટક બનાવો તો તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક તજ્જ્ઞાનત્વ જ બને. પણ ચૈત્રીયજ્ઞાનત્વ ન જ બને. આમ લક્ષણ ઘટી જતાં અતિવ્યાપ્તિ આવવાની જ છે. આ તો જાગદીશી પ્રમાણે વિચારણા કરી. અને એ પ્રમાણે માત્ર છેલ્લા અનુમાનમાં અતિવ્યાપ્તિ આવે છે એ જોયું. દીધિતિકાર તો "એ ચારેય અનુમાનમાં અતિવ્યાપ્તિ શી રીતે આવે છે?" એ હવે ઘટાવી આપે છે કે અહીં **દ્વયણુકવાન્ સ્પન્દાત્** વિગેરેમાં સ્પન્દાધિકરણ ખંડપ્રલયમાં રહેલ દ્વયણુકધ્વંસો કે પ્રાગભાવોની પ્રતિયોગિતાનો અનવચ્છેદક જ દ્વયણુકત્વ છે. કેમકે તે ખંડપ્રલયમાં કેટલાક દ્વયણુકોનો ધ્વંસ છે. કેટલાક પ્રાગભાવો હાજર છે. અર્થાત્ ધારો કે ૧૦૦ દ્વયણુકમાંથી ૬૦નો પ્રાગભાવ અને ૪૦નો ધ્વંસ છે. હવે ધ્વંસની પ્રતિયોગિતા ૪૦માં જ છે. જો દ્વયણુકત્વને અવચ્છેદક માનો તો એ દ્વયણુકત્વ તો પ્રતિયોગિતા વિનાના ૬૦ દ્વયણુકમાં ય રહેલ હોવાથી=અતિરિક્ત વૃત્તિ હોવાથી ખરેખર તે અવચ્છેદક ન જ બને. એમ પ્રાગભાવની પ્રતિયોગિતા વિનાના ૪૦માં દ્વયણુકત્વ હોવાથી તે દ્વયણુકત્વ પ્રાગભાવપ્રતિયોગિતાનો અવચ્છેદક પણ ન જ બની શકે. આમ દ્વયણુકત્વાદિ એ લક્ષણઘટકાભાવપ્રતિયોગિતાનો અનવચ્છેદક બનવાથી અતિવ્યાપ્તિ આવે છે. જાગદીશી પ્રમાણે માત્ર ચૈત્રીયજ્ઞાનસાધ્યક સ્થાને જ અતિવ્યાપ્તિ જાણવી.

---

**जागदीशी -- [ननु द्वयणुकत्वावच्छिन्नानधिकरणकालवृत्तित्वविशिष्टस्यैव तत्तद्ध्वंसस्य प्रतियोगितावच्छेदकमेव द्वयणुकत्वम् अवच्छेदकत्वञ्चान्यूनवृत्तित्वमेवेति]**

---

**चन्द्रशेखरीयाः** ननु "यो यस्मात् न्यूनवृत्तिः न भवति, स एव तस्यावच्छेदकः" इति मन्तव्यम्। "यो यस्मात् न्यूनवृत्तिः न भवति, अतिरिक्तवृत्तिरपि च न भवति स एव तस्यावच्छेदकः" इति तु न वक्तव्यम्। तथा च असत्कल्पनया द्वयणुकशतमस्ति। तत्र षष्टिद्वयणुकानां प्रागभावो वर्तते। चत्वारिंशद्द्वयणुकानां ध्वंसो वर्तते। अतः ध्वंसनिरूपिता प्रतियोगिता चत्वारिंशद्द्वयणुकेषु वर्तते। द्वयणुकत्वं च चत्वारिंशत्सु षष्टिष्वपि च वर्तते। अतः द्वयणुकत्वं प्रागभावप्रतियोगितायाः न्यूनवृत्ति नास्ति, किन्तु अतिरिक्तवृत्ति एव अस्ति। अतः तत् प्रागभावप्रतियोगितायाः अवच्छेदकं भवत्येव। एवं द्वयणुकत्वं ध्वंसनिरूपितायाः षष्टिद्वयणुकनिष्ठायाः प्रतियोगितायाःअवच्छेदकं भवत्येव। तथा च नातिव्याप्तिरिति भावः।

**चन्द्रशेखरीया: પ્રશ્નઃ** અવચ્છેદકત્વં એ અવચ્છિન્નાન્યૂનાનતિરિક્તવૃત્તિત્વં એવો અર્થ ન કરતા **અન્યૂનવૃત્તિત્વં અવચ્છેદકત્વં** એવો જ અર્થ કરવો. અર્થાત્ જે જેના ન્યૂનસ્થાનમાં ન રહે તે તેનો અવચ્છેદક બની શકે વધારે સ્થાનમાં રહે તો વાંધો નથી. એટલે પ્રાગભાવની પ્રતિયોગિતા ૬૦માં છે અને દ્વયણુકત્વ એ ૬૦+બીજા ૪૦માં પણ છે. એટલે દ્વયણુકત્વ એ અન્યૂનવૃત્તિ તો છે જ. માટે અહીં ૪૦ દ્વયણુકપ્રાગભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક ૧૦૦દ્વયણુકવૃત્તિ એવો દ્વયણુકત્વ બની જ જાય છે. માટે અતિવ્યાપ્તિ ન આવે. અહીં જે ૪૦પ્રાગભાવ કે ૬૦ના ધ્વંસ લઈએ છીએ એ દ્વયણુકત્વાવચ્છિન્ન ૧૦૦ ય દ્વયણુકોના અનધિકરણીભૂત એવા ખંડપ્રલય કાળમાં રહેનારા જ લેવા. અર્થાત્ દ્વયણુકત્વાવચ્છિન્નાધિકરણવૃત્તિત્વવિશિષ્ટ ૪૦ ધ્વંસ/ ૬૦ પ્રાગભાવ લઈ લેવા. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક એ જ સાધ્યતાવચ્છેદક દ્વયણુકત્વ બનશે. [ખંડપ્રલયમાં ધ્વંસાભાવ લેવા માટે આવી વિવક્ષા કરી છે.]

---

**जागदीशी -- अत आह- *न हीति* । 'गौर्नष्टा' इत्यादिप्रतीतेर्गोप्रतियोगिकध्वंसाद्यवगाहितयाऽप्युपपत्तेः बाधनिश्चयादिप्रतिबन्धकत्वाद्यनुरोधेनैव भेदात्यन्ताभावयोर्गोत्वाद्यवच्छिन्नप्रतियोगिताकत्वोपगमात् ।**

---

**चन्द्रशेखरीयाः** अत्र पुनः पूर्वपक्षः अतिव्याप्तिं स्थापयति - **ये केचन पुरुषाः** ध्वंसाभावप्रतियोगितायाः प्रागभावप्रतियोगितायाश्च अवच्छेदकाः द्वयणुकत्वगोत्वादिसामान्यधर्मा अपि भवन्ति इति **मन्यन्ते** तेषां मतेऽपि एकविशेषद्वयणुकप्रागभावाधिकरणे द्वयणुकत्वावच्छिन्नध्वंसाभावो न शक्यते वक्तुं । एवं एकविशेषद्वयणुकध्वंसाधिकरणे द्वयणुकत्वावच्छिन्नप्रागभावो न शक्यते वक्तुं । किन्तु यत्र एकस्यापि द्वयणुकस्य प्रागभावो न विद्यते, तत्रैव महाप्रलयकालादौ द्वयणुकत्वावच्छिन्न प्रतियोगिताको ध्वंसो विद्यते । एवं यत्र एकस्यापि द्वयणुकस्य ध्वंसो न विद्यते, तत्रैव द्वयणुकत्वावच्छिन्नप्रतियोगिक प्रागभावो विद्यते इति । तथा च प्राक्कालीनद्वयणुकध्वंसाधिकरणे उत्तरकालीनद्वयणुक-प्रागभावाधिकरणे च खण्डप्रलये न द्वयणुकत्वावच्छिन्नप्रतियोगिताको ध्वंसः प्रागभावो वा स्वीकर्तुं शक्यते । अतोऽभावान्तरम् आदायातिव्याप्तिः भवति एव ।

अत्र कश्चित् पूर्वपक्षं प्रश्नयति यत् "ये केचन द्वयणुकत्वावच्छिन्नध्वंसं द्वयणुकत्वावच्छिन्नप्रागभावं च मन्यन्ते तेषां मतेऽपि..." इत्यादि भवता उक्तम् । तत् किं इदं मतं न सम्यक्? येन भवता "ये केचन" इत्यादिना अत्रास्वरसः सूच्यते । यदि इदं प्रागभावादिप्रतियोगितायां द्वयणुकत्वावच्छिन्नत्वं नोचितम्, तदा तस्य कारणं वक्तव्यम् । अन्यथा तस्य स्वीकार एव करणीयः इति । अतः पूर्वपक्षः तं मतं खण्डयितुं **"ननु ध्वंसादिप्रतियोगितायामित्यादीना"** कारणं प्रतिपादयति ।

अयं पूर्वपक्षस्य भावः "ध्वंसादिप्रतियोगिता गोत्वद्वयणुकत्वादिसामान्यधर्मावच्छिन्ना अपि भवति" इति अत्र न किमपि प्रमाणं दृश्यते । न च **"गौः नष्टा"** इति प्रतीतिबलादेव गोत्वावच्छिन्नप्रतियोगिताकध्वंससिद्धिरिति वाच्यम् । सा प्रतीति गोप्रतियोगिकध्वंसविषयिका एव स्वीकर्तुं शक्या । न च यथा **भूतले गौः नास्ति, भूतलं गौः न** इति प्रतीतिबलात् गवात्यन्ताभावो गोभेदश्च गोत्वावच्छिन्नप्रतियोगिताकः इष्यते । तथैव तुल्ययुक्त्या **"भूतले गौः नष्टा,**

**भूतले गोः प्रागभावः**" इति प्रतीतिबलात् गोध्वंसो गोप्रागभावोऽपि च गोत्वावच्छिन्नप्रतियोगिताकः कथं न इष्यते इति वाच्यम्। **भूतले गौः अस्ति** इति ज्ञानं प्रति "**भूतले गौः नास्ति**" इत्याकारकं बाधनिश्चयात्मकं ज्ञानं प्रतिबन्धकं भवति। यदि च भूतले "**गौः नास्ति**" इति ज्ञानं गोप्रतियोगिकात्यन्ताभावविषयकमेव मन्यते, तदा तु गोमति अपि भूतले "**गोघटोभयं नास्ति**" इति गोप्रतियोगिकात्यन्ताभावविषयकं ज्ञानं भवति। अतः तदपि प्रतिबन्धकं भवेत्। तथा च तत्रोत्तरक्षणे "**भूतले गौः अस्ति**" इति ज्ञानं न संभवेत्। किन्तु तद् ज्ञानं उत्पद्यते एव। अतः "**गौः नास्ति**" इति ज्ञानं गोत्वावच्छिन्नप्रतियोगिताकात्यन्ताभावविषयकमेव मन्तव्यम्। तथा च 'भूतले गोघटोभयं नास्ति' इति ज्ञानस्य गोघटोभयत्वावच्छिन्नप्रतियोगिताकविषयकत्वात्, गोत्वावच्छिन्नप्रतियोगिताकविषयकत्वाभावात् न प्रतिबंधकं भवति तज्ज्ञानं। तस्मात् तत्र "**भूतले गौरस्ति**" इति ज्ञानमपि उत्पद्यते। न तत्र किमपि बाधकम्।

एवमेव "भूतलं गौः" इति ज्ञानं प्रति "**भूतलं गौः न**" इति गोत्वबाधनिश्चयात्मकं ज्ञानं प्रतिबंधकं यदि गोप्रतियोगिकभेदविषयकमेव मन्येत, तदा "सास्नावान् गोघटोभयं न "इति ज्ञानमपि गोप्रतियोगिकभेदविषयकं सत् प्रतिबंधकं भवेत्। तथा च तत्रोत्तरक्षणे **सास्नावान् गौः** इति ज्ञानं नोत्पत्तुं शक्येत, किन्तु उत्पद्यते। अतः तत्रापि गोत्वावच्छिन्नप्रतियोगिताकभेद-विषयकज्ञानमेव प्रतिबंधकं मन्तव्यम्। तेन गोघटोभयत्वावच्छिन्नप्रतियोगिताक-ज्ञानस्याप्रतिबंधकत्वात् तज्ज्ञानोत्तरक्षणे "**सास्नावान् गौः**" इति ज्ञानोत्पादे न कोऽपि दोषः संभवति। एवं च गोत्वाभावात्मकगोत्वबाधनिश्चये गवात्यन्ताभावात्मकगोबाधनिश्चये च या प्रतिबंधकता अस्ति, तस्याः निर्वाहार्थं अत्यन्ताभावो भेदश्च गोत्व-द्वयणुकत्वादिसामान्यधर्मावच्छिन्नो अवश्यमभ्युपेयः। ध्वंसप्रागभावप्रतियोगितायां तु कारणाभावात् सामान्यधर्मावच्छिन्नत्वं नाभ्युपेयते।

**ચન્દ્રશેખરીયાઃ પૂર્વપક્ષઃ** આ વાત બરાબર નથી. કેમકે દ્વયણુકત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક ધ્વંસ/પ્રાગભાવ જેઓ માને છે તેઓ પણ નં.૧ દ્વયણુકપ્રાગભાવવાળા કાળમાં દ્વયણુકત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક ધ્વંસ માની શકતા જ નથી. અને તેથી પૂર્વવત્ અતિવ્યાપ્તિ આવશે જ.

**પ્રશ્નઃ** તમે એમ કહ્યું કે "જેઓ એવું માને છે કે દ્વયણુકત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકધ્વંસ અને પ્રાગભાવ છે" એટલે શું આ વાત તમને માન્ય નથી. શું આવું માનવામાં કોઈ વાંધો આવે છે? શું "ગોત્વાદિસામાન્યધર્માવચ્છિન્ન-પ્રતિયોગિતાકધ્વંસ અને પ્રાગભાવ છે જ નહીં." એમ તમારે કહેવું છે?

**પૂર્વપક્ષઃ** હા. કેમકે ધ્વંસપ્રતિયોગિતા ગોત્વ-દ્વયણુકત્વાદિસામાન્યધર્માવચ્છિન્ન માનવામાં કોઈ જ પ્રમાણ નથી.

**પ્રશ્નઃ** "ગૌઃ નષ્ટા" આ પ્રતીતિ દ્વારા જ ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક ગોધ્વંસની સિદ્ધિ થઈ જાય છે.

**પૂર્વપક્ષઃ** ના. આ પ્રતીતિ તો ગોપ્રતિયોગિકધ્વંસવિષયક માનવાથી પણ બધું ઘટી જાય છે. એટલે તમારી વાત સિદ્ધ નથી થતી.

**પ્રશ્નઃ "ભૂતલે ગૌઃ નાસ્તિ ભૂતલં ગૌઃ ન"** આ સ્થલે ગો-અત્યન્તાભાવની પ્રતીતિ અને ગોભેદની પ્રતીતિ તમે

ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક અત્યન્તાભાવ+ભેદવિષયક માનો છે. અને **"ભૂતલે ગૌઃ નષ્ટા ભૂતલે ગોઃ પ્રાગભાવઃ"** એવી પ્રતીતિને માત્ર ગૌપ્રતિયોગિકધ્વંસ વિષયક કે ગૌપ્રતિયોગિકપ્રાગભાવવિષયક જ માનો છો. આવું શા માટે? બધે એક સરખી જ પ્રતીતિ હોવાથી ચારેય સ્થાને માન્યતા પણ એક સરખી જ હોવી જોઈએ.

**પૂર્વપક્ષઃ "ભૂતલે ગૌઃ અસ્તિ"** એ આકારક જે જ્ઞાન છે. તેના પ્રત્યે **"ભૂતલે ગૌઃ નાસ્તિ"** એ આકારક જ્ઞાન (બાધનિશ્ચય) પ્રતિબંધક છે. હવે જો આ જ્ઞાન ગોપ્રતિયોગિક-અત્યન્તાભાવવિષયક માનીએ. તો આવું જ્ઞાન એ પ્રતિબંધક માનવું પડશે. અને તો પછી ગાયવાળા+ઘટવિનાના ભૂતલમાં **"ભૂતલે ગૌઘટોભયં નાસ્તિ"** આ પ્રતીતિ પણ ગોપ્રતિયોગિક-અત્યન્તાભાવવિષયક હોવાથી આ જ્ઞાન પ્રતિબંધક ગણાશે અને તો પછી અહીં **"ભૂતલે ગૌઃ અસ્તિ"** એવો બાધનિશ્ચય ન થવો જોઈએ. પણ થાય તો છે જ. માટે જ ગોત્વાવચ્છિન્ન-પ્રતિયોગિતાકગવાત્યન્તાભાવવિષયકજ્ઞાનને જ પ્રતિબંધક માનવું જરૂરી છે. "ગૌ-ઘટોભયં નાસ્તિ" એ તો ઉભયત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકગવાત્યન્તાભાવવિષયકજ્ઞાન છે. તેથી તે પ્રતિબંધક જ ન ગણાવાથી અહીં "ગૌઃ અસ્તિ" પ્રતીતિ થવામાં કોઈ વાંધો ન આવે.

એ જ રીતે **"ભૂતલં ગૌઃ"** એ પ્રતીતિ પ્રત્યે "ભૂતલં ગૌઃ ન" એ જ્ઞાન પ્રતિબંધક છે. જો આને ગોપ્રતિયોગિકભેદવિષયક જ માનીએ તો પછી **"સાસ્નાવાન્ ગોઘટોભયં ન"** એ જ્ઞાન પણ ગોપ્રતિયોગિકભેદવિષયક જ છે જ. અને તેથી ત્યાં "સાસ્નાવાન્ ગૌઃ ન" એવી પ્રતીતિ ન થવાની આપત્તિ આવે. પણ થાય તો છે જ. માટે જ અહીં પણ ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદવિષયક જ્ઞાનને જ પ્રતિબંધક માનવું યોગ્ય છે. **"સાસ્નાવાન્ ગોઘટોભયં ન"** એ તો ઉભયત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદવિષયકજ્ઞાન હોવાથી તે પ્રતિબંધક જ ન ગણાતા ત્યાં **"સાસ્નાવાત્ ગૌઃ"** એવી પ્રતીતિ થવામાં કોઈ વાંધો ન આવે. આમ "ગૌઃ નાસ્તિ" "ગૌઃ ન" આવા બાધનિશ્ચયમાં જે પ્રતિબંધકતા આવેલી છે. તેને બરાબર ઘટાવવા માટે અહીં અત્યન્તાભાવની અને ભેદની પ્રતિયોગિતા એ ગોત્વાદિસામાન્યધર્માવચ્છિન્ન માનવી જ પડે છે. ધ્વંસ-પ્રાગભાવપ્રતિયોગિતામાં એવું માનવાની કંઈ જ જરૂર નથી.

---

**जागदीशी -- न चैवं [अपि] तद्गोत्वावच्छिन्नवत्ताबुद्धिं प्रति तद्गोत्वावच्छिन्नाभाववत्तानिश्चयत्वेन विरोधितया-तद्गवात्यन्ताभावस्येव तद्गोध्वंसस्यापि तद्गोत्वावच्छिन्नप्रतियोगिताकत्वमावश्यकमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीयाः** ननु तद्गोत्वावच्छिन्नतद्गोमत्ताज्ञानं प्रति तद्गोत्वावच्छिन्नतद्गवाभाववत्ताज्ञानं निश्चयात्मकं प्रतिबन्धकं भवति। तथा च यथा **तद्गौः नास्ति** इति ज्ञानं तद्गोत्वावच्छिन्नतद्गवाभाववत्ताज्ञानत्वेन प्रतिबंधकं भवति। एवमेव **"तद्गौः नष्टा"** इति ज्ञानमपि तद्गोत्वावच्छिन्नतद्गवाभाववत्ताज्ञानत्वेन प्रतिबंधकं भवति। एवं इति **"गोः प्रागभावः"** इति ज्ञानमपि तद्गोत्वावच्छिन्न तद्गवाभाववत्ताज्ञानत्वेन प्रतिबंधकं भवति। तथा च तद्गवात्यन्ताभावस्येव तद्गोध्वंसस्य तद्गोप्रागभावस्यापि तद्गोत्वावच्छिन्नप्रतियोगिताकत्वं अवश्यं मन्तव्यम्। एवं च संसर्गाभावत्रयेऽपि प्रतियोगिता समाना एव भवति। तथा च यदि अत्यन्ताभावस्य प्रतियोगिता गोत्वसामान्यधर्मावच्छिन्ना प्रसिद्धा, तर्हि अत्यन्ताभाव-निरूपितप्रतियोगिता-तुल्यप्रतियोगिताक ध्वंसप्रागभावयोरपि प्रतियोगिता सामान्यधर्मावच्छिन्ना मन्तव्या इति चेत्।

**चन्द्रशेખरીયા: પ્રશ્ન:** જેમ નં.૧ ગોત્વાવચ્છિન્ન નં.૧ ગૌમત્તાના જ્ઞાન પ્રત્યે નં.૧ ગોત્વાવચ્છિન્ન નં.૧ ગવાત્યન્તાભાવની પ્રતીતિ પ્રતિબંધક છે. તેમ નં.૧ ગોત્વાવચ્છિન્ન નં.૧ ગૌમત્તાના જ્ઞાન પ્રત્યે નં. ૧ ગોત્વાવચ્છિન્ન નં.૧ ગોધ્વંસની પ્રતીતિ પણ પ્રતિબંધક બને જ છે. એ રીતે નં.૧ ગૌપ્રાગભાવની પ્રતીતિ પણ પ્રતિબંધક બને જ છે. અને આમ હોવાથી નં.૧ ગોધ્વંસ વિગેરેમાં પણ નં.૧ ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકત્વ માનવું જ પડશે. ટુંકમાં ત્રણેય અભાવની પ્રતીતિ એકસરખી રીતે જ પ્રતિબંધક બનતી હોવાથી ત્રણેયમાં સામાન્યધર્માવચ્છિન્નપ્રતિયોગિતાકત્વ માનવું જ જોઈએ.

---

**जागदीशी -- एकसम्बन्धेन तद्गवात्यन्ताभावग्रहेऽपि सम्बन्धान्तरेण तद्गोमत्ताबुद्ध्युत्पादात् सम्बन्धविशेषमन्तर्भाव्यैवात्यन्ताभावग्रहस्य प्रतिबन्धकतायाः ध्वंसवत्ताग्रहसाधारण्यासम्भवादित्याशयेनाह- *मतेऽपीति* [शि० पृ० १०१]।**

---

**चन्द्रशेखरीयाः** न, भूतले समवायेन तद्गवात्यन्ताभावज्ञाने सत्यपि "भूतले संयोगेन तद्गोमान्" इति ज्ञानं संभवति। अतः न केवलं तद्गोत्वावच्छिन्नप्रतियोगिताकात्यन्ताभावविषयकं ज्ञानं प्रतिबंधकं। किन्तु संयोगसम्बन्धावच्छिन्नतद्गोत्वावच्छिन्नप्रतियोगिताकात्यन्ताभाववत्ताज्ञानमेव संयोगेन तद्गोमत्ताज्ञानं प्रति प्रतिबंधकं वाच्यम्। किन्तु भूतले **"तद्गौः ध्वस्ता"** इति ज्ञानान्तरं भूतले कालिकेन, संयोगेन, केनापि सम्बन्धेन वा "तद्गोमान्" इति ज्ञानं न भवति। अतः ध्वंसविषयकज्ञानं सम्बन्धविशेषाघटितमेव प्रतिबंधकं भवति। एवं च संयोगेन तद्गोमत्ताज्ञानं प्रति तद्गोत्वावच्छिन्नप्रतियोगिताकध्वंसज्ञानं तद्गोत्वावच्छिन्नप्रतियोगिताकप्रागभावज्ञानं च प्रतिबंधकं भवति। किन्तु यत्र केवलं गोत्वावच्छिन्नप्रतियोगिताकात्यन्ताभावज्ञानं प्रतिबंधकं भवति। तत्र संयोगावच्छिन्नगोत्वावच्छिन्न प्रतियोगिताकात्यन्ताभावज्ञानं एव प्रतिबंधकं भवति। अतः ज्ञायते यत् अत्यन्ताभावीयप्रतियोगिता ध्वंसप्रागभावीय-प्रतियोगिताभिन्न-स्वरूपा एव। अतः एव अत्यन्ताभावीयप्रतियोगितायां गोत्वादिसामान्यधर्मावच्छिन्नत्वप्रसिद्धौ अपि तदनुसारेण ध्वंसप्रागभावीयप्रतियोगितायां गोत्वादिसामान्यधर्मावच्छिन्नत्वं असिद्धमेव। अतः एव वयं ध्वंसे प्रागभावे च सामान्याभावत्वं=सामान्य-धर्मावच्छिन्नप्रतियोगिताकत्वं न स्वीकुर्मः। अतः एव "ये केचन... मन्यन्ते..." इति उक्तं। तथा च तेषां मतेऽपि केषांचित् द्व्यणुकानां ध्वंसवति खंडप्रलये अन्यत्र प्रसिद्धोऽपि द्व्यणुकत्वावच्छिन्नप्रागभावो न संभवति। एवं केषांचित् द्व्यणुकानां प्रागभाववति खंडप्रलये अन्यत्र महाप्रलयादौ प्रसिद्धोऽपि द्व्यणुकत्वावच्छिन्नध्वंसाभावो न संभवति इत्यतोऽभावान्तरमादायातिव्याप्तिः दुर्वारा इति पूर्वपक्षस्याभिप्रायः।

एवं तावत् विस्तरतः पूर्वपक्षः प्रतिपादितः। इदान्तं सिद्धान्ती तस्य समाधानं करोति–एतासां सर्वासां आपत्तीनां मूलमिदमेव यत्–**प्रतियोगिध्वंसाधिकरणे प्रतियोग्यत्यन्ताभावो न विद्यते**–इति किन्तु इदमेव सर्वथाऽसत्। यतो यथा घटादिप्रतियोगिमति अपि कालेऽपि घटानधिकरणपर्वताद्यवच्छेदेन घटाभावो विद्यते एव। एवं घटध्वंसाधिकरणेऽपि काले घटात्यन्ताभावो विद्यते एव। तथा च अदृष्टाद्यधिकरणे खण्डप्रलये द्व्यणुकात्यन्ताभावस्य सत्वात् साध्याभावस्यैव

लक्षणघटकत्वमस्ति इति नातिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** ના. કેમકે "**ભૂતલે સમવાયેન તદ્ગવાત્યન્તાભાવઃ**" એવું જ્ઞાન થવા છતાં પણ **ભૂતલે સંયોગેન તદ્ગૌઃ** એ જ્ઞાન થઈ શકે છે. અને તેથી માત્ર તદ્ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવવિષયકજ્ઞાન પ્રતિબંધક ન મનાય. પરંતુ સંયોગસંબંધાવચ્છિન્ન-તદ્ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક અત્યન્તાભાવવિષયકજ્ઞાન એ જ **સંયોગેન ગોમત્તાની** બુદ્ધિ પ્રત્યે પ્રતિબંધક છે એમ માનવું જોઈએ. આમ અત્યન્તાભાવપ્રત્યક્ષ એ ચોક્કસસંબંધને લઈને જ પ્રતિયોગીના અભાવવત્તાના જ્ઞાન રૂપ હોય ત્યારે જ તે તે ચોક્કસસંબંધને લઈને જ પ્રતિયોગીના જ્ઞાન પ્રત્યે પ્રતિબંધક બને. જ્યારે ધ્વંસ અને પ્રાગભાવમાં તો એવું નથી. જે ભૂતલ ઉપર ગોધ્વંસનું જ્ઞાન થાય. ત્યાં સમવાય-કાલિક-સંયોગાદિ કોઈપણ સંબંધથી ગોની પ્રતીતિ થતી જ નથી. એટલે ધ્વંસપ્રાગભાવવિષયકજ્ઞાન એ સંબંધવિશેષના નિવેશ વિના જ પ્રતિબંધક બને છે. જ્યારે અત્યન્તાભાવવિષયકજ્ઞાન એ સંબંધવિશેષના નિવેશ દ્વારા જ પ્રતિબંધક બને છે. જ્યારે આમ અત્યન્તાભાવમાં સંબંધવિશેષ્યક તદ્ગોત્વાદિધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવત્વ છે. અને ધ્વંસાદિમાં માત્ર તદ્ગોત્વાદિધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવત્વ છે. એટલે એ અભાવત્વ સરખું નથી. અને તેથી જ અત્યન્તાભાવની પ્રતિયોગિતા સામાન્યધર્માવચ્છિન્ન મનાય પણ તેને લઈને ધ્વંસાદિની પ્રતિયોગિતા એ સામાન્યધર્માવચ્છિન્ન ન મનાય. જો ત્રણેયમાં એક સરખું અભાવત્વ હોત તો ત્રણેયમાં એક સરખું માનવું પડે. પણ તેવું તો નથી જ. એટલે જ ધ્વંસાદિની પ્રતિયોગિતા અમે તો સામાન્યધર્માવચ્છિન્ન માનતા નથી. માટે જ "જેઓ એવું માને છે કે..." એમ અમે કહ્યું છે. આમ ઉપર્યુક્ત સ્થલોમાં અતિવ્યાપ્તિ આવે જ છે. માટે જ "અત્યન્તાભાવ=સંસર્ગાભાવ" એમ કહો તો ય છુટકારો થવાનો નથી. અહીં પૂર્વપક્ષ પુરો થયો. હવે સિદ્ધાન્તી તેનો ઉત્તર આપશે.

**ઉત્તરપક્ષ:** આ બધી આપત્તિઓનું મૂળ એ જ છે કે "જેનો ધ્વંસ જ્યાં રહે ત્યાં તેનો અત્યન્તાભાવ ન રહે" એવી તમારી માન્યતા છે. પણ એ માન્યતા જ ખોટી છે. કેમકે જેમ પ્રતિયોગિવાળા એવા પણ કાળમાં પ્રતિયોગિનો અત્યન્તાભાવ રહે છે. તેમ પ્રતિયોગિધ્વંસવાળા કાળમાં પણ પ્રતિયોગિ-અત્યન્તાભાવ માનવામાં કોઈ જ વાંધો નથી.

---

**जागदीशी -- ननु 'प्रतियोगिमत इवे' त्यप्रसिद्धं तत्राप्यत्यन्ताभावानुपगमात्**

---

**चन्द्रशेखरीयाः** ननु प्रतियोगिमति काले प्रतियोग्यत्यन्ताभाव एव अप्रसिद्धः इति तं दृष्टान्तीकृत्य ध्वंसवति कालेऽत्यन्ताभावसाधनप्रयासोऽनुचितः इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** પ્રતિયોગિતાવાળા કાળમાં પણ અમે અત્યંતાભાવ માનતા જ ન હોવાથી એને દૃષ્ટાન્ત તરીકે ન લેવાય.

---

**जागदीशी -- अत आह- *अन्यथेति*। [गवात्यन्ताभावासत्त्व इत्यर्थः]। *अत्यन्ताभावस्येति*। -गोत्वादिना गवादेरत्यन्ताभावस्येत्यर्थः। तेन गगना[द्य]भावस्य गोविशिष्टगोत्वाद्यभावस्य वा प्रलयवृत्तित्वेऽपि**

न क्षतिः। *कालमात्रेति*।

---

**चन्द्रशेखरीया:** न, यदि "प्रतियोगिमति काले प्रतियोग्यत्यन्ताभावो न विद्यते" इति मन्यते, तदा तु कालमात्रेऽत्यन्ताभाव-मात्रस्यासत्त्वप्रसंगः स्यात्। यतो नित्याः सर्वेऽपि पदार्थाः सदैव काले वर्तन्ते, अतः तेषामत्यन्ताभावः न काले वर्तते। अनित्या अपि ये पदार्थाः विद्यन्ते, तेषां काले वर्तमानत्वात् तेषां अत्यन्ताभावो न वर्तते। येषां पदार्थानां ध्वंसः प्रागभावो वा कालेऽस्ति, तेषामपि अत्यन्ताभावो न काले वर्तते। ध्वंसप्रागभावाभ्यां सहात्यन्ताभावविरोधस्य भवतैव प्रतिपादितत्वात्। तथा च काले न कोऽपि अत्यन्ताभावः प्रसिद्ध्येत्। न च तद् इष्टं। तस्मात् प्रतियोगिमति अपि काले तदत्यन्ताभावोऽभ्युपेयः एव। ननु काले कालिकादिना गगनो न वर्तते। अतः काले गगनाभावः प्रसिद्धः। एवं प्रलयकाले गोरभावात् गोविशिष्टगोत्वमपि न कालिकेन वर्तते। अतः तस्यापि अत्यन्ताभावो काले वर्तते इति कथं कालमात्रे अत्यन्ताभाव-मात्रस्याप्रसिद्धिः भवेत्? इति चेत्, सत्यं। अत्र गोत्वावच्छिन्नगवात्यन्ताभावादीनामेव कालेऽप्रसिद्धिः प्रतिपादिताऽवगन्तव्या। **"इदानीं गौः नास्ति"** इति प्रतीत्या काले गोत्वावच्छिन्नात्यन्ताभावो भवति प्रसिद्धः। किन्तु प्रतियोगिमति काले यदि तदत्यन्ताभावो न मन्येत, तदा गोमति काले तदभावोऽपि न प्रसिद्धो भवेत्, नचेदं युक्तं। तस्मात् प्रतियोगिमति अपि काले तदभावो यथा वर्तते, तथैव ध्वंसवति अपि काले तदत्यन्ताभावो न विरुध्यते इति ज्ञेयम्।

**चन्द्रशेखरीया: ઉત્તર:** જો એમ કહેશો તો પછી કોઈપણ કાલમાં કોઈપણ અત્યન્તાભાવ રહી જ નહીં શકે. કેમકે જ્યારે પ્રતિયોગી હાજર હોય ત્યારે તે કાળમાં કાલિકથી રહેવાથી ત્યાં તેનો અત્યન્તાભાવ ન લેવાય. જ્યારે પ્રતિયોગી હાજર ન હોય ત્યારે તેનો ધ્વંસ કે પ્રાગભાવ તે કાળમાં રહેવાથી ત્યારે પણ અત્યન્તાભાવ ન મળે. આમ કાળમાત્રમાં અત્યન્તાભાવ અપ્રસિદ્ધ બની જશે. માટે એ વાત યોગ્ય નથી.

**પ્રશ્ન:** કાળમાં ગગન તો કાલિકથી ન હોવાથી કાળમાં ગગનાભાવ તો મળે જ છે. એમ પ્રલયકાળમાં ગોવિશિષ્ટગોત્વનો અભાવ પણ મળે છે. કેમકે પ્રલયકાલમાં ગાય ન હોવાથી ગોત્વ હોવા છતાં ગોવિશિષ્ટગોત્વાભાવ મળે જ છે. તો પછી કાળમાત્રમાં અત્યન્તાભાવની અપ્રસિદ્ધિ ક્યાં થાય છે?

**ઉત્તર:** અહીં ગોત્વાવચ્છિન્નગો વિગેરેના અત્યન્તાભાવની અપ્રસિદ્ધિ જ વિવક્ષિત છે. અને એ જ દોષરૂપ બને છે. અર્થાત્ ગૌ તો કાળમાં વૃત્તિ હોવાથી ગોવાળા કાલમાં ગો-અભાવ ન લેવાય. અને ગોધ્વંસ બાદ ગોધ્વંસવાળો કાળ બની જતા ત્યાં પણ ગો-અત્યન્તાભાવ ન લેવાય. અને તો પછી "ઇદાનીં ગૌઃ નાસ્તિ" એવી કાળમાં ગૌ-અત્યન્તાભાવની પ્રતીતિ ભ્રમાત્મક માનવાની આપત્તિ આવે.

---

**जागदीशी -- तत्र गवात्यन्ताभावस्य दैशिकविशेषणतया कालमात्रावृत्तित्वं प्राच्यैरिष्यत एव, सदातनत्व व्यवहारस्य कालिकविशेषणतयैव सम्भवादिति तु विभावनीयम्।।८।।**

**चन्द्रशेखरीया:** अत्र प्राचीनानामयमाशयः यदुत–काले गवात्यन्ताभावः स्वरूपसम्बन्धेन नास्ति एव। "गवात्यन्ताभावः सदातनः सर्वकालवृत्तिः" इति यो व्यवहारो भवति, स तु गवात्यन्ताभावस्य कालिकेन कालवृत्तित्वमाश्रित्योपपादनीयः--इति। प्राचीनानामिदं निरूपणं विभावनीयं। यतो यदि कालिकेनैव काले गवात्यन्ताभावो वर्तते, तदा गोमद्भूतलकालावच्छेदेनापि **"इदानीं न गौः"** इति प्रत्ययप्रसङ्गापत्तिर्दुर्वारा। तस्मात् स्वरूपेणापि काले गवात्यन्ताभावो वर्तते इति मन्तव्यम्। स्वरूपेण काले वर्तमानोऽत्यन्ताभावो देशावच्छेदेनैव वर्तते। अतः न भूतलावच्छेदेन **इदानीं गौः** इति प्रत्ययापत्तिः इति भावः। काले कालिकेन वर्तमानोऽभावो सर्वदेशावच्छेदेन वर्तते। काले स्वरूपेण वर्तमानोऽभावो प्रतियोग्यनधिकरणदेशावच्छेदेन वर्तते। यदि हि काले कालिकेन गवात्यन्ताभावः प्राचीनैः मन्यते, तदा यत्र भूतले गौरस्ति तत्रापि **"इदानीं भूतले गौः नास्ति"** इति प्रत्ययापत्तिः। काले सर्वदेशान्तर्गतभूतलावच्छेदेनापि गवात्यन्ताभावस्य कालिकेन विद्यमानत्वात्। स्वरूपेण विवक्षायां तु नेयमापत्तिः इति भावः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્નઃ** પ્રાચીનો તો "ગવાત્યન્તાભાવ સ્વરૂપસંબંધથી કોઈપણ કાળમાં રહેતો જ નથી." એમ માને છે. એટલે તેઓને તો આમાં ઇષ્ટાપત્તિ જ છે.

**ઉત્તર:** તો પછી ગવાત્યન્તાભાવ સદાતન છે.=દરેક કાળમાં રહેનારો છે." એવો વ્યવહાર તો ખોટો જ માનવો પડે ને?

**પ્રશ્નઃ** ના. ગવાત્યન્તાભાવ કાળમાં સ્વરૂપસં.થી ભલે ન રહે પણ કાલિકથી તો રહે જ છે. અને તેથી જ "દરેકકાળમાં ગવાત્યન્તાભાવ હોય જ છે" એવો વ્યવહાર થાય છે. આશય એ કે આ વ્યવહાર કાલિક સં.લઈને જ થાય છે.

**ઉત્તર:** આ તમારી વાત વિચારણીય છે. કેમકે **"ઇદાનીં ગૌઃ નાસ્તિ"** એ પ્રતીતિ જો **"કાલિકેન ગવાત્યન્તાભાવવતી ગૌઃ"** એ આકારક માનીએ તો તો જે કાળમાં ગૌ છે. તે કાળમાં પણ ગાયના અનધિકરણ એવા સરોવરાદ્યવચ્છેદેન ગવાત્યન્તાભાવ કાલિકથી રહે જ છે. એટલે ગોવાળા કાળમાં પણ **"ઇદાનીં ગૌઃ નાસ્તિ"** એવી પ્રતીતિ થવાની આપત્તિ આવે. આ વિશે વધુ ચર્ચા નથી કરતા. કાલમાં સ્વરૂપથી રહેનારો જે અત્યન્તાભાવ છે તે તો સ્વપ્રતિયોગિ-અનધિકરણ દેશાવચ્છેદથી જ રહે. પણ કાલમાં કાલિકથી રહેનારો અત્યન્તાભાવ તો ગમે તે દેશાવચ્છેદથી રહી શકે. એટલે પ્રાચીનમત પ્રમાણે કાળમાં જો કાલિકથી ગવાત્યન્તાભાવ માનીએ. તો તો પછી ગોવાળા ભૂતલમાં પણ **"ઇદાનીં ભૂતલાવચ્છેદેન ગૌઃ નાસ્તિ"** એ પ્રતીતિ થવાની આપત્તિ આવે. માટે પ્રાચીનમત યોગ્ય નથી.

---

## दीधिति

**इयांस्तु विशेषो,-यदेकस्य देशभेदावच्छिन्नं तथात्वमपरस्य तु स्वरूपावच्छिन्नमिति,-देशे कालस्येव, कालेऽपि,-देशस्यावच्छेदकत्वात्, तच्छून्ये च काले तदभावस्य प्रतियोगिव्यधिकरणत्वात्।**

**न च संसर्गाभावविशेषोऽत्यन्ताभावः- संसर्गाभावत्वञ्च, - संसर्गारोपजन्यप्रतीतिविषयाभावत्वरूपं जन्यताघटकनियम-घटितमिति वाच्यम्;**

**तद्वदन्यावृत्तित्वरूपनियमस्य तत्र घटकत्वात्, एवं नियमान्तरस्यात्र प्रवेशेऽपि न क्षतिरित्याहुः ।।९।।**

---

**जागदीशी -- ननु प्रतियोगिमत्यपि काले तदन्यन्ताभावसत्त्वे-गवाद्यवच्छेदेन इदानीं गोत्वं नास्ती'त्यपि प्रतीतिः कथं न स्यादत आह-*इयांस्त्विति*। -एकस्य=प्रतियोगिमतः कालस्य देशभेदः =प्रतियोग्यनधिकरणदेशः। तथात्वम्=अत्यन्ताभाववत्त्वम्।* अपरस्य*। ध्वंसादिमतः कालस्य। *स्वरूपावच्छिन्नमिति* [यस्य यद्रूपमधिकरणतावच्छेदकं तदवच्छिन्नं तथा च] निरवच्छिन्नमित्यर्थः 'तथात्व'मिति पूर्वेणान्वयः।**

---

**चन्द्रशेखरीया:** ननु प्रतियोगिमत्यपि काले यदि प्रतियोग्यत्यन्ताभावो विद्यते तदा गोत्ववति काले गवावच्छेदेनापि "इदानीं गोत्वं नास्ति" इति प्रतीतिरापद्येत इति चेत् न यद्यपि प्रतियोगिमति प्रतियोगिध्वंसवति च काले तदत्यन्ताभावो विद्यते, तथापि द्वयोर्मध्ये अयं विशेषः यदुत प्रतियोगिमति काले प्रतियोग्यनधिकरणदेशावच्छेदेनैव तदत्यन्ताभावो विद्यते। यथा गोत्ववति काले गोत्वानधिकरणाश्वावच्छेदेनैव तदत्यन्ताभावो विद्यते। ध्वंसवति काले च सर्वदेशावच्छेदेन तदत्यन्ताभावो विद्यते। अर्थात् निरवच्छिन्नोऽभावो वर्तते। यथा तद्गोध्वंसवति काले सर्वावच्छेदेन गवात्यन्ताभावो विद्यते।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** આ વાત જવા દો. જો પ્રતિયોગિવાળા એવા પણ કાળમાં પ્રતિયોગિ-અત્યન્તાભાવ રહેતો હોય તો પછી ગોત્વવાળા એવા પણ કાળમાં ગોત્વાત્યન્તાભાવ તો છે જ. અને તો પછી "**ગવાવચ્છેદેન ઇદાનીં ગોત્વં નાસ્તિ**" એવી પ્રતીતિ પણ થવી જોઈએ. અને એને સાચી પણ માનવી જ જોઈએ.

**ઉત્તર:** આમાં એટલી વિશેષતા ધ્યાનમાં રાખવી કે પ્રતિયોગિવાળો કાળ એ પ્રતિયોગિ અધિકરણભિન્નદેશાવચ્છેદેન જ પ્રતિયોગિ-અત્યન્તાભાવવાળો હોય છે. જ્યારે પ્રતિયોગિધ્વંસવાળો કાળ એ તો કોઈપણ દેશાવચ્છેદેન પ્રતિયોગિ-અત્યન્તાભાવવાળો હોય છે. અર્થાત્ નિરવચ્છિન્ન-અત્યન્તાભાવ એ પ્રતિયોગિધ્વંસવાળા કાળમાં હોય છે. એટલે ધ્વંસવાળા કાળમાં પણ અત્યન્તાભાવ માનવામાં કોઈ વિરોધ નથી.

---

**जागदीशी -- ननु-'इदानीमश्वे न गोत्व'मित्यादिप्रतीतेः कालवृत्तितयाऽश्ववृत्तितया च गोत्वाभावावगाहितयैवोपपत्तौ देशस्य कालवृत्तितावच्छेदकत्वे मानाभाव-इत्यत आह-*देश इति*। -**

**इवार्थः सादृश्यं। तच्चानुभूयमानत्वेन तथा चानुभव एव देशस्य कालवृत्तितावच्छेदकत्वे मानम्, अन्यथा 'गृहे नेदानीं गौ'रित्यादिप्रत्ययबलाद्गृहादिदेशस्य गवात्यन्ताभाववत्तायामपि कालो नावच्छेदकः स्यात्; तत्रापि गवाभावे गृहवृत्तित्वैतत्कालवृत्तित्वोभयावगाहितायाः सुवचत्वादिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** ननु एतत्सर्वं "इदानीं अश्वे न गोत्वं" इति प्रतीतिबलात् एव प्रसिद्धम्। तत्र भवान् "काले अश्वावच्छेदेन गोत्वात्यन्ताभावः" इति अर्थं कृतवान्। स च न युक्तः, अत्र प्रमाणाभावात् इति चेत् न, यथा "**अत्र गृहे इदानीं प्रथमप्रहरे गौः नास्ति**" इति प्रतीतिः "गृहे प्रथमप्रहरावच्छेदेन गवात्यन्ताभावविषयिका" गवात्यन्ताभावे वर्तमानायाः गृहवृत्तितायाः अवच्छेदकः प्रथमप्रहरः इत्यर्थविषयिका वा मन्यते, तथैव "इदानीं अश्वे गोत्वं नास्ति" इति प्रतीतिरपि काले अश्वावच्छेदेन गोत्वाभावविषयिका गोत्वात्यन्ताभावे वर्तमानायाः अश्ववृत्तितायाः अवच्छेदकोऽश्वः इत्यर्थविषयिका वा संभवत्येव। अनुभवस्यैवात्र प्रमाणत्वात्। अन्यथा तु तुल्ययुक्त्या कालोऽपि देशवृत्तितायाः अवच्छेदको न भवेत्। तथा च गृहे **इदानीं गौः नास्ति** इति प्रतीतिरपि गृहे काले च गवात्यन्ताभावविषयिका गणयितुं शक्या भवेत्। किन्तु यथा काले देशनिरूपितवृत्तितावच्छेदकत्वं प्रतीत्या सिद्धं, तथैव देशे कालनिरूपितवृत्तितावच्छेदकत्वमवश्यमभ्युपेयम्।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ ઇદાનીં અશ્વે ન ગોત્વં** એનો અર્થ તમે એવો કરો છો કે કાલમાં અશ્વાવચ્છેદેન ગોત્વાભાવ છે પણ આ રીતે ગોત્વાભાવમાં આવેલી કાલવૃત્તિતાનો અવચ્છેદક અશ્વાદિ દેશ માનવામાં કોઈ પ્રમાણ નથી. આનો અર્થ તો એટલો જ કરી શકાય કે આ કાળમાં અને અશ્વમાં ગોત્વાભાવ છે.

ઉત્તરઃ દેશમાં કાલ અવચ્છેદક બને છે. તેમ કાલમાં દેશ પણ અવચ્છેદક બને જ છે. જેમ "**ભૂતલે પ્રથમપ્રહરાવચ્છેદેન ઘટોऽस्ति द्वितीयप्रहरावच्छेदेन घटो नास्ति**" એવી પ્રતીતિ દ્વારા ઘટમાં રહેલી ભૂતલવૃત્તિતાનો અવચ્છેદક પ્રથમપ્રહર અને ઘટાભાવમાં રહેલી ભૂતલવૃત્તિતાનો અવચ્છેદક દ્વિતીયપ્રહર બને છે. તે જ પ્રમાણે **કાલે ગવાવચ્છેદેન ગોત્વમસ્તિ, અશ્વાવચ્છેદેન ગોત્વં નાસ્તિ** એ પ્રતીતિ અનુભવાય છે. અને તેથી ગોત્વમાં રહેલી કાલવૃત્તિતાનો અવચ્છેદક ગૌ અને ગોત્વાભાવમાં રહેલી કાલવૃત્તિતાનો અવચ્છેદક અશ્વાત્મક દેશ માની શકાય છે. આમ અનુભવ જ "દેશ એ કાલવૃત્તિતાનો અવચ્છેદક બને છે" એમ માનવામાં પ્રમાણ છે. બાકી તમારા કહેવા પ્રમાણે "**ઇદાનીં અશ્વે ગોત્વં નાસ્તિ**" પ્રતીતિનો અર્થ "કાળમાં+અશ્વમાં ગોત્વાભાવ છે" એમ માનીએ તો પછી "**ઇદાનીં ગૃહે ગૌઃ નાસ્તિ**" એ પ્રતીતિનો અર્થ પણ "કાળમાં અને ઘરમાં ગવાત્યન્તાભાવ છે" એમ માની શકાય. અને તો પછી ઘરમાં આવેલ ગવાત્યન્તાભાવનો અવચ્છેદક તે કાળ બની ન શકે. આમ દેશનિરૂપિતવૃત્તિતાનો અવચ્છેદક તરીકે કાળ પણ ન બને. પણ કાળને તો અવચ્છેદક માનીએ જ છીએ તો એ જ રીતે "કાલનિરૂપિતવૃત્તિતાનો અવચ્છેદક દેશ બને છે" એમ પણ માનવું જ જોઈએ.

---

**जागदीशी -- नन्वेवं प्रतियोगिवैयधिकरण्यघटितस्याव्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणस्य-'कालो गोमान् गोत्वा'दित्यादावतिव्याप्तिरेव गवाद्यभावस्य सृष्टिकाले प्रतियोगिसमानाधिकरणतया**

**तल्लक्षणाघटकत्वादत आह-*तच्छून्य इति* । -गवादिशून्य इत्यर्थः । तथा च-यत्किञ्चिद्धेत्वधिकरणावच्छेदेन प्रतियोगिवैयधिकरण्यं यदग्रे वाच्यं-तस्य गवाद्यभावे[ऽपि]सत्त्वान्न तत्रापि लक्षणेऽतिव्याप्तिरिति भावः ।**

---

**चन्द्रशेखरीया:** ननु एवं प्रतियोगिव्यधिकरणत्वघटितस्याव्याप्यवृत्तिसाध्यकस्थलीयस्य लक्षणस्यातिव्याप्तिः **कालो कालिकेन गोमान् कालिकेन गोत्वात्** इति अत्र भवेत् । गोत्वाधिकरणे सृष्टिकाले अश्वावच्छेदेन वर्तमानो गवात्यन्ताभावः भूतलावच्छेदेन तत्रैव काले वर्तमानस्य गवात्मकप्रतियोगिनः समानाधिकरण एव इति न साध्याभावो लक्षणघटकः । अतो अभावान्तरमादाय लक्षणसमन्वयः इति चेत् ।

"सर्वेषु हेत्वधिकरणेषु प्रतियोगिव्यधिकरणो योऽभावः स एव ग्राह्यः" इति नास्ति अस्माकं निरूपणं । किन्तु अग्रे "यत्किञ्चिद्-धेत्वधिकरणे प्रतियोगिव्यधिकरणो योऽभावो भवेत् सोऽपि ग्राह्यः" इति वक्ष्यते । तथा च गवात्यन्ताभावस्य सृष्टिकालात्मके हेत्वधिकरणे प्रतियोगिसमानाधिकरणत्वेऽपि गोत्वाधिकरणे खण्डप्रलयकाले गवात्यन्ताभावस्य स्वप्रतियोग्यसमानाधिकरणत्वं प्रसिध्यति । खण्डप्रलयकाले गोरविद्यमानत्वात् । तथा च तादृशे हेत्वधिकरणे प्रतियोग्यसमानाधिकरणसाध्याभावमादायातिव्याप्तिनिरासो भवति इति न कोऽपि दोषः । तथा च लक्षणघटकात्यन्ताभावपदस्य संसर्गाभावपरकत्वानुपादानेऽपि अत्यन्ताभावस्य ध्वंसाविरोधित्वात् सर्वत्रातिव्याप्तिव्युदासः संगमनीयः इति न दोषः ।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** આ રીતે માનશો તો **કાલઃ કાલિકેન ગોમાન્ કાલિકેન ગોત્વાત્** આ સ્થાને પ્રતિયોગિવ્યધિકરણઘટિત વ્યાપ્તિલક્ષણ અતિવ્યાપ્ત બનશે. કેમકે ગોત્વાધિકરણ એવા સૃષ્ટિકાલમાં તો એ ગવાભાવ એ સ્વપ્રતિયોગિ-ગૌને સમાનાધિકરણ જ છે. કેમકે એ "ગૌ" સૃષ્ટિકાલમાં કાલિકથી રહેલી છે. એટલે સાધ્યાભાવ એ લક્ષણ-ઘટક ન બનતા અતિવ્યાપ્તિ આવે.

**ઉત્તર:** આગળ કહેવાના છે કે લક્ષણઘટક તરીકે જે અભાવ લેવાનો હોય તે "તમામે તમામ હેત્વધિકરણમાં પ્રતિયોગિવ્યધિકરણ મળવો જોઈએ" તેવું નથી. પરંતુ કોઈપણ એકાદ હેત્વધિકરણમાં પ્રતિયોગિવ્યધિકરણ મળી જાય તો પણ ચાલે. અને એટલે સૃષ્ટિકાલરૂપ જે હેત્વધિકરણ છે. તેમાં રહેલો ગવાત્યન્તાભાવ ભલે ને પ્રતિયોગિ સમાનાધિકરણ હોય. પણ ખંડપ્રલયમાં રહેલો ગવાત્યન્તાભાવ તો સ્વપ્રતિયોગિગૌ-વ્યધિકરણ મળી જ જાય છે. કેમકે ખંડપ્રલયમાં કોઈપણ ગાય રહેતી નથી. આમ પ્રતિયોગિવ્યધિકરણઘટિત લક્ષણ લઈએ તો પણ હેત્વધિકરણ એવા ખંડપ્રલયમાં તો એ ગવાત્યન્તાભાવ એ સ્વપ્રતિયોગિવ્યધિકરણ મળી જવાથી સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતાં અતિવ્યાપ્તિ ન આવે. આમ લક્ષણમાં અત્યન્તાભાવ પદ જ રાખવાનું. મિશ્રોએ કરેલો ખુલાસો લેવાની જરૂર જ નથી. અને છતાં કોઈ દોષ રહેતો નથી.

---

**जागदीशी -- *न चेति* । -'वाच्य'मित्यन्वयः । *संसर्गाभावविशेष इति* ।- सदातनसंसर्गाभाव इत्यर्थः । *संसर्गेति* । -स्वप्रतियोगितावच्छेदकसंसर्गेण यः प्रतियोग्यारोपः -तज्जन्यप्रतीतिविषयो योऽभावस्तत्त्वमित्यर्थः ।**

**संसर्गस्तु तादात्म्यभिन्नो ग्राह्यः, तेन भेदव्युदासः।**

**'प्रागभावध्वंसयोरपि उत्तरकालपूर्वकालावेव प्रतियोगितावच्छेदकसम्बन्धाविति-ताभ्यामेव [सम्बन्धाभ्यां] प्रतियोग्यारोपः प्रागभावध्वंसयोः प्रत्यक्षे हेतुरतस्तयोर्नाव्याप्तिरिति'-प्राचामाशयः।**

---

**चन्द्रशेखरीया:** ननु तथापि लक्षणघटकं अत्यन्ताभावत्वं नाम **सदातनत्वे सति संसर्गाभावत्वमेव।** एवं च संसर्गाभावोऽपि लक्षणघटकोऽस्ति। संसर्गाभावत्वं च संसर्गारोपजन्यप्रतीतिविषयाभावत्वम्। स्वप्रतियोगितावच्छेदकसम्बन्धेन यः प्रतियोग्यारोपः तज्जन्यप्रतीतिविषयो योऽभावः, तत्वमिति यावत्। यथा संयोगेन घटाभावस्य प्रतियोगितायाः अवच्छेदकेन संयोगेन "यदि भूतले संयोगेन घटः स्यात् तर्हि उपलभ्येत" इति यः प्रतियोग्यारोपः, तेनारोपेन" भूतलं घटाभाववत्" इति या प्रतीतिः उत्पन्ना, तस्य विषयो अभावः घटाभावः एव इति तत्र लक्षणसमन्वयः। न च "घटभेदप्रतियोगितावच्छेदकतादात्म्यसम्बन्धेन यदि पटो घटः स्यात्, तदा घटत्वेनोपलभ्येत" इति यः प्रतियोग्यारोपः, तज्जन्यायाः "पटो न घट" इति प्रतीतेः विषयो घटभेदो भवति। अतः संसर्गाभावलक्षणं भेदेऽतिव्याप्तं इति वाच्यम्। तादात्म्यभिन्नसम्बन्धेनैव प्रतियोग्यारोपजन्यप्रतीतिविषयाभावत्वं" इति विवक्षितत्वात्। अत्र तु तादात्म्येनारोपः कृतः। अतः लक्षणाघटनात् नातिव्याप्तिः। **न च** तथापि ध्वंसप्रागभावप्रतियोगितावच्छेदकसम्बन्धस्यैवाप्रसिद्ध्या तत्र अव्याप्तिः भवेत् इति **वाच्यम्** "यदि अत्र उत्तरकालावच्छेदेन घटो भवेत् तर्हि उपलभ्येत "इति आरोपेण तत्र घटप्रागभावप्रतीतिः भवति। एवं "यदि अत्र पूर्वकालावच्छेदेन घटो भवेत् तर्हि उपलभ्येत" इति आरोपेण तत्र घटध्वंसप्रतीतिः भवति। अतः पूर्वकाल एव ध्वंसीयप्रतियोगितावच्छेदकसम्बन्धः प्रसिद्धः। अयं भावः। यत्र भूतले प्रथमप्रहरे विद्यमानो घटः केनचिद् दंडादिना ध्वस्तः, तत्र गतः चैत्रः प्रतिपादयति यदुत अत्र भूतले यः घटः प्राक्काले आसीत्, इदानीं तस्य ध्वंसोऽस्ति। यतो यदि अत्र पूर्वकाले विद्यमानो घटो भवेत् ,तर्हि अवश्यं तस्य ज्ञानं भवेत्। न च भवति। तस्मात् 'घटध्वंसोऽस्ति' इति मन्तव्यम्। एवं यत्र कुलालशालायां कुलालो चक्रं भ्रमयित्वा घटं रचयति। तत्र घटोत्पत्तिपूर्वकाले तत्र चैत्रो गतः। तेनोक्तं। अत्र चक्रे यो घटो उत्तरकाले उत्पत्स्यते, तस्य इदानीं प्रागभावः। यतो यदि उत्तरकाले उत्पत्स्यमानो घटोऽत्र चक्रे भवेत् तदा तस्य प्रत्यक्षं भवेत्। न च भवति। अतः चक्रे तस्य प्रागभावो मन्तव्यः। एवं च प्रागभावध्वंसयोःप्रतियोगितायाः अपि अवच्छेदकसम्बन्धस्य प्रसिद्धत्वात् तत्रापि संसर्गाभावलक्षणसमन्वयो भवति इति नाव्याप्तिः।

**चन्द्रशेखरीया: प्रश्न:** અત્યન્તાભાવ એ એક પ્રકારનો સંસર્ગાભાવ જ છે. એટલે કે નિત્યસંસર્ગાભાવ રૂપ જ એ અત્યન્તાભાવ છે. આમ લક્ષણમાં "સંસર્ગાભાવ" શબ્દ તો આવી જ ગયો. અને સંસર્ગાભાવ=સંસર્ગારોપજન્યપ્રતીતિવિષયાભાવ" એવી વ્યાખ્યા છે. એટલે કે સ્વપ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી જે પ્રતિયોગીનો જે આરોપ, તે આરોપથી જન્ય એવી પ્રતીતિનો વિષય એવો જે અભાવ, તે સંસર્ગાભાવ કહેવાય. જેમકે સંયોગથી ઘટાભાવ લઈએ તો ઘટાભાવપ્રતિયોગિતાવચ્છેદક સંયોગસંબંધથી "જો અહીં સંયોગથી ઘટ હોત તો દેખાત" એવો જે પ્રતિયોગી=ઘટનો આરોપ તેનાથી ઉત્પન્ન થનારી સંયોગેન ઘટાભાવવત્" એ પ્રતીતિનો વિષય

ઘટાભાવ બને છે. માટે તેમાં આ સંસર્ગાભાવની વ્યાખ્યા જાય છે. આમ વ્યાપ્તિના લક્ષણમાં સંસર્ગાભાવ છે અને સંસર્ગાભાવમાં ઘટક તરીકે જન્યતા છે. જન્યત્વં=કાર્યત્વં=કારણવ્યાપ્યત્વે સતિ કારણનિષ્ઠાન્યથાસિદ્ધિ-અનિરૂપકત્વ રૂપ છે. આમાં વ્યાપ્યત્વ=વ્યાપ્તિ એ ઘટક છે. આમ જન્યતા એ વ્યાપ્તિઘટિત છે.

ભૂતલ પર પહેલા પ્રહરે ઘટ છે. પછી દંડથી તુટી ગયો. ચૈત્ર આવીને બોલે છે કે "અત્યારે આ ભૂતલ ઉપર ઘટધ્વંસ છે. કેમકે પહેલા પ્રહરમાં રહેલો ઘટ જો અત્યારે પણ હોત તો દેખાત. પણ નથી દેખાતો. માટે અહીં ઘટધ્વંસ છે. આમ અહીં પહેલો પ્રહર=પૂર્વકાળ એ ઘટધ્વંસપ્રતિયોગિતાનો અવચ્છેદક બને છે. એમ કુંભાર ઘડો બનાવે છે ઘડો બનવાને થોડી વાર છે. ત્યારે ચૈત્ર ત્યાં પહોંચીને બોલે છે કે "અત્યારે ચક્ર ઉપર ઉત્તરકાળમાં ઉત્પન્ન થનારા એવા ઘડાનો પ્રાગ્ અભાવ છે. કેમકે જો ઉત્તરકાળમાં ઉત્પન્ન થનારો ઘટ અત્યારે હોત તો તેનું પ્રત્યક્ષ થાત. પણ થતું નથી. માટે તેનો પ્રાગભાવ છે." આમ અહીં ઉત્તરકાળ એ પ્રાગભાવીયપ્રતિયોગિતાનો અવચ્છેદક બને. વ્યાપ્તિલક્ષણમાં સંસર્ગાભાવ ઘટક છે. અને એમાં ઘટક એવી જે સંસર્ગારોપજન્યતા અને તેના ઘટક એવી વ્યાપ્તિથી જ ઘટિત આ વ્યાપ્તિલક્ષણ છે. માટે અહીં ચક્રકદોષ આવે છે.

**ઉત્તર:** તમે સંસર્ગાભાવની જે વ્યાખ્યા બનાવી એ જ અતિવ્યાપ્ત બને છે. તે આ પ્રમાણે-જો ઘટમાં તાદાત્મ્યથી ગૌ હોત તો દેખાત. એ પ્રતીતિ દ્વારા **"ઘટઃ ગોભિન્નઃ"** એ જ્ઞાન થાય છે. અને તેનો વિષય ગોભેદ બને છે. આમ ગોભેદમાં સંસર્ગાભાવનું લક્ષણ અતિવ્યાપ્ત બનશે.

**પ્રશ્ન:** અહીં "સ્વપ્રતિયોગિતાવચ્છેદક-તાદાત્મ્યભિન્ન સંબંધથી સંસર્ગારોપજન્યપ્રતીતિવિષય-અભાવત્વ" એવી વ્યાખ્યા સમજવી. ઉપર તો તાદાત્મ્યથી સંસર્ગારોપજન્યપ્રતીતિવિષય-અભાવત્વ ગૌભેદમાં આવે છે. માટે ત્યાં આ લક્ષણ અતિવ્યાપ્ત ન ગણાય. એટલે દોષ નથી.

**ઉત્તર:** તો પણ પ્રાગભાવ, ધ્વંસાભાવમાં શી રીતે લક્ષણસમન્વય થશે?

**પ્રશ્ન:** "જો આ ભૂતલ ઉપર પૂર્વકાલાવચ્છેદેન ઘટ હોત=પૂર્વકાલવૃત્તિત્વવિશિષ્ટ ઘટ હોત તો દેખાત" એ સંસર્ગારોપથી જન્ય એવી **"ભૂતલે ઘટો ધ્વસ્તઃ"** પ્રતીતિ થાય જ છે. આમ ધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદકસંબંધ પૂર્વકાળ બને છે. તેમ "જો આ ભૂતલ ઉપર ઉત્તરકાલાવચ્છેદેન ઘટ હોત=ઉત્તરકાલવૃત્તિત્વવિશિષ્ટ ઘટ હોત તો દેખાત" એ સંસર્ગારોપથી જન્ય એવી **"ભૂતલે ઘટપ્રાગભાવઃ"** પ્રતીતિ થાય જ છે. આમ પ્રાગભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદકસં. ઉત્તરકાળ બને છે. અને એ રીતે એ બેયમાં પણ આ સંસર્ગાભાવની વ્યાખ્યા ઘટી જાય છે.

---

**जागदीशी -- *घटितमिति* । -तथा च चक्रकादिप्रसङ्ग इति भावः ।**

**तत्र=जन्यत्वे नियमान्तरस्य=साध्यसम्बन्धितावच्छेदकरूपवत्त्वादिस्वरूपस्येत्यर्थः ।।९ ।।**

---

**चन्द्रशेखरीया:** अथ प्रकृतं प्रस्तुमः । व्याप्तिलक्षणे संसर्गाभावः प्रविष्टः, संसर्गाभावे जन्यता प्रविष्टा, जन्यत्वं च कारणव्याप्यत्वे सति कारणनिष्ठान्यथासिद्ध्यनिरूपकत्वं । तथा च जन्यतायां व्याप्यत्वं=व्याप्तिः प्रविष्टा । एवं च अत्र

चक्रकदोषो भवति । यत्र स्वज्ञानसापेक्षज्ञानसापेक्षज्ञानसापेक्षज्ञानविषयत्वं तत्र स्वभिन्नत्वं इति नियमः । यथा जलवद्-घटवत्-पटवद्-भूतलं इति अत्र जलज्ञानसापेक्षं जलवद्घटज्ञानं, तादृशघटज्ञानसापेक्षं तादृशघटवत्पटज्ञानं, तादृशपटज्ञानसापेक्षं तादृशपटवद्भूतलज्ञानं, तस्य विषयता भूतले । तत्रैव भूतले स्वभिन्नत्वं=जलभिन्नत्वं अस्ति । अत्र व्याप्तिज्ञानसापेक्षं जन्यताज्ञानं जन्यताज्ञानसापेक्षं, संसर्गाभावज्ञानं, संसर्गाभावज्ञानसापेक्षं च व्याप्तिज्ञानं । तस्य विषयता व्याप्तौ । तथा च व्याप्तौ स्वभिन्नत्वं=व्याप्तिभिन्नत्वं आपद्येत न च तत्र तद् अस्ति ।

अत एव स्वभिन्नत्वापादनं चक्रकदोषः उच्यते । एवं आत्माश्रयान्योन्याभावदोषौ स्वयं विभावनीयौ । तथा च नेदं व्याप्तिलक्षणं उचितम् । चक्रकादिदोषदुषितत्वात् इति चेत् **अत्र उच्यते** । जन्यताघटकीभूता या व्याप्तिः सा साध्यवदन्यावृत्तित्वरूपा ग्राह्या । प्रकृता व्याप्तिः तु न साध्यवदन्यावृत्तित्वरूपा । अतः प्रकृतव्याप्तौ जन्यताघटकव्याप्तिभिन्नत्वस्य विद्यमानत्वात् न चक्रकादिदोषप्रसङ्गः । एवं जन्यताघटकव्याप्तिः साध्यसंबंधितावच्छेदक-धर्मवत्वादिस्वरूपाऽपि ग्रहीतुं शक्यते । न तत्र कोऽपि दोषः, तादग्व्याप्तिभिन्नत्वस्य प्रकृतव्याप्तौ विद्यमानत्वात् ।

**चन्द्रशेखरीया:** ચક્કદોષ શી રીતે આવે? તે જોઈએ "**સ્વજ્ઞાનસાપેક્ષ-જ્ઞાનસાપેક્ષજ્ઞાનસાપેક્ષજ્ઞાનવિષયત્વેન સ્વભિન્નત્વાપાદનં ચક્કદોષઃ**" જેમકે "**જલવદ્દ્ઘટવદ્દ્પટવદ્દ્ભૂતલં**" અહીં જલવાળો ઘટ, ઘટવાળો પટ, પટવાળું ભૂતલ એવો અર્થ છે. જલજ્ઞાનને સાપેક્ષ એવું જલવત્‌ઘટનું જ્ઞાન, જલવત્‌ઘટજ્ઞાનને સાપેક્ષ એવું જલવત્ઘટવત્પટનું જ્ઞાન અને જલવત્ઘટવત્પટજ્ઞાનને સાપેક્ષ એવું તાદશભૂતલજ્ઞાન છે. અને તેનો વિષય ભૂતલ છે. અને તે ભૂતલમાં સ્વભિન્નત્વ=જલભિન્નત્વ છે જ. ટુંકમાં જ્યાં સ્વજ્ઞાન... વિષયત્વ હોય ત્યાં સ્વભિન્નત્વ હોય. ભૂતલમાં જલજ્ઞાન... વિષયત્વ છે તો ભૂતલમાં સ્વભિન્નત્વ પણ છે. આમ અહીં તો આ મળી જાય. હવે પ્રસ્તુતમાં વ્યાપ્તિજ્ઞાનને સાપેક્ષ એવું જન્યતા જ્ઞાન અને તાદશજન્યતાજ્ઞાનને સાપેક્ષ એવું સંસર્ગાભાવનું જ્ઞાન અને સંસર્ગાભાવજ્ઞાનને સાપેક્ષ એવું વ્યાપ્તિજ્ઞાન છે. અને તેનો વિષય વ્યાપ્તિ છે. આમ વ્યાપ્તિમાં વ્યાપ્તિજ્ઞાનસાપેક્ષજન્યતાજ્ઞાનસાપેક્ષ-સંસર્ગાભાવજ્ઞાનસાપેક્ષવ્યાપ્તિજ્ઞાનવિષયત્વ છે. એટલે વ્યાપ્તિમાં સ્વભિન્નત્વ=વ્યાપ્તિભિન્નત્વ માનવું જ પડે. પણ વ્યાપ્તિમાં વ્યાપ્તિભિન્નત્વ નથી. એટલે જ આ દોષ આવીને ઉભો રહે છે. અહીં સ્વપદથી વ્યાપ્તિ જ લીધી છે. એટલે અહીં ચક્કદોષ આવે છે. ખ્યાલ રાખવો કે જ્યાં સ્વજ્ઞાન... વિષયત્વ હોય ત્યાં સ્વભિન્નત્વ હોવું જ જોઈએ અને હોય જ છે. હવે જ્યાં સ્વજ્ઞાન... વિષયત્વ હોય અને છતાં સ્વભિન્નત્વ ન મળે તો એ દોષરૂપ બની જાય છે.

અહીં આદિપદથી અન્યોન્યાશ્રય+આત્માશ્રયદોષ પણ આવે જ છે. તે સ્વયં વિચારી લેવા.

**ઉત્તર:** જો અમે સંસર્ગાભાવની વ્યાખ્યામાં પ્રવેશેલી વ્યાપ્તિ એ આ નવા બનાવાતા વ્યાપ્તિલક્ષણરૂપ જ લઈએ તો આ દોષ આવે. પણ એ વ્યાખ્યામાં તદ્દ્વદન્યાવૃત્તિત્વરૂપ નિયમ=વ્યાપ્તિ જ લેવાની છે." આમ સંસર્ગાભાવલક્ષણઘટક નિયમ એ જુદો છે. અને અહીં બનાવવાની વ્યાપ્તિ પણ જુદી છે. એટલે અહીંની વ્યાપ્તિમાં તાદશનિયમભિન્નત્વ રહેલું જ હોવાથી ચક્કદોષ ન ગણાય. એ રીતે સાધ્યસંબંધિતાવચ્છેદકરૂપવત્વાદિ સ્વરૂપનિયમને પણ સંસર્ગાભાવઘટકજન્યતાના ઘટક એવા નિયમ તરીકે લઈ લો તો પણ વાંધો નથી. કેમકે તાદશનિયમભિન્નત્વ તો અહીંની વ્યાપ્તિમાં છે જ. માટે કોઈ વાંધો ન આવે. પ્રતિયોગિપ્રત્યક્ષરૂપ સાધ્યની

સંબંધિતાનો અવચ્છેદક પ્રતિયોગિત્વ બને. અને તે વાળાપણું ઘટાદિ પ્રતિયોગિઓમાં છે જ. માટે તે નિયમ પણ ઘટે છે.

## दीधिति

**वक्ष्यते च नियमाघटितमेव संसर्गाभावादिलक्षणम्,- अनुपदमेव च विवेचयिष्यते संसर्गाभावत्वप्रवेशे,- प्रयोजनविरहोऽव्याप्तिश्च ।।१०।।**

**जागदीशी -- नन्वभावबुद्धौ प्रतियोग्यारोपस्य हेतुत्त्वे मानाभावादुक्तसंसर्गाभावत्वघटित-व्याप्तिलक्षणस्यासम्भवः। कथञ्चिदभावलौकिकप्रत्यक्षं प्रति प्रतियोग्यारोपस्य हेतुतास्वीकारेऽपि-अतीन्द्रियसाध्यके व्यभिचारिण्यतिव्याप्तिः; तत्र हेतुसमानाधिकरणसाध्याभावस्यातीन्द्रियतया निरुक्तसंसर्गाभावत्वविरहादत आह।**

**चन्द्रशेखरीया: ननु** अभावप्रत्यक्षे प्रतियोग्यारोपस्य कारणत्वे मानाभावः। अतः प्रतियोग्यारोपजन्या अभावप्रतीतिरेवाप्रसिद्धा। अतः तद्घटितं संसर्गाभावत्वलक्षणमेवासम्यक्। केषाञ्चित् मतानुसारेण अभावप्रत्यक्षं प्रति प्रतियोग्यारोपस्य कारणता यदि स्वीक्रियते तथापि **मनस्त्ववान् अणुत्वात्** इति अतीन्द्रियसाध्यके व्यभिचारिणि हेतौ अतिव्याप्तिः भवेत्। यतो अत्र अणुत्वाधिकरणे परमाणौ मनस्त्वाभावः ग्राह्यः, किन्तु "यदि मनस्त्वं भवेत् तर्हि उपलभ्येत" इति वक्तुं न शक्यते, मनस्त्वस्यातीन्द्रियत्वात्। तस्मादत्र प्रतियोग्यारोपजन्यं मनस्त्वाभावप्रत्यक्षमेवाप्रसिद्धं। अतो मनस्त्वात्यन्ताभावे निरुक्तसंसर्गाभावलक्षणं न घटते। अतः सदातनत्वविशिष्टसंसर्गाभावत्वेन मनस्त्वाभावो न शक्यते ग्रहीतुं, किन्तु तादृशघटाभावस्य लक्षणघटकत्वात् तत्प्रतियोगितानवच्छेदकमेव मनस्त्वत्वं इति अतिव्याप्तिः भवति। तस्मात् न इदं संसर्गाभावत्वलक्षणं समुचितम् इति **चेत्।**

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** અભાવ પ્રત્યક્ષમાં પ્રતિયોગિ-આરોપ એ કારણ છે. એમ માનવામાં જ કોઈ પ્રમાણ નથી. અને એટલે પ્રતિ.તાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિના આરોપથી જન્ય એવું અભાવપ્રત્યક્ષ જ પ્રસિદ્ધ ન બનવાથી તાદૃશપ્રત્યક્ષવિષયાભાવત્વ રૂપ સંસર્ગાભાવત્વ પણ ઘટતું નથી. કદાચ કોઈના મતે પ્રતિયોગિ-આરોપને અભાવપ્રત્યક્ષનું કારણ માનીએ તો પણ **મનસ્ત્વવાન્ અણુત્વાત્** આવા વ્યભિચારી સ્થાનમાં અતિવ્યાપ્તિ આવશે. કેમકે અહીં મનસ્ત્વ સાધ્ય અતીન્દ્રિય છે. અને તેથી "જો મનસ્ત્વ હોત તો દેખાત" એવો પ્રતિયોગિ-આરોપ જ કરી શકાતો ન હોવાથી અહીં મનસ્ત્વાભાવ એ પ્રતિયોગિ-આરોપજન્ય પ્રતીતિવિષય-અભાવ રૂપ બનતો નથી. અને લક્ષણમાં તો આવો જ સંસર્ગાભાવ લીધો છે. મનસ્ત્વાભાવ આવો ન હોવાથી તે લક્ષણ ઘટક ન બને. પણ આવા સંસર્ગાભાવસ્વરૂપ ઘટાભાવાદિ જ લક્ષણઘટક બને. અને તેથી અણુત્વાધિકરણમાં મનસ્ત્વાભાવ

ન લેવાતા ઘટાભાવ જ લેવાશે. તેની પ્રતિ.તાનો અનવચ્છેદક મનસ્ત્વત્વ છે. એટલે લક્ષણસમન્વય થઈ જતાં અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- *वक्ष्यते चेति*। भेदभिन्नाभावत्वं संसर्गाभावत्वं, सदातनत्वविशिष्टञ्च तदेवात्यन्ताभावत्वं। भेदत्वञ्च-संसर्गविधया तादात्म्यावच्छिन्नप्रतियोगिताकाभावत्वम् अनुयोगिताविशेषो वेत्याशयः।**

---

**चन्द्रशेखरीयाः** सत्यं, अग्रे इदं लक्षणं परित्यज्य भेदभिन्नाभावत्वं, संसर्गाभावत्वं सदातनत्वविशिष्टत्वे सति संसर्गाभावत्यमत्यन्ताभावत्वं इत्यादि लक्षणानि वक्ष्यन्ते। तत्र अत्यन्ताभावस्य संसर्गाभावस्य च व्याप्त्यघटितत्वात् न चक्रकादिदोषप्रसंगः।

**न च** भेदत्वं यदि संसर्गाभावभिन्नाभावत्वं, तदा तस्य संसर्गाभावघटितत्वात् संसर्गाभावस्य च भेदघटितत्वात् अन्योन्याश्रयो भवेत् इति **वाच्यम्** यतो भेदत्वं तादात्म्यसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वमेव वक्ष्यते। अनुयोगिताविशेष एव वा भेदत्वं वक्ष्यते। अतो नान्योन्याश्रयप्रसङ्गः।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** ખરેખર તો આ સંસર્ગાભાવની વ્યાખ્યા જ ખોટી છે. આગળ અમે **ભેદભિન્નાભાવત્વં=સંસર્ગાભાવત્વં** વ્યાખ્યા કરશું. અને **સદાતનત્વે સતિ ભેદભિન્નાભાવત્વં અત્યન્તાભાવત્વં** એવી વ્યાખ્યા કરશું. જેમાં વ્યાપ્તિનો નિવેશ જ ન હોવાથી ચક્રકાદિદોષોની સંભાવના જ રહેતી નથી. અને ભેદત્વ=તાદાત્મ્યસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવત્વમ્ કહેશું. જો સંસર્ગાભાવભિન્નાભાવત્વં કહીએ તો સંસર્ગાભાવના લક્ષણમાં ભેદનો અને ભેદના લક્ષણમાં સંસર્ગાભાવનો નિવેશ થવાથી અન્યોન્યાશ્રય દોષ આવે. માટે તેમ નહીં કહીએ. અથવા તો ભેદત્વ=અનુયોગિતાવિશેષ જ માની લેશું. અર્થાત્ એક વિશેષ પ્રકારની અનુયોગિતારૂપ જ ભેદત્વ છે. એટલે તેનું નિર્વચન કરવાની કોઈ જરૂર જ નથી.

---

**जागदीशी -- यत्तु 'भेदत्वादिवत्संसर्गाभावत्वमप्यखण्डोपाधि'रिति तत्तुच्छम्; भेदत्वादिवदखण्ड-संसर्गाभावत्व-स्यानुभवेनाविषयीकरणात् तान्त्रिकव्यवहारस्य भेदभिन्नाभावत्वादिनाऽप्युपपत्तेः।**

---

**चन्द्रशेखरीयाः** अत्र **केचित्** यथा भेदत्वं अखण्डोपाधिः, तथैव संसर्गाभावत्वमपि अखण्डोपाधिः मन्तव्या। न तस्य निर्वचनं कर्तव्यम् इति **वदन्ति**। तत् तुच्छम्। यथा भेदत्वं अखंडोपाधित्वेनानुभूयते, तथा संसर्गाभावत्वं नाखंडोपाधित्वेनानुभूयते। अतः न तस्याखंडोपाधिस्वरूपत्वं युक्तम्। न च "संसर्गाभावस्वरूपोऽयमभावः" इति तान्त्रिकव्यवहारस्यैव संसर्गाभावत्वेऽखंडोपाधित्वविद्यमानतायां प्रमाणत्वं इति वाच्यम् स व्यवहारो भेदभिन्नाभावत्वात्मक-संसर्गाभावत्वेनापि उपपद्यते। अतः न तस्याखंडोपाधित्वं युक्तम्।

**चन्द्रशेखरीया: કેચિત્:** ભેદત્વ જેમ અખંડોપાધિ છે તેમ સંસર્ગાભાવત્વ પણ અખંડોપાધિ જ છે.

**ઉત્તર:** ભેદત્વ એ જેમ અખંડોપાધિ તરીકે અનુભવાય છે. તેમ સંસર્ગાભાવત્વ એ અખંડોપાધિ તરીકે અનુભવાતું નથી. માટે આ વાત ખોટી. કદાચ આ અનુભવ ન સ્વીકારો તો પણ "આ અભાવ સંસર્ગાભાવ છે." એવો જે શાસ્ત્રીયવ્યવહાર થાય છે. તેમાં પ્રયોજક તરીકે ભેદભિન્નાભાવત્વ માની શકાય છે. એટલે તેને અખંડોપાધિ માનવાની જરૂર નથી.

---

**जागदीशी -- वस्तुगतिमनुरुध्याह-*अनुपदमिति*। *विवेचयिष्यत इति*। -'तदपि वा नोपादेयमि'त्यादिग्रन्थेनेति शेषः।**

**'साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोगिवैयधिकरण्य'घटितलक्षणमभिप्रेत्याह-*प्रयोजनविरह इति*। --धूमादिसमानाधिकरणस्य वह्न्यादिभेदस्य प्रतियोगिसमानाधिकरणत्वात् [एव] तमादायाव्याप्तिविरहादिति भावः।**

---

**चन्द्रशेखरीया:** एष तावत् तात्त्विकः पदार्थः प्रतिपादितः। वस्तुतस्तु अत्रैव ग्रन्थेऽनन्तरमेव संसर्गाभावत्वप्रवेशे प्रयोजनाभावोऽव्याप्तिश्च दर्शयिष्यते। अतो अत्र लक्षणे संसर्गाभावस्य अघटकत्वात् एव न कोऽपि चक्रकादिदोषो भवति।

तत्र संसर्गाभावत्वप्रवेशे प्रजोजनविरहः इत्थं-साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसमानाधिकरणत्वघटितं लक्षणं दीधितिकारस्याभिप्रेतम्। तथा च लक्षणे "अत्यन्त" पदस्य यदि निवेशो न क्रियते, केवलं अभावत्वेनाभावस्यैव निवेशो क्रियते तदापि न दोषः। यतो **वह्निमान् धूमात्** इति अत्र धूमाधिकरणे पर्वते यद्यपि वह्निभेदोऽपि शक्यते ग्रहीतुं तथापि साध्यतावच्छेदकसंयोगसम्बन्धेन वह्निः पर्वते वर्तते। अतः अयं वह्निभेदः साध्यतावच्छेदकसंयोगेन स्वप्रतियोगि वह्नि-समानाधिकरणोऽस्ति। तस्मात् न स लक्षणघटकः। अतः घटाभावमादाय लक्षणसमन्वयो भवति। अतः अत्यन्तपदनिवेशो व्यर्थ एव। अत्र व्याप्यवृत्तिपदस्य द्वितीयव्याख्यानुसारेण वह्निः अव्याप्यवृत्तिः भवति। अतः तत्र प्रतियोगिवैयधिकरण्यघटितं लक्षणं ग्राह्यम् इति ध्येयम्। यदा तु व्याप्यवृत्तिपदस्य प्रथमा विवक्षा गृह्यते, तदा तु वह्निरपि व्याप्यवृत्तिरेव भवति। तत्र प्रतियोग्यसमानाधिकरणपदाघटितम् लक्षणं वाच्यम्। किन्तु तत्र हेत्वधिकरणवृत्त्यभावस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना एव प्रतियोगिता ग्राह्या। तथा च तत्र पर्वते वह्निभेदस्य संयोगसम्बन्धावच्छिन्ना प्रतियोगिता नास्ति। अतः न स लक्षणघटकः, किन्तु पर्वते संयोगेन घटाभावस्य साध्यतावच्छेदकसंयोगावच्छिन्ना प्रतियोगिता अस्ति। तदनवच्छेदकं वह्नित्वं इति लक्षणसमन्वयः।

**चन्द्रशेखरीया:** આતો વાસ્તવિક પદાર્થ જણાવવા માટે અમે આ ચર્ચા કરી. બાકી ખરી વાત તો એ છે કે આગળ અમે કહેવાના છીએ કે "સંસર્ગાભાવત્વ" પણ લક્ષણમાં લેવાની કોઈ જરૂર નથી. એના વિના પણ લક્ષણ ઘટી જ જાય છે. અને એટલે પછી સંસર્ગાભાવત્વ એ વ્યાપ્તિઘટિત હોય કે ન હોય એમાં અમને કોઈ વાંધો

આવવાનો નથી.

આશય એ કે લક્ષણમાં માત્ર અભાવ જ લેવાનો. અને તેથી કદાચ **વહ્નિમાન્ ધૂમાત્** સ્થલે ધૂમાધિકરણમાં=પર્વતમાં વહ્નિભેદ લો તો ય વાંધો નથી. કેમકે સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિ-અસમાનાધિકરણ એવો અભાવ જ લક્ષણઘટક તરીકે છે. એટલે આ અનુસારે તો સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધથી વહ્નિ=પ્રતિયોગી એ પર્વતમાં રહેલો જ હોવાથી આ વહ્નિભેદ લક્ષણઘટક બનવાનો જ નથી. એટલે ઘટાભાવાદિ દ્વારા લક્ષણ સમન્વય થઈ જ જવાનો.

---

**जागदीशी -- व्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणस्य 'साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिता' घटितत्वात् तदभिप्रेत्याह-*अव्याप्तिश्चेति* । -तादात्म्येन गवादेः साध्यतायां तत्सम्बन्धावच्छिन्नात्यन्ता-भावाप्रसिद्ध्या सास्नावत्त्वादा-वव्याप्तिरित्यर्थः ।**

---

**चन्द्रशेखरीया:** यदि च व्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणे अत्यन्तपदं निवेश्यते, तदा तु **तादात्म्येन गोमान् समवायेन गोत्वात्** इति अत्राव्याप्तिर्भवेत् । यतो गोत्वाधिकरणे गवि अत्यन्ताभाव एव ग्रहीतव्यः, तस्यैव लक्षणे निविष्टत्वात् । अत्यन्ताभावस्य प्रतियोगिता तु कदापि तादात्म्यावच्छिन्ना न भवति । भेदस्यैव प्रतियोगिता तादात्म्यावच्छिन्ना भवति । किन्तु भेदो न ग्रहीतुं शक्यत । तस्य अत्यन्ताभावत्वाभावात् । अतःअत्र लक्षणाघटनात् अव्याप्तिः भवेत् । तस्मात् अत्र अत्यन्तपदं नोपादेयं । तथा च अभावपदेन घटभेदोऽपि गृह्येत । तस्य साध्यतावच्छेदकतादात्म्यावच्छिन्ना प्रतियोगिताऽपि प्रसिद्धा, तदनवच्छेदकं गोत्वं इति लक्षणसमन्वयो भवति ।

**चन्द्रशेखरीया:** હા વ્યાપ્યવૃત્તિસાધ્યકવ્યાપ્તિમાં "પ્રતિયોગિ-અસમાનાધિકરણ"પદ ન હોવાથી ભલે વહ્નિભેદ લક્ષણઘટક બને. તો પણ ત્યાં સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાનો અનવચ્છેદક... એમ જ લેવાનું છે. અને એટલે વહ્નિભેદની પ્રતિયોગિતા સા.અ.સંયોગાવચ્છિન્ન જ ન હોવાથી તે ન લેવાય એટલે સંયોગથી ઘટાભાવ લઈને તેનો પણ લક્ષણસમન્વય થઈ જવાનો. ખ્યાલ રાખવો કે વ્યાપ્યવૃત્તિની પહેલી વ્યાખ્યા પ્રમાણે વહ્નિ વ્યાપ્યવૃત્તિ છે. બીજી વ્યાખ્યા પ્રમાણે અવ્યાપ્યવૃત્તિ છે.

---

**जागदीशी -- इदम"प्यभाववृत्तिरभावो नाधिकरणस्वरूपो न वा धर्म्मात्यन्ताभाव एव धर्मिणो भेद" इति मतेन ।**

**अन्यथा पट[आदि]भेदस्वरूपस्य घटभेदात्यन्ताभावस्य पटत्वात्यन्ताभावस्य वा पटनिष्ठप्रतियोगिताया एव तादात्म्यसम्बन्धावच्छिन्नत्वादव्याप्तिविरहादिति ध्येयम् ।।१०।।**

---

**चन्द्रशेखरीया: ननु** अत्यन्तपदनिवेशेऽपि नाव्याप्तिः । गोत्ववत्यां गवि पटभेदो ग्राह्यः । पटभेदे

घटभेदत्वात्यन्ताभावोऽस्ति । स अभावः पटभेदात्मकाभावाधिकरणकः । अतो अधिकरणस्वरूपः । तस्मात् पटभेदो घटभेदत्वात्यन्ताभावरूप एव । अतः पटभेदः अत्यन्ताभावत्वेनैव लक्षणघटकः । तस्य पटनिष्ठा प्रतियोगिता तादात्म्यावच्छिन्ना इति नाव्याप्तिः इति चेत् सत्यं, तथापि अभाववृत्तिरभावो नाधिकरणस्वरूपोऽपि तु भिन्नः एव इति येषामभिमतं । तदनुसारेण तु पटभेदो न घटभेदत्वात्यन्ताभावरूपः । अत न स लक्षणघटकः इति भवति अव्याप्तिः । ननु तथापि पटभेदस्य पटत्वात्यन्ताभावस्य च परस्परं समव्यापकत्वात् लाघवात् ऐक्यम् । तथा च पटभेदः पटत्वात्यन्ताभावत्वेन लक्षणघटकः । पटनिष्ठा प्रतियोगिता तादात्म्यावच्छिन्ना इति लक्षणसमन्वयात् नाव्याप्तिरिति चेत् इदमपि सत्यं । तथापि धर्मिभेदः पटभेदस्वरूपः धर्मात्यन्ताभावात् [पटत्वान्त्यन्ताभावात्] भिन्नः इति येषामभिमतं । तेषां मते तु पटभेदः न पटत्वात्यन्ताभावरूपः । अतः न स लक्षणघटकः । योऽत्यंन्ताभावो लक्षणघटको भवेत्, तस्य प्रतियोगिता तादात्म्यावच्छिन्नाऽप्रसिद्धा इति दुर्वाराऽव्याप्तिः । तस्मात् लक्षणे अत्यन्तपदं परित्याज्यमेव इति भावः ।

**चन्द्रशेखरीया: પ્રશ્નઃ અત્યન્તાભાવ** પદ રાખીએ તો પણ કોઈ વાંધો ન આવે. કેમકે પટભેદમાં ઘટભેદત્વ નથી અર્થાત્ ઘટભેદાત્યન્તાભાવ છે. અને આ અત્યન્તાભાવ એ પટભેદમાં વૃત્તિ હોવાથી અભાવાધિકરણક બન્યો. અને તેથી એ પટભેદરૂપ જ ગણાય. આમ પટભેદત્વાત્યન્તાભાવના બે પ્રતિયોગી છે પટભેદત્વ+પટ. એટલે ગોમાન્... એ સ્થલે પટભેદ=ઘટભેદત્વાત્યન્તાભાવ લક્ષણઘટક બની ગયો. અને તેની પટનિષ્ઠપ્રતિયોગિતા તો તાદાત્મ્યાવચ્છિન્ન જ બનવાની છે. અને તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક ગોત્વ છે એટલે અત્યન્તાભાવપદ હોય તો પણ લક્ષણ ઘટી જતાં અવ્યાપ્તિ આવવાની જ નથી.

**ઉત્તર:** તમારી વાત સાચી. પણ જેઓ અભાવવૃત્તિ એવો અભાવ જુદો જ માને છે. પણ અધિકરણસ્વરૂપ નથી માનતા. તેમના મતે તો પટભેદમાં રહેલો ઘટભેદત્વાત્યન્તાભાવ જુદો જ છે. એટલે લક્ષણઘટક પટભેદ એ અત્યન્તાભાવરૂપ ન હોવાથી તે ન જ લેવાય. અને માટે જ અત્યન્ત પદઘટિતવ્યાપ્તિમાં અવ્યાપ્તિ આવવાની. એટલે અભાવવૃત્તિ અભાવને ભિન્ન માનનારાઓના મતે તો લક્ષણમાં અત્યન્તપદનો નિવેશ યોગ્ય નથી.

**પ્રશ્ન:** ભલે પણ જ્યાં પટભેદ હોય ત્યાં સર્વત્ર પટત્વાત્યન્તાભાવ હોય. આમ આ બે એ તુલ્યાધિકરણક હોવાથી લાઘવથી એક જ માનેલા છે. એટલે લક્ષણઘટક પટભેદ એ પટત્વાત્યન્તાભાવરૂપ જ હોવાથી અત્યન્તાભાવ જ લક્ષણઘટક તરીકે માન્યો. અને તેની પટનિષ્ઠપ્રતિયોગિતા એ તાદાત્મ્યાવચ્છિન્ન પણ હોવાથી સાધ્યતાવચ્છેદક સં.અવચ્છિન્નપ્રતિયોગિતા પણ મળી ગઈ. એટલે તે પ્રતિયોગિતા લેવાય. તેનો અનવચ્છેદક ગોત્વ બની જાય. માટે વાંધો ન આવે.

**ઉત્તર:** ભલે પણ જેઓ પટત્વાત્યન્તાભાવ એ પટભેદસ્વરૂપ નથી માનતા. તેમના મતે તો પટભેદ અત્યન્તાભાવ સ્વરૂપ ન હોવાથી તે લેવાય નહીં. અને પટત્વાત્યન્તાભાવ લે તો એની પ્રતિયોગિતા તાદાત્મ્યાવચ્છિન્ન ન બને. માટે આ મતે તો અવ્યાપ્તિ "ગોમાન્ ગોત્વાત્" સ્થલે આવવાની. તે નિવારવા "અત્યન્તાભાવ"ને બદલે માત્ર "અભાવ" પદ રાખવું જ યોગ્ય છે. એટલે અભાવ તરીકે ભેદ પણ લેવાય અને તેની તાદાત્મ્યાવચ્છિન્નપ્રતિયોગિતાદિ પણ મળે. ટુંકમાં **તાદાત્મ્યેન ગોમાન્ ગોત્વાત્** એ સ્થાને અત્યન્તપદ ઘટિત વ્યાપ્તિની જે અવ્યાપ્તિ બતાવી છે એ (a) અભાવવૃત્તિ અભાવ જુદો છે (b) ધર્મનો (પટત્વ) અત્યન્તાભાવ

એ ધર્મીભેદ=પટભેદથી જુદો છે. એ મત પ્રમાણે જ જાણવી.

## दीधिति

**अथ 'ज्ञानवान् द्रव्यत्वात्', 'विशेषगुणवान्–मनोऽन्यद्रव्यत्वात्',– 'जातिमान् भावत्वा'दित्यादौ-**

**–समवायेन ज्ञानादेः साध्यतायामतिव्याप्तिः, – साध्यशून्यानामपि –**

**हेतुमतां,-विषयत्व-विशेषणत्वै-कार्थसमवायैः साध्यवत्त्वादिति चेत्,**

**जागदीशी** -- **ननु विषयताया वृत्त्यनियामकत्वमते-ज्ञानाभावस्य गगनादौ सहजत एव प्रतियोगिव्यधिकरणत्वान्नाति-व्याप्तिरत आह–*विशेषगुण इति*। –अत्र व्यभिचारनिरूपकः कालो दिक् च। तत्र काले कालिकेन दिशि च दैशिकेन सम्बन्धेन विशेषगुणस्य सत्त्वात्तदभावो न प्रतियोगिव्यधिकरण इति भवत्यतिव्याप्तिः।**

**चन्द्रशेखरीया:** ननु **ज्ञानवान् द्रव्यत्वात्** इति अत्रातिव्याप्तिः। तथाहि– द्रव्यत्वाधिकरणे घटादौ घटविषयकं ज्ञानं विषयतासम्बन्धेन वर्तते। अतो घटादिनिष्ठो ज्ञानाभावः स्वप्रतियोगिसमानाधिकरणः। अतः साध्याभावस्य लक्षणाघटकत्वात् अभावान्तरमादायातिव्याप्तिः। **न च** विषयतासम्बन्धस्य वृत्त्यनियामकत्वात् तेन सम्बन्धेन ज्ञानाधिकरणस्यैवाप्रसिद्ध्या द्रव्यत्वाधिकरणे गगनादौ विषयतासम्बन्धेनाऽपि ज्ञानस्यावर्तमानत्वात् तत्र विद्यमानो ज्ञानाभावः प्रतियोगिव्यधिकरण एव। अतः साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः अत्र। गगने कालिकेनापि ज्ञानस्यावृत्तित्वात् द्रव्यत्वाधिकरणं गगनमेव गृहीतम् इति **वाच्यम्**। तथापि **विशेषगुणवान् मनोऽन्यद्रव्यत्वात्** इति अत्रातिव्याप्तिः। अत्र हेत्वधिकरणीभूतानि मनोभिन्नानि अष्टद्रव्याणि। तेषां मध्ये दिक्कालयोः विशेषगुणस्याभावात् तौ एव व्यभिचारनिरूपकौ। किन्तु काले कालिकेन दिशि च दैशिकेन सम्बन्धेन विशेषगुणस्य सत्वात् तत्र वर्तमानः समवायावच्छिन्नविशेषगुणाभावः स्वप्रतियोगि-समानाधिकरण एव। अतः न स लक्षणघटकः। अतोऽभावान्तरमादाय लक्षणसमन्वयः इति अतिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ: જ્ઞાનવાન્ દ્રવ્યત્વાત્** અહીં અતિવ્યાપ્તિ આવશે. કેમકે દ્રવ્યત્વાધિકરણ ઘટાદિમાં જ્ઞાનાભાવ છે. પણ તેનો પ્રતિયોગી જ્ઞાન એ વિષયતાસંબંધથી ઘટમાં રહેલો હોવાથી આ જ્ઞાનાભાવ એ પ્રતિયોગિસમાનાધિકરણ બની જાય છે. માટે તે ન લેવાય. એટલે બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જાય.

**પ્રશ્ન:** વિષયતા એ વૃત્તિનિયામક સંબંધ નથી. પણ વૃત્તિ-અનિયામક છે. એટલે દ્રવ્યત્વાધિકરણ ગગનાદિમાં જ્ઞાન એ વિષયતાથી રહેનાર તરીકે ન બોલી શકાય. પરિણામે ત્યાં જ્ઞાનાભાવ આપોઆપ જ પ્રતિયોગિવ્યધિકરણ

મળી જાય માટે અતિવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ: વિશેષગુણવાન્ મનોભિન્નદ્રવ્યત્વાત્** અહીં અતિવ્યાપ્તિ આવશે. અહીં મનોભિન્નદ્રવ્યત્વ ૮ દ્રવ્યોમાં છે. એમાં પૃથ્વ્યાદિમાં તો વિશેષગુણ હોવાથી એ દ્રવ્યો વ્યભિચાર નિરૂપક નથી બનતા. પરંતુ કાલમાં કાલિક સંબંધથી વિશેષગુણ રહેલો હોવાથી અને દિશામાં દૈશિકસંબંધથી વિશેષગુણ રહેલો હોવાથી તેઓમાં રહેલો સમવાયાવચ્છિન્નવિશેષગુણાભાવ એ સ્વપ્રતિયોગિસમાનાધિકરણ જ હોવાથી લક્ષણઘટક ન બને. માટે બીજા અભાવને લઈ લક્ષણ સમન્વય થતા અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- 'विशेष'पदं व्यभिचारित्वरक्षायै।**

---

**चन्द्रशेखरीया:** अत्र साध्ये विशेषपदं यदि न निक्षिप्यते, तदा मनोन्यद्रव्यत्वाधिकरणेषु सर्वेषु गुणस्य सत्वात् अयं हेतुः व्यभिचारी न स्यात्। तथा चात्र लक्षणसमन्वये इष्टापत्तिरेव भवेत्। अतः विशेषपदं हेतोः व्यभिचारित्वरक्षायै निवेशितम्।

**ચન્દ્રશેખરીયા:** અહીં સાધ્યમાં જો **વિશેષ** પદ ન મુકો તો તો બધા હેત્વધિકરણમાં ગુણો તો રહેલા જ હોવાથી આ સ્થાન સાચું બને. પણ વ્યભિચારી ન બને. એટલે વ્યભિચારી બનાવવા માટે આ "વિશેષ"પદ છે.

---

**जागदीशी -- 'द्रव्यत्वा'दित्युक्तौ सम्बन्धसामान्येन विशेषगुणस्य मनस्यसत्त्वान्नातिव्याप्तिसम्भवः कालोपाधिता-वद्दिगुपाधित्वस्यापि मनस्यसत्त्वादव्यावर्त्तकत्वात्। अन्यथा मनसः कालोपाधित्वमपि स्यादत उक्तं- *मनोऽन्येति*।**

---

**चन्द्रशेखरीया:** यदि "द्रव्यत्वात्" इत्येव हेतुः उच्यते, तदा द्रव्यत्वाधिकरणं मनः। तत्र समवायेन विशेषगुणाभावः विशेषगुणश्च कालिकादिना केनापि सम्बन्धेन मनसि नास्ति। अतो विशेषगुणाभावः प्रतियोग्यसमानाधिकरणः मीलितः इति नातिव्याप्तिः भवेत्। अतो मनोन्यपदं। **न च** मनसः नित्यत्वात् कालोपाधित्वाभावेऽपि दिगुपाधित्वस्य मनसि सत्वात् मनसि दैशिकविशेषणतया विशेषगुणस्य विद्यमानत्वात् मनसि वर्तमानो विशेषगुणाभावोऽपि न प्रतियोग्यसमानाधिकरणः इति द्रव्यत्वहेतौ उच्यमानेऽपि संभवत्यतिव्याप्तिरिति **वाच्यम्। घटो इदानीमस्ति, तदानीं नाभूत्** इति प्रतीत्या घटस्य कालव्यावर्तकत्वात् यथा घटः कालोपाधिः भवति। यथा च "घटः इह दिशि अस्ति तस्यां दिशि नास्ति "इति प्रतीत्या घटस्य दिग्व्यावर्तकत्वात् घटो दिगुपाधिः भवति। तथा मनो न भवति। "**मनः इदानीमस्ति तदानीं न**" इति "**मनो इह दिशि अस्ति, तस्यां दिशि नास्ति**" इति च प्रतीतिद्वयस्यापि असंभवात्। तस्मात् मनसि केनापि सम्बन्धेन विशेषगुणस्यासत्वात् द्रव्यत्वमात्रहेतौ मनसि विशेषगुणाभावस्य सहजत एव प्रतियोगिव्यधिकरणत्वाभावात् न भवेत् अतिव्याप्तिः। अत एव मनोऽन्यपदं निवेशितम्।

**ચન્દ્રશેખરીયા:** જો હેતુમાં માત્ર "દ્રવ્યત્વ"હેતુ રાખે તો દ્રવ્યત્વાધિકરણ મન એ નિત્ય છે. તેમાં વિશેષગુણ કાલિકથી પણ ન રહી શકે. એટલે મનમાં રહેલો સમવાયાવચ્છિન્નાવિશેષગુણાભાવ એ સ્વપ્રતિયોગિ-અસમાનાધિકરણ મળી જતા અતિવ્યાપ્તિ ન આવે. પણ અતિવ્યાપ્તિ તો આપવી છે. એટલે "મનોન્ય" પદ દ્રવ્યનું વિશેષણ કર્યું. એટલે હેત્વધિકરણ મન ન બનતા કાલાદિ જ બનતા પૂર્વવત્ અતિવ્યાપ્તિ ઘટે.

**પ્રશ્ન:** મન નિત્ય હોવાથી કાલિકસં.થી ભલે તેમાં વિશેષગુણ ન રહે. પણ દૈશિકસં.થી તો તેમાં તે રહી શકે. પરિણામે અતિવ્યાપ્તિ ઉભી જ રહે. એટલે મનોઽન્યપદ મુકવાની જરૂર નથી.

**પૂર્વપક્ષ:** ના. મન એ જેમ કાલોપાધિ નથી બનતું તેમ દિગુપાધિ પણ બનતું નથી. આશય એ કે **"ઘટો ઇદાનીં અસ્તિ તદાનીં નાભૂત્"** આવું ઘટાદિ માટે બોલી શકાય. માટે તે ઘટ એ વ્યાવર્તક કહેવાય. અને માટે તે કાલોપાધિ બને. એમ **ઘટો ઇહ દિશિ અસ્તિ ન તદ્દિશિ"** અહીં પણ ઘટ એ દિશાનો વ્યાવર્તક બને. માટે તે દિગુપાધિ કહેવાય. જ્યારે **"મનઃઇદાનીં અસ્તિ, તદાનીં નાસ્તિ"** એવું નથી બોલી શકાતું. એમ **"મનઃ ઇહ દિશિ અસ્તિ, તદ્દિશિ નાસ્તિ"** એવું પણ બોલી શકાતું નથી. માટે મન એ કાલોપાધિ કે દિગુપાધિ ન બને. આમ છતાં જો તમે મનમાં=નિત્યપદાર્થમાં દિગુપાધિત્વ માનો તો પછી તેમાં કાલોપાધિત્વ પણ માનવું જ જોઈએ. પણ એ તો કોઈ નથી માનતું. તો તુલ્યયુક્તિથી ત્યાં દિગુપાધિત્વ પણ ન માનવું. અને માટે જ તેમાં દૈશિકવિ.સંબંધથી પણ વિશેષગુણ ન રહેતો હોવાથી દ્રવ્યત્વમાત્રહેતુ મુકવામાં અતિવ્યાપ્તિ આવે જ નહીં. તેથી "મનોઽન્ય" પદ મુકેલ છે.

---

**जागदीशी -- यत्तु-"मूर्त्तमात्रस्य दिगुपाधित्वं=महादिग्वृत्तितायामवच्छेदकत्वं न त्वधिकरणत्व"मिति--प्राचां मते सम्बन्धसामान्येनैव तस्य विशेषगुणानधिकरणत्वात्-'मनोऽन्य'पद-मिति;**

---

**चन्द्रशेखरीया:** अत्र **केचित्**-सर्वे मूर्तपदार्थाः दिगुपाधयो भवन्ति। किन्तु दिगुपाधित्वं न अधिकरणत्वस्वरूपं। अतः मनसः दिगुपाधित्वेऽपि न तस्मिन् दैशिकविशेषणतया विशेषगुणो विद्यते। एवं च द्रव्यत्वमात्रे हेतौ मनसि वर्तमानो विशेषगुणाभावः सम्बन्धसामान्येनैव स्वप्रतियोगिव्यधिकरणो भवति। मनसि केनापि सम्बन्धेन विशेषगुणस्यासत्वात्। अतो नातिव्याप्तिः भवेत् इत्यतोऽतिव्याप्तिसंगमनार्थं मनोऽन्यपदं। दिगुपाधित्वं च महादिग्वृत्तितावच्छेदकत्वं एव। यथा महादिशि भूतलावच्छेदेन घटो वर्तते तस्मात् घटनिष्ठायाः महादिग्वृत्तितायाः अवच्छेदकत्वं भूतलेऽस्ति इति भूतलं दिगुपाधिः भवति। एवं महादिशि मनोऽवच्छेदेन संयोगादयो गुणाः वर्तन्ते। अतः संयोगादिनिष्ठायाः महादिग्वृत्तितायाः अवच्छेदकत्वं मनसि अस्ति। तथा च मनोऽपि दिगुपाधिर्भवत्येव इति **वदन्ति**।

**ચન્દ્રશેખરીયા: કેચિત્:** દિગુપાધિત્વ એટલે "અધિકરણત્વ" એવો અર્થ નથી કરવાનો. પરંતુ "મહાદિક્વૃત્તિમાં અવચ્છેદકત્વ" એવો અર્થ કરવો. [ધારો કે મહાદિકમાં ભૂતલ ઉપર ઘટ છે. તો એ ઘટમાં મહાદિક્વૃત્તિતા આવી તેનો અવચ્છેદક ભૂતલ બને. અને તેથી તે દિગુપાધિ કહેવાય. તેમ મન પણ મહાદિક્માં મનના સ્થાને રહેનાર સંયોગાદિમાં રહેલી મહાકાલદિગ્વૃત્તિતાનો અવચ્છેદક બને છે. એટલે એ પણ દિગુપાધિ તો બને જ છે. પરંતુ

એ કંઈ વિશેષગુણોનું અધિકરણ નથી બનતો. અધિકરણત્વ=દિગુપાધિત્વનો નિષેધ જ કરેલો છે. એટલે મન એ દિગુપાધિ બનવા છતાં તેમાં કોઈપણ સંબંધથી વિશેષગુણ રહેતા નથી. માટે જો માત્ર દ્રવ્યત્વપદ મુકીએ તો મનમાં જ પ્રતિયોગિવ્યધિકરણવિશેષગુણાભાવ મળી જાય. અને તો પછી અતિવ્યા. આપી ન શકાય. માટે "મનોઽન્યપદ" છે.

---

**जागदीशी -- तन्मन्दम् एवमप्यवच्छेदकतासम्बन्धेनैव मनसो विशेषगुणवत्तायाः सम्भवेन 'मनोऽन्य'--पदवैयर्थ्यापत्तेः ।**

**[अत्र च मनोन्यद्रव्यत्वाधिकरणे घटादावतीततत्तद्व्यक्त्यभाव एव सम्बन्धसामान्येन प्रतियोगिव्यधिकरण इति ध्येयम् ।]**

---

**चन्द्रशेखरीया:** तत्तुच्छमेव । यतः एवमपि मनसि विशेषगुणावच्छेदकत्त्वस्य सत्वात् विशेषगुणाः अवच्छेदकतासम्बन्धेन मनसि वर्तेरन् । तथा च द्रव्यत्वमात्रे हेतौ अपि मनसि विशेषगुणाभावस्य स्वप्रतियोगिसमानाधिकरणत्वात् न विशेषगुणाभावो लक्षणघटकः । अतःअभावान्तरमादाय भवत्येवातिव्याप्तिः । तथा चैतन्मते मनोन्यपदं निरर्थकमेव भवेत् इति नैतेषां निरूपणं युक्तं इति वयं वदामः ।

ननु मा भूत् साध्याभावो लक्षणघटकः, तथापि कोऽभावो लक्षणघटको भवति? यमादायातिव्याप्तिः संभवेत् इति **चेत्** मनोन्यद्रव्यत्वाधिकरणे घटादौ अतीतकालीनजलाभावः वर्तते । तत्प्रतियोगि अतीतकालीनं जलं घटे न केनापि सम्बन्धेन वर्तते । अतीतकालीनजलस्य कालिकेनापि वृत्तित्वाभावात् । तथा च अतीतकालीनजलाभावः एवात्र प्रतियोगिव्यधिकरणः । अतः तमादाय लक्षणसमन्वयात् अतिव्याप्तिः भवति ।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** આ વાત બરાબર નથી. કેમકે આ રીતે પણ મન એ વિશેષગુણોનો અવચ્છેદક તો બનશે જ. અર્થાત્ મહાદિક્‌માં મનોઽવચ્છેદેન રહેલા વિશેષગુણોનો અવચ્છેદક મન બનશે. આમ અવચ્છેદકતાસં.થી એ વિશેષગુણો મનમાં રહી જ જવાના હોવાથી મનમાં પણ વિ.ગુણાભાવ એ પ્રતિ.વ્યધિ. બનવાનો જ નથી. એટલે જ તમારી વાત બરાબર નથી. પરંતુ દિગુપાધિત્વ=અધિકરણત્વ જ માનવું. અને એ મનમાં ન હોવાથી મનમાં કોઈ વિ.ગુણ કોઈપણ સંબંધથી ન રહેતા પૂર્વવત્ દ્રવ્યત્વમાત્ર હેતુ માનવામાં અતિ.વ્યા.આપી જ ન શકાય. એટલે અતિ. વ્યા. આપવા માટે મનોઽન્યપદ છે.

**પ્રશ્ન:** મનભિન્નદ્રવ્યત્વાધિકરણ એવા ગગનાદિમાં જેમ વિશેષગુણાભાવ પ્રતિ.વ્ય. ન મળે. તેમ કોઈપણ અભાવ પ્રતિ.વ્ય. બનવાનો જ નથી. તો પછી લક્ષણ જ ન ઘટતા અતિ.વ્યા. શી રીતે?

**પૂર્વપક્ષ:** મનોઽન્યદ્રવ્યત્વાધિકરણ એવા ઘટાદિમાં અતીતકાલીનજલાદિ-અભાવ રહેલો છે. અને તેનો પ્રતિયોગી અતીતકાલીનજલ તો ઘટમાં સંયોગ, સમવાય, કાલિકાદિ કોઈપણ સંબંધથી નથી રહેતો એટલે આ અભાવ સ્વપ્રતિ.અસમાના. મળી જાય. માટે અતિવ્યા. આવે.

**जागदीशी -- ननु स्वमते दिक्कालयोरीश्वरानतिरिक्तत्वादत्र व्याप्तिरेवेत्यत आह-*जातीति*।**

**चन्द्रशेखरीया: ननु** तथापि दीधितिकारमते दिक्कालयोरीश्वरे एव अन्तर्गतत्वात् मनोन्यद्रव्यत्वहेतुः न व्यभिचारी। यतो अयं हेतुः यत्र वर्तते, तत्र सर्वत्र विशेषगुणो वर्तते। दिक्कालयोश्च असत्वादेव न तत्र व्यभिचारः। अतः दीधितिकारं प्रति अत्रातिव्याप्तिकथनं अनुचितम्, तस्यात्र लक्षणसमन्वयस्येष्टत्वात् इति **चेत्** न, एवमपि **जातिमान् भावत्वात्** इति अत्र अतिव्याप्तिः भवेत्। भावत्वाधिकरणे समवाये एकार्थसमवायेन जातिः वर्तते। अतः तत्र समवाये वर्तमानो जात्यभावः प्रतियोगिसमानाधिकरणोऽभूत् इति न स लक्षणघटकः। तस्मात् अभावान्तरं आदायातिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** તો પણ દીધિતિકારના મતે તો દિક્+કાલ એ જુદા પદાર્થ નથી. પરંતુ ઇશ્વરાત્મા જ પોતે દિક્+કાલ તરીકે ઓળખાય છે. અને તેમાં તો વિશેષગુણ બધે જ રહેલા છે. એટલે આ સ્થાન સાચું જ હોવાથી તમે=પૂર્વપક્ષ શી રીતે દીધિતિકારને અતિવ્યાપ્તિ આપી શકો?

**પૂર્વપક્ષ:** તો પણ **જાતિમાન્ ભાવત્વાત્** એ સ્થલે અતિવ્યાપ્તિ આવશે. અહીં ભાવત્વાધિકરણ એવા સમવાય-વિશેષાદિમાં જાત્યભાવ છે. પણ તેનો પ્રતિયોગી જાતિ એ સમવાય-વિશેષાદિમાં એકાર્થસમવાયસંબંધથી રહી જાય છે. પરમાણુમાં વિશેષ+પૃથ્વીત્વાદિજાતિ બે ય સમવાયથી રહેલ છે. એટલે સમવાયઘટિતસામાન્યસંબંધથી જાતિઓ વિશેષમાં રહે છે. માટે અહીં જાતિ-અભાવ એ સ્વપ્રતિયોગિ-અસમાનાધિકરણ તરીકે મળી શકતો નથી. એટલે ભાવત્વાધિકરણ ભૂતલાદિમાં અતીતઘટાભાવને લઈને લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે.

**जागदीशी -- न च जातेर्व्याप्यवृत्तितया तत्साध्यके प्रतियोगिवैयधिकरण्याप्रवेशादेव नातिव्याप्तिरिति वाच्यम्;**

**चन्द्रशेखरीया: न च** व्याप्यवृत्तिपदस्य प्रथमव्याख्यानुसारेण जातेः व्याप्यवृत्तित्वात् तत्र प्रतियोगिव्यधिकरणाघटितमेव लक्षणं। अतः समवाये जात्यभावस्य सत्वात् नातिव्याप्तिः इति **वाच्यम्।**

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** પણ વ્યાપ્યવૃત્તિની પહેલી વ્યાખ્યા પ્રમાણે જાતિ એ વ્યાપ્યવૃત્તિ હોવાથી ત્યાં "પ્રતિયોગિવ્યધિકરણ" પદ વિનાનું જ વિશેષણ છે. અને એટલે વિશેષાદિમાં સમવાયથી જાતિનો અભાવ મળી જતા અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी -- समवायेनाव्यापकत्वग्रहदशायामपि सम्बन्धसामान्येन प्रतियोगिवैयधिकरण्यघटित-व्यापकत्व-ज्ञानात्समवायेन जात्यनुमित्यापत्तेरेव प्रकृतेऽतिव्याप्तिपदार्थत्वात्**

**चन्द्रशेखरीया:** यतो यद्यपि व्याप्यवृत्तिसाध्यकलक्षणानुसारेण समवायवृत्तिजात्यभावप्रतियोगितावच्छेदक-जातित्वावच्छिन्नत्वस्य जातौ सत्वात् तादृशप्रतियोगितानवच्छेदकजातित्वावच्छिन्नत्वस्य व्यापकत्वरूपस्य असत्वात् जातौ

भावत्वाव्यापकत्वज्ञानं भवति। तथापि केनापि सम्बन्धेन स्वप्रतियोगिजातेः यदधिकरणं तदवृत्त्यभावप्रतियोगितानवच्छेदकसाध्यतावच्छेदकजातित्वावच्छिन्नत्वरूपव्यापकत्वस्य जातौ सत्वात् तादृशव्यापकत्वज्ञानात् तत्र जात्यनुमित्यापत्तिरेवात्रातिव्याप्तित्वेनाभिप्रेता।

**चन्द्रशेखरीयाः पूर्वपक्षः** સાચી વાત. ભાવત્વાધિકરણવિશેષવૃત્તિ એવા જાત્યભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક સાધ્યતાવચ્છેદક જાતિત્વ બની જતા જાતિ એ "ભાવત્વને અવ્યાપક છે." એવું જ્ઞાન તો થઈ જ જવાનું. એટલે આ રીતે વ્યાપ્તિલક્ષણ અતિવ્યાપ્ત ન બને. તો પણ જે અવ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલીય લક્ષણ છે કે જેમાં "હેત્વધિકરણમાં રહેલો અભાવ એ કોઈપણ સંબંધથી પ્રતિયોગિવ્યધિકરણ તરીકે લેવાનો છે." તે લક્ષણ પ્રમાણે તો જાત્યભાવ એ લક્ષણઘટક ન બનતા બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જતા જાતિમાં ભાવત્વવ્યાપકતાનું જ્ઞાન એ દ્વારા થઈ જ જવાનું. અને તેથી ત્યાં "સમવાયેન જાતિમાન્" એવી અનુમિતિ થવાની આપત્તિ આવે. ખરેખર તો થતી નથી. આમ અનુમિતિ થવાની આપત્તિ એ જ અતિવ્યાપ્તિ તરીકે ગણવી. ["સંબંધસામાન્યેન=કોઈપણસંબંધથી સ્વપ્રતિયોગિ જેમાં રહેલો હોય તેમાં ન રહેનાર એવો અભાવ" એવો અર્થ કરવો. જાતિ એ એકાર્થસમવાયથી વિશેષમાં છે અને ત્યાં જાત્યભાવ રહેલો છે. એટલે તે પ્રતિ.વ્ય. ન મળે. માટે અતિવ્યા. આવે.] અહીં તાદૃશપ્રતિયોગિતા-અનવચ્છેદકસાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ સાધ્યમાં મળે એ જ વ્યાપકત્વ છે. અને પછી એ સાધ્યની હેતુમાં રહેલી સમાનાધિકરણતા એ વ્યાપ્તિ છે.

---

**जागदीशी -- जात्यादेरपि प्रागुक्तव्याप्यवृत्तित्वविरहाच्च।**

---

**चन्द्रशेखरीयाः** किञ्च व्याप्यवृत्तिपदस्य द्वितीयव्याख्यानुसारेण जातेरपि अव्याप्यवृत्तित्वात् तत्र प्रतियोगिव्यधिकरणघटितलक्षणमेव ग्राह्यम्। तथा चातिव्याप्तिः दुर्वारा।

**चन्द्रशेखरीयाः** અને ખરી વાત તો એ કે વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે તો જાતિ પણ અવ્યાપ્યવૃત્તિ જ હોવાથી ત્યાં પ્રતિયોગિ-અસમા.ઘટિત લક્ષણ જ લેવાનું છે. અને તેથી ત્યાં અતિવ્યા. આવે જ. જે જોઈ ગયા.

---

**जागदीशी -- अतिव्याप्तिं योजयति-*साध्यशून्येति*।**

**विशेषणता-दिक्कृता कालिकी च। *एकार्थेति*। -समवायस्यापि स्वात्मक एव स्वरूपसम्बन्ध इति-तत्रापि जात्येकार्थसमवायोऽस्तीत्याशयः। 'जातिः सती'तिवत् 'समवायः सन्नि'ति प्रतीतेरविशेषात्।**

**तथा च जात्यधिकरणनिरूपितसमवायात्मकस्वरूपसम्बन्धेन समवायोऽपि जातिमानिति-साध्याभावस्य प्रतियोगिसमानाधिकरणत्वादतिव्याप्तिरिति भावः।**

---

**चन्द्रशेखरीयाः** एवं तावत् जागदीश्यनुसारेण सर्वत्रातिव्याप्त्यादिपदार्थाः निरूपिताः। इदानीं दीधित्यां सर्वेषु त्रिषु

अनुमानेषु या अतिव्याप्तियोजना क्रियते, सा प्रतिपाद्यते। ज्ञानाभाववति घटादौ द्रव्ये विषयतासम्बन्धेन ज्ञानस्य, विशेषगुणाभाववति कालादौ कालिकविशेषणतासम्बन्धेन विशेषगुणस्य, जात्यभाववति समवायादौ एकार्थसमवायेन जातेश्च वर्तमानत्वात् सर्वत्र साध्याभावः स्वप्रतियोगिसमानाधिकरण एव भवति इति तत्र तत्रातिव्याप्तिः। अस्य विस्तरतो निरूपणं अनन्तरमेव कृतम् इति न पुनः प्रतन्यते। केवलं समवाये एकार्थसमवायेन जातिः कथं वर्तते? इति अस्य समाधानं क्रियते, यत् समवायः परमाण्वादिषु स्वरूपेण वर्तते। स च स्वरूपः समवायात्मक एव। तथा परमाण्वादिषु जातिः समवायेन वर्तते। एवं परमाणुरूपे एकार्थे समवायजात्योः समवायः वर्त्तते। अयमेवैकार्थसमवायः। तथा च परमाण्वादिनिष्ठा जातिः स्वाधिकरणनिरूपितसमवायात्मकस्वरूपसम्बन्धेन समवाये वर्तते। इदमेव समवायघटितसामानाधिकरण्यं उच्यते। एवं च समवाये एकार्थसमवायसम्बन्धेन जातेः वर्तमानत्वात् न तत्र विद्यमानो जात्यभावो लक्षणघटकः इति अतिव्याप्तिः। न च समवायस्य समवायेन वृत्तिताऽप्रसिद्धा इति वाच्यम् यथा घटादौ **जातिः सती** इति प्रतीत्या तत्र समवायेन जातिः सिध्यति, तथैव घटादौ **समवायः सन्** इति प्रतीत्या तत्र समवायोऽपि समवायेन सिध्यति एव, द्वयोः प्रतीतयोरविशेषात्।

**चन्द्रशेखरीया:** દીધિતિમાં ત્રણેય સ્થાને કેવી રીતે અતિ.વ્યાપ્તિ આવે એ બતાવે છે. જે આપણે જોઈ ગયા. માત્ર એકાર્થસમવાય=સમવાય એ પોતે પરમાણુમાં સ્વરૂપસં.થી રહે. એ સ્વરૂપ એટલે સમવાય પોતે જ. અને એ પરમાણુમાં સમવાયથી જાતિ રહે. આમ બેયનો એક અર્થ એવા પરમાણુમાં સમવાય છે. આને એકાર્થસમવાય કહેવાય. એટલે સમવાયમાં પણ સમવાયઘટિતસામા. સં.થી જાતિ રહે. અને વિશેષાદિ પણ રહે જે પૂર્વે જ જોઈ ગયા. જેમ "**જાતિઃ સતી**" એવી પ્રતીતિ થાય છે તેમ "**સમવાયઃ સતી**" એવી પ્રતીતિ પણ થાય છે. એટલે બેય સમવાયથી રહેલા માની શકાય છે. અર્થાત્ "**પરમાણૌ જાતિઃ સતી**" એવી પ્રતીતિથી પરમાણુમાં જાતિ સમવાયથી રહેલી માનીએ છીએ. તેમ "**પરમાણૌ સમવાયઃ સન્**" એ પ્રતીતિ પ્રમાણે પરમાણુમાં સમવાય પણ સમવાયથી=સ્વરૂપથી રહેલો માની શકાય છે. અને એ રીતે એકાર્થ સમવાય મળી જાય છે. ટુંકમાં પૃથ્વીત્વાદિજાતિના અધિકરણ એવા પરમાણુથી નિરૂપિતસમવાયરૂપસ્વરૂપસંબંધથી એ જ જાતિ સમવાયમાં રહી જાય છે. અને તેથી સમવાયમાં રહેલો જાત્યભાવ એ સ્વપ્રતિયોગિજાતિસમાનાધિકરણ બનતાં તે લક્ષણઘટક ન બને. પરિણામે બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જતા અતિવ્યા. આવે.

---

*जागदीशी -- "भावत्वात्=समवेतत्वात्" इत्यपि केचित्।*

---

**चन्द्रशेखरीया:** अत्र **केचित्** भावत्वहेतुः समवायेऽपि वर्तते। तत्र च जात्यभावोऽस्ति। तत्प्रतियोगिनी जातिः समवाये समवायकालिकैकार्थसमवायादिना केनापि सम्बन्धेन न वर्तते। तथाहि-असम्बन्धात्मकजातिबाधकात् जातिः समवाये समवायेन न वर्तते। समवायस्य नित्यत्वात् कालिकेनापि तत्र न जातिः वर्तते। समवायस्य घटादौ स्वरूपेण विद्यमानत्वात् जातिः एकार्थसमवायेनापि समवाये न वर्तते। तथा च समवाये वर्तमानो जात्यभावः स्वप्रतियोग्यसमानाधिकरण एव भवति इति साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः संभवति। तस्मात् भावत्वहेतुः समवेतत्वपरको ज्ञेयः।

समवायः समवायेन कुत्रापि न वर्तते। अतः तत्र समवेतत्वहेतुः नास्ति। किन्तु जाति-विशेषद्रव्यगुणादिषु स हेतुः वर्तते। तेषु च समवायैकार्थसमवायान्यतरसम्बन्धेन जातेः वर्तमानत्वात् न तत्र जात्यभावः प्रतियोग्यसमानाधिकरणः इति भवत्यतिव्याप्तिः अभावान्तरमादायेति भावः इति **वदन्ति**। तत्तुच्छं समवायस्य समवायेनैव वृत्तित्वात् अनन्तरोक्तप्रकारेण भावत्वहेतुनाऽपि अतिव्याप्तिसंभवात् भावत्वपदस्य समवेतत्वपरकत्वं नोचितम्। अत्र पूर्वपक्षः समाप्तः।

**चन्द्रशेखरीयाः केचित्ः** ભાવત્વહેતુ સમવાય+વિશેષાદિમાં રહેલો છે. અને સમવાયમાં તો એકાર્થસમવાયથી જાતિ રહેતી જ નથી. કેમકે સમવાય એ સ્વરૂપથી રહે છે. આમ જો ભાવત્વ હેતુ લો તો એ તો સમવાયમાં પણ રહે. અને ત્યાં કાલિકાદિ કોઈપણ સં.થી જાતિ ન રહેતી હોવાથી સમવાયમાં રહેલો જાત્યભાવ પ્રતિયોગિ.અસમા. મળી જતા અતિવ્યાપ્તિ ન ઘટે. જ્યારે અતિવ્યા. આપવી તો છે જ. માટે ભાવત્વનો સમેવેત એવો અર્થ કરવો. સમવાયથી રહે તે સમવેત કહેવાય. સમવાય તો સ્વરૂપથી રહેતો હોવાથી તે સમવેત ન બને. એટલે તેમાં હેતુ ન રહે. પણ વિશેષાદિમાં જ સમવેતત્વ મળે. અને તેમાં તો એકાર્થસમવાયથી જાતિ હોવાથી ત્યાં રહેલો જાત્યભાવ એ પ્રતિયોગિ સમાના. જ બની જતા તે ન લેવાય. એટલે બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જાય. એ રીતે અતિવ્યા. આવે.

**પૂર્વપક્ષઃ** સમવાય એ સ્વરૂપથી રહે છે. પણ એ સ્વરૂપ=સમવાય જ છે. એટલે સમવાયમાં પણ જાતિ એકાર્થસમવાયથી રહે જ છે. એટલે તેમાં રહેલો જાત્યભાવ પણ પ્રતિ.સમાના. જ બનવાથી તે સમવાય હેત્વધિકરણ બને તો ય અતિવ્યા. ઘટવાની જ છે. માટે ભાવત્વનો સમવેતત્વ અર્થ કરવો નિરર્થક છે.

## दीधिति

**– मैवं, – प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगिनो यदधिकरणं,–**

**सम्बन्धि वा– तद्वृत्तित्वाभावस्योक्तत्वात्, – भवति चैवमन्योन्याभावोऽपि**

**प्रतियोग्यसमानाधिकरणः ।।११।।**

**जागदीशी -- *प्रतियोगितेति*। –तथा च ज्ञानाद्यभावस्य तादृशेन समवायसम्बन्धेन घटादौ प्रतियोगिव्यधिकरणत्वा-न्नातिव्याप्तिः।**

**चन्द्रशेखरीयाः** अत्रोच्यते। प्रतियोगितावच्छेदकसम्बन्धेन यत् प्रतियोगिनोऽधिकरणं संबंधि वा तद्वृत्तित्वाभाववान् एव अभावः लक्षणघटकत्वेन गृह्यताम् इति दीधित्यां समाधानं। साम्प्रतं तु जागदीश्यनुसारेण चिन्त्यते–एवं च न **ज्ञानवान् द्रव्यत्वात्** इत्यादावतिव्याप्तिः। द्रव्यत्वाधिकरणे गगनादौ समवायेन ज्ञानाभावः गृह्यते, तत्प्रतियोगितावच्छेदकसमवायेन ज्ञानाधिकरणं आत्मैव। तद्वृत्तित्वाभाववान् गगनवृत्तिः ज्ञानाभावः इति साध्याभावस्यैव

लक्षणघटकत्वात् नातिव्याप्तिः। एवं सर्वेषु स्थानेषु परिभावनीयम्।

**चन्द्रशेखरीयाः ઉત્તરપક્ષઃ** પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગીનું અધિકરણ અથવા તો સંબંધી જે હોય, તેમાં ન રહેનારો એવો અભાવ લેવાનો છે. આ દીધિતિનો ઉત્તર છે. જગદીશમાં જોઈએ. **જ્ઞાનવાન્ દ્રવ્યત્વાત્**માં દ્રવ્યત્વાધિકરણઘટાદિમાં સમવાયથી જ્ઞાનાભાવ લીધો છે. તો પ્રતિયોગિતાવચ્છેદક સમવાય બને. અને તે સંબંધથી તો તે જ્ઞાન આત્મામાં રહે. ઘટમાં ન રહે. એટલે ઘટવૃત્તિ એવો જ્ઞાનાભાવ તો સમવાયથી જ્ઞાનાધિકરણ એવા આત્મામાં અવૃત્તિ જ હોવાથી તે લક્ષણઘટક બની જાય. એટલે અતિવ્યાપ્તિ ન આવે. એમ બીજા બે અનુમાનમાં પણ વિચારી લેવું.

---

**जागदीशी -- न च तादृशयत्किञ्चित्सम्बन्धेन प्रतियोगिसामानाधिकरण्याभावोक्तौ वह्निसामान्याभावस्यापि धूमवत्पर्वतावच्छेदेन महानसीयसंयोगेन प्रतियोग्यसमानाधिकरणत्वाद्वह्निमान् धूमादित्यादावव्याप्तिः-**

---

**चन्द्रशेखरीयाः** ननु प्रतियोगितावच्छेदकयत्किंचित्सम्बन्धेन प्रतियोग्यधिकरणं ग्राह्यं? तत्सामान्येन वा? यदि आद्यः पक्षः तदा **वह्निमान् धूमात्** इति अत्राव्याप्तिः। पर्वते संयोगावच्छिन्नवह्न्यभावः कालिकेन वर्तते। तत्र प्रतियोगितावच्छेदकयत्किंचित्सम्बन्धात्मकेन महानसीयसंयोगेन प्रतियोग्यधिकरणं महानस एव, न तु पर्वतः। महानसवृत्तित्वाभाववान् च पर्वतवृत्तिः कालिकेन वह्न्यभावः, एवं च साध्याभावस्यैव लक्षणघटकत्वात् अव्याप्तिः।

**चन्द्रशेखरीयाः પ્રશ્નઃ** શું પ્રતિયોગિતાવચ્છેદકયત્કિંચિત્સંબંધથી પ્રતિયોગિસામાનાધિકરણ્યના અભાવવાળો અભાવ લેવાનો છે? જો એમ હોય તો પર્વતમાં સરોવરવૃત્તિ એવો સંયોગાવચ્છિન્નવહ્નિસામાન્યાભાવ કાલિકથી રહેલો છે. હવે એ અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક સંયોગોમાં મહાનસીયસંયોગ પણ આવે. અને મહાનસીયસંયોગથી પર્વતમાં કોઈપણ વહ્ન્યાદિ રહેતા જ નથી. પણ એ તો મહાનસમાં જ રહેશે. અને તેથી પર્વતમાં રહેલો વહ્નિ-અભાવ એ મહાનસમાં ન હોવાથી એ વહ્નિ-અભાવ પ્રતિયોગિતાવચ્છેદક-યત્કિંચિત્મહાનસીયસંયોગસંબંધથી સ્વપ્રતિયોગિવહ્નિ-સામાનાધિકરણ્ય=વહ્નિઅધિકરણમહાનસવૃત્તિતા-અભાવવાળો છે. માટે એ જ લક્ષણ ઘટક બની જતા અવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- स्वप्रतियोगितावच्छेदकसम्बन्धसामान्येन तथात्वोक्तौ च -'जातिमान् जातित्वा' दित्यादावतिव्याप्तिः-समवायेन जात्यभावस्यैव तादात्म्येन जातिमद्भेदत्वात् तस्य च स्वप्रतियोगितावच्छेदक-तादात्म्यसम्बन्धेन-यज्जातिसम्बन्धि-तद्वृत्तित्वेन प्रतियोगिव्यधिकरणत्वाभावादिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीयाः** यदि द्वितीयः पक्षः तर्हि **जातिमान् जातित्वात्** इति अत्रातिव्याप्तिः। जातित्वाधिकरणे जातौ समवायेन जात्यभावो वर्तते। जात्यभावस्य जातिमद्भेदेन सह समव्यापकत्वात् लाघवात् द्वयोः एक्यम्। तथा च

जात्यभावस्य प्रतियोगिता जातिनिष्ठा समवायावच्छिन्ना। जातिमन्निष्ठा च तादात्म्यावच्छिन्ना। एवं चात्र प्रतियोगितावच्छेदकसम्बन्धौ समवायतादात्म्यौ मीलितौ। तत्र तादात्म्येन प्रतियोगिजातेः संबंधिनी जातिरेव। तद्वृत्तित्ववान् च समवायेन जात्यभावः इति अत्र साध्याभावस्य लक्षणाघटकत्वात् अभावान्तरमादायातिव्याप्तिः इति चेत्।

**चन्द्रशेखरीया: ઉત્તર:** સ્વપ્રતિયોગિતાવચ્છેદકસંબંધસામાન્યેન સ્વપ્રતિયોગિસામાનાધિકરણ્યાભાવવાન્ અભાવ જ લક્ષણ ઘટક તરીકે લેવાનો. પર્વતમાં સંયોગાવચ્છિન્નવહ્નિ-અભાવ કાલિકથી ભલે રહ્યો. પણ તેની પ્રતિયોગિતાનાઅવચ્છેદક તરીકે બધા સંયોગોમાં પર્વતીયસંયોગ પણ આવે. તે સંયોગથી તો વહ્નિ પર્વતમાં હોવાથી પર્વતવૃત્તિ એવો વહ્ન્યભાવ એ તાદૃશસંબંધસામાન્યેન સ્વપ્રતિયોગિસામાનાધિકરણ્યવાન્ બનતા તે લક્ષણઘટક ન બને. તેથી બીજા અભાવને લઈ લક્ષણ ઘટી જાય. માટે અવ્યાપ્તિ ન આવે.

**પ્રશ્ન:** તો પછી **जातिमान् जातित्वात्** માં અતિવ્યાપ્તિ આવશે. અહીં જાતિત્વાધિકરણ જાતિ બનશે. અને તેમાં સમવાયથી જાત્યભાવ રહેલો છે. અને જ્યાં જાત્યભાવ હોય ત્યાં બધે જ જાતિમદ્ભેદ હોય છે. એટલે એ બે સમવ્યાપક હોવાથી એક જ છે. એટલે જાત્યભાવની પ્રતિયોગતાનો અવચ્છેદક જેમ સમવાય બને.

તેમ તે જાત્યભાવ જાતિમદ્ભેદરૂપ જ હોવાથી પ્રતિયોગિતાનો અવચ્છેદક તાદાત્મ્ય પણ બને. અને તે તાદાત્મ્યસંબંધથી સ્વપ્રતિયોગિજાતિનો સંબંધી એવી જાતિ છે. જાતિ જાતિમાં તાદાત્મ્યથી સંબંધી બને છે. અને આ જાતિ-અભાવ એ જ જાતિમાં રહેલો છે. અર્થાત્ જાતિ-અભાવ એ સ્વપ્રતિયોગિતાવચ્છેદકતાદાત્મ્યસં.થી સ્વપ્રતિયોગિજાતિના સંબંધી એવા જ જાતિમાં રહેલો હોવાથી તે પ્રતિયોગિસમાના.ત્વવાળો બની ગયો. આમ થવાથી તે લક્ષણઘટક ન બને. માટે બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- स्वप्रतियोगित्वं यादृशसम्बन्धावच्छिन्नं, तादृशसम्बन्धेन यत् प्रतियोगिसम्बन्धि, तद्वृत्तित्वाभावस्योक्तत्वात् संयोगसामान्यावच्छिन्नवह्न्यभावप्रतियोगितायां महानसीयसंयोगत्वादिविशिष्टानवच्छेद्यतया वह्न्यभावस्य पर्वतादौ महानसीयसंयोगेन प्रतियोगिसामानाधिकरण्याभावेऽप्यव्याप्तिविरहादिति ध्येयम्।**

---

**चन्द्रशेखरीया:** न, स्वप्रतियोगिता यादृशसम्बन्धावच्छिन्ना, तादृशसम्बन्धेन यत् स्वप्रतियोगिसंबंधि। तद्वृत्तित्वाभाववान् योऽभावः, तस्य विवक्षितत्वात्। तथा चात्र पर्वते वर्तमानस्य कालिकेन वह्न्यभावस्य प्रतियोगिता संयोगत्वावच्छिन्नसंयोगावच्छिन्ना। तेन संयोगत्वावच्छिन्नसंयोगेन तु वह्नेरधिकरणं पर्वतोऽपि। तद्वृत्तित्ववान् पर्वतवृत्तित्वविशिष्टः कालिकेन वह्न्यभावः इति साध्याभावो न लक्षणघटकः इति नाव्याप्तिः। जात्यभावस्य जातिनिष्ठा प्रतियोगिता समवायत्वावच्छिन्नसमवायावच्छिन्ना। तादृशसमवायेन जात्यधिकरणं घटादिः, न तु जातिः। तादृशघटवृत्तित्वाभाववान् एव जातिनिष्ठः समवायावच्छिन्नजात्यभावः इति साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** સ્વપ્રતિયોગિતા યાદૃશસંબંધાવચ્છિન્ન હોય તાદૃશસંબંધથી સ્વપ્રતિયોગીનો સંબંધી જે બને, તેમાં ન રહેનારો અભાવ=તાદૃશસંબંધથી નિરૂપિતવૃત્તિતા-અભાવવાળો અભાવ લેવાનો છે. જુઓ. પર્વતમાં જે સંયોગાવચ્છિન્નવહ્ન્યભાવ કાલિકથી રાખ્યો છે તેની પ્રતિયોગિતા એ સંયોગત્વ-અવચ્છિન્નસંયોગાવચ્છિન્ન નથી. મહાનસીયસંયોગત્વાવચ્છિન્નસંયોગથી અવચ્છિન્ન નથી. અને સંયોગત્વાવચ્છિન્નસંયોગસામાન્યસંબંધથી તો પર્વતમાં વહ્નિ રહેલી જ છે. અને તે પર્વતથી નિરૂપિત વૃત્તિતા આ વહ્ન્યભાવમાં આવી. એટલે તે લક્ષણઘટક જ ન બનતા ઘટાભાવાદિ દ્વારા લક્ષણ ઘટી જાય. એટલે અવ્યાપ્તિ ન આવે. એમ જાતિમાં સમવાયાવચ્છિન્નજાત્યભાવની પ્રતિયોગિતા સમવાયત્વાવચ્છિન્નસમવાયથી અવચ્છિન્ન છે. અને એ સમવાયથી તો જાતિમાં જાતિ રહેતી ન હોવાથી એ જાતિ ઘટાદિમાં રહે છે. અને તેથી જાતિમાં રહેલા જાત્યભાવમાં તાદૃશઘટનિરૂપિતવૃત્તિતાનો અભાવ જ હોવાથી કોઈ વાંધો ન આવે. સાધ્યાભાવ જ લક્ષણ ઘટક બને. માટે અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- ननु समवायाद्यवच्छिन्नवह्न्यभावमादाय धूमादावव्याप्तिवारणार्थमग्रे साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वेन प्रतियोगित्वं निवेशनीयं। तथा च कपिसंयोगवतस्तादात्म्येन साध्यतायामेतद्वृक्षत्वादावव्याप्तिर्भेदमात्रस्यैव स्वप्रतियोगितावच्छेदकतादात्म्यसम्बन्धेन प्रतियोग्यधिकरणाप्रसिद्धेरत आह-*सम्बन्धि वेति*।**

**एतदेव घटयति-*भवति चेति*। -एवं=प्रतियोगितावच्छेदकसम्बन्धेन 'प्रतियोगिसम्बन्धित्व'विवक्षणेन।**

---

**चन्द्रशेखरीया:** ननु **वह्निमान् धूमात्** इति अत्र पर्वते समवायावच्छिन्नवह्न्यभावोऽस्ति, तत्प्रतियोगितावच्छेदकसमवायेन पर्वते वह्निः न वर्तते। अतो वह्न्यभावः स्वप्रतियोग्यसमानाधिकरणो भवति। तथा चाव्याप्तिः। अतः तद्वारणार्थं अग्रेऽत्रैव ग्रन्थे साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नैव प्रतियोगिता ग्राह्या इति वक्ष्यते। अर्थात् साध्यतावच्छेदकसम्बन्धेनैव कस्यचिदभावो हेत्वधिकरणे तेनैव सम्बन्धेन स्वप्रतियोग्यसमानाधिकरणो ग्राह्यः। एवं च **वृक्षः तादात्म्येन कपिसंयोगवद्वान् एतद्वृक्षत्वात्** इति अत्राव्याप्तिः। हेत्वधिकरणे घटादिभेदस्यैव प्रतियोगिता साध्यतावच्छेदकसम्बन्धतादात्म्यावच्छिन्ना, तत्प्रतियोगितावच्छेदकतादात्म्यसम्बन्धेन घटप्रतियोगिनोऽधिकरणमेवाप्रसिद्धम्। तादात्म्यसम्बन्धेन न कस्यापि पदार्थस्याधिकरणमनुभवसिद्धं "घटो घटे तादात्म्येन वर्तते" इति प्रत्ययाभावात्। तथा च तादात्म्येन प्रतियोग्यधिकरणस्यैवाप्रसिद्ध्या तद्वृत्तित्वाभाववान् अभावो घटभेदरूपोऽपि न ग्रहीतुं शक्यः इति कस्याप्यभावस्य लक्षणाघटकत्वात् अव्याप्तिः इति चेत् सत्यं, अत एव दीधितौ एतदव्याप्तिवारणार्थं "सम्बन्धि वा" इति प्रोक्तम्। तथा च तादात्म्येन घटसम्बन्धी घट एव। तद्वृत्तित्वाभाववान् घटभेदो वृक्षे वर्तते। अत स एव लक्षणघटकः। तथा च नाव्याप्तिः। घटस्य तादात्म्येनाधिकरणस्याप्रसिद्धत्वेऽपि तादात्म्येन सम्बन्धी तु प्रसिद्ध एव। एतदेव दीधित्यां घटयति "भवति च" इत्यादिना। अयमाशयः एवं प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगिसंबंधित्वनिवेशे कृते सति घटभेदोऽपि लक्षणघटको भवितुमर्हति।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** પર્વતમાં સમવાયેન વહ્નિ-અભાવ છે. આ અભાવની પ્રતિયોગિતા સમવાયાવચ્છિન્ન છે. અને સમવાયથી વહ્ન્યધિકરણ વહ્નિ-અવયવો બનશે. અને તન્નિરૂપિતવૃત્તિતા પર્વતવૃત્તિ એવા વહ્ન્યભાવમાં નથી જ. એટલે તે લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ આવે. આ આપત્તિ નિવારવા માટે આગળ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતા જ લેવાના છે. એટલે સમવાયથી વહ્ન્યભાવ લેવાય જ નહીં. અને સંયોગથી પર્વતમાં વહ્ન્યભાવ મળે જ નહીં. માટે વાંધો ન આવે. પણ એ રીતે વિચારીએ તો **વૃક્ષઃ તાદાત્મ્યેન કપિસંયોગિમાન્ એતદ્વૃક્ષત્વાત્માં** અવ્યાપ્તિ આવશે. કેમકે અહીં સાધ્યતાવચ્છેદક તાદાત્મ્ય હોવાથી જો તાદાત્મ્યાવચ્છિન્ન પ્રતિયોગિતા લેવી હોય તો ભેદ જ લેવો પડે. હવે ધારો કે એતદ્વૃક્ષત્વાધિકરણમાં ઘટભેદ લઈએ તો પ્રતિયોગિતાવચ્છેદક+સાધ્યતાવચ્છેદક તાદાત્મ્યસંબંધથી પ્રતિયોગિ=ઘટનું અધિકરણ જ પ્રસિદ્ધ નથી. કેમકે તાદાત્મ્યથી "કોઈ કોઈનામાં રહે છે." એમ વ્યવહાર થતો નથી. આમ અધિકરણ પ્રસિદ્ધ જ ન હોવાથી તદધિકરણનિરૂપિતવૃત્તિતા-અભાવવાળો એવો અભાવ પણ ન જ મળે. અને તેથી અહીં કોઈપણ અભાવ લક્ષણઘટક ન બનતા અવ્યાપ્તિ આવે.

**ઉત્તર:** આથી જ દીધિતિમાં **અધિકરણં, સંબંધિ વા** લખેલ છે. તાદાત્મ્યથી અધિકરણ ભલે પ્રસિદ્ધ ન હોય. પણ સંબંધી તો પ્રસિદ્ધ છે. એટલે તાદાત્મ્યથી ઘટનો સંબંધી ઘટ બને. અને તેમાં ઘટભેદ રહેતો નથી. એટલે ઘટભેદમાં તાદૃશસંબંધિનિરુપિતવૃત્તિતા-અભાવ મળી જતા તે જ લક્ષણઘટક બને. તેથી લક્ષણસમન્વય થઈ જતા અવ્યાપ્તિ ન આવે.

આજ વાત દીધિતિ કરે છે કે આ રીતે "પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિસંબંધી" એવી વિવક્ષા કરવાથી હવે ભેદ પણ "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" તરીકે મળી શકશે. જે આપણે જોઈ ગયા.

---

**जागदीशी -- न च तादात्म्येन वस्तुमात्रस्यैव व्याप्यवृत्तित्वात्तादृशसम्बन्धेन साध्यतायां प्रतियोगिवैयधिकरण्याप्रवेशादि-दमयुक्तमिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया: न च** तादात्म्येन वस्तुमात्रस्यैव व्याप्यवृत्तित्वात् तत्सम्बन्धेन यत्र साध्यं । तत्र प्रतियोगिवैयधिकरण्याघितमेव लक्षणं । तथा च वृक्षे सहजतः घटभेदस्य प्रसिद्धत्वात् लक्षणसमन्वय इति नाव्याप्तिरिति **वाच्यम् ।**

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** પણ તાદાત્મ્યસંબંધથી તો કોઈપણ વસ્તુ વ્યાપ્યવૃત્તિ જ હોવાની અને તેથી તાદાત્મ્યથી જ્યાં કપિસંયોગવત્ કપિસંયોગી એ સાધ્ય હોય ત્યાં તો લક્ષણમાં પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ જ ન હોવાથી આપોઆપ જ લક્ષણ ઘટી જવાનું છે. એટલે પછી "સંબંધિ" પદ મુકવાની જરૂર જ નથી.

---

**जागदीशी -- मूलाद्यवच्छेदेन कपिसंयोगवद्भेदस्य वृक्षादौ स्वयमङ्गीकारात् तादात्म्येन कपिसंयोगवतोऽप्यव्याप्य-वृत्तित्वात् ।**

**चन्द्रशेखरीया:** "वृक्षः शाखावच्छेदेन तादात्म्येन कपिसंयोगवद्वान् वर्तते। मूलावच्छेदेन स एव वृक्षः कपिसंयोगवद्भेदवान्" इति दीधितिकाराणामभिप्रायः। तथा च तेषां मते तादात्म्येनाऽपि साध्यस्याव्याप्यवृत्तित्वात् तत्र प्रतियोगिवैयधिकरण्यघटितमेव लक्षणं वक्तव्यम्। तस्य चाव्याप्तिः। तद्वारणाय च "सम्बन्धित्व" निवेशः आवश्यकः।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** ના. દીધિતિકાર તો કપિસંયોગવાળા વૃક્ષમાં પણ મૂલાવચ્છેદેન કપિસંયોગવદ્ભેદ માને છે. અર્થાત્ એમના મતે શાખાવચ્છેદેન વૃક્ષમાં "કપિસંયોગવાન્" તાદાત્મ્યથી છે. અને મૂલાવચ્છેદેન તે જ વૃક્ષમાં તાદાત્મ્યથી કપિસંયોગવદ્ભેદ છે. આમ તાદાત્મ્યથી કપિસંયોગવત્ સાધ્ય પણ અવ્યાપ્યવૃત્તિ જ હોવાથી ત્યાં આ અવ્યાપ્તિ દૂર કરવા "સંબંધિ" વિગેરે વિવક્ષા જરૂરી છે.

---

**जागदीशी -- न चैवं 'प्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभावे'त्यग्रिमनिष्कर्षेऽप्यप्रतीकारः-**

---

**चन्द्रशेखरीया: न चैवं** सति अग्रे क्रियमाणो यः परिष्कारः "प्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभाव" इत्याकारकः। तत्र एष दोषोऽप्रतिकार्यो भवति। तथाहि-तत्रापि घटभेदप्रतियोगिनः घटस्य तादात्म्येनाधिकरणस्यैवाप्रसिद्ध्या स्वप्रतियोगितावच्छेदकसाध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यधिकरणहेतुमन्निष्ठाभावस्यैवाप्रसिद्धिः भवति। घटस्य तादात्म्येनाधिकरणं एव नास्ति। तर्हि तदनधिकरणं तदधिकरणभिन्नार्थकं कथं घटते? तथा चाव्याप्तिः **इति वाच्यम्।**

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** જો આમ કહેશો તો આગળ તો "પ્રતિયોગિ-અનધિકરણ એવું જે હેત્વધિકરણ અને તેમાં વૃત્તિ એવો અભાવ" એવો પરિષ્કાર કરવાના છે. પણ હવે તો પરિષ્કાર કરશે તો ય વાંધો આવશે. કેમકે ત્યાં પણ કપિસંયોગવત્સાધ્યકસ્થલે લક્ષણઘટક તરીકે ભેદ જ લેવો પડશે. તો જ સાધ્યતાવચ્છેદકતાદાત્મ્યાવચ્છિન્ન-પ્રતિયોગિતા મળશે. અને તે ભેદપ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ... એમ જ ત્યાં કહેવાનું રહેશે. પણ અવચ્છેદક તાદાત્મ્યથી તો પ્રતિયોગીનું અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી ત્યાં પાછો વાંધો આવશે.

---

**जागदीशी -- प्रतियोगितावच्छेदकसम्बन्धेन ये प्रतियोगिसम्बन्धिनःतत्तद्व्यक्तित्वावच्छिन्नभेदकूटविशिष्ट-हेतुमद्वृत्तित्वस्यैव तत्र वक्तव्यत्वात्।**

---

**चन्द्रशेखरीया:** तत्रापि प्रतियोगितावच्छेदकसम्बन्धेन ये यावन्तः प्रतियोगिसंबंधिनः, तेषां सर्वेषां तत्तद्व्यक्तित्वावच्छिन्नाः ये भेदाः, तेषां भेदानां कूटवान् यद् हेत्वधिकरणं, तद्वृत्तिरभावो वाच्यः। प्रतियोगितावच्छेदकतादात्म्यसम्बन्धेन घटभेदप्रतियोगिघटसंबंधिनः सर्वे घटाः। तेषां सर्वेषां तत्तद्घटत्वावच्छिन्नभेदकूटवान् एतद्वृक्षः। तस्मिन् स घटभेदो वर्तते इति लक्षणसमन्वयात् नाव्याप्तिः। अत्र यदि कूटस्य विवक्षा न क्रियते, तदा **वह्निमान् धूमात्** इति अत्राव्याप्तिः भवेत्। वह्न्यभावप्रतियोगितावच्छेदकसंयोगसम्बन्धेन वह्न्यधिकरणं महानसः। तद्भेदवान् पर्वतः। तत्र संयोगावच्छिन्न

वह्न्यभावः कालिकेन वर्तते । तथा च साध्याभावस्यैव लक्षणघटकत्वात् अव्याप्तिः । कूटनिवेशे तु न दोषः, संयोगसम्बन्धेन यावन्ति वह्न्यधिकरणानि, तेषु पर्वतोऽपि अस्ति, तस्य च भेदः पर्वते न वर्तते । अतः पर्वते प्रतियोग्यधिकरणभेदकूटं न भवति इति न साध्याभावो लक्षणघटकः इति नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા: ઉત્તર:** ત્યાં પ્રતિયોગિતાવચ્છેદકતાદાત્મ્યસંબંધથી પ્રતિયોગીનો સંબંધી જે બને. તે તમામે તમામના ભેદોના સમૂહથી વિશિષ્ટ એવું હેત્વધિકરણ લેવાનું અને તેમાં રહેનારો એવો અભાવ લેવાનો. **કપિસંયોગવદ્વાન્ એતદ્વૃક્ષત્વાત્માં** ઘટભેદ લઈએ તો પ્રતિયોગિતાવચ્છેદક+સાધ્યતાવચ્છેદકતાદાત્મ્યસંબંધથી ઘટના સંબંધી ૧-૨-૩ ઘટ બનશે. અને હેત્વધિકરણ વૃક્ષમાં ૧ ઘટત્વાવચ્છિન્ન૧ઘટનો ભેદ, ૨-૩ ઘટત્વાવચ્છિન્ન ૨-૩ ઘટનો ભેદ છે જ. એટલે વૃક્ષ એ તાદૃશભેદકૂટવાન્ બની જાય છે. માટે તે વૃક્ષમાં "ઘટભેદ" લઈ શકાય. આ રીતે લક્ષણ ઘટી જતાં અવ્યાપ્તિ ન આવે. અહીં ભેદકૂટ નો નિવેશ એટલા માટે કે જો એમ ન લખે અને માત્ર તાદૃશભેદવત્... લખે. તો **વહ્નિમાન્ ધૂમાત્** સ્થલે વહ્ન્યભાવપ્રતિયોગિતાનો અવચ્છેદક સંયોગસંબંધથી વહ્નિનો સંબંધી મહાનસ, ચત્વર લઈએ અને તેઓનો ભેદ હેત્વધિકરણ પર્વતમાં છે. અને તે પર્વતમાં કાલિકથી સંયોગાવચ્છિન્નવહ્ન્યભાવ છે. આમ અહીં વહ્ન્યભાવ જ લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ આવે. પણ ભેદકૂટનો નિવેશ કરવાથી વાંધો ન આવે. કેમકે સંયોગસંબંધથી વહ્નિના સંબંધી તરીકે જેટલા છે તેમાં પર્વત પણ છે. અને તેનો ભેદ પર્વતમાં નથી. એટલે પર્વતમાં ભેદકૂટ ન મળે. પરિણામે વહ્ન્યભાવ ન લેવાય. પણ ઘટાભાવાદિ દ્વારા લક્ષણ ઘટી જાય.

---

**जागदीशी -- वस्तुतस्तु-तादात्म्यसम्बन्धेनापि न कस्यचित् प्रागुक्तव्याप्यवृत्तित्वमतो यथाश्रुतमेव सम्यक् ।**

---

**चन्द्रशेखरीया: ननु** तथापि तादात्म्येन साध्यस्य व्याप्यवृत्तिता एव सर्वजनप्रसिद्धा इति तस्याव्याप्यवृत्तित्वकथनं तद्द्वारा चाव्याप्तिं दर्शयित्वा तद्वारणाय "सम्बन्धि" पद प्रयोजनकथनं अनुचितं प्रतिभाति इति चेत् भवतु नाम तादात्म्येन "कपिसंयोगवत्" साध्यं व्याप्यवृत्ति । तथापि व्याप्यवृत्तिपदस्य द्वितीयव्याख्यानुसारेण तु तदपि साध्यमव्याप्यवृत्ति एव । अतः तत्र प्रतियोगिवैयधिकरण्यघटितं लक्षणमेव वाच्यम् । तस्य च तत्र अघटनात् भवत्यव्याप्तिः । तद्वारणाय संबंधिपदं इति भावितमेव प्राक् ।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** પણ તાદાત્મ્યસંબંધથી પણ વસ્તુ અવ્યાપ્યવૃત્તિ છે એ માનવામાં જ કોઈ પ્રમાણ નથી. અને એટલે એવા કપિસંયોગવત્સાધ્યક સ્થલે તો પ્રતિયોગિ-અસમાનાધિકરણ પદ જ લેવાનું નથી તે વિના જ ઘટભેદાદિ દ્વારા લક્ષણ ઘટી જતાં કોઈ દોષ નથી. માટે દીધિતિના **સંબંધિ** વિગેરે ખુલાસ નકામા છે.

**ઉત્તર:** જવા દો એ વાત. વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે તો તાદાત્મ્યથી કપિસંયોગવત્સાધ્ય પણ અવ્યાપ્યવૃત્તિ જ છે. અને તેથી ત્યાં પ્રતિયોગિ-અસમાના. પદ લેવાનું જ છે. અને એટલે ત્યાં આવતી અવ્યાપ્તિ દૂર કરવા "સંબંધિ" પદનો નિવેશ કરવો જરૂરી છે. એટલે કે કપિસંયોગવાન્ ભલે એમ તાદાત્મ્યથી વૃક્ષમાં વ્યાપ્યવૃત્તિ હોય પણ વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા

પ્રમાણે તો અવ્યાપ્યવૃત્તિ જ છે. અને તેથી ઉપર કરેલા ખુલાસાઓ યોગ્ય જ છે.

---

**जागदीशी -- केचित्तु-"प्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभावप्रतियोगितायां यद्धर्मावच्छिन्नत्व-यत्सम्बन्धावच्छिन्नत्वो-भयाभाव इत्यादिवक्ष्यमाणनिष्कर्षस्य तादात्म्येन साध्यतायां व्यभिचारिण्यव्याप्तिः- अतः 'प्रतियोग्यनधिकरणत्वं' परित्यज्य 'प्रतियोग्यसम्बन्धित्व'मवश्यं तत्र निवेश्यमित्याशयेन सम्बन्धित्वमुक्तम्" इत्याहुः।।११।।**

---

**चन्द्रशेखरीयाः** अत्र **केचित्** "प्रतियोग्यनधिकरणहेत्वधिकरणनिष्ठाभावप्रतियोगितायां साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्व-साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वोभयाभावः, तेन धर्मेण तेन सम्बन्धेन च तस्य साध्यस्य हेतुनिष्ठं सामानाधिकरण्यमेव व्याप्तिः" इति अत्रैव ग्रन्थेऽग्रे निष्कर्षः वक्ष्यते। तत्र तादात्म्येन **कपिसंयोगवद्वान् द्रव्यत्वात्** इति व्यभिचारिणि अतिव्याप्तिः भवति। तथा हि अत्र साध्याभाव एव यदि मीलति, तदैवातिव्याप्तिः न भवेत्। किन्तु न स मीलति। कपिसंयोगवद्भेदप्रतियोगितावच्छेदकतादात्म्येन कपिसंयोगवत्-प्रतियोग्यधिकरणस्यैवाप्रसिद्ध्या तदनधिकरणं हेत्वधिकरणमपि अप्रसिद्धम्। अतः साध्याभावो न ग्रहीतुं शक्यः। किन्तु संयोगेन घटाभावप्रतियोगितावच्छेदकसंयोगसम्बन्धेन घटानधिकरणं हेत्वधिकरणं पर्वतः। तद्वृत्तिघटाभावप्रतियोगितायां साध्यतावच्छेदककपिसंयोगवत्त्वावच्छिन्नत्वस्य साध्यतावच्छेदक-तादात्म्यसम्बन्धावच्छिन्नत्वस्यापि च अभावः इति उभयाभावो मीलितः। तथा च लक्षणघटनात् अतिव्याप्तिः। अतःअत्र प्रतियोग्यसंबंधि=प्रतियोगिसंबंधिभिन्नं हेत्वधिकरणं इति वाच्यमेव। तथा च तादात्म्येन कपिसंयोगवत्सम्बन्धी यः वृक्षः, तद्भिन्नः पर्वतः। तस्मिन् वर्तमानः कपिसंयोगवद्भेदः। तत्प्रतियोगितायां कपिसंयोगवत्त्वावच्छिन्नत्वस्य तादात्म्यावच्छिन्नत्वस्य च सत्वात् न उभयाभावो मीलितः इति नातिव्याप्तिः। एवं च अग्रे वक्ष्यमाणे परिष्कारे अतिव्याप्तिवारणार्थं संबंधिपदमावश्यकं। अतोऽत्र दीधितिकारेण **"सम्बन्धि वा"** इति संबंधिपदं निवेशितं इत्यपि **वदन्ति।** तन्न मनोरमं। अग्रिमपरिष्कारगतदोषवारणाय तत्रैव संबंधिपदनिवेशकरणमुचितम्। अग्रिमपरिष्कारगतदोषवारणायात्र संबंधिपदकथनं नोचितं प्रतिभाति।

**ચન્દ્રશેખરીયાઃ કેચિત્ઃ** પ્રતિયોગિ-અનધિકરણ એવા હેત્વધિકરણમાં રહેલ અભાવની પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદક ધર્માવચ્છિન્નત્વ+સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વોભયાભાવ મળે તો એ તદ્ધર્મ તત્સંબંધથી અવચ્છિન્ન સાધ્યનું સામાનાધિકરણ્ય એ જ હેતુમાં રહેલી વ્યાપ્તિ જાણવી. એમ આગળ ખુલાસો કરવાનો છે. હવે **તાદાત્મ્યેન કપિસંયોગવદ્વાન્ દ્રવ્યત્વાત્** આવા વ્યભિચારી સ્થાનમાં આ લક્ષણ અતિવ્યાપ્ત બનશે. કેમકે પ્રતિ.અવચ્છેદકસં.થી પ્રતિયોગિ-અનધિકરણ લેવાનું કહેલ છે. હવે પ્રતિ.અવચ્છેદક તો તાદાત્મ્ય જ છે. અર્થાત્ અહીં કપિસંયોગવત્ભેદ જ લેવો પડે. કેમકે ખોટું સ્થાન છે. પણ તાદાત્મ્યથી તો પ્રતિયોગિ-અધિકરણ જ અપ્રસિદ્ધ હોવાથી "પ્રતિયોગિ-અધિકરણભિન્ન" પણ ન લેવાય. માટે પછી સંયોગેન ઘટાભાવાદિ લેવાય. તેમાં પ્રતિ.અવચ્છેદક સંયોગથી ઘટાનધિકરણ=ઘટાધિકરણભૂતલાદિથી ભિન્ન એવા હેત્વધિકરણ તરીકે પર્વતાદિ અને તેમાં રહેલ એ જ ઘટાભાવની પ્રતિયોગિતામાં તાદાત્મ્યાવચ્છિન્નત્વ-કપિસંયોગવત્વાવચ્છિન્નત્વોભયાભાવ મળી

જવાથી લક્ષણ ઘટી જાય અર્થાત્ અતિવ્યાપ્તિ આવે. તે નિવારવા માટે ત્યાં "પ્રતિયોગિ-અસંબંધિ" જ કહેવું પડે. અને એ આશયથી જ દીધિતિકારે અહીં સંબંધિપદ મુકેલ છે. એટલે કપિસંયોગવત્ભેદની પ્રતિયોગિતાના અવચ્છેદક તાદાત્મ્યસંબંધથી કપિસંયોગવત્ના સંબંધી વૃક્ષાદિ બને. તદ્ભિન્ન એવા હેત્વધિકરણ પટાદિ બને તેમાં આ સંયોગવત્ભેદ મળી ગયો અને તેની પ્રતિયોગિતામાં ઉભય મળી જતા ઉભયાભાવ ન મળે. અને તેથી અતિવ્યાપ્તિ ન આવે.

**ઉત્તર:** આમની વાત ખોટી નથી. પણ છેક આગળના કલ્પમાં જે સંબંધીપદની જરૂર છે. તેને અહીં કહેવાનું તો કોઈ પ્રયોજન જ નથી. યુક્ત જ નથી.

"આમ પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી સ્વપ્રતિયોગિનું જે અધિકરણ કે સંબંધી હોય, તન્નિરૂપિતવૃત્તિતા-અભાવવાળો અભાવ લક્ષણ ઘટક તરીકે લેવો." આવા ખુલાસાથી બધી આપત્તિઓ દૂર થઈ જાય છે.

## दीधिति

**तद्विशिष्टस्य च हेत्वधिकरणवृत्तित्वं वाच्यं,– तेन नाव्याप्यवृत्तिसाध्यकासंग्रहः । तद्वद्वृत्तिभिन्नत्वन्तु नार्थः, अव्याप्यवृत्तिसाध्यकव्यभिचारिण्यतिप्रसङ्गात् । अत्र 'सामानाधिकरण्यवतो न तदभाववत्त्वं, प्रतीतेरन्यथैवोपपादितत्वा' दित्यस्वरसात्– 'प्रतियोगिवैयधिकरण्ये'त्यादिविशेषणं वक्ष्यति, –तच्च हेत्वधिकरणे बोध्यं ।**

**'प्रतियोग्यानधिकरणीभूतहेत्वधिकरणवृत्त्यभावे'ति पुनरभावान्तार्थनिष्कर्षः ।।१२ ।।**

**जागदीशी** -- **ननु कपिसंयोगाभावस्यापि गुणादौ प्रतियोग्यसमानाधिकरणत्वात् कपिसंयोग्येतत्त्वादित्यादावव्याप्तिरत आह–*तद्विशिष्टस्येति* ।– प्रतियोगिसामानाधिकरण्याभावविशिष्टस्येत्यर्थः । तथा च हेतुमति वृक्षादौ संयोगवद्वृत्तित्वाभावविशिष्टः संयोगाभावो नास्तीति नाव्याप्तिः**

**चन्द्रशेखरीयाः** ननु "प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगिनः यदधिकरणं, तस्मिन् अवर्तमानः हेत्वधिकरणे वर्तमानोऽभावः" इति उक्तम् । किन्तु **कपिसंयोगवान् एतद्वृक्षत्वात्** इति अत्राव्याप्तिः भवति । वृक्षे मूलावच्छेदेन यः कपिसंयोगाभावः वर्तते, स एव गुणेऽपि वर्तते । अधिकरणभेदेऽपि अत्यन्ताभावः एक एव मन्यते । गुणवृत्तिश्च कपिसंयोगाभावो गुणे कपिसंयोगस्याभावात् स्वप्रतियोग्यसमानाधिकरण एव । एवं च साध्याभावस्यैव लक्षणघटकत्वात् अव्याप्तिः । अयं भावः । एकस्मिन्नेव कपिसंयोगाभावे गुणावच्छेदेन स्वप्रतियोग्यधिकरणवृक्षावृत्तित्वं, मूलावच्छेदेन च हेत्वधिकरणवृत्तित्वं अस्ति इति कपिसंयोगाभावे निरुक्तप्रतियोग्यसमानाधिकरणत्वस्य हेत्वधिकरणवृत्तित्वस्य च

सत्वात् स एव लक्षणघटकः। अतोऽव्याप्तिः इति चेत् न, केवलं शुद्धाभावे प्रतियोग्यसमानाधिकरणत्त्वं हेत्वधिकरणवृत्तित्त्वं च नोपादेयम्, किन्तु प्रतियोग्यसमानाधिकरण-विशिष्टोऽभाव एव हेत्वधिकरणवृत्तितावान् ग्राह्यः। तथा च न अव्याप्तिः।

मूलावच्छिन्नः कपिसंयोगाभावः हेत्वधिकरणवृत्तितावान् अस्ति, किन्तु न स प्रतियोग्यसमानाधिकरणत्वविशिष्टः। अतः न स गृह्यते। गुणे वर्तमानः कपिसंयोगाभावः प्रतियोग्यसमानाधिकरणविशिष्टोऽस्ति। किन्तु तादृशो विशिष्टोऽभावः गुणे एव वर्तते। न तु वृक्षे इति स न हेत्वधिकरणवृत्तितावान् भवति इति सोऽपि न गृह्यते। इत्थं च साध्याभावस्य लक्षणाघटकत्वात् नाव्याप्तिः। अयमत्राशयः। भवतु नाम कपिसंयोगाभावः गुणावच्छेदेन स्वप्रतियोग्यसमानाधिकरणः, किन्तु प्रतियोग्यसमानाधिकरणो हेत्वधिकरणवृत्तिः प्रतियोग्यसमानाधिकरणत्वविशिष्ट एवाभावो ग्राह्यः। हेत्वधिकरणे वृक्षे च संयोगवद्वृत्तित्वविशिष्टकपिसंयोगाभावोऽस्ति। अर्थात् प्रतियोग्यसमानाधिकरणत्वविशिष्टकपिसंयोगाभावो नास्ति। तस्मात् नाव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ: કપિસંયોગી એતદ્વૃક્ષત્વાત્** અહીં અતિવ્યાપ્તિ આવશે. એતદ્વૃક્ષત્વાધિકરણ એતદ્વૃક્ષમાં મૂલાવચ્છેદેન જે કપિસંયોગાભાવ છે. તે જ અભાવ ગુણમાં રહેલો છે. કેમકે અધિકરણો જુદા હોવા છતાં અત્યન્તાભાવ તો એક જ માનેલો છે. એટલે ગુણમાં રહેલો કપિસંયોગાભાવ એ પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી ગુણમાં ન રહેતો હોવાથી સ્વપ્રતિયોગિ-અસમાનાધિકરણ છે જ. અને એ જ અભાવ વૃક્ષમાં મૂલાવચ્છેદેન છે. એટલે એ સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જાય છે.

**ઉત્તરપક્ષ:** પ્રતિયોગિ-અસમાનાધિકરણ્યથી વિશિષ્ટ એવો અભાવ જ હેત્વધિકરણવૃત્તિ તરીકે લેવાનો. ગુણમાં વૃત્તિ એવો કપિસંયોગાભાવ સ્વપ્રતિયોગિ-અસામાનાધિકરણ્યવિશિષ્ટ છે. પણ વૃક્ષમાં વૃત્તિ એવો કપિસંયોગાભાવ સ્વપ્રતિયોગિ-અસામાનાધિકરણ્યવિશિષ્ટ નથી. અને એટલે વૃક્ષવૃત્તિ એવો તાદૃશવિશિષ્ટકપિસંયોગાભાવ મળતો નથી. માટે તે લક્ષણઘટક ન બને. એટલે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- विशिष्टनिरूपिताधेयत्वमप्यतिरिक्तमित्याशयेनेदम्।**

**यद्वा-'तद्विशिष्टस्ये'त्यस्य 'हेत्वधिकरणे'ऽन्वयः तत्र च षष्ठ्यर्थोऽधिकरणत्वं-**

**तेन तद्विशिष्टस्याधिकरणं यद्धेत्वधिकरणं तद्वृत्तित्वमभावे वाच्यमित्यर्थः।**

---

**चन्द्रशेखरीया:** ननु विशिष्टं वस्तु शुद्धादभिन्नं एव इति न्यायात् कपिसंयोगाभावः प्रतियोग्यसमानाधिकरणत्त्व-विशिष्ट-गुणवृत्ति-कपिसंयोगाभावरूप एव। तथा च यदि कपिसंयोगाभावे हेत्वधिकरणवृत्तित्वं वर्तते, तदा विशिष्टाभावेऽपि तत् वर्तते इति हेत्वधिकरणवृत्तिः विशिष्टाभावोऽपि भवति। तस्मात् अव्याप्तिस्तदवस्थैव इति चेत् न, "विशिष्टनिष्ठा वृत्तिता शुद्धनिष्ठवृत्तित्वात् भिन्नैव" इत्यभिप्रायेण इदं ज्ञेयम्। तथा च शुद्धे कपिसंयोगाभावे एव हेत्वधिकरणवृत्तिता वर्तते, न तु विशिष्टे कपिसंयोगाभावे इति हेत्वधिकरणवृत्तिः न विशिष्टाभावो भवति। अतः साध्याभावस्य

लक्षणाघटकत्वात् नाव्याप्तिः। जागदीश्यां "विशिष्टनिरूपिताधेयत्वमपि" इत्यत्र अपिपदं प्रामादिकं। "इदं" पदानन्तरभावि वा। **ननु** विशिष्टं यदि शुद्धादभिन्नम्, तदा शुद्धनिष्ठा वृत्तिता विशिष्टनिष्ठवृत्तितारूपा कथं न भवेत्? तथा च विशिष्टाभावेऽपि हेत्वधिकरणवृत्तिता वर्तेत एव इति पुनरव्याप्तिः इति चेत् न, एवमपि विशिष्टनिरूपिताधिकरणता तु शुद्धनिरुपिताधिकरणत्वात् भिन्नैव सर्वेषामभिमता। तथा च दीधित्यां "तद्विशिष्टस्य हेत्वधिकरणवृत्तित्वं "इति यो ग्रन्थः, तत्र तद्विशिष्टस्य वृत्तितायामन्वयो न कर्तव्यः किन्तु हेत्वधिकरणे कर्तव्यः। षष्ठीविभक्तिस्तु अधिकरणत्वार्थिका। तथा च तद्विशिष्टाधिकरणं यद् हेत्वधिकरणं, तस्मिन् वर्तमानोऽभाव एव लक्षणघटकत्वेनाभिप्रेतः इति मन्तव्यम्। प्रतियोगिवैयधिकरण्यविशिष्टाभावाधिकरणं यत् हेत्वधिकरणं, तस्मिन् वर्तमानोऽभाव इति फलितार्थः। प्रतियोगिवैयधिकरण्यविशिष्टत्वं च अभावे स्वप्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरण-निरूपितवृत्तिताऽभाववत्वम्। एवं च नाव्याप्तिगन्धोऽपि। तथा हि-कपिसंयोगाभावः 'स्वप्रतियोगितावच्छेदकसमवायसम्बन्धेन कपिसंयोगत्वावच्छिन्नकपिसंयोगस्य यद् अधिकरणं वृक्षः,' तन्निरूपितवृत्तितावान् अस्ति। अतः कपिसंयोगाभावः प्रतियोगिवैयधिकरण्यविशिष्टो न भवति। तथा च न स लक्षणघटकः इति घटाद्यभावमादाय लक्षणसमन्वयः।

**चन्द्रशेखरीया: प्रश्नः** વિશિષ્ટ એ શુદ્ધથી અભિન્ન માનેલ છે. એટલે ગુણમાં રહેલો જે કપિસંયોગાભાવ કપિસંયોગાધિકરણ-અવૃત્તિત્વથી વિશિષ્ટ છે. અને જે વૃક્ષમાં મૂલાવચ્છેદેન શુદ્ધ કપિસંયોગાભાવ છે. તે બે ય એક જ હોવાથી વૃક્ષમાં કપિસંયોગાધિકરણ-અવૃત્તિત્વ=પ્રતિયોગિ-અસમા.વિશિષ્ટ એવો કપિસંયોગાભાવ રહેલો જ છે" એમ કહી શકાય. એટલે અવ્યાપ્તિ ઉભી જ રહેવાની.

**ઉત્તર:** વિશિષ્ટનિષ્ઠ એવી આધેયતા=વૃત્તિતા એ શુદ્ધ નિષ્ઠ એવી વૃત્તિતાથી જુદી જ છે. એ આશયને લઈને અહીં વાત કરી છે. એટલે મૂલાવચ્છિન્ન એવા કપિસંયોગાભાવમાં જે વૃક્ષવૃત્તિતા છે. તે કપિસંયોગાધિકરણ-અવૃત્તિત્વવિશિષ્ટ એવા કપિસંયોગાભાવમાં રહેલી ગુણાદિવૃત્તિતા કરતા જુદી જ છે. અને એટલે જ શુદ્ધકપિસંયોગાભાવમાં ભલે વૃક્ષવૃત્તિતા હોય પણ વિશિષ્ટમાં રહેલી વૃત્તિતા કરતા જુદી જ માનેલી છે. આમ તે વિશિષ્ટ-અભાવ તો વૃક્ષવૃત્તિ તરીકે લઈ શકાતો જ નથી. અને શુદ્ધકપિસંયોગાભાવ એ કપિસંયોગાધિકરણવૃત્તિ છે. એટલે તે પણ ન લેવાય. કેમકે અહીં તો પ્રતિયોગિઅસમા.ણ્યવિશિષ્ટ એવો જ અભાવ હેત્વધિકરણવૃત્તિ તરીકે .લેવાનો છે. આમ સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા અતિવ્યાપ્તિ ન આવે. જાગદીશીમાં જે "...વિશિષ્ટનિરૂપિતાધેયત્વમપિ" માં 'અપિ' શબ્દ છે તે નકામો છે. અથવા 'ઇદં' પછી જોડવો.

**પ્રશ્ન:** વિશિષ્ટ+શુદ્ધ જો એક છે તો પછી તેમાં રહેલી વૃત્તિતા જુદી શી રીતે મનાય? અને તેથી શુદ્ધકપિસંયોગાભાવમાં રહેલી વૃક્ષવૃત્તિતા એ ગુણનિષ્ઠ-વિશિષ્ટકપિસંયોગાભાવમાં પણ છે. એટલે પ્રતિ.અસમા.ણ્યવિશિષ્ટ એવો ગુણવૃત્તિકપિસંયોગાભાવ હેત્વધિકરણવૃત્તિ તરીકે મળી જતા અવ્યાપ્તિ આવે જ.

**ઉત્તર:** જવા દો એ વાત. "તદ્વિશિષ્ટસ્ય હેત્વધિકરણવૃત્તિત્વં વાચ્યમ્" એ પંક્તિનો "**તદ્=પ્રતિ.અસમા.ણ્ય** તેનાથી વિશિષ્ટ એવો અભાવ હેત્વધિકરણવૃત્તિ લેવો." એમ અર્થ ન કરવો. જે અત્યાર સુધી કરતા હતા. પણ તદ્વિશિષ્ટાધિકરણ એવું હેત્વધિકરણ લેવું. અને તેમાં વૃત્તિ એવો અભાવ લેવો. અહીં "**તદ્વિશિષ્ટસ્ય**" એમાં ષષ્ઠી વિભક્તિ છે. તેનો અર્થ "અધિકરણત્વ" થાય. એટલે તદ્વિશિષ્ટાધિકરણં હેત્વધિકરણં એમ અર્થ નીકળે.

**તદ્વિશિષ્ટાધિકરણં યદ્ હેત્વધિકરણં તદ્વૃત્તિ એવો અભાવ** એમ અર્થ થયો. અર્થાત્ પ્રતિયોગિ-અધિકરણવૃત્તિત્વાભાવવિશિષ્ટ એવા જે અભાવનું અધિકરણ હેત્વધિકરણ બને, તેમાં રહેલો તે અભાવ લક્ષણઘટક બને. આનો નિષ્કર્ષ એ કે જે અભાવ લક્ષણઘટક તરીકે લેવો હોય તે અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદકસંબંધથી પ્રતિયોગિતાવચ્છેદકધર્માવચ્છિન્ન એવા પ્રતિયોગીનું જે અધિકરણ હોય. તન્નિરૂપિતવૃત્તિતા-અભાવવાળા એવા જે અભાવનું અધિકરણ હેત્વધિકરણ બને. તેમાં રહેલો તે અભાવ લક્ષણઘટક ગણાય. જો તમે કપિસંયોગાભાવને લક્ષણઘટક બનાવો છો તો તત્પ્રતિયોગિતાવચ્છેદકસંયોગસંબંધથી કપિસંયોગત્વાવચ્છિન્નકપિસંયોગનું અધિકરણ વૃક્ષ જ બનશે. અને વૃક્ષનિરૂપિતવૃત્તિતા તો કપિસંયોગાભાવમાં છે જ. એટલે તાદૃશવૃત્તિતા-અભાવવાન્ આ કપિસંયોગાભાવ નથી મળતો. માટે એ લક્ષણઘટક ન બને. પંરતુ ઘટાભાવપ્રતિયોગિતા-અવચ્છેદકસંયોગસંબંધથી ઘટત્વાવચ્છિન્નઘટનું અધિકરણ ભૂતલ છે. અને ભૂતલનિરૂપિતવૃત્તિતા વૃક્ષવૃત્તિ એવા ઘટભાવમાં નથી. એટલે તાદૃશવૃત્તિતા-અભાવવાળા એવા ઘટાભાવનું અધિકરણ હેત્વધિકરણ વૃક્ષ છે. આમ ઘટાભાવ લક્ષણઘટક મળી જતાં અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- यद्यपि 'प्रतियोग्यसमानाधिकरणत्वं' हेतुविशेषणीकृत्य प्रतियोग्यसामानाधिकरण्यविशिष्टो यो हेतुस्तदधिकरणवृत्त्यभावस्य प्रतियोगितानवच्छेदकत्वविवक्षयैव 'संयोगी एतत्त्वा'दित्यादौ नाव्याप्तिसम्भवः वृक्षस्य प्रतियोगिवैयधिकरण्यावच्छिन्नहेत्वधिकरणत्वाभावात्-**

---

**चन्द्रशेखरीया:** अत्र **मथुरानाथाः** प्रतियोग्यसमानाधिकरणत्वं हेतुविशेषणं कर्तव्यम्। तथा च प्रतियोग्य-सामानाधिकरण्यविशिष्टो यो हेतुः, तदधिकरणवृत्तिरभाव एव ग्राह्य इति फलितार्थः। वृक्षत्वहेतुः कपिसंयोगा-भावप्रतियोगिकपिसंयोग-समानाधिकरणोऽस्ति। न तु असमानाधिकरणः। अतः न साध्याभावो ग्रहीतुं शक्यः, किन्तु घटाभाव एव। तत्प्रतियोगिघटासमानाधिकरण एव वृक्षत्वहेतुः। तस्मात् घटाभावस्य लक्षणघटकत्वात् नाव्याप्तिः इति यद् **वदन्ति**।

**ચન્દ્રશેખરીયા: મથુરાનાથ:** "પ્રતિયોગિ-અસમાનાધિકરણ" એને હેતુનું જ વિશેષણ કરી દઈએ તો ય વાંધો ન આવે. પ્રતિયોગિ-અસમાનાધિકરણ એવા હેતુના અધિકરણમાં વૃત્તિ જે અભાવ તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક... આવું લક્ષણ બને. કપિસંયોગાભાવનો પ્રતિયોગી કપિસંયોગ છે વૃક્ષત્વ તો કપિસંયોગસમાનાધિકરણ છે. એટલે પ્રતિ. અસમાનાધિકરણ હેતુ ન મળતા આ અભાવ ન લેવાય. ઘટાભાવપ્રતિયોગિઘટ-અસમાનાધિકરણ એવું વૃક્ષત્વ અને વૃક્ષત્વાધિકરણ વૃક્ષમાં વૃત્તિ એવા તે ઘટાભાવની પ્રતિયોગિતાનો અનવચ્છેદક કપિસંયોગત્વ મળે. આમ લક્ષણ ઘટી જાય.

---

**जागदीशी -- तथाऽपि 'कर्मणि च संयोगाभावः प्रतियोग्यसमानाधिकरण' इत्यग्रिममूलस्वरसेन 'हेतुसमानाधिकरणा-भावस्यै'व विशेषणं 'प्रतियोग्यसमानाधिकरणत्वं'दलमत एतावान् प्रयास इत्यवधेयम्।**

**चन्द्रशेखरीया:** तद् यद्यपि युक्तं । तथापि अत्रैव ग्रन्थे "कर्मणि च संयोगाभावः प्रतियोग्यसमानाधिकरण" इति वक्ष्यते । तेन च प्रतियोग्यसमानाधिकरणत्वं अभावस्यैव विशेषणं ग्रन्थकृतां अभिप्रेतम् इति ज्ञायते । अन्यथा "कर्मणि च हेतुः प्रतियोग्यसमानाधिकरण" इत्यादि एव उच्येत । अतः ग्रन्थकारस्य हेतौ अस्य विशेषणस्यानभिमतत्वात् मथुरानाथनिरूपणं परित्यज्यतेऽस्माभिः ।

**ચન્દ્રશેખરીયા: ઉત્તરપક્ષ:** તમારી વાત આમ તો સાચી છે. પણ આગળ આ જ ગ્રન્થમાં દીધિતિમાં **"કર્મણિ ચ સંયોગાભાવઃ પ્રતિયોગ્યસમાનાધિકરણ"** એમ લખવાના છે." આમાં "સંયોગાભાવ=સાધ્યાભાવ એ કર્મમાં પ્રતિયોગિ-અસમાનાધિકરણ છે." એમ લખેલ છે. અર્થાત્ સંયોગાભાવને જ પ્રતિયોગિ-અસમાનાધિકરણ તરીકે કહેલ છે. એટલે દીધિતિકારને પ્રતિ.અસમા.ણ્ય વિશેષણ અભાવનું જ બનાવવું છે. એટલે એ વિશેષણ હેતુનું બનાવવાની તમારી વાતમાં ગ્રન્થકારને અસ્વરસ જ છે. અને માટે જ એમના મતને અનુસરવા અમે આ લંબાણ કરેલ છે.

અહીં ફરી ભેદ જોઈ લઈએ કે હેત્વધિકરણવૃત્તિ-પ્રતિયોગિ-અસામાનાધિકરણ્યવિશ્લિષ્ટ-અભાવ એમ પ્રથમ અર્થ કર્યો. એમાં શુદ્ધસાધ્યાભાવમાં હેત્વધિકરણવૃત્તિતા છે અને વિશિષ્ટસાધ્યાભાવમાં હેત્વધિકરણ વૃત્તિતા નથી. કેમકે વૃત્તિતા શુદ્ધ+વિશિષ્ટમાં જુદી માની છે. એટલે જે શુદ્ધસાધ્યાભાવ હેત્વધિકરણવૃત્તિતાવાન્ છે. તે વિશિષ્ટ રૂપે ન હોવાથી તે ન લેવાય. અને જે વિશિષ્ટાભાવ ગુણાદિમાં છે. તેમાં હેત્વધિકરણવૃત્તિતા નથી. એટલે સાધ્યાભાવ લક્ષણઘટક ન બને. પરંતુ બેયમાં વૃત્તિતા એક માને તો તો વિશિષ્ટાભાવમાં પણ હેત્વધિકરણવૃત્તિતા શુદ્ધસાધ્યાભાવનિષ્ઠ આવી જ ગઈ. એટલે વાંધો આવે. માટે તેનો અર્થ બદલ્યો કે પ્રતિયોગિ-અસામાનાધિકરણ્યવિશિષ્ટ-અભાવાધિકરણં યત્ હેત્વધિકરણં તદ્વૃત્તિ એવો અભાવ લેવો. અને તેનો સ્પૃષ્ટ અર્થ પણ ઉપર જોયો. જેના દ્વારા અવ્યાપ્તિ નીકળી જાય છે.

---

**जागदीशी -- ननु भेदस्य व्याप्यवृत्तितया प्रतियोगिसमानाधिकरणभिन्नत्वोक्तौ च प्रागुक्ताव्याप्तिवारणसम्भवे 'तद्विशिष्टस्ये' त्यादिकं विफलमत आह- *तद्वद्वृत्तीति* । -प्रतियोगिमद्वृत्तिभिन्नत्वमित्यर्थः । *अत्रेति* । -'अस्वरसा'दित्यन्वयः । *न तदभाववत्त्वमिति* । -तथा च 'संयोगी सत्त्वा' दित्यादावतिव्याप्तिरिति भावः ।**

---

**चन्द्रशेखरीया:** ननु तथापि भेदो व्याप्यवृत्तिरस्ति । अतः "प्रतियोगिसमानाधिकरणभिन्नः यः हेत्वधिकरणवृत्तिरभावो... इत्यादिनैवाव्याप्तिनिरासः संभवति । यतः कपिसंयोगाभावो यदि गुणे प्रतियोगिसमानाधिकरणभिन्नो मन्यते तदा स एव कपिसंयोगाभावो वृक्षे प्रतियोगिसमानाधिकरणोऽस्ति, न तु तद्भेदवान् । तथा च एकस्मिन्नेव कपिसंयोगाभावे वृक्षावच्छेदेन प्रतियोगिसमानाधिकरणभेदाभावो गुणावच्छेदेन च तादृशभेदो वर्तेत । एवं चायम् भेदोऽव्याप्यवृत्तिर्भवेत् । न च तदिष्टम् । अतः न कपिसंयोगाभावः प्रतियोगिसमानाधिकरणभिन्नो मन्यते । तथा च न स लक्षणघटकः । अतोऽभावान्तरं आदाय लक्षणघटनात् नाव्याप्तिः । अतः तद्विशिष्टस्य हेत्वधिकरणवृत्तित्वं... इत्यादि निरूपणं विफलमेव, तद्विनैव

लक्षणसमन्वयसंभवात् इति चेत् न, एवं यदि प्रतियोग्यसमानाधिकरणपदं प्रतियोगिसमानाधिकरण-भिन्नार्थकं प्रतियोगिमद्वृत्तिभिन्नापरार्थकं मन्येत, तदाऽव्याप्यवृत्तिसाध्यके व्यभिचारिणि हेतौ अतिव्याप्तिः भवेत्। तथाहि- **संयोगी सत्वात्** इति अत्र सत्ताधिकरणे **गुणे** वर्तमानः संयोगाभावः प्रतियोगिसमानाधिकरणभिन्नो यद्यपि भवति, तथापि वृक्षादौ वर्तमानः स एव संयोगाभावः प्रतियोगिसमानाधिकरणो भवति। भेदस्य व्याप्यवृत्तित्वात् संयोगाभावः प्रतियोगिसमानाधिकरणभेदवान् न शक्यते गणयितुं। तस्मात् न स लक्षणघटकः। अतोऽभावान्तरमादाय लक्षणघटनात् अतिव्याप्तिः भवेत्। तस्मात् नेदं निरूपणं युक्तं।

**ચન્દ્રશેખરીયાઃ પ્રશ્નઃ** ભેદ એ વ્યાપ્યવૃત્તિ છે. એટલે પ્રતિયોગિસમાનાધિકરણભિન્ન એવો હેત્વધિકરણવૃત્તિ અભાવ એવો અર્થ કરવાથી જ અવ્યાપ્તિ નીકળી જાય. કેમકે ગુણવૃત્તિકપિસંયોગાભાવ અને વૃક્ષવૃત્તિ એવો કપિસંયોગાભાવ બે ય એક જ છે. હવે જો ગુણવૃત્તિકપિસંયોગાભાવ એ પ્રતિયોગિસમાનાધિકરણથી ભિન્ન=ભેદવાન્ માનીએ તો વૃક્ષવૃત્તિ એ જ કપિસંયોગાભાવ એ પ્રતિયોગિસમાનાધિકરણ છે આમ એક જ કપિસંયોગાભાવમાં ગુણાવચ્છેદેન પ્રતિ.સમાનાધિકરણભેદ અને વૃક્ષાવચ્છેદેન પ્રતિયોગિસમાનાધિકરણભેદનો અભાવ માનવો પડે. આમ તો ભેદ અવ્યાપ્યવૃત્તિ બની જાય. એ માન્ય ન હોવાથી કપિસંયોગાભાવમાં આ ભેદ રહેતો જ નથી એમ નક્કી થાય. એટલે પ્રતિયોગિસમાનાધિકરણભિન્ન=ભેદવાન્ તરીકે કપિસંયોગાભાવ લેવાય જ નહીં. એટલે અવ્યાપ્તિ ન આવે. અને એટલે પ્રતિયોગિ-અસામાનાધિકરણ્યવિશિષ્ટની હેત્વધિકરણમાં વૃત્તિતા ઇત્યાદિ ખુલાસાઓ કરવાની જ કોઈ જરૂર નથી.

**ઉત્તરઃ** ના. પ્રતિયોગિ-અસમાનાધિકરણ=પ્રતિયોગિસમાનાધિકરણભિન્ન=પ્રતિયોગિમદ્વૃત્તિભિન્ન એવો અર્થ ન કરાય. કેમકે એમાં અવ્યાપ્યવૃત્તિસાધ્યક એવા વ્યભિચારી સ્થાનમાં અતિવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે-**સંયોગી સત્વાત્** અહીં સત્તાધિકરણ ગુણાદિમાં સંયોગાભાવ મળે છે. પણ આ સંયોગ તો વૃક્ષાદિમાં રહેલો છે અને ત્યાં આ સંયોગાભાવ રહેલો છે. આથી આ સંયોગાભાવ એ દ્રવ્યાવચ્છેદેન તો પ્રતિયોગિ[સંયોગ]સમાનાધિકરણ જ છે. અને તેથી ગુણવૃત્તિ એવો પણ સંયોગાભાવ એ પ્રતિયોગિ [સંયોગ]સમાનાધિકરણભિન્ન તરીકે તો ન જ લેવાય. ભેદ વ્યાપ્યવૃત્તિ છે. એટલે બીજા અભાવને લઈને લક્ષણસમન્વય થઈ જતા અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- ननु 'संयोगाभावे गुणे न संयोगसामानाधिकरण्य'मिति प्रतीतिबलादेव गुणावच्छेदेन संयोगाभावे प्रतियोगिसामानाधकरण्याभावसत्त्वान्नातिव्याप्तिरत आह *प्रतीतेरिति*। -उक्तप्रतीतिस्तु संयोगाभावनिष्ठस्य संयोगसामानाधिकरण्यस्यावच्छेदकत्वाभावमेव गुणादौ संयोगानधिकरणीभूतगुणवृत्तित्वमेव वा संयोगाभावादाव-वगाहत इत्यर्थः तथा चातिव्याप्तिस्तदवस्थैवेति भावः। वक्ष्यति=मूलकारः। तच्च=तदपि।**

***हेत्वधिकरण इति*। -तेन कपिसंयोगाभावस्य प्रतियोगिवैयधिकरण्यावच्छेदकीभूतगुणाद्यवच्छिन्नत्वेऽपि 'कपिसंयोग्येतत्त्वा'दित्यादौ नाव्याप्तिरिति भावः।**

**चन्द्रशेखरीया: ननु** "संयोगाभावे गुणे न संयोगसामानाधिकरण्यम्" इति प्रतीतिबलादेव संयोगाभावः गुणावच्छेदेन प्रतियोगिसामानाधिकरण्याभाववान् प्रसिद्धो भवति। तस्मात् तस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिरिति **चेत्** न, संयोगाभावो वृक्षावच्छेदेन स्वप्रतियोगिमद्वृत्तिस्वरूपो भवति। अतः तत्र स्वप्रतियोगिमद्वृत्तिभेदो गुणावच्छेदेनाऽपि न शक्यते गणयितुं। या तु प्रतीतिर्भवति तस्यास्तु अयमर्थः-"गुणः संयोगाभावनिष्ठस्य संयोगसामानाधिकरण्यस्यानवच्छेदक" इति। यदिवा "संयोगाभावः संयोगानधिकरणीभूतगुणे न वर्तते" इति। न तु "संयोगाभावः गुणे संयोगसामानाधिकरण्याभाववान्" इति। तथा च नोक्तप्रतीत्यापि साध्याभावः प्रतियोग्यसमानाधिकरणस्वरूपः सिध्यति इति न स लक्षणघटको भवति। तस्मात् अतिव्याप्तिः भवत्येव। अत एव निरुक्तलक्षणेऽस्वरसाद् **प्रतियोगिवैयधिकरण्यं** इत्यादि विशेषणं वक्ष्यति ग्रन्थकारः। तच्च विशेषणं हेत्वधिकरणे बोध्यं न तु अभावे। तथा च **कपिसंयोगवान् एतद्वृक्षत्वात्** इत्यादौ कपिसंयोगाभावस्य गुणावच्छेदेन प्रतियोगिवैयधिकरण्येऽपि न क्षतिः। कपिसंयोगाभावप्रतियोगिकपिसंयोगस्याधिकरणमेव वृक्षः, न तु अनधिकरणं इति न साध्याभावो लक्षणघटकः तथा च नाव्याप्तिः इति भावः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** પ્રતિયોગિસમાનાધિકરણભિન્ન=પ્રતિયોગિમદ્વૃત્તિભિન્ન એ જ અર્થ કરેલો છે. હવે "સંયોગાભાવે ગુણે=ગુણાવચ્છેદેન ન સંયોગસામાનાધિકરણ્યમસ્તિ "એ પ્રતીતિ થાય છે. એટલે ગુણવૃત્તિ સંયોગાભાવ એ સંયોગવદ્વૃત્તિભિન્ન તરીકે જ પ્રતીત થાય છે. માટે એને લક્ષણઘટક તરીકે લઈ જ શકાય છે. અને તેથી અતિવ્યાપ્તિ ન આવે.

**ઉત્તર:** આ પ્રતીતિનો અર્થ તો બીજી રીતે પણ ઘટી શકે છે. "ગુણ એ સંયોગાભાવમાં રહેલા સંયોગસામાનાધિકરણ્યનો અવચ્છેદક નથી" એમ માની શકાય. એટલે ગુણવૃત્તિ સંયોગાભાવ એ સંયોગવદ્વૃત્તિભિન્ન તરીકે સિદ્ધ ન થવાથી અતિવ્યાપ્તિ ઉભી જ રહેવાની. અથવા તો આ પ્રતીતિનો બીજો અર્થ એ પણ લઈ શકાય કે "સંયોગાભાવ એ સંયોગાનધિકરણ એવા ગુણમાં રહેલ છે." ભલે એ અર્થ લઈએ. તો ય સંયોગાભાવ એ સંયોગવદ્-વૃત્તિભિન્ન તરીકે તો સિદ્ધ થતો જ નથી. એટલે સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા અતિવ્યાપ્તિ ઉભી તો રહે જ.

એટલે જ આ કરેલા નિરૂપણમાં મૂલકારને પણ અસ્વરસ છે જ. અને માટે જ આગળ તેઓ પ્રતિયોગિવ્યધિકરણ એ હેત્વધિકરણનું વિશેષણ બનાવવાના છે. અહીં પ્રતિયોગિવ્યધિકરણ= પ્રતિયોગિ-અનધિકરણ એવો કરવો. આમ કરવાથી અતિવ્યાપ્તિ ન આવે. કેમકે સંયોગાભાવપ્રતિયોગિસંયોગાનધિકરણ એવો ગુણ અને તેમાં સંયોગાભાવ મળી જતા સાધ્યાભાવ જ લક્ષણઘટક બની ગયો. એ રીતે **કપિસંયોગી એતત્વાત્માં** પણ વાંધો ન આવે. ભલે ત્યાં ગુણાવચ્છેદેન કપિસંયોગાભાવ એ પ્રતિયોગિવ્યધિકરણ બનતો હોય. તો પણ હેત્વધિકરણ વૃક્ષ તો કપિસંયોગાધિકરણ જ હોવાથી સાધ્યાભાવ એ લક્ષણ ઘટક બનવાનો નથી. માટે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- ननु हेत्वधिकरणे प्रतियोगिवैयधिकरण्यावच्छेदकावच्छिन्नत्वं – प्रतियोगिसामानाधिकरण्यानवच्छेद-कीभूतहेत्वधिकरणवृत्तित्वमिति यावत् तच्च व्याप्यवृत्तेरवच्छेदकत्वविरहादप्रसिद्धं गुरुतरञ्चेत्यत**

आह- *प्रतियोग्यनधिकरणीभूतेति।।१२।।

**चन्द्रशेखरीयाः ननु** हेत्वधिकरणे प्रतियोगिवैयधिकरण्यावच्छेदकावच्छिन्नत्वं प्रतियोगिसामानाधिकरण्यानवच्छेदकीभूतहेत्वधिकरणवृत्तित्वं इति फलितम्। तच्च व्याप्यवृत्तिसाध्यकस्थले न संभवति। यतः तत्र प्रतियोगिसामानाधिकरण्यस्य व्याप्यवृत्तित्वात् तदवच्छेदकस्यैवाप्रसिद्ध्या तदनवच्छेदकमपि अप्रसिद्धं। अतः तत्र इदं लक्षणं कथं घटेत? एवमपि गुरुतरं इदं निरूपणं इति **चेत्** तर्हि प्रतियोग्यनधिकरणीभूतहेत्वधिकरणवृत्त्यभाव इत्येव मूलग्रन्थेऽभावान्तरस्य निष्कर्षो वाच्यः। अयमाशयः। पूर्वपक्षस्य प्रतियोगिवैयधिकरण्यं यद्यपि हेत्वधिकरणविशेषणमेव अभिमतम्। तथापि यदि प्रतियोगिवैयधिकरण्यं प्रतियोगिसामानाधिकरण्यानवच्छेदकत्वरूपं। यथा गुणः कपिसंयोगाभावनिष्ठस्य प्रतियोगिसामानाधिकरण्यस्यानवच्छेदको भवति स एव गुणः सत्ताधिकरणमपि इति तत्र साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः। तदा तु प्रतियोगिसामानाधिकरण्यस्य व्याप्यवृत्तित्वात् तदवच्छेदकस्यैवाप्रसिद्ध्याऽप्रसिद्धं भवेत्। केनचित् मतेन तस्य प्रसिद्धावपि गौरवदोषस्तु दुर्वारः इत्यतो नेदमुचितं भवत्कृतं प्रतियोगिवैयधिकरण्यपदार्थनिरूपणम् इति। तत्र उत्तरपक्षः कथयति। केवलं प्रतियोग्यनधिकरणं यद् हेत्वधिकरणं इत्येव वक्तव्यं अर्थात् प्रतियोग्यसामानाधिकरण्यं प्रतियोग्यनधिकरणत्वरूपमेव न तु निरुक्तस्वरूपं। अतः न गौरवादिदोषावकाशः।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** આનો અર્થ એ કે હેત્વધિકરણ એ પ્રતિયોગિવૈયધિકરણ્યાવચ્છેદક હોવો જોઈએ. અને આ "પ્રતિયોગિવૈયધિકરણ્ય=પ્રતિયોગિના અધિકરણમાં રહેલ જે પ્રતિયોગ્યભાવ, તેમાં રહેલી વૃત્તિતાનું અનવચ્છેદકત્વ." આવો જો અર્થ કરો તો પ્રતિયોગિવૈયધિકરણ્યાવચ્છેદકથી અવચ્છિન્ન એવો અભાવ હેત્વધિકરણમાં લેવાનો રહેશે. એટલે કે "પ્રતિયોગિસામાનાધિકરણ્યાનવચ્છેદક એવું જે હેત્વધિકરણ, તેમાં વૃત્તિ એવો અભાવ" એવો અર્થ થશે. એટલે કે સ્વપ્રતિયોગિનું જે અધિકરણ હોય, અભાવમાં રહેલી તાદૃશાધિકરણાનિરૂપિતવૃત્તિતાનું અનવચ્છેદકત્વ હેત્વધિકરણમાં હોવું જોઈએ. એ જ "પ્રતિયોગિવૈયધિકરણ્ય" સ્વરૂપ છે. જેમકે કપિસંયોગાભાવપ્રતિયોગીકપિસંયોગનું અધિકરણ વૃક્ષ છે. કપિસંયોગાભાવ તેનાથી નિરૂપિતવૃત્તિતાવાળો છે. એ વૃત્તિતાની અવચ્છેદકતા હેત્વધિકરણ=વૃક્ષમાં છે. એટલે અહીં કપિસંયોગાભાવને લઈને વૃક્ષ એ પ્રતિયોગિવ્યધિકરણ બનતું નથી. માટે ઘટાભાવાદિ દ્વારા લક્ષણ સમન્વય થઈ જાય.

પણ આવો અર્થ કરશું તો વ્યાપ્યવૃત્તિસાધ્યનો અવચ્છેદક તો કોઈ ન હોય એટલે ત્યાં તો આવું અનવચ્છેદક હેત્વધિકરણ પણ અપ્રસિદ્ધ બનશે. અને વળી આમાં ગૌરવ પણ ઘણું છે.

**ઉત્તર:** "પ્રતિયોગિ-અનધિકરણ એવું જે હેત્વધિકરણ તેમાં વૃત્તિ એવો અભાવ "આટલો જ અર્થ કરવાનો છે. એટલે પછી કોઈ દોષ રહેતા નથી. આ અર્થ આગળ બતાવી જ ગયા. પરંતુ "દીધિતિમાં આ પંક્તિ શા માટે મુકી?" તે માટે આ ખુલાસાઓ કરેલા છે.

## दीधिति

ननु प्रतियोगितावच्छेदकावच्छिन्नस्य यस्य कस्यचित्,– तत्सामान्यस्य;–

प्रतियोगितावच्छेदकयत्किञ्चिदवच्छिन्नस्य वा,–

– अनधिकरणत्वमुक्तम्?

आद्ये – अव्याप्यवृत्तिसाध्यकाव्याप्तिः,–

एकप्रतियोग्यधिकरणस्यापि तद्व्यक्त्यन्तरानधिकरणत्वात्,

द्वितीये–'संयोगसामान्याभाववान्, – 'द्रव्यत्वाभाववान्,– वा सत्त्वा'दित्यादावतिव्याप्तिः,

साध्याभाववतो द्रव्यस्य तत्प्रतियोगिसंयोगविशेषाभाववत्त्वात्,

नित्यत्वादिविशिष्टद्रव्यत्वाभावात्मक-तत्प्रतियोगिनोऽधिकरणत्वाच्च,

– स्वाभावाभावात्मकस्य, –

– विशिष्टस्यापि द्रव्यत्वस्य द्रव्यत्वानतिरेकात्।

---

जागदीशी -- *कस्य चिदिति*। –'अनधिकरणत्व'मिति परेणान्वयः।

*तद् व्यक्त्यन्तरेति*। प्रतियोगिव्यक्त्यन्तरेत्यर्थः। स्वमते संयोगसामान्याभावस्य केवलान्वयित्वात्तत्साधक-सत्तादिकं सद्धेतुरेवातः साध्यान्तरमाह–*द्रव्यत्वाभावेति*।

---

**चन्द्रशेखरीया:** ननु "प्रतियोगितावच्छेदकावच्छिन्नस्य यस्य कस्यचित् प्रतियोगिनोऽनधिकरणं हेत्वधिकरणं" इति यदि उच्यते, तदा तु **कपिसंयोगी एतद्वृक्षत्वात्** इति अत्र तथैवाव्याप्तिः। कपिसंयोगाभावप्रतियोगितावच्छेदक-कपिसंयोगत्वावच्छिन्नस्य भूतलवृत्तिकपिसंयोगस्य प्रतियोगिस्वरूपस्यानधिकरणं हेत्वधिकरणं भवत्येव एतद्वृक्षः इति साध्याभावस्यैव लक्षणघटकत्वात् अव्याप्तिः। तद्वारणाय यदि→तादृशप्रतियोगिसामान्यस्यानधिकरणं हेत्वधिकरणं ग्राह्यं कपिसंयोगत्वावच्छिन्नस्य शाखावृत्तिकपिसंयोगस्याधिकरणं वृक्षः भवति। तथा च कपिसंयोगसामान्यस्यानधिकरणं हेत्वधिकरणं नास्ति इति साध्याभावस्य लक्षणाघटकत्वात् नाव्याप्तिरिति←उच्यते, तदा **संयोगाभाववान् सत्वात्** इति अत्रातिव्याप्तिः भवेत्। अत्र सत्ता द्रव्येऽपि वर्तते, तत्र तु संयोगस्य सत्वात् अयं व्यभिचारी हेतुः। किन्तु तथापि

साध्याभावो न निरुक्तरीत्या लक्षणघटकः संभवति। तथा हि-संयोगाभावाभावःसंयोगरूप एवात्र साध्याभावः। स च सत्वाधिकरणे द्रव्ये एव वर्तते, न तु गुणादौ। संयोगाभावाभावस्य प्रतियोगिनस्तु संयोगविशेषाभावाः। सर्वस्मिन् द्रव्ये संयोगविशेषाभावा वर्तन्त एव इति किमपि द्रव्यं संयोगाभावाभावप्रतियोगिसंयोगाभावसामान्यानधिकरणं न भवति इति साध्याभावस्य लक्षणाघटकत्वात् अभावान्तरमादाय लक्षणसमन्वयो भवति इति अतिव्याप्तिः भवति।

**न च** दीधितिकारमते संयोगसामान्याभावस्य केवलान्वयित्वात् सत्वहेतुः अव्यभिचारी एव। तथा च अत्र लक्षणगमनं इष्टं इति नातिव्याप्तिदानं संगतमिति **वाच्यम्** तथापि **द्रव्यत्वाभाववान् सत्वात्** इति अत्रातिव्याप्तिर्भवेत्। सत्वाधिकरणे द्रव्ये एव द्रव्यत्वाभावाभावो द्रव्यत्वस्वरूपो विद्यते, तस्य प्रतियोगी यथा द्रव्यत्वाभावः, तथैव नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वाभावो अनित्यघटादिवृत्तित्वविशिष्ट-द्रव्यत्वाभावोऽपि च भवति। विशिष्टस्य शुद्धानतिरेकात्। तत्र गगनादौ नित्ये द्रव्ये अनित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वस्य अभावः वर्तते। अनित्ये घटादौ नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याभावो वर्तते। एवं च सर्वाणि द्रव्याणि हेत्वधिकरणीभूतानि द्रव्यत्वाभावाभावस्य विशिष्टद्रव्यत्वाभावात्मकप्रतियोगिनः अधिकरणीभूतानि एव। न किमपि द्रव्यं सर्वेषां विशिष्टद्रव्यत्वाभावशुद्धद्रव्यत्वाभावादिप्रतियोगिनामनधिकरणं इति अत्र साध्याभावस्य लक्षणाघटकत्वात् अतिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયાઃ પૂર્વપક્ષઃ** અમારા ત્રણ વિકલ્પો છે. (a) પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન એવા એકાદ-બેનું અનધિકરણ એવું હેત્વધિકરણ લેવાનું? (b) પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન તમામે તમામનું અનધિકરણ એવું હેત્વધિકરણ લેવાનું? (c) કોઈપણ એકાદ પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન એવા તમામનું અનધિકરણ લેવાનું?

જો (a) માનશો તો **કપિસંયોગવાન્ એતદ્વૃક્ષત્વાત્માં** અવ્યાપ્તિ આવશે. કપિસંયોગત્વાવચ્છિન્ન એવા એકાદ કપિસંયોગ તરીકે તો ભૂતલવૃત્તિ કપિસંયોગ પણ લેવાય. અને તેનું અનધિકરણ વૃક્ષ બની જતા સાધ્યાભાવ જ લક્ષણઘટક બને.

**પ્રશ્નઃ** (b) લેશું. કપિસંયોગત્વાવચ્છિન્નમાં તો વૃક્ષવૃત્તિ કપિસંયોગ પણ આવે. તેનું અનધિકરણ વૃક્ષ ન બને. માટે સાધ્યાભાવ ન લેવાય, ઘટાભાવાદિ દ્વારા લક્ષણ ઘટી જાય.

**પૂર્વપક્ષઃ** તો પછી **સંયોગસામાન્યાભાવવાન્ સત્વાત્** માં અતિવ્યાપ્તિ આવે. સત્તાધિકરણ એવા દ્રવ્યમાં જ સાધ્યાભાવ=સંયોગાભાવાભાવ=સંયોગ મળવાનો. પણ એનો પ્રતિયોગી સંયોગવિશેષાભાવ તો દ્રવ્યમાં તત્તદવયવાવચ્છેદેન મળી જ જવાનો છે. એટલે દ્રવ્ય પણ પ્રતિયોગિસામાન્યાનધિકરણ નથી બનતું. માટે સાધ્યાભાવ લક્ષણઘટક નહીં બને. એટલે અતિવ્યાપ્તિ આવે.

**પ્રશ્નઃ** વાહ! દીધિતિમતે તો સંયોગસામાન્યાભાવ બધે જ રહેલો હોવાથી આ સ્થાન સાચું જ છે. માટે એમને તો લક્ષણગમન ઇષ્ટ જ છે.

**પૂર્વપક્ષઃ** તો પણ **દ્રવ્યત્વાભાવવાન્ સત્વાત્** અહીં અતિવ્યાપ્તિ આવશે. કેમકે સત્તાધિકરણ એવા ઘટાદિ તો

અનિત્ય છે. તેમાં દ્રવ્યત્વાભાવાભાવ=દ્રવ્યત્વ રહે છે ખરું. પણ નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વ એ ઘટાદિમાં ન રહે. અર્થાત્ ઘટાદિમાં નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વાભાવ છે જ. અને આ વિશિષ્ટદ્રવ્યત્વાભાવ એ શુદ્ધદ્રવ્યત્વાભાવ રૂપ જ હોવાથી દ્રવ્યત્વાભાવાભાવના પ્રતિયોગી તરીકે દ્રવ્યત્વાભાવ+નિત્યત્વવિ.દ્રવ્યત્વાભાવ બે ય બને છે. તેમાં ઘટાદિ તો નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વાભાવાધિકરણ હોવાથી ઘટાદિ એ પ્રતિયોગિસામાન્યના અનધિકરણ તરીકે નથી મળતા. પરિણામે પાછી અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी -- यद्यपि द्रव्यत्वाभावस्य व्याप्यवृत्तित्वात्तत्साध्यके प्रतियोगिवैयधिकरण्याप्रवेशादिदमसङ्गतम्;**

---

**चन्द्रशेखरीया: ननु** द्रव्यत्वाभावस्य व्याप्यवृत्तित्वात् प्रतियोगिवैयधिकरण्याघटितमेव लक्षणमत्र वाच्यम्। तथा च सत्त्वाधिकरणे द्रव्ये द्रव्यत्वाभावाभावस्य वर्तमानत्वात् सहजतः एव साध्याभावो लक्षणघटकः इति नातिव्याप्तिः। द्रव्यत्वाभावः स्वाधिकरणे गुणादौ वर्तमानस्य स्वरूपेण घटाभावस्याप्रतियोग्यस्ति। अतः न स व्याप्यवृत्तिरेव इति चेत्।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્નઃ** પણ દ્રવ્યત્વાભાવ એ વ્યાપ્યવૃત્તિપદની પહેલી વ્યાખ્યા પ્રમાણે વ્યાપ્યવૃત્તિ છે. એટલે ત્યાં પ્રતિયોગિવ્યધિકરણ શબ્દ મુકવાનો જ નથી. અને તેથી સત્તાધિકરણ ઘટાદિમાં દ્રવ્યત્વાભાવાભાવ=દ્રવ્યત્વ સહજ રીતે જ મળી જતા કોઈ દોષ રહેતો નથી. અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- न चात्र कालिकसम्बन्धावच्छिन्नद्रव्यत्वाभावः साध्यः, स च गुणाद्यवच्छेदेन काल एवाव्याप्यवृत्तिरिति वाच्यम्; तथा सति तस्य केवलान्वयित्वात्तत्साध्यकसत्त्वादेः सद्धेतुत्वेन तत्रातिव्याप्तेरुपन्यासानौचित्यात्-**

---

**चन्द्रशेखरीया:** न, अत्र कालिकावच्छिन्नप्रतियोगिताकद्रव्यत्वाभाव एव स्वरूपेण साध्यः, न तु समवायावच्छिन्नप्रतियोगिताको द्रव्यत्वाभावः। सत्वाभावो गुणाद्यवच्छेदेन काले वर्तते, गुणे द्रव्यत्वाभावात् काले गुणावच्छेदेन द्रव्यत्वं कालिकेन नास्ति इति काले द्रव्यत्वाभावः सुघटः। तत्रैव काले द्रव्यत्वाभावाभावस्य सत्वात् तस्य प्रतियोगी द्रव्यत्वाभावो भवति इति द्रव्यत्वाभावोऽपि अव्याप्यवृत्तिरेव। तथा च तत्र प्रतियोगिवैयधिकरण्यघटितमेव लक्षणं वाच्यम्। तच्च पूर्ववत् अतिव्याप्तं भवति। अत्र इदं ज्ञेयं यदुत काले समवायेन द्रव्यत्वं वर्तते। अतः समवायावच्छिन्नद्रव्यत्वाभावः काले न ग्रहीतुं शक्यते। किन्तु काले गुणाद्यवच्छेदेन कालिकेन द्रव्यत्वस्याभावो वर्तते। अतः स ग्रहीतुं शक्यते। तेन च इदं साध्यं अव्याप्यवृत्ति भवति।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** અહીં કાલિકાવચ્છિન્નપ્રતિયોગિતાકદ્રવ્યત્વાભાવ એ જ અહીં સ્વરૂપથી સાધ્ય તરીકે છે. અને એટલે એ અવ્યાપ્યવૃત્તિ જ છે. કેમકે કાલમાં ગુણાવચ્છેદેન દ્રવ્યત્વ કાલિકથી નથી રહેતો. એટલે દ્રવ્યત્વાભાવ એ કાળમાં સ્વરૂપથી મળી જાય છે. અને એ જ કાળમાં દ્રવ્યાવચ્છેદેન દ્રવ્યત્વાભાવાભાવ=દ્રવ્યત્વ

એ કાલિકથી રહી જાય છે. અને તેનો પ્રતિયોગી દ્રવ્યત્વાભાવ બનતા તે અવ્યાપ્યવૃત્તિ જ છે. માટે ત્યાં "પ્રતિયોગિ-અનધિકરણ" વિશેષણ લેવાનું જ છે. અને તેથી ઉપર મુજબ અવ્યાપ્તિ આવે જ છે.

**પ્રશ્ન:** જો કાલિકાવચ્છિન્નપ્રતિયોગિતાકદ્રવ્યત્વાભાવ એ સ્વરૂપસં.થી સાધ્ય હોય તો એ તો સર્વત્ર રહેલો જ હોવાથી સત્તાધિકરણ ગુણાદિમાં પણ રહેલો જ છે. એટલે કે તે કેવલાન્વયી છે. અને માટે અહીં સત્તા હેતુ સાચો હોવાથી ત્યાં લક્ષણગમન એ તો ઇષ્ટ જ બને છે. એટલે અતિવ્યાપ્તિ કહેવી ઉચિત નથી. એટલે વસ્તુતઃ સમવાયેન દ્રવ્યત્વાભાવ એ જ સ્વરૂપથી સાધ્ય છે. વ્યાપ્યવૃત્તિ જ સાધ્ય માનવું. અને તેમાં અતિવ્યાપ્તિ આવતી નથી.

---

**जागदीशी -- तथाऽपि सत्त्वे हेतौ द्रव्यत्वाभावस्य व्यभिचारग्रहदशायामपि 'प्रतियोगिसामान्यानधिकरण-सत्त्ववन्निष्ठाभावप्रतियोगितानवच्छेदकं द्रव्यत्वाभावत्व'मित्याकारकव्यापकताज्ञानादनुमित्या-पत्तिरेवात्रा'तिव्याप्ति' शब्दार्थः ।**

---

**चन्द्रशेखरीया: ननु** एवं सति कालिकावच्छिन्नद्रव्यत्वाभावस्य केवलान्वयित्वात् तत्साध्यकं सत्त्वं सद्धेतुरेव इति तत्र लक्षणगमनमिष्टं । तस्मात् तत्रातिव्याप्तिदानमसङ्गतमेव भवेत् । कथं केवलान्वयित्वमिति चेत् **इत्थं ।** ये जन्याः पदार्थाः, ते सर्वे कालोपाधयः भवन्ति । तेषु द्रव्यावच्छेदेन कालिकेन द्रव्यत्वं वर्तते । किन्तु द्रव्यत्वाभाववद्गुणावच्छेदेन तेष्वेव कालिकेन द्रव्यत्वस्याभावो वर्तते । ये तु नित्याः पदार्थाः, तेषु कस्यापि कालिकेनावर्तमानत्वात् द्रव्यत्वस्यापि कालिकेनाभावः सुलभः इति भवति कालिकेन द्रव्यत्वाभावः केवलान्वयी । तथा चातिव्याप्तिकथनमनुचितम् इति चेत् न, इत्थं सति यद्यपि हेत्वधिकरणद्रव्यवृत्ति-द्रव्यत्वाभावाभावप्रतियोगितावच्छेदकद्रव्यत्वाभावत्वावच्छिन्नत्वात्मकं अव्याप्यकत्वं द्रव्यत्वाभावे ज्ञायते । तेन च "सत्त्वे हेतौ द्रव्यत्वाभावस्य व्यभिचारोऽस्ति" इति ज्ञानं भवति । किन्तु तदापि प्रतियोग्यनधिकरणहेत्वधिकरणवृत्तिघटाभावप्रतियोगितानवच्छेदकद्रव्यत्वाभावत्वावच्छिन्नत्वात्मकस्य व्यापकत्वस्य ज्ञानं द्रव्यत्वाभावे भवत्यपि । तथा च तादृशव्यापकताज्ञानात् "द्रव्यत्वाभाववान्" इत्यनुमित्यापत्तिः एवात्रातिव्याप्तित्वेन परिभाषणीया । न तु लक्षणस्यातिव्याप्तिः । **ननु** प्रागेवोक्तं यत् व्याप्यवृत्तितानवच्छेदकधर्मावच्छिन्नसाध्यकानुमितिं प्रत्येव प्रतियोगिवैयधिकरण्यघटितव्याप्तिज्ञानं कारणं । "द्रव्यत्वाभाववान्" इति अनुमितिस्तु व्याप्यवृत्तितावच्छेदकद्रव्यत्वाभावत्वावच्छिन्नसाध्यिका । अतः न तादृशज्ञानात् तादृशानुमित्यापत्तिरिति चेत् ।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** કબુલ છે કે આ સમવાયાવચ્છિન્નદ્રવ્યત્વાભાવ સ્વરૂપથી સાધ્ય છે. અને તે વ્યાપ્યવૃત્તિ જ છે. અને તેથી સત્તાધિકરણવૃત્તિ-દ્રવ્યત્વાભાવપ્રતિયોગિતાવચ્છેદકદ્રવ્યત્વાભાવત્વાવચ્છિન્નત્વ રૂપ અવ્યાપકત્વ એ દ્રવ્યત્વાભાવમાં જણાય છે. અર્થાત્ "આ સત્તાહેતુમાં દ્રવ્યત્વાભાવનો વ્યભિચાર છે." એવું જ્ઞાન થાય ત્યારે પણ પ્રતિયોગિ=ઘટાદિસામાન્યનું અનધિકરણ એવું સત્તાધિકરણ દ્રવ્યાદિ અને તેમાં રહેલ એ ઘટાભાવની પ્રતિયોગિતાનો અનવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ છે, એવા વ્યાપકતાજ્ઞાન દ્વારા "દ્રવ્યત્વાભાવવાન્" એવી અનુમિતિ થવાની આપત્તિ એ જ અહીં અતિવ્યાપ્તિ જાણવી. દ્રવ્યત્વાભાવભાવ લક્ષણઘટક ન બને. કેમકે

તેનો પ્રતિયોગી નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વાભાવ ઘટાદિમાં અને અનિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વાભાવ એ આકાશાદિમાં રહેલા છે. એટલે એ હેત્વધિકરણો પ્રતિયોગ્યધિકરણ બની ગયા છે.

---

**जागदीशी -- वस्तुतो-द्रव्यत्वाभावस्यापि न प्रागुक्तव्याप्यवृत्तित्वमिति ध्येयम् ।**

---

**चन्द्रशेखरीया: सत्यं** तथापि वस्तुतः व्याप्यवृत्तिद्वितीयव्याख्यानुसारेण तु द्रव्यत्वाभावोऽपि अव्याप्यवृत्तिरेव । तथा चात्र प्रतियोगिवैयधिकरण्यघटितमेव लक्षणं वाच्यम् । तच्चातिव्याप्तमेव ।

**ચન્દ્રશેખરીયા:** અને ખરી વાત તો એ કે દ્રવ્યત્વાભાવ પણ બીજી વ્યાખ્યા પ્રમાણે અવ્યાપ્ય વૃત્તિ હોવાથી ત્યાં પ્રતિયોગ્યનધિકરણ... ઇત્યાદિ લક્ષણ જ માનવું પડશે. અને એ તો અતિવ્યાપ્ત બને જ છે. એ આપણે જોઈ ગયા છીએ.

---

**जागदीशी -- प्रथमे साध्येऽतिव्याप्तिं ग्राहयति --*साध्याभाववत् इति* । *तत्प्रतियोगीति* । तस्य=संयोगात्मनः साध्याभावस्य यः प्रतियोगी=संयोगविशेषाभावः तद्वत्त्वादित्यर्थः ।**

---

**चन्द्रशेखरीया:** एवं तावत् जागदीशीग्रन्थः चिन्तितः । साम्प्रतं दीधित्यां यथातिव्याप्तिः ग्राह्यते तथा दर्श्यते । **संयोगाभाववान् सत्त्वात्** इति अत्र संयोगाभावाभाववति अपि द्रव्ये तत्प्रतियोगिसंयोगविशेषाभावस्य सत्वात् प्रतियोग्यधिकरणमेव हेत्वधिकरणं भवति इति साध्याभावस्य लक्षणाघटकत्वात् अतिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા:** અહીં દીધિતિમાં પહેલા સંયોગસામાન્યાભાવસાધ્યક સ્થલે અતિવ્યાપ્તિ શી રીતે આવે? તે બતાવે છે કે સંયોગસામાન્યાભાવાભાવનો પ્રતિયોગી તે તે સંયોગવિશેષાભાવો તો સત્તાધિકરણ એવા દ્રવ્યમાં રહેલા જ છે. એટલે અહીં હેત્વધિકરણ એ પ્રતિયોગિસામાન્યનું અનધિકરણ બનતું જ નથી. ખ્યાલ રાખવો કે ગુણો પણ હેત્વધિકરણ છે. પણ ત્યાં તો સાધ્યાભાવ=સંયોગાભાવભાવ=સંયોગ રહેતા જ ન હોવાથી અતિવ્યાપ્તિ દૂર કરવા માટે દ્રવ્યમાં જ વિચારણા કરે છે. એમ સર્વત્ર વિચારવું.

---

**जागदीशी -- द्वितीयेऽतिव्याप्तिं योजयति-*नित्यत्वादीति* । नित्य[वृत्ति]त्वविशिष्टं यद्द्रव्यत्वं, तदभावात्मको यः साध्याभावस्य प्रतियोगी, तदधिकरणत्वात्-साध्याभाववतो द्रव्यस्येति-पूर्वेणान्वयः । ननु विशिष्टद्रव्यत्वाभावो न द्रव्यत्वस्वरूपस्य साध्याभावस्य प्रतियोगी किन्तु [नित्यत्वादि]विशिष्टद्रव्यत्वस्यैवेति-द्रव्यत्वं प्रतियोगिव्यधिकरणमेवेत्यत आह-*स्वाभावेति* । -स्वं=नित्यवृत्तित्वविशिष्टद्रव्यम् ।**

---

**चन्द्रशेखरीया:** एवं **द्रव्यत्वाभाववान् सत्त्वात्** इति अत्र तु साध्याभाववति द्रव्ये नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वाभावस्य

प्रतियोगिस्वरूपस्य सत्वात् अत्रापि प्रतियोगिसामान्यानधिकरणं हेत्वधिकरणं न भवति । अतः साध्याभावस्य लक्षणाघटकत्वात् अभावान्तरमादाय लक्षणसमन्वयो भवति इति अतिव्याप्तिः भवति ।

**ચન્દ્રશેખરીયા:** એ જ રીતે **"द्रव्यत्वाभाववान्"** સ્થલે પણ અતિવ્યાપ્તિ બતાવે છે. આકાશમાં નિત્યત્વ+દ્રવ્યત્વ છે. એટલે સામાનાધિકરણ્યસંબંધથી નિત્યત્વવિશિષ્ટ એવું દ્રવ્યત્વ બની જાય છે. અને એ તો ઘટમાં ન રહેતું હોવાથી ઘટાદિમાં તાદૃશદ્રવ્યત્વાભાવ=પ્રતિયોગી રહી જાય છે. જો કે આકાશમાં દ્રવ્યત્વાભાવાભાવ= દ્રવ્યત્વ=સાધ્યાભાવ છે. અને તેનો પ્રતિયોગી દ્રવ્યત્વાભાવ કે નિત્યત્વવિ.દ્રવ્યત્વાભાવ કોઈ આકાશમાં નથી રહેતા. એટલે એ રીતે આકાશ એ પ્રતિયોગિસામાન્યનું અનધિકરણ બની શકે. પણ આગળ કહી ગયા તેમ ઘટમાં અનિત્યત્વવિશિષ્ટ દ્રવ્યત્વ છે અને તેનો અભાવ એ પણ દ્રવ્યત્વાભાવાભાવનો પ્રતિયોગી છે. અને એ અભાવ તો આકાશમાં છે જ. આમ એ રીતે આકાશાદિ પણ પ્રતિયોગિસામાન્યાનધિકરણ બનતા નથી. માટે ઘટાભાવાદિને લઈને લક્ષણ ઘટી જાય છે.

---

**जागदीशी -- न च नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वाभावस्याभावो न नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वं विशिष्टस्यानतिरिक्ततया जन्यद्रव्येऽपि 'नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याभावो नास्ति'ति प्रतीतिप्रसङ्गात् । किन्तु नित्यैकत्वादिकमेवेति नातिव्याप्तिरिति वाच्यम्;-**

---

**चन्द्रशेखरीया: ननु** विशिष्टद्रव्यत्वाभावो द्रव्यत्वाभावाभावस्य साध्याभावस्वरूपस्य द्रव्यत्वात्मकस्य प्रतियोगी न भवति, किन्तु विशिष्टद्रव्यत्वाभावाभावस्यैव प्रतियोगी भवति । तथा च साध्याभावस्य प्रतियोगी केवलं द्रव्यत्वाभाव एव । स च न द्रव्ये वर्तते, अतः प्रतियोग्यनधिकरणहेत्वधिकरणस्य प्रसिद्धत्वात् साध्याभाव एव लक्षणघटक इति नातिव्याप्तिरिति चेत् न, विशिष्टद्रव्यत्वाभावाभावस्वरूपं विशिष्टद्रव्यत्वं शुद्धद्रव्यत्वाभावाभावात् शुद्धद्रव्यत्वरूपात् अभिन्नमेव इति विशिष्टद्रव्यत्वाभावोऽपि द्रव्यत्वाभावाभावस्य साध्याभावरूपस्य प्रतियोगी भवत्येव इति तदवस्थैवातिव्याप्तिः । **ननु** नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याभावस्याभावो न नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वरूपः, अन्यथा तु नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वं शुद्धद्रव्यत्वस्वरूपमेव । शुद्धद्रव्यत्वं च शुद्धद्रव्यत्वाभावाभावरूपं, तथा च यथा "घटे द्रव्यत्वस्य अभावो नास्ति "इति द्रव्यत्वाभावाभावस्य द्रव्यत्वात्मकस्य प्रतीतिः भवति । तथैव "घटे नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याभावो नास्ति" इत्यपि प्रतीतिरापद्येत, विशिष्टद्रव्यत्वस्य शुद्धद्रव्यत्वाभिन्नत्वात् । न च सा प्रतीतिः भवति । घटे तादृश विशिष्टद्रव्यत्वाभावस्यैव सत्वात् । अतः तादृशविशिष्टद्रव्यत्वाभावाभावो न विशिष्टद्रव्यत्वरूपः, किन्तु नित्यैकत्वसंख्यादिरूपो मन्तव्यः । एवं च द्रव्यत्वाभावाभावस्य द्रव्यत्वात्मकस्य विशिष्टद्रव्यत्वाभावाभावात् नित्यैकत्वादिरूपात् भिन्नत्वमेव सिद्धम् । तथा च पुनः द्रव्यत्वाभावाभावस्य प्रतियोगी द्रव्यत्वाभाव एव । न तु विशिष्टद्रव्यत्वाभावः इति पूर्ववत् नातिव्याप्तिः इति चेत् ।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** દ્રવ્યત્વાભાવાભાવ એ સાધ્યાભાવ છે. નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વાભાવાભાવ એ કંઈ સાધ્યાભાવ નથી. અને એટલે નિત્યવિ. દ્રવ્યત્વાભાવ એ સાધ્યાભાવનો પ્રતિયોગી બનતો જ નથી. અને તેથી દ્રવ્યત્વ=દ્રવ્યત્વાભાવાભાવ એ સ્વપ્રતિયોગિવ્યધિકરણ જ છે. અર્થાત્ આ સાધ્યાભાવનો પ્રતિયોગી શુદ્ધદ્રવ્યત્વાભાવ

જ બને છે. અને તદનધિકરણ એવું હેત્વધિકરણ તરીકે ઘટાદિ મળી જાય. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ:** વિશિષ્ટદ્રવ્યત્વ એ તો શુ. દ્રવ્યત્વથી અભિન્ન જ છે. અને તે વિ. દ્રવ્યત્વ એ વિ. દ્રવ્યત્વાભાવાભાવ સ્વરૂપ છે. એમ શુ. દ્રવ્યત્વ એ પણ શુ. દ્રવ્યત્વાભાવાભાવ રૂપ જ છે. એટલે એ બે પણ એક જ બની જાય છે. અને માટે વિ.દ્રવ્યત્વાભાવ એ શુદ્ધદ્રવ્યત્વાભાવાભાવનો પ્રતિયોગી પણ બને જ છે. એટલે પૂર્વવત્ અતિ.વ્યા. આવે.

**પ્રશ્ન:** નિત્યવૃત્તિત્વવિશિષ્ટ દ્રવ્યત્વાભાવાભાવ એ નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વરૂપ માનવો યોગ્ય નથી. કેમકે વિશિષ્ટ એ શુદ્ધથી અભિન્ન છે. તેથી વિશિષ્ટદ્રવ્યત્વ એ શુદ્ધદ્રવ્યત્વ રૂપ જ બનવાનું. અને તો પછી **"ઘટે દ્રવ્યત્વાભાવો નાસ્તિ"** એવી રીતે જેમ દ્રવ્યત્વાભાવાભાવની=દ્રવ્યત્વની પ્રતીતિ થાય છે. તેમ તેનાથી અભિન્ન એવા વિ.દ્રવ્યત્વની=વિ.દ્રવ્યત્વાભાવાભાવની પ્રતીતિ પણ માનવી પડે. અર્થાત્ **"ઘટે નિત્યવૃત્તિત્વવિશિષ્ટદ્રવ્યત્વાભાવો નાસ્તિ"** એવી પ્રતીતિ પણ માનવી પડે. પણ એ તો થતી જ નથી. એટલે વિ.દ્રવ્યત્વાભાવાભાવ એ વિ.દ્રવ્યત્વ રૂપ ન માનતા નિત્ય-એકત્વસંખ્યારૂપ જ માનવો યોગ્ય છે. હવે આમ થવાથી વિ.દ્રવ્યત્વાભાવ એ શુદ્ધદ્રવ્યત્વાભાવાભાવનો પ્રતિયોગી જ ન બને. કેમકે શુદ્ધદ્રવ્યત્વાભાવાભાવ=શુદ્ધદ્રવ્યત્વ અને વિ.દ્રવ્યત્વાભાવાભાવ=વિ.દ્રવ્યત્વ. આમ હોવાથી જ વિ.દ્રવ્યત્વાભાવએ પ્રતિયોગિ બનતો હતો. હવે તો શુ.દ્રવ્યત્વ-અભાવાભાવ શુ.દ્રવ્યત્વરૂપ છે. અને વિ.દ્રવ્યત્વાભાવાભાવ એ તો નિત્યૈકત્વ સંખ્યારૂપ જ છે. એટલે વિ.દ્રવ્યત્વાભાવ એ તો પ્રતિયોગી બનવાનો જ નથી. અને તેથી સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी -- विशिष्टाधिकरणतायाः प्रतीतिनियामकतयैवातिप्रसङ्गभङ्गे द्रव्यत्वमपेक्ष्य नित्यानन्तसङ्ख्यापरिमाणादौ तादृशाभावत्वकल्पनायां गौरवात् -'अभावाभावस्यैव प्रतियोगित्व'मिति सिद्धान्तप्रवादाच्च ।**

---

**चन्द्रशेखरीया:** न, विशिष्टद्रव्यत्वाभावाभावो यदि विशिष्टद्रव्यत्वरूपो मन्येत, तदा तु विशिष्टद्रव्यत्वाभावाभावत्वं केवलं विशिष्टद्रव्यत्वे शुद्धद्रव्यत्वस्वरूपे एव मन्तव्यं भवेत् । यदि तु विशिष्टद्रव्यत्वाभावाभावो नित्यैकत्वसंख्या-परिमाणादिस्वरूपो मन्येत । तदा अनन्तानां घटवृत्तित्वविशिष्टद्रव्यत्वाभावाभाव-पटवृत्तित्वविशिष्टद्रव्यत्वा-भावाभावादीनां विद्यमानत्वात् अनन्ताः नित्यैकत्वादिसंख्याः मन्तव्याः । तासु च अनन्तासु विशिष्टाभावाभावत्वं मन्तव्यं इति एतद् महद्गौरवं । तस्मात् विशिष्टद्रव्यत्वाभावाभावो विशिष्टद्रव्यत्वरूपः एव मन्तव्यः ।

**ननु** तर्हि **"घटे विशिष्टद्रव्यत्वस्याभावो नास्ति"** इतिप्रतीत्यापत्तिः कथं निवार्या? इति चेत्, "यत्र विशिष्टद्रव्यत्वाधिकरणता तत्रैव सा प्रतीतिः "इति नियमस्यैव तादृशप्रतीतिनिवारकत्वात् न दोषः । घटे नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वाधिकरणतायाः असत्वात् न तत्र तादृशप्रतीत्यापत्तिरिति भावः ।

ननु तथापि अतिव्याप्तिवारणायैव विशिष्टद्रव्यत्वाभावाभावो नित्यैकत्वसंख्यारूपो मन्तव्यः। यद्यपि भवति महद्गौरवं। तथापि तद्गौरवं अतिव्याप्तिनिवारणार्थं कृतं इति तस्य फलमुखत्वात् न तद्गौरवं दोषाय भवति इति चेत् न, यदि अतिव्याप्तिवारणार्थं विशिष्टद्रव्यत्वाभावाभावो नित्यैकत्वादिरूपो मन्यते, तदा विशिष्टद्रव्यत्वे प्रतियोगिलक्षणं न घटेत। यतो अभावाभावत्वं प्रतियोगित्वं इति सिद्धान्तप्रवादः। यथा घटे घटाभावाभावत्वं अस्ति इति तत्र प्रतियोगित्वं घटते। विशिष्टद्रव्यत्वे च विशिष्टद्रव्यत्वाभावाभावत्वं नास्ति, संख्यायामेव तस्य स्वीकृतत्वात्। तथा च विशिष्टद्रव्यत्वे प्रतियोगित्वं न घटेत। न चैतद् युक्तं। तस्मात् विशिष्टद्रव्यत्वाभावाभावो विशिष्टद्रव्यत्वरूप एव मन्तव्यः इति पूर्ववत् अतिव्याप्तिर्दुर्वारा।

**चन्द्रशेखरीयाः पूर्वपक्षः** જો વિ.દ્રવ્યત્વાભાવાભાવને નિત્ય-એકત્વ સંખ્યારૂપ માનશો તો એ રીતે તો તમામે તમામ જુદા જુદા વિશિષ્ટાભાવાભાવોને જુદી જુદી સંખ્યા રૂપ માનવા પડશે. અને આ રીતે તો અનંતી નિત્યૈકત્વસંખ્યાઓ માનવી પડે. અને તેઓમાં તાદૃશવિશિષ્ટાભાવાભાવત્વ માનવું પડે. આમાં તો ઘણું મોટું ગૌરવ જ છે. માટે આ વાત યોગ્ય નથી. એટલે વિ.દ્રવ્યત્વ-અભાવાભાવને પણ વિ.દ્રવ્યત્વ સ્વરૂપ જ માનવું પડે.

**પ્રશ્નઃ** પણ તો પછી **"घटे नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याभावो नास्ति"** એવી પ્રતીતિ થવાની આપત્તિ આવે છે તેનું શું?

**પૂર્વપક્ષઃ** વિશિષ્ટાધિકરણતા જ્યાં હોય ત્યાં જ આ પ્રતીતિ થાય. આમ વિશિષ્ટાધિકરણતા જ આ પ્રતીતિની નિયામક બની જવાથી ઉપર્યુક્ત દોષ ન આવે. ઘટમાં વિશિષ્ટાધિકરણતા જ નથી. અર્થાત્ ઘટમાં નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વાધિકરણતા જ ન હોવાથી ત્યાં આ પ્રતીતિ થવાની આપત્તિ આપોઆપ નીકળી જાય.

**પ્રશ્નઃ** પણ આવું માનવામાં જ તો અતિવ્યા. આવે છે. તો અતિવ્યા. નિવારવા માટે જ આપણે વિશિષ્ટાભાવાભાવને નિત્યૈકત્વાદિસંખ્યા રૂપ માની લઈએ તો શું વાંધો? આમ કરવાથી ગૌરવ ભલે આવે. પણ અતિવ્યા.નિવારણ રૂપ ફલ મળે છે. એટલે આ ગૌરવ ફલમુખ હોવાથી એ દોષરૂપ ન બને.

**પૂર્વપક્ષઃ** તો પણ "પ્રતિયોગિત્વં સ્વાભાવાભાવત્વં" એવો સિદ્ધાન્ત પ્રવાદ છે. જેમકે ઘટ એ પ્રતિયોગી છે. તો તેમાં ઘટાભાવાભાવત્વ છે જ. હવે જો નિત્યત્વવિ.દ્રવ્યત્વ-અભાવાભાવ એ નિત્યૈકત્વસંખ્યા રૂપ માનો તો નિત્યત્વવિ.દ્રવ્યત્વાભાવાભાવત્વ એ તે સંખ્યામાં રહેશે. પરંતુ નિત્યવિ.દ્રવ્યત્વમાં નહી રહે એટલે તેમાં પ્રતિયોગિત્વનું લક્ષણ અવ્યાપ્ત બનશે. એ ન બને તે માટે જ વિ.દ્રવ્યત્વાભાવાભાવને વિ.દ્રવ્યત્વરૂપ જ માનવું યોગ્ય છે.

---

**जागदीशी -- नन्वेवमपि निखिलाभावस्यैव स्वाश्रयततद्व्यक्तिवृत्तित्वविशिष्टं यत् स्वं-तदभावात्मकस्वप्रतियोगिना सह समानाधिकरणत्वात् प्रतियोगिव्यधिकरणाभावाप्रसिद्ध्यैव नातिव्याप्तिः एकव्यक्तिमात्रवृत्तीनां गुणाद्यात्मकाभावानामपि पूर्वक्षणवृत्तित्वविशिष्टस्य स्वस्य योऽभावः, तादृशप्रतियोगिना**

**सार्द्ध सामानाधिकरण्यात् ।**

**चन्द्रशेखरीयाः** ननु मा भवतु अत्र साध्याभावो लक्षणघटकः तथापि लक्षणसमन्वयार्थं कोऽभावो लक्षणघटको भविष्यति? घटाभाव इति चेत् न, **द्रव्यत्वाभाववान् सत्त्वात्** इति अत्र सत्त्वाधिकरणे गुणादौ घटाभावः वर्तते । स एव घटाभावः पर्वतादौ वर्तते । गुणे तु पर्वतवृत्तित्वविशिष्टो घटाभावः न वर्तते । तस्य पर्वते एव वर्तमानत्वात् । तथा च गुणे तादृशविशिष्टघटाभावो वर्तते, विशिष्टघटाभावाभावो विशिष्टघटाभावाभावाभावस्य विशिष्टघटाभावरूपस्य प्रतियोगी भवति इति विशिष्टघटाभावाभावो विशिष्टघटाभावस्य शुद्धघटाभावरूपस्य प्रतियोगी भवति । स च प्रतियोगी गुणे वर्तते । अतः गुणः न घटाभावप्रतियोगिसामान्यानधिकरणं । एवं पर्वतेऽपि गुणवृत्तित्वविशिष्टघटाभावस्याभाव एव वर्तते । अतः पर्वतोऽपि हेत्वधिकरणीभूतो न घटाभावप्रतियोगिसामान्यानधिकरणं । एवं च किमपि हेत्वधिकरणं स्वस्मिन् वर्तमानस्य कस्यापि घटाद्यभावस्य स्वाश्रयव्यक्तिवृत्तित्वविशिष्टस्वाभावात्मकप्रतियोगिनोऽधिकरणमेव भवति । यथा हेत्वधिकरणं गुणः घटाभावाश्रयपर्वतवृत्तित्वविशिष्टघटाभावस्याभावात्मकप्रतियोगिनोऽधिकरणं भवतीति । एवं च अभावमात्रस्य लक्षणाघटकत्वात् नातिव्याप्तिः इति चेत् न, एकस्मिन्नेव नीलघटे वर्तमानं यत् तन्नीलरूपं तन्नीलाभावाभावस्वरूपं । तस्यैव लक्षणघटकत्वसंभवात् । तथाहि सत्त्वाधिकरणं नीलघटः, तस्मिन् तन्नीलरूपाभावाभावो वर्तते । तस्य प्रतियोगी तन्नीलरूपाभावः । तस्य अनधिकरणमेव नीलो घटः । तन्नीलरूपाभावाभावः तु तस्मिन् एकस्मिन्नेव नीलघटे वर्तते । अतः पटवृत्तित्वविशिष्टः तन्नीलरूपाभावाभावो न भवति, येन तादृशविशिष्टनीलरूपस्याभावो तन्नीलरूपाभावाभावप्रतियोगिरूपो घटे भवेत् । तथा चात्र हेत्वधिकरणं घटः तन्नीलरूपाभावाभावप्रतियोगि-सामान्यानधिकरणमेवेति तन्नीलरूपाभावाभावस्यैव लक्षणघटकत्वात् अतिव्याप्तिः भवति । **ननु** एतादृशः एकव्यक्तिमात्रे वर्तमानो गुणरूपो योऽभावः भवता गृहीतः, सोऽपि पूर्वक्षणवृत्तित्वविशिष्टस्य स्वस्याभावात्मकप्रतियोगिना समं समानाधिकरण एव । तथा हि-घटे तन्नीलरूपाभावाभावो द्वितीयक्षणे वर्तते । तृतीयक्षणे द्वितीयक्षणवृत्तित्वविशिष्टस्य तन्नीलरूपाभावाभावस्य अभावः तन्नीलरूपाभावरूपः तन्नीलरूपाभावाभावप्रतियोगिरूपो वर्तते एव । तथा च हेत्वधिकरणं घटः तन्नीलरूपाभावाभावप्रतियोगि-द्वितीयक्षणवृत्तित्वविशिष्टतन्नीलरूपाभावाधिकरणमेव इति न घटः प्रतियोगिसामान्यानधिकरणं । तथा च तस्यापि तन्नीलरूपाभावाभावस्य लक्षणाघटकत्वात् न भवति अतिव्याप्तिः इति चेत् ।

**ચન્દ્રશેખરીયા: પ્રશ્ન:** તો પણ અતિવ્યાપ્તિ નહીં આવે. કેમકે સત્વાધિકરણ દ્રવ્યાદિમાં તમારે કોઈક અભાવ તો એવો શોધવો પડશે ને? કે જેના તમામે તમામ પ્રતિયોગિઓનું અનધિકરણ એવું હેત્વધિકરણ બનતું હોય. એવો અભાવ જ નહીં મળે. કેમકે ધારો કે ઘટાભાવ લો તો ઘટાભાવાશ્રય તરીકે પર્વતાદિ બને. તે પર્વતનિરૂપિતવૃત્તિત્વવિશિષ્ટ એવો આ ઘટાભાવ બને. અને તેનો અભાવ=પર્વતવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવાભાવ એ આ ઘટાભાવનો= ઘટાભાવાભાવાભાવનો પ્રતિયોગી બને છે. હવે ગુણાદિમાં પર્વતવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવ એ તો રહેવાનો જ નથી. એટલે ગુણમાં રહેનારો ઘટાભાવ તો ગુણવૃત્તિત્વવિશિષ્ટ જ બને. એટલે ગુણમાં પર્વતવૃત્તિત્વવિશિષ્ટ ઘટાભાવનો અભાવ મળી જાય. અને એ તો ઘટાભાવનો પ્રતિયોગી છે. એટલે કોઈપણ

અભાવ લક્ષણ ઘટક ન મળે. જો હેત્વધિકરણ પર્વત લો તો ત્યાં ગુણવૃત્તિત્વવિશિષ્ટ એવા ઘટાભાવનો અભાવ જ રહેવાનો. એટલે પર્વતવૃત્તિ એવો ઘટાભાવ પણ ગુણવૃત્તિત્વવિશિષ્ટઘટાભાવાભાવ=પ્રતિયોગિને સમાનાધિકરણ જ બને છે. એટલે આ રીતે કોઈપણ અભાવ એ સ્વપ્રતિયોગિ-સમાનાધિકરણ જ બની જવાનો. અર્થાત્ હેત્વધિકરણ એ અભાવના કોઈપણ એકાદ પ્રતિયોગીનું તો અધિકરણ જ બનવાનું. માટે કોઈ અભાવ ન લેવાતા અતિવ્યા. આવવાનો કોઈ પ્રશ્ન જ નથી.

**પૂર્વપક્ષઃ** નં.૧ઘટમાં નં.૧ રૂપ=નં.૧ રૂપાભાવાભાવ છે. અને એ જ લક્ષણઘટક બની જશે. સત્તાધિકરણ તરીકે નં.૧ ઘટ છે. નં.૧ રૂપાભાવાભાવ એમાં રહેલો છે. તેનો પ્રતિયોગી નં.૧ રૂપાભાવ છે. અને નં.૧ ઘટ તો નં.૧ રૂપાભાવાનધિકરણ જ છે. હવે આ નં.૧ રૂપાભાવાભાવ એ તો માત્ર નં.૧ ઘટમાં જ રહે છે. એટલે પટવૃત્તિત્વવિશિષ્ટ એવો નં.૧ રૂપાભાવાભાવ=નં.૧ રૂપ તો પ્રસિદ્ધ જ નથી. જો એ હોત તો એ તો ૧ ઘટમાં ન રહે અને તેથી ૧ ઘટમાં તાદૃશવિશિષ્ટરૂપાભાવાભાવનો અભાવ=તાદૃશવિશિષ્ટરૂપાભાવ=રૂપાભાવાભાવનો પ્રતિયોગી રહી જાય. અને તો પછી નં.૧ ઘટ પણ પ્રતિયોગિસામાન્યનું અનધિકરણ ન જ બને. આમ ત્યાં એ અભાવ પણ ન લેવાય. પણ એવું તો છે જ નહીં. કેમકે પટવૃત્તિત્વવિશિષ્ટરૂપાભાવાભાવ જ પ્રસિદ્ધ નથી. આમ અહીં ૧ ઘટમાત્રમાં વૃત્તિ એવો નં.૧ રૂપાભાવાભાવ એ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ સંભવે જ છે.

**પ્રશ્નઃ** અરે ભાઈ! એ ૧ ઘટમાં પણ પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટ એવું નં.૧ રૂપનો બીજી ક્ષણે અભાવ જ મળે છે. અને આ પૂર્વક્ષણવૃત્તિત્વવિશિષ્ટરૂપાભાવ એ રૂપાભાવાભાવનો પ્રતિયોગી જ છે. અને આ પ્રતિયોગી તો ૧ ઘટમાં ઉત્તરક્ષણે છે જ. માટે આ અભાવ લઈએ તોય પ્રતિયોગિસામાન્યાનધિકરણ એવું હેત્વધિકરણ નથી જ મળવાનું. માટે અતિવ્યા. આવવાની જ નથી.

---

**जागदीशी -- न च वक्ष्यमाणखण्डशः प्रसिद्ध्या गगना[द्य]भाव एव प्रतियोगिव्यधिकरणः-**

**तस्यापि नित्य[वृत्ति]त्वविशिष्टो यो गगना[द्य] भावस्तदभावात्मकेन स्वप्रतियोगिना समं समानाधिकरणत्वात् ।**

**गगना[द्य]भावस्यैव संयोगादिसम्बन्धेनाभावत्वावच्छिन्नाभावतया खण्डशः प्रसिद्ध्याऽपि तस्य प्रतियोगिव्यधिकरणत्वासम्भवाच्च ।**

**एतेन-नित्यत्वादिविशिष्टस्य गगनात्यन्ताभावस्य योऽभावस्तदभावत्वं न नित्यत्वविशिष्टगगना[द्य]भावस्य, तस्य केवलान्वयितया जन्येऽपि 'नित्यवृत्तित्वविशिष्टस्य गगनाभावस्याभावो नास्ती'ति प्रतीतिप्रसङ्गात्-**

**-किन्तु नित्यत्वादेरेव तथात्वमित्युक्तावपि न निस्तारः इति चेत्-**

**चन्द्रशेखरीयाः न,** अत्रैव ग्रन्थे दीधितिकारः–साध्यतावच्छेदकसम्बन्धसामान्ये यदभावप्रतियोगिसामान्यप्रतियोगिकत्व-हेत्वधिकरणीभूतयत्किंचितव्यक्त्यनुयोगिकत्वोभयाभावो वर्तते, स एव अभावः लक्षणघटकत्वेन ग्राह्यः न तत्र प्रतियोग्यनधिकरणहेत्वधिकरण... इत्यादि विचारणा कर्तव्या–इति परिष्कारं करिष्यति। अयमेव परिष्कारः "खण्डशः प्रसिद्धः" इति उच्यते। एवं च तदनुसारेण **द्रव्यत्वाभाववान् सत्वात्** इति अत्रापि गगनाभाव एव लक्षणघटकत्वेन प्रतियोगिव्यधिकरणत्वेन प्रसिद्धो भवति। तथा हि- अत्र साध्यतावच्छेदकसम्बन्धः स्वरूपः, स्वरूपेण गगनस्य कुत्रापि अवर्तमानत्वात् स्वरूपसम्बन्धो गगनाभावप्रतियोगिगगनप्रतियोगिको न भवति। तथा च तत्र तादृशप्रतियोगिकत्वाभावो विद्यते इति उभयाभावो मीलितः, एकस्यापि अभावे उभयस्यैवाभावो भवति इति कृत्वा। इत्थं च गगनाभाव एव लक्षणघटकः मीलितः। तथा चातिव्याप्तिः अप्रतिबद्धप्रसरा।

**ननु** परमाणौ नित्यत्वं गगनाभावश्च वर्तते। अतो गगनाभावः सामानाधिकरण्येन नित्यत्वविशिष्टो भवति। तादृशो नित्यत्वविशिष्टो गगनाभावो घटे न वर्तते, घटस्यानित्यत्वात्। तस्मात् घटे स्वरूपेण गगनाभावस्य विद्यमानत्वेऽपि नित्यत्वविशिष्टगगनाभावस्य अभावः स्वरूपेणैव वर्तते। विशिष्टगगनाभावाभावश्च गगनाभावाभावाभावस्य गगनाभावस्वरूपस्य प्रतियोगी भवति। इत्थं च स्वरूपसम्बन्धे गगनाभावप्रतियोगिविशिष्टगगनाभावाभावप्रतियोगिकत्वं सत्ताधिकरणघटाद्यनुयोगिकत्वं च वर्तते इति उभयस्यैव विद्यमानत्वात् न गगनाभावो लक्षणघटकः। अत्र साध्यतावच्छेदकसम्बन्धे यदभावप्रतियोगिसामान्यप्रतियोगिकत्वं कथितं। तथा च स्वरूपसम्बन्धे गगनाभावप्रतियोगिगगनप्रतियोगिकत्व-स्याविद्यमानत्वेऽपि गगनाभावप्रतियोगिविशिष्टगगनाभावाभावप्रतियोगिकत्वं विद्यते एव इत्यतो स्वरूपसम्बन्धे प्रतियोगिसामान्यप्रतियोगिकत्वस्याभावो न विद्यते। यत्किंचित्प्रतियोगिकत्वस्यैवाभावो विद्यते। तस्मात् न स्वरूपे सम्बन्धे तादृशप्रतियोगिसामान्यप्रतियोगिकत्वस्याभावः संभवतीति ध्येयम्। तथा च नातिव्याप्तिः इति चेत्।

**न,** यः नित्यत्वविशिष्ट-गगनाभावस्याभावः, तस्याभावो न नित्यत्वविशिष्टगगनाभावः। यतो गगनाभावाभावाभावो गगनाभावस्वरूपः केवलान्वयी अस्ति। गगनस्य कुत्रापि अवर्तमानत्वात् सर्वत्रैव गगनाभावो वर्तते। यदि च नित्यवृत्तित्वविशिष्टगगनाभावाभावाभावो नित्यत्वविशिष्टगगनाभावरूपो मन्यते, तदा तु नित्यत्वविशिष्टगगनाभावः शुद्धगगनाभावरूप एव। एवं च नित्यवृत्तित्वविशिष्टगगनाभावो, नित्यत्वविशिष्टगगनाभावाभावाभावः, शुद्धगगनाभावः, शुद्धगगनाभावाभावाभावः च एते सर्वे परस्परमभिन्ना एव भूताः। तथा च गगनाभावस्य केवलान्वयित्वात् एते सर्वे केवलान्वयिनः एव मन्तव्याः। तथा च "घटे नित्यवृत्तित्वविशिष्टस्य गगनाभावस्याभावो नास्ति" इति नित्यवृत्तित्व-विशिष्टगगनाभावाभावाभावस्य गगनाभावरूपस्य केवलान्वयिनः प्रतीतिः आपद्येत। न च सा भवति। तस्मात् तादृशगगनाभावाभावाभावो नित्यत्वादिरूप एव मन्तव्यः, एवं च न स गगनाभावरूपः। तथा च घटे "गगनाभावस्याभावो नास्ति" इति प्रतीतिवत् न घटे "नित्यवृत्तित्वविशिष्टगगनाभावस्याभावो नास्ति" इति प्रतीत्यापत्तिरिति भावः। तथा च गगनाभावाभावाभावस्य गगनाभावरूपस्य प्रतियोगि गगनं गगनाभावाभावश्च भवति। स च न कुत्रापि स्वरूपेण वर्तते। अतः स्वरूपसम्बन्धे गगनाभावप्रतियोगिप्रतियोगिकत्वाभावात् उभयाभावो मीलितः। तथा च गगनाभाव-

मादायातिव्याप्तिः संभवति। ननु गगनाभावो यथा स्वरूपसम्बन्धेन केवलान्वयी, तथैव गगनाभावस्य संयोगेन कुत्रापि अवर्तमानत्वात् गगनाभावस्य संयोगेनाभावोऽपि केवलान्वयी। इत्थं च द्वयोःसमव्यापकत्वात् लाघवादैक्यम्। एवं च गगनाभावाभावप्रतियोगी गगनाभावो गगनाभावाभावस्वरूपगगनाभावप्रतियोगी अपि भवति। स च गगनाभावो गगनाभावप्रतियोगिरूपः स्वरूपेण सर्वत्र वर्तते। तथा च साध्यतावच्छेदकस्वरूपसम्बन्धे गगनाभावप्रतियोगिगगनाभाव-प्रतियोगिकत्व-सत्ताधिकरणघटाद्यनुयोगिकत्वोभयस्य विद्यमानत्वात् नोभयाभावः मीलितः। तथा च न गगनाभावोऽपि लक्षणघटकः। एवं च कस्याप्यभावस्य लक्षणाघटकत्वात् लक्षणसमन्वयस्यैवासंभवात् नातिव्याप्तिः। एवं च **द्रव्यत्वाभाववान् सत्वात्** इत्यत्र पूर्वपक्षेण प्रतिपादिताऽव्याप्तिः व्यर्थैव। अतिव्याप्तेरसंभवात्। तथा च को दोषः अस्माकं लक्षणे? इति पूर्वपक्षखंडनग्रन्थः समाप्तः। अत्र अस्माभिः **"एतेन... इति उक्तावपि न निस्तारः"** इति जागदीशीग्रन्थः अर्थक्रमानुसारेण प्रथमं निरूपितः। तदनन्तरं **"गगनाद्यभावस्यैव संयोगादिसम्बन्धेन..."** इत्यादि ग्रन्थो अर्थक्रमानुसारेण प्रतिपादितः इति न दोषः।

**ચન્દ્રશેખરીયા: પૂર્વપક્ષ:** આગળ એમ કહેવાના છે કે સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં યદભાવપ્રતિયોગિકસામાન્ય પ્રતિયોગિકત્વ+હેત્વધિકરણીભૂતયત્કિંચિત્વ્યક્તિ-અનુયોગિકત્વોભયાભાવ મળે. તે જ અભાવ સીધો જ લક્ષણ ઘટક તરીકે લઈ લેવો. અહીં દ્રવ્યત્વાભાવ સાધ્ય છે. એટલે સાધ્યતાવચ્છેદક સ્વરૂપ બનશે. અને તેમાં દ્રવ્યત્વાભાવાભાવ=દ્રવ્યત્વપ્રતિયોગિદ્રવ્યત્વાભાવપ્રતિયોગિકત્વ છે. અને સત્તાધિકરણગુણાદિ-અનુયોગિકત્વ પણ છે. એટલે ઉભય મળતા દ્રવ્યત્વાભાવાભાવ તો નહીં જ લેવાય. પણ ગગનાભાવ લેવાશે. સ્વરૂપસંબંધથી ગગન તો ક્યાંય રહેતું જ નથી. એટલે સાધ્યતાવચ્છેદકસ્વરૂપસંબંધમાં ગગનાભાવપ્રતિયોગિગગનપ્રતિયોગિકત્વ તો આવતું જ નથી. માટે ઉભયાભાવ મળી જાય. આમ ગગનાભાવ એ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ આવે જ છે. અહીં ધારો કે રૂપ એ સમવાયથી ઘટમાં રહે તો સમવાય એ ઘટાનુયોગિક+રૂપપ્રતિયોગિક ગણાય. એમ દરેક સંબંધમાં જાણી લેવું.

**પ્રશ્ન:** તો ય વાંધો છે. પરમાણુ નિત્ય છે. તેમાં સ્વરૂપથી ગગનનો અભાવ છે. એટલે ગગનાભાવ એ નિત્યવૃત્તિત્વવિશિષ્ટ બને છે. તાદૃશગગનાભાવાભાવ એ ગગનાભાવ=ગગનાભાવાભાવાભાવનો પ્રતિયોગી બને છે. હવે ઘટાદિમાં નિત્યવૃત્તિત્વવિશિષ્ટ એવા ગગનાભાવનો અભાવ જ છે. અને એ સ્વરૂપસં.થી રહે છે. એટલે સાધ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધમાં ગગનાભાવપ્રતિયોગિ[=નિત્યવૃત્તિત્વવિશિષ્ટગગનાભાવાભાવ]પ્રતિયોગિકત્વ પણ રહેલું જ છે. એટલે ઉભય મળી જતાં ઉભયાભાવ ન મળે. અને તેથી ગગનાભાવ પણ લક્ષણઘટક ન બને. માટે અતિવ્યાપ્તિ ન આવે. [જાગદીશીમાં ગગનાભાવ પણ નિત્યવૃત્તિત્વવિશિષ્ટગગનાભાવાભાવરૂપ સ્વપ્રતિયોગીને સમાનાધિકરણ છે." એ પંક્તિ છે. એનો આશય ઉપર મુજબ જાણવો.] વળી ગગન કશે ન રહેતું હોવાથી સર્વત્ર ગગનાભાવ રહે છે. અને એ ગગનાભાવ પણ સ્વરૂપથી જ રહે છે. સંયોગથી તે ક્યાંય રહેતું જ ન હોવાથી બધે જ સંયોગથી તો ગગનાભાવનો અભાવ રહે છે. આમ સ્વરૂપથી ગગનાભાવ+ગગનાભાવપ્રતિયોગિકત્વ રહેલું જ છે. કેમકે ગગનાભાવ બધે સ્વરૂપથી રહે છે. વળી એ સ્વરૂપસંબંધમાં સત્તાધિકરણગુણાદ્યનુયોગિકત્વ પણ છે. આમ ઉભયાભાવ ન મળતાં ગગનાભાવ પણ લક્ષણઘટક બની શકતો નથી.

**પૂર્વપક્ષ:** નિત્યવૃત્તિત્વવિશિષ્ટ એવા ગગનાભાવનો જે અભાવ; તેનો અભાવ એ નિત્યત્વવિશિષ્ટગગનાભાવ સ્વરૂપ ન મનાય. કેમકે જો તેમ માનો તો ગગનાભાવાભાવાભાવ= નિત્યત્વવિશિષ્ટગગનાભાવાભાવાભાવ રૂપ જ ગણાય. અને એ ગગનાભાવાભાવાભાવ=ગગનાભાવ એ તો કેવલાન્વયી છે. હવે વિ.ગગનાભાવાભાવાભાવ એ વિ.ગગનાભાવ રૂપ માનીએ તો તો શુ.ગગનાભાવ+વિ.ગગનાભાવ એક જ હોવાથી જેમ "ઘટે ગગનાભાવસ્યાભાવો નાસ્તિ" એવી પ્રતીતિ થાય છે. તેમ "ઘટે નિત્યવૃત્તિત્વવિશિષ્ટસ્ય ગગનાભાવસ્યાભાવો નાસ્તિ" એવી પ્રતીતિ થવાની આપત્તિ આવે. તે નિવારવા માટે વિ.ગગનાભાવાભાવાભાવ એ નિત્યત્વાદિરૂપ જ માનવો. અને એમ માનીએ એટલે ગગનાભાવાભાવાભાવ=ગગનાભાવ અને વિ.ગગનાભાવાભાવાભાવ= નિત્યત્વાદિ જુદા જ હોવાથી વિ.ગગનાભાવાભાવ એ શુદ્ધગગનાભાવનો=ગગનાભાવાભાવભાવનો પ્રતિયોગી જ ન બને. પણ માત્ર ગગન જ પ્રતિયોગી બને. અને સ્વરૂપસંબંધમાં તો ગગનાભાવપ્રતિયોગિગગનપ્રતિયોગિકત્વ નથી જ. કેમકે ગગન કશેં પણ સ્વરૂપથી રહેતું જ નથી. [નિત્યવૃત્તિત્વવિ.ગગનાભાવનો અભાવ એ ઘટાદિમાં રહેતો હતો.] એટલે ગગનાભાવ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન:** ભલે પણ અમે બીજી વાત એ કરી જ છે કે ગગનાભાવ એ પોતે જ ગગનાભાવનો પ્રતિયોગી બને છે. કેમકે ગગનાભાવ+ગગનાભાવનો સંયોગથી અભાવ એક જ છે. અને એ ગગનાભાવ તો સ્વરૂપથી રહે જ છે. એટલે સ્વરૂપસં.માં ગગનાભાવપ્રતિયોગિગગનાભાવપ્રતિયોગિકત્વ છે જ. એટલે ગગનાભાવપ્રતિયોગિ-સામાન્યપ્રતિયોગિકત્વનો અભાવ નથી અર્થાત્ ગગનાભાવના તમામે તમામ પ્રતિયોગીઓ એ સ્વરૂપથી કશેં રહેનારા નથી એવું નથી બનતુ. [પ્રતિયોગિસામાન્યપદ છે. એ ન લખે તો ગગનાભાવપ્રતિયોગિગગનપ્રતિયોગિકત્વનો અભાવ તો મળી જ જવાનો. ઇત્યાદિ સ્વયં વિચારવું.] આમ ઉભય જ મળી જતાં ગગનાભાવ પણ લેવાતો નથી. તેથી અતિવ્યા. આવતી જ નથી. તો આ પૂર્વપક્ષે શી રીતે અતિ.વ્યા. આપી? એ સમજાતું નથી.

# સિદ્ધાન્ત લક્ષણ ભાગ-૧

**ક્રમશઃ**